
# અસ્ખલિત મંગલ કૃપાધારા





અસ્ખલિત મંગલ કૃપાધારા...

।। સ્વામિશ્રીજી ।।

# અસ્ખલિત મંગલ કૃપાધારા...

(ગુરુહરિ પ.પૂ. કાકાશ્રીના કેટલાક પ્રસંગો, પ્રવચનો, લેખો અને પ્રાર્થનાઓનું સંકલન)

**ગુરુહરિ પ.પૂ. કાકાજી – ગુરુહરિ પ.પૂ. પપ્પાજી**
**બંધુબેલડી શતાબ્દી મહોત્સવ પ્રકાશન**

**અસ્ખલિત મંગલ કૃપાધારા...**

**પ્રકાશક**
ગુરુહરિ પ.પૂ. કાકાજી – ગુરુહરિ પ.પૂ. પપ્પાજી બંધુબેલડી
શતાબ્દી મહોત્સવ પ્રકાશન સમિતિ

**પ્રથમ આવૃત્તિ :** ૧૦ જૂન, ૨૦૧૬

પ્રત : ૧૦૦૦

મૂલ્ય : US $ 6/-

**પ્રાપ્તિ સ્થાન :**

- **યોગી ડિવાઈન સોસાયટી**
  ‘અક્ષરધામ’, સ્વામિનારાયણ મંદિર,
  હીરાનંદાની હૉસ્પિટલ પાસે, પવઈ, મુંબઈ – 400 076, ભારત
  ☎ 022-25782151 / 2579 4314
  **E-mail :** isrc@kakaji.org

- **યોગી ડિવાઈન સોસાયટી**
  ‘તાડદેવ’, અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર,
  કાકાજી લેન, સ્વામિનારાયણ માર્ગ, અશોક વિહાર – ૩,
  દિલ્હી – ૧૧૦ ૦૫૨, ભારત
  ☎ 011-4709 1281
  **E-mail :** taaddev@ydsd.org

- **YOGI DIVINE SOCIETY**
  2437, N. YEOMAN ST., WAUKEGAN, ILLINOIS - 60087, USA
  ☎ 847-336-6451
  **E-mail :** info@kakaji.org

**મુદ્રક :**
પ્રિન્સ ગ્રાફિક્સ
અંધેરી (પૂર્વ) મુંબઈ – ૪૦૦૦૫૯, ભારત
☎ 022 2832 2222 / 28327777









# અર્પણ

*શું છે મારી કને, જે સમર્પું તમને?*
*તોય તમે સર્વસ્વ તમારું... સોંપી દઈ કર્યું છે અમારું...*
*રાંક બની રતન, જાળવવું છે પ્રભુ...*
*જીવનું જીવન તું જ બનીને, પંથ કરી દે ઉદિત... હો...*
*બળ દેજે ગુણાતીત...'*

*ભગવાન, સંત અને સત્સંગીને જ જેમણે પોતાના જીવનું જીવન બનાવ્યું,*
*ગુરુહરિ યોગીજી મહારાજની પરાભક્તિને જ*
*પોતાના અસ્તિત્વનું નિમિત્ત બનાવ્યું*
*અને તેઓને ખૂબ ગમતી અને જેની તેઓ સાક્ષાત્ હરતીફરતી મૂર્તિ હતા*
*એવી ગુણાતીત પ્રીતિ અને દાસત્વ ભક્તિનો જ સર્વોચ્ચ આદર્શ સ્થાપવા*
*જેઓ જીવનભર ઝંખ્યા ને સતત પ્રયત્નશીલ રહ્યા એવા*
*ગુણાતીત સમાજના સર્જક પ્રાણાધાર દિવ્ય પુરુષો*
***ગુરુહરિ પ.પૂ. કાકાજી અને ગુરુહરિ પ.પૂ. પપ્પાજીને***
***તેમની શતાબ્દીના સોપાનની ઉજવણીના મંગલ અવસરે***
*એમણે દર્શાવેલ ગુણાતીત ભાવનાવાળી સાધુતાના આદર્શને*
*જીવનલક્ષ બનાવવાના સંકલ્પ અને આશિષયાચના સહિત*
*તેઓને ચરણે અનંતકોટિ વંદન સહિત અર્પણ...*

# પ્રસ્તાવના

## અસ્ખલિત મંગલ કૃપાધારા...

ઈ.સ. ૧૯૮૧માં ઊજવાયેલા ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે પ્ર.બ્ર.સ્વ.પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીએ ‘સરસ એક સહજાનંદ’ ગ્રંથના આલેખન માટે સંકલ્પ કર્યો ત્યારે તેમના મુખમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા હતા કે મહારાજને તો એક જ ઉપમા આપી શકાય – કરુણાનિધાન!

સામાન્ય માણસ તો ઠીક, છેક પ્રકૃતિપુરુષ સુધીના અતિ સમર્થ દેવાધિદેવોનાં પણ કોઈ તપ–સાધન મહારાજને પહોંચતાં નથી. કેવળ અતિ કરુણાએ કરીને જ તેઓ આ ધરા પર પધાર્યા અને આપણને સહુને સનાથ કર્યા. ગુણાતીતપુરુષો થકી એમનું પ્રગટપણું અખંડ રાખ્યું એ એથી ય અધિક કરુણા... જેવી કરુણાની – અકારણ કૃપાની સરિતા મહારાજે વહાવી એવી જ અસ્ખલિત કૃપાધારા તેમને ધારી રહેલ ગુણાતીત સત્પુરુષો દ્વારા અખંડ વહેતી જ રહી છે અને તેથી સંતવર્ય પૂ. દાસસ્વામીએ ગુરુહરિ પ.પૂ. કાકાજી માટે રચેલ ભજન ‘કાકા હે અમર રહો...’ની અંતિમ કડીમાં તેઓ માટે ‘**ગુણાતીત કુળ સકલના ભવ્ય ઘડવૈયા, વહી રહી અસ્ખલિત મંગલકૃપા ધારા...**’ શબ્દોથી એમને અંજલિ આપી છે.

ગુરુહરિ કાકાજીના જીવનમાં છેક એમના શૈશવકાળથી એક વિલક્ષણતા વિશિષ્ટપણે ઊભરી આવતી હતી. તે હતી એમની હૃદયની વિશાળતા. શરૂઆતમાં સ્વજનો અને પરિવાર માટે, ગુરુ માટે, પછી મિત્રો માટે, પછી ધંધામાં ભાગીદારો માટે, પછી પછી ભક્તો માટે અને પછી અલ્પ સંબંધવાળા મુમુક્ષુ માટે પણ વહેંચાઈ જવા અને વેચાઈ જવામાં જ તેમને જાણે અઢળક ખજાનો મળતો હોય એવો આનંદ અને પરિતોષ તેમના હૃદયે છલકાતો. પોતાનું કશું જ અંગત નહીં. બધું જ પંગતમાં પીરસી અને વરસી જવામાં જ તેમને જાણે જીવનની કૃતાર્થતા મનાઈ હતી. **तेन त्यक्तेन भुञ्जीथा -** ઉપનિષદના આ મહાવાક્યની તેઓ હરતીફરતી પ્રતિકૃતિ હતા. તેમને માટે પારકું કે પરાયું, વિરોધી કે દુશ્મન એવી કોઈ વ્યાખ્યા જ ન હતી. તેથી જ તેઓ Live life by giving out, અભેદદૃષ્ટિ ને અવિરોધ વૃત્તિ, આપણે સહુ એક, માતા – મહાદેવવાળો પણ માથાનો મુગટ, એવા કલ્પનાતીત શબ્દપ્રયોગો પ્રયોજી શક્યા. ફક્ત પ્રયોજ્યા જ નહીં, એને જીવનમાં મૂર્તિમાન કર્યા. જાણે એ જ એમનું જીવન હતું.

આ પુસ્તક તેમની એ ચિદાકાશી વિશાળતાનું યત્કિંચિત દર્શન કરાવતું એક નાનું કિરણ છે. દિનકરરૂપી પ્રકાશપુંજના વિશાળ તેજરાશિની એક નાનીશી તેજલકીર છે. કાકાજી હંમેશાં કહેતા કે મારું નામ દાદુ છે. **દાદુ એટલે ‘દો હાથ સે દેનેવાલા.’** આપણે એમને અનંત હાથે આપતા, લૂંટાતા, લૂંટાવતા નિહાળ્યા છે, અનુભવ્યા છે. તેઓ કહેતા અમારી ‘**લેના બેંક નથી, દેના બેંક છે.**’ આ હતી એમની જીવનભાવના

અને જીવનરીતિ! ગુણાતીત સત્પુરુષની પ્રત્યેક ક્રિયા, ચેષ્ટા, લટકું, પ્રસંગ, પ્રવચન, વિશ્રામ, વિચરણ – બધું જ – પળેપળેનું જીવન કેવળ આશ્રિતોના પરમહિતને અર્થે જ હોય છે. 'ગુણાતીત જયોત'નાં બહેનાના ભજનની પંક્તિ – '**એ જે બોલે તે જ્ઞાન, કરે તે સત્ય ને જીવે તે ધર્મ, એમાં રહ્યા છે બહુ મર્મ...**' એ પ્રમાણે કાકાજીના જીવનમાં પળેપળ અલ્પ સંબંધવાળા ભક્તના હિત અને માંગલ્યની પ્રબળ ઉત્કંઠા અને ઝંખનાનાં દર્શન થાય છે અને એટલે જ એ અસ્ખલિત વહેતી કૃપાધારામાં ભીંજાઈ ધન્ય થયેલ ભક્તો તેમના આવાહન્ શ્લોકમાં '**શરણાગત નિજ અલ્પ જીવ સહુનાં શ્રેયાર્થ તત્પર રહે...**'ના ઉદ્ગારથી તેમને અંજલિ અર્પી કૃતજ્ઞતા પ્રગટ કરે છે.

આ પુસ્તકમાં કાકાજીના કેટલાક વિલક્ષણ પ્રસંગોનું સંકલન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં તેમને માટે પ્રકાશિત થયેલ પુસ્તકો – દિનકરનો પ્રકાશપુંજ, સહૃદયી, Kakaji વગેરેમાંથી અને બહુધા તો તેમણે પોતે પ્રસંગોપાત કરેલ વર્ણનમાંથી યદ્યપિ અપ્રકાશિત અને ઓછા જાણીતા પ્રસંગોનું સંકલન કરીને આ પુસ્તકમાં સમાવેશ કર્યા છે. મોટાભાગના પ્રસંગો તેમના સ્વમુખે જ કહેલા છે. તેથી તેમાં કલ્પના કે ધારણા માટે અવકાશ નથી અને તેથી જ તે પ્રસંગોની સત્યતા કે પ્રમાણભૂતતા નિઃશંક છે. જે પ્રસંગોમાં તારીખ–સ્થળ–વ્યક્તિનો સંદર્ભ મળેલ છે તે યથાતથ રાખ્યાં છે. ઘણા પ્રસંગો તેઓએ તે ઘટનાનાં વર્ષો પછી કહ્યા હોય તેથી તેમાં ક્યાંક આ વિગતોમાં કદાચ ફરક હશે પરંતુ તેની હકીકતોમાં તો કંઈ અસત્ય નથી. પ્રસંગોના હાર્દ અને તેમાંથી કાકાજીના જીવનની વિશિષ્ટતાને જ ઉપસાવવાનો જ આ પુસ્તકનો એક માત્ર હેતુ હોવાથી વ્યક્તિગત ટિપ્પણીઓને ટાળી છે. કોઈનું ય ચરિત્ર ખંડન કે નાલેશી કરવાનો અમારો રંચમાત્ર આશય નથી તેમ છતાં અજાણતા પણ તેવો આભાસ થતો હોય તો અમે નમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ.

આ પુસ્તકમાં કાકાજીએ પંચગીની શિબિરમાં કરેલ કથાવાર્તા, કેટલાંક પ્રસંગોપાત કરેલાં પ્રવચનો, તેમણે લખેલ કેટલાક લેખો વિગેરેને પણ સમાવ્યાં છે. બોલાયેલ ભાષામાં અધ્યાર રહેલ શબ્દો, વ્યક્તિઓને લેખનમાં સાંકળી લઈ તે પ્રવચનોને લોકભોગ્ય ભાષામાં આલેખવા અલ્પ પ્રયાસ કર્યો છે. અધૂરાં વાક્યોને પૂરાં કરવા ક્યારેક તેમના સિદ્ધાંતો અને સૂત્રોને નજર સમક્ષ રાખી ધારણાઓનો સાથ લેવો પડ્યો છે. આ બધા જ લેખો, પ્રવચનો, પ્રસંગોમાંથી કાકાજીની સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની સર્વોપરી નિષ્ઠા, પ્રત્યક્ષ પ્રભુમાં અનન્ય દિવ્યભાવ, અજોડ ગુરુભક્તિ, તત્ત્વે કરીને સમજણ દૃઢ કરવાનો આગ્રહ, આત્મબુદ્ધિ અને પ્રીતિ તથા સંપ–સુહૃદભાવ–એક્તાના સંવર્ધન માટેના અથાક પ્રયત્નો, ભક્તોની સેવાનો આલોચ, ગુણાતીત જ્ઞાનનાં રહસ્યો અને તેમને આત્મસાત કરવાની કૂંચીઓ, પ્રાપ્તિનો કેફ, સંબંધનું માહાત્મ્ય, સાથીદારો પ્રત્યેનું સખ્ય, ભક્તો પ્રત્યેનું વાત્સલ્ય વિગેરે અનેક ગુણોનાં અદ્ભુત દર્શન થાય છે. એ અમર્યાદિત ચિદાકાશી યુગપુરુષને થોડાંક

પુસ્તકો, ભજનો, સ્તુતિઓ, પ્રવચનોમાં આલેખી સંતોષ માની લેવાની કુચેષ્ટા કરવાને બદલે આવી નાનીશી અંજલિ દ્વારા તેમને હૃદયની ભાવનાઓનો અર્ઘ્ય અને એમણે સૂચવેલ માર્ગે ચાલવાનો દૃઢ સંકલ્પ જ એમનું સાચું તર્પણ લેખાશે.

આ પુસ્તકના લેખો, પ્રવચનો, પ્રસંગોનાં સંશોધન–સંકલન–આલેખન માટે તથા તેની ટાઈપીંગ તથા સજાવટની સેવા માટે જે મુક્તોએ શ્રદ્ધાપૂર્વક સેવા કરી છે તે સહુ પ્રત્યે ધન્યવાદ અને આભાર પ્રગટ કરીએ છીએ. પ.પૂ. દિનકરભાઈએ પોતાના અતિ વ્યસ્ત સમયમાંથી પણ અવકાશ કાઢી અંગત રસ લઈ સંકલન અને proof reading માં મહત્વનું યોગદાન આપ્યું છે. પ્રિન્સ ગ્રાફિક્સના શ્રી રાજેશભાઈએ ઉત્સાહપૂર્વક સુંદર મુદ્રણ કરવાની સેવા કરી છે. પ્રત્યક્ષ ને પરોક્ષ રીતે આ સેવામાં નિમિત્ત બનનાર સર્વનો પ્રકાશન સમિતિ હૃદયપૂર્વક આભાર માને છે.

અંતમાં, ગુરુહરિ પ.પૂ. કાકાજી – ગુરુહરિ પ.પૂ. પપ્પાજી દિવ્ય બંધુબેલડી શતાબ્દી મહોત્સવના ઉપક્રમે આ પુસ્તક ગુણાતીત સમાજના મુક્તોને અર્પણ કરતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

ગુરુહરિ પ.પૂ. કાકાજી – ગુરુહરિ પ.પૂ. પપ્પાજી બંધુબેલડી<br>શતાબ્દી મહોત્સવ પ્રકાશન સમિતિના હાર્દિક જય શ્રી સ્વામિનારાયણ

# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **વિભાગ – ૧** | **૧** |
| | **ગુરુભક્તિની કેડીએ... કેડીએ...** | ૩ |
| ૧. | શૈશવમાંય ખીલ્યો સમજણનો વૈભવ | ૫ |
| ૨. | અન્વય અને વ્યતિરેક | ૭ |
| ૩. | ભક્તની અખંડ રક્ષામાં | ૭ |
| ૪. | લોકલાજ ને શરમ છોડ્યાં | ૮ |
| ૫. | શાસ્ત્રીજી મહારાજ અને રસુલમિયાં | ૯ |
| ૬. | ગુરુને રાહત એ જ અંતરની ચાહત | ૧૧ |
| ૭. | ખોવાયેલું પાકીટ પાછું મળ્યું | ૧૨ |
| ૮. | દિવાળીબાની બીમારી નિમિત્તે પારાયણ | ૧૭ |
| ૯. | પહેલો contract મળ્યો | ૧૮ |
| ૧૦. | કાંતિભાઈને ભાગીદાર બનાવ્યા | ૨૦ |
| ૧૧. | તું હા પાડ... મા’રે તારા જ પૈસા જોઈએ છે. | ૨૧ |
| ૧૨. | સનાતન રહસ્યનું દર્શન | ૨૩ |
| ૧૩. | પ્લેનમાં રક્ષા | ૨૪ |
| ૧૪. | ગુરુવચનમાં અપ્રતિમ વિશ્વાસ | ૨૫ |
| ૧૫. | સાક્ષાત્કારે સહજાનંદને પામી આવ્યા | ૨૭ |
| ૧૬. | નહેરુજીને પ્રભાવિત કર્યા | ૨૯ |
| ૧૭. | બેંગકોકમાં સ્ટીમરનો કેસ | ૩૧ |
| ૧૮. | અનંત રીતે રક્ષા તું કરનારો | ૩૨ |
| ૧૯. | રૂડું કરવાની અસાધારણ ગરજ | ૩૮ |
| ૨૦. | સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ | ૪૦ |
| ૨૧. | નિર્દોષબુદ્ધિની પરાકાષ્ઠા | ૪૧ |
| ૨૨. | આફ્રિકા વિચરણના અલૌકિક અનુભવો : | |
| | અંડોલા | ૪૪ |
| | લુસાકા – લીવીંગ્સ્ટન | ૪૫ |
| | બ્લેન્ટાયર | ૪૭ |
| | સાઉથ આફ્રિકા | ૫૩ |
| ૨૩. | સિદ્ધોનો નહીં, સ્વરૂપનો જ ભાર | ૫૪ |
| ૨૪. | બ્રહ્મવિદ્યા અજમાવી | ૫૬ |

| | | |
|---|---|---|
| ૨૫. | સરળતા ત્યાં સાનુકૂળતા | ૫૮ |
| ૨૬. | અક્ષરદેરી પણ ગીરવી મૂકું | ૫૯ |
| ૨૭. | મિથિલાયામ્ પ્રદિપ્તાયામ્ | ૬૧ |
| ૨૮. | જજ કી જગહ પર જોગી | ૬૨ |
| ૨૯. | કલ્યાણ યોજનાના સૂત્રધાર | ૬૩ |
| ૩૦. | ભક્તને કાજે જ સામર્થ્ય | ૬૫ |
| ૩૧. | સંજોગ આવ્યે શૂરવીર બન્યા | ૬૬ |
| ૩૨. | અધ્ધર વચનના ઝીલનારા | ૬૭ |
| ૩૩. | માયા પરાભવ કરી શકે નહીં | ૬૭ |
| ૩૪. | મોહમાયા વ્યાપે નહીં જેને | ૭૪ |
| ૩૫. | ‘સ્વ’અર્પણ એ જ સમર્પણ | ૭૫ |
| ૩૬. | સ્વરૂપનું વચન તેની હાજરી કરતાં વિશિષ્ટ છે. | ૭૬ |
| ૩૭. | માન – અપમાનમાં એકતા | ૭૮ |
| ૩૮. | યશની નહીં... ગુરુની હાશની જ આશ | ૭૯ |
| ૩૯. | ગુરુની મરજીના મરજીવા | ૮૧ |
| ૪૦. | અભાવ – અવગુણમાંથી પાછા વાળ્યા | ૮૨ |
| ૪૧. | ગુરુઈચ્છા સાકાર કરી | ૮૩ |
| ૪૨. | ઠરાવ એ જ કે પોતાનો ઠરાવ નહીં | ૮૪ |
| ૪૩. | વચને પ્રવૃત્તિ... વચને નિવૃત્તિ | ૮૬ |
| ૪૪. | ‘ગુણાતીત જ્યોત’નું ખાતમુહૂર્ત | ૮૭ |
| ૪૫. | નિષ્ઠાની ખુમારી | ૯૦ |
| ૪૬. | મહાકાળને પાછો વાળ્યો | ૯૫ |
| ૪૭. | હનુમાનજીની પ્રતિષ્ઠા | ૯૬ |
| ૪૮. | કળથી સેવા લીધી | ૯૮ |
| ૪૯. | છાત્રાલયથી પ્રસ્થાન... ગુરુહૃદયમાં સ્થાન | ૯૯ |
| ૫૦. | શિષ્ય બન્યા ગુરુની ઢાલ | ૧૦૦ |
| ૫૧. | સરળતા સાધુ તણો શણગાર | ૧૦૧ |
| ૫૨. | ભક્ત તણા પ્રતિપાળ | ૧૦૨ |
| ૫૩. | કેવી ખાનદાની... કેવી દિલાવરી | ૧૦૩ |
| ૫૪. | ધૂનથી અશક્ય પણ શક્ય થાય | ૧૦૫ |
| ૫૫. | સંકલ્પ તારો વિજયી સદા | ૧૦૭ |
| ૫૬. | સંકલ્પો – લોક અને પરલોકના | ૧૦૮ |
| ૫૭. | સ્વામી રામતીર્થ શતાબ્દી મહોત્સવ | ૧૧૩ |

૫૮. સર્વદેશીય ઉઠાવ ૧૧૫
૫૯. શ્રીમતી લીલાવતી મુનશીને પ્રતીતિ ૧૧૮
૬૦. સમર્થ થકા જરણા ૧૧૯
૬૧. આર્ષદષ્ટાના આશિષ ૧૨૦
૬૨. રહસ્યનું પણ રહસ્ય (Secret of secrets) ૧૨૬
૬૩. દ્વેષીને પણ માફી આપી ૧૨૯
૬૪. HAPPIEST DAY ૧૩૨

**વિભાગ – ૨** **૧૩૫**

**આવો અવસર નહીં મળનાર...** ૧૩૭

૦૧. પ્રવચન – પંચગીની શિબિર ૧૩૯
૦૨. પ્રવચન – પંચગીની શિબિર ૧૬૦
૦૩. પ્રવચન – પંચગીની શિબિર ૧૮૪
૦૪. પ્રવચન – પંચગીની શિબિર ૨૦૩
૦૫. પ્રવચન – પંચગીની શિબિર ૨૨૯
૦૬. પ્રવચન – શ્રીહરિ જયંતી દિને કૃપાઆશિષ ૨૩૫
૦૭. પ્રવચન – યોગી જયંતી દિને મંગલ પ્રવચન ૨૪૧
૦૮. પ્રવચન – સ્વરૂપયોગ ૨૪૫

**વિભાગ – ૩** **૨૫૩**

**ગુણાતીત જ્ઞાનની બારાખડી...**

૦૧. અનુપમ સપ્તપદી ગીતા ૨૫૫
૦૨. અક્ષરધામની ચાવી અને સંપૂર્ણ સફળતા ૨૭૧
૦૩. સર્વોત્કૃષ્ટ સ્થાન અને સાક્ષાત્કારની સ્થિતિ ૨૭૪
૦૪. કૃપા અને દૃષ્ટિ ૨૭૮
૦૫. સાકારપણાની પ્રતીતિ ૨૮૦
૦૬. સીમાડો ૨૮૩
૦૭. જીવનયાત્રા કે સંગ્રામ ૨૮૬
૦૮. અનાહત ચક્રના ધબકારા ૨૯૦
૦૯. નિર્વાસનિક થવાના ઉપાયો ૨૯૧
૧૦. અભાવ, અવગુણ અને દ્રોહ ૨૯૪
૧૧. શ્રુતિ અને સ્મૃતિ ૨૯૬
૧૨. સિદ્ધદશાના પ્રકારો ૨૯૮
૧૩. સંપત્તિ – વિપત્તિ ૩૦૧

| | | | |
|---|---|---|---|
| ૧૪. | આધ્યાત્મિક જડતા | | ૩૦૪ |
| ૧૫. | તત્ત્વજ્ઞાન, કલ્યાણનાં સાધનો અને સત્પુરુષ | | ૩૦૭ |
| ૧૬. | અતિ મોટાપુરુષનો અભિપ્રાય જાણવાની શરતો | | ૩૦૮ |
| ૧૭. | અભિનિવેશ | | ૩૧૨ |
| ૧૮. | મોટાપુરુષનો અભિપ્રાય | | ૩૧૩ |
| ૧૯. | નિર્માનીપણાનું માન | | ૩૧૫ |
| ૨૦. | મનમુખી ક્રિયા | | ૩૧૮ |
| ૨૧. | અવગુણ લેવાનો અધિકાર | | ૩૧૯ |
| ૨૨. | પ્રત્યક્ષના ઉપાસક સાધકો પાસેથી ભગવાન શી અપેક્ષા રાખે છે? | | ૩૨૩ |
| ૨૩. | નાભિનું ભજન અને આત્મનિરીક્ષણ | | ૩૨૮ |
| | **વિભાગ – ૪** | | ૩૩૩ |
| | **વિવિધા...** | | |
| ૦૧. | પ.પૂ. કાકાજીને ભાવાંજલિ | પ.પૂ. પપ્પાજી | ૩૩૫ |
| ૦૨. | સ્નેહલભાવ | પ.પૂ. કાકાજી | ૩૩૮ |
| ૦૩. | સુંદરમ્ | પ.પૂ. કાકાજી | ૩૩૯ |
| ૦૪. | કાકાશ્રી કુસુમસૌરભ | પૂ. યજ્ઞાપ્રિયસ્વામી | ૩૪૧ |
| ૦૫. | સુવર્ણપાત્રની અગ્નિપરીક્ષા | પૂ. ડૉ. નીલમબેન, ગુણાતીત જ્યોત | ૩૪૪ |
| ૦૬. | મીઠી નજરનાં કામણ | પ.ભ. હેમંતભાઈ મર્ચન્ટ | ૩૪૯ |
| ૦૭. | પ્રાર્થના | પ.પૂ. કાકાજી | ૩૫૦ |

## વિભાગ – ૧

# ગુરુભક્તિની કેડીએ... કેડીએ...

# ગુરુભક્તિની કેડીએ... કેડીએ...

ગુરુહરિ પ.પૂ. કાકાજીનું સમગ્ર જીવન એટલે સર્વોચ્ચ ગુરુભક્તિની પરમ મંગલ ગાથા... પોતાના શૈશવકાળ અને કિશોરાવસ્થામાં બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ અને ત્યાર પછી સમગ્ર જીવન બ્ર.સ્વ. યોગીજી મહારાજના જ અંતર ઈશારે જીવી તેમની દિવ્ય કલ્યાણ યોજનામાં પોતાના સર્વસ્વનું સમર્પણ કરી, તેમણે જે રીતે તેમની સર્વોચ્ચ ગુરુભક્તિ અદા કરી તેના અસંખ્ય પ્રેરણાદાયી પ્રસંગોમાંથી કેટલાંક વિશિષ્ટ પ્રસંગોનું સંકલન આ વિભાગમાં કરવામાં આવ્યું છે.

ગુરુહરિ કાકાજીના જીવનમાં ધામ, ધામી અને મુક્ત અર્થાત્ ગુણાતીત સત્પુરુષ, ભગવાન સ્વામિનારાયણ અને સંબંધવાળા ભક્તની ઉપાસના અને ભક્તિ એ જ જીવનનું એક માત્ર કેન્દ્ર અને પરિઘ રહ્યાં છે. શ્રીમદ્‌ભાગવતમાં શ્રી ઉદ્ધવજીના આખ્યાનમાં તેઓ પોતે પરમજ્ઞાની અને સમજુ હોવા છતાં શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે અનન્ય પ્રીતિથી જોડાયેલી ગોપીઓનાં ચરણની રજથી અંકિત થવા ઈચ્છા દર્શાવી છે. એવા સંબંધવાળા ભક્તના મહિમાને સર્વોચ્ચ કક્ષાએ સ્થાપિત કરવા શ્રીજીમહારાજે પોતાના ગુરુ રામાનંદસ્વામી કે જેઓને સાંપ્રદાયિક ઈતિહાસમાં શ્રી ઉદ્ધવજીના અવતાર ગણાવ્યા છે, તેમની રીતિનીતિને અનુસરી ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી અને શ્રીવલ્લભાચાર્યે દર્શાવેલ ભક્તિની પ્રણાલિકાને જ અનુસરવાનું પોતાના ભક્તોને સૂચન કર્યું. વળી પોતાના ભક્તના હિત અને શ્રેયને અર્થે જ રામાનંદસ્વામી પાસે અનુપમ વરદાન માંગી પોતાની ભક્તવત્સલતાની અદ્‌ભુત પિછાણ આપી.

ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમની યુગલ ઉપાસનાના પ્રવર્તન માટે ગંગનચૂંબી ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું. ગુરુહરિ યોગીજી મહારાજે સંતો, વ્રતધારી સંતભાઈઓ – સંતબહેનો અને સમર્પિત ગૃહસ્થ સમાજનું ઘડતર કરી આત્મબુદ્ધિ અને પ્રીતિએયુક્ત જીવન જીવતાં દિવ્ય સમાજનું સર્જન કર્યું અને તે માટે ગુરુહરિ કાકાજી અને ગુરુહરિ પપ્પાજીને શ્રેષ્ઠ નિમિત્ત બનાવ્યા. કાકાજી અને પપ્પાજીએ પોતાના સાથીદારો અને સખાસ્વરૂપ ગુણાતીત સત્પુરુષો અને જ્યોતિર્ધરોના સહકારથી સમગ્ર સત્સંગ સમાજમાં ભગવાન અને સંતના માહાત્મ્યેયુક્ત કુટુંબભાવનાને વ્યાપક કરી સાચા સત્સંગની સહુને ઓળખાણ કરાવી ને એવા સંતો – ભગવદીઓનો જોગ આપી તેને સુલભ પણ કરી. અત્રે સમાવિષ્ટ પ્રસંગોમાંથી કાકાજીના જીવનમાં યોગીજી મહારાજ માટે યાહોમ કરી ફના થવાની અને ભક્તોને અર્થે ‘સહન કરવું એ જ લહાણું’ એવી અતિ ઉત્કટ ભાવનાનાં પળેપળે દર્શન થાય છે. આવા તો એમના અસંખ્ય પ્રસંગો છે જે બધા અત્રે સમાવિષ્ટ કરવા અશક્ય છે.

આવો, એ અમૃતના મહાસાગરમાંથી થોડાં પ્રેરણાબિંદુઓનું આચમન કરી **महाजनो येन गत: स पंथा:** એ ઉક્તિ પ્રમાણે એમને અનુસરવા યત્‌કિંચિત પ્રયાસ કરીએ.

## ૦૧. શૈશવમાં ય ખીલ્યો સમજણનો વૈભવ...

પ.પૂ. કાકાજીના દાદા (નડિયાદવાળા નાના, નાથાભાઈ સવદાસ) બહુ વ્યવહારકુશળ હતા. તેઓ દાદુ (કાકાજી) અને બાબુ (પપ્પાજી)ને તેમના પિતાશ્રી ડૉ. નાથાભાઈ સ્વામિનારાયણના ભગતડા ન બનાવી દે તેથી એ બન્ને ભાઈઓને મોસાળમાં પોતાની પાસે જ રાખતા અને એ બન્ને ભાઈઓ બહુ ભક્તિ ન કરે તેનું પણ ખાસ ધ્યાન રાખતા. દાદાને તો બન્ને ભાઈઓ વ્યવહારમાં નિપુણ બને અને કુશળતા પ્રાપ્ત કરે એ જ ઈચ્છા હતી. પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ એમને ત્યાં આવતા ત્યારે દાદા એમના પ્રભાવશાળી વ્યક્તિત્વને લઈને એમને આવકારતા ખરા પણ અંતરમાં એમને શાસ્ત્રીજી મહારાજ તરફ ભાવ નહીં. કારણ કે એમને ડર હતો કે બહુ ભક્તિ કરે તો ભીખ માંગવી પડે ને દુખિયા થઈ જવાય ને વ્યવહારમાં પણ ઓશિયાળા ને રાંક થઈ પડી રહેવું પડે. તેઓ બન્ને બાળકોને કહેતા કે આ ઉંમરે તમારાથી ભક્તિ ન થાય. દાદાજીને નડિયાદમાં આવેલા સંતરામ મંદિર તરફ ભાવ હતો અને ત્યાંના મહંતશ્રી પૂજ્ય જાનકીદાસ મહારાજ તરફ ખૂબ આદર હતો. દાદાજીને મનમાં એમ થતું કે આ બન્ને બાળકો સ્વામિનારાયણનું ભજન છોડી સંતરામનું ભજન કરે તો સારું. તેથી તેઓ બળજબરીથી દાદુને સંતરામ મંદિરના જાનકીદાસ મહારાજ પાસે લઈ જઈ 'રામ' મંત્રનો જાપ કરવાનું કહેતા.

ઈ.સ. ૧૯૨૭–૨૮માં જાનકીદાસ મહારાજે નડિયાદમાં વિશ્વયજ્ઞ કર્યો ત્યારે મંદિરની શતાબ્દી પર્વની ઉજવણી હતી. દાદા દાદુને જાનકીદાસ મહારાજ પાસે લઈ ગયા અને કહે, 'આને કહો ૨૫,૦૦૦ મંત્ર લખે.' મહારાજ દાદુને કહે, આપણે મંત્ર લખશો ? દાદુ કહે, 'તમે સંતપુરુષ છો અને કરમસદના છો એટલે હું લખીશ. કેટલાં વખતમાં જોઈએ છે?' તો જાનકીદાસ મહારાજ કહે, 'બે મહિનામાં લખી નાખવાના. ત્રીજે મહિને આપણો યજ્ઞ છે. તે ઘડીએ બધાને ઈનામ આપવાનાં છે ને તમારે સેવામાં પણ રહેવાનું છે.' દાદુએ હા કહી અને ફક્ત ૨૦ દિવસમાં બધા મંત્રો લખી નાખ્યા. આમ દાદુએ દાદાની ઈચ્છાથી ૨૫,૦૦૦ રામનામ મંત્ર લખીને ભેટરૂપે ચાંદીનો બિલ્લો મેળવેલો. એ યજ્ઞમાં કરોડો મંત્રની આહુતિ અપાઈ હતી. દાદાજીને રાજી કરવા દાદુ જાનકીદાસ મહારાજની આજ્ઞાથી સાધુ સંતોની પાસે રહીને સેવા કરતો. આ પ્રસંગે દાદુ સાત દિવસ સ્વયં સેવક તરીકે રહ્યો. તેથી દાદાજી ખુશ થઈને કહે, આપણે આ સત્સંગ કરતાં રહેવું.

યજ્ઞ પ્રસંગે દાદુએ સ્વયંસેવક તરીકે સંતોને નાસ્તો આપવાની સેવા કરી હતી. સંતરામ મંદિરની પાછળના વંડામાં સંતોના ઉતારા હતા ત્યાં જઈને સવારમાં નાસ્તો આપી આવે. જાનકીદાસ મહારાજને પણ દાદુનો ખૂબ ભરોસો આવી ગયેલો.

દાદાજી દાદુને જમ્યા પછી અન્નદેવને નમસ્કાર કરવાનું કહેતા. ત્યારે દાદુ કહે, 'અમને દેવદેવલાંનો બિલકુલ ભાર નહીં. અમે સ્વામિનારાયણ સિવાય કોઈની ઉપાસના

નહીં કરીએ અને કોઈની ઉપેક્ષા પણ નહીં કરીએ. અમને સર્વ પ્રતિ પૂજ્યભાવ છે. તેથી જ તો રામનામ મંત્ર લખ્યા છે, સેવા પણ કરી છે અને સ્વયંસેવક પણ રહ્યા છીએ. માટે દાદા! અમને આવી બધી બાબતનો આગ્રહ કરતા નહીં.' આવી સ્પષ્ટ વાત સાંભળી દાદા બાબુને કહે, 'બાબુ, આને તો બહુ ડહાપણ વધી પડ્યું છે. બહુ હોંશિયાર અને અક્કલવાળો થઈ ગયો લાગે છે.' બાબુ કંઈ બોલતો નહીં. આમ દાદુ સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના રાખીને પણ દાદાજીને રાજી રાખતા.

એ પછી દાદા દાદુને મંદિરમાં જાનકીદાસ મહારાજ પાસે લઈ ગયા ને એમને ફરિયાદ કરી કે આ બધા દેવોને ગાળો ભાંડે છે. જમતી વખતે પણ અન્નદેવને નમસ્કાર કરતો નથી. આને કાંઈ ઉપદેશ કરોને? જેથી આ કંઈક સમજે. ત્યારે જાનકીદાસ મહારાજ કહે, 'આ તો સમજેલો જ છે. ભગવાનનો મંત્ર તો બોલે છે. ભગવાનનું નામ તો લખ્યુંને! આ તો બહુ સંસ્કારી છે. આગળ જતાં બહુ ભક્તિ કરશે.'

આ પ્રસંગના અનુસંધાનમાં કાકાજી કહે, 'મને કોઈપણ સત્પુરુષ કહે એ મને ગમે કે ન ગમે, પણ સારું હોય તો એ કરવાની ટેવ. મને અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુતા અને સર્વધર્મ સમભાવ છતાં સ્વામિનારાયણનો ભાવ અનન્ય અને સર્વોપરી.'

ઈ.સ. ૧૯૨૭ની સાલમાં નડિયાદમાં અતિ વૃષ્ટિને કારણે ઘોડાપુર આવ્યાં હતાં. તેમાં ઘણાં મકાનો તૂટી પડ્યાં હતાં અને પારાવાર નુકસાન થયું હતું. તે વખતે દાદાએ દાદુને કહ્યું, તારા શાસ્ત્રીજી મહારાજ સર્વોપરી છે તો આ પૂરને બંધ કેમ નથી કરતા? ત્યારે દાદુએ કહ્યું, 'ભગવાન તો એમના ભક્તોના હોય છે. માટે આપણને કશું થવાનું નથી.' પૂર આવવાથી એમના જૂના મકાનને તીરાડ પડી ગયેલી. ટેકા મૂકવા પડેલા. તેમ છતાં મકાન કે દિવાલને કાંઈ થયું નહી. ત્યાર પછી બીજે દિવસે ઓસરતાં પાણી થયાં. ને ૧૧ દિવસના વરસાદ પછી પૂર સમાઈ ગયાં ને ખૂબ રક્ષા થઈ.

આ પ્રસંગથી દાદાને પણ શાસ્ત્રીજી મહારાજનો ખૂબ ગુણ આવ્યો. તેમના અંતકાળે મહારાજ, સંતોને લઈને તેડવા આવ્યા હતા. ત્રણ દિવસ સુધી સંતોનાં દર્શન કરાવી, સભાન અવસ્થામાં આ બધું અનુભવડાવી, સર્વ વૃત્તિઓને છેવટે એકાકાર કરી એમને ધામમાં લઈ ગયા. આ વખતે આજુબાજુના સર્વને શાંતિ અને તેજનો અનુભવ થયો હતો.

## ૦૨. અન્વય અને વ્યતિરેક...

એક વખત કાકાજીના પિતાજી ડૉ. નાથાભાઈ, નિર્ગુણસ્વામી અને અક્ષરપુરુષોત્તમદાસસ્વામી બોચાસણ મંદિરે મેડા પર બેસીને ચર્ચા કરતા હતા. મહામુક્તોની એ જ્ઞાનની ચર્ચામાં અન્વય–વ્યતિરેકનું પ્રકરણ ચાલતું હતું. એ સમયે દાદુ પણ ત્યાં હાજર હતો. એની ઉંમર તે વખતે ૯ વર્ષની હતી. એણે આ જ્ઞાનની ચર્ચા સાંભળી પણ એમને આવા ભારે શબ્દોની સમજ પડી નહીં. થોડા વખત પછી એણે શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું, 'બાપા, આ અન્વય શું અને વ્યતિરેક શું?' શાસ્ત્રીજી મહારાજ દાદુની આ બાળસહજ જીજ્ઞાસા સાંભળીને કહે, 'તું તો સમજેલો જ છે. આપણે આ જ્ઞાનના ચૂંથણામાં પડવું નહીં. જ્યાં સુધી ખાત્રીપૂર્વકનો અનુભવ ન થાય ત્યાં સુધી અન્વય–વ્યતિરેકની બાબતમાં પડવા જેવું છે નહીં. આપણને તો જે સત્પુરુષનો જોગ મળ્યો છે એ જ પૂર્ણાહુતિ છે. એ જ આપણે માટે પરમપદ છે. મરીને જેને પામવા હતા તે દેહ છતાં જ મળ્યા છે. આપણે પ્રત્યક્ષની નિષ્ઠા દૃઢ રાખવી. દેખાય છે તો સૌને, પણ મનાતું નથી. આ યોગીજી મહારાજ સમજ્યા છે. એમણે એ વાત સિદ્ધ કરેલી છે. એમનો જોગ રાખજો.'

આમ કેવળ ૯ વર્ષની ઉંમરે જ દાદુને શાસ્ત્રીજી મહારાજે દૃષ્ટિ કરીને જાણે અંતઃકરણની અંદર સાક્ષી ભેદીને જ્ઞાન આપતા ન હોય એમ અક્ષરપુરુષોત્તમનું રહસ્યજ્ઞાન સમજાવ્યું અને જોવાનું, જાણવાનું, પામવાનું, મેળવવાનું, સિદ્ધ કરવાનું એ બધું જ આવા વડવાનળસમા સાક્ષાત્ ગુણાતીત સંતમાં છે. એ ભાવના દૃઢ કરવામાં આવી જાય છે એ રહસ્ય સિદ્ધ કરાવી દીધું.

દાદુની અભીપ્સા સાચી હતી અને શાસ્ત્રીજી મહારાજમાં સંપૂર્ણ ભરોસો હતો તો શાસ્ત્રીજી મહારાજે પણ એમને સરળતાથી આ રહસ્ય સમજાવી દીધું જેથી કોઈપણ જાતના દ્વંદ્વને અવકાશ જ ન રહે.

## ૦૩. ભક્તની અખંડ રક્ષામાં...

બીજા વિશ્વયુદ્ધના સમયગાળામાં કાકાજી B.Sc. (Economics) ના અભ્યાસ અર્થે લંડન આવ્યા હતા. યુદ્ધનું વાતાવરણ હોવાથી પરીક્ષા ભારતની દક્ષિણે આવેલા શ્રીલંકા (સિલોન)ના કોલંબો શહેરમાં રાખવામાં આવી હતી. પરીક્ષાનાં પેપરો લંડનથી આવ્યાં હતાં. B.Sc. ની સાથોસાથ કાકાજી B.com નો અભ્યાસ પણ કરતા હતા. જેથી તેમનું વર્ષ બગડે નહીં. લડાઈના દિવસો હોવાથી વારંવાર દુશ્મન દેશ જાપાનનાં વિમાનો કોલંબો આવતાં. તેથી દિવસના ત્રણ–ચારવાર સાવચેતી માટેની સાયરન

વાગતી અને પાંચ જ મિનિટમાં લોકોને ક્યાંક છૂપાઈ જવું પડતું. કોઈ કોઈ વખત તો સો સો માઈલ દૂર જતા રહેવું પડે. ઘરમાં દૂધનાં ટીન લઈ રાખવાં પડે. જમવામાં શીરા જેવી જલદી થઈ જાય એવી વાનગી બનાવીને રાખવી પડે. આવી વિકટ પરિસ્થિતિમાં કાકાજી અભ્યાસ કરતા હતા.

એક દિવસ ઈંગ્લેંડથી આવેલી એક ૩૦ હજાર ટનની મોટી સ્ટીમરને ઉડાવી દેવા માટે જાપાનનાં ૪ વિમાનો ધસી આવ્યાં અને તેમાંથી ૨ સૈનિકોએ સ્ટીમરના ભૂંગળામાં બૉંબ સાથે કૂદીને હારાકીરી કરી. જોતજોતામાં સ્ટીમરના ફૂરચેફૂરચા ઉડી ગયા અને આખી સ્ટીમર ભસ્મીભૂત થઈ ગઈ. સૌ ખૂબ જ ગભરાઈ ગયા હતા. એ વખતે ત્યાંનાં ભોયરાંઓ પણ એટલાં મજબૂત ન હતાં તેથી બધાને ૧૦૦ માઈલ દૂર જતા રહેવું પડ્યું હતું. એ વખતે ઠાસરાના એક મિત્ર શ્રી બાલુભાઈ ત્રિવેદી પણ કાકાજીની સાથે હતા. કાકાજીએ શાસ્ત્રીજી મહારાજને સંભારીને ખૂબ ભજન કર્યું તેથી તેમની ત્યાં ખૂબ રક્ષા થઈ. એ પછી ફરી ક્યારેય પણ જાપાનનાં વિમાનો ત્યાં આવ્યા નહીં અને કાકાજીએ નિશ્ચિંતતાથી પોતાનો અભ્યાસ પૂરો કરીને પરીક્ષા આપી.

આવી પરિસ્થિતિમાં કોઈ કાચોપોચો હોય તો ડરીને અભ્યાસ છોડી સ્વદેશ પહોંચી જાય પણ કાકાજી નાનપણથી જ શૂરવીર પ્રકૃતિના હતા અને શાસ્ત્રીજી મહારાજના સંબંધથી તો તેઓ વધુ શૂરવીર અને નિશ્ચિંત બની ગયા હતા. તેથી જ આવા પ્રતિકૂળ સંજોગોમાં પણ કોઈપણ પ્રકારના ડર વગર તેઓ સહજ અવસ્થામાં રહી પોતાનો અભ્યાસ પૂરો કરી શક્યા. યોગીબાપાએ એક પ્રસંગે વાત કરી હતી કે આવી નિશ્ચિંતતા અને નિર્ભયતા આવા પ્રત્યક્ષ સત્પુરુષ જોડેના સંબંધથી સહજ જ પ્રાપ્ત થાય છે. કોઈ મારમાર કરતો આવતો હોય તો પણ એની મરજી વગર એ કાંઈપણ કરી શકતો નથી. સત્પુરુષ આવા ભક્તની અખંડ રક્ષામાં હોય છે. ભગવાન કહે છે કે આવા ભક્તોની રક્ષા એ જ અમારું ભગવાનપણું છે.

## ૦૪. લોકલાજ ને શરમ છોડ્યાં...

ઈ.સ. ૧૯૩૫માં કાકાજીની ઉંમર ૧૭ વર્ષની હતી. તાજાં જ લગ્ન થયેલાં. એ અરસામાં એક વખત શાસ્ત્રીજી મહારાજ નડિયાદ પધાર્યા હતા. ત્યાંથી તેઓ અમદાવાદ જવાના હતા. ઉતારેથી બધાં પોટલાં લઈને રસ્તામાં બે−ચાર પધરામણીઓ કરી સ્ટેશને જવાનું હતું. શાસ્ત્રીજી મહારાજ સાથે એમના જોડીયા સંત અને એક પાર્ષદ હતા. કાકાજી પણ તેમની સાથે હતા. સામાન ખૂબ હોવાથી કાકાજીને કાં તો ઠાકોરજી ઉંચકવાં પડે અથવા તો પોટલાં ઉંચકવાં પડે. બન્નેમાંથી કંઈપણ ઉંચકવાની કાકાજીને શરમ આવે તેથી શું ઉપાડવું તેની અવઢવમાં તેઓ હતા.

આ જોઈ શાસ્ત્રીજી મહારાજ કહે, 'દાદુ! ઠાકોરજી ઉપાડ.' તો કાકાજી કહે, 'સ્વામી મેં બૂટ પહેર્યા છે.' તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'બૂટ કાઢી નાંખ.' શાસ્ત્રીજી મહારાજના હેતે વચન પાળવું પડે એટલે નજીકમાં ઓળખીતાની દુકાને કાકાજી બૂટ મૂકીને આવ્યા ને ઠાકોરજીને ઉંચકીને ચાલવા લાગ્યા. તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'મૂંગો મૂંગો શું ચાલે છે? આજ મારે ઓરડે રે... ગાવો.' કાકાજી કહે, 'મને નથી આવડતું.' તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'કાંઈ વાંધો નહીં, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ધૂન બોલ.' નડિયાદમાં તો કાકાજીને સહુ ઓળખે એટલે શરમ તો આવેને! તો પણ કાકાજીએ ધીરે ધીરે ધૂન શરૂ કરી. તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'મરતું મરતું શું બોલે છે? મોટેથી બોલ.' એટલે પછી તો કાકાજી બધી શરમ છોડી મોટેથી ધૂન બોલવા માંડ્યા.

કાકાજી મોટેથી ધૂન બોલતા હતા ત્યાં રસ્તામાં એમના સસરા મળ્યા. તેઓ ધંધાર્થે રતલામ રહેતા હતા. ત્યાંથી કોઈ કામ પ્રસંગે નડિયાદ આવ્યા હતા. એમને જોઈ એક સેંકડ તો કાકાજી અચકાયા પણ પછી શૂરવીર થઈને ધૂન બોલવાનું ચાલુ જ રાખ્યું. એ જોઈને શાસ્ત્રીજી મહારાજ ખૂબ રાજી થયા.

કાકાજીને તો ગુરુને રાજી કરવામાં અને એમની સેવા કરવામાં પોતાનો લૌકિક મોભો કે લોકલાજ વગેરે કંઈ જ આડું આવ્યું નહીં. હા, પોતાની યુવાન ઉંમર અને ઓળખીતી વ્યક્તિઓની વસ્તીમાં આ રીતે સાધુ – સંતોનાં પોટલાં ઉંચકવામાં કાકાજીને શરૂઆતમાં થોડોક ક્ષોભ થયો પણ શાસ્ત્રીજી મહારાજને રાજી કરવાની એમની ધગશ શરમ આડી ન આવી અને એમની મરજી મુજબ સેવા થઈ શકી. આ પ્રસંગની સ્મૃતિ કરતાં કાકાજી કહેતા કે શાસ્ત્રીજી મહારાજે મારામાંથી લોકલાજ અને ક્ષોભ કઢાવવા માટે જ આવું ચરિત્ર કર્યું હતું.

❀ ❀ ❀

## ૦૫. શાસ્ત્રીજી મહારાજ અને રસુલમિયાં...

ઈ.સ. ૧૯૩૬માં શાસ્ત્રીજી મહારાજ નડિયાદ પધાર્યા હતા. એ વખતે એમની પધરામણી લાખાવાડમાં કરાવેલી. કાકાજીએ ત્યાંના ઓળખીતા તેમ જ નાના–મોટા બધા માણસોને શાસ્ત્રીજી મહારાજનો ખૂબ મહિમા ગાઈને ભેગા કર્યા હતા. એમને મનમાં એમ હતું કે હું મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજનાં દર્શન બધાને કરાવીને, ઓળખાણ કરાવી એમને Impress કરી નાંખું. શાસ્ત્રીજી મહારાજ છાંટીયાવાડની લીમડીથી ઘોડાગાડીમાં લાખાવાડ આવ્યા પણ બે કલાક મોડા આવ્યા. તેથી આવેલા બધા માણસો વિખરાઈ ગયા. આથી કાકાજીને થોડી ભોંઠપ થઈ.

કાકાજીએ પાછા જવા માટે ઘોડાગાડીવાળાને રોકી રાખ્યો હતો ને કહ્યું હતું કે ૧૦–૧૫ મિનિટ ઊભો રહેજે. પધરામણી થાય એટલે પાછા નીકળી જઈશું. પધરામણી પછી રામચંદ્રકાકાને ત્યાં જવા માટે શાસ્ત્રીજી મહારાજ બહાર આવ્યા ને એમનું પોટલું પેલી ઘોડાગાડીમાં મૂકીને ઊભા રહ્યા. ઘોડાગાડીવાળો રસુલમિયાં પાછા જવાના ૧૨ આના માંગવા લાગ્યો. કાકાજીએ એને સમજાવીને ૧૦ આનામાં તૈયાર કર્યો. ત્યાં શાસ્ત્રીજી મહારાજ કહે, 'હું તો તને ૮ આના જ આપીશ.' રસુલમિયાં કહે, 'નહીં, હું તો ૧૦ આના જ લઈશ.' શાસ્ત્રીજી મહારાજ કહે, 'આવતી વખતે તેં ૧૨ આના લીધા હતા એટલે અત્યારે ૮ આના બરાબર છે. તું જવાના ૧૦ આના કહે છે તો આવવા–જવાના ૨૦ આના થયા કે નહીં?' ત્યારે રસુલમિયાં કાકાજીને કહે, 'આવા લોભિયા ગુરુ તમે ક્યાંથી કર્યા?' પછી શાસ્ત્રીજી મહારાજને કહે, 'આ ભાઈ ૧૦ આના આપવા તૈયાર છે ને તમે પાછા ૮ આના કહો છો?' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'એ ૮ આના જ આપશે. એના પૈસા એ મારા પૈસા છે.' એટલે રસુલમિયાંએ કાકાજીને કહ્યું, 'આ તમારા ગુરુ લોભિયા છે, લોભિયા.' એટલે તરત શાસ્ત્રીજી મહારાજ ગુસ્સો ગ્રહણ કરીને કહે, 'એ રસુલમિયાં, તારી દાઢી સંભાળ. લોભિયા નહીં બોલ, નહીં તો તારી દાઢી ખેંચી કાઢીશ.' આમ બન્ને વચ્ચે ઝઘડો શરૂ થયો. ત્યાં ૨૦–૨૫ માણસો ભેગા થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ તો પોટલું પકડીને ખસે પણ નહીં અને ગાડી છોડે પણ નહીં. ત્યાં એક ઓળખીતા ભાઈ આવ્યા ને શાસ્ત્રીજી મહારાજને પગે લાગ્યા. એમણે બન્ને વચ્ચે થતી વાત સાંભળી. પેલો ગાડીવાળો તેમનો જાણીતો હતો. તેથી એ ભાઈએ એને ખૂબ ભાંડ્યો અને કહ્યું, 'આ ગુરુ તો તારાં ભાગ્ય ફેરવી નાંખે તેવા છે અને તું નસીબદાર છે કે તેઓ તારી ગાડીમાં બેસે છે.' આ સાંભળીને રસુલમિયાં શાસ્ત્રીજી મહારાજને મફતમાં લઈ ગયો. શાસ્ત્રીજી મહારાજે પણ રાજી થઈને એને આશીર્વાદ આપ્યા કે તારી બે ગાડી થઈ જશે અને ખરેખર થોડા જ વખતમાં તે બે ઘોડાગાડીનો માલિક થઈ ગયો.

પોતાના તરફની કાકાજીની નિર્દોષબુદ્ધિની જાણે કસોટી કરવા જ શાસ્ત્રીજી મહારાજે આ ચરિત્ર કર્યું હતું. પરંતુ કાકાજીને તો શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે એટલો બધો દિવ્યભાવ હતો કે તેમને તો તેમનાં આવાં ચરિત્રોમાં પણ આનંદ જ આવતો. વળી શાસ્ત્રીજી મહારાજનું સત્સંગ પ્રત્યેનું મમત્વ અને ઠાકોરજીની નાનામાં નાની સેવા કરવાનો મોકો પણ ચૂકે નહીં એવી રીતિનીતિથી માહિતગાર હોવાથી તેઓ આવા પ્રસંગે પણ ગુરુના જ પક્ષે સહજ જ રહી શક્યા. એ જ તેમનો પોતાના ગુરુ પ્રત્યેનો અનન્ય આપોપોભાવ બતાવે છે.

## ૦૬. ગુરુને રાહત એ જ અંતરની ચાહત...

કાકાજી જ્યારે નાના હતા ત્યારે એક વખત એમના પિતાજી અને શાસ્ત્રીજી મહારાજ સાથે બળદગાડામાં સારંગપુરથી બોટાદ જઈ રહ્યા હતા. એ સમયે રસ્તા ખૂબ ખાડાટેકરાવાળા હતા. અને બળદગાડીની સવારી હતી તેથી હાલકડોલક થતા તેઓ જઈ રહ્યા હતા. અચાનક રસ્તામાં ટેકરો આવ્યો અને શાસ્ત્રીજી મહારાજ પડતા પડતા રહી ગયા. આ જોઈને કાકાજીની આંખમાં આંસુ આવી ગયાં. પોતાના ગુરુ કેવી તકલીફો અને અગવડમાંથી પસાર થઈ રહ્યા છે એ વિચારમાત્રથી એમનું હૈયું ભરાઈ આવ્યું. એમણે એ જ વખતે સંકલ્પ કર્યો કે મારા ગુરુ આરામથી મુસાફરી કરી શકે એ માટે એક દિવસ હું જરૂરથી એમના માટે ગાડી લઈશ. કાકાજી જ્યારે ધંધામાં ખૂબ પૈસા કમાયા ત્યારે પહેલું કામ એમણે શાસ્ત્રીજી મહારાજ માટે ગાડી ખરીદવાનું કર્યું. એ સિવાય પણ તેમણે શાસ્ત્રીજી મહારાજની અવારનવાર લાખો રૂપિયાની સેવા કરી. પોતાનું સર્વસ્વ શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં અર્પણ કરી દીધું હતું.

શાસ્ત્રીજી મહારાજે કાકાજીને એક વખત કહ્યું, 'તારા પિતા નાથાભાઈએ એક વખત મને પૂછ્યું હતું કે, શું મહાન સંતોમાં ભગવાનનો બધો પાવર હોય છે?' તો મેં કહ્યું, 'હા.' એટલે તારા પિતા કહે, 'એ કેવી રીતે મનાય?' તો મેં કહ્યું, 'જો કોઈપણ એક જ વ્યક્તિ આ ગઢડા મંદિરની વધારેમાં વધારે સેવા કરે તો માનજો કે એ ભગવાનની શક્તિ છે.' પછી કાકાજીનું માથું પકડીને શાસ્ત્રીજી મહારાજ કહે, 'એ વ્યક્તિ દાદુ, તું છે.' આ સાંભળી કાકાજી કહે, 'સ્વામી, આમાં મારું કંઈ નથી. હું તો તમે જે આપ્યું છે એ જ તમને પાછું આપું છું.' આ સાંભળી શાસ્ત્રીજી મહારાજ ખૂબ જ રાજી થયા.

કાકાજીને તો શાસ્ત્રીજી મહારાજ સાથે નાનપણથી જ બાપ–દીકરા જેવો સંબંધ હતો. શિષ્યને કદાચ ગુરુ પ્રત્યે આગવો સંબંધ હોય પણ ગુરુને શિષ્ય પ્રત્યે હકદાવાનો ઘનિષ્ઠ સંબંધ હોય એવું તો ક્વચિત્ જ બને. કાકાજીનો શાસ્ત્રીજી મહારાજ સાથેનો સંબંધ યજ્ઞવેદી અને આહુતિના શ્રીફળ જેવો હતો, અર્થાત્ કાકાજી શાસ્ત્રીજી મહારાજ માટે હોમાવા હરેક પળે તત્પર રહેતા અને શાસ્ત્રીજી મહારાજ પણ નિધડકપણે અને અત્યંત સહજતાથી કાકાજીને પોતાનાં તમામ કાર્યોમાં નિમિત્ત બનાવતા. ગુરુ અને શિષ્ય વચ્ચેની આ કેવી ઘનિષ્ઠ આત્મીયતા!

## ૦૭. ખોવાયેલું પાકીટ પાછું મળ્યું...

કાકાજી મુંબઈમાં રતિલાલ નાણાવટી શેઠને ત્યાં નોકરી કરતા હતા. ત્યારે તેમનો પગાર રૂ. ૩૦૦૦/– હતો. એ દિવસોમાં એક વખત યોગીજી મહારાજ તારદેવ સોનાવાલા બિલ્ડીંગમાં કાંતિકાકાને ત્યાં ઊતર્યા હતા. એક દિવસ યોગીબાપાએ કાકાજીને ઑફિસમાં કહેવડાવ્યું કે બપોરે તારદેવ જમવા આવજો. કાંતિભાઈને ત્યાં રસોઈ બનાવી છે. એટલે કાકાજી બપોરે ઑફિસેથી ટૅક્સી પકડીને તારદેવ આવ્યા. ટૅક્સી એક પારસીની હતી. કાકાજીને તારદેવ ઉતારી ટૅક્સીવાળો નીકળી ગયો.


ઉપર આવીને કાકાજીએ જોયું તો એમનું પાકીટ ટૅક્સીમાં રહી ગયું હતું. એ પાકીટમાં ઑફિસના ચેક અને રૂપિયા તેમ જ જરૂરી કાગળો હતા. તેથી કાકાજીને ચિંતા થવા લાગી. ટૅક્સી તો નીકળી ગઈ હતી. હવે શું કરવું? કાકાજીને કંઈ સૂઝતું ન હતું. તેથી તેઓ જમવા પણ બેઠા નહીં. આ વાતની યોગીબાપાને ખબર પડી. તેઓ કાકાજીને કહે, 'તમે જમી લો ને. તમે અમારે વચને ઑફિસથી આવ્યા છો તો પાકીટ તો આવી જશે. તમે જમી લો.' પણ આવી પરિસ્થિતિમાં જમવાનું ક્યાંથી મન થાય? કાકાજી યોગીબાપાને કહે, 'હું હમણાં જ તપાસ કરીને આવું છું.' આમ કહી કાકાજી નીચે આવ્યા. પણ ક્યાંય એ ટૅક્સી દેખાઈ નહીં. આખરે થાકીને કાકાજી પાછા ઉપર આવ્યા અને જમવા બેઠા પણ જમવામાં એમનું મન લાગ્યું નહીં.

બપોરે અઢી વાગ્યા હશે ત્યાં એ પારસી ટૅક્સીવાળો તારદેવ આવ્યો. એણે કાકાજીને તારદેવ સોનાવાલા બિલ્ડીંગ પાસે ઉતાર્યા હતા તેથી એ જગ્યાની એને ખબર હતી. એણે કાકાજીને શોધી કાઢ્યા અને પછી કહ્યું કે, 'તમને ઉતારીને હું ગયો પછી પાછળથી મને ખબર પડી કે આ તમારું પાકીટ ટૅક્સીમાં રહી ગયું છે. હું તમને આપવા આવવાનો જ હતો પણ મારે બીજી બાજુ જવાનું હતું તેથી મેં વિચાર કર્યો કે વળતી ફેરા આ પાકીટ તમને આપતો જઈશ. તેથી મોડું થયું. એમ કહી એણે કાકાજીને પાકીટ આપ્યું.'

આમ યોગીબાપાના વચને કાકાજી ઑફિસ છોડીને જમવા આવ્યા તો એમનું ખોવાયેલું પાકીટ મળી ગયું. બાકી મુંબઈમાં ખોવાયેલું પાકીટ મળવું બહુ મુશ્કેલ છે. પાકીટ પાછું મળવું એના કરતાં સત્પુરુષના વચનમાં અખંડ દિવ્યભાવ રહેવો એ વધારે મહત્ત્વનું છે. કાકાજીના જીવનમાં યોગીબાપા પ્રત્યેની આવી નિષ્ઠા અને નિર્દોષબુદ્ધિ હરેક પળે સહજ હતી.



કાકાજી મેટ્રિક પાસ થયા તે સમયની તસવીર



એગ્રી ઓરિયન્ટ કંપનીની ઑફિસમાં કાકાજી



પરદેશી વેપારીઓ સાથે એગ્રી ઓરિયન્ટ કંપનીના ભાગીદારો



ધંધાકીય કારોબાર અર્થે વિદેશ વિચરણમાં



**'તમે બન્ને ભાઈ ભાઈ થઈને રહેજો, બ્રહ્માંડ ડોલાવશો.'**

**મુંબઈની સૂર્યનારાયણની વાડીમાં શાસ્ત્રીજી મહારાજ સાથે કાકાજી અને કાંતિકાકા**



**ઑફિસના કારોબાર અંગે વિચારવિમર્શ કરતાં કાકાજી અને પપ્પાજી – તારદેવ, મુંબઈ**

## ૦૮. દિવાળીબાની બીમારી નિમિત્તે પારાયણ...

ઈ.સ. ૧૯૪૭ના નવેમ્બર મહિનામાં કાકાજીનાં માતુશ્રી દિવાળીબા બીમાર થઈ ગયેલાં તેથી તે નિમિત્તે પુણ્ય કરાવવા મુંબઈની સૂર્યનારાયણની વાડીમાં ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની નિશ્રામાં એક પારાયણનું આયોજન થયું હતું. પારાયણમાં યોગીજી મહારાજ, ગુણાતીતાનંદસ્વામીની ૩જા પ્રકરણની વાતો વાંચતા અને શાસ્ત્રીજી મહારાજ એનું નિરૂપણ કરતા. તે વખતે કાંતિકાકાના દીકરા વાસુદેવભાઈ સવારે એકલા આરતી કરવા વાડીએ જાય. તે વખતે ૧૦ સંતો પારાયણ માટે તૈયાર થઈને બેઠા હોય તેથી યોગીજી મહારાજ વાસુદેવભાઈને કહેતા કે, ‘બધાંને આરતી કરવા વહેલા મોકલો જેથી કથા સમયસર શરૂ થાય.’ પણ સવારે ૮ વાગ્યા સુધી કોઈ આવતું જ નહીં. સહુ પોતપોતાની સાનુકૂળતાએ સમય મળે તે પ્રમાણે આવતા. સભામાં કાકાજી, હર્ષદભાઈ દવે અને ત્રણ–ચાર હરિભક્તો તથા બે–ત્રણ બહેનો જ હાજર રહેતાં. એ સિવાય આખો સભાખંડ ખાલી રહેતો. હર્ષદભાઈ શાસ્ત્રીજી મહારાજ જે નિરૂપણ કરે તે અક્ષરશઃ લખી લેતા. શાસ્ત્રીજી મહારાજ કહેતા, ‘જેમ ગુણાતીતાનંદસ્વામીએ ૩જા પ્રકરણની વાતો એક–એક પ્રસંગ લઈને ભગતજી મહારાજ અને જાગાસ્વામીને નિર્દેશ કરીને કરેલી અને તે સ્વરૂપાનંદસ્વામી કે ગોપાળાનંદસ્વામી જેવા મહામુક્તો અને એકાંતિકો માટે જ પરબ્રહ્મનાં પરમ રહસ્યરૂપે ગુણાતીત જ્ઞાનને સમજવા માટે જ હતી તેમ અત્યારે અમે પણ એ જ દિવ્ય ભાવનાથી આ વાતો તમને સમજાવી રહ્યા છે. જેને આ સમજાશે તેને એકાંતિક ધર્મ સરળતાથી સિદ્ધ થઈ જશે.’

આમ કાકાજી અને હર્ષદભાઈ જેવા મહામુક્તોને ગુણાતીત જ્ઞાનનું રહસ્ય અને શુદ્ધ ઉપાસના અને અક્ષરપુરુષોત્તમના સ્વરૂપનું અનુભૂતિજ્ઞાન ઉદય કરાવવાની તીવ્ર ઝંખના માટે જ શાસ્ત્રીજી મહારાજ આ પારાયણમાં લાભ આપતા હોય એમ લાગતું હતું. પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજે સહુ મુક્તોને ખૂબ આશીર્વાદ આપ્યા. સદાય સેવામાં રત રહી અત્યંત છુપા રહેતા યોગીજી મહારાજે લગભગ ૫૦ ભક્તો માટે રસોઈ કરી સહુને ખૂબ જ પ્રેમથી જમાડ્યા.

કાકાજીના માતૃશ્રી દિવાળીબા પારાયણના થોડા દિવસો પછી અત્યંત બીમાર થઈ ગયાં ને બેભાન થઈ ગયાં. દાદુભાઈ એ સમયે ખાતરના contract માટે દિલ્હી ગયેલા. અહીં દિવાળીબાની તબિયત એકદમ ગંભીર થઈ ગઈ હતી અને જાણે ધામમાં જવાની જ ઘડીઓ ગણાઈ રહી હતી. આથી કાંતિભાઈએ દાદુભાઈને ફોન કરીને પાછા બોલાવવાનું નક્કી કર્યું. જરૂર પડે તો સવારે દિવાળીબાના અંતિમ સંસ્કારમાં હાજર રહેવા દાદુભાઈને રાતના પ્લેનમાં નીકળી આવી જવા કાંતિભાઈએ આગ્રહ કરી ફોન ઉપર જણાવ્યું. તેના જવાબમાં કાકાજીએ કહ્યું કે, ‘શાસ્ત્રીજી મહારાજે મને કહ્યું છે કે contractનો કાગળ લઈને જ મુંબઈ પાછા આવજો. તો શાસ્ત્રીજી મહારાજ મુંબઈમાં

જ છે તો એમને કહેજો કે આ કામ પતાવીને આવું પછી જ બાને ધામમાં લઈ જાય.' કાંતિભાઈએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું તો તેમણે કહ્યું, 'ભલે, કામ પતાવીને આવે. હમણાં બાને ધામમાં નહીં લઈ જઈએ.'

બીજે દિવસે દિલ્હીનું કામ પતાવી કાકાજી મુંબઈ આવી ગયા. આવીને શાસ્ત્રીજી મહારાજને મળીને જણાવ્યું કે, 'હું હવે આવી ગયો છું. તો દિવાળીબાને ધામમાં લઈ જશો તો વાંધો નથી. બધી ક્રિયા હાજર રહીને કરીશું.' ત્યારે સ્વામીજીએ હસતાં હસતાં પૂછ્યું, 'તારી શું ઈચ્છા છે?' દાદુભાઈએ કહ્યું, 'લઈ જાઓ તો પણ વાંધો નહીં ને રાખો તો ગઢડાનું મંદિર પૂરું થાય ને પ્રતિષ્ઠા થાય તે દર્શન કરીને જાય તો ઠીક. પણ ત્યાં સુધી તેમની તબિયત સારી રહે. આપે પિતાજીને (ડૉ. નાથાભાઈ) કરમસદમાં કહેલું કે તમારી બે આંખો ચાલી જવાથી હવે તમારે રહેવું નથી તો ભલે. તમારે ઘરેથી (પત્ની–દિવાળીબા) છે તેમને રાખીશું.' અને તે રીતે શાસ્ત્રીજી મહારાજે કોલ પૂરો કર્યો અને દિવાળીબાને બીજા ૧૫ વર્ષનું આયુષ્ય આપ્યું. આ પ્રસંગ પછી દિવાળીબા કદી બીમાર પડ્યાં નહીં. ઉંમર વધતાં ઘ્રોડા વધે તે પણ બંધ થઈ ગયા અને શાંતિથી સત્સંગ કરવા લાગ્યાં. શાસ્ત્રીજી મહારાજે તેમનો જાણે નવો જ કાયાપલટો કર્યો હોય એમ તેમણે ૧૫ વર્ષ સત્સંગનું પૂરેપૂરી રીતે સુખ લીધું.

યોગીબાપા જ્યારે જ્યારે મુંબઈ પધારતા ત્યારે તેમનો ઉતારો સૂર્યનારાયણની વાડીની નજીક જ બીજી પાંજરાપોળ ગલીમાં આવેલી કપોળવાડીમાં રહેતો. તેઓ અવારનવાર સૂર્યનારાયણની વાડીએ જઈ શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીની જગ્યાઓએ જઈ સહુ ભક્તોને તેમની સ્મૃતિ કરાવતા અને ત્યાં કચરો હોય તો પણ પોતે દંડવત કરતા અને સહુને કરાવતા અને એ વાડીનો પરમતીર્થ તરીકે મહિમા સમજાવતા.

❀ ❀ ❀

## ૦૯. પહેલો contract મળ્યો...

ઈ.સ. ૧૯૪૭ના મુંબઈમાં પારાયણ પછી કાકાજી ખાતરના contract માટે દિલ્હી ગયેલા. જતાં પહેલાં શાસ્ત્રીજી મહારાજે એમને આશીર્વાદ આપતાં આગ્રહપૂર્વક કહેલું કે, 'દિલ્હી જાવ છો તો કામ પતાવીને આવજો, તમારી ફતેહ છે.' કાકાજી નાગપુરથી રાતના પ્લેનમાં દિલ્હી જઈ રહ્યા હતા. એ જ પ્લેનમાં કાકાજીના શેઠ શ્રી રતિલાલ નાણાવટી પણ એ જ contract મેળવવા દિલ્હી જઈ રહ્યા હતા. આમ પ્લેનમાં બન્ને સાથે થઈ ગયા. કાકાજીને જોતાંવેંત શેઠ કહે, 'પટેલ, ક્યાં જાઓ છો?' કાકાજી કહે, 'નસીબ અજમાવવા.' શેઠને ખબર ન હતી કે જે contract મેળવવા તેઓ જઈ રહ્યા છે એ contract ગુરુકૃપાથી કાકાજીને મળવાનો હતો. કાકાજી દિલ્હીની

Central Hotel માં ઊતર્યા હતા અને એમના શેઠ Ashoka Hotelમાં ઊતર્યા હતા.

બીજે દિવસે ભારત સરકારના Industry Departmentમાં બન્ને ભેગા થઈ ગયા. એ કરોડપતિ શેઠને ખબર પડી કે Industry Departmentના Deputy Secretary Shri. K. Rao એ માથે રહીને એમની સામે કાકાજીને contract આપ્યો છે ત્યારે એમણે ગુસ્સે થઈ ખૂબ ધમાલ કરી અને Ministerને કાકાજીના વિરોધમાં ઘણું ઘણું કહ્યું કે આને તમે ૩ કરોડનો contract આપો છો? આ તમારો માલ નહીં આપી શકે. આને ધંધાનો કોઈ અનુભવ નથી. આ તો મારો પગારદાર secretary છે. એ મારી સામે કેવી રીતે કામ કરી શકશે? આ સાંભળી K. Rao પણ નાણાવટી જોડે ઝઘડી પડ્યો. નાણાવટી શેઠે એનું અપમાન કરી નાખ્યું. તેથી પોતાનું સ્વમાન ઘવાતાં તેણે શેઠને કહ્યું, તું સરકારના secretary departmentમાં શું સમજે? આમ જાણે શાસ્ત્રીજી મહારાજનો એનામાં પ્રવેશ થઈ ગયો અને contractના ૧૦% (અર્થાત રૂા. ૩ લાખ) Deposit મૂકવાની હતી એને બદલે ફક્ત ૨૫ હજાર રૂપિયાની guaranteeમાં કામ પતી ગયું. આ બધું શાસ્ત્રીજી મહારાજે જેમ કહ્યું હતું એ પ્રમાણે જ શબ્દશઃ બન્યું. શાસ્ત્રીજી મહારાજે કહેલું, 'તું આવે ત્યારે ચીઠ્ઠી લઈને જ આવજે નહીં તો નાણાવટી contract ફેરવી નાખશે.' કાકાજી ચીઠ્ઠી લઈને આવ્યા પછી જ contract confirm થયો. શાસ્ત્રીજી મહારાજ બહુ જ દૂરંદેશી (forecasting) સ્વરૂપ હતા. તેઓ અગાઉથી બધું જ કહી દેતા. સરકારી ઑફિસમાં કાકાજીને શાસ્ત્રીજી મહારાજનો ફેંટાવાળો ફોટો અગાઉથી જ દેખાય, જેમ TVમાં દેખાય એમ, અને જેવી એ પ્રેરણા કરે એ પ્રમાણે જ Mr. Rao બોલે ને જે કહેવાનું હોય એ પણ એમને પ્રેરણા કરે. આવી રીતે કાકાજીને શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી પહેલો contract મળ્યો ને એમના rate approve થઈ ગયા. કાકાજીને તો શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ હતા અને ગુરુકૃપાથી જ આ contract એમને મળ્યો હતો. તેથી એમના શેઠનું કંઈ ચાલ્યું નહીં અને આખરે તેઓ કાકાજી પાસે નમી પડ્યા ને કાકાજીને કહ્યું, 'પટેલ, તું વાણિયાગીરી શીખ' અને પોતે સામેથી ધંધાની રીતરસમ સમજાવવા તૈયાર થયા.

કાકાજીને contract મળ્યો એની સાથે નાણાવટી શેઠને પણ contractના ત્રીજા ભાગ જેટલું કામ મળ્યું હતું. તેથી તેમને પોતાને પણ ધંધામાં નુકસાન ન જાય માટે કાકાજીને તેમની રીતે ભાવતાલ ને કરામત શીખવાડી અને વધારે નફો થાય એવી યોજના બતાવી. આથી કાકાજીને ઘણો મોટો ફાયદો થયો.

અત્યંત વિરોધ ને વિઘ્ન નાખનાર બીજે જ દિવસથી મિત્ર બની કામ કરે એ સ્વામીની પ્રેરણા વગર અશક્ય ને અસંભવિત જ ગણાય. શાસ્ત્રીજી મહારાજ આ રીતે કાકાજીને તેમનાં વ્યાવહારિક કામોમાં ને આધ્યાત્મિક રીતે પણ પોતાના સ્વરૂપના

સર્વોપરીપણાનો દૃઢ અનુભવ કરાવી રહ્યા હતા. નાના–મોટા તમામ ક્રિયાયોગોમાં તેમને સર્વોપરી સમજી માહાત્મ્યેસહિત નિશ્ચય દૃઢ કરવો એ જ સમજણ તેઓ આપી રહ્યા હતા, પ્રકાશ પાડી રહ્યા હતા. એમણે જે કાંઈ સૂચન કરેલું એનું હાર્દ ત્યારે તો સમજાતું ન હતું પણ પાછળથી આશ્ચર્યકારક ઘટના બનતાં તેની સમજ પડતી અને કામ થાય ત્યારે સંતોષ થતો. આવા મન–બુદ્ધિથી પરના પ્રસંગો યોજી તેઓ સ્વરૂપજ્ઞાનની દૃઢતા કરાવતા.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહેલ શબ્દો **योगक्षेम वहाम्यहम्** જાણે પળેપળે શાસ્ત્રીજી મહારાજ દ્વારા કાકાજી પોતાના જીવનમાં સાકાર થતાં અનુભવી રહ્યા હતા. ઉપરોક્ત પ્રસંગ પરથી શાસ્ત્રીજી મહારાજ અને કાકાજી વચ્ચેના અદ્ભુત સંબંધનું પણ કેવું દર્શન થઈ રહ્યું છે!

❀ ❀ ❀

## ૧૦. કાંતિભાઈને ભાગીદાર બનાવ્યા...

ઈ.સ. ૧૯૪૮માં કાકાજીની Agri Orient Company ધમધોકાર ચાલતી હતી. રાસાયણિક ખાતરના ધંધામાં કાકાજી એક પછી એક ઊંચાઈ સર કરી રહ્યા હતા. તે સમયે કાંતિકાકાને રંગના ધંધામાં ખૂબ મોટી ખોટ આવી હતી. તેથી સોનાબાએ શાસ્ત્રીજી મહારાજને મનોમન પ્રાર્થના કરી કે, 'આ કાંતિ એકલો પડી જાય છે. એને જો કોઈ હોશિયાર ભાઈ હોય તો એને સહારો મળે.' સોનાબા તો શાસ્ત્રીજી મહારાજનાં સંપૂર્ણ સમર્પિત અને અનન્ય ભક્ત હતાં. શાસ્ત્રીજી મહારાજે અંતર્યામીપણે જ જાણે એમની પ્રાર્થના સાંભળી અને કાકાજીને કહ્યું, 'તું કાંતિને તારી કંપનીમાં ભાગીદાર બનાવ.' કાકાજી કહે, 'બાપા, અમારી કંપનીની managing agencyનું agreement થઈ ગયું છે. તેથી કાયદેસર રીતે કાંતિભાઈને ભાગીદાર બનાવી શકાય નહીં.' શાસ્ત્રીજી મહારાજ કહે, 'તું મને શું માને છે?' કાકાજી કહે, 'તમે તો મારા પ્રભુ છો, મારું સર્વસ્વ છો.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'એ બધું જવા દે ને, તું મને શેઠ માને છે ને? કંપનીનું agreement થયું હોય તો પણ શું? હું તને આજ્ઞા કરું છું, તું કાંતિને ભાગીદાર બનાવ.' વળી શાસ્ત્રીજી મહારાજ કહે, 'કેટલો માલ આવ્યો?' કાકાજી કહે, '૩0 હજાર ટન.' શાસ્ત્રીજી મહારાજ કહે, 'એના કેટલા પૈસા મળે?' કાકાજીએ રકમ કહી. તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'ત્રીજા ભાગના પૈસા કાંતિને આપી દેવાના.' તે વખતે તેમના અન્ય ભાગીદારો તરફથી પણ વિરોધ થયો હશે કે ઘણાએ એ બાબત કાકાજી પાસે ખુલાસો માગ્યો હશે પણ તે કશું જ ન ગણતાં બધી જ લૌકિક ગણતરીઓ બંધ કરીને એક શાસ્ત્રીજી મહારાજના વચનને જ શિરોમાન્ય રાખી કાકાજીએ

કાંતિભાઈને પોતાની કંપનીમાં ભાગીદાર બનાવ્યા. શાસ્ત્રીજી મહારાજ ખૂબ રાજી થયા અને કહ્યું, 'આવી સરળતાથી કટ વળી જવું. મોટાપુરુષ બે વખત કહે ત્યારે તો કટ વળી જવું. પ્રારબ્ધના થર કાઢી નાંખે.'

આ પ્રસંગ પરથી કાકાજીની સરળતા જ નહીં પણ અપ્રતિમ શૂરવીરતાનાં પણ અદ્ભુત દર્શન થાય છે. લૌકિક રીતે જોવા જઈએ તો જે વ્યક્તિને ખૂબ મોટું નુકસાન થયું હોય તેને પોતાના ધંધામાં ભાગીદાર બનાવવાનું જોખમ કોણ લે? પરંતુ શાસ્ત્રીજી મહારાજની ભવિષ્યની એક અનુપમ આધ્યાત્મિક યોજનાના આ રીતે શ્રીગણેશ થઈ રહ્યા હતા એનો ત્યારે તો કોને ખ્યાલ હોય! પરંતુ શાસ્ત્રીજી મહારાજનું સામર્થ્ય અને કાંતિકાકાની ખાનદાનીનો કાકાજીને સંપૂર્ણ ભરોસો હતો અને તેથી જ તેમને પોતાના ધંધામાં ભાગીદાર બનાવવાનું અકલ્પ્ય સાહસ તેમણે ખેડ્યું. એ પછીના તારદેવના સત્સંગના સુવર્ણમય ઈતિહાસના આપણે સહુ સાક્ષી છીએ.

## ૧૧. તું હા પાડ... મા'રે તારા જ પૈસા જોઈએ છે...

શાસ્ત્રીજી મહારાજે કાકાજી પાસે ઈ.સ. ૧૯૫૦માં ગઢપુર મંદિર માટે રૂા. ૫૧,૦૦૦/–ની સેવા લીધી એના પંદર દિવસ પછી જ અમદાવાદ આંબલીપોળમાં કાકાજીને બોલાવીને શાસ્ત્રીજી મહારાજે આચાર્ય રાધારમણ મહારાજને એમનો કેસ લડવા માટે રૂા. ૧૫,૦૦૦/–ની સેવા આપવા માંગણી કરી. આ પહેલાં ગઢપુર મંદિરની સેવા લેતી વખતે શાસ્ત્રીજી મહારાજે કાકાજીને કહ્યું હતું કે આ હવે છેલ્લી સેવા છે. આના પછી હું તારી પાસે કોઈ સેવા નહીં લઉં. પરંતુ એ પછી થોડા દિવસમાં જ આચાર્ય રાધારમણ મહારાજને એમનો કેસ લડવા માટે શાસ્ત્રીજી મહારાજે મદદ કરવાનું નક્કી કર્યું અને કુલ રૂા. ૧૫,૦૦૦/–માંથી ૭૫૦૦/– રૂા.ની સેવા કાકાજીએ અને બાકીના ૭૫૦૦/– રૂા. છગનભાઈએ કરવી એમ કહ્યું હતું. મોટેરા હરિભક્તોની હાજરીમાં આ વાત નક્કી થઈ હતી. કાકાજી તો ગુરુવચનને અદ્ધર ઝીલનારા તેથી ૭૫૦૦/– રૂા.માંથી રૂા. ૩૦૦૦નો ચેક લઈને અમદાવાદ ગયા હતા. કાકાજી શાસ્ત્રીજી મહારાજને મળ્યા એટલે તરત જ શાસ્ત્રીજી મહારાજે પૂરા ૧૫,૦૦૦/– રૂા.ની સેવાની માંગણી કરી. કાકાજી કહે, 'અડધા છગનભાઈએ આપવાના છે.' તો સ્વામી કહે, 'હું એને ન ઓળખું. હવે તું જ આપી દેને ભાઈ.' એ વખતે ચંપકભાઈ શેઠ અને ખેંગારજીભાઈ ચૌહાણ ત્યાં હાજર હતા. સ્વામીજીની તબિયત ઠીક ન હતી તેથી તેઓ સૂઈ રહેલા. થોડી વાર પછી ઊઠીને એમણે કાકાજીનું કાંડું પકડ્યું ને કહે, 'હા પાડ.' કાકાજીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે, 'હું આપને માટે હા કહું પણ આચાર્ય રાધારમણ

મહારાજ માટે કેવી રીતે હા કહું? તમે જ ના પાડી હતી ને કહ્યું હતું કે હવે અમે સેવા નહીં લઈએ.' શાસ્ત્રીજી મહારાજ કહે, 'તું હા પાડને. મારે તારા જ પૈસા જોઈએ છે.' પછી કહે, 'હું તને વડતાલથી આના કરતાં ૧૦ ગણા પૈસા લાવી આપીશ, પણ હમણાં તું હા પાડ.' કાકાજી કહે, 'સારું–સારું.' આમ કહી કાકાજીએ પૈસા આપવાની હા પાડી.

સ્વામી કહે, 'મારી તબિયત સારી નથી ને આટલું બધું કાંડું પકડાવી રાખવાનું? આટલો બધો સમય લેવાનો? તારે હા પાડી દેવી જોઈએ ને?' પછી જ્યાં સુધી કાકાજીએ હા ન પાડી ત્યાં સુધી સ્વામીએ કાંડું છોડ્યું જ નહીં. સ્વામી કહે, 'ચંપકભાઈ, આના પૈસા હમણાં ને હમણાં લઈ લો. આ પટેલ લોકો ફરી જાય.' ત્યારે કાકાજીએ રમૂજમાં સ્વામીને કહ્યું, 'તમે પણ પટેલ જ છોને?' ત્યારે સ્વામી કહે, 'ના, અમે તો બ્રહ્મસ્વરૂપ. અમને નાત–જાત કાંઈ નહીં. અમારી તો ગુણાતીત નાત.' કાકાજી રૂા. ૩૦૦૦/–નો ચેક લઈને ગયેલા. શાસ્ત્રીજી મહારાજ કહે, 'હમણાં ને હમણાં બીજા પૈસા લઈ આવ.' કાકાજી કહે, 'હમણાં જ?' શાસ્ત્રીજી મહારાજ કહે, 'ચેકબુક તો લાવ્યો છેને?' કાકાજી કહે, 'હા.' તો સ્વામી કહે, 'પૂરેપૂરા લખી નાખ. કાલે મુંબઈ જઈને ભરી દેવાય. પટેલ લોકો બોલે ને ફરી જાય.' એમ કહી કાકાજીને ત્રણ વખત ઊભા કરીને બધાની હાજરીમાં હા બોલાવી. એટલે સ્વામીજી કહે, 'હવે હા બોલ્યો છે ને તો આપી દે હમણાં ને હમણાં પૂરા ૧૫,૦૦૦/–.' કાકાજીએ તરત જ રૂા. ૧૫,૦૦૦/–નો ચેક લખી આપ્યો. શાસ્ત્રીજી મહારાજ રાજી થઈ ગયા અને કાકાજીની છાતી પર હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા કે, '**જાવ, તમારે પૈસાની તકલીફ બિલકુલ નહીં પડે. લક્ષ્મીના તો ઢગલા થશે ને ઘણાં સત્કર્મો મહારાજ તમારી પાસે કરાવશે. અમારા અંતરના આશીર્વાદ છે.**'

કાકાજી માનતા હતા કે આ બધું એમણે જ આપ્યું છે અને એ જ આપનાર છે. હું તો માત્ર નિમિત્ત છું. કાકાજીને સમજાતું ન હતું કે શાસ્ત્રીજી મહારાજ આચાર્ય રાધારમણ મહારાજ માટે શું કરવા સેવા અપાવે છે? કારણ એમને તો કંઈ શાસ્ત્રીજી મહારાજમાં અનન્યભાવ કે નિષ્ઠા ન હતી. તેમ છતાં પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું, મારે એમને આપવા જ છે તો શાસ્ત્રીજી મહારાજના ચરિત્રમાં બિલકુલ શંકા કર્યા વગર કાકાજીએ તત્કાળ સેવા આપી દીધી.

આમ શાસ્ત્રીજી મહારાજ કાકાજી પાસે અવારનવાર જરૂર પડે ત્યારે હક્કથી પૈસાની સેવા લેતા. કાકાજીને તેઓ પોતાના દીકરા સમાન માનતા અને કાકાજી પણ એમને પોતાના પ્રભુ જ માનતા. આ રીતે કેટલીય વખત શાસ્ત્રીજી મહારાજ કાકાજી પાસે અણધારી સેવાઓ પણ લઈ લેતા. શાસ્ત્રીજી મહારાજની આવી રીતિને કારણે મોટા ભાગના હરિભક્તો તો એમની પાસે જતાં જ ગભરાતા પરંતુ કાકાજી તો હોંશે હોંશે

શાસ્ત્રીજી મહારાજ પાસે જતા અને જે કાંઈપણ સેવા કહે તે કરવા તત્પર રહેતા. કાકાજીની જગ્યાએ બીજું કોઈ હોય તો જરૂર શાસ્ત્રીજી મહારાજમાં મનુષ્યભાવ આવે જ, પરંતુ કાકાજીની તો વાત જ નિરાળી હતી. **शासितुम् योग्य: इति शिष्य:** એ ઉક્તિ શાસ્ત્રીજી મહારાજ સાથેના તેમના સંબંધમાં પળેપળે તાદશ થતી હતી.

❃ ❃ ❃

## ૧૨. સનાતન રહસ્યનું દર્શન...

ઈ.સ. ૧૯૫૦ પછી કાકાજી ધંધાના વિકાસાર્થે પરદેશ ગયા હતા. જ્યારે તેઓ પાછા આવ્યા અને પોતાની Agri Orient Companyનો હિસાબ જોયો ત્યારે ખ્યાલ આવ્યો કે સાત લાખ રૂપિયાનો મેળ બેસતો ન હતો. ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ એ વખતે મુંબઈ નંદાસાહેબના બંગલે બિરાજમાન હતા. સાત લાખ રૂપિયાનો ગોટાળો જાણીને બીજાનું તો હૃદય જ બંધ થઈ જાય. કાકાજી ખૂબ જ ધીરજથી વિચાર કરતા હતા કે સાત લાખ રૂપિયા લાવવા ક્યાંથી? હિસાબનો મેળ બેસાડવો કેવી રીતે? એમની જગ્યાએ બીજો કોઈ હોત તો કંપનીના બીજા ભાગીદારોની સાથે ઝઘડો થઈ જાય. કાકાજીએ કોઈને કશુંય કહ્યું નહીં. હિસાબ પણ માંગ્યો નહીં. એક દિવસ સાંજના સમયે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવા ગયા. તેમને બધી વિગત જણાવી. સ્વામીજીએ આશીર્વાદ આપીને આનંદ કરાવી દીધો. સ્વામીને મળીને કાકાજી બહાર નીકળતા હતા ત્યારે તેમના મનમાં સાત લાખના ગોટાળાના વિચારો તો ચાલતા જ હતા.

એ જ સમયે યોગીબાપા એમની પાસે આવ્યા. કાકાજીના અંતરમાં થતી ગડમથલથી તેઓ અજાણ ન હતા. બંગલાની સામે જ આવેલ દરિયા પાસે તેઓ કાકાજીને લઈ ગયા. દરિયા સામે જોઈ બાપાએ કાકાજીને પૂછ્યું, 'સામે શું દેખાય છે?' કાકાજી કહે, 'બાપા, દરિયો દેખાય છે.' બાપાની દૃષ્ટિ કો'ક જુદી જ હતી. એમને એક સનાતન રહસ્ય આપવું હતું. બાપા કહે, 'દાદુભાઈ, શાસ્ત્રીજી મહારાજ નથી દેખાતા?'

બાપાને કાંઈ દરિયો દેખાડવો ન હતો. પણ કર્તાહર્તા એક શાસ્ત્રીજી મહારાજ જ છે. એટલું જ બાપા મનાવવા માંગતા હતા. બાપાનો પ્રશ્ન સાંભળતા જ કાકાજીના અંતરમાંથી બધા જ વિચારો એક ક્ષણમાં જ અદૃશ્ય થઈ ગયા. તેઓ બીજી જ પળે નિશ્ચિંત થઈ તદ્દન હલકાફૂલ થઈ ગયા. બાપાએ ધીમે રહીને પૂછ્યું, 'દાદુભાઈ, કેટલા પૈસા ભરવાના છે?' કાકાજી કહે, 'સાત લાખ.' બાપા કહે, 'કોનું ધાર્યું થાય છે? જાવ, શાસ્ત્રીજી મહારાજ અખંડ રક્ષામાં છે. બધું પતી જશે.'

વળી બાપા કહે, 'અક્ષરધામમાં જેવા મહારાજ છે એવા શાસ્ત્રીજી મહારાજ થકી આપણને પ્રાપ્ત થયા, એમની દૃષ્ટિ પડી, રાજીપો થયો, ચંદનથી ભેટ્યા, આશીર્વાદ

આપ્યા એ બધું યાદ કર્યા કરવું. બધું જ ગોઠવાઈ જશે. તમને એક નવી agency પણ મળશે. બધો ખાડો પૂરાઈ જશે પણ અંગત મુક્તોનો જરા પણ ભાવફેર કરવાનો નહીં.'

કાકાજીએ શાસ્ત્રીજી મહારાજ પાસે અત્યાર સુધી પોતે કરેલ અઢળક સેવા બદલ કોઈપણ પ્રકારનો હકદાવો, ધોખા–વાંધા ન કર્યા કે ભાગીદારોની ફરિયાદ પણ ન કરી. તે જોઈ યોગીજી મહારાજ ખૂબ જ રાજી થયા. આ કાકાજીની કેવી ખાનદાની, શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેની કેવી વફાદારી!

## ૧૩. પ્લેનમાં રક્ષા...

તા. ૧૫ એપ્રિલ ઈ.સ. ૧૯૫૧ને દિવસે યુરોપમાં બેલ્જિયમના બ્રસેલ્સ airportથી કાકાજી એમના Manufacturer Mr. Borgesના દીકરાનો જન્મદિવસ ઉજવવા પૅરિસ જઈ રહ્યા હતા. સાથે Mr. Borges અને બીજા ૧૧ મુસાફરો પણ હતા. પૅરિસની ગ્રાંડ (Grand) હૉટલમાં મોટી પાર્ટી રાખવામાં આવી હતી. સવારે ૯.૩૦ વાગે બ્રસેલ્સ airport પરથી ઊપડી ૧૦ વાગે એમને પૅરિસ ઊતરવાનું હતું. ત્યાં ૨–૩ જણને મળીને ૧ વાગે હૉટલમાં lunch લેવાનું હતું અને ૩ વાગ્યાના પ્લેનમાં પાછું મુંબઈ આવવાનું હતું. તે વખતે કાકાજી પાસે ફક્ત ૩ પાઉન્ડ જ હતા.

કાકાજી અને સાથે આવેલા સહુ પ્લેનમાં બેઠા. થોડી વારમાં પ્લેનની બન્ને પાંખના પંખા ચાલુ થયા પણ કોઈ movement થઈ નહીં. પ્લેન પણ ગતિમાં આવ્યું નહીં. ૧૦ મિનિટ થઈ ગઈ. ત્યાં કાકાજીને પ્રભુ પ્રેરણા થઈ. જાણે શાસ્ત્રીજી મહારાજ જ પ્રેરણા કરતાં હોય કે, 'આ પ્લેન સળગી જવાનું છે, માટે બહાર નીકળી જાવ, નીચે ઊતરી જાવ.' એવો ગેબી અવાજ અંદરથી આવવા લાગ્યો. વારંવાર આવા અવાજ સાથે કાકાજીને બેચેની પણ થવા લાગી. અચાનક ચક્કર આવવા માંડ્યા અને ઊલટી થવાનાં ચિહ્નો દેખાવા માંડ્યાં. Mr. Borges એરહૉસ્ટેસને બોલાવીને કહ્યું, 'આમને કંઈક થઈ રહ્યું હોય એવું લાગી રહ્યું છે. એમને બહાર કાઢો.' એરહૉસ્ટેસ આવીને હસતાં હસતાં કહે, 'પ્લેન હમણાં જ ચાલશે, કાંઈ ચિંતા ના કરો.' ત્યાં ફરી વાર કાકાજીને પ્રેરણા થઈ. એવો ગેબી અવાજ આવ્યો કે, 'બહાર નીકળી જાવ, બહાર નીકળી જાવ...' જેમ બાળક જન્મે ત્યારે નાભિ જોડે એક link હોય છે એ જાતની ભૂમિકામાં જેમ ટેલિવીઝન પર આપણે જોઈ શકીએ છીએ એવાં waves, એવો પ્રકાશ દેખાયો અને અવાજ સંભળાયા કરે કે, 'બહાર નીકળી જા... બહાર નીકળી જા...' ઘણી વાર થઈ છતાં પ્લેન ન ચાલ્યું. એટલે એરહૉસ્ટેસે staircase મંગાવી પ્લેનનો દરવાજો ખોલ્યો. કાકાજી એ પ્લેનમાંથી નીચે ઊતર્યા અને પોતાના

ખિસ્સામાંથી શાસ્ત્રીજી મહારાજનો ફોટો કાઢીને એરહૉસ્ટેસને બતાવ્યો કે, 'જુઓ, આ મારા ગુરુએ મને પ્રેરણા કરી છે કે તું નીચે ઊતરી જા.'

ત્યાં એક engineer પ્લેન પાસે આવ્યો. તેણે પ્લેન તપાસીને કહ્યું, આ એક બાજુની પાંખ ગરમ થઈ ગઈ છે. ક્યાંક લીકેજ છે. કદાચ બીજી બાજુની પાંખમાં પણ પેટ્રોલ પ્રસરી જશે. હવે અમારા હાથની વાત નથી રહી. માટે તમે બધાં જ નીચે ઊતરી જાઓ. બધાં ઊતરવા માટે આનાકાની કરતાં હતાં. છતાં engineerના કહેવાથી બધા ન છૂટકે ઊતરી ગયાં અને ૧૦ જ મિનિટમાં આખુંય પ્લેન ધડાકા સાથે બળી ગયું. આ જોઈ બધા હેબતાઈ ગયા અને પોતાની રક્ષા થઈ તેથી આનંદિત થઈ કાકાજીને ધન્યવાદ આપ્યા. આમ આ પ્રસંગે સ્વામીજીએ કાકાજીની અદ્‌ભુત રક્ષા કરી. એરહૉસ્ટેસે પણ પોતાની વીંટી વેંચીને કાકાજી અને બીજા બે જણાને special પ્લેન કરી આપી પૅરિસ મોકલાવ્યા. એ પછી એરહૉસ્ટેસનો પત્ર પણ કાકાજી ઉપર આવ્યો હતો. કાકાજી ફરી વાર ત્યાં ગયા અને એને પૈસા આપવા મંડ્યા પણ એણે લીધા નહીં. પ્લેનમાં સાથે બેસેલા બીજા ૧૦ જણા પણ સારંગપુર આવી ગયા અને મંદિરનાં દર્શન કરી શાસ્ત્રીજી મહારાજનો ફોટો પણ લઈ ગયા.

કાકાજીને શાસ્ત્રીજી મહારાજ સાથે એવો આત્મીયતાનો સંબંધ હતો, એક બાપ–દીકરાનો સંબંધ હતો. તો મા જેમ બાળકની રક્ષા કરે છે એમ શાસ્ત્રીજી મહારાજે મહાકાળથી કાકાજીની રક્ષા કરી ને વ્યાપકરૂપે, બ્રહ્મસ્વરૂપે સર્વત્ર તેમની હાજરી હોય છે જ તેની પ્રતીતિ કરાવી દીધી.

❀ ❀ ❀

## ૧૪. ગુરુવચનમાં અપ્રતિમ વિશ્વાસ...

ઈ.સ. ૧૯૫૨ની લોકસભાની ચૂંટણીમાં ગુલઝારીલાલ નંદાજીને કૉંગ્રેસ પાર્ટીએ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાંથી ટિકિટ આપી હતી. ત્યાંના મહારાજા હિંમતસિંહજી નંદાજીની સામે ચૂંટણીમાં ઊભા હતા. યોગીજી મહારાજે કાકાજીને એ ચૂંટણીમાં નંદાજીને મદદ કરવા મોકલ્યા હતા. યોગીબાપાએ નંદાજીને કાગળ લખીને આશીર્વાદ આપ્યા હતા કે, 'વચ.ગ.પ્ર. ૭૦ મુજબ જેના પક્ષમાં સંતમંડળ છે એનો જ વિજય થશે. તમારા પક્ષમાં શાસ્ત્રીજી મહારાજ છે.' પરંતુ નંદાજીને યોગીબાપાના શબ્દોમાં એટલો વિશ્વાસ ન હોવાથી તેઓ બાયડ ગામના અગ્નિહોત્રી કે જેઓ જ્યોતિષ જાણતા હતા તેમને ચૂંટણીના પરિણામ વિશે પૂછવા ગયેલા. નંદાજીએ કાકાજીને કહ્યું કે, 'એ રાજા અને એની છોકરી ચૂંટણી જીતવા માટે સહસ્ત્રચંડી યજ્ઞ કરાવે છે. તો દાદુભાઈ, આપણું શું થશે?' કાકાજી કહે, 'એ ચંડી ફંડીની ઐસી કી તૈસી.

આપણે તો નિષ્ઠાવાળા. કોઈને પણ નમીએ નહીં અને નમશું પણ નહીં. તમે યોગીબાપાના શબ્દો પર વિશ્વાસ રાખજો.' પરંતુ નંદાજીને વિશ્વાસ બેઠો નહીં. તેથી કાકાજીએ એ વાત યોગીબાપાને જણાવી. બાપાએ ફરી એક પોસ્ટકાર્ડ નંદાજીને લખ્યો અને એમાં એ જ વાત લખી કે, 'વચ.ગ.પ્ર. ૭૦ મુજબ જેના પક્ષમાં સંતમંડળ છે એનો જ વિજય છે.' વળી લખ્યું કે, 'આ વચનામૃત બે વખત વાંચજો.' આ આશીર્વાદ પત્ર કાકાજી સહુને બતાવીને કહેતા કે, 'યોગીબાપાના આશીર્વાદ ક્યારેય નિષ્ફળ ન થાય. નંદાજી જ જીતી જશે.'

ચૂંટણીની તૈયારી જોરમાં ચાલી રહી હતી. કાકાજી અને એમનું ચૂંટણી ગ્રુપ રાત–દિવસ અથાગ મહેનત કરી રહ્યા હતા. મહારાજા અને એમની છોકરી કાકાજીનો આ પરિશ્રમ જોઈ દંગ રહી ગયા. એમને લાગ્યું કે, 'આ પટેલ જ્યાં સુધી નંદાજી સાથે છે ત્યાં સુધી ચૂંટણી જીતવી મુશ્કેલ થઈ પડશે.' એટલે પેલી ચાલાક છોકરીએ કાકાજીને વચ્ચેથી દૂર કરવા એમને ઝેર આપવાનું નક્કી કર્યું. એક દિવસ એ મહારાજાની છોકરીએ કાકાજીને પોતાને ત્યાં એકલા મળવા બોલાવ્યા. કાકાજી એને ત્યાં એકલા જ ગયા. એણે કાકાજીને અંદર રૂમમાં બોલાવ્યા. કાકાજી કહે, 'તમે અહીં બહાર જ વાત કરો.' તેથી તેઓ બન્ને બહાર બેઠા. એ છોકરીએ કાકાજી માટે દૂધ અને નાસ્તો મંગાવ્યો. અગાઉથી નક્કી કર્યા મુજબ દૂધમાં ઝેર નાખેલું હતું. દૂધ પીળાશ પડતું હતું. એ દૂધ ગાયનું છે એમ કહી આપ્યું હતું. કાકાજીએ એનો પ્રેમથી સ્વીકાર કર્યો પણ જરા પણ પીધું નહીં. પોતાની મેલી રમત ઊંધી પડી તેથી એ છોકરીએ કાકાજીને બીજી વાત પર વાળી દીધા અને કહે, 'અમે તો જીત માટે સહસ્ત્રચંડી યજ્ઞ કરાવ્યો છે.' તો કાકાજી કહે, 'તમારી સહસ્ત્રચંડી અહીં ઊડી જશે અને નંદાજી જ જીતી જશે.' ત્યારે તે કહે, 'અમારા ૫૫% vote નિશ્ચિત છે.' તો કાકાજી કહે, 'અમારા પણ ૫૫% vote નિશ્ચિત છે.'

૧૫મી જાન્યુઆરી ૧૯૫૨ની સાંજથી ચૂંટણીમાં અપાયેલા મતોની ગણતરી શરૂ થઈ. શરૂઆતમાં મહારાજા ૧૫ હજાર મતોથી આગળ હતા. આ સમાચાર મળતા જ નંદાજી દુઃખી હૃદયે અમદાવાદ જવા નીકળી ગયા. મહારાજા તો પોતાની આટલી સરસાઈ જોઈ ખૂબ ખુશ થયા. એમણે તો બે મણ પેંડાનો ઑર્ડર પણ આપી દીધો. અત્યાર સુધી ૮૫,૦૦૦ મતોની ગણત્રી થઈ હતી. પરંતુ કાકાજીને ખ્યાલ હતો કે દોઢ લાખથી વધારે મતોનું voting થયું છે. મહારાજાએ પોલીંગ બુથમાં બધા જ એજન્ટોને સાધી લીધા હતા એટલે કાકાજી અને એમના સાથીદારો આખી રાત જાગ્યા અને ભજન–પ્રાર્થના કરી.

વળતી સવારે સમાચાર આવ્યા કે, 'ચૂંટણીમાં નંદાજી ૨૨,૩૭૪ મતોથી જીતી ગયા છે.' બધું મળીને ૨,૦૧,૪૬૮ મતોનું voting થયું હતું. નંદાજીને એમાં ૫૨.૬૪%

મતો મળ્યા હતા અને મહારાજાને ૪૧.૫૩% મતો મળ્યા હતા અને સમાજવાદી પાર્ટીના સુરેશ દેસાઈને ૫.૮૩% મત મળ્યા હતા.

નંદાજીના આ વિજય પછી તેઓને કેન્દ્રીય સરકારમાં પ્રધાન બનાવવામાં આવ્યા હતા અને શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ કે તમે દિલ્હીની ગાદી પર બેસશો એ સાકાર થયા હતા. સમય જતા તેઓ બે વખત ભારતના કાર્યકારી વડાપ્રધાન પણ બન્યા હતા. પહેલી વખત શ્રી જવાહરલાલ નહેરુના અવસાન પછી ૨૭મી મે ૧૯૬૪ થી ૯ જૂન ૧૯૬૪ અને બીજી વાર શ્રી લાલબહાદુર શાસ્ત્રીના અવસાન પછી ૧૧ જાન્યુઆરી ૧૯૬૬ થી ૨૪ જાન્યુઆરી ૧૯૬૬ સુધી. આમ શાસ્ત્રીજી મહારાજે નંદાજીને આપેલા આશીર્વાદ ફળ્યા હતા.

શાસ્ત્રીજી મહારાજે કાકાજીને નંદાજીનું ધ્યાન રાખવા ખાસ ભલામણ કરી હતી. અને તેથી જ યોગીબાપાના વચને પોતાનો ધીકતો ધંધો બાજુ પર મૂકી પોતાનાં વાહનો, પૈસા અને કાર્યકરોને લઈને સાબરકાંઠા જેવા અંતરિયાળ વિસ્તારમાં લાંબો સમય સુધી કાકાજી રોકાયા અને અત્યંત વિકટ સંજોગોમાં નંદાજીને ચૂંટણી જીતાડી દીધી. નંદાજી ચૂંટણી જીત્યા અને કાકાજી યોગીબાપાનું દિલ જીતી ગયા. જેનાં પરિણામે ચૂંટણી પછી કાકાજી યોગીબાપાનાં દર્શને ગયા તો બાપાનાં અંતરમાંથી ઉદ્‌ગારો નીકળી ગયા, ‘આવો દાદુભાઈ, તમે ઈડરિયો ગઢ જીતી આવ્યા!’

❀ ❀ ❀

## ૧૫. સાક્ષાત્કારે સહજાનંદને પામી આવ્યા...

અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા શાસ્ત્રીજી મહારાજે ગગનચુંબી મંદિરો બનાવ્યાં. યોગીજી મહારાજ ચૈતન્ય મંદિરો બનાવવાનું કાર્ય લઈ મંડ્યા. એમાં એમને એવા કોઈ શૂરવીર નરબંકાની જરૂર હતી જેને જગતની તો પડી ન હોય પણ પોતાના ‘સ્વ’ની પણ પડી ન હોય. એમની નજર દાદુભાઈ ઉપર ઠરી. ચૂંટણીનું નિમિત્ત કાઢીને એમણે પસંદગીનો કળશ કાકાજી પર ઢોળી દીધો. અને ૧૯૫૨ની ૩જી ફેબ્રુઆરીએ એમને સાક્ષાત્કાર કરાવ્યો.

યોગીજી મહારાજ કાકાજીને ૨૮મી જાન્યુઆરીએ અટલાદરા લઈ ગયા. ત્યાં બાપાએ પ્રથમ એમને પ્રસાદીની બદામ આપીને કહ્યું, ‘લો દાદુભાઈ, આ બધી બદામ ખાઈ જજો.’ કાકાજીને પહેલેથી સંઘભાવના ગમતી, પોતાને એકલું કોઈ સુખ ગમે નહીં. એટલે એમણે સોનાબા અને કાશીબાને બદામનો પ્રસાદ આપ્યો. યોગીબાપાએ કાકાજીને પૂછ્યું, ‘પ્રસાદ ખાઈ ગયા?’ કાકાજી કહે, ‘હા, બાપા.’ યોગીબાપા કહે, ‘બધી બદામ ખાઈ ગયા?’ કાકાજી કહે, ‘થોડીક બહેનોને આપી.’ બાપા કહે,

'કેમ આપી? હમણાં આપણે આપણું કરી લો.' એમ કહી ફરી વાર બીજી પ્રસાદીની બદામ ઠાકોરજી પાસે સંકલ્પ કરીને આપી. છતાં કાકાજીએ એમાંથી થોડીક એ બહેનોને આપી. કાકાજીની એવી ભાવના કે મને મળે તે આ સહુને મળો, મારા સાથીદારોને મળો. યોગીબાપાએ આ વાત જાણી એટલે છેવટે ત્રીજી વાર બદામ આપીને કહ્યું, 'મારી આજ્ઞા છે, આટલી તમે એકલા જ ખાઈ જાઓ.' ચેતનાને તૈયાર કરવા માટે પ્રાણ જ્યારે દેહથી છૂટો પડે છે પછી પ્રભુ એને બ્રહ્મસંજ્ઞા આપે છે. એ અવસ્થામાં લઈ જવાની આ પૂર્વભૂમિકા હતી.

ત્યાર પછી યોગીબાપા કાકાજીને ગોંડલ લઈ ગયા. ત્યાં એક દિવસનો ઉપવાસ કરાવ્યો અને અક્ષરદેરીમાં ૫૦૦ પ્રદક્ષિણા કરાવી. ઈ.સ. ૧૯૫૨ની ફેબ્રુઆરીની ૩જી તારીખે સંવત ૨૦૦૮ના મહા સુદ આઠમે રવિવારે રાતે આરતી પછી ગોંડલ અક્ષર મંદિરે ઉપર ઘનશ્યામ મહારાજની મૂર્તિ સામે કાકાજીને ઊભા રાખીને યોગીબાપાએ જાણે ઘનશ્યામ મહારાજને આજીજી કરતા હોય, વિનંતી કરતા હોય એમ પ્રાર્થના કરી, 'હે ઘનશ્યામ મહારાજ! દાદુભાઈએ શાસ્ત્રીજી મહારાજને રાજી કરી લીધા. અમારું વચન અધ્ધર ઝીલ્યું. માટે એમને અક્ષરધામની સમાધિ કરાવો. અક્ષરધામનાં હૂબહૂ દર્શન કરાવો, દર્શન આપો, દર્શન આપો.'

એ વખતે ત્યાં છગનભાઈ, હકા ખાચર, નારણભાઈ શેઠ, ગીધુભાઈ શેઠ, યોગીબાપાના મોટા ભાઈ ક્મળશીભાઈ, નિર્મળસ્વામી, નિરન્નમુક્તસ્વામી વિગેરે હરિભક્તો અને સંતો હાજર હતા.

યોગીબાપા ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરતા હતા. એ સમયે કાકાજી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સામે જોઈ રહ્યા હતા. ત્યાં એમને લક્ષ્ય થઈ ગયો. ઘનશ્યામ મહારાજની મૂર્તિમાંથી નાયગરાના ધોધની માફક ચૈતન્યનો અસ્ખલિત અને અમાપ પ્રકાશ વહેતો થઈ કાકાજીની ચેતનામાં દાખલ થયો. એમના પ્રાણને છૂટો પાડી દેતી હોય, એમના તત્ત્વોને છૂટા પાડી દેતી હોય એમ હૃદયાકાશની અંદર ઊંડે ઊંડે એક ચૈતન્યનો સંચાર શરૂ થયો. તે વખતે કાકાજીએ એક મોટી ચીસ પાડી. એમનો પ્રાણ છૂટો પડી જતો હોય એમ એમનું શરીર કાષ્ઠવત્ થઈ ગયું. આંખોની પાપણ પલકે નહીં, કીકી હલે નહીં અને શ્વાસ બંધ થઈ ગયો હોય એવું લાગ્યું.

કાકાજીની આવી સ્થિતિ જોઈ ત્યાં હાજર રહેલા સહુ સ્તબ્ધ થઈ ગયા. એટલે યોગીજી મહારાજે સહુને કહ્યું, 'આ દાદુભાઈને તો સાક્ષાત્ સ્વામિશ્રીજીનાં દર્શન થાય છે. એમને મહારાજ અને સ્વામી હમણાં આવવા નહીં દે. તેથી એમને સુવાડી દો.' આ સાંભળી ચુનીભગત ઉતાવળા જઈને રજાઈ અને ઓશીકું લઈ આવ્યા અને ચાર–પાંચ હરિભક્તો અને સંતોએ એમને સુવાડી દીધા. ત્યાં હાજર રહેલા હરિભક્તો વારાફરતી પોતપોતાના સ્થાનકે જઈ રાત્રિભોજન કરીને પાછા આવી ગયા અને એ પછી સહુ આખી રાત ત્યાં જ રોકાઈ ગયા.

સવારે કાકાજીએ આંખો ખોલી એટલે બધાને લાગ્યું કે એ જાગ્યા પણ એ તો હજી સમાધિ અવસ્થામાં જ હતા. સહુએ એમને નીચે ઊતાર્યા અને સભામંડપમાં સુવાડ્યા. કાકાજીને આ સમાધિ ૭૨ કલાક રહી. એ દરમ્યાન કંઈ ખાય–પીએ નહીં. એકતાર વૃત્તિ થઈ ગઈ હતી. બે દિવસ પછી તેઓ જાગ્યા ને ભાનમાં આવ્યા. એ વખતે યોગીજી મહારાજ ત્યાં આવીને ઊભા હતા. કાકાજી એકદમ એમનાં ચરણો પકડીને દંડવત કરવા માંડ્યા. બાપાએ પ્રેમથી એમને ઊભા કર્યા અને ભેટ્યા. કાકાજી એકદમ બોલી ઊઠ્યા, 'અક્ષરધામમાં મહારાજ મને આવી રીતે જ ભેટ્યા. એ પછી એમની મૂર્તિ બદલાઈ ગઈ ને શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ ધારણ કર્યું. ફરી પાછા મહારાજરૂપ બનીને તરત જ તમારું સ્વરૂપ ધારણ કર્યું ને બોલ્યા કે અમે અત્યારે યોગીરૂપે ત્યાં પ્રત્યક્ષ છીએ માટે એમને માનજો અને સૌનેય આવી નિષ્ઠા કરાવજો.' એવું બોલતાં બોલતાં તો એમની આંખોમાંથી આંસુની ધાર વહેવા માંડી. યોગીબાપાએ એમના માથે હાથ ફેરવીને કહ્યું કે, 'એવું નો બોલાય, એવું નો બોલાય... હવે તમે નાહીને ખીચડી ખાઈ લ્યો.' એટલે કાકાજી નાહીને ખીચડી ખાવા બેઠા. એમની આ સમાધિની વાતો આજુબાજુનાં ગામોમાં પહોંચી ગઈ તેથી હરિભક્તોનાં ટોળાં એમનાં દર્શને આવી પહોંચ્યાં હતાં.

## ૧૬. નહેરુજીને પ્રભાવિત કર્યા...

ઈ.સ. ૧૯૫૨ના માર્ચ મહિનામાં કાકાજી એ સમયના ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને મળ્યા હતા. એમના મંત્રીમંડળના Minister અને આપણા આત્મીય સ્વજન શ્રી ગુલઝારીલાલ નંદાજીએ આ મુલાકાત ગોઠવી હતી. નહેરુજીએ મુલાકાતનો સમય ફક્ત ૭ મિનિટનો જ આપ્યો હતો. તેથી નંદાજીએ કાકાજીને કહ્યું, 'તમને ૭ મિનિટની appointment આપી છે તેથી વધારે સમય નહીં લેતા.'

કાકાજીએ સંકલ્પ કર્યો કે, 'નહેરુજી મને ૭ મિનિટ નહીં પણ ૫૦ મિનિટ આપે! ભલે રાજસત્તા એમની છે પણ બ્રહ્મસત્તા આપણી છે. માટે લાવો, આપણે અજમાવીએ.' એ પછી નહેરુજીએ કાકાજીને ૭ મિનિટની જગ્યાએ ૫૫ મિનિટ આપી. એમની મોટી chamberમાં કાકાજીને બેસાડ્યા અને કૉફી પણ પીવડાવી અને બધી વાતો સાંભળી. એ દરમ્યાન નહેરુજીએ એમની મુલાકાતે આવેલાની પાંચ appointments કૅન્સલ કરી અને એ સહુને બહાર બેસાડી રાખ્યા. નંદાજીએ કાકાજીને કહ્યું હતું કે, 'તમે નહેરુજી પાસે સ્વામિનારાયણનું નામ લેતા નહીં, એ વાત કરતા નહીં.' દિલ્હી જતાં પહેલાં કાકાજીએ યોગીબાપાને નંદાજીની આ સૂચનાની વાત કરી હતી અને કહ્યું

હતું કે, 'હું જ્યાં હોઈશ ત્યાં સ્વામિનારાયણની વાત કરીશ, શાસ્ત્રીજી મહારાજની પણ વાત કરીશ.' યોગીબાપાએ પણ હસતાં હસતાં જાણે પોતાની અનુમતિ દર્શાવી આશીર્વાદ આપ્યા હતા. કાકાજી સાથે સતત ૫૫ મિનિટ ચાલેલી આ મુલાકાતથી નહેરુજી કાકાજીથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયા અને એમને Planning Commissionના Deputy Chairman થવાની દરખાસ્ત કરી.

કાકાજીએ યોગીજી મહારાજને આ અંગે પૂછ્યું. કાકાજીને બાળપણથી જ થોડી ઘણી આવી મહત્ત્વાકાંક્ષા હતી ખરી. યોગીબાપા કહે, 'Minister થઈએ તો કેટલો પગાર મળે? નંદાસાહેબ જેટલો મળે?' કાકાજી કહે, 'ના, નંદાજી જેટલો તો નહીં મળે.' તો બાપા કહે, 'આપણે ઓછો પગાર થોડો લેવાનો હોય? નંદાસાહેબ જેટલો પગાર મળે તો Minister થવું. માટે આપણે અક્ષરધામના Minister થાવ.' આમ યોગીબાપાએ કાકાજીને રાજકારણમાં પડવા દીધા નહીં અને અક્ષરધામના Prime Minister બનાવ્યા.

અક્ષરપુરુષોત્તમ સંસ્થાના ટ્રસ્ટી તરીકે રહેવા માટે પણ સત્સંગના મોટેરા હરિભક્તોએ કાકાજીને આગ્રહ કર્યો હતો. પ.પૂ. પ્રમુખસ્વામી, હર્ષદભાઈ, છગનભાઈ, મગનભાઈ, નરસિંહભાઈ વગેરે વડીલોએ કાકાજીને કહ્યું કે, 'તમે Trusteeshipમાં રહો તો આપણી trust કમિટીનું બધું જ કામ બહુ સરસ રીતે ચાલે.' એટલે કાકાજી કહે, 'હું યોગીબાપાને પૂછ્યા વગર કાંઈ ન કરું.' કાકાજીના ભાગીદાર છગનભાઈએ તો ખૂબ આગ્રહ કર્યો કે, 'તમે અમારી સાથે trustee તરીકે આવી જાઓ.' તેથી કાકાજીએ બાપાને બે-ત્રણ વાર આ અંગે પૂછ્યું. ત્યારે બાપાએ કહ્યું, 'મંદિર કે સત્સંગના વ્યવહારમાં આપણે પડવું નથી. તમે સત્સંગની સેવા કરજો પણ આપણે trustee થવું નથી, બંધાવું નથી.'

જે રીતે જગતનો વ્યવહાર છે તે જ રીતે સત્સંગનો પણ એક વ્યવહાર છે અને યોગીબાપા કાકાજીને કોઈપણ પ્રકારના વ્યવહારમાં પાડવા માંગતા ન હતા. તેઓ તો કાકાજીને આધ્યાત્મિકતાના ઉચ્ચ શિખરે લઈ જઈ બ્રાહ્મીસ્થિતિ કરાવવા માંગતા હતા. તેથી મંદિરના trustee થવાની એમણે સ્પષ્ટ ના પાડી.

કાકાજીને જીવનમાં કોઈપણ વ્યક્તિ, પ્રસંગ કે સત્તાનો ક્યારે પણ કિંચિત્ ભાર પડ્યો નથી. ગમે તેવાં પ્રલોભનો જીવનમાં આવે પણ તેમણે યોગીબાપાની મરજીને જ પ્રાધાન્ય આપ્યું છે. આ પ્રસંગ પરથી કાકાજીની કુનેહ અને મેધાવી પ્રતિભાની સાથોસાથ પોતાના ગુરુ પ્રત્યેના સમર્પણ અને દાસત્વનો પણ કેવો અદ્ભુત ખ્યાલ આવે છે!

## ૧૭. બેંગકૉકમાં સ્ટીમરનો કેસ...

કાકાજીની Agri Orient Industries Companyનો ફર્ટીલાઈઝરનો લગભગ રૂપિયા ૧૨ લાખનો માલ 'S.S. Roberts' નામની સ્ટીમરમાં ઈંગ્લૅંડથી ભારત આવી રહ્યો હતો. સ્ટીમરના કૅપ્ટન Mr. Alexealisની દાનત બગડવાથી એ સ્ટીમરને રાતોરાત ઈજિપ્તથી ભગાડીને બેંગકૉક લઈ ગયો. કાકાજીને આ સમાચાર મળતા જ તેમણે બેંગકૉકના Indian High Commision મારફતે ત્યાંની કોર્ટમાં દાવો નોંધાવ્યો. તે માટે કાકાજીને ખાસ બેંગકૉક જવું પડ્યું. જતાં પહેલાં તેઓ યોગીબાપાના આશીર્વાદ લેવા ગયા ત્યારે બાપાએ શાસ્ત્રીજી મહારાજને સંભારી સવાર–સાંજ ૧ કલાક ભજન કરી પ્રાર્થના કરવાનું કહેલું.

કાકાજીએ બેંગકૉક જઈ સ્ટીમરને આગળ જતી રોકવાની કાર્યવાહી કરી અને સાત દિવસ એ બાબત કેસ ચાલ્યો. સ્થાનિક અદાલતે ૧૦,૦૦૦ પાઉન્ડની ગૅરંટી માંગી જે માટે કાકાજીના વકીલે થોડા દિવસની મુદત માંગી પણ અદાલતે તે આપી નહીં અને તત્કાળ બીજે દિવસે ગૅરંટીની રકમ ભરાય તો જ સ્ટીમરને રોકવી, નહીં તો દરરોજના રોકાણને લીધે મોટી રકમની નુકસાની કૅપ્ટને માંગેલી. કારણ તે અંગેનો તેનો દાવો પૂરવાર થાય એમ હતું. આવી પરિસ્થિતિમાં ભગવાનને તીવ્ર પોકાર કર્યા સિવાય કોઈ ઉપાય ન રહ્યો. આથી કાકાજીએ સવારે અને રાત્રે બે વખત શાસ્ત્રીજી મહારાજને અને યોગીજી મહારાજને સંભારીને સ્વામિનારાયણ મહામંત્રનો એકચિત્તે સતત જાપ કર્યો. આ ભજનના ફળસ્વરૂપે બીજે દિવસે કોર્ટમાં ત્યાંના બાહોશ સૉલિસિટરની રજૂઆતને લઈને ફક્ત ૧૦૦૦ પાઉન્ડની ગૅરંટી આપીને જ સ્ટીમરને custodyમાં રાખી મૂકવાનો ઑર્ડર મળ્યો. ત્યાંની સરકારે પણ લશ્કરી કાયદો લગાડીને સ્ટીમરને સંપૂર્ણ custody અને controlમાં રાખી. આ ગૅરંટીની રકમ પણ તે જ ઘડીએ ત્યાંના એક મિત્ર પટેલ ભાઈએ અદાલતમાં આપીને કામ પતાવી દીધું. ૯ દિવસ custody માં રોકાયેલી સ્ટીમરનું demurrage ૧ લાખ રૂા. ઉપર થાય. પણ પ્રભુકૃપાથી બધું વગર પૈસે પતી ગયું.

આ પ્રસંગની વાત કરતા કાકાજી કહેતા કે, 'એક કલાક ભજન કરવાનું યોગીબાપાનું વચન ગમે તે સંજોગોમાં સૌથી પ્રધાનપણે રહેવાને બદલે બેંગકૉકમાં ત્યાંની એમ્બેસીના માણસો પાછળ દોડાદોડીમાં ઘણો સમય વીતી જતો. તેથી ભજન માટે પૂરો સમય મળે નહીં અને તેટલી એકાગ્રતા પણ આવી શકે નહીં. યાંત્રિક રીતે જ ભજન થતું તેથી કોર્ટમાં જ્યારે ખરેખરી મુશ્કેલી ઊભી થઈ ત્યારે જ ભજનમાં તીવ્રતા લાવવાની સૂઝ પડી. મોટાપુરુષના વચનનો આપણને ઉપર ઉપરથી જ ભાર હોય છે. પણ ખરેખર અંતરમાં ભાર હોતો નથી. તેથી આપણું કામ લંબાતુ હોય છે, મૂંઝવણ રહે છે અને દોડભાગ કરવી પડે છે. ભગવાન ને સંત જ બધું ગોઠવી દેતા હોય છે. પણ

આપણે એમના વચનને ગૌણ કરી એમને સહકાર આપતા નથી. માટે તેમણે નાનું–મોટું જે વચન આપ્યું હોય તેને શ્રદ્ધા અને અતિ વિશ્વાસથી વળગી રહેવું જોઈએ. બેંગકૉકનું આ આખું પ્રકરણ જાણે સ્મરણયોગની દૃઢતા માટે જ હોય એવું લાગે છે.'

કાકાજીને તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સ્મૃતિ ઈદમ્ હતી. એમની સાથે એમનો સંબંધ જ એવો હતો કે સંભારવાની કે પોકારવાની જરૂર જ ન પડે. તેમ છતાં આવા પ્રસંગો દ્વારા તેઓ પોતાને સામાન્ય માણસની કક્ષાએ મૂકી આપણને સૂઝ આપે છે. એ તેમની કેવી ખાનદાની અને હૃદયની વિશાળતા! આપણા પ્રત્યે કેવી અસીમ કરુણા!

## ૧૮. અનંત રીતે રક્ષા તું કરનારો...

કાકાજીની Agri Orient Company ધમધોકાર ચાલતી હતી. ત્યારે એમને ધંધાના કામ માટે રોજ ૧૦ થી ૧૫ હજાર રૂા. રોકડાની લેવડદેવડ થતી. તેથી કાકાજી મોટી નોટોને રૂા. ૧૦૦ની નોટોમાં બદલવા બેંકમાં લઈ જતા અને ત્યાં મોટી નોટો જમા કરાવી ૧૦૦ રૂા.ની નોટોનાં બંડલ લઈ આવતા. સાંતાક્રુઝમાં american spring બેંકમાંથી રોજ આ રીતની નોટોની બદલી કરી આવતા.

આ અરસામાં કાકાજીને છોટુભાઈ પટેલ નામની એક વ્યક્તિ સાથે ઓળખાણ થઈ. તેઓ મુંબઈના ચર્ચગેટ વિસ્તારના નગીન મહાલના પાંચમે માળે રહેતા હતા. ત્યાં તેઓ ખોટી નોટો છાપતા હતા. તેમને ખબર પડી કે દાદુભાઈ રોજ બેંકમાં નોટો બદલી કરાવવા જાય છે. તેથી એમણે કાકાજીને ઘણી વાર કહ્યું, તમારે નોટો છૂટી કરવી હોય તો મારી પાસે સગવડ છે. જેટલા છૂટા જોઈએ એટલા મળી જશે. તમારે મને અગાઉથી કહેવડાવી દેવું તેથી હું તૈયાર રખાવીશ.

આમ તેમણે વારંવાર કહ્યું એટલે એક દિવસ કાકાજી રૂા. ૩૦ હજારની મોટી નોટો લઈને એમને ત્યાં છૂટા કરાવવા પોતાની ગાડીમાં નીકળ્યા. કાકાજીએ એમને અગાઉથી જણાવ્યું હતું એટલે એણે દાદુભાઈ પટેલના નામે રૂા. ૩૦ હજારની ખોટી નોટોનું બંડલ તૈયાર રાખ્યું હતું. કાકાજી એના આ ખોટા ધંધાથી બિલકુલ અજાણ હતા. કાકાજી તો અજાણ હતા પણ યોગીજી મહારાજ તો સર્વજ્ઞ હતા. તેમનાથી કાંઈ અજાણ્યું ન હતું. યોગીબાપા તો કાકાજીની રક્ષામાં અખંડ હતા જ.

કાકાજીની ગાડી ઑફિસેથી નીકળી અને થોડી જ વારમાં એક municipal councillorની ગાડી સાથે અથડાઈ અને માંડ બચ્યા ત્યાં આગળ જઈને તેમની




સત્સંગ સભામાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા કાકાજી



ભાદરા મંદિરે યોગીજી મહારાજ, કાકાજી અને નંદાજી




તીર્થયાત્રામાં યોગીજી મહારાજનું માહાત્મ્ય દર્શન કરાવતાં કાકાજી



'હે! દાદુભાઈ, જરૂર પડે તો તમારા માટે આ અક્ષરદેરી પણ ગીરવે મૂકી દઉં'

અક્ષરદેરી ગોંડલમાં બ્ર.સ્વ. યોગીજી મહારાજ સાથે કાકાજી



'સાક્ષાત્કારે સહજાનંદને પામી આવ્યા' – ગોંડલ, અક્ષરદેરી (૩ ફેબ્રુઆરી ૧૯૫૨)



ભોજન ગ્રહણ કરતા કાકાજી

ગાડી ફરીથી એક બીજી ગાડી સાથે અથડાઈ એટલે એ ગાડીવાળા સાથે કાકાજીના ડ્રાઈવરની બોલાચાલી થઈ તેથી તેમને ક્રૉફર્ડ માર્કેટ પોલીસ સ્ટેશને જવું પડ્યું.

જે સમયે કાકાજી પોલીસ સ્ટેશને ગયા બરાબર એ જ વખતે છોટુભાઈના ઘરે પોલીસનો દરોડો પડ્યો. નગીન મહાલની નીચે CIDની ગાડી ઊભી હતી. ઉપર જઈને પોલીસે બનાવટી ગ્રાહક બનીને છોટુભાઈને સાચી નોટોનું બંડલ આપ્યું. છોટુભાઈએ સાચી નોટોનું બંડલ લઈ નકલી નોટો બદલી આપી એટલે પોલીસે તરત જ એમની ધરપકડ કરી લીધી. પૂછપરછ કરતા એણે પોલીસને જણાવ્યું કે રૂા. ૩૦ હજારની નોટો દાદુભાઈ પટેલ લેવા આવવાના છે. તેથી પોલીસે કાકાજીનું નામ નોંધી લીધું. કાકાજી આ વાતથી બિલકુલ અજાણ હતા.

બરાબર એ જ સમયે ક્રૉફર્ડ માર્કેટની પોલીસ ચોકીએ કાકાજી એમની ગાડી છોડાવવા માટે વ્યસ્ત હતા. તે જ સમયે પોલીસ ચોકીમાં ખબર આવી કે છોટુભાઈ પટેલ નગીન મહાલથી બનાવટી નોટો છાપવાના ગુના બદલ પકડાયા છે. તે માટે તેમને ઓછામાં ઓછી ૭ વર્ષની જેલ થશે. આ રીતનો press report પોલીસ ચોકીમાં આવ્યો તેથી કાકાજીને આની જાણ થઈ ગઈ. આમ જે સમયે કાકાજી નગીન મહાલ જવાના હતા તેને બદલે બે વખત ગાડીનો અકસ્માત થવાથી તેઓ ત્યાં જઈ શક્યા નહીં અને એમની રક્ષા થઈ! એમનો ડ્રાઈવર લક્ષ્મણ પણ કાકાજીને કહેતો હતો કે, 'શેઠ, વહાં મત જાના, મત જાના.' કાકાજી કહે, 'એમાં મહારાજ જ બોલતા હતા ને મને ચેતવણી આપતા હતા કે ત્યાં જવા જેવું નથી. પણ મને એમ કે એ ગભરાય છે. એટલે જવાની ના પાડે છે.'

પોલીસ ચોકીમાં જ કાકાજીને ખ્યાલ આવી ગયો કે છોટુભાઈને ત્યાં દરોડો પડ્યો છે એટલે એમની ઑફિસે પણ પોલીસ આવી શકે. એ દિવસ શનિવારનો હતો. American Spring બૅંક ૪ વાગ્યા સુધી જ ખુલ્લી રહેતી હતી. તેથી કાકાજી પોલીસ ચોકીથી નીકળી સીધા જ સાંતાક્રુઝ જઈને પૈસા બૅંકમાં જમા કરીને બદલીમાં છૂટી નોટો લઈને આવ્યા. જમા કર્યાની entry અને જમા કરવાનો સમય પણ બપોરનો ૧ વાગ્યાનો લખાવી લીધો.

ત્યાર બાદ પોલીસે કાકાજીની ઑફિસે આવીને છોટુભાઈ વકીલને ત્યાંથી મળેલ કાકાજીના નામના છૂટી નોટોના બંડલ બાબત તેમની પૂછપરછ કરી. કાકાજીએ ખુલાસો કર્યો કે, 'હું એમને ત્યાં ગયો જ નથી અને મેં તો સાંતાક્રુઝ American Spring બૅંકમાં નોટો છૂટી કરાવી છે. તમે ત્યાં તપાસ કરી શકો છો.' એ પછી પોલીસે બૅંકમાં તપાસ કરી તો બૅંકવાળાએ કાકાજીએ એ દિવસે જમા કરાવેલી નોટોની નોંધ બતાવી અને જમા કરાવ્યાનો સમય પણ લખેલો બતાવ્યો. આથી પોલીસે કાકાજીની વાત માન્ય રાખી.

યોગીબાપાએ આ રીતે એમની અદ્‌ભુત રક્ષા કરી. કાકાજી કહેતા કે, 'વગર સંભાર્યે જ બાપાએ મારી રક્ષા કરી મને મોટી આફતમાંથી ઉગારી દીધો.' આ પ્રસંગ પરથી કાકાજીના યોગીબાપા સાથેના વિશિષ્ટ સંબંધનાં દર્શન થાય છે.

સ્વામીની વાત પ્રકરણ ૨જાની ૨૨, '**ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવામાં જ બેઠા છે, કેની પેઠે? તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે ને હાથ કંઠની રક્ષા કરે છે ને માવતર છોકરાંની રક્ષા કરે છે ને રાજા પ્રજાની રક્ષામાં છે, તેમ જ ભગવાન આપણી રક્ષામાં છે.**' આ પ્રસંગ પરથી કેવી તાદૃશ થાય છે!

## ૧૯. રૂડું કરવાની અસાધારણ ગરજ...

મુંબઈમાં મોરારકા નામના એક મારવાડી શેઠ હતા. તેઓને યોગીબાપા વિશે સારા સાધુનો ભાવ હતો. તેથી તેઓ અવારનવાર બાપાનાં દર્શને આવતા. પોતે કરોડપતિ હતા પણ ખૂબ લોભી હતા. ઈ.સ. ૧૯૫૬માં યોગીબાપાની જયંતી વખતે તેમણે ૫૦૦ રૂપિયા સેવામાં લખાવ્યા હતા. ઘણો સમય થયો છતાં એમણે સેવા આપી ન હતી. તેમના જીવનું અતિ રૂડું કરવાના આશયથી જ યોગીબાપાએ એમની પાસેથી સેવાના પૈસા લાવવાની કાકાજીને આજ્ઞા કરી હતી. તેથી કાકાજી વારંવાર તેમની પાસે ૫૦૦ રૂપિયા સેવાના લેવા ધક્કા ખાતા હતા. પણ મોરારકા શેઠ એમને દાદ આપતા ન હતા. કાકાજી કોઈની પાસે આવી રીતે સામેથી સેવા લેવા જાય એવા પુરુષ ન હતા. છતાં બાપાને વચને કેવળ તેમને રાજી કરવા તેઓ ધક્કા ખાતા હતા. જ્યારે જ્યારે કાકાજી એમને ત્યાં જાય ત્યારે શેઠ તોછડાઈથી વાતો કરે અને કાકાજીને લાંબો સમય સુધી બહાર બેસાડી રાખે.

કાકાજી એમને ત્યાં જઈને કહે, 'જોગી મહારાજનો કાગળ આવ્યો છે. તમારા માટે પ્રસાદીનાં પુષ્પ મોકલ્યાં છે ને તમને બાપા યાદ કરે છે.' તો પેલા શેઠ કહે, 'જોગી મહારાજ બડો સાધુ! દાદુભાઈ, ક્યા બાત કરે? જોગી મહારાજ તો બડો સાધુ!' પછી કાકાજી સેવાની વાત યાદ દેવડાવે એટલે તે શેઠ કહે, 'અરર! તુમને દિમાગ બિગાડ દીયા! દાદુભાઈ, તુમને દિમાગ બિગાડ દીયા! યે કૈસા બાત કીયા તુમને? કહાં જોગી મહારાજ ઔર કહાં યે પૈસે કી બાત!' એમ કહી મોઢું બગાડે ને કાકાજીને ખાલી હાથે રવાના કરે. આમ એક-બે નહીં પણ ૧૭ વખત કાકાજીને ખાલી હાથે પાછું આવ્યું પડ્યું હતું.

જ્યારે ૧૮મી વખત કાકાજી એને ત્યાં ગયા ત્યારે એમણે પેલા શેઠને કહ્યું કે, 'તમે વારંવાર મને કેટલું દોડાવો છો? તમારે આપવા હોય તો આપો નહીં તો હવેથી

હું માંગવા નહીં આવું. આ છેલ્લી વખત આવ્યો છું.' ત્યારે એ શેઠ કહે, 'દાદુભાઈ તમારા જેવાને આવવું પડે છે તે મને પણ શરમ આવે છે. પણ શું કરું?' કાકાજી કહે, 'હું મારે માટે ઓછો આવું છું? તમે કહો તો તમારા વતીના હું આપી દઉં. પણ એમાં તમારું શોભશે નહીં. મેં આટલું પેટ્રોલ બાળ્યું એના કેટલા પૈસા થાય? તમે વિચાર તો કરો કે આના માટે હું કલાકો બગાડું છું.' આટલું કહેવા છતાં પેલા શેઠે દાદ આપી નહીં. આમ કાકાજી ૧૮મી વખત પણ ખાલી હાથે પાછા આવ્યા. હવે એમની ધીરજ ખૂટવા લાગી. પણ ઘરે પહોંચ્યા ત્યાં જ બાપાનો કાગળ આવ્યો હતો કે, 'દાદુભાઈ, અમે ૮ આના માટે ૧૦૦ ધક્કા ખાધેલા તે વખતે અમે કેટલી ધીરજ રાખી હશે? માટે આપણે ગમે તેમ કરીને પણ મોરારકા શેઠની સેવા લેવી છે. એને આપણે સંસ્કાર પાડવાના છે. માટે જરૂરથી એ સેવા લેવા જજો.' આમ બાપા કાકાજીને ધીરજ શીખવાડતા હતા.

કાકાજી નાછૂટકે ફરી ૧૯મી વખત શેઠને ત્યાં ગયા અને સેવાના ૫૦૦ રૂપિયાની માંગણી કરી. ત્યારે એ શેઠ કહે, 'અમે રોકડા તો કોઈને આપતા જ નથી. અમારી સોલાપુર મિલમાંથી ગોદડાં બનાવવાનું જે કાપડ આવે છે તે આપીશું. માટે તમે ટ્રક મોકલો અને રૂપિયા ૫૦૦ની રસીદ પણ મોકલો કે અમને પૈસા મળી ગયા છે.' આવે વખતે કોઈનું પણ મગજ જાય પણ કાકાજીએ ધીરજ રાખી અને બાપાને આ વાત જણાવી. બાપા કહે, 'એને રસીદ જોઈતી હોય તો આપી દો અને કાપડના તાકા લઈ લો.' તેથી કાકાજીએ ટેમ્પો કરીને factoryમાંથી કાપડના તાકા લીધા અને એને ૫૦૦ રૂપિયાની રસીદ પણ આપી.

આવા માયાના ડુંગર જેવાઓને પણ ખૂબ ધીરજ રાખી એનામાં સંસ્કાર પાડવા યોગીબાપાએ કાકાજીને નિમિત્ત બનાવ્યા. કાકાજી કહે, 'મારા જેવો માણસ ૫૦૦ રૂપિયા માટે ૧૯ વાર આવા કંજૂસ પાસે જાય એ શક્ય જ નથી પણ બાપા અમને શીખવાડતા હતા કે તમારે જ્યારે સ્વતંત્રપણે સત્સંગની ગોવાળી કરવાની આવે તો તે વખતે તમારે અલ્પ સંબંધવાળો હોય તો પણ તેનો એટલો જ ગુણ લઈને એનો ભાવ ઉગાડવાનો પ્રયત્ન તમારાથી બને તો કરજો પણ એને તરછોડશો નહીં.' બીજાનું રૂડું કરવાની કેવી અસાધારણ ગરજ!

## ૨૦. સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ...

બ્ર.સ્વ. યોગીજી મહારાજે ઈ.સ. ૧૯૫૬માં પંચતીર્થી વખતે special ટ્રેન કરાવી હતી. સહુ હરિભક્તો એ ટ્રેનમાં આબુ જઈ રહ્યા હતા. એ ટ્રેનમાં ૫–૭ વિદ્વાન શાસ્ત્રીઓ પણ બેઠા હતા. સાથે આવેલ ચંપકભાઈ શેઠને એ શાસ્ત્રીઓનો બહુ ભાર હતો. તેઓ યોગીબાપાને કહે, 'બાપા, આ બધા વિદ્વાન શાસ્ત્રીઓ છે અને સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ કરે એવા છે.' એટલે બાપા કહે, 'અમારા આ દાદુભાઈ એમની સાથે શાસ્ત્રાર્થ કરશે. એ સંસ્કૃત ભણેલા છે અને મોટા શાસ્ત્રી છે.' આ સાંભળી કાકાજીને મનમાં વિચાર આવ્યો, 'સાલું, આપણને તો સંસ્કૃત બોલતા પણ આવડતું નથી. તો શાસ્ત્રાર્થ શું કરશું?' પેલા શાસ્ત્રીઓ તો સંસ્કૃતમાં જ બોલે, જ્યારે કાકાજી તો થોડું ઘણું હિંદીમાં પણ બોલે.

શાસ્ત્રીઓ કાકાજીને કહે, 'તુમ હમારે સે શાસ્ત્રાર્થ કરેગા?' કાકાજી કહે, 'કરેગા.' એટલે તેઓ કંઈ વિચારીને બોલે એ પહેલાં જ કાકાજીએ એમને પૂછ્યું, 'ઉપાસના કા અંતિમ સૂત્ર ક્યા હૈ? આપકો માલૂમ હૈ?' પછી કાકાજી બોલ્યા, **'यो वेत्ति युगपत्सर्वम् प्रत्यक्षेण सदा स्वत:, त्रिभुवन विभव हेत वैप्यकुंठ...'** એવાં એક–બે વાક્ય કાકાજીને આવડતાં હતાં તેથી એ શાસ્ત્રીઓ કાંઈ બોલે એ પહેલા જ એમણે એ બોલી નાખ્યું. એ સાંભળી શાસ્ત્રીઓ મૂંઝાણા અને શું જવાબ આપવો એના વિચારમાં પડી ગયા. આ જોઈ તરત જ કાકાજી કહે, 'શાસ્ત્રીજી, આપકો યે માલૂમ નહીં તો ક્યા શાસ્ત્રાર્થ કરેગા? છોડો, છોડો.' એમ કહી વાત બંધ કરી દીધી. આ જોઈને યોગીબાપા હસતાં હસતાં ચંપકભાઈ શેઠને કહે, 'દેખા, કૈસા શાસ્ત્રાર્થ કીયા દાદુભાઈને!' ચંપકભાઈ શેઠ પણ આ સાંભળીને અચંબામાં પડી ગયા. એમને તો શું બોલવું એ જ સમજાયું નહીં.

કાકાજીની આવી હોશિયારી અને સામેવાળાને મૂંઝવી નાખીને તક ઝડપી લેવાની આવડતથી તદ્દન અશક્ય એવું સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ કરવાનું વચન પણ કાકાજીએ ઝીલી લીધું અને એને સારધાર પાર પણ પાડ્યું. કાકાજીને તો પોતાની આવડત કે અણઆવડત કરતાં યોગીબાપાના વચનને ઝીલવાનું જ તાન હતું અને બાપાના સામર્થ્યનો પૂરો ખ્યાલ હતો. તેથી તેમણે તો બાપાના ભરોસે ઝંપલાવ્યું અને એમનો રાજીપો મેળવી લીધો.

## ૨૧. નિર્દોષબુદ્ધિની પરાકાષ્ઠા...

અક્ષરપુરુષોત્તમ સંસ્થા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ એક વિદ્વાન મુક્તરાજ અને એમના પરિવારને શાસ્ત્રીજી મહારાજ સાથે આગવો સંબંધ હતો. શરૂઆતમાં શાસ્ત્રીજી મહારાજની કૃપા અને આશીર્વાદથી મુંબઈ અને અમદાવાદના હરિભક્તોના સહકારથી એ કુટુંબના ભાઈઓએ મુંબઈ–દાદરમાં એક સોસાયટીના નેજા હેઠળ એક TILES FACTORY શરૂ કરી હતી. સમય જતાં factory નહીં ચાલવાને લીધે તેને એક co-oprative housing સોસાયટીમાં પરિવર્તિત કરી હતી. જેના મુખ્ય કાર્યકર્તા અને chairman તરીકે કાકાજીને નીમ્યા હતા. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની ભલામણથી કાકાજી એ પરિવારનું ખૂબ ધ્યાન રાખતા. તે પરિવારના અનેક નાના–મોટા વ્યાવહારિક પ્રશ્નો અને પ્રસંગોમાં ઢાલ બની ઊભા રહેતા. શાસ્ત્રીજી મહારાજ તે પરિવારનો ખુલ્લો પક્ષ રાખતા હતા અને કાકાજીને તો શાસ્ત્રીજી મહારાજને જ રાજી કરવાની તમન્ના હોવાથી તેઓ પણ એ પરિવારની તમામ પ્રકારે કાળજી લેતા. વળી સમગ્ર સત્સંગ સમાજમાં અને વ્યાવસાયિક ક્ષેત્રમાં પણ કાકાજીની શાખ અને નામ ખૂબ ઊંચાં હોવાથી તેમના સંદર્ભવાળી તમામ પ્રવૃત્તિઓમાં સત્સંગીઓ અને લૌકિક જનસમાજને એક પ્રકારની વિશ્વસનીયતા અને ભરોસાની છાપ હંમેશાં રહેતી.

આ સોસાયટીની કામગીરીની ઘણી બધી જવાબદારી કાકાજીને સોંપાઈ હતી. કાકાજીએ થોડા સભ્યો બનાવી તથા અન્ય મિત્રો સાથે મળીને આ સોસાયટીનું કામ ચાલુ કરાવેલું. જો કે અંગત રીતે તો કાકાજીને તેમાં કોઈ રસ ન હતો કે કોઈપણ પ્રકારનો ફાયદો પણ મળતો ન હતો. કમનસીબે આ સોસાયટીનું કામ ચાલી શક્યું નહીં. સોસાયટી માટે અન્ય જવાબદાર વ્યક્તિઓની અણઆવડતને લીધે અંદરોઅંદર ખૂબ ઝઘડા થવા લાગ્યા. તે વખતે બહારના સભ્યો ગમે તેમ ટીકા કરે, આરોપ મૂકે તો પણ તેમનાં તમામ કાર્યોમાં – factory કે સોસાયટીમાં કાકાજીએ ખુલ્લો પક્ષ રાખીને ઘણી જવાબદારી લીધેલી અને શાસ્ત્રીજી મહારાજના સંબંધના નાતે તે પરિવારના સભ્યો પ્રત્યે નિર્દોષભાવ રાખેલો. સોસાયટીના સભ્યોને ઘણું નુક્સાન થવાથી સોસાયટીને બંધ કરવાનો વખત આવ્યો તે વખતે પણ તેમનો ખુલ્લો પક્ષ રાખેલો. ચેરમેન તરીકે અને મુખ્ય કાર્યકર્તા તરીકે કાકાજી પર ઘણા આરોપ આવ્યા, છતાં નિધડકપણે કેવળ શાસ્ત્રીજી મહારાજ તરફ જ દૃષ્ટિ રાખી સર્વ કાર્યોને માથે લઈ તેઓ ઉકેલ લાવ્યા ને સોસાયટીને criminal caseમાંથી બચાવી લીધી અને તેની પૂર્ણાહુતિ માનભેર કરાવી.

એ વખતે સિમેન્ટ controlled item ગણાતી. સોસાયટીના કામ માટેની સિમેન્ટને site પરથી બારોબાર વેંચી ખાવાના આરોપને કારણે સિમેન્ટ કંટ્રોલ ઓર્ડરની કલમ હેઠળ કાકાજી ઉપર criminal case થયેલો. વાસ્તવમાં તો સોસાયટીમાં chairman

તરીકે કાકાજીનું ફક્ત નામ જ વાપરવામાં આવ્યું હતું. પ્રત્યક્ષ રીતે તેઓ સોસાયટીના કોઈપણ કાર્યમાં પ્રવૃત્ત થયા જ ન હતા. પરંતુ કાયદેસર જેનું નામ chairman તરીકે હોય એ જવાબદાર લેખાય એ દૃષ્ટિએ તદ્દન નિર્દોષ હોવા છતાં વગર કારણે કાકાજીને એમાં સલવાવું પડ્યું હતું. મુંબઈની મઝગાવ કોર્ટમાં બે વર્ષ સુધી કેસ ચાલેલો. જો સોસાયટી કેસ હારી જાય તો તેના chairman તરીકે કાકાજીની આબરૂને ઘણો બટ્ટો લાગે અને તેને કારણે ધંધામાં પણ ઘણું નુકસાન જાય. કાકાજીને ધંધો છોડીને વારંવાર કેસના કામ અંગે કોર્ટમાં જવું પડતું અને આખો દિવસ બગડતો. આ કેસ લડવા માટે પોતાના ખર્ચે શ્રી કે.કે શાહ જેવા બાહોશ વકીલને તેમણે રોક્યા હતા. સરકારી કર્મચારીઓ દ્વારા સિમેન્ટ કંટ્રોલ ધારાનું ખોટું અર્થઘટન કરવાના કારણે કાકાજી ઉપર ખોટો આરોપ મુકાયો હતો. આખરે વકીલ કે.કે. શાહની હોશિયારી અને સોસાયટીના સભ્યોની સાક્ષીઓને લઈને કાકાજી આ કેસમાં નિર્દોષ છૂટ્યા. આટલી હેરાનગતિ થવા છતાં પણ કાકાજીએ તે પરિવારના સભ્યો તરફ હૈયાની વિશાળતા અને ખાનદાનીભર્યો સંબંધ પહેલા જેવો જ રાખ્યો હતો!

એક કૉન્ટ્રાકટરે factoryમાંથી tiles ખરીદવા tilesની depositના પૈસા કંપનીમાં જમા કરાવ્યા હતા. એ વિદ્વાન ભાઈ સોસાયટીના ખજાનચી પાસેથી પોતાના ભાઈના નામે એ પૈસા લઈ ગયા અને અંગત કામ માટે વાપરી નાખ્યા. એ ઉપરાંત factoryમાંથી tiles પણ લઈ આવ્યા ને એ પણ બારોબાર વેચી નાખી ને એના પૈસા પણ વાપરી નાખ્યા. તેથી કૉન્ટ્રાકટરે tiles ન મળવાથી સોસાયટી પર નોટીસ મોકલી. કાકાજી સોસાયટીના chairman હતા આથી સોસાયટીના ખજાનચીએ કૉન્ટ્રાકટરને કહ્યું કે, 'તું દાદુભાઈ પાસે જા. એ તારી tilesના પૈસા અપાવી દેશે.' નોટીસ આવી એટલે એ રાત્રે કાકાજીએ બાપાને પ્રાર્થના કરી કે, 'હે સ્વામી! તમને ને શાસ્ત્રીજી મહારાજને નથી ગમતું તો મારે એ ભક્તનું નથી જોવું. પણ એ tilesની depositના પૈસા પણ લઈ ગયા છે ને tiles પણ વેચી ખાધી છે તો મારે શું કરવું? તમે સહાયભૂત થજો અને મારી નિર્દોષબુદ્ધિની રક્ષા કરજો.' બીજે દિવસે સવારે કૉન્ટ્રાકટર કાકાજી પાસે આવ્યો અને tilesની depositના પૈસા અથવા તો tiles માંગવા લાગ્યો. કાકાજી એને કહે, 'એ ભાઈ તમારી deposit લઈ ગયા અને સોસાયટીમાંથી tiles પણ લઈ ગયા અને બન્ને પૈસા એમણે વાપરી ખાધા.' એ વાત ચાલતી હતી તે જ સમયે પેલા હરિભક્ત પણ ત્યાં આવ્યા. કૉન્ટ્રાકટરને ત્યાં આવેલો જોઈને તેઓ કાકાજી પર ગુસ્સે થઈ ગયા અને ઉગ્રતાથી કહ્યું કે, 'આ શું છે? આને કેમ બોલાવ્યો છે?' કાકાજી કહે, 'મેં એને નથી બોલાવ્યો.' તો કહે, 'તમે બોલો નહીં, સત્સંગીનો તમારે પક્ષ રાખવો જોઈએ કે આમ કરવું જોઈએ?' એમ કહી કાકાજીને ખૂબ વઢવા લાગ્યા. છતાં કાકાજીએ ખૂબ જ સમતા રાખી તે કૉન્ટ્રકટરને સમજાવી રવાના કર્યો અને એના પૈસાની સગવડતા કરી આપી!

સોસાયટીનું કામ સમયસર શરૂ નહીં થવાને કારણે તથા નકશાઓમાં પ્લાનની ચોખવટ નહીં થવાને લીધે સોસાયટીના સભ્યો વચ્ચે ઘણી ગેરસમજ ઊભી થયેલી અને ઘણું મનદુઃખ થયેલું. દેખંતી રીતે સોસાયટીની બધી જવાબદારી કાકાજીને માથે હોવાથી પોતે જાહેરમાં ઘણીવાર ખોટા દેખાયા છતાં કાકાજીએ ધીરજ રાખી ને ભક્તો પ્રત્યેની કુટુંબભાવના ને પ્રીતિ અકબંધ રાખી. Factory શરૂ કરવા માટે સરકાર પાસેથી જે loan લીધી હતી તે ભરપાઈ થઈ શકતી ન હતી. યોગીબાપાના કહેવાથી આ અંગે બે વખત પ.ભ. નંદાસાહેબને પણ તેમાં મદદરૂપ થવા કહેલું. છેવટે યોગીબાપાએ તે વખતના મુંબઈ રાજ્યના finance minister ડૉ. જીવરાજ મહેતાની પાસે કાકાજીને મોકલી ગમે તે ભોગે loanની મુદત વધારી લાવવાની આજ્ઞા કરેલી. કાકાજી યોગીબાપાના બળથી અને પોતાની હોશિયારીથી loanની મુદત લંબાવવા સફળ થયા હતા. તેમ છતાંય સંજોગોવશાત્ સરકારની loan નહીં ભરવાને કારણે factoryનું લીલામ (auction) થવાનો પ્રસંગ આવ્યો. ત્યારે કાકાજી, પપ્પાજી અને કાંતિકાકાએ કોર્ટમાં જઈ તે ભક્તનો ખુલ્લો પક્ષ રાખેલો અને ૬૦ હજાર રૂ. સુધીમાં factoryને ખરીદી લઈને તેમને પાછી સુપ્રત કરવાનું નક્કી કરેલું પણ લીલામમાં રૂ. ૬૦ હજારથી વધુ માંગણી થઈ હોવાને લીધે તે વાત છોડી દેવી પડી.

એ હરિભક્તના કુટુંબને પોતાનું માનીને શાસ્ત્રીજી મહારાજ વર્તતા તે જાણીને કાકાજીએ નિધડકપણે એ કુટુંબ સાથે આગવો સંબંધ રાખી ઘણા કપરા પ્રસંગોમાં પણ બધું ઊંધું અને વિચિત્ર લાગે છતાં તે ભક્ત અને તેમના પરિવાર સાથે નિર્દોષબુદ્ધિથી જ ઉઠાવ લીધો અને સર્વ પ્રકારે તેમના જ પક્ષમાં ઊભા રહ્યા. શાસ્ત્રીજી મહારાજનો મૂળભૂત સિદ્ધાંત આત્મબુદ્ધિ ને પ્રીતિનો ને ખુલ્લા સંબંધયોગનો હતો. તે રીતે કાકાજી આ કુટુંબ સાથે વર્તતા. સંબંધવાળા મુક્તો સાથે વિપરીત પરિસ્થિતિમાં પણ એવો જ પ્રેમભાવ અને દિવ્યભાવ રાખી ભીડો ખમવાની વિશાળતા તો કરોડોમાં કોક એવા વિરલ મુક્ત જ રાખી શકે.

આ પ્રકરણનાં થોડાં વર્ષો પછી અંગત દ્વેષભાવ અને કેટલાક વિઘ્નસંતોષી તત્ત્વોથી પ્રેરાઈ કાકાજી, પપ્પાજી અને તેમના પ્રત્યે સદ્ભાવ રાખનાર ભક્તો અને સંતોને સંસ્થામાંથી વિમુખ કરવામાં પણ તે ભક્તે આગેવાની લીધી હતી. તેમ છતાં કાકાજી, પપ્પાજી અને સમગ્ર સમાજે આ પ્રકરણમાં કેવળ યોગીબાપાની મરજી અને કર્તાપણું નિહાળી તે ભક્તો પ્રત્યે જરા પણ કટુભાવ રાખ્યો નહીં. પ્રભુના સંબંધવાળી માહાત્મ્યદૃષ્ટિથી નિષ્પન્ન થતી ચિદાકાશી વિશાળતા અને દિવ્યભાવનું આનાથી વિશેષ કયું ઉદાહરણ હોઈ શકે!

## ૨૨. આફ્રિકા વિચરણના અલૌકિક અનુભવો :

### ★ અંડોલા...

ઈ.સ. ૧૯૫૯માં યોગીજી મહારાજે કાકાજીને દક્ષિણ આફ્રિકા જવાની આજ્ઞા કરી હતી. કાકાજી મુંબઈથી સ્ટીમરમાં પહેલાં Rhodesia ગયા હતા. યોગીબાપા પણ Rhodesia પધારવાના હતા. તેથી તેમણે કાકાજીને અગાઉથી ત્યાંના જુદા જુદા પ્રદેશો અંડોલા, લુસાકા, લીવીંગ્સ્ટન, સોલ્સબરી, બ્લેન્ટાયર વિગેરેમાં જઈ બધી વ્યવસ્થા કરવાનું જણાવ્યું હતું. યોગીબાપાની પધરામણી, સભાઓ, મિટિંગો અને કાર્યક્રમો નક્કી કરવાનાં હતાં. યોગીબાપા સહુથી પહેલાં અંડોલા આવવાના હતા. અંડોલા પ્રદેશ તદ્દન અજાણ્યો પ્રદેશ હતો. ત્યાં કોઈની ઓળખાણ પણ ન હતી. આફ્રિકાના આગેવાન હરિભક્ત બેચરકાકા કહે, 'આવી અજાણી જગ્યાએ આપણે જવું નથી.' તો બાપા કહે, 'આપણે જવું છે.' પછી કાકાજીને કહે, 'તમે અંબાલાલ પટેલ અને શાંતાબેન પોપટને લઈને જાવ.' અંબાલાલ પટેલ કહે, 'મારે જવાની સગવડ થાય એવું નથી. દાદુભાઈ, તમે એકલા જાવ.'

નક્કી કરેલા સમયે કાકાજી નૈરોબીથી પ્લેનમાં અંડોલા જવા નીકળ્યા. ખિસ્સામાં ફક્ત ૨૦ પાઉન્ડ જ હતા. અંડોલામાં એક સુરતી પટેલ કરીને ભાઈ હતા. એમને ત્યાં ઘણા ભારતીયો ઊતરતા. અંડોલામાં તેઓ ખૂબ જાણીતા હતા. તેથી નીકળતા પહેલાં બેચરકાકાએ એમને તાર કર્યો હતો કે તમારે ત્યાં દાદુભાઈ પટેલ ઊતરવાના છે. તો કોઈને લેવા મોકલજો. સાંજે ૬ વાગે પ્લેન અંડોલા ઊતર્યું. airport પર ઊતરી કાકાજીએ જોયું તો કોઈ લેવા આવ્યું ન હતું. એટલે કાકાજી airportથી બસ પકડીને નજીકના ગામમાં ગયા. સાંજના ૭ વાગી ગયા હતા અને શનિવારનો દિવસ હતો. કાકાજીએ ઉતારાની તપાસ કરી પણ કંઈ સગવડ થઈ નહીં. આખરે કાકાજી ત્યાંની એક હૉટેલમાં ગયા. હૉટલવાળો કહે, અહીં રહેવાના રોજના ૩ પાઉન્ડ છે. આમ તો અમે indiansને ઉતારો આપતા નથી. પણ તમે બહારગામથી આવ્યા છો એટલે તમને બે દિવસ રહેવા દઈશું, બાકી અહીં તો ફક્ત યુરોપીયનો જ ઊતરે છે. આસપાસમાં બીજી હૉટલ તો હતી નહીં અને રોજના ૩ પાઉન્ડ તો ફક્ત રહેવાના જ. ખાવા–પીવાનો ખર્ચો તો જુદો. એટલે ત્રણ દિવસમાં તો સાથે લાવેલા ૨૦ પાઉન્ડ ખલાસ થઈ જાય. પછી શું કરવું? તેથી કાકાજી હૉટલમાંથી પોતાની બૅગ લઈને પાછા રસ્તા પર આવીને ઊભા રહ્યા.

હવે શું કરવું ને ક્યાં જવું તે સૂઝતું ન હતું. સાંજ ઢળી ગઈ હતી ને અંધારું થવા માંડ્યું હતું. તેથી કાકાજીએ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... હે મહારાજ, તમારે અર્થે આવ્યા છીએ. બધું ગોઠવી દેજો.' એમ ભજન શરૂ કર્યું. થોડીવાર થઈ ત્યાં એક ગુજરાતી ભાઈ ત્યાંથી પસાર થયા. કાકાજીએ એમને પૂછ્યું, 'ભાઈ, અહીંથી સુરતી

પટેલને ફોન કે તાર થાય કે નહીં?' એમ કહી એમને બધી વાત જણાવી. એ ભાઈ કહે, 'સુરતી પટેલ તો અહીંથી ૧૫૦ માઈલ દૂર રહે છે. આજે શનિવાર છે એટલે બપોરે ૧૨ વાગે ઑફિસેથી નીકળી ગયા હશે તેથી તમારો તાર એમને મળ્યો નહીં હોય. તમારે એમને ત્યાં જવું હોય તો તમને એમનું address આપું. ચાલો, મારી દુકાને.' એમ કહી કાકાજીને એમની દુકાને લઈ ગયા. પછી કહે, 'તમને સુરતી પટેલના એક સગા છે તેમને ત્યાં ટેલિફોન કરાવડાવું. એ એમને વાત કરશે.' કાકાજી એ ભાઈની સાથે ટેલિફોન કરવા ગયા. તેઓએ કાકાજીને પૂછ્યું, 'ક્યાંથી આવો છો?' કાકાજી કહે, 'અમે નૈરોબીથી આવીએ છીએ. મહેળાવના અમારા શાસ્ત્રીજી મહારાજના શિષ્ય યોગીજી મહારાજ આવવાના છે. તેથી બધો કાર્યક્રમ ગોઠવવાનો છે.' આ સાંભળી એ ભાઈ કહે, 'અરે મહેળાવના? ત્યાં તો મારા કાકા ચંદુભાઈ રહે છે. મંદિરની બાજુમાં જ એમની દુકાન છે.' પછી કાકાજીને કહે, 'હવે તો તમને મારે ઘરે જ લઈ જઉં, ચાલો.' કાકાજીએ આનાકાની કરી પણ એ ભાઈ આગ્રહપૂર્વક કાકાજીને પોતાના ઘરે લઈ ગયા.

કાકાજીએ ઘરમાં પગ મૂક્યો ત્યાં તો ઘરમાં બેસેલ એક છોકરી કાકાજીને જોતાવેંત મોટેથી બોલી ઊઠી, 'ઓ દાદુલાલ, તમે અહીં ક્યાંથી?' આ સાંભળી કાકાજી મનમાં કહે, 'ઓ સાલા! આ દાદુલાલ ક્યાંથી આવ્યા?' પેલી છોકરી કાકાજીને કહે, 'હું નડિયાદના દેસાઈ વગાની પાંચકૂવા પાસે રહેનારી છોકરી. તમારા લગ્નમાં હું આવેલી ને?' અચાનક અહીં નડિયાદની ઓળખાણ નીકળી એટલે કાકાજી અચરજ પામી ગયા. ક્યાં આફ્રિકાનો એ અજાણ્યો પ્રદેશ અંડોલા અને ક્યાં કાકાજીનું નડિયાદ? કાકાજીના અંતરમાં એક જ અવાજ ઊઠ્યો, 'વાહ બાપા વાહ!'

પછી તો તે કહે, 'હવે અમે તમને જવા જ ન દઈએ.' એમ કહી શીરો-પૂરી ને બીજી સરસ રસોઈ બનાવી કાકાજીને જમાડ્યા. એમની બે મોટરો હતી તેથી કાકાજીને બધે મોટરમાં ફેરવ્યા. કાકાજીને એક પૈસો પણ ખરચવો ન પડ્યો. અંડોલામાં યોગીબાપાની પધરામણીનો કાર્યક્રમ સરસ રીતે ગોઠવાઈ ગયો. એ પછી તેઓ જ કાકાજીને લુસાકા લઈ ગયા.

### ★ લુસાકા, લીવીંગ્સ્ટન...

લુસાકામાં કાકાજી કરસમદના આશાભાઈને મળ્યા. તેઓ કાકાજીના ખૂબ નજીકના સગા હતા. તેમની પાસે પણ મોટર હતી. તેથી કાકાજીને મોટરમાં જ બધે ફેરવે. લુસાકામાં નડિયાદના લાખાવાડમાં રહેતા નરસિંહમામાની છોકરી ભક્તિ કાકાજીને મળી ગઈ. કાકાજી એને ઓળખે નહીં પણ એ કાકાજીને ઓળખે. એ રોજ ૨ પાઉન્ડ

કાકાજીને ભેટ આપે ને બધો ખર્ચો પણ એ જ આપે. કાકાજીને તો એક પૈસો પણ ખરચવા ના દે. મોટે ભાગે તો કાકાજી બધે મોટરમાં જ જાય પણ જ્યાં મોટર જઈ ન શકે ત્યાં કાકાજી બે–બે માઈલ ચાલીને જાય. રોજ ૨૫ માણસને મળે, પ્રેસવાળાને મળે, ત્યાંના પ્રેસિડન્ટને મળે, મીટિંગ ગોઠવે, પેમ્ફલેટ છપાવે, લીસ્ટ બનાવે, બધી નોંધ કરે. પ્રેસવાળાને યોગીબાપાના કાર્યક્રમની બધી જ વિગત આપે. કાકાજી આમ ૧૬–૧૬ કલાક કામ કરતા. આળસનું તો નામ નહીં, આરામ તો બિલકુલ મળે જ નહીં. છતાં પણ બાપાની સેવા માટેની ધગશમાં જરાય મોળા પડે નહીં.

લુસાકાથી આશાભાઈ કાકાજીને પોતાને ઘેર લીવીંગ્સ્ટન લઈ ગયા. તેઓ એમનાં પત્ની તારાબેન સાથે ત્યાં રહેતા હતા. અહીં પણ કાકાજી બધાને મળતા, કાર્યક્રમો ગોઠવતા. આવી જ દોડભાગમાં એક દિવસ કાકાજીના બૂટની એડી નીકળી ગઈ અને બૂટ તૂટી ગયા. હવે શું કરવું? કાકાજી તો ૨૦ પાઉન્ડ લઈને જ નીકળ્યા હતા. એ જો બૂટ લેવામાં ખર્ચી નાખે તો હવે પછીના ખર્ચા ક્યાંથી કાઢવા? એટલે પછી તો સવારની પૂજામાં કાકાજી ધૂન કરવા બેસી ગયા. 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... જોગી મહારાજ... જોગી મહારાજ... બૂટ લાવો... બૂટ લાવો...' કાકાજી ત્યાં રોજ અડધો કલાક ભજન–પૂજા–સ્વાધ્યાય અચૂક કરતા.

થોડી વાર પછી આશાભાઈની નજર કાકાજીના તૂટેલા બૂટ પર પડી. એટલે તેઓ કાકાજીને નવા બૂટ અપાવવા એક દુકાને લઈ ગયા. કાકાજી કહે, 'મારે ચંપલ લેવા છે.' તો આશાભાઈ કહે, 'ચંપલ અહીં ના પહેરાય.' પછી કાકાજીને કહે, 'મારે તમને એક ભેટ આપવી છે.' કાકાજી કહે, 'કેમ?' તો કહે, 'મારી પત્ની તારા મારું કહ્યું માનતી નથી તો એને સમજાવો.' કાકાજી કહે, 'આજે જ કહી દઉં.' આથી રાજી થઈ આશાભાઈ કહે, 'મારે તમને ૧૮ પાઉન્ડવાળા બૂટ ભેટ આપવા છે.' કાકાજી કહે, 'એવા મોંઘા ૧૮ પાઉન્ડના બૂટ મારે ન જોઈએ. મને તો ૬ પાઉન્ડવાળા સાદા બૂટ જ અપાવો.' એમ કહી કાકાજીએ ૬ પાઉન્ડવાળા સાદા બૂટ લીધા. કાકાજી કહે, '૧૮ પાઉન્ડવાળા (એ જમાનામાં લગભગ ૩૦૦–૪૦૦ રૂ.ના થાય) બૂટ તો ખૂબ જ મુલાયમ અને ઓરીજીનલ ચામડાના હતા. પણ મેં કહ્યું મારે ન જોઈએ. તેઓ મને ૧૮ પાઉન્ડવાળા મોંઘા બૂટ અપાવતા હતા. તેથી શું મારે લઈ લેવાના? મેં તો સાદા બૂટ જ લીધા.'

બીજે દિવસે કાકાજીએ આશાભાઈની પત્ની તારાબેનને સમજાવ્યાં કે, 'તારે તારા પતિ સાથે એમની મરજી મુજબ વર્તવાનું અને એમની સાથે લડવું નહીં.' કાકાજીએ કોઈ કરામત એને બતાવી હશે. તેથી એ ખુશ થઈ ગઈ. આ વાત જાણીને આશાભાઈ પણ બહુ ખુશ થયા. આમ કાકાજીએ બન્ને વચ્ચે મનમેળ કરાવી દીધો.

તારાબેનને ફિલ્મો જોવાનો બહુ શોખ. દરરોજ એકલા ફિલ્મ જોવા જાય. કોઈવાર તો એક સાથે બે ફિલ્મ જુએ. એક ૩ થી ૬ ને બીજી ૬ થી ૯ના showમાં જોવા જાય.

એક દિવસ એ કાકાજીને કહે, 'તમારે મારી સાથે પિક્ચર જોવા આવવું પડશે.' કાકાજી કહે, 'હું ના આવું.' એટલે આશાભાઈ કાકાજીને કહે, 'જાઓને હવે, તમારે જવામાં શો વાંધો છે?' કાકાજી કહે, 'અમારા સ્વામિનારાયણમાં રિવાજ છે. એકલા જવું નહીં. હંમેશા સાથે કોઈને લઈને–જોડમાં જ જવું.' આમ કહી કાકાજીએ નમ્રતાપૂર્વક ના કહી દીધી. કાકાજી કહે, 'મને રિદ્ધિ–સિદ્ધિ અને અલૌકિક ભૂમિકાની સામેથી ઑફર આવે તો પણ હું એ સ્વીકારું નહીં.'

આમ લુસાકા, લીવીંગ્સ્ટન વગેરે ૧૪ કેન્દ્રોમાં કાકાજી ફર્યા અને પાછા અંડોલા આવ્યા. ત્યાંથી તેઓ બ્લેન્ટાયર જવા નીકળ્યા.

❃ ❃ ❃

### ★ બ્લેન્ટાયર...

અંડોલાથી બ્લેન્ટાયર જવા માટે દર બુધવારે ત્યાંના નેટીવ (સ્થાનિક રહેવાસી) માટે એક પ્લેન જતું હતું. નેટીવને એ ફક્ત ૩ પાઉન્ડમાં જ લઈ જાય અને બાકીના દિવસે બીજા બધાને ૧૪ પાઉન્ડમાં લઈ જાય. બુધવારે જવામાં ત્યાંના ફક્ત નેટીવો જ હોય તેથી એ દિવસે બીજા કોઈ જાય નહીં. કાકાજી કહે, 'આપણી બ્લેક ચામડી એટલે આપણે પણ નેટીવમાં જ ગણાઈએ.' તેથી કાકાજી ૩ પાઉન્ડની ટિકિટ લઈ પ્લેનમાં બ્લેન્ટાયર ગયા. ત્યાં જરૂરી બધાં કામ પતાવી, બધાંને મળીને પાછા અંડોલા આવ્યા. કારણ કે યોગીબાપા સૌથી પહેલા અંડોલા આવવાના હતા. ત્યાં એમનો બધો કાર્યક્રમ ગોઠવાઈ ગયો હતો.

જેવા કાકાજી અંડોલા આવ્યા કે તેમને તાર મળ્યો કે યોગીબાપા સામે વકીલ પ્રકરણ નિમિત્તે નોટિસ નીકળી છે અને સ્વામીને પકડવાના છે. તેથી બાપા અંડોલા ન આવતાં સીધા જ ૯૦૦ માઈલ દૂર બ્લેન્ટાયર આવી રહ્યા છે. માટે તમે બ્લેન્ટાયર આવી જાઓ. કાકાજી અંડોલા આવ્યા ત્યારે એમની પાસે ફક્ત ૪ પાઉન્ડ જ બચ્યા હતા. આટલું બધું ફર્યા એટલે થોડો ખર્ચો પણ થયો હતો.

સ્વામીજીનો તાર આવ્યો કે તેઓ ગુરુવારે આવી રહ્યા છે. અંડોલાથી દર બુધવારે સસ્તી ટિકિટવાળું પ્લેન બ્લેન્ટાયર જતું હતું. તેથી કાકાજીએ વિચાર્યું કે બુધવારે તો પહોંચી જવાશે. એટલે વાંધો નહીં આવે. કાકાજી પ્લેનની ૩ પાઉન્ડની ટિકિટ લેવા ગયા પણ ટિકિટો તો બધી જ બુક થઈ ગયેલી. કાકાજીને waiting listમાં ટિકિટ મળી. ૧૪મો કે ૧૫મો નંબર હતો. તેમને મૂકવા આવનાર આશાભાઈ કહે, 'આજે તમને ટિકિટ મળે એમ લાગતું નથી.' કાકાજી કહે, 'મળશે! યોગીબાપાની મરજી હશે તો ટિકિટ મળશે.' પછી કાકાજીએ ધૂન કરી બાપાને પ્રાર્થના કરી.

બ્લેન્ટાયરમાં મુસલમાનોની ખૂબ વસ્તી હતી. એ દિવસે ત્યાં ઈદ હતી. પણ ચાંદ દેખાયો નહીં. તેથી ઈદનો તહેવાર રદ કરવામાં આવ્યો અને પ્લેનની બધી ૨૦ ટિકિટો કૅન્સલ થઈ ગઈ તેથી કાકાજીને ટિકિટ મળી ગઈ અને તેઓ બ્લેન્ટાયર પહોંચી ગયા!

યોગીજી મહારાજ અંડોલા જવાને બદલે સીધા જ પ્લેનમાં બ્લેન્ટાયર આવ્યા. airport પર customsમાંથી બહાર નીકળતાં ત્યાંના એક ભારતીય ઑફિસરે બાપાને અટકાવ્યા અને કહ્યું, 'આ તમારું પોટલું ખોલો, મારે જોવું છે કે એમાં શું છે.' આ સાંભળી બાપા સાથે આવેલ ત્યાંના આગેવાન હરિભક્ત બેચરકાકાએ ઑફિસરને કહ્યું, 'આ મારા ગુરુજી છે. એમનું પોટલું નહીં જોવાનું.' પેલો ઑફિસર કહે, 'ના, મારે તો જોવું જ પડે. દરેકનો સામાન જોવાની અમારી ફરજ છે.' બેચરકાકા કહે, 'એ ન ખોલાય.' તો પેલો ઑફિસર કહે, 'ના, હું તો ખોલીશ જ.' આમ બન્નેમાં તકરાર થઈ ગઈ. એ વખતે બેચરકાકાનો મિજાજ બહુ જબરો. એમને ત્યાંના high commissioner જોડે ઓળખાણ હતી. તેથી તેઓ કહે, 'તને હમણાંને હમણાં dismiss કરાવી દઈશ.' એમ કહી બેચરકાકા commissionerને ફોન કરવા ગયા.

યોગીબાપાને airport પર લેવા આવેલ કાકાજી આ બન્નેનો વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. બેચરકાકા ગયા એટલે કાકાજી પેલા ઑફિસર પાસે આવ્યા અને પ્રેમથી એમને કહ્યું, 'સાહેબ, this is the question of sentiment. આ ભાવનાની વાત છે. એટલે જ તેઓ આમ બોલી ગયા. પણ એ નથી સમજતા કે In what tone you are talking.' એટલે એ સાહેબ કહે, 'Is he my boss? હું એમનું બધું જ તપાસીશ.' એટલે ફરીથી કાકાજીએ એને કહ્યું, 'સાહેબ, It is my request. This is the question of sentiments.' એટલે એ ઑફિસર કહે, 'He should understand, he should learn, don't allow him to meet me here.' એ પછી કાકાજીને એક તરફ બોલાવીને કહે, 'Come here, tell me what do you want?' એટલે કાકાજી યોગીબાપાને બતાવીને કહે, 'He is our Guruji, he is Holy Father.' આ સાંભળી એ ઑફિસર જરા નરમ પડ્યો અને એણે કહ્યું, 'Alright!' એમ કહી એણે પોતાની જીદ છોડી દીધી અને યોગીબાપાનું પોટલું તપાસ્યા વગર airportની બહાર જવા દીધા.

આ બાજુ બેચરકાકાએ high commissionerને ફોન કરીને ફરીયાદ નોંધાવી દીધી. બેચરકાકાનો ત્યાં રૂઆબ બહુ એટલે ત્રીજે જ દિવસે એમનો high commissioner મિત્ર મોમ્બાસાથી આવ્યો અને એ ઑફિસરને ખૂબ વઢ્યો ને કહે, 'He is talking for Indian public. એમના Holy Manનું આવું અપમાન કર્યું! you are transfered with immidiate effect.' એટલે પેલા ઑફિસરે તેમની માફી માંગી. પણ high commissionerએ તેની એકપણ વાત સાંભળી નહીં.



આફ્રિકા ધર્મયાત્રા માટે પ્રસ્થાન

કાકાજી અને અરૂણભાઈ દવે (હાલ પૂ. ઈશ્વરચરણસ્વામી, BAPS)



આફ્રિકાના વિચરણમાં કાકાજી અને વડીલ હરિભક્તો



આફ્રિકા જતાં સ્ટીમરની કૅબિનમાં કાકાજી



**આફ્રિકા વિચરણમાં**

**યોગીજી મહારાજ સાથે કાકાજી, બેચરકાકા, નારણસિંગ અને વડીલ હરિભક્તો**



**'અક્ષરધામના તખત પર વિરાજમાન ઘનશ્યામ મહારાજ આજે યોગીજી મહારાજમાં પ્રગટ છે.'**

**યોગીજી મહારાજના પ્રાગટ્ય મહોત્સવમાં માહાત્મ્ય દર્શન કરાવતાં કાકાજી**



યોગીજી મહારાજ સાથે વિચરણમાં કાકાજી



'જેની અમૃતવાણી તો વહી રહી સાક્ષાત્ મહિમારૂપે...'

કાકાજીની માહાત્મ્યસભર વાણીમાં તરબોળ યોગીજી મહારાજ, મોટાસ્વામી, પ્રમુખસ્વામી અને સભાજનો

એટલે તેણે કાકાજીને આજીજી કરી ને કહ્યું, 'આવું કરવાનું?' કાકાજી એને કહે, 'ત્યાં જવામાં તમને કંઈ વાંધો છે?' એટલે એ કહે, 'ત્યાંને બદલે મને અહીં જ રહેવા દોને.' કાકાજી કહે, 'સારું એમ કરશું.' પછી કાકાજીએ બેચરકાકાને સમજાવ્યા અને કહ્યું, 'બેચરકાકા, આવું બધું આપણને સારું ન લાગે.' તેથી બેચરકાકા માની ગયા અને એ ઑફિસરની transfer કૅન્સલ કરાવી. આથી એ ઑફિસરે કાકાજીનો ખૂબ ગુણ લીધો.

❋ ❋ ❋

### ★ સાઉથ આફ્રિકા...

કાકાજીએ એકલે હાથે વગર પૈસે કેવળ પ્રભુના જ બળે Rhodesiaના ૧૫ કેન્દ્રોમાં ફરીને યોગીબાપાના બધા જ કાર્યક્રમો ગોઠવી દીધા. તેથી યોગીબાપા તેમના પર ખૂબ રાજી થઈ ગયા. બધાં કામ પતાવીને કાકાજી જ્યારે બ્લેન્ટાયર બાપાને મળવા આવ્યા ત્યારે બાપા કહે, 'હું તમારા પર બહુ જ રાજી છું, બહુ જ રાજી છું, હું શું કરું તમારા માટે?' કાકાજી કહે, 'બાપા, મારાં અહોભાગ્ય માનું છું કે આ સેવા હું કરી શક્યો છું. પ્રલોભનો તો બહુ મળ્યાં પણ આપની કૃપાથી એમાં લેવાયો નથી, અભિમાન આવ્યું નથી. આવી ને આવી કૃપા હંમેશાં રાખજો. કદી પણ ઐશ્વર્યપ્રતાપમાં લેવાઈએ નહીં.' આમ ખૂબ કાકલૂદીભરી પ્રાર્થના કાકાજીએ બાપાને કરી.

એ પછી બ્લેન્ટાયરમાં કાકાજી બધા હરિભક્તોને મળ્યા. તેમના વ્યાવહારિક કામોમાં પણ તેમને માર્ગદર્શન આપ્યું. ત્યાંના મોટેરા હરિભક્ત હરમાનભાઈને તેમના વેવાઈ સાથે કંઈક ગેરસમજ થઈ હતી. કાકાજીએ એ બન્ને વચ્ચે સુલેહ કરાવી આપી. તેથી હરમાનભાઈએ રાજી થઈ ૪૦ હજાર રૂપિયાની મોટી સેવા આપી. એ પછી કાકાજી બાપા સાથે દક્ષિણ આફ્રિકા ગયા.

દક્ષિણ આફ્રિકામાં બાપાનો એક જગ્યાએ કાર્યક્રમ ગોઠવાયો હતો. તેમાં કાકાજીએ કહ્યું હતું કે અમારા બાપા બહેનો સાથે વાત કરતા નથી માટે બહેનોએ દૂર રહેવું. કંચન અને કામિનીના ત્યાગી યોગીબાપા તો સ્ત્રીઓ સામું જુએ પણ નહીં. તેથી ત્યાંના સ્ત્રી સમાજે એ કાર્યક્રમનો બહિષ્કાર કર્યો અને ત્યાંની સંસ્થાના પ્રમુખને પણ આ અપમાન જેવું લાગ્યું. તેમણે કાકાજીને કહ્યું, 'તમે બધા હોશિયાર છો, બુદ્ધિશાળી છો, ખૂબ કમાતા પણ હશો. અમે તો બહારથી આવેલા અભણ છીએ પણ તમારા ગુરુ અમારાં બૈરાંઓ જોડે વાત પણ ન કરે એ કેવું?' એટલે કાકાજીએ પોતાની આવડત અને કુનેહથી એને સમજાય એમ કહ્યું, 'જુઓ, અમારા બાપાએ ૧૬ વર્ષની ઉંમરે સાધુની દીક્ષા લીધી તેથી નિયમ મુજબ બૈરાંઓને જોતાં જ નથી. હવે પછી અમે એવી વ્યક્તિ લાવીશું કે જે એ તમારાં બૈરાંને વાત કરશે.' પેલા ભાઈ કહે, 'અચ્છા, એવું

છે?' તો કાકાજી કહે, 'ખરેખર એવું છે.' એટલે એ ભાઈ માની ગયા અને બીજે દિવસે બાપાની સભા થઈ અને તેમાં ત્યાંના સ્ત્રી સમાજે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આમ ખૂબ કુશળતાથી કાકાજીએ મામલો શાંત પાડી દીધો.

આફ્રિકાના સમગ્ર વિચરણ દરમ્યાન કાકાજીને તનની–મનની–ધનની તમામ પ્રકારની મુશ્કેલીઓ આવી પરંતુ તે બધામાં કેવળ બાપા તરફ જ દૃષ્ટિ રાખી ધૂન–ભજનનો જ આશરો લીધો. સંજોગો સાનુકૂળ થયા તો પણ ક્યાંય પોતાની આવડત કે હોશિયારીનું રંચમાત્ર પણ જાણપણું રાખ્યું નહીં. જે સફળતા મળી એનો સંપૂર્ણ યશ બાપાને જ આપ્યો. વળી જેમની સાથે કામ કરવાનું થયું એ વ્યક્તિને, એના પરિવાર અને સમાજને એમની રીતે સાનુકૂળ થઈ ગયા તો સહુને તેમનો અને યોગીબાપાનો ખૂબ ગુણ આવ્યો અને જે કાર્ય માટે બાપાએ એમને આફ્રિકા મોકલ્યા હતા તે વ્યવસ્થિત રીતે પાર પાડી બાપાનો અંતરનો રાજીપો પ્રાપ્ત કરી લીધો. સફળ આયોજન કે વ્યવસ્થા તો ઘણા કરી શકે પરંતુ કેવળ પ્રભુ તરફ જ દૃષ્ટિ રાખીને ગુરુની મરજીને જ કેન્દ્રમાં રાખી વર્તનારા કાકાજી જેવા બીજા કોણ મળે? એથી જ યોગીબાપાએ પોતાની તમામ યોજનાઓમાં કાકાજીને મુખ્ય સૂત્રધાર તરીકે સેવા સોંપી હતી. એ એમનો કાકાજી પર કેવો ભરોસો!

## ૨૩. સિદ્ધોનો નહીં, સ્વરૂપનો જ ભાર...

પ.ભ. ચંદ્રકાંતભાઈ દેસાઈની દવાની દુકાન 'Patel Rubee & Company'માં એક દિવસ વિભૂતિજ્યોતિ નામે એક જ્યોતિષાચાર્ય કોઈ દવા લેવા માટે આવ્યા હતા. તેમણે દુકાનમાં યોગીજી મહારાજનો ફોટો જોયો એટલે ચંદ્રકાંતભાઈને પૂછ્યું કે, 'આ કોણ છે?' તો તેમણે કહ્યું, 'આ અમારા ગુરુજી છે.' એટલે એમણે ફરીથી પૂછ્યું, 'આ તમારા ગુરુજી મને મળી શકે?' ચંદ્રકાંતભાઈ કહે, 'ના, એ તો અત્યારે ગોંડલ છે.'

શ્રી વિભૂતિજ્યોતિ ૬૦ વર્ષની ઉંમરના હતા. તેમણે ૧૨ વર્ષ સાધના કરી હતી અને બધાના મનના વિચારો અને સંકલ્પો કહી દેવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. એમની પાસે આવેલ દરેકના વિચાર એ કહી દેતા. એમના કહેવા પ્રમાણે એમના ૩ લાખ શિષ્યો હતા. મુંબઈમાં તેઓ લાલભાઈ શેઠને ત્યાં ઊતર્યા હતા. લાલભાઈએ મોટરની એક agency લીધેલી તેથી એમને વિભૂતિજ્યોતિના આશીર્વાદ લેવા હતા.

એક દિવસ ચંદ્રકાંતભાઈ કાકાજીને અને એમના ભાગીદાર રાનડેને વિભૂતિજ્યોતિને મળવા લાલભાઈ શેઠને ત્યાં લઈ ગયા. ત્યાં આપણા હરિભક્ત હરમાનભાઈ પણ હતા. ચંદ્રકાંતભાઈએ કાકાજી અને રાનડેને વિભૂતિજ્યોતિની ઓળખાણ કરાવી. રાનડેના

મનમાં તેમને વિશે કંઈક વિચાર આવ્યો એટલે તરત તેમણે રાનડેને કહ્યું, 'રાનડે સા'બ, તુમ હમારે બારે મેં ઐસા વિચાર ક્યું કરતા હૈ?' પોતાના વિચારો વિભૂતિજ્યોતિએ કહી દીધા એટલે રાનડેને એમનો ખૂબ જ ભાર પડી ગયો. લાલભાઈ શેઠને ત્યાં યોગીબાપાના ફોટા ઉપર ગુલાબનાં ફૂલ મૂક્યાં હતાં. કાકાજીએ તો ત્યાં ધૂન ચાલુ કરાવી. વિભૂતિજ્યોતિ તો નાદબ્રહ્મમાં બહુ માને એટલે એ પણ એમાં લય થઈ ગયા. થોડીવાર થઈ ત્યાં બાપાના ફોટા પરથી બે ફૂલ એમના પર પડ્યાં અને એમને બાપાનાં દર્શન થયાં એટલે એમણે કાકાજીને કહ્યું, 'Your Guruji is calling me to Gondal.' (તમારા ગુરુજી મને ગોંડલ બોલાવે છે.) એટલે કાકાજી કહે, 'Come on, then we will go to Gondal.' (ચાલો, તો આપણે ગોંડલ જઈએ.)

આમ ગોંડલ જવાનું નક્કી થયું એટલે એક દિવસ કાકાજી, રાનડે અને હરમાનભાઈ વિભૂતિજ્યોતિને લઈને ટ્રેનમાં ગોંડલ જવા નીકળ્યા. ગાડીમાં રાનડે કાકાજીને કહે, 'અરે, એ તો માસ્ટરમૅન હૈ, સબ કુછ જાનતા હૈ.' રાનડે અને હરમાનભાઈને એનો બહુ ભાર પડી ગયો. કાકાજી કહે, 'આ બધા તો ઠીક, પણ આપણા યોગીજી મહારાજ તે યોગીજી મહારાજ. જુઓ, એ મારા વિચારો નહીં કહી શકે, મારા સંકલ્પો પણ નહીં કહી શકે.' એ બન્નેની હાજરીમાં કાકાજીએ વિભૂતિજ્યોતિને કહ્યું, 'આપ હમારા વિચાર બોલો તો?' તો એ કહે, 'નહીં, નહીં, આપ તો આધ્યાત્મિક હો, This is only a siddhi (આ તો ફક્ત એક સિદ્ધિ છે). આપકી બાત અલગ હૈ.' આ સાંભળીને રાનડેને એનો ભાર થોડો ઓછો થયો. ફરીથી કાકાજી રાનડેને કહે, 'તારે જોવું છે? બોલ. આની કોઈ કિંમત નથી.' એટલે રાનડે કહે, 'હા, મારે જોવું છે.' એટલામાં ટ્રેન વિરમગામ આવી પહોંચી. ટ્રેનમાં એક બાવો હતો. એણે એનું પોટલું એક બાજુ મૂક્યું હતું. વિભૂતિજ્યોતિનું પોટલું જાજરૂ (Toilet) પાસે મૂકેલું હતું. એમણે ત્યાંથી પોતાનું પોટલું લઈ એની જગ્યાએ એ બાવાનું પોટલું મૂકી દીધું અને બાવાની જગ્યાએ પોતાનું પોટલું મૂકી દીધું. થોડીવાર થઈ એટલે પેલો બાવો આવ્યો. એણે જોયું તો એનું પોટલું જાજરા પાસે પડ્યું હતું. એટલે એણે પૂછ્યું, 'કીસને યે બદલા?' એટલે વિભૂતિજ્યોતિ કહે, 'હમને બદલા.' એટલે બાવો કહે, 'ક્યું બદલા?' એટલે વિભૂતિજ્યોતિ એની ઉપર ગુસ્સે થઈ ઝઘડો કરવા લાગ્યા અને છેવટે મારામારી પર આવી ગયા. આ જોઈ રાનડેને એમનો જે ભાર હતો એ નીકળી ગયો.

વિભૂતિજ્યોતિને લઈને કાકાજી ગોંડલ આવ્યા પણ તે વખતે બાપા રાજકોટ ગયા હતા. તેથી તેઓ બાપાને મળવા રાજકોટ ગયા અને બાપા સાથે કાકાજીએ એમની ઓળખાણ કરાવી. યોગીબાપા તો સર્વજ્ઞ પુરુષ હતા. આ વિભૂતિજ્યોતિને તેઓ તત્ત્વે કરીને જાણતા હતા. તેથી બાપાએ શ્રીજીમહારાજની એક ચોપડી કાઢી. ચોપડી અંગ્રેજીમાં હતી. બાપા કાકાજીને કહે, 'વાંચો.' કાકાજી કહે, 'આ તો અંગ્રેજીમાં છે.'

બાપા કહે, 'હા, હા, મને ખબર છે.' કાકાજીએ ચોપડી ખોલી તો પાના નં. ૧૯૦ પર એક ફકરો હતો. એમાં શ્રીજીમહારાજ પરમહંસોને કહે છે કે, 'આવા રાનવાને મારી પાસે લાવો છો શું કરવા? તમારે લઈને આવા અડબંગાઓને અહીં બેસવા દઉં છું. એ મારી કૃપા છે. બાકી એમનો અહીં બેસવાનો અધિકાર નથી.' એવું એ ચોપડીમાંથી નીકળ્યું. કાકાજી તો આ વાંચીને અચરજ પામી ગયા.

તે વખતે યોગીબાપા આફ્રિકાથી આવ્યા હતા તેથી રાજકોટમાં એમનો સત્કાર સમારંભ રાખ્યો હતો. એમની શોભાયાત્રા પણ કાઢી હતી. યોગીબાપાને શણગારેલી ઘોડાગાડીમાં બેસાડ્યા હતા. બાપાએ પોતાની બાજુમાં વિભૂતિજ્યોતિને બેસાડ્યા. યોગીબાપા એને માન આપે એટલે એને તો બહુ જ ગમી ગયું. બાપા તો આંખ મીંચીને માળા ફેરવતા હતા. ત્યાં વિભૂતિજ્યોતિને શરીરમાં જાણે કરંટ પસાર થયો હોય એવો અનુભવ થયો અને યોગીબાપાનું એક અલૌકિક દર્શન થયું. એ પછી એમણે સ્વામિનારાયણ પ્રકાશ માસિકમાં એક લેખ લખ્યો હતો. એમાં પોતાનો અનુભવ લખ્યો હતો કે આ યોગીજી મહારાજ પ્રભુ છે. અને આ દાદુભાઈ એમના જમણા હાથ સમાન છે. એમની ધૂનને લઈને મને યોગીબાપાનાં દર્શન થયાં હતાં.

કાકાજી કહે, 'આપણને યોગીબાપા આવા વિભૂતિજ્યોતિ જેવાઓ મારફતે અંતર્દષ્ટિ કરાવે છે કે તમને સર્વોપરીપણાનો ભાવ હજુ બેસતો નથી ને આવાઓનો જે ભાર પડે છે એ તમારી નિષ્ઠાની કચાશ છે.'

## ૨૪. બ્રહ્મવિદ્યા અજમાવી...

એક દિવસ તારદેવ મંદિરના હૉલમાં એક હોલો (કબૂતર જેવું એક પક્ષી) આવીને બેઠો. થોડીવાર થઈ એટલે હૉલની બારીમાંથી ઊડી ગયો. પાંચ મિનિટ પછી પાછો એ બારીમાંથી હૉલમાં આવ્યો અને આમતેમ ફરવા લાગ્યો અને ફરી એ બારીમાંથી ઊડી ગયો. આમ વારંવાર એ હૉલમાં આવ-જા કરવા લાગ્યો. કાકાજી સોફા પર વિરાજમાન હતા. એમની નજર એ હોલા પર પડી. થોડીવાર તો કાકાજી હોલાને નીરખતા રહ્યા. એમના મનમાં એક વિચાર આવ્યો કે, 'આપણે બ્રહ્મવિદ્યા સિદ્ધ કરી છે તો લાવો, એને અજમાવી જોઈએ.'

કાકાજીના સોફાની સામે જ બેઠેલા મણીબેનને કાકાજીએ કહ્યું, 'જુઓ, હવે આ હોલો એની જગ્યાએથી હલશે નહીં.' એમ કહી કાકાજીએ હોલા ઉપર દષ્ટિ કરી એટલે અહીંતહીં દોડાદોડી કરનાર હોલો બિલકુલ સ્થિર થઈ ત્યાં જ ઊભો રહી ગયો અને ઘણીવાર સુધી એની જગ્યાએથી બિલકુલ હાલ્યો નહીં. થોડીવાર પછી કાકાજીએ

મણીબેનને કહ્યું, 'હવે એ હલશે.' એટલે હોલો પાછો ફરવા લાગ્યો. મણીબેન તો આશ્ચર્યથી આ દૃશ્ય જોઈ જ રહ્યા. કાકાજીએ કહ્યું, 'જાગાસ્વામીએ નહોતું કહ્યું કે નાડી–પ્રાણ કોના હાથમાં છે?' એમ કહી જાગાસ્વામીના એ અલૌકિક પ્રતાપના પ્રસંગની યાદ દેવડાવી.

જૂનાગઢ મંદિરમાં જાગાસ્વામીની કથાવાર્તાથી હરિભક્તોને ખૂબ સમાસ થવા લાગ્યો અને એમની વાણી સાંભળવા ભક્તોની ભીડ જમા થવા લાગી. બધે જ જાગાસ્વામીના ગુણગાન ગવાતા અને તેમના મહિમાની વાતો થતી. જાગાસ્વામી નીચલા વર્ણના હતા તેથી કેટલાક દ્વેષી સાધુઓથી આ સહન થયું નહીં. તેમણે જીભાઈ કોઠારીના કાન ભંભેરીને જાગાસ્વામીને કથાવાર્તા ને સત્સંગ કરાવતા બંધ કર્યા અને એમને મંદિરના છેવાડેની એક રૂમ આપી દીધી ને કહ્યું, 'તમારે આ રૂમમાંથી બહાર નીકળવાનું નહીં ને કોઈને મળવાનું પણ નહીં.' વળી હરિભક્તોને પણ જાગાસ્વામી પાસે જવાની મનાઈ કરી દીધી. એટલે જાગાસ્વામી એ રૂમમાં જ આખો દિવસ એકલા બેસીને ભજન કર્યા કરતા. આ પરિસ્થિતિ જોઈ તેમના હેતવાળા હરિભક્તો ખૂબ દુખાઈ ગયા હતા. તેઓએ જાગાસ્વામી પાસે આવીને પોતાનું દુઃખ વ્યક્ત કર્યું અને નારાજગી દર્શાવી.

થોડીવાર તો જાગાસ્વામી સહુ હરિભક્તોની વાત સાંભળી રહ્યા. પછી એમણે સામેની ભીંત પર નજર કરી તો અભરાઈ પર એક ઉંદરડી દોડાદાડી કરી રહી હતી. સહુની નજર સામે જાગાસ્વામીએ એના તરફ દૃષ્ટિ કરી એક ચપટી વગાડી એટલે પેલી ઉંદરડી નિશ્ચેતન થઈ નીચે પડી ગઈ. થોડીવાર એ એમ જ પડી રહી. પછી જાગાસ્વામીએ ફરીથી ચપટી વગાડી એટલે ઉંદરડી પાછી જાગ્રત થઈને દોડવા લાગી. પાસે બેસેલા સહુ હરિભક્તો જાગાસ્વામીનો આવો પ્રતાપ જોઈ દંગ થઈ ગયા. જાગાસ્વામી કહે, 'તમે જરા પણ દુઃખી થશો નહીં. બ્રહ્માંડનાં નાડી–પ્રાણ કોના હાથમાં છે?' આ સાંભળી સહુનાં અંતરે હાશ થઈ ગઈ અને સહુ આનંદમાં આવી ગયા.

આ રીતે જાગાસ્વામીના પ્રસંગ દ્વારા કાકાજીએ પણ પોતાના સામર્થ્યનું દર્શન કરાવ્યું અને મણીબેનને અંતરે આનંદ કરાવી દીધો. ક્યારેક પરભાવમાં આવીને ગુણાતીત પુરુષો પોતાના આવા સામર્થ્યનું દર્શન કરાવી હરિભક્તોમાં થોડીક પણ મનુષ્યભાવની લકીર હોય તે ભૂસીને તેમની નિષ્ઠાની દૃઢતા કરાવતા હોય છે. એ તેમની કેવી અઢળક કૃપા!

## ૨૫. સરળતા ત્યાં સાનુકૂળતા...

એક વખત યોગીબાપાએ કાકાજીને ગોંડલ આવવાની આજ્ઞા કરી હતી. કેટલા દિવસ ત્યાં રોકાવાનું હતું એ નક્કી ન હતું. એ વખતે મુંબઈમાં એમની Agri Orient Companyના એક કેસની તારીખ હતી. કાકાજીને એ સમયે કોર્ટમાં હાજર રહેવાનું બહુ જ જરૂરી હતું. કંપનીના વકીલો શ્રી પીરભાઈ અને શ્રી સોમજી બન્ને મુંબઈના ખૂબ જ બાહોશ અને પ્રતિષ્ઠિત મોંઘા વકીલો હતા. તેઓએ કાકાજીને કહ્યું, 'તમે તમારા ગુરુજી પાસે જાઓ છો એટલે જલદી પાછા આવી શકવાના નથી. માટે તમે કહો ત્યારની તારીખ લઈએ.' એટલે કાકાજીએ એમને કહ્યું, 'મારા ગુરુજી કંઈ મહિના સુધી તો મને રાખવાના નથી. માટે મહિના પછીની તારીખ લઈ લો.' આમ કહી કાકાજી ગોંડલ જવા નીકળી ગયા.

કાકાજીને એવો ખ્યાલ હતો કે એક મહિના જેટલો લાંબો સમય તો બાપા એમને રોકશે નહીં અને થોડા દિવસોમાં જ પાછા મુંબઈ આવવા દેશે. કાકાજી ગોંડલ પહોંચ્યા એટલે બાપાએ એમને પૂછ્યું, 'દાદુભાઈ, કેટલા દહાડા અહીં રહેવું છે? કેટલા દિવસનો પ્રોગ્રામ છે?' એટલે કાકાજી સહજ સ્વભાવે બોલ્યા, 'બાપા, આપ જેટલા દહાડા કહેશો એટલા.' તે વખતે કાકાજી વકીલોને મહિના પછીની કેસની તારીખ આપીને આવ્યા હતા એ વાત યોગીબાપાને કરવાની જરૂર લાગી નહીં.

ગોંડલમાં એક પછી એક દિવસો વીતતા ગયા અને મહિનો પૂરો થવા આવ્યો. વકીલે કાકાજીને કહેલું કે આપેલી તારીખના ત્રણ દિવસ પહેલા આવી જજો. પણ અહીં તો મહિનાની આખરી તારીખ આવી તો પણ યોગીબાપા એમને મુંબઈ જવાની રજા આપતા ન હતા અને રોજ દેરીમાં ૨૦૦ પ્રદક્ષિણા કરવા કહેતા. કાકાજી પ્રદક્ષિણા ફરે પણ એમને પેલી તારીખના જ વિચારો આવે. હવે તો છેલ્લો દિવસ આવી ગયો. શું કરું? નહીં જવાય તો તાર કરવો પડે, certificate મોકલવું પડે. શું કરવું એના વિચારમાં કાકાજી હતા ત્યાં યોગીબાપા કહે, 'શું વિચાર કરો છો?' કેસની તારીખના વિચારોને કારણે કાકાજીથી પ્રદક્ષિણા પણ બરાબર ફરાય નહીં. સાથે ભજન ચાલતું હોય પણ મનન તો પેલી કેસની તારીખનું જ થયા કરે. ફરીથી બાપાએ કહ્યું, 'કેમ અહીંથી મનને જવા દીધું? પછી ત્રણ વખત હાથ પછાડીને કહ્યું, 'કોનું ધાર્યું થાય છે? માટે ૨૦૦ પ્રદક્ષિણા પૂરી કરો.' કાકાજી કહે, 'હા બાપા.' આમ કહી કાકાજીએ જેમતેમ પ્રદક્ષિણા પૂરી કરી. બીજે દિવસે સમાચાર આવ્યા કે એક જાણીતા નેતાનું અવસાન થઈ ગયું છે. એટલે કેસની તારીખને દિવસે કોર્ટ બંધ રહેવાથી કેસની તારીખ કૅન્સલ થઈ ગઈ.

આ પ્રસંગની સ્મૃતિ કરતા કાકાજી કહેતાં કે જ્યાં સુધી ગુણમાં રહીને કોઈ કામ કરો છો ત્યાં સુધી દ્વંદ્વ રહેવાનો. એક જગ્યાએ મન total સમર્પિત હોવું જોઈએ.

મોટાપુરુષ પાસે તદ્દન ખુલ્લા અને નિષ્કપટ વર્તો તો તેઓ તો બધા જ સંજોગો સાનુકૂળ કરી આપે. પણ આપણા મનમાં દ્વિધા હોવાને કારણે તેમની પાસે સરળ વર્તાતું નથી. જો સંપૂર્ણપણે સરળ વર્તાય તો જ જાણપણાનો અંત આવી ગુણાતીત જ્ઞાનમાં પ્રવેશ મળે છે.

❀ ❀ ❀

## ૨૬. અક્ષરદેરી પણ ગીરવી મૂકું...

કાકાજીની Agri Orient Company ઉપર સરકારે ૨૪ લાખનો criminal કેસ કર્યો અને ચારેય ડિરેક્ટરો દાદુભાઈ (કાકાજી), બાબુભાઈ (પપ્પાજી), રાનડે અને કાંતિકાકાની ધરપકડ કરી હતી. જામીન ઉપર છોડવા માટે સરકારે પ્રત્યેકના રૂપિયા બે લાખ માંગ્યા. ચારમાંથી કાકાજી અને રાનડેને પૈસાની વ્યવસ્થા કરવા માટે પોલીસ ચોકીની બહાર જવાની મંજૂરી મળી. પપ્પાજી અને કાંતિભાઈ ત્યાં જ બેસી રહ્યા. ૪–૫ કલાકમાં તો કાકાજી અને રાનડે આવી પહોંચ્યા. એમની સાથે કાકાજીના મિત્ર રતનચંદ બાફના આવ્યા હતા. જજમાં જાણે યોગીજી મહારાજનો પ્રવેશ થયો હોય એમ દરેકના ફક્ત ૧૫ હજાર રૂા. જામીન સ્વીકારી રતનચંદ બાફનાના રૂા. ૬૦,૦૦૦/– લખી લીધા ને ચારેય ડિરેક્ટરને જામીન ઉપર છોડ્યા.

તેઓ સીધા કપોળવાડીમાં બાપા પાસે પહોંચ્યા. યોગીબાપા કહે, ‘અહોહો... આજે વહેલા આવ્યા?’ એટલે સાથે આવેલ ચંદ્રકાંતભાઈ બાપાને કહે, ‘બાપા, આ દાદુભાઈની કંપની ઉપર સરકારે ૨૪ લાખનો કેસ કર્યો છે.’ આ સાંભળી બાપા તેઓને ઓરડીમાં લઈ ગયા ને કહ્યું, ‘બધી વાત તો કરો. શું થયું છે?’ કાકાજીએ બધી વાત કરીને કહ્યું, ‘સરકારી ગુનો કહેવાય એટલે સરકારની સામે કેસ લડવામાં વકીલો રાખવા પડે.’ બાપા કહે, ‘આપણે વકીલ રાખવો નથી.’ કાકાજી કહે, ‘બાપા, આપણા વતી લડનાર કોઈ જોઈએ તો ખરુંને? એટલે વકીલ રાખવો પડે.’ એટલે બાપા કહે, ‘રાખવો હોય તો રૂા. ૫૦નો વકીલ રાખવો.’ એટલે કાકાજી અને પપ્પાજીએ હાથ જોડીને કહ્યું, ‘બાપા, આમાં અમારે શું કરવાનું?’ બાપાએ કહ્યું, ‘હાથ હલાવતા જવું ને હાથ હલાવતા આવવું!’

કાકાજીની Agri Orient Company ઉપર ૨૪ લાખનો કેસ થયો એ સમાચાર આખા સત્સંગ સમાજમાં પ્રસરી ગયા. સહુના હૃદયમાં કાકાજીનું અનેરું સ્થાન હતું. તેથી કાકાજી કેસ જીતી જાય તેની ઘણાં મંડળોમાં ધૂન શરૂ થઈ ગઈ. યોગીબાપા મુંબઈમાં હોવા છતાં ધૂનમાં ભાગ લેવા ઘણા હરિભક્તો તારદેવ આવતા. કાકાજી રાતના ૧૧ વાગે બાપા પાસેથી આવતા અને ધૂનમાં બેસતા તેથી વાતાવરણ ભક્તિસભર બની જતું.

કાકાજી ઉપર કેસ થયો તેથી જેવી રીતે ધૂનમાં હરિભક્તો આવીને બેસતા તેવી રીતે આર્થિકરૂપે પણ તેમને મદદરૂપ થવાની ભાવના બતાવી કોઈ સોનાના દાગીના તો કોઈ રૂપિયા લઈને કાકાજી પાસે આવે. એમનો પોતા પ્રત્યેનો ભાવ જોઈને કાકાજીની આંખમાં હર્ષનાં આંસુ આવી જતાં. કાકાજી એમને કહેતા, 'તમારા ભાવ માટે ખૂબ આભાર પણ અમારે આની કાંઈ જરૂર નથી. તમે ભજન કરજો જેથી યોગીબાપાએ જે કારણસર આ કેસ કર્યો છે તેમાં અમે પાસ થઈ જઈએ અને બાપાની પ્રસન્નતા મેળવી શકીએ.'

યોગીબાપા રોજ કાકાજી પાસે કપોળવાડીમાં પ્રવચન કરાવતા. એમની પાસે સંતોની રસોઈ પણ લેતા. બાપા જોતા હતા કે આવી આર્થિક મુશ્કેલીને લીધે કાકાજીને કોઈ સંકલ્પ ઊઠે છે? પણ કાકાજીને તો એવા કોઈ નબળા સંકલ્પો ઊઠે એવી શક્યતા જ ન હતી. અંતે યોગીબાપાએ કહ્યું કે, 'દાદુભાઈ, તમારા માટે તો હું અક્ષરદેરી પણ mortgage (ગીરવી) મૂકી દઉં!' અક્ષરદેરીને ગીરવે મૂકવાનું યોગીબાપા ગમે તેને માટે બોલે નહીં. એ સાંભળી કાકાજીની આંખોમાંથી આંસુ વહેવાં માંડ્યાં. ગળું ભારે થઈ ગયું ને બોલ્યા, 'બાપા, હું તો તમારો ગુલામ છું. તમારે મારા માટે અક્ષરદેરી ગીરવે મૂકવાની જરૂર નથી. પ્રત્યેક પળે ને પ્રસંગે તમને જ કર્તાહર્તા માની તમારી લીલામાં આનંદપૂર્વક ભાગ લઉં એવો મને કરી દો.' આ સાંભળી યોગીબાપાએ એમનો હાથ પકડીને આશિષ આપતાં કહ્યું, 'દાદુભાઈ, તમને તો એવો દૃઢ નિશ્ચય છે જ.'

આ પ્રસંગ પરથી કાકાજીની બાપા પ્રત્યેની અતિ દૃઢ નિષ્ઠા અને બાપાની તેમના તરફની અપ્રતિમ પ્રીતિ તથા કાકાજી, પપ્પાજીના સમાગમથી સમગ્ર તારદેવ મંડળમાં જે આત્મબુદ્ધિ અને પ્રીતિનો સત્સંગ દૃઢ થયો હતો તેનાં કેવાં અદ્ભુત દર્શન થાય છે! અક્ષરદેરી કે જેનું મૂલ્ય લૌકિક રીતે તો આંકી શકાય જ નહીં તેને પણ કાકાજી માટે ગીરવે મૂકવા યોગીબાપા તૈયાર થયા હોય તો એમના અને કાકાજી વચ્ચેના સંબંધની આપણે શું કલ્પના કરી શકીએ! કાકાજીની જગ્યાએ બીજી કોઈ વ્યક્તિ હોય તો બાપા પાસે કેટલાય હકદાવા કર્યા હોય. પોતે નિર્દોષ હોવા છતાં પળે પળે બાપાનું જ કર્તાપણું માની કેવળ ભજનનો જ આશરો લઈને તેમના પ્રત્યે અને અન્ય વ્યક્તિઓ પ્રત્યે જે નિર્દોષબુદ્ધિ ને દિવ્યભાવ તેમણે રાખ્યો એ ખરેખર અદ્વિતીય અને અનુપમ છે!

## ૨૭. મિથિલાયામ્ પ્રદિપ્તાયામ્...

મુંબઈની High Courtમાં કાકાજીની Agri Orient Companyના રૂપિયા ૨૪ લાખના criminal કેસનો ચુકાદો આવવાનો હતો. યોગીજી મહારાજ અને સંતો એ વખતે મુંબઈની કપોળવાડીમાં વિરાજમાન હતા. આગલે દિવસે યોગીબાપાએ કાકાજીને આશીર્વાદ આપ્યા હતા કે, 'જાઓ, નિર્દોષ છૂટી જશો.' સંતોને ફ્રુટસલાડની રસોઈ જમાડજો. ત્યારે બાપાએ આશરે એક હજાર રૂપિયાની આ સેવા લીધી. સંજોગાવશાત્ કેસનો ચુકાદો કંપનીની વિરુદ્ધમાં આવ્યો અને કાકાજીને ૮ લાખ રૂા. તાત્કાલિક ભરવાના આવ્યા. આ સમાચાર સાંભળી બીજાનાં તો છાતીનાં પાટીયાં જ બેસી જાય પણ કાકાજી તો તેમાં પણ બાપાનું જ કર્તાપણું માની નિશ્ચિંત જ રહ્યા.

સાંજે લગભગ ૫ વાગે કાકાજી કોર્ટમાંથી કપોળવાડીએ આવ્યા. કેટલાક હરિભક્તોએ જિજ્ઞાસાથી કાકાજીને પૂછ્યું, 'શો ચુકાદો આવ્યો?' તદ્દન સહજ અવસ્થામાં કાકાજીએ જવાબ આપ્યો કે, 'આપણે હારી ગયા.' એક લાગણીશીલ હરિભક્ત બોલી ઊઠ્યા કે, 'લાખો રૂપિયાની રાખ થઈ ગઈ. મહારાજે રક્ષા પણ ન કરી અને આવા દેશકાળમાં પણ સ્વામીએ આપને આ રસોઈનો ભીડો આપ્યો.' કાકાજી સહજ બોલ્યા કે, 'અમારું શું છે કે આપીએ? એમનું જ છે ને એ માંગે છે. બાપાએ તો અમારી ઉપર ખૂબ કરુણા કરી કે અમને આ સેવા માટે નિમિત્ત બનાવ્યા.'

જેવા કાકાજી બાપા પાસે આવ્યા કે બાપાએ જાણે એમની કસોટી કરવા કહ્યું, 'દાદુભાઈ, પ્રવચન કરો.' આવા પ્રસંગે બીજા કોઈના તો હોશકોશ ઊડી ગયા હોય ત્યાં પ્રવચનની તો વાત જ શી કરવી? પણ કાકાજીએ તો ઉત્સાહ અને ઉમંગથી સભામાં પ્રવચન કર્યું અને કહ્યું, 'જનક રાજાની મિથિલા સળગી હતી એ વાત સાંભળી છે પણ અમારે તો અમારી કંપની મૂર્તિમાન સળગી રહી છે પણ એ પ્રલય કરનારા આ જોગી મહારાજ જ છે. તેથી જે કંઈ બની રહ્યું છે કે બનશે તે સંપૂર્ણપણે અમારા હિતમાં જ છે તેથી અમે ખૂબ નિશ્ચિંત છીએ!' આમ કહી તેમણે બાપાનો અપરંપાર મહિમા ગાયો. ત્યારે બાપા કહે, 'જુઓ, આ જનક કેવા બોલે છે! જરાય મોઢા પર આંચ સરખી પણ નથી, જરા પણ ક્ષોભ નથી.'

ખરેખર ગુરુકૃપાથી જ મળેલ આવું જનક અને અંબરીષ જેવું સ્થિતપ્રજ્ઞતાનું જ્ઞાન, સમતાનું જ્ઞાન તે જ યોગની પૂર્ણાહુતિ છે. કાકાજીનું તો સમગ્ર જીવન જ જનક અને અંબરીષ જેવા શ્રેષ્ઠ ભક્તોની યાદ અપાવે એવું આદર્શ અને પ્રેરણાદાયી હતું અને તેથી જ યોગીબાપાનો અપરંપાર રાજીપો સહજ જ એમની ઉપર વરસતો રહેતો.

## ૨૮. જજ કી જગહ પર જોગી...

કાકાજીની Agri Orient Companyમાં મિ. રાનડે નામના મરાઠી ભાષી ભાગીદાર હતા. તેઓને કાકાજી સાથે ખૂબ આત્મીયતા હતી. ભાઈ ભાઈ જેવો સંબંધ હતો. દિલ્હીની Supreme Courtમાં તેમની કંપનીનો કેસ ચાલતો હતો. કાકાજી ઉપર તહોમતનામું મૂકવામાં આવ્યું હતું. આ કેસમાં રાનડેને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા હતા. કેસ ખૂબ જ નાજુક તેમ જ અંતિમ તબક્કામાં હતો. જુબાની આપવામાં જરા સરખી પણ ભૂલ થઈ જાય તો કેસ હારી જવાય એવું હતું. જો તેમ થાય તો કાકાજીને ગુનેગાર ઠરાવી hostile declare કરવામાં આવે અને મોટી સજા થાય એમ હતું. Supreme Courtમાં કેસ ચાલતો હોવાથી આ આખરી ચુકાદો હતો. આવી પરિસ્થિતિ ઊભી થવાથી રાનડે ખૂબ જ ગભરાઈ ગયા હતા.

કોર્ટમાં કેસની સુનાવણી વખતે ગુરુબચ્ચન સિંઘ નામના કાળી દાઢીવાળા એક સરદારજી ન્યાયાધીશ તરીકે દલીલો સાંભળી રહ્યા હતા. થોડીવારમાં કેસની શરૂઆત થઈ. આખી કોર્ટ ભરચક હતી. રાનડે તો ખૂબ જ ધ્રૂજવા લાગ્યા હતા. અચાનક એમની નજર ન્યાયાધીશ ઉપર પડી. એમને કાળી દાઢીવાળા ગુરુબચ્ચન સિંઘની જગ્યાએ ધોળી દાઢીવાળા જોગી મહારાજ બેસેલા દેખાયા. આમ વારંવાર દેખાવાથી એમણે બાજુમાં બેસેલ કાકાજીને કહ્યું કે, 'દાદુભાઈ, યે મૈં ક્યા દેખ રહા હૂં?' કાકાજી કહે, 'ક્યા?' તો રાનડે કહે, 'મુજે જજ કી જગહ પર જોગી મહારાજ દીખ રહે હૈ!' આમ થોડી થોડીવારે કાકાજીને કહ્યા કરે, તેથી કાકાજી કહે, 'ભાઈ, યે કોર્ટ હૈ. યહાં કુછ બોલના નહીં. કહાં હૈ જોગી મહારાજ?' તો રાનડે ન્યાયાધીશ તરફ ઈશારો કરે. કાકાજીએ તેમને નિશ્ચિંત થઈ શાંત રહેવા કહ્યું. કેસ ચાલુ થતા જ ન્યાયાધીશે રાનડેને પૂછ્યું, 'દાદુભાઈને જો કહા, વો તુમને દેખા હૈ?' તો રાનડે કહે, 'મૈંને નજરોનજર દેખા નહીં હૈ, સિર્ફ સુના હૈ, તો મૈં authentically on oath કૈસે કહ સકતા હૂં કે મૈંને દેખા હૈ?' આ સાંભળીને પેલા ન્યાયાધીશે એક પણ પ્રશ્ન પૂછ્યા વગર સુનાવણી પૂરી કરી દીધી અને કાકાજીને નિર્દોષ છોડી મૂક્યા.

સત્પુરુષ આપણી અખંડ રક્ષામાં છે એની પ્રતીતિ કરાવવા યોગીબાપા Supreme Courtના જજમાંથી પ્રગટ થયા અને કાકાજીની રક્ષા કરી. કાકાજીનો બાપા સાથેનો સંબંધ જ એવો અદ્‌ભુત હતો કે બાપા એમની ચિંતા કરતા. જો કે કાકાજી તો આવી કોઈપણ અપેક્ષા કે હકદાવાથી પર જ હતા અને કેવળ નિષ્કામભાવે જ બાપાને ભજતા હતા અને તેથી જ તેમના ઉપર કેસ થયેલ હોવા છતાં તેઓ ખૂબ જ નિશ્ચિંતતાથી અને હળવાશથી કોર્ટની કાર્યવાહીમાં સાથ આપી રહ્યા હતા. પ્રભુના સર્વોપરી કર્તાહર્તાપણાનો કેવો સહજ સ્વીકાર!

## ૨૯. કલ્યાણ યોજનાના સૂત્રધાર...

યોગીબાપાએ જ્યારે ૫૧ સંતો બનાવવાનો સંકલ્પ કર્યો ત્યારે કાકાજીએ પોતે ખોટા દેખાઈને, અપમાનો સહન કરીને, ગાળો ખાઈને પણ સ્વામીના એ અભિપ્રાયમાં ભળીને એક અનુપમ સેવાનો લાભ લીધો. એ સમયે કેટલાક હરિભક્તોનો એ અભિપ્રાય હતો કે ફક્ત ૨૫ સંતો જ બનાવીએ. વળી બીજા ભક્તોની ઈચ્છા એવી હતી કે ૪૦ સંતો બનાવીએ પરંતુ યોગીબાપા કહે, 'આ તો આપણી આબરૂ જાય. આપણે તો ૫૧ પૂરા બનાવવા છે.' બાપાની આ ભાવના પર બધાને થોડી ઉદાસીનતા પણ હતી. સ્વામીના જ અંતેવાસી સેવકો ને સંતો એમ બોલતા કે, 'આ છોકરા સાધુ થઈને શું ટકવાના?' પરંતુ કાકાજીને બાપાની આધ્યાત્મિક યોજનાનું એક જુદું જ દર્શન હતું. તેઓ જાણતા હતા કે ૫૧ સંતો બનાવવા એ જ બાપાનો અભિપ્રાય છે, સિદ્ધાંત છે. તેથી કાકાજી આવી સેવાની તક ક્યાંથી ચૂકે? તેથી એમણે એ વાત પડતી મૂકી નહીં. જે જે યુવકોના માવતરને સમજાવવાના હતા તેમને કાકાજીએ સમજાવ્યા. જ્યાં ગાળો ખાવી પડી ત્યાં એમણે ગાળો પણ ખાધી. વળી યુવકોના માવતર યોગીબાપા પાસે ફરિયાદ લઈને જતા ત્યારે બાપા પાછા એમ પણ કહેતા કે, 'મારે કાંઈ સાધુ બનાવવા નથી. આ બધું તો દાદુભાઈ કરે છે. માટે એમને મળો!' આવા સંજોગોમાં પણ એમણે બાપાને ખોટા દેખાડ્યા નહીં કે એમને ઓશિયાળા કર્યા નહીં. વિરોધ અને અપમાનનો ટોપલો પોતાને માથે લઈને એમણે ખૂબ સહન કર્યું અને યોગીબાપાની અદ્વિતીય સેવા કરી.

ઈ.સ. ૧૯૬૧માં ગઢડા મંદિરની કળશવિધિના સમૈયે જ્યારે ૫૧ શિક્ષિત યુવકોને ભાગવતી દીક્ષા અપાઈ ત્યારે યોગીબાપાએ બીમારી ગ્રહણ કરી અને કાકાજીને ગોંડલમાં કહ્યું, 'આ પ્રસંગ તમે શોભાડી દેજો. પ્રમુખસ્વામી રાજી થાય, મોટાસ્વામી રાજી થાય, સંતસ્વામી રાજી થાય તે રીતે ભીડો ખમીને આ પ્રસંગ ઉકેલી લેજો. અમારું આટલું કામ જરૂર કરશો.' એ સમયે નંદાજી ત્યાં આવ્યા હતા. મુંબઈથી શર્માજી પણ આવ્યા હતા અને ભાવનગરના મહારાજાની હાજરીમાં આ પ્રસંગ ભવ્યતાથી ઊજવાઈ ગયો. એ વખતે યોગમાયા પણ ખૂબ પ્રસરેલી. છતાં કાકાજીએ બાપાને સર્વકર્તા માનીને ખૂબ જ ધીરજ, શાંતિ અને સુહૃદભાવથી સુંદર આયોજન કર્યું. ઉતારા થોડા હતા અને હરિભક્તો ઝાઝા હતા. પ્રકૃતિ પણ વિફરેલી હતી, સમાજ પણ અનુકૂળ ન હતો, કેટલાક અંગત સાથીદારોનો પણ વિરોધ હતો. એવી પરિસ્થિતિમાં પણ એમણે જે મીઠાશથી કામ લીધું એ એમના યોગીબાપા સાથેના કોઈ આગવા સંબંધનું દર્શન કરાવે છે. આવા સમયે કોઈ તરફ ભાવફેર કર્યા વગર વર્તવું એ સ્વરૂપનિષ્ઠ સેવકનું વિશિષ્ટ લક્ષણ છે.

છેવટે બાપાના સંકલ્પ અને પ્રેરણાથી ૫૧ સંતો બનાવવાનો પ્રસંગ રંગેચંગે ઊકલી ગયો અને સર્વત્ર જયજયકાર થઈ ગયો. આ પ્રસંગે માણાવદરના હરિભક્તો

હરિભાઈ સાહેબ, દેવશીબાપા, ભગવાનબાપા, જશમત શેઠ અને નરસિંહદાસ જેવા મુક્તોએ અદ્‌ભુત સેવા કરી આ પ્રસંગને ખૂબ શોભાડ્યો. એક સાચા સંતની પ્રણાલિકા ચાલુ રાખવા, ગુણાતીત જ્ઞાનવારસો આપવા માટે યોગીબાપાનો આ સાધુ બનાવવાનો અભિપ્રાય હતો એમાં જે જે ભાઈઓ અને સંતો નિમિત્ત બન્યા એમને ખૂબ ખૂબ ધન્યવાદ છે.

દીક્ષા આપ્યા પછી નવદીક્ષિત ૫૧ સંતોને રાખવા માટે ગોંડલ, સારંગપુર વગેરે આપણાં ઘણાં સ્થાનો હતાં. પણ સ્વામીજીએ મુંબઈને જ પસંદ કરેલું. એની પાછળ એમની એક જ ભાવના હતી. નવા સંતોની ગોવાળી થાય, એમને કોઈ મૂંઝવણ હોય, ગૂંચ હોય ત્યારે તેમની સાથે ગોષ્ઠિ કરી, બળ પ્રેરી એમને આનંદ કરાવી દે, એવા પુરુષોના જોગમાં એમને રાખવા હતા. અને કાકાજી અને પપ્પાજીએ સહજ અવસ્થામાં પ્રેમથી એ સેવા ઉઠાવી લીધી. જ્યારે જે વસ્તુની સંતોને જરૂર હોય તે પ્રભુના ભાવથી તેઓ અર્પણ કરી દે. જ્યારે જોઈએ ત્યારે નાસ્તા વગેરે આવ્યા જ કરે. અવિરત આ સેવાયજ્ઞ ચાલુ જ રહ્યો. તારદેવના એ મંડળને ભૂલેચૂકે ય એવો સંકલ્પ ઊઠ્યો નથી કે આવો ભીડો ક્યાં સુધી? પોતાની સાથેના હેતવાળા મુક્તોને ય એમણે અહંમમત્વનું ભાન ભૂલીને સેવામાં જ ગુલતાન રહેવાની પ્રેરણા આપી છે. વળી યોગીબાપા ઘણા સંતોને કહેતા કે, ‘દાદુભાઈ અને મહંતસ્વામીનો સમાગમ કરવો. એમની આગળ નિષ્કપટ થવું.’ બીજા કોઈને માટે સ્વામી આવું બોલતા નહીં. નિષ્કપટ તો સ્વરૂપ આગળ જ થવાય અથવા તો જેણે પોતાના દોષ ટાળ્યા હોય ને બીજાના ટાળી શકે એવા સમર્થ એકાંતિક આગળ જ થવાય. આમ શરૂઆતનાં વર્ષોમાં તો સંતો કે યુવકો જે મૂંઝાય એ દરેકની પ્રેરણામૂર્તિ કાકાજી હતા. કાકાજી ગુરુહરિના અભિપ્રાય પ્રમાણેની ભક્તિને અર્થે હોમાઈ ગયા એ એમની કેવી અલૌકિક પરાભક્તિ!

યોગીબાપાએ દીક્ષા આપેલ ૫૧ સંતો આજે શુદ્ધ અને પવિત્ર જીવન જીવી, સાધુતાનો આદર્શ રાખી, યોગીસ્વરૂપ થઈ, બાપાના કાર્ય અને સંદેશને દેશ–વિદેશમાં ફેલાવી રહ્યા છે. એવાં જ પ્રેમ અને વાત્સલ્ય, એવી જ મીઠી વાણી અને વર્તનથી તેઓ અગણિત ભક્તોના હૃદયમાં સ્થાન પામ્યા છે. જ્યોતિર્ધરોરૂપે તેમના જીવનમાં પ્રકાશ પાથરી તેમના રાહબર બન્યા છે. આત્મીય બની તેમના સુખ–દુઃખના ભાગીદાર બન્યા છે. અક્ષરધામના રાજમાર્ગ પર સહુને આગળ લઈ રહ્યા છે.

બાપાની આ દિવ્ય કલ્યાણકારી યોજનામાં કાકાજી પોતે તો શ્રેષ્ઠ નિમિત્ત બન્યા જ. સાથોસાથ પપ્પાજી, સોનાબા, કાંતિકાકા, સ્વામીજી, સાહેબ, હરિભાઈ સાહેબ વગેરે વડીલ જ્યોતિર્ધરોને પણ સર્વ પ્રકારે આ મહાયજ્ઞમાં જોડી હજારો મુમુક્ષુઓના પથપ્રદર્શક બન્યા. કેવી અજોડ ગુરુભક્તિ!

## ૩૦. ભક્તને કાજે જ સામર્થ્ય...

શ્રી હરિપ્રસાદ ચોકસી સાહેબ નામના એક સાધન સંપન્ન હરિભક્ત બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજના વખતથી સત્સંગમાં અવારનવાર આવતા. એમને યોગી મહારાજ તરફ પણ ખૂબ ભાવ હતો. યોગીબાપા પણ ક્યારેક એમને બંગલે પધરામણીએ જતા. યોગીબાપાએ કાકાજીને સાક્ષાત્કાર કરાવ્યો અને એમને ઐશ્વર્યપ્રતાપ આપ્યાં છે એ વાતની ચોકસી સાહેબને ખબર હતી. એક વખત ચોકસી સાહેબનાં પત્ની ખૂબ જ ગંભીર રીતે બીમાર થઈ ગયાં. તેઓ જીવન–મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યાં હતાં. શરીરનું હલનચલન સાવ બંધ થઈ ગયું હતું અને નાડી પણ બરાબર ચાલતી ન હતી. ડૉક્ટરોએ પણ બધી આશા છોડી દીધી હતી.

ચોકસી સાહેબ કાકાજીને મળ્યા અને બધી વાત જણાવીને કહ્યું, 'દાદુભાઈ, મારી પત્નીને તમે આશીર્વાદ આપો. એ થોડા દિવસ જીવી જાય એવું કરો. તમને યોગીબાપાએ સમાધિ કરાવી છે એટલે મને તમારી શક્તિની ખબર છે. માટે એ થોડું જીવી જાય એવું કરો. મારે એનાં ચરણાર્વિંદના ફોટા પાડવા છે.' આ સાંભળી કાકાજી કહે, 'આ શું? ચરણાર્વિંદ તો શ્રીજીમહારાજનાં કે યોગીબાપાનાં લેવાય. આ તમારી પત્નીનાં કેમ?' તો ચોકસી સાહેબ કહે, 'દાદુભાઈ, એના વગર તો હું કેવી રીતે જીવી શકીશ? કંઈ નહીં તે એનાં ચરણાર્વિંદને યાદ કરીને તો જીવું!' આમ કહી તેઓ કાકાજીને ખૂબ કરગરવા લાગ્યા. એટલે કાકાજીએ એમને કહ્યું, 'જાવ, એક વખત તો એ બોલશે અને ચાલશે. તમારે જે કરવું હોય તે કરી લેજો.'

એ પછી એમનાં પત્નીની તબિયતમાં થોડો સુધારો જણાયો. બે દિવસથી તેઓ ભાનમાં ન હતાં તે ભાનમાં આવ્યાં. તેથી ચોકસી સાહેબે સહુને બોલાવ્યા. કાકાજી પણ એમને જોવા ગયા હતા. ચોકસી સાહેબ કહે, 'દાદુભાઈ, તમે એના માથે હાથ ફેરવો જેથી એ જીવી જાય.' એ પછી એમનાં પત્ની એક મહિનો રહ્યાં. આ પ્રસંગ પછી ચોકસી સાહેબને કાકાજીનો ખૂબ ગુણ આવી ગયો. આમ પણ એમને કાકાજીનો પ્રભાવ બહુ હતો. કાકાજીનું કોઈ ઘસાતું બોલે તો એને બિલકુલ બોલવા દે નહીં.

આવી રિદ્ધિ–સિદ્ધિ કે ઐશ્વર્યપ્રતાપ તો મોટાપુરુષને મન ક્ષુલ્લક હોય છે. જગતના જીવોને કે ગુણબુદ્ધિવાળા સત્સંગીઓને તેનો ખૂબ ભાર પડતો હોય તેથી તેઓ મોટાપુરુષ પાસે કાયમ એ પ્રકારની અપેક્ષા રાખતા હોય. પરંતુ પ્રારંભિક સત્સંગ પછી તેમને સાચી સૂઝ મળે અને આવી લૌકિક મોટપમાં અટવાઈ ન જવાય તે માટે તેઓ પોતાના સામર્થ્યને દાબીને જ વર્તે. તેમ છતાં ક્યારેક ન છૂટકે જ એવા કોઈ હરિભક્તને સાચવી લેવા માટે જ તેઓ પોતાના સામર્થ્યનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ તેમનો આગ્રહ તો આપણે સર્વે ભગવાનનું જ સર્વોપરી

કર્તાપણું સ્વીકારી ભજનનો આશરો લઈએ એવો જ હોય છે. કાકાજી પણ તેથી જ હંમેશાં દરેક પ્રસંગે ધૂન અને ભજન દ્વારા જ ભગવાનને ઉપાયભૂત કરવા હરિભક્તોને શીખવતા.

## ૩૧. સંજોગ આવ્યે શૂરવીર બન્યા...

એક વખત યોગીજી મહારાજ સાથે કાકાજી મણીભાઈ જીવાભાઈની ગાડીમાં ઠાસરા જઈ રહ્યા હતા. તેમની સાથે ગાડીમાં મોટાસ્વામી પણ હતા. ગાડી પૂરપાટ આણંદ તરફ જઈ રહી હતી. રોડ પરના એક નાકા પર ગાડી વાળવાની હતી. પરંતુ આગળ જતી એક મોટી ગાડીનો ડ્રાઈવર તેમને ગાડી વાળવા દેતો ન હતો. મણીભાઈએ ઘણી કોશિશ કરી પણ એ ડ્રાઈવર દાદ આપતો ન હતો. આખરે એક વળાંક આવ્યો એટલે ડ્રાઈવરે ખાલી જગ્યા જોઈ તેની ગાડી વાળીને ઊભી રાખી. એટલે મણીભાઈએ પણ પોતાની ગાડી એક બાજુ ઊભી રાખી અને ગાડીમાંથી બહાર નીકળી એ ડ્રાઈવરને બે-ચાર લાફા ઠોકી દીધા. અચાનક આવો હુમલો થયો તેથી ડ્રાઈવરે પણ મણીભાઈને બે ધોલ ઠોકી દીધી.

આ જોઈ ડ્રાઈવર સાથે આવેલો ક્લીનર ગાડીમાંથી બહાર નીકળ્યો અને રસ્તાની એક બાજુ પર પડેલા પથ્થરો ઉપાડીને મણીભાઈની ગાડી પર ફેંકવા માંડ્યો. બે-ત્રણ પથ્થરો ગાડીમાં બેઠેલા યોગીબાપા અને મોટાસ્વામી પર પડ્યા એટલે કાકાજી તરત મોટરમાંથી બહાર નીકળ્યા અને રસ્તા ઉપર પડેલી વડવાઈ હાથમાં લઈ પેલા ડ્રાઈવર અને ક્લીનરને ઝૂડવા માંડ્યા અને મોટે મોટેથી બૂમો પાડવા લાગ્યા. તેથી માણસો બધા ભેગા થઈ ગયા અને પેલા ડ્રાઈવરને પકડી લીધો.

કાકાજીએ સમયસૂચકતા વાપરી ડ્રાઈવરને ઝૂડવા માંડ્યું ન હોત તો એ બન્ને જણા મણીભાઈનો કૂચો કાઢી નાખત. મણીભાઈએ ગાડી પાછી ચાલુ કરી ત્યારે યોગીબાપા બોલ્યા, 'આવા સમયે બેસી ન રહેવાય પણ આ જાતની શૂરવીરતા વાપરવી પડે.'

આ પ્રસંગમાં યોગીબાપા હાજર છે ને સમર્થ છે એટલે એ જ બધું કરશે એવી જ્ઞાનની સાત્ત્વિક સમજણ રાખવાને બદલે કાકાજીએ સમયસૂચકતા વાપરી પોતાની શૂરવીર પ્રકૃતિ ભક્તને માટે વાપરી તો એ ભક્તની પણ રક્ષા થઈ અને યોગીબાપાનો પણ રાજીપો મળ્યો.

## ૩૨. અધ્ધર વચનના ઝીલનારા...

ઈ.સ. ૧૯૫૨માં નંદાજી ચૂંટણી જીતી ગયા પછી થોડા જ વખતમાં અમદાવાદ કાળુપુર મંદિરે કાકાજી યોગીજી મહારાજ સાથે દર્શન કરવા ગયા હતા. મંદિરના ચોગાનમાં એમની નવી નક્કોર જીપ મૂકી હતી. તેઓ મંદિરમાં ઉપર દર્શન કરવા જતા હતા ત્યાં મંદિરનાં પગથિયાં પર ઊભેલા એક સાધુ એટલું જ બોલ્યા, 'આ ગાડી તો આચાર્ય મહારાજને શોભે એવી છે.' આ સાંભળી યોગીબાપાએ કાકાજીને કહ્યું, 'દાદુભાઈ, આપણે આ ગાડી આચાર્ય મહારાજને આપી દો.' તરત જ કાકાજીએ ગાડીની ચાવી યોગીજી મહારાજના હાથમાં આપી દીધી! યોગીબાપા માટે તો કાકાજી સર્વસ્વનું સમર્પણ કરી દે પરંતુ આચાર્ય મહારાજ માટે પોતાની આવી નવી મોંઘી ગાડી બાપાના વચને જરા પણ ખચકાયા વગર આપી દેવી એ જ કાકાજીની બાપા પ્રત્યેની અદ્‌ભુત ગુરુભક્તિનું દર્શન કરાવે છે.

કાકાજી અને યોગીબાપા જ્યારે આચાર્ય મહારાજને ચાવી આપવા ગયા ત્યારે આચાર્યશ્રીને જોતા જ બાપા દંડવત કરવા લાગ્યા. એટલે આચાર્યશ્રી કહે, 'રાખો રાખો, આપ જેવા પવિત્ર સંત દંડવત કરતા હોય એ સારું ન લાગે.' ત્યારે બાપા કહે, 'અમારી ગુણાતીતની આ રીત છે.' એમ કહી નીચે બેઠા. આ સાંભળી કાકાજીએ આચાર્ય મહારાજને કહ્યું, 'આચાર્ય મહારાજ, રઘુવીરજી મહારાજે તીર્થવાસી થઈને જૂનાગઢ જઈ ૩ મહિના ગુણાતીતાનંદસ્વામી પાસે વાતો સાંભળી ત્યારે સ્વામી ઊંચે બેસતા અને આચાર્ય નીચે બેસતા. માટે તમે બાપાના આશીર્વાદ લો.' એટલે તરત જ આચાર્ય મહારાજ ઊભા થઈ બાપાને પગે લાગ્યા. બાપાએ એમને કાકાજીની જીપની ચાવી આપી દીધી. આચાર્ય મહારાજે પણ બે પેટી, શ્રીજીમહારાજનાં ચરણાર્વિંદની બે જોડ અને બે પ્રસાદીની માળાઓ કાકાજીને આપી.

આમ આચાર્ય મહારાજ જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિને પણ કાકાજીએ નિધડકપણે સ્પષ્ટ વાત કરી. બાકી સત્સંગની શિરમોર ગણાતી આટલી મોટી વ્યક્તિને આવું સ્પષ્ટ કોણ કહી શકે? એ જ કાકાજીની યોગીબાપા તરફની નિષ્ઠાની ખુમારીનું સુંદર દર્શન કરાવે છે.

## ૩૩. માયા પરાભવ કરી શકે નહીં...

મુંબઈમાં એક વખત Nariman Point વિસ્તારમાં વેદાંત સંમેલન યોજાયું હતું. હરિદ્વાર, ઋષિકેશ ને ભારતભરમાંથી મહામોટા પંડિતો, સંન્યાસીઓ અને પરમહંસો આ સંમેલનમાં ભાગ લેવા આવ્યા હતા. પાંચ દિવસના આ સંમેલનમાં પ્રતિષ્ઠિત

મહાનુભાવો શ્રી હરિભાઈ ડ્રેસવાલા અને શ્રી હરકિશનદાસ અગ્રવાલજી ખાસ હાજર રહ્યા હતા. તે વખતે પરદેશથી એક અત્યંત સ્વરૂપવાન યુવતી મિસ યોગીની નામ ધારણ કરી યોગસાધનામાં બહુ રસ લેતી હોય તેમ ભાગ લેવા આવી હતી. એની વાતો અને એના હાવભાવથી સંમેલનમાં આવેલા ઘણા સદસ્યો પ્રભાવિત થયા હતા અને ધાર્મિક ચર્ચા કરવા માટે તેની મુલાકાત શોધતા હતા. પોતાને cosmic waves આવે છે. તેવી વાત કરીને તેણે ઘણા સાથે એ બાબત વાતચીત કરી હતી. પોતાની સુંદરતા અને ચાલાકીભરી રીતભાતથી એ યુવતી સમગ્ર સંમેલનનું આકર્ષણ બની હતી. સ્વામિનારાયણ સંપ્રદાય તરફથી કાકાજીને પણ આ સંમેલનમાં આમંત્રણ મળ્યું હતું. શ્રી નંદાજી પણ સાથે હતા. નંદાજી પાસેથી ભારતમાં સાધુસમાજના કાર્ય અંગેની યોજના સાંભળીને મીસ યોગીનીએ તે અંગેનું કાર્ય કરવાની ઈચ્છા દર્શાવી હતી. સંમેલન બાદ દિલ્હીમાં જઈ તે નંદાસાહેબને મળી અને International Spiritual Societyની સ્થાપના કરવા માટેના મેમોરેન્ડમ પર તેમની સહી લેવાનો પ્રસ્તાવ મૂક્યો જેથી નંદાસાહેબના નામ અને લાગવગથી તેની યોજનાઓ સરળતાથી પાર પડી શકે. નંદાજીએ તેને મુંબઈ જઈ કાકાજીને મળવાની ભલામણ કરી.

તે મુંબઈ આવી અને સચિવાલયની સામેના મકાનમાં મોટો બ્લૉક રાખી જ્યાં પોતે રહેતી હતી ત્યાં કાકાજીને ત્રણ–ચાર વખત મળવા માટે બોલાવ્યા. કાકાજી તો પ્રભુના સાચા માનસપુત્ર હતા. પોતાના સ્વધર્મની બાબતમાં તેઓ સંપૂર્ણપણે સજાગ હતા. તેથી જ્યારે તેઓ ત્યાં જાય ત્યારે સાંતાક્રુઝના પ.ભ. ધીરુભાઈ ભટ્ટને સાથે લઈને જતા. તે બાઈ ખૂબ હોશિયાર હતી. એ સમજી ગઈ હતી કે આ પટેલ જો ભરમાય અને માને તો જ નંદાસાહેબ પાસે એનું કામ ઊકલશે. એક વખત કાકાજીને એકાંતમાં બોલાવી તેણે ઘણાં પ્રલોભનો પણ આપ્યાં અને કહ્યું કે મને cosmic waves મળે છે. પાંચ લાખ ડૉલર International Societyમાં જમા થશે. તમે એ સોસાયટીના secretary રહો અને આપણે વિશ્વની cosmic consiousness અને બધાની કુંડલિનીને જાગ્રત કરવાનું મહાન કાર્ય કરીએ. પણ કાકાજી તો તેના હાવભાવ અને વાતચીતથી તેનો આશય જાણી ગયા હતા. છેવટે એ યોગીનીએ પોતાની જાળ પાથરવા માટે સ્ત્રીચરિત્ર પણ અજમાવી જોયું. પણ કાકાજી જુદી માટીના પુરુષ હતા. અનંત કોટિ બ્રહ્માંડના રમણીય પંચવિષય તેઓને કાકવિષ્ટા તુલ્ય હતા. ઈ.સ. ૧૯૫૨ના સાક્ષાત્કાર પછી સમગ્ર જગત તેમને માટે ખારું ઝેર થઈ ગયું હતું. તેમની દૃષ્ટિમાં અને જીવનમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ વગર કોઈનું સ્થાન ન હતું. કાકાજીએ એને કહ્યું, મને પણ cosmic waves મળે છે. એટલે એણે કાકાજીને પૂછ્યું, ‘અત્યારે મારા મનમાં શું વિચાર ચાલે છે એ તમે કહી શકો?’ કાકાજીએ બહુ સ્પષ્ટપણે કહી દીધું કે, ‘તમારા મનમાં કોઈ કપટ રમી રહ્યું છે.




નવનિર્મિત  શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય – વલ્લભ વિદ્યાનગર



યોગીજી મહારાજની કલ્યાણ યોજનાના સૂત્રધાર – કાકાજી
યોગીજી મહારાજના ‘ભાગીદાર’ – સાહેબજી



ગુણાતીત જ્યોતની ખાતમૂહુર્ત વિધિમાં
યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી, કાકાજી અને વડીલ હરિભક્તો






નિર્માણાધીન 'ગુણાતીત જ્યોત'ની મુલાકાતે

યોગીજી મહારાજ અને મહંતસ્વામી સાથે કાકાજી, સાહેબજી અને અન્ય વડીલો





પ્રભુદાસભાઈ (હરિપ્રસાદસ્વામીજી) ની પાર્ષદી દીક્ષા પ્રસંગે કાકાજી
અક્ષર મંદિર, ગોંડલ – દશેરા, ૧૯૬૫



હરિપ્રસાદસ્વામીજીની ભાગવતી દીક્ષા – શરદ પૂર્ણિમા, ૧૯૬૫ – ગોંડલ

તમે કોઈ બીજા જ હેતુથી અહીંયા આવ્યા છો. તમને નંદાસાહેબ સહી નહીં કરી આપે.' તેના મનની મલિન ભાવના કાકાજી જાણી ગયા. તેથી તે ખૂબ આશ્ચર્યચકિત થઈ ગઈ અને કાકાજી પાસે નમી પડી અને યોગીજી મહારાજનાં દર્શને આવવાનું કબૂલ કર્યું અને પછીથી કપોળવાડીમાં એ યોગીબાપાનાં દર્શને આવી પણ ખરી અને પ્રસાદીની માળા પણ લઈ ગઈ! બે–ત્રણ વખત એ બાપાનાં દર્શને આવી અને સહુ સાથે પ્રાસંગિક ગોષ્ઠિ પણ કરી.

એ પછી પોતાની પ્રસ્તાવિત સોસાયટીના જે કામ માટે તે ભારત આવી હતી તે પૂરું કરવા કાકાજીને મળીને નંદાજી ઉપર ચિઠ્ઠી લખી આપવા કહ્યું. કાકાજી તો આ બધી રમત પાછળનો હેતુ જાણતા હતા. તેથી અગાઉથી તેમણે નંદાસાહેબ સાથે ફોન પર વાત કરી હતી. તે મુજબ તેમણે ચિઠ્ઠી લખી આપી. ચિઠ્ઠીમાં તેમણે લખેલું કે, 'સાહેબ, ધર્મયુક્ત કામ કરજો. પ્રભુ પ્રેરણા કરે એમ કામ કરજો.' યોગીની દિલ્હી જઈ નંદાજીને મળી ને પેલી ચિઠ્ઠી આપી. ચિઠ્ઠી વાંચી નંદાજી કહે, 'આમાં સ્પષ્ટ ભલામણ નથી તેથી મારાથી સહી નહીં થઈ શકે.' એ બાઈ સમજી ગઈ અને વધુ વખત અહીં રહેશે તો પોતાનો હેતુ ખુલ્લો પડી જશે અને પોતે પકડાઈ જશે એવો ખ્યાલ આવવાથી ચોથે જ દિવસે પાછી પરદેશ ચાલી ગઈ.

કાકાજી કહે, 'એ બાઈ એક મોટી જાસૂસ હતી અને કોઈક બીજું જ કામ કરાવવા તેમ જ વડાપ્રધાન પંડિત નહેરુ પાસેથી અમેરિકા વિશેનું ભારતનું વલણ જાણવા માટે એ આટલો ખર્ચો કરી અહીં આવી હતી. International Spiritual Society તો એક બહાનું હતું. એ લોકોને ખબર છે કે હિન્દુસ્તાનમાં કામ કરવું હોય તો સહુ પ્રથમ ત્યાંની ધાર્મિક સંસ્થાઓમાં પ્રવેશ કરવો પડે. ધર્મના નામે અહીં લોકો ખુલ્લા થઈ જાય છે. એમનાં રહસ્યો, ખાનગી વાતો વગેરે પણ પરદેશીઓ પાસે ખૂબ સહેલાઈથી ખોલી દે છે. તેથી પરદેશીઓ આપણો ખૂબ લાભ ઉઠાવે છે.'

આ પ્રસંગમાં કાકાજીએ ખૂબ જ ધીરજ રાખી. કોઈપણ જાતનાં પ્રલોભનોમાં લેવાયા નહીં, મૂર્તિ ભૂલીને પ્રકૃતિપુરુષના કાર્યમાં રાચ્યા નહીં. એનો જરા સરખો આલોચ પણ નહીં. આત્માનો મૂળભૂત સ્વધર્મ ન જ ચૂકાય ને અખંડ પોતાના સત્પુરુષની મરજી અને એની પ્રસન્નતાની જ અભીપ્સા રહે એનું વિરલ દર્શન કાકાજીના આ પ્રસંગ પરથી થાય છે.

❀ ❀ ❀

## ૩૪. મોહમાયા વ્યાપે નહીં જેને...

મુંબઈની એક પ્રતિષ્ઠિત શાળાની પ્રિન્સિપલ મિસ કેલી પોતાની યુવાની, સુંદરતા અને વગનો ચાલાકીથી ઉપયોગ કરવામાં માહેર હતી. એના એક પરદેશી મિત્ર પરદેશમાં કંઈક ગોટાળા કરી ભારત આવ્યા હતા. સરકારને આ વાતની જાણ થઈ ગઈ. તેથી તેમની ગતિવિધિ તરફ બારીકાઈથી નજર રાખવામાં આવતી હતી. પોતાનો ભાંડો ફૂટી જશે એવી દહેશતથી તેમને ભારત છોડી જવાની પરિસ્થિતિ ઊભી થઈ ગઈ. મિસ કેલીએ મુંબઈના એક ધનવાન શેઠને મળીને પોતાના મિત્રને મદદ કરવાનું નક્કી કર્યું. એ શેઠ પણ એને મોટી રકમ આપવા તૈયાર થયા.

એ સમયે નંદાજી ભારત સરકારના Home Minister હતા. કોઈને ભારત દેશમાં રાખવા કે ન રાખવા, જરૂર પડે તો કોઈનો passport જપ્ત કરવાની સત્તા પણ તેમના હાથમાં હતી. તેઓ યોગીબાપાના ભક્ત હોવાથી કોઈએ એ શેઠને યોગીબાપા દ્વારા નંદાજીનો સંપર્ક કરવા જણાવ્યું. બાપા તે વખતે મોજીદડ હતા. તેથી તેઓ યોગીબાપાને મળવા મોજીદડ આવ્યા અને બાપાને બધી વિગત જણાવી. યોગીબાપાએ એમને ૧ હજાર રૂા. મહાપૂજાના આપવા જણાવ્યું. શેઠ તૈયાર થયા એટલે બાપાએ કાકાજીને દિલ્હી જઈ નંદાજીને મળીને એનું કામ પતાવી આપવાની આજ્ઞા કરી. કાકાજી તો દિલ્હી જવા બિલકુલ તૈયાર ન હતા. પણ બાપાની આજ્ઞા હતી તેથી તેઓ દિલ્હી ગયા.

દિલ્હીની અશોકા હૉટેલમાં એ શેઠ અને મિસ કેલી ઊતર્યા હતાં. તેમણે કાકાજીને પણ હૉટેલની રૂમમાં ઉતારો આપ્યો. પોતાના પરદેશી મિત્રનું કામ કરાવવા મિસ કેલીએ કાકાજીને અનેક પ્રલોભનો આપ્યાં. ૩–૪ દિવસ કાકાજીને હૉટેલમાં રાખીને વિધવિધ પ્રકારના મનોરંજનની તજવીજ કરી પણ કાકાજી એમાં જરા પણ ભળ્યા નહીં. એણે ઘણું સ્ત્રીચરિત્ર અજમાવ્યું. પણ કાકાજી એની વાતમાં આવ્યા જ નહીં. આખરે એણે કાકાજીને ૨૫ હજાર રૂપિયા જેવી મોટી રકમની લાલચ આપી ત્યારે કાકાજીએ એને કહ્યું, ‘મને તમારા પૈસાની જરૂર નથી. મારા ગુરુએ તમને કહ્યું છે એ મહાપૂજાના હજાર રૂપિયા જ મને આપો.’ આમ કહી કાકાજીએ એનાં બધાં જ પ્રલોભનો અને પ્રસ્તાવોને ફગાવી દીધાં. યોગીબાપાની આજ્ઞા હોવાથી કાકાજીએ એના કામ માટે નંદાજીને વાત કરી અને તરત મુંબઈ આવતા રહ્યા.

કાકાજીનું આવું અણિશુદ્ધ ચારિત્ર્ય અને પ્રલોભનો પ્રત્યેની નિર્લેપતા જોઈ મિસ કેલી સાથે આવેલ મુંબઈના શેઠ ખૂબ જ પ્રભાવિત થયા હતા. એ પ્રસંગ પછી એક વખત વિલેપાર્લામાં યોગીબાપાનાં દર્શને તેઓ આવ્યા હતા ત્યારે તેમણે ભર સભામાં જણાવ્યું હતું કે, ‘હું મારા અંગત અનુભવ પરથી નિઃશંકપણે કહી શકું છું કે યોગીજી મહારાજના ખરેખરા શિષ્ય તો આ એક દાદુભાઈ છે.’

રમણીય પંચવિષયો કે રિદ્ધિ–સિદ્ધિ કે લૌકિક પ્રતિષ્ઠા આ બધું જ કાકાજી માટે અત્યંત તુચ્છ હતું અને કેવળ યોગીબાપાની મરજી મુજબ તેમની અને તેમના ભક્તોની સેવામાં જ તેમને પરમ સંતોષ અને આનંદ હતો. એમની એ વિલક્ષણ ગુરુભક્તિ આ પ્રસંગ પરથી તાદૃશ થાય છે.

## ૩૫. 'સ્વ'અર્પણ એ જ સમર્પણ...

યોગીબાપા તારદેવને 'અક્ષરધામનું તખત' કહેતા. આફ્રિકાથી આવનાર–જનાર ભક્તો, ગામડેથી લગ્નની કે વેપારની ખરીદી માટે મુંબઈ આવનાર ભક્તો, બધા જ બાપાની આજ્ઞાથી તારદેવ જ આવતા. કોઈને પણ તારદેવની વિષમ આર્થિક પરિસ્થિતિનો જરા પણ ખ્યાલ ન આવે એવી ભાવભરી રીતે એમની સરભરા થતી. ખરીદી માટે જવું હોય તો સોનાબા અને બહેનો એમની સાથે જાય. સ્ટીમરની ગોદી ઉપર તેડવા, મૂકવાની કે દવા માટે ડૉક્ટર પાસે લઈ જવાની સેવા પપ્પાજી કરે. સવારે ને રાતે કથાવાર્તાનો લાભ કાકાજી આપે. આમ સહુની જરૂરિયાતો પૂરી થાય એવી વ્યવસ્થા ત્યાં ગોઠવાઈ જતી.

ગોંડલના રેલ્વે ઑફિસર પ.ભ. સીદીભાઈને યોગીબાપા માટે ખૂબ ભાવ હતો. તેમને બાપા સિવાય કોઈનોય ભાર નહીં. બાપા પણ તેમને પોતાની સાથે બેસાડતા અને ખૂબ આનંદ કરાવતા. તેઓ એમની લાંબી બીમારીની સારવાર માટે મુંબઈ આવેલા. બાપાએ તારદેવમાં એમના ઉતારાની ખાસ વ્યવસ્થા કરવા અને એમને બહાર આવવાજવા માટે એક ગાડી પણ તેમની સેવામાં રાખવા કાકાજીને જણાવ્યું હતું. આથી તેમની વ્યવસ્થા કરવા માટે કાંતિકાકાનો સમગ્ર પરિવાર તેમનો સોનાવાલા બિલ્ડીંગનો ૮ નંબરનો પહેલા માળનો બ્લૉક ખાલી કરી ૬ નંબરના બિલ્ડીંગના ડી બ્લૉકમાં (તારદેવ મંદિર – ૬/ડી) ચોથે માળે રહેવા આવી ગયો અને ૮ નંબરના બ્લૉકમાં સીદીભાઈને રહેવાની બધી જ વ્યવસ્થા કરી આપી. જ્યારે એમને ડૉક્ટર પાસે જવાનું થાય ત્યારે પપ્પાજી એમને ડૉક્ટર પાસે લઈ જતા. સોનાબા દરરોજ એમની તબિયતને માફક આવે એવી રસોઈ જમાડતા અને કાકાજી પણ સવાર–સાંજ એમની ખબર પૂછી અને યોગીબાપાના ગુણગાન અને લીલાચરિત્રો વર્ણવી તેમને આનંદમાં રાખતા. બાપાની સૂચના મુજબ એમની સેવામાં કાકાએ પોતાની એક ગાડી પણ મૂકી રાખી. સીદીભાઈને આખો દિવસ તો ગાડીની જરૂર ન જ હોય તેમ છતાં પોતાની ગાડી ત્યાં મૂકીને કાકાજી ઘણી વખત તો ટૅક્સી કરીને પણ પોતાના કામ અંગે બહાર જતા. એકવાર પ્રસંગ એવો બન્યો કે સીદીભાઈને ક્યાંક બહાર જવાનું

હતું અને તે જ વખતે કોઈ અત્યંત આવશ્યક કામ અંગે ગાડી ઑફિસના કામ માટે ગઈ હતી. સીદીભાઈને ગાડી માટે થોડી રાહ જોવી પડી એટલે એકદમ ગુસ્સે થઈ ગયા અને તરત જ બાપાને ફરિયાદ કરી કે, 'અમારી સેવામાં મૂકેલી ગાડી દાદુભાઈએ બીજે મોકલી દીધી.' આથી બાપાએ પૂછ્યું એટલે કાકાજીએ કહ્યું, 'અહીં ગાડીનું ખાસ કામ ન હતું તેથી અગત્યના કામ અંગે થોડા સમય માટે ગાડી ઑફિસે મોકલી હતી. વળી સીદીભાઈએ ગાડીની જરૂરિયાત અંગે અગાઉથી જણાવ્યું પણ ન હતું અને ગાડી તો થોડા જ વખતમાં પાછી તારદેવ આવી ગઈ હતી.' તેમ છતાં બાપાએ કાકાજીને ઠપકો આપતા કહ્યું, 'ગાડી કોની છે? ગાડી તો તમે અમને અર્પણ કરી છે. અમને પૂછ્યા વગર એને ઑફિસે કેમ મોકલી?' કાકાજીએ દીનભાવે ક્ષમા માંગતાં કહ્યું, 'બાપા! હવે આવી કોઈ ભૂલ ન થાય એનો ખ્યાલ રાખીશ.' અને તરત જ ગાડી સીદીભાઈની સેવામાં પાછી મૂકી દીધી અને તેમને અગવડ પડી તે માટે તેમની પણ માફી માંગી. આ પ્રસંગનો, આ શબ્દોનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે કાકાજીનું સમર્પણ એ 'સ્વ'અર્પણ હતું.

આપણા સહુમાં આપણી અંગત ચીજવસ્તુઓ, પદાર્થો, વ્યક્તિઓ પ્રત્યે એક પ્રકારનો માલિકી હક્ક (Possessive instinct) હોય છે. મોટાપુરુષે આપણી કોઈક ચીજવસ્તુને ભક્તોની સેવા માટે રાખી હોય તો પણ ઊંડે ઊંડે આપણને તે ચીજ પ્રત્યે પોતાપણાનો કાંઈ ભાવ હોવાથી આપણે સહજતાથી તેનો ઉપયોગ કરતા હોઈએ છીએ. આપણી આ સૂક્ષ્મવૃત્તિ પ્રત્યે મોટાપુરુષ અંગુલિનિર્દેશ કરે ત્યારે જો આપણે બચાવ કરીએ તો એ આપણું સૂક્ષ્મ દેહાભિમાન છે અને બચાવ કર્યા વગર માફી માંગી સરળ થઈ જઈએ તો એ સર્વોચ્ચ કક્ષાનું સમર્પણ છે. પોતાનું કંઈ પણ એ પોતાનું છે જ નહીં અને મોટાપુરુષ તેને ગમે ત્યાં, ગમે તે રીતે, ગમે તેને માટે ઉપયોગ કરે તેનો સહજ આનંદથી સ્વીકાર કરવો એ અત્યંત ઉચ્ચ ભૂમિકાની સરળતા છે. આ પ્રસંગ પરથી કાકાજીની આવી શ્રેષ્ઠ સરળતાનાં કેવાં વિરલ દર્શન થાય છે!

## ૩૬. સ્વરૂપનું વચન તેની હાજરી કરતાં વિશિષ્ટ છે...

એક વખત યોગીબાપા ગોંડલમાં બિરાજમાન હતા. ત્યાંથી તેમણે મુંબઈ કાકાજીને પત્ર લખ્યો કે, 'તમે ગોંડલ આવો તો વચ્ચે રાજકોટ ઊતરીને રેલ્વેના manager પંડ્યા સાહેબને મળીને પછી ગોંડલ આવજો.' કાકાજી એક મોટેરા હરિભક્ત સાથે રાજકોટ જવા નીકળ્યા. એ હરિભક્તે કાકાજીને કહ્યું કે, 'આપણે પહેલા ગોંડલ અક્ષરદેરીનાં દર્શન કરીને પછી જ રાજકોટ જઈશું.' એમ ભારપૂર્વક કાકાજીને આગ્રહ કર્યો. કાકાજીને ત્રણ-ચાર વખત વિચાર આવ્યો કે બાપાએ રાજકોટ પંડ્યા સાહેબને

મળીને પછી ગોંડલ આવવાનું કહ્યું છે અને એ વાત એમણે સાથે આવેલ હરિભક્તને કરી પણ ખરી. બાપાની મરજી જાણવા છતાં, તે પ્રમાણે વર્તવાની પોતાને આગવી સૂઝ હોવા છતાં પણ તે મોટેરા હરિભક્તનો સીધા જ ગોંડલ જવાનો અત્યંત આગ્રહ હોવાથી તેમણે રાજકોટ ઊતરવાનો આગ્રહ રાખ્યો નહીં અને એ હરિભક્તની સાથે ગોંડલ મંદિરે પહોંચ્યા. કાકાજી બાપાને અંતર્યામી અને સર્વજ્ઞ માનતા હતા. તેથી તેમને સંભારતા સંભારતા મનમાં ભજન કરતા હતા. તેઓ પહોંચ્યા તે વખતે બાપા પોઢી ગયેલા. તેથી અક્ષરદેરીએ દર્શન કરી, પ્રદક્ષિણા કરીને પછી મોડેથી બાપાનાં દર્શને ગયા. બાપા કહે, 'રાજકોટ પંડ્યા સાહેબને મળી આવ્યા?' કાકાજી કહે, 'અમે તો સીધા અહીં આવ્યા.' બાપા કહે, 'કેમ સીધા આવ્યા? રાજકોટ ઊતર્યા નહીં? ત્યાં નારાણભાઈ શેઠે રસોઈ બનાવી હતી અને તમારે જમીને આવવાનું હતું.' આ સાંભળીને એ હરિભક્તે બાપાને કહ્યું, 'બાપા અહીં દેરીનાં પહેલાં દર્શન કરીએ પછી જ રાજકોટ જઈશું એવું અમને મનમાં હતું.' બાપા કહે, '**પ્રત્યક્ષ સ્વરૂપનું વચન તેની હાજરી કરતાં વિશિષ્ટ છે.** માટે ફરી આવી ભૂલ ન કરતા. જાવ સીધા રાજકોટ.'

આ પ્રસંગની વાત કરતા કાકાજી કહે, 'અમને અમારી ભૂલ સમજાઈ અને પશ્ચાત્તાપ થયો. અમે ગોંડલ બપોરે ૩ વાગે પહોંચેલા અને જમેલા પણ નહીં. આખરે અમે રાજકોટ જવા રવાના થયા. રાજકોટ પહોંચ્યા તો પંડ્યા સાહેબ બહાર નીકળી ગયા હતા અને તેઓ છેક સાંજના પાછા આવવાના હતા. હવે કરીએ શું? ત્યાં જમવાનું તો માંગી શકીએ નહીં. આથી અમે ગોંડલ પાછા આવ્યા અને બાપાને વાત કરી. પંડ્યા સાહેબને સમાચાર મળતાં તેમણે ચિઠ્ઠી લખીને મોકલાવી કે તમે સાંજના ગમે તે ભોગે, ગમે તે સમયે પણ મળવા આવી જાઓ. તમારા કામ માટે વાતચીત કરવી છે. એટલે બાપાએ અમને પાછા રાજકોટ મોકલ્યા. પણ એ સાહેબ કોઈ કારણસર આવ્યા જ નહીં અને રાત્રે ૧૧ વાગે અમે બન્ને પાછા ગોંડલ આવ્યા. મને મારી ભૂલ સમજાઈ ગઈ. મોટાપુરુષનું વચન હોય ત્યાં કોઈપણ પ્રકારના વિચારને સ્થાન નથી. એ બાબતમાં સરળતાથી વર્તવાની સહજાવસ્થા હોય તો સુગમ થાય છે. તેથી મેં મનોમન ગાંઠ વાળી અને ફરી ભૂલ ન થાય તેનો સરળ ઉપાય બાપાને પૂછતાં તેમણે પ્રાયશ્ચિત્તરૂપ પ્રાર્થના બતાવી હતી. તેથી ભૂલ થવાનો સંભવ જ ન રહે. પ્રભુ એવી સૂઝ પાડી દે.'

આ પ્રસંગમાં દેખંતી રીતે કાકાજીની કોઈ ભૂલ હતી જ નહીં તેમ છતાં પ્રસંગે પોતાનો જ દોષ જોઈ, અંતર્દષ્ટિ કરી, પ્રાર્થના કરી ફરી એવી ભૂલ ન થાય તે માટે સજાગ થવાની સુંદર રીત કાકાજીએ પોતાનું મિષ લઈ બતાવી છે. આપણને સુખિયા કરવાની તેમની કેવી ગરજ!

## ૩૭. માન–અપમાનમાં એકતા...

ઈ.સ. ૧૯૬૩માં એક વખત કાકાજી આણંદ મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. સાથે પ.ભ. ગોરધનદાસ contractor અને બીજા હરિભક્તો પણ હતા. ત્યાંના એક સ્થાનિક હરિભક્ત પ.ભ. અંબાલાલભાઈ, કાકાજી વિશે ખોટા શબ્દો સાંભળવાથી ગુસ્સે થઈ તેમને ગમે તેમ બોલવા માંડ્યા અને કાકાજીને મંદિરની અંદર જતાં તેમણે અટકાવ્યા. તમાશાને તેડું ન હોય તેમ મંદિરના દરવાજા પાસે જ જનમેદની એકઠી થઈ ગઈ. પરંતુ કાકાજી તો આ સાંભળીને હસતા જ રહ્યા અને વિનંતી કરતા જ રહ્યા કે 'ભાઈ, અમે જેવા છીએ તેવા પણ દર્શન કરવા તો જવા દો.' પણ એ ભાઈ તો વેગમાં ને વેગમાં ન બોલવા જેવા શબ્દો બોલે કે, 'તમારે અંદર જવાનું નથી. તમે અછૂત છો. તમે અંદર જશો તો મંદિર અભડાઈ જશે.' આમ અડધા કલાક સુધી પેલા ભાઈ બોલતા રહ્યા પણ કાકાજીની ધીરજ ડગી નહીં. છેવટે સાથે આવેલા ગોરધનદાસ contractorએ તે ભાઈને બોલતા બંધ કરી દીધા. કાકાજી તો સાથે આવેલા હરિભક્તોને કહેતા રહ્યા કે, 'આ ભાઈનો ઊભરો પ્રેમથી નીકળી જવા દો. આ તો બધી મહારાજની લીલા છે.' છેવટે પોણા કલાક પછી કાકાજીને મંદિરમાં દર્શન કરવા જવા મળ્યું.

આ પ્રસંગના થોડા વખત પછી જે ભાઈએ કાકાજીનું અપમાન કર્યું હતું તેમને કાકાજી વિશેની સાચી હકીકતની જાણ થઈ. પોતે કરેલી ભૂલનો એમને પશ્ચાત્તાપ થયો એટલે કાકાજી પાસે આવીને તેમની માફી માંગીને પોતાને ઘેર જમવા પધારવાનું આમંત્રણ આપ્યું. કાકાજીને માન–અપમાનમાં સમભાવ હતો. તેથી તેમણે આમંત્રણ સ્વીકાર્યું અને ૧૦–૧૫ હરિભક્તો સાથે તેમને ત્યાં પ્રેમથી જમવા પધાર્યા.

થોડા દિવસ પછી ફરીથી તે ભાઈએ કાકાજી માટે ગમે તેવું સાંભળ્યું અને પાછો તેમના મનમાં ઉદ્વેગ શરૂ થયો. કાકાજી આણંદમાં પૂ. મહંતસ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી પ.ભ. મણીકાકાને ઘેર બેઠા હતા. એ ભાઈ અચાનક ત્યાં આવી ચઢ્યા. તેમણે કાકાજીને જોયા એટલે ફરી પાછું જેમ તેમ બોલવા માંડ્યા. એક સામાન્ય માણસને પણ શોભે નહીં તેવા શબ્દોમાં કાકાજીને તેમણે ભાંડી નાંખ્યા. કાકાજીએ ન તો હૈયામાં કોઈ ઉચાટ અનુભવ્યો કે ન તો તેમણે તે હરિભક્તનો અભાવ લીધો. કાકાજી કહે, 'બીમાર માણસ તો આમ જ બોલે. એમનો ઉભરો કાઢવામાં આપણે નિમિત્ત બનતા હોઈએ તો આપણું શું જાય છે? એને બાપાને માટે તો ભાવ છે ને! આપણે સ્વામી, સ્વામી કરો.'

ફરીથી ત્રીજા દિવસે એ ભાઈને પોતાના વર્તન બદલ ખૂબ પશ્ચાત્તાપ થયો. ફરીથી તેમણે કાકાજીની માફી માંગી ને પોતાને ઘેર બોલાવ્યા. તે વખતે ઘણા ભક્તોએ કાકાજીને વાર્યા કે એ આવી રીતે વારંવાર એ અપમાન કરે અને પછી માફી માંગે અને પછી જમવા બોલાવે અને તમે ત્યાં જાઓ એમાં તો તમારી કિંમત ઓછી થઈ જાય છે.

માટે હવે બીજી વાર જવાની જરૂર નથી. પરંતુ અજાતશત્રુ એવા કાકાજીને તો એની પ્રત્યે કોઈ જ ભાવફેર ન હોવાથી બીજી વાર પણ એમને ત્યાં ગયા અને ભાવથી એની રસોઈ જમ્યા. કેવી સમતા! કેવી સાધુતા!

આમ વગર વાંકે, ખરેખર સાચા હોય, બાપાએ માન્ય કર્યા હોય છતાં પણ એવા મુક્તો તેમની માન્યતાને આધારે જાહેરમાં અપમાન કરી નાખે, હડધૂત કરી નાખે ત્યારે પણ એક બાપાના—મહારાજના અપરંપાર મહિમા તરફ જ દૃષ્ટિ રાખનારને આધ્યાત્મિક સમતા રહે છે.

ગુરુવર્ય યોગીજી મહારાજના અત્યંત પ્રિય ભજન 'હાજી ભલા સાધુ...'ની પ્રસિદ્ધ પંક્તિ 'માન–અપમાનમાં એકતા, સુખદુઃખમાં સમભાવ' એનું તાદૃશ્ય દર્શન કાકાજીના જીવનમાં આવા તો અનેક પ્રસંગોમાં જોવા મળતું. ગમે તેવી વિપરીત પરિસ્થિતિ કે વ્યક્તિ તેમની આંતરિક મસ્તી અને આનંદને રંચમાત્ર પણ ક્ષીણ કરવા અસમર્થ હતા. કેવી અદ્ભુત સહજાવસ્થા! વિરોધી પ્રત્યે પણ કેવી સંબંધના માહાત્મ્યની દૃષ્ટિ!

## ૩૮. યશની નહીં... ગુરુની હાશની જ આશ...

મુંબઈના દાદર સ્ટેશનની સામે (પૂર્વમાં) અક્ષરભુવનમાં સંતો બીજે માળે રહેતા હતા. નીચે પહેલે માળે ભાડુઆત તરીકે મિ. સોલ્ડર નામના એક Anglo - Indian ભાઈ સપરિવાર રહેતા હતા. સંતોને રહેવા માટે સંકડાશ પડતી હોવાથી અને સાંપ્રદાયિક મર્યાદા સચવાય એ હેતુથી બાપાએ કાકાજીને એ જગ્યા ખાલી કરાવવાની તજવીજ કરવા કહ્યું. કાકાજીએ પ્રયત્ન શરૂ કર્યા. લગભગ ૩ માસ સુધી પ.ભ. મહેન્દ્રભાઈ ગાંધી અને પ.ભ. નલિનીકાંત દવે સાથે મળી મિ. સોલ્ડરને બીજી વૈકલ્પિક જગાઓ બતાવવા ખૂબ મહેનત કરી. જાતે ટૅક્સીઓનો અને મોટરોનો ખર્ચો કરેલો. મિ. સોલ્ડરને મકાન બદલવા માટે બીજાં છત્રીસ જેટલાં મકાનો દેખાડ્યાં. સંતોને પડતી અગવડ બાબત તેને સમજાવીને બધી વાત કરવા છતાં પણ મકાન બદલવા તે જલદી કબૂલ થાય જ નહીં. તેને એકેય મકાન ગમે નહીં. કંઈક ને કંઈક ખોડ–ખાંપણ કાઢે જ. છેવટે માંડમાંડ એક મકાન સોલ્ડરે પસંદ કર્યું. તેણે મકાન ખાલી કરવાની તૈયારી કરવા માંડી ત્યાં બીજા વિઘ્નસંતોષી મોટેરા હરિભક્તો કહે કે, આ રેફ્રિજરેટર અને પંખા એ બધું અહીં મૂકીને જાવ. મિ. સોલ્ડર એની વસ્તુઓ લઈને જાય એ વ્યાવહારિક વાત હતી છતાં સૌએ જીદ પકડી રાખી. તેમના આવા જક્કી વલણ પાછળની તેમની ઈર્ષ્યાવૃત્તિનો સ્પષ્ટ ખ્યાલ હોવા છતાં કાકાજીએ ધીરજ ગુમાવી નહીં અને એ મુક્તો તરફ ભાવફેર પણ કર્યો નહીં. એમને તો સુહૃદભાવ રાખીને જે થાય તે જ કરવું હતું.

એટલે એમણે અને કાંતિકાકાએ મળીને રસ્તો કાઢ્યો. કાંતિકાકાએ મિ. સોલ્ડરને કહ્યું કે, 'તમારો આ બધો જ સામાન અમારી ગાડીમાં તમે જ્યાં કહેશો ત્યાં મફતમાં પહોંચાડી આપીએ. તમે અમારું આટલું માન્ય રાખો કે આ પંખા, રેફ્રીજરેટર અને ગીઝર અહીં મૂકી જાવ.' મિ. સોલ્ડરનો સામાન ઘણો હતો અને એ ઘરવખરીની ફેરબદલી એના માટે મુશ્કેલ અને અત્યંત ખર્ચાળ થાય એમ હોવાથી એણે તુરંત જ હા પાડી. સુહૃદભાવ રાખીને સમતા જાળવીને કાકાજીએ બધું કાર્ય શાંતિથી ઉકેલી દીધું. સંતો પણ રાજી થઈ ગયા.

એ જ સમયમાં ગૃહપ્રધાન શ્રી નંદાજી દાદર મંદિરે આવવાના હતા. તે સમયે યોગીબાપા પણ દાદર મંદિરમાં બિરાજતા હતા. નંદાસાહેબ આવ્યા અને એક નાની સભા ગોઠવાઈ ગઈ. કાકાજી, છગનભાઈ, હર્ષદભાઈ, કાંતિકાકા અને બધા મુક્તો ત્યાં બેઠા હતા.

સ્વામીબાપાએ ધીમે રહીને મિ. સોલ્ડરવાળી વાત ઉપાડી કે છગનભાઈ અને બધાએ ખૂબ દાખડો કરીને સંતો માટે સુંદર વ્યવસ્થા કરી આપી એમ પ્રશંસા કરી. બધું જ કામ કર્યું કાકાજીએ અને બાપા બીજાનાં વખાણ કરે તો પણ કાકાજી સહજ અવસ્થાથી અને સ્થિરતાથી બાપા તરફ જોયા જ કરે. એકવાર નહીં, ત્રણ–ચાર વાર સ્વામીબાપાએ સભામાં આ કામ માટે છગનભાઈનાં વખાણ કર્યાં અને કાકાજીના અંતઃકરણના ભાવને માપતા રહ્યા પણ કાકાજી તો આ પ્રસંગને દિવ્યતાથી જોઈ જ રહ્યા. એમને કોઈ સંકલ્પ ન ઊઠ્યો. બાપાએ એમને ઘણા અનુભવો કરાવ્યા હતા. તેથી કાકાજીને સૂઝ હતી જ કે બાપા મારી કસોટી કરી રહ્યા છે. આમાં મારે તો બાપાને જ રાજી કરવાના છે. તેથી તેઓ બાપાની આ લીલાને નિહાળી રહ્યા. આ એક અદ્‌ભુત દર્શન હતું. એક પ્રશાંત નિરવતા હતી. એક આનંદવિભોરની ભૂમિકા હતી. ત્યાં તો બાપા બોલી ઊઠ્યા, 'લ્યો દાદુભાઈ! આ હાર, તમે મકાન ખાલી કરાવવા ખૂબ દાખડો કર્યો' અને પછી માર્મિક રીતે નંદાજીને કહ્યું કે, 'સાહેબ, કામ તો દાદુભાઈએ કર્યું પણ નામ તો વડીલનું દેવું પડે. વ્યવહારની એ રીત છે.' સ્વામીબાપાએ પ્રસાદીનો હાર કાકાને આપી રાજીપો દર્શાવ્યો.

આમ ગુરુહરિ પોતે જ સામેથી આવી પરીક્ષા કરે ત્યારે દઢતાપૂર્વક સામી છાતીના ઘા ઝીલી, તે પ્રસંગની શરૂઆતમાં, વચ્ચે કે અંતે એકસરખી સમતા ને દિવ્યભાવ રાખીને ગુરુજીના પ્રત્યેક ચરિત્રને લીલા માનવી તે તો ખાંડાના ખેલ ખેલવા જેવું છે. પણ કાકા માટે કશું જ અશક્ય ન હતું. આથી તેમને હરેક પ્રસંગે બાપાની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થતી હતી.

જ્યારે જ્યારે આવા કસોટીના પ્રસંગ બને ત્યારે આપણે આપણા અંતઃકરણના ભાવને જુદી જુદી Intensityથી, વેગથી પ્રદર્શિત કરતાં હોઈએ છીએ. ત્યારે જાણપણું

ભુલાઈ જાય છે, ભાવફેર થઈ જાય છે, ક્ષોભ થઈ જાય છે. વિચારો ઊઠે છે અને દિવ્યભાવ રહેતો નથી. પણ એ સમયે હૈયામાં ગુરુની દિવ્ય લીલા નીરખવાની ભાવના રાખીને અનુભૂતિ કરીએ તો આપણને પણ એવી સૂઝ પડી જાય કે જે કાંઈ બની રહ્યું છે એ એમની જ લીલા છે.

બાપાની આવી અંતરની પ્રસન્નતાથી જ કાકાજીના જીવનમાં ગુરુની લીલાને માણી અખંડ સહજાવસ્થામાં રહેવાનું સહજ બની ગયું હતું.

❀ ❀ ❀

## ૩૯. ગુરુની મરજીના મરજીવા...

ઈ.સ. ૧૯૬૩નો આ પ્રસંગ છે. યોગીબાપા પ.ભ. મણિભાઈ જીવાભાઈની મોટરમાં બોચાસણથી અટલાદરા જઈ રહ્યા હતા. સાથે કાકાજી, માધવસ્વામી અને બીજા હરિભક્તો પણ હતા. રસ્તામાં અટલાદરા મંદિર નજીક જ્યાં ભગતજી મહારાજ રાત રોકાયા હતા તે મહાપ્રસાદીનું સ્થાન આવ્યું ત્યાં માતાજીના મંદિર પાસે બાપાએ ગાડી ઊભી રખાવી.

પછી કાકાજીને કહે, 'મારું આટલું માનશો?' કાકાજી કહે, 'બાપા, આમ કેમ કહ્યું? આપ હુકમ કરો.' તો બાપાએ તેમને બે વડીલ હરિભક્તોનાં નામ દઈ કહ્યું કે, 'તમે બે હાર લઈને અટલાદરા મંદિરે જજો અને સંતોને દંડવત કરજો ને એ હાર બે હરિભક્તોને પહેરાવજો.'

એ મહાનુભાવો અને સંતોએ કાકાજીને વિમુખ કરવાનું નક્કી કર્યું હતું અને એ માટે કમિટી પાસે ૧૪ પાનાંનો મેમોરેન્ડમનો કાગળ પણ તૈયાર કરાવ્યો હતો.

કાકાજી કહે, 'બાપા, આપની મરજી હશે તો કૂતરાને પણ દંડવત્ કરીશ. જ્યારે આ લોકો તો ભગવાનના ભક્તો છે. તેથી તેમને દંડવત કરવામાં મને કોઈ જ વાંધો નથી.' આ સાંભળી યોગીબાપાએ રાજી થઈને સદ્. ગોપાળાનંદસ્વામીની પ્રસાદીની માળા કાકાજીને આપી. તે વખતે યોગીબાપા પાસે આ એક જ માળા હતી. એમણે કાકાજીને કહ્યું, 'જાવ, આ પ્રસાદીની માળા આપું છું. રોજ ૧૧ માળા કરજો તો મૂર્તિ પ્રગટ થઈ જશે.' એ પછી અટલાદરા મંદિરનાં પગથિયાં પાસે જ પેલા બન્ને મહાનુભાવો અને સંતોનાં દર્શન થતાં જ કાકાજીએ ધૂળવાળા રસ્તામાં જ તેઓને દંડવત્ કર્યા અને હાર પહેરાવ્યા. એમને આ રીતે દંડવત કરતાં જોઈ બાપા મલક મલક ખૂબ હસ્યા. પરંતુ ત્યાં હાજર રહેલ સહુએ સજળ નયને જોયું કે તે વખતે બાપાની આંખો પણ અશ્રુભીની થઈ ગઈ હતી. એ અશ્રુમાં કાકાજીએ એમની આજ્ઞા અધ્ધર ઝીલી લીધી તેની ખુશી પણ હતી તો સાથોસાથ પોતાના આ પ્રાણપ્યારા ભક્તની આવી

આકરી કસોટી થઈ રહી હતી એ બદલની વેદના પણ હતી. એનું રહસ્ય તો જે એમના અંતરને યથાર્થ જાણતા હોય એને જ ખ્યાલમાં આવેને?

મુંબઈના કેટલાક મુક્તો પાસે યોગીબાપા પોતે ગરજુ થઈને વર્તતા. આ મુક્તો બાપાને ઓશિયાળા કરે એ કાકાજી જાણતા હતા અને એમને ગમતું ન હતું. છતાં બાપા આ વાત ચલાવી લેવા માંગે છે એમ જાણી શાંત રહેતા. બાપાનો અભિપ્રાય સમજી જેમ બાપાની દૃષ્ટિ ફરકે તેમ કાકાજીનો દેહ ફરકે અને બાપાની અનુવૃત્તિ સમજી કાકાજી કટ વળી જતા. ઉપરોક્ત પ્રસંગથી તેમની આવી સ્વરૂપલક્ષી સરળતાનું અદ્‌ભુત દર્શન થાય છે.

## ૪૦. અભાવ–અવગુણમાંથી પાછા વાળ્યા...

એક વખતે દાદર મંદિરે એક હરિભક્તને બીજા એક અગ્રણી હરિભક્ત સાથે પૈસા બાબત બોલાચાલી થઈ. રૂા. ૫,૦૦૦/–ની લેવડદેવડનો મામલો હતો. એમણે તે ભક્તને રૂા. ૫,૦૦૦/– આપ્યા હતા પરંતુ એ હરિભક્તને એ પૈસા પાછા આપવામાં વિલંબ થયો તેથી તેઓ એ હરિભક્ત સાથે મોટેમોટેથી જેમ તેમ બોલવા લાગ્યા. એ સમયે કાકાજી ત્યાં આવ્યા હતા. તેમણે એ બન્નેની બોલાચાલી સાંભળી અને પળનો પણ વિલંબ કર્યા સિવાય કાકાજીએ તેમને કહ્યું, 'આજથી તમારા ૫,૦૦૦/– રૂા. પાછા આપવાની જવાબદારી મારી. હું એ માથે લઉં છું પણ તમે આજ પછી આ હરિભક્તને કંઈ પણ કહેતા નહીં.' આ સાંભળી એ હરિભક્ત શાંત થઈ ગયા અને પેલા હરિભક્તને પણ હાશ થઈ ગઈ. આમ કાકાજીએ ભક્તનો પક્ષ રાખ્યો અને એમને અભાવ–અવગુણમાં પડવા ન દીધા.

એવી જ રીતે મુંબઈના એક ડૉક્ટરે એક હરિભક્ત પાસેથી રૂા. ૧૦,૦૦૦/– ચાર ટકાના દરે વ્યાજે લીધા હતા. ડૉક્ટરને દર મહિને ચાર ટકા વ્યાજ આપવાનું મોંઘું પડતું હતું તેથી તેઓએ પોતાની નારાજગી દર્શાવવા પેલા હરિભક્તનું બધા પાસે ઘસાતું બોલવાનું શરૂ કર્યું. આ વાત કાકાજી સુધી પહોંચી એટલે કાકાજી એ ડૉક્ટર પાસે ગયા અને એમને જણાવ્યું કે, 'પૈસા એ કાંઈ બહુ મોટી વસ્તુ નથી, એ તો ગમે ત્યાંથી મેળવી શકશો. પરંતુ તમે આ ભક્તનો અભાવ લ્યો છો એ મોટું પાપ કરી રહ્યા છો. જો તમારી ઈચ્છા હોય તો તમને હું દોઢ ટકાના વ્યાજે બીજી લોન અપાવી શકું એમ છું પરંતુ હરિભક્તોના અભાવમાં પડશો તો યોગીબાપા રાજી નહીં થાય.' એ પછી કાકાજીએ એમને ઓછા વ્યાજની loanની વ્યવસ્થા કરી આપી અને સાથે સાથે સાચું જ્ઞાન પણ આપ્યું.

કાકાજીને હંમેશાં યોગીબાપાના અભિપ્રાય પ્રમાણેની ભક્તિની જ ઝંખના રહેતી. ભક્તોનાં વ્યાવહારિક કામોમાં પણ તેઓ એ દૃષ્ટિએ જ ઓતપ્રોત થતા. તેમના પ્રશ્નોના ઉકેલમાં ક્યાંય પણ યોગીબાપાનાં સંપ–સુહૃદભાવ–એકતાના સિદ્ધાંતમાં ઓટ આવતી જણાય કે તેનો લોપ થતો જણાય તો તે જાળવી લેવા માટે પોતાને કોઈ અંગત નુકસાન થતું હોય તો તે પણ તેઓ ભોગવી લેતા પણ બાપાની અંતરની મરજી સચવાય એ જ એમનો મુખ્ય ઉદ્દેશ રહેતો. તેથી જ બાપાની અમીદૃષ્ટિ સહજ જ એમના પ્રત્યે રહેતી.

## ૪૧. ગુરુઈચ્છા સાકાર કરી...

સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્ય સ્થાન છપૈયામાં હંમેશાં હજારો ભક્તોની નિત્ય આવનજાવન રહેતી હોય છે. પરંતુ આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં છપૈયામાં રેલ્વે સ્ટેશન ન હતું. યોગીજી મહારાજની એવી ઈચ્છા હતી કે અહીં એક રેલ્વે સ્ટેશન થાય. તેમણે કાકાજીને કહ્યું, 'દાદુભાઈ, આપણે છપૈયા જવું છે. માટે તમે નંદાસાહેબને મળો ને કહો કે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનું જ્યાં જન્મસ્થાન હોય ત્યાં હજારો હરિભક્તો આવતા હોય તો મોટું રેલ્વે સ્ટેશન બાંધી આપો. જેથી હરિભક્તોને અગવડ ન પડે.'

યોગીજી મહારાજની એ આજ્ઞા લઈ કાકાજી થોડા દિવસ પછી દિલ્હી ગયા અને નંદાજીને છપૈયાનો મહિમા સમજાવી યોગીબાપાની ત્યાં રેલ્વે સ્ટેશન બનાવવાની અંતરની ઈચ્છાની વાત કરી. નંદાજી કહે, 'હા, આપણે પ્રયત્ન કરીએ.' કાકાજી કહે, 'પ્રયત્ન નહીં, પૂર્ણાહુતિ જ કરવી છે.' નંદાજી કહે, 'તમને ખબર છે? ભારતનાં કેટલાંય ગામડાં સ્ટેશન વગરનાં છે.' તો કાકાજી કહે, 'એની ના નથી પણ આ તો સર્વોપરી ભગવાનનું જન્મસ્થાન છે એટલે એમાં તો થવું જ જોઈએ. યોગીબાપાની ખાસ ઈચ્છા છે.' એટલે નંદાજીએ હા કહી.

એ પછી નંદાજીએ એ સમયના રેલ્વે પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીને આ વાત ફોન કરીને જણાવી. શાસ્ત્રીજીએ કહ્યું, 'રાતના આપણે મળીએ.' નંદાજી અને કાકાજી એ રાત્રે એમના નિવાસસ્થાને મળવા ગયા. નંદાજીએ કાકાજીનો પરિચય આપ્યો અને કાકાજીને વાત કરવા જણાવ્યું. કાકાજીએ કેફથી ભગવાન સ્વામિનારાયણનો મહિમા ગાયો ને એમના પ્રાગટ્યસ્થાને મોટા રેલ્વે સ્ટેશનની ખૂબ જરૂર છે એમ વિવેકપૂર્વક જણાવ્યું. લાલબહાદુર શાસ્ત્રીએ કાકાજીની વાત સાંભળી એમની ખુમારી અને પ્રતિભા જોઈ એમનો આ પ્રસ્તાવ સ્વીકારી તુરંત યોગ્ય કાર્યવાહી કરવાનું વચન આપ્યું.

બીજે દિવસે નંદાજી અને લાલબહાદુર શાસ્ત્રી, વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પાસે ગયા અને એમને છપૈયામાં સ્ટેશનની જરૂરિયાતની વાત કરી. આ સાંભળી

પંડિત નહેરુએ કહ્યું, 'મેં પણ યોગીજી મહારાજનાં દર્શન કર્યા છે. છપૈયામાં જરૂરથી રેલ્વે સ્ટેશન થઈ જશે.' એમ કહી એમણે હા કહી અને એ પછી થોડા જ સમયમાં છપૈયા ગામે સ્ટેશન ઊભું થઈ ગયું.

યોગીજી મહારાજે જેમ છપૈયામાં રેલ્વે સ્ટેશન બનાવવા કાકાજીને નિમિત્ત બનાવ્યા એ જ રીતે ગુણાતીતાનંદસ્વામીના પ્રાગટ્યસ્થાન ભાદરા ગામે પણ રેલ્વે સ્ટેશન તૈયાર કરવા માટે કાકાજીને આજ્ઞા કરી.

સાધુ થતાં પહેલાં ગુણાતીતાનંદસ્વામી ૨૫ વર્ષ ભાદરા રહ્યા હતા. આ ગામ પાસેથી રેલ્વે પસાર થાય પણ અહીં સ્ટેશન નહીં. એટલે અહીં સ્ટેશન કરવાનું કામ બાપાએ કાકાજીને સોંપ્યું.

આ માટે કાકાજી ઘણી વખત દિલ્હી જઈ આવ્યા અને નંદાજીને મળીને ભાદરામાં સ્ટેશન બનાવવાનો પ્રસ્તાવનો સ્વીકાર કરાવ્યો. આ કામમાં રાજકોટ, જામનગર વગેરેના હરિભક્તોએ પોતાનો ફાળો આપ્યો. બીજા સત્સંગીઓએ પણ મદદ કરી. કાકાજીને આ માટે અવારનવાર ભાદરા જવાનું થતું. આખરે એક પ્લેટફૉર્મ અને સ્ટેશન માસ્ટરની બે રૂમો તૈયાર થઈ ગયાં. જેનું ઉદ્‌ઘાટન ત્યાંના Divisonal Suprentendent શ્રી મુથુકૃષ્ણનના હસ્તક થયું. ગુણાતીતાનંદસ્વામીના નામ ઉપરથી એ સ્ટેશનનું નામ ગુણાતીતનગર પાડ્યું. ત્યારથી સવાર–સાંજ જતી–આવતી ગાડીઓ ત્યાં ઊભી રહે છે અને આવતા જતા સત્સંગીઓને ખૂબ સાનુકૂળતા રહે છે.

આમ સ્વામિનારાયણ સંપ્રદાયનાં આ બન્ને અતિ મહત્ત્વનાં પ્રસાદીનાં તીર્થસ્થાનોમાં રેલ્વે સ્ટેશનોની સગવડ કરી આપવામાં કાકાજી નિમિત્ત બન્યા. સ્ટેશનોનું ઉદ્‌ઘાટન કરનાર રેલ્વેના વરિષ્ઠ અધિકારીઓ કે પ્રધાનોનાં નામ કદાચ આજે ત્યાં તક્તીઓ પર જોવા મળે પણ કાકાજીનું નામ તો યોગીબાપાના હૃદયમાં કોતરાયું હતું, એનો ખ્યાલ તો જવલ્લે જ કોઈને આવેને!

## ૪૨. ઠરાવ એ જ કે પોતાનો ઠરાવ નહીં...

ઈ.સ. ૧૯૬૫માં એક વખત નંદાજી યોગીબાપાને મળવા ગુજરાત આવ્યા હતા. એ સમયે ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી તેમને મળવા આવવાના હતા. તેઓ ફક્ત અડધો કલાક જ રોકાવાના હતા. એ અડધા કલાકનો કાર્યક્રમ નક્કી કરવાનો હતો. એ સમય દરમ્યાન કોનું કોનું પ્રવચન રાખવું, શું કરવું? એની ચર્ચા ચાલી રહી હતી. ચર્ચામાં બધા મોટેરા આગેવાન હરિભક્તો હતા. એક વડીલ હરિભક્ત કહે, 'હું તો અહીંનો કલેકટર કહેવાઉં. એટલે કોઈપણ ભોગે

મારું પ્રવચન તો રાખો જ.' ત્યારે એક મોટા સંત કહે, 'અલ્યા, હું આ પ્રદેશનો છું. મારું પ્રવચન તો રાખો જ.' ત્યારે બીજા એક વડીલ કહે, 'મારું પ્રવચન તો જોઈએ જ.' આમ અડધો કલાક સુધી ચર્ચા ચાલી. દરેકને કથા કરવી હતી. દરેકને એમ કે હું બોલું, એક કહે, સમજાવી દઉં, એક કહે, હું વાત કરું, એક કહે, હું આમ કરું. કાકાજી તો આ બધું સાંભળતા જ રહ્યા. આખરે બધો કાર્યક્રમ નક્કી કરી કાકાજી અને હર્ષદભાઈ બન્ને યોગીબાપાને પૂછવા ગયા.

યોગીબાપા તો અંતર્યામીપણે આ બધું જાણતા હતા. તેથી બાપા કહે, 'હવે તમારે જે કાર્યક્રમ રાખવો હોય તે રાખો. તમે નક્કી કર્યું હોય તે બરાબર.' છતાં તેઓએ બાપાને પૂછવાનું ચાલુ રાખ્યું તો બાપા કહે, 'અડધો કલાક દેવાભગતનો રાખો.' (દેવાભગત એકવાર બોલવાનું ચાલુ કરે તો કલાકો સુધી મૂકે જ નહીં. વળી એમની વાતો પણ ઢંગધડા વગરની હોય.) ત્યારે બન્નેએ બાપાને કહ્યું, 'બાપા અડધો કલાક દેવાભગતને આપી દેવાનો?' તો બાપા કહે, 'શું દેવાભગત ગાંડો છે એમ તમે કહો છો? સારું, તો પેલો ભાદરાવાળો કાનજી ભગત છે એનું રાખો.' (કાકાજી કહે, દેવાભગતમાંથી માંડ છૂટ્યા તો કાનજી ભગત તો એનાથી પણ ચઢે એવા હતા. એ લાડવા ખાવામાં જ સમજે. ૧૪ લાડવા તો મંગળાચરણમાં જ ખાઈ જાય. આમ બાપાએ મારી અને હર્ષદભાઈની ક્રૂર મશ્કરી કરી.)

પછી યોગીબાપા કહે, 'મારું પ્રવચન નહીં રાખતા.' એટલે કાકાજીએ કહ્યું, 'બાપા, તમારું પ્રવચન તો જોઈએ જ.' કાકાજીની દૃષ્ટિ તો કેવળ યોગીબાપા તરફ જ હતી. એટલે બાપા કહે, 'એમ કરો, આ નંદાજીને બહુ સમજાવવાનું છે. એટલે અડધો કલાક એમનું જ પ્રવચન રાખો.' આમ સ્વામીજીએ આખો કાર્યક્રમ જ ફેરવી નાખ્યો.

આ પ્રસંગની સ્મૃતિ કરતા કાકાજી કહેતા કે, 'અમે બન્ને ત્યારે ભોંઠા પડેલા. કાર્યક્રમ નક્કી કરતા પહેલાં અમારે બાપાને પૂછવું જોઈએ. એને બદલે બધું નક્કી કરીને, pre-conditioning કરીને પછી બાપા પાસે ગયા તો યોગીબાપાએ અમને અંતર્દૃષ્ટિ કરાવવા સીધી જ outright ચોટ લગાડી આખો પ્રોગ્રામ જ બદલી નાખ્યો. આપણે મોટાપુરુષ પાસે પણ માનસિક ભૂમિકામાં જ રહીને જ, ગુણના ભાવમાં રહીને જ વર્તન કરતા હોઈએ તો આપણને સાચી વાત સમજાવવા તેઓ આવી લીલા પણ કરે. પણ ત્યારે જો આપણે ખુલ્લા હોઈએ અને સરળ વર્તીએ તો આપણી ક્યાં ભૂલ થઈ એ વાત પણ તેઓ બતાવી દે. એ એમની આપણા તરફની કેવી કરુણા!' કાકાજીએ પણ દેખીતી રીતે તો પોતાની કોઈ ક્ષતિ ન હોવા છતાં પોતાનું મિષ લઈ આ વાત કરી હતી. એ એમના હૃદયની કેવી વિશાળતા!

## ૪૩. વચને પ્રવૃત્તિ... વચને નિવૃત્તિ...

ઈ.સ. ૧૯૬૫માં અટલાદરામાં ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઉજવવાનો હતો. મહોત્સવમાં આવનારા હજારો ભક્તોની જમવાની વ્યવસ્થા કરવાની હતી. એ વખતે આવા મોટા પ્રસંગો અને ઉત્સવો માટે જરૂરી ચોખા અને ખાંડના વપરાશ માટે સરકારની પરવાનગી લેવી પડતી અને આપેલ પરમિટથી વધારે ચોખા અને ખાંડ વાપરી શકાતાં નહીં. અમદાવાદ જઈ ચોખાની પરમિટ લઈ આવવાની જવાબદારી મહોત્સવ કમિટીએ કાકાજીને સોંપી હતી. યોગીબાપાએ પણ કાકાજીને કહ્યું, 'તમારા વગર કોઈ પરવાનગી નહીં લઈ આવે, માટે તમે જ જઈને લઈ આવો.'

એ વખતે સરકારમાં શ્રી વિજયકુમાર ત્રિવેદી નામના પ્રધાન આ પરમિટ આપતા હતા. તેઓ વધારેમાં વધારે ૨ હજાર માણસની જ પરમિટ આપતા છતાં કમિટીએ કાકાજીને ૭ હજાર માણસોની પરમિટ લાવવાનું કહ્યું હતું. કાકાજી અમદાવાદ જઈને વિજયકુમારને મળ્યા ને મહોત્સવ અંગે બધી વાતચીત કરી અને ઘણા બધા મહેમાનો અને મહાનુભાવો આવવાના છે અને બહુ મોટો ઉત્સવ છે એમ વાત કરીને પેલા પ્રધાનને ૭ હજાર માણસો માટેની પરમિટની વાત ગળે ઉતારી દીધી. એમણે ત્રણ દિવસ પછી પરમિટનો પત્ર લઈ જવા કાકાજીને જણાવ્યું.

પરવાનગી મળી એટલે કાકાજી ખુશ થઈને આવ્યા ને કમિટીમાં કહ્યું, આપણને ૭ હજાર માણસની પરમિટ મળે છે અને ત્રણ દિવસ પછી એ લેવા જવાનું છે. એટલે કમિટીના અમૂક ઈર્ષાળુ સભ્યો પોતે જશ ખાટવા કહે, આ શું લઈ આવવાનો છે? આપણે જ પરમિટ લઈ આવીશું. તેમની આવી રીતભાતનો કાકાજીને તો ખ્યાલ હતો જ તેમ છતાં આવી વિરોધ પ્રકૃતિવાળા ભક્તો સાથે કામ કરવામાં પણ કાકાજીને તો એક બાપાને જ રાજી કરવાનું તાન રહેતું.

યોગીબાપા એ સમયે મુંબઈ કપોળવાડીમાં ઊતર્યા હતા. જે દિવસે કાકાજીને પરમીટ લેવા જવાનું હતું એ જ દિવસે કપોળવાડીમાં બે યુવકો પ.ભ. પિયુષભાઈ (પૂ. સત્સંગભૂષણસ્વામી) અને પ.ભ. મહેન્દ્રભાઈ (પૂ. ભક્તિતનયસ્વામી)ને યોગીબાપા દીક્ષા આપવાના હતા. કાકાજી પરમિટના કામ અંગે અમદાવાદ જવાની તૈયારી કરતા હતા ત્યાં જ યોગીબાપા કહે, 'દાદુભાઈ, બે દિવસ અહીં રોકાઈ જાવ. આ યુવકોને દીક્ષા આપવાની છે.' એટલે કાકાજી બાપાને કહે, 'બાપા, શતાબ્દી માટે પેલી પરમિટ લેવા જવાનું છે.' બાપા કહે, 'મોટાપુરુષ રાજી થાય એ જ શતાબ્દી. તમને શતાબ્દીનું ફળ હું અહીં રહીને આપીશ. આપણે નથી જવું.' તો કાકાજી કહે, 'બાપા તમે જ પેલી પરવાનગી લાવવાનું મને કહ્યું છે.' તો બાપા કહે, 'એ તો છગનભાઈ લઈ આવશે. પણ તમે અહીં રોકાઈ જાવ. તમે આ નવા સંતોની પાસે જ રહેજો અને એમને બળની વાતો કરજો.' આમ કહી બાપાએ કાકાજીને બે દિવસ કપોળવાડીમાં રોક્યા અને

એમને કહ્યું કે, 'સત્સંગની કે મંદિરની ગમે તેટલી પ્રવૃત્તિ હોય અને મોટાપુરુષે જ ઉપસ્થિત કર્યું હોય છતાં છેલ્લી ઘડીએ તેઓ જે કહે એ જ આપણે કરવાનું.'

ત્રીજે દિવસે પેલા ઈર્ષાળુ સભ્યો પોતાની યોજના મુજબ પરમિટ લેવા અમદાવાદ ગયા પણ મિનિસ્ટરે એમને પરમીટ આપી જ નહીં અને તેઓ ખાલી હાથે પાછા ફર્યા. કાકાજીને આ વાતની જાણ થઈ તેથી બાપાની આજ્ઞા લઈ પોતે જાતે અમદાવાદ ગયા અને વિજયકુમારને મળીને ચોખાની પરમિટ લઈને જ મુંબઈ પાછા આવ્યા.

પેલા વિઘ્નસંતોષીઓ તરફ જરા સરખો પણ ભાવફેર કાકાજીએ કર્યો નહીં. એમની અંદર પણ એક બાપાની જ લીલા એમણે જોઈ બાપાની મરજીથી જ આ પરમિટ મળી છે અને પોતે તો નિમિત્ત જ હતા અને એમના અનુગ્રહથી જ પોતે આમ વર્તી શક્યા એમ તેઓ માનતા.

હરેક પ્રસંગે યોગીબાપાનું જ કર્તાપણું સ્વીકારી તેમાં સહાયરૂપ થનાર કે વિરોધ કરનાર તમામ વ્યક્તિઓ પ્રત્યે કાકાજી એક જ સરખો નિર્દોષબુદ્ધિનો ભાવ અખંડ રાખતા અને તેથી જ તો બાપાએ એમને નિર્દોષબુદ્ધિના રાજા કહ્યાને!

## ૪૪. 'ગુણાતીત જ્યોત'નું ખાતમુહૂર્ત...

ઈ.સ. ૧૯૫૨ના ફેબ્રુઆરીમાં કાકાજીને સાક્ષાત્કાર થયા પછી તેઓ સંપૂર્ણપણે યોગીબાપામય થઈ ગયા હતા અને પરિવાર તથા ધંધા પ્રત્યે તદ્દન નિસ્પૃહતાથી વર્તતા. તેમની આવી સ્થિતિની ખબર પડવાથી જાત તપાસ કરવા પપ્પાજી ભારત આવ્યા. પરંતુ ૧લી જૂન ૧૯૫૨ને દિવસે જ તેમને પણ યોગીબાપાએ દિવ્ય અનુભૂતિ કરાવી તેમનો સાક્ષી ભેદી નાંખ્યો. જેથી તેઓ પણ સમગ્રપણે યોગીબાપાને સમર્પિત થઈ ગયા. કાકાજી અને પપ્પાજીના સાન્નિધ્યમાં તારદેવ મંદિરે બ્રહ્મજ્ઞાનનો અખાડો ચાલતો અને અનેક ભક્તો તેનો લાભ લઈ ધન્ય થતા. સાથોસાથ તારદેવ મંદિરને જ મુંબઈના સત્સંગનું કેન્દ્ર બનાવી યોગીબાપાએ અદ્‌ભુત સેવાયજ્ઞની આહલેક જગાવી હતી જેમાં સોનાબા, કાંતિકાકા, જ્યોતિબેન, તારાબેન તથા સમગ્ર પરિવાર સંપૂર્ણપણે જોડાઈ ગયો હતો. જ્યોતિબેન અને તારાબેનને તો પહેલેથી જ સંસાર તરફ અરુચિ હતી અને એમાં તારદેવ મંદિરના સત્સંગ પરાયણ માહોલમાં તેમને ખૂબ જ પુષ્ટિ મળી. તેથી મનોમન તો તેમણે આજીવન કુંવારા રહી ભગવાન ભજવાનું નક્કી કર્યું હતું. પરંતુ સામાજિક પ્રણાલીઓને કારણે ખુલ્લે આમ તેઓ પોતાની ઈચ્છા જાહેર કરી શકે એમ ન હતાં. આથી ૧૯૫૨ની શરદ પૂર્ણિમા વખતે પપ્પાજી ગોંડલ યોગીબાપાનાં દર્શને જતા હતા ત્યારે કાકાજીએ એમને જ્યોતિબેન અને તારાબેન બાબત પૂછવા

કહ્યું હતું. એ પ્રમાણે પપ્પાજીએ બાપાને ગોંડલમાં પૂછ્યું કે, 'કાંતિભાઈની બહેનોનું શું કરવું છે?' ત્યારે સહજ જ ભાવે બાપાએ કહ્યું કે, 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું છે, મહારાજ જોગ કરી આપશે.'

બાપાની આવી મરજી જાણી બન્ને બહેનોને તો અંતરમાં ખૂબ જ હાશ થઈ ગઈ અને તારદેવ મંદિરે કાકાજી અને પપ્પાજીની નિશ્રામાં રહી ભગવાન ભજવાની તેમની સાધનાને વેગ મળ્યો. તેમના નિષ્કલંક ચારિત્ર્ય અને હૃદયની તીવ્ર અભીપ્સા તેમ જ ભજન અને સેવાપરાયણ રીતિનીતિથી અન્ય સત્સંગી બહેનોને પણ ભગવાન ભજવાની અભિરુચિ જાગી. તેના પ્રથમ ચરણરૂપે પહેલાં પૂ. દીદી (પૂ. હંસાબેન દવે) અને ત્યારબાદ પૂ. દેવીબેન આ બન્ને બહેનો સાથે જોડાયાં. એ દરમ્યાન શિક્ષિત યુવકોને ભાગવતી દીક્ષા આપવા માટે યોગીબાપાએ ચક્રો ગતિમાન કરી જ દીધાં હતાં અને કાકાજીને તેમાં સંપૂર્ણપણે જોડી દીધા હતા. યોગીબાપાના હેત તેમ જ કાકાજીની માહાત્મ્યસભર કથાવાર્તા અને વાત્સલ્યભરી માવજત તેમ જ પપ્પાજીનું જબરજસ્ત પીઠબળ અને સોનાબાના માતૃત્વથી ભીંજાઈને સત્સંગ પરિવારના અનેક યુવકો યોગીની નારાયણી સેનામાં જોડાયા અને ઈ.સ. ૧૯૬૧માં યોગીબાપાએ ૫૧ શિક્ષિત યુવકોને ભાગવતી દીક્ષા આપી સત્સંગ સમાજમાં નૂતન ક્રાંતિ કરી. એના પગલે પગલે જ કાકાજી અને પપ્પાજી પાસે ભગવાન ભજતાં સમર્પિત બહેનોએ પણ ત્યાગાશ્રમ સ્વીકારી દીક્ષા લેવાની ઈચ્છા દર્શાવી. જેવી રીતે સમર્પિત ગૃહસ્થોએ પોતાના દીકરાઓને સાધુ થવા સંમતિ આપી એ જ રીતે બહેનોના વાલીઓએ પણ રાજીખુશીથી પોતાની દીકરીઓને ભગવાન ભજવાની અને દિવ્ય જીવન જીવવાની રજા આપી.

ઈ.સ. ૧૯૬૩ના શરદ પૂર્ણિમાના દિવસે યોગીબાપા ગોંડલની અક્ષરદેરીમાં મહાપૂજા કરી રહ્યા હતા. કાકાજી અને પપ્પાજી બન્ને એ વખતે બાપા પાસે હાજર હતા. બાપા એ બન્ને ભાઈઓને શાસ્ત્રીજી મહારાજની રૂમમાં લઈ ગયા અને કહ્યું કે, 'ભગવાન ભજતી સમર્પિત બહેનોને રહેવા માટે એક જુદા સ્થાનની વ્યવસ્થા કરો.' એટલે કાકાજી અને પપ્પાજીએ બાપાને પૂછ્યું કે, 'એવું સ્થાન ક્યાં કરીએ?' તો બાપા કહે, 'વિદ્યાનગરમાં તમારો જમીનનો પ્લૉટ છે ને એની ઉપર.' એટલે પપ્પાજી કહે, 'બાપા, ગોંડલ કરીએ તો? ત્યાં એમને આપની સેવા અને દર્શનનો લાભ મળે અને આપ ન હો ત્યારે પણ મંદિરની પ્રવૃત્તિ અને સેવાનો લાભ તો મળતો જ રહે.' તો બાપા કહે, 'સત્પુરુષ ક્યાં અદશ્ય થવાના છે? માટે વિદ્યાનગરના તમારા પ્લૉટ પર જ બનાવો.' બાપાની આ મરજી જાણી બન્ને ભાઈઓએ હા કહી.

એ પછી કાકાજીએ પપ્પાજીને આ નવીન સંકુલના પ્રમુખ બનવાનું સૂચન કર્યું અને આમ કાકાજીની દોરવણી હેઠળ જશભાઈ સાહેબ અને તેમના સાથીદાર યુવકો

તથા વિરેન્દ્રભાઈ પટેલ, કાનજીભાઈ પટેલ અને બીજા સમર્પિત ગૃહસ્થો અને યુવકોએ એના બાંધકામની જવાબદારી લીધી. ૨૧મી જૂન ૧૯૬૫ના દિવસે યોગીબાપાએ પ્રમુખસ્વામી, મોટાસ્વામી, કાકાજી, પપ્પાજી, જશભાઈ સાહેબ અને સત્સંગના અગ્રણી અને મોટેરા હરિભક્તોની હાજરીમાં નવીન બનનારા સંકુલનું ખાતમુહૂર્ત કર્યું.

ઈ.સ. ૧૯૬૫માં જ્યારે વિદ્યાનગરમાં 'ગુણાતીત જ્યોત'નું ખાતમુહૂર્ત કરવાનું હતું. એ જ વખતે ત્યાંના અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનું પણ વાસ્તુપૂજન કરવાનું હતું. તેથી યોગીજી મહારાજ સંતો અને મોટેરા હરિભક્તો પ્રમુખસ્વામી, મહંતસ્વામી, મોટાસ્વામી, રણછોડભાઈ આફ્રિકાવાળા, ગોરધનભાઈ contractor, મગનભાઈ નરસિંહભાઈ, મણીભાઈ જીવાભાઈ વગેરે સાથે વિદ્યાનગર પધાર્યા હતા. તેઓ મુહૂર્તના એક દિવસ પહેલાં આવ્યા હતા. ગોરધનદાસ contractorએ ૨૦મી તારીખનું જ્યોતનું મુહૂર્ત કાઢી આપ્યું હતું. કોઈ ગેરસમજણને લીધે કેટલાક મોટેરા ભક્તોએ મુહૂર્તના દિવસે આણંદ જ રોકાઈ એ પ્રસંગમાં હાજર ન રહેવાનો નિર્ણય લીધો. યોગીબાપાથી આ વાત અજાણ ન હતી. તેમણે કાકાજી અને પપ્પાજીને કહ્યું, 'આપણે કાલે મુહૂર્ત નથી કરવું.' મુહૂર્ત અંગેની બધી જ વ્યવસ્થા થઈ ગઈ હતી. છતાં બન્ને ભાઈઓએ જરા પણ ક્ષોભ પામ્યા વગર બાપાને નથી ગમતું તો કાંઈ જ નથી કરવું એમ માનીને બાપાનું વચન માન્ય રાખ્યું અને આમ એ દિવસે મુહૂર્ત કૅન્સલ થયું.

૨૧મી તારીખે છાત્રાલયનું વાસ્તુપૂજન હતું. જાહેરમાં એ તારીખ માન્ય થઈ હતી અને સર્વને એની જાણ હતી. બધા મહારથીઓ એ પ્રસંગે તો વિદ્યાનગર હાજર જ હોય તેથી યોગીબાપાએ એ જ દિવસે જ્યોતનું પણ ખાતમુહૂર્ત કરવાનું જણાવ્યું અને ખરેખર એ જ પ્રમાણે ૨૧મી જૂન ૧૯૬૫ને દિવસે બધા જ મોટેરા હરિભક્તો અને આગેવાન સંતો અને મહારથીઓની હાજરીમાં યોગીબાપાએ અત્યંત ધામધૂમથી 'ગુણાતીત જ્યોત'નું ખાતમુહૂર્ત કર્યું અને એ પ્રસંગને ખૂબ શોભાડી દીધો. ત્યાં હાજર રહેલા મુંબઈના રમણીકભાઈ અદાને તુલસીનો હાર આપીને આશીર્વાદ આપ્યા ને કહ્યું કે, 'ગુણાતીતજ્ઞાનના સંદેશાઓ અહીંથી ફેલાશે.' આમ સત્પુરુષમાં જેટલો ભરોસો એટલો એ કાર્યનો, એ ભાવનાનો પડઘો પડતો હોય છે. પ્રભુ જ આગળ આગળથી ભક્તોના મનોરથો પૂરા કરે છે. એટલું જ નહીં એમનું ખૂબ ખૂબ શોભાડી પણ દે છે. એ જેમ દોરવણી કરતા જાય એમ જ કરવું પણ એ ઘડીએ આગ્રહ નહીં કરવો. જો આવું વલણ રહે અને સત્પુરુષ પ્રત્યે સરળતાથી રહેવાય તો બધાં જ કાર્યો તેઓ આશ્ચર્યજનક રીતે પાર પાડી દેશે એ વાતનો સહુને અનુભવ થયો.

એ પછી યોગીબાપા તા. ૨૫ જાન્યુઆરી ઈ.સ. ૧૯૬૬ના દિવસે જ્યોતમાં પધાર્યા હતા અને જ્યોતના મકાનની દરેક રૂમમાં ફરેલા અને રસોડું જોઈને કહ્યું હતું કે, 'આ રસોડું નાનુ નહીં પડે?' એમ કહીને જાણે આ જ્યોતનો ખૂબ જ વિકાસ થશે

અને ભવિષ્યમાં બીજા સંકુલોનો પણ એમાં ઉમેરો થશે એવો ગર્ભિત સંકેત આપી દીધો. એ સમયે બન્ને ભાઈઓ કાકાજી અને પપ્પાજીએ બાપાને પૂછ્યું, બાપા, પાછા ક્યારે પધારશો? ત્યારે બાપાએ કહ્યું, 'હવે મને પૂછતા નહીં. તમે બે મળીને જે કરશો એમાં હું આવી ગયો.' યોગીબાપાની આ ભાવના તરફ દૃષ્ટિ રાખીને એને મૂર્તિમાન કરવાના કાર્યને આ બન્ને ગુણાતીત સત્પુરુષો તેમ જ તેમના સાથીદાર જ્યોતિર્ધરો દ્વારા અદ્ભુત વેગ મળ્યો.

ત્યાંના સ્થાનિક હરિભક્ત શ્રી પાઠક સાહેબ ઘણી વાર કહેતા કે યોગીબાપાએ મને નિમિત્ત બનાવ્યો. બહેનોના ડ્રેસ માટેનું કાપડ પણ હું જ લાવ્યો હતો અને અત્યારે બહેનો પહેરે છે એ કપડાંનો ભગવો રંગ પણ યોગીબાપાએ જ પસંદ કર્યો હતો.

ઈ.સ. ૧૯૬૬માં જ્યારે જ્યોતનું મકાન તૈયાર થઈ ગયું અને એનું વાસ્તુપૂજન કરવાનો વખત આવ્યો અને તેમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવાની હતી ત્યારે યોગીબાપા એમની ૭૫મી જયંતી નિમિત્તે વિદ્યાનગર પધાર્યા હતા. જ્યોતના મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા વિરોધીઓના ઉપદ્રવને કારણે બંધ રાખવી પડી. તેથી કાકાજી અને પપ્પાજીએ મળી મંદિરમાં પધરાવવાની મૂર્તિને બાપાની જયંતીના સમૈયાના સ્ટેજ પર ઠાકોરજી તરીકે પધરાવવાનું જશભાઈને કહ્યું. જશભાઈ સાનમાં પરિસ્થિતિને સમજી ગયા. એમણે સ્ટેજ ઉપર એ મૂર્તિઓ ગોઠવી દીધી અને જયંતીના કાર્યક્રમમાં પૂજન સાથે આરતી ગોઠવી દીધી. આમ યોગીબાપાના હસ્તે એ મૂર્તિઓની આરતી થઈ.

આજે ગુણાતીત જ્યોત અને એવાં બીજાં પણ મહિલા સાધના કેન્દ્રો સોખડા (હરિધામ), સાંકરદા, મુંબઈ, દિલ્હી, માણાવદર, રાજકોટ, લંડન, અમેરિકા તેમ જ દેશ–વિદેશમાં અનેક જગ્યાએ સ્થપાયાં છે અને કાર્યરત થઈ ગુણાતીત જ્ઞાનના સંદેશાઓ આખા વિશ્વમાં ફેલાવી રહ્યાં છે.

## ૪૫. નિષ્ઠાની ખુમારી...

ઈ.સ. ૧૯૬૧માં જ્યારે ૫૧ સંતો બનાવવાના હતા ત્યારે પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી (પૂર્વાશ્રમમાં પ્રભુદાસભાઈ)ને પણ દીક્ષા આપવાની હતી અને તેથી યોગીબાપાની આજ્ઞાથી કાકાજી પ્રભુદાસભાઈને લેવા તેમના ગામ આસોજ ગયા હતા. જ્યારે પ્રભુદાસનાં માતુશ્રી પાસે કાકાજી રજા લેવા ગયા ત્યારે તેમણે કહ્યું કે અમને દીકરો આપો ને પછી દીકરો લો. (તે વખતે પ્રભુદાસભાઈનાં લગ્ન થઈ ગયાં હતાં તેથી તેમનાં માતુશ્રીની એવી ઈચ્છા હતી કે તેમને પુત્રરત્નની પ્રાપ્તિ થાય એ પછી બાપા ભલે પ્રભુદાસભાઈને દીક્ષા આપે. તેથી તેમણે એ વાત આગ્રહપૂર્વક કાકાજીને જણાવી). એટલે કાકાજી પાછા વળી ગયા અને



મોભામાં ઐતિહાસિક પારાયણ – ૧૯૬૭



કાકાજી અને દેવશી બાપા (માણાવદર)



નાપામાં કાંતિકાકા, વડીલ સંતો, હરિભક્તો અને તારદેવના સંતભાઈઓ સાથે કાકાજી



ઉભરાટ શિબિરમાં કાકાજી, સ્વામીજી, અક્ષરવિહારીસ્વામીજી,
કાંતિકાકા, પોપટભાઈ અને સંતમંડળ




'સમગ્ર સત્સંગ સમાજમાં દિલ્હીનું કેન્દ્ર અનોખું થશે.'
ગુરુજી(મુકુંદજીવનસ્વામીજી)ને આશીર્વાદ આપતા કાકાજી



'સંતો મારા આગવા અને હું સંતોનો આગવો.' સ્વામીજી અને સંતો સાથે કાકાજી



સાંકરદા મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ – મે ૧૯૬૮



હરિપ્રસાદસ્વામીજી, અક્ષરવિહારીસ્વામીજી અને વડીલ સંતો સાથે
નાના ઠાકોરજીની પૂજામાં નિમગ્ન કાકાજી

બાપાને વાત જણાવી. યોગીબાપા કહે, 'સારું એમ કરીશું. આ પ્રભુદાસ તો અનાદિના સાધુ છે. આપણે એમને પછી દીક્ષા આપીશું.'

ઈ.સ. ૧૯૬૫માં શરદ પૂર્ણિમાને દિવસે અક્ષરદેરી ગોંડલમાં પ્રભુદાસભાઈને દીક્ષા આપી હરિપ્રસાદસ્વામી નામ પાડ્યું. ત્યારે યોગીબાપાએ કહેલું કે, 'આ પ્રભુદાસભાઈ સાધુ થશે તો બીજા ૫૧ને સાધુ કરશે. સત્સંગને ખૂબ પુષ્ટિ થશે. જેવી મહારાજે ગુણાતીતાનંદસ્વામીને ડભાણમાં દીક્ષા આપી હતી, તેવી દીક્ષા અમો તેમને આપીએ છીએ. તો દાદુભાઈ, આપ આ પ્રસંગે જનમંગલના અગિયાર પાઠ કરાવો ને યજ્ઞમાં નાળિયેર હોમો.'

બાપાની આ વાત સાંભળી કાકાજીએ કહ્યું કે, 'બાપા, જનમંગલના પાઠ તો સંપ્રદાયને માટે છે. અમે તો અક્ષરપુરુષોત્તમની પાકી નિષ્ઠાવાળા છીએ. તો આપને સંભારી સ્વામિનારાયણ મહામંત્રનો જ પાઠ કરીએ ને સ્તુતિ – શ્લોકો બોલીએ તેવી પ્રાર્થના છે.' બાપા કહે, 'છે તો એમ જ, પણ સર્વને સદે નહીં ને જાહેરમાં સમાસ થાય એટલે જનમંગલના પાઠ કરવાનો વિચાર છે.' કાકાજીએ તો સરળતાથી હા કહી દીધી પરંતુ તેમની શુદ્ધ સમજણ અને નિષ્ઠાની ખુમારી જોઈ યોગીબાપાએ રાજી થકા કાકાજી થકી સહુને સાચી સમજણ બક્ષી અને છેવટે કાકાજીની વિનંતી માન્ય રાખી સ્વામિનારાયણ મહામંત્રના પાઠ સાથે યજ્ઞવેદીમાં નાળિયેર અર્પણ કરાવી પુષ્પાંજલિ કરાવી.

આમ શુદ્ધ યુગલ ઉપાસના અને પ્રત્યક્ષની સર્વોપરી નિષ્ઠાના પ્રવર્તન માટે કાકાજી હંમેશાં અગ્રેસર જ રહેતા અને બાપાએ પણ તેથી જ પોતાની તમામ કલ્યાણ યોજનાઓમાં મુખ્ય સૂત્રધાર તરીકે કાકાજી પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો.

## ૪૬. મહાકાળને પાછો વાળ્યો...

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્. ગુણાતીતાનંદસ્વામીના પ્રાગટ્યસ્થાન ભાદરામાં એક વખત પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં મુંબઈથી કાકાજી, છગનભાઈ, ફડિયામામા, માણેકલાલ શેઠ તથા સૌરાષ્ટ્રથી દેવશીબાપા વિગેરે મોટેરા હરિભક્તો આવ્યા હતા. એક દિવસ સવારે કાકાજી ફડિયામામા સાથે ત્યાંની એક વાડીએ નહાવા જવા નીકળ્યા. ત્યાં વાડીમાં કોશથી પાણી નીકળતું હતું. તેઓ બન્ને એક ખેતરમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં ખેતરની વચમાં એક ગાડું ઊભું હતું. તેથી જવાનો રસ્તો કરવા માટે કાકાજી અને ફડિયામામાએ એ ગાડાને એક બાજુ ખસેડ્યું. ત્યાં તો ગાડાની પાછળથી એક લાંબો મોટો નાગ નીકળ્યો.

નાગને જોતા જ ફડિયામામા ખૂબ ગભરાઈ ગયા અને ખેતરમાં દોડવા લાગ્યા. તેથી કાકાજી પણ તેમને રોકવા તેમની પાછળ દોડ્યા. થોડીવાર પછી મામાએ

પાછળ ફરીને જોયું તો એ નાગ એમની પાછળ પડી ગયેલો તેથી તેઓ ખૂબ ઝડપથી દોડવા લાગ્યા. પણ પેલો નાગ તો જાણે તેમની પાછળ જ પડી ગયો હતો. ફડિયામામા દોડતા દોડતા ગબડી પડતા. તેથી કાકાજી દોડીને તેમનો હાથ પકડીને ઊભા કરે ને મામા પાછા દોડે. કાકાજી કહે, ‘નાગ તો જતો રહેશે, થોભો જરા, જે થવાની હોય તે થાય. આપણે માટે પ્રભુએ જ આ પ્રસંગ યોજ્યો છે.’ આખરે મામા થાક્યા. ફડીયામામા કહે, ‘દાદુભાઈ, પાછળ મહાકાળ આવે છે. તમે કંઈક કરો.’ એટલે કાકાજી ઊભા રહ્યા ને પાછળ ફરીને નાગની સામે જોઈને જોરથી બોલ્યા, ‘તને સ્વામિનારાયણના સમ છે, જોગી મહારાજના સમ છે, ત્યાં જ ઊભો રહે.’ કાકાજીનો સત્તાવાહી અવાજ સાંભળીને એ નાગ ત્યાં જ ઊભો રહી ગયો ને થોડીવારમાં પાછો વળી ગયો.

નિર્ભયતા, શૂરવીરતા, સાહસ વગેરે ગુણો તો કાકાજીને જાણે ગળથૂથીમાં જ મળ્યા હતા. પરંતુ હરેક પ્રસંગે કેવળ ભગવાનના જ કર્તાપણાના સ્વીકારમાંથી નિષ્પન્ન થતી સહજાવસ્થા એ કાકાજીની આગવી વિલક્ષણતા હતી અને તેથી જ એમના પ્રસંગમાં આવનાર દરેક વ્યક્તિને તેમની પાસે કાયમ આવી સહજ નિશ્ચિંતતા અને ભરોસાની અનુભૂતિ થતી.

❀ ❀ ❀

## ૪૭. હનુમાનજીની પ્રતિષ્ઠા...

મુંબઈના સાંતાક્રુઝ પરામાં રહેતા મરાઠી ભાષી હરિભક્ત શ્રી બુવાકાકા યોગીબાપાના સંબંધમાં આવ્યા ને તેમનાથી ખૂબ જ પ્રભાવિત થયા. તેઓ સાંતાક્રુઝમાં એક ભજન મંડળના આગેવાન હતા અને ત્યાં સ્થાનિક સમાજના ઉત્સાહથી હનુમાનજીનું એક નાનકડું સુંદર મંદિર બંધાવ્યું હતું. એ નવનિર્મિત મંદિરમાં શ્રી હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાની હતી. સેવા, સંયમ અને બ્રહ્મચર્યની મૂર્તિ સમા હનુમાનજીની પ્રતિષ્ઠા કોઈ પવિત્ર સંત દ્વારા થાય એવી ભાવનાથી બુવાકાકાએ તે અંગે બાપાને પ્રાર્થના કરી. બાપાએ તરત જ કહ્યું કે, ‘અમારા દાદુભાઈ પણ નિર્દોષ અને નૈષ્ઠિક બ્રહ્મચારી પવિત્ર પુરુષ છે. તેઓ અમારે બદલે આવશે અને હનુમાનજીની પ્રતિષ્ઠા કરી આરતી ઉતારશે.’

યોગીબાપાની એવી ઈચ્છા હતી કે આ પ્રતિષ્ઠા દાદુભાઈના હાથે થાય. સેવા ને સંયમના પ્રતીક એવા નૈષ્ઠિક બ્રહ્મચારી હનુમાનજીની પ્રતિષ્ઠા દાદુભાઈ જેવા એક ગૃહસ્થના હાથે થાય એ વાત ઘણા મોટેરાઓને પસંદ ન હતી. યોગીબાપા કહે, ‘પ્રતિષ્ઠા દાદુભાઈ કરશે.’ ત્યારે એક વડીલ હરિભક્ત કહે, ‘એ તો ગૃહસ્થ છે. એમનાથી હનુમાનજીની પ્રતિષ્ઠા કેવી રીતે થાય? બુવાકાકા અને હનુમાનજીના બધા

ભક્તો રાજી રહે એટલા માટે આપણા દક્ષિણી સંત નિરન્નમુક્તસ્વામીને બોલાવીએ.' બાપા કહે, 'ભલે, એમ કરો. દાદુભાઈ અને નિરન્નમુક્તસ્વામી બન્ને પ્રતિષ્ઠા કરશે.' પરંતુ સંજોગોવશાત્ નિરન્નમુક્તસ્વામીને તાવ આવી ગયો અને તેઓ આવી શક્યા નહીં. તેથી બાપાની મરજી મુજબ કાકાજીના હાથે જ પ્રતિષ્ઠા થઈ.

આ અંગે બાપાએ એક મોટેરા હરિભક્તને લેખિત સૂચના આપી હતી કે પ્રતિષ્ઠા પહેલાં દાદુભાઈને સ્નાન કરાવી નવું ધોતિયું અને નવું પહેરણ પહેરાવજો. એ પછી એમને વાજતેગાજતે વરઘોડો કાઢીને મંદિરે લઈ જજો. અને કહેજો કે, 'આ રીતે શુદ્ધ અને પવિત્ર થઈને મહારાજ અને શાસ્ત્રીજી મહારાજને સંભારીને પ્રતિષ્ઠા કરજો. હનુમાનજી બોલતાં થઈ જશે, ડોલતા થઈ જશે, બહુ દૈવત આવી જશે ને બધાનાં કામ કરશે.'

ત્યારે કોઈ હરિભક્તે બાપાને પૂછ્યું, 'બાપા, શાસ્ત્રીજી મહારાજ અને આપની મૂર્તિ આજુબાજુ મૂકીએ અને વચ્ચે હનુમાનજી પધરાવીએ તો ચાલે?' તો બાપા કહે, 'હનુમાનજી તો ભક્ત છે ને આપણે સહુ ભક્તના જ છીએ. ભક્ત વચમાં બેસે તો મહારાજ બહુ રાજી થશે. એ પણ એક સંયમ અને સેવાની મૂર્તિ છે. માટે ભલે બેસે.' આમ વાજતેગાજતે કાકાજીના હાથે એ મૂર્તિની પ્રતિષ્ઠા થઈ.

બહુ સરસ એ આરસની મૂર્તિ છે. આજે પણ એ મૂર્તિ કામ કરે છે. બધા એની માનતા બહુ માને છે અને એ સહુની માનતા ફળે છે. કાકાજી કહેતા કે, 'કદાચ મારી માનતા ન પણ ફળે પરંતુ આ હનુમાનજીની માનતા જરૂરથી ફળશે.'

ગઢડા, ગોંડલ અને સારંગપુર મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા અને પાટોત્સવ વખતે દરેક મૂર્તિઓને પંચામૃતથી સ્નાન કરાવી પૂજન કરવાની સેવાનો જે અધિકાર ફક્ત બ્રાહ્મણોને જ હોય એ સેવાનો લાભ યોગીબાપા પ્રેમપૂર્વક પોતે જ સામેથી આજ્ઞા કરીને કાકાજીને આપતા. ત્યારે ઘણા મોટેરા હરિભક્તો બાપાને ફરિયાદ કરતા કે દાદુભાઈ બ્રાહ્મણ નથી તો એમને શા માટે આ સેવા આપો છો? ત્યારે યોગીબાપા કહેતા, 'એ તો શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર છે. માટે એમનો વાંધો નહીં.'

આમ ઉપરોક્ત પ્રસંગ પરથી કાકાજીનો બાપા સાથેનો અદ્વિતીય સંબંધ, એમનું પોતાનું અણિશુદ્ધ ચારિત્ર્ય અને ગુરુભક્તિનાં સુંદર દર્શન થાય છે.

## ૪૮. કળથી સેવા લીધી...

ઈ.સ. ૧૯૬૪માં વિદ્યાનગરમાં અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનું બાંધકામ ચાલતું હતું. યોગીબાપાની આજ્ઞાથી કાકાજી અવારનવાર વિદ્યાનગર જતા અને પ.પૂ. જશભાઈ સાહેબ અને યુવકો સાથે આજુબાજુનાં ગામોમાં છાત્રાલય માટે ધર્માદો ઉઘરાવવા જતા. એક વખત ધર્મજ ગામમાં એમને ધર્માદો ઉઘરાવવા જવાનું હતું. ત્યારે એક અગ્રણી હરિભક્તએ કાકાજીને કહ્યું કે, 'ધર્મજના છોટાભાઈ પાસે તો જશો જ નહીં. તેઓ એમના મોટાભાઈ જોડે ફક્ત ૨૫૦ રૂા. માટે ઝઘડેલા અને લડાલડી કરેલી.' ત્યારે કાકાજી કહે, 'આ દેહનો ભરોસો નહીં, માટે આપણે તો સંપૂર્ણ શ્રદ્ધા ને લગનથી બાપાની સેવા કરી લેવી. અમે તો છોટાભાઈને ત્યાં જશું ને રસ–પૂરી ખાઈશું અને રૂા. ૧૫૦૦/– સેવાના પણ લઈશું.'

એ પછી કાકાજીએ છોટાભાઈ ઉપર શાંતિભાઈ પાસે એક પત્ર લખાવ્યો. એમાં એમણે છોટાભાઈનાં ખૂબ વખાણ કર્યાં. પત્રની શરૂઆત જ સત્સંગ ભૂષણ, સ્વામીના લાડકા, પરમ કૃપાપાત્ર વિ. વિશેષણોથી કરી. દરેક વ્યક્તિને પોતાનાં વખાણ ગમે, આવાં વિશેષણો ગમે. છોટાભાઈ આ પત્ર વાંચીને ખુશ થયા. થોડા વખત પછી કાકાજી, શાંતિભાઈ અને જશભાઈ સાહેબને લઈને છોટાભાઈના ઘરે ધર્મજ ગયા. તેમને જોતાં જ છોટાભાઈ કહે, 'આમાં શાંતિભાઈ કોણ?' કાકાજીએ શાંતિભાઈની ઓળખાણ કરાવી. એટલે છોટાભાઈએ શાંતિભાઈને કહ્યું, 'તમે બહુ સરસ કાગળ લખ્યો છે. આવી ને આવી કૃપાદૃષ્ટિ અમારા પર હંમેશાં રાખજો. બોલો, તમે કહો એ સેવા અમે કરીએ.' એમ કહી રૂા. ૫૦૦૦/– સેવામાં લખાવી દીધા અને એમના ઘરે જ સહુને રસ–પૂરી જમાડી આનંદ કરાવી દીધો.

કોઈપણ વ્યક્તિ પાસે કળથી કામ લેવામાં કાકાજી ખૂબ જ માહેર હતા. તે જમાનામાં ધર્મજ જેવા ગામમાંથી ૫૦૦/– રૂા. સેવાના કઢાવવા પણ ખૂબ મુશ્કેલ પડે ત્યાં જુદા જુદા ભક્તો પાસેથી છાત્રાલય માટે રૂા. ૧૫,૦૦૦/–ની સેવા કાકાજી લઈ આવ્યા હતા. આવાં અનેક અઘરાં કે અશક્ય લાગતાં કાર્યોમાં કાકાજી ઝળહળતી ફતેહ મેળવતા. એનું કારણ તેમની આવડત, હોશિયારી અને કુનેહ તો ખરાં જ. પણ કેવળ બાપાને જ રાજી કરવાની લગની અને દરેક કાર્યમાં તેમનું જ બળ લેવાનો અભિગમ જ મુખ્ય આધાર રહેતો.

## ૪૯. છાત્રાલયથી પ્રસ્થાન... ગુરુહૃદયમાં સ્થાન...

બ્ર.સ્વ. યોગીજી મહારાજની આજ્ઞાથી કાકાજીએ આણંદના મોટેરા હરિભક્તો અંબાલાલ કરસન, મણિભાઈ, ગોરધનભાઈ contractor વિગેરેની હાજરીમાં રૂા. ૨૫ લાખનો ખરડો કરી વિદ્યાનગરમાં યુવકોનું છાત્રાલય કરવાનું કામ શરૂ કરાવ્યું અને લગભગ એક જ વર્ષમાં મુંબઈથી વિદ્યાનગર અનેક ધક્કા ખાઈને એ કામ પૂરું કરાવ્યું. ઈ.સ. ૧૯૬૬માં સંજોગોવશાત્ કાકાજીને અક્ષરપુરુષોત્તમ સંસ્થામાંથી છૂટું થવું પડ્યું. તે વખતે જશભાઈ સાહેબ અને તેમના સાથીદારો છાત્રાલયમાં જ રહેતા હતા. યોગીબાપાએ એ યુવકોની જવાબદારી કાકાજીને સોંપી હતી. તેથી સાહેબ કાકાજીને છાત્રાલય અંગે પૂછવા ગયા તો કાકાજીએ સાહેબને જણાવ્યું કે, 'તમે બાપા પાસે જઈને પૂછી લો કે આ છાત્રાલયનું શું કરવાનું છે?' યોગીબાપાએ તો યુવકોને કાકાજીની આજ્ઞામાં રહેવા કહેલું છતાં પણ કાકાજીએ સામેથી એમને બાપા પાસે મોકલ્યા અને પોતે કોઈ જ સ્વતંત્ર નિર્ણય લીધો નહીં. કાકાજીની રજા લઈ સાહેબ યોગીબાપા પાસે ગોંડલ આવ્યા. સાહેબને જોતાં જ યોગીબાપા કહે, 'તમે કેમ આવ્યા? તમને કહ્યું છેને કે દાદુભાઈને પૂછીને જ બધું કરજો. અમે તમને એમને સોંપ્યા છે.' એટલે સાહેબે કહ્યું, 'અમને કાકાજીએ જ મોકલ્યા છે ને કહ્યું છે કે આપણે બાપાની અંતરની ઈચ્છા હોય એમ જ કરવાનું છે.' આ સાંભળી બાપા ખૂબ જ રાજી થયા અને કહે, 'અહોહો! બહુ ભારે સમજણ આપી. તો આપણે છાત્રાલય છોડી દો અને બધા યુવકોને કહો, આપણે બ્રહ્મવિદ્યાની કૉલેજ શરૂ કરવાની છે. ગુણાતીત જ્ઞાનનો પ્રચાર કરવાનો છે.'

આમ છાત્રાલય અંગે કંઈપણ કામ હોય તો કાકાજી સાહેબને યોગીબાપા પાસે મોકલતા ત્યારે બાપા તેમને કહેતા, 'જે છે એ તો વિદ્યાનગર ગયું. હવે અહીંયા શું છે? જાઓ ત્યાં.' આમ યોગીબાપા અને કાકાજી એકમેકનો મહિમા સમજાવતા. યોગીબાપાએ જ સાહેબને કાકાજી સાથે જોડેલા એટલે બાપાને કાંઈ પૂછવાનું પણ હોય નહીં. છતાં કાકાજી હંમેશાં સેવકભાવ જ રાખી સાહેબને બાપા પાસે જ મોકલતા અને બાપાને જ આગળ રાખતા. પપ્પાજી, સોનાબા, બેન અને ગુણાતીત જ્યોતનાં સંતબહેનોનો મહિમા કાકાજીએ જ સાહેબને સમજાવેલો અને એ સહુને દિવ્ય માની એમની સેવામાં ખપી જવાનું ભારપૂર્વક સમજાવેલું. સાહેબ અને તેમના સહુ સાથીદારોને એક જ સૂત્ર આપેલું કે, 'તમે સહુ સ્વરૂપયોગ કરી એક થઈ વર્તજો, એકાંતિક થઈ જશો. બાપાને પરાત્પર રાખી તેમનાં વિભૂતિ સ્વરૂપો અને એકાંતિકો સાથે રસબસ થઈને વર્તજો, બાપાના આ ભવ્ય કાર્યને શોભાડજો.'

આમ આ પ્રસંગ પરથી કાકાજીના બાપા તરફના સ્વામીસેવકભાવ અને પોતાના વડીલ સાથીદારો સાથેના સુહૃદભાવનાં સહજ દર્શન થાય છે.

❀ ❀ ❀

## ૫૦. શિષ્ય બન્યા ગુરુની ઢાલ...

ભક્તની જ્યારે પરિપક્વ નિષ્ઠા થાય ત્યારે ભગવાન જ ઐશ્વર્યપ્રતાપને પ્રેરે અને જુએ કે આ ભક્તને મારામાં રસ છે કે રિદ્ધિ–સિદ્ધિ અને ઐશ્વર્યપ્રતાપમાં? ખરેખર ભગવાન સિવાય કોઈની મહોબત ન રહે અને ગમે એટલું સામર્થ્ય મળે છતાં પોતાના ગુરુ પ્રત્યે સ્વામી સેવકભાવ દૃઢ કરાવવા જ ગુરુ સ્વંય પ્રસંગો ગોઠવતા હોય છે. એવા એક પ્રસંગની સ્મૃતિ સ્વયં કાકાજીએ કરાવી છે.

ઘણી વખત યોગીબાપા પોતે જ ખૂબ જ છુપા રહી કાકાજીને જ આગળ કરતા. એકવાર કાકાજી યોગીબાપા સાથે માણાવદરના વિચરણમાં ગયા હતા. નવાબની મોટી ઘોડાગાડીમાં યોગીબાપા કાકાજીને સાથે બેસવાનો આગ્રહ કરતા. પણ કાકાજી ઘોડાગાડીમાં એમની સાથે ન બેસતા પણ આગળ ગાડીવાનની બાજુમાં બેસતા. સભામાં પણ યોગીબાપા કાકાજીને કહેતા, 'દાદુભાઈ, તમે કંઈક ભક્તિયોગ, કર્મયોગ, જ્ઞાનયોગની વાતો કરો. તમે ભણેલા વિદ્વાન કહેવાઓ. અમે તો અભણ, અમે કાંઈ બહુ જાણીએ નહીં.' અનંત બ્રહ્માંડોને દૃષ્ટિમાત્રથી ઉત્પન્ન કરે અને લય કરે એવા સાકારબ્રહ્મ અને એની મહાશક્તિને ધારણ કરનાર યોગીજી મહારાજ આટલા રાંક બની પોતે સ્વામીસેવકભાવે વર્તીને આપણી સમક્ષ એક આદર્શ રજૂ કરતા હોય એવું કાકાજીને લાગતું.

બાપાની આવી લીલાનો કાકાજીને તો સહજ જ અંદાજ આવી જતો તેથી બાહ્ય સમાજમાં લૌકિક રીતે તેમનો ગમે એટલો પ્રભાવ પડે તો પણ એ તમામ મોટપ કે સામર્થ્ય યોગીબાપા થકી જ છે એવું તેઓ છડેચોક જાહેરમાં કહેતા અને બાપા સાથે તો સદાય સેવકભાવે જ વર્તતા. આથી બાપાનો પણ તેમના પર ખૂબ રાજીપો રહેતો.

મુંબઈમાં કાંદિવલીમાં એક દિવસ યોગીબાપાની સભા થવાની હતી. તેથી સભાહૉલની બહાર એક બૅનર લગાડવામાં આવ્યું હતું. જેમાં લખ્યું હતું કે, **પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીજી મહારાજ.** આ બૅનર વાંચીને એક સ્થાનિક હરિભક્ત ફડિયામામાના મિત્ર માધવજીભાઈ તરત જ બોલી ઊઠ્યા, 'આ શું લઈ મંડ્યા છો? યોગીજી મહારાજને તમે બ્રહ્મસ્વરૂપ કહો છો? બ્રહ્મસ્વરૂપમાં તો દેહ રહે નહીં.' આ વાતની એમણે યોગીબાપાને ફરિયાદ કરી ત્યારે બાપા કહે, 'આ દાદુભાઈ લઈ મંડ્યા છે, હું તો કાંઈ જાણતો નથી.' આ સાંભળીને માધવજીભાઈ કાકાજી પાસે ગયા અને આ વાતનો ખુલાસો માંગ્યો. કાકાજીએ ખૂબ જ ધીરજથી બાપાનો મહિમા ગાઈને એમના પ્રશ્નનું સમાધાન કરી આપ્યું. એ પછી યોગીબાપાએ પણ અંતર્યામીપણે એમને બધી વાત કરીને પોતાની બ્રાહ્મીશક્તિનો પરિચય કરાવી દીધો.

આમ ગમે એવી ગમે એવી પરિસ્થિતિમાં કેવળ સત્પુરુષ તરફ જ દૃષ્ટિ રાખી તેમની મરજી મુજબ જ જીવન જીવવાની કાકાજીની જીવનરીતિથી આપણને પણ કેવી સુંદર પ્રેરણા મળે છે!

## ૫૧. સરળતા સાધુ તણો શણગાર...

એક પ્રસંગે વડોદરાના મુક્તરાજ રમણભાઈ ગાંધી સાંકરદા આવ્યા હતા. એ વખતે કાકાજી પણ સાંકરદા જ હતા. રમણભાઈ સિદ્ધદશાને પામેલા હતા છતાં યોગીબાપા તરફ એમને ખૂબ જ પૂજ્યભાવ હતો. તેમણે કાકાજીને વિનંતી કરી કે, 'અમારે ત્યાં જાગાસ્વામીનો જન્મદિવસ ઉજવવાનો છે. તો આપ આવશો?' કાકાજી કહે, 'હા, હા! જરૂર આવીશ. અમારી તો એ ફરજ છે, અમારાં અહોભાગ્ય કે આવા મોટાપુરુષનો જન્મદિવસ ઊજવવાનો લાભ મળે.'

કાકાજી મુકરર કરેલા દિવસે સાંજના સાત વાગે પ.ભ. ભીખાકાકા સાથે સભામાં પહોંચી ગયા. રમણભાઈ ગાંધી સભામાં થોડા મોડા પડેલા એટલે એમની ગેરહાજરીમાં ત્યાંના સ્થાનિક ભાઈઓએ કાકાજીનું સ્વાગત કરી એમને સભામાં બેસાડ્યા. થોડી વાર પછી કાકાજીને પ્રાસંગિક ઉદ્‌બોધન કરવાનું કહેવામાં આવ્યું. કાકાજી કહે, 'અમારે ખાસ કંઈ પ્રવચન કરવાનું નથી. આજે જાગાસ્વામીનો અપરંપાર મહિમા ગવાશે. મણિભાઈ સલાડવાળા ને એવા બીજા ભક્તો ખૂબ રાજી થશે.' કાકાજી આમ વાત કરી રહ્યા હતા ત્યાં જ એક–બે ભાઈઓએ ત્યાં હાજર રહેલા બીજા ભાઈને કહ્યું કે, 'તમે દાદુભાઈને આમંત્રણ આપ્યું એ સારું નથી કર્યું. એ બદલ તમને ઠપકો સાંભળવો પડશે. માટે એમને કહો કે અહીંથી ચાલ્યા જાય.'

આ સાંભળી પેલા મુરબ્બી ભાઈએ કાકાજી પાસે જઈને કહ્યું, 'દાદુભાઈ, તમે પાછા ચાલ્યા જાવ તો સારું. નકામી અમને ઉપાધિ થશે.' કાકાજી જરા પણ ક્ષોભ પામ્યા વિના એટલી જ મસ્તીથી, એટલા જ ભાવથી, સહજ અવસ્થાથી તેમને હા કહી સભામાંથી પાછા જવા ઊઠ્યા. સાથે આવેલ ભીખાકાકાને આ ગમ્યું નહીં. તેમણે કાકાજીને પોતાની નારાજગી દર્શાવી. કાકાજી એમને કહે, 'આપણે બોલવાનું નહીં. જે કરી રહ્યા છે એ બધું બાપા જ કરી રહ્યા છે. માટે આપણે અહીંથી ચાલ્યા જઈએ. આપણે આવ્યા, હાજરી આપી તે જાગાસ્વામી માન્ય કરી લેશે, શાસ્ત્રીજી મહારાજ માન્ય કરી લેશે. તેઓ ખૂબ રાજી થશે. જુઓ, આપણા હૈયામાં કેટલી ઠંડક છે!' આમ કહી ખૂબ જ સરળતાથી કાકાજી ભીખાકાકાને લઈને ત્યાંથી નીકળી ગયા.

રમણભાઈ ગાંધીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમને કાકાજીનો ખૂબ જ ગુણ આવી ગયો અને તેમને થયું કે, 'આ મહામુક્તરાજ દાદુભાઈ યોગીબાપાના ખરેખરા કૃપાપાત્ર છે. મને તેમનો જોગ થયો એ જ મારાં મહામોટાં ભાગ્ય છે.' આ પ્રસંગ પછી એમને આખા ગુણાતીત સમાજનો બહુ મહિમા સમજાઈ ગયો અને પ.પૂ. સ્વામીજીના અનન્ય આશ્રિત અને આદર્શ ભક્તરાજ બની ગયા.

અપમાન, ઉપેક્ષા, તિરસ્કાર વગેરેના આવા તો કેટલાય પ્રસંગો કાકાજીના જીવનમાં વારંવાર બનતાં છતા પણ તેમની પ્રભુના સંબંધવાળી દૃષ્ટિ અને તેમના જ કર્તાપણાની નિષ્ઠામાંથી ઉદ્‌ભવતી મસ્તી અને આનંદ રંચમાત્ર ઓછાં થયાં નથી એ એમની સહજ ગુણાતીત અવસ્થાનું અદ્‌ભુત દર્શન કરાવે છે.

## ૫૨. ભક્તતણા પ્રતિપાળ...

ઈ.સ. ૧૯૬૮–૬૯માં મુંબઈમાં રામન રાઘવન નામે એક હત્યારાએ ખૂબ જ તરખાટ મચાવ્યો હતો. રોજ જુદા જુદા સ્થળે જુદી જુદી વ્યક્તિઓની એ હત્યા કરતો. ક્યારેક તળ મુંબઈમાં તો ક્યારેક પરાઓમાં રાતના સમયે એ પહોંચી જતો અને રસ્તા પર કે ફૂટપાથ પર સૂતેલી વ્યક્તિના માથા પર કોઈ તીક્ષ્ણ હથિયાર મારીને એની હત્યા કરીને ત્યાંથી એ ગાયબ થઈ જતો. ફરી પાછો બીજે દિવસે એ કોઈ બીજી જ જગ્યાએ પહોંચી જતો અને ખૂન કરીને નાસી જતો. આમ ૧૪ ખૂનો તો એણે કરી નાખ્યાં હતાં. ઘણા દિવસો સુધી આમ ખૂનો થવાથી આખા મુંબઈમાં એક ભયનું વાતાવરણ ઊભું થયું હતું. પાગલ ખૂનીના આવા રોજરોજના આતંકથી લોકોના મનમાં ખૂબ જ ગભરાટ પેસી ગયો હતો. અમુક વિસ્તારમાં તો ત્યાંના સ્થાનિક યુવાનો રાત્રે લાઠી–તલવાર કે શસ્ત્રો લઈને ચોકી કરતા અને રાતભર જાગતા રહેતા. આમ મુંબઈના લોકોની ઉંઘ હરામ થઈ ગઈ હતી.

ગોરેગાંવ, મલાડ અને કાંદિવલીના આપણા સત્સંગીઓ પણ જે રોજ તારદેવ સત્સંગ કરવા આવતા હતા તે ખૂબ ગભરાતા. બહાર નીકળતાં તેમને ફફડાટ થતો. આખરે મલાડના બે–ત્રણ હરિભક્તોએ તારદેવ આવીને કાકાજીને રામન રાઘવનના ખૂની આતંકની વાત જણાવી અને મુંબઈમાં ફેલાયેલા ભયના વાતાવરણથી કાકાજીને અવગત કર્યા. આ બધાની વાતો સાંભળી કાકાજી કહે, 'તમે બધા માયકાંગલા છો. સ્વામિનારાયણ સર્વોપરી છે. આપણને કાળ, કર્મ ને માયાનો કાયદો નથી. ચાલો ધૂન લગાવો. ૭૨ કલાકમાં એ જતો રહેશે. એ મુંબઈમાં રહેશે જ નહીં. પછી શું છે તમારે?'

આમ કહી કાકાજીએ જોરદાર ધૂન કરાવીને સંકલ્પ કરાવ્યો અને કહ્યું, 'જાવ, ત્રણ દિવસમાં એ પકડાઈ જશે' અને ખરેખર બીજા જ દિવસે એ રામન રાઘવન મુંબઈના એક પોલીસ ઈન્સ્પેક્ટરના હાથે ઝડપાઈ ગયો. મુંબઈની પોલીસે એને પૂનાની જેલમાં મોકલી દીધો. આ સમાચાર આખા મુંબઈમાં વાયુવેગે પ્રસરી ગયા અને ચારે બાજુ આનંદ છવાઈ ગયો. આટલો ખતરનાક હત્યારો પકડાઈ ગયો તેથી સહુએ નિરાંતનો શ્વાસ લીધો.

કાકાજીને સ્વામિનારાયણ મંત્ર અને આ સ્થાનમાં કરેલ સંકલ્પ પર કેટલો વિશ્વાસ અને ખાતરી હશે કે ધૂન કરાવતા પહેલા જ એમણે કહી દીધું હતું કે ૭૨ કલાકમાં એ પકડાઈ જશે. કાકાજી ઘણી વાર કહેતા, 'આ સભાનું ધાર્યું થાય છે. અહીં જે ભજન અને સંકલ્પ થાય છે તે સાકાર થાય છે.'

ભગવાનના એકાંતિકોને અને એમના કૃપાપાત્રોને રિદ્ધિ–સિદ્ધિ ઐશ્વર્યપ્રતાપ હોય છે જ. પણ લોક કલ્યાણને અર્થે જ, જરૂરી હોય ત્યારે જ તેનો ઉપયોગ કરે છે. પરંતુ પ્રદર્શન ખાતર કે લોકોની વાહ વાહ મેળવવા માટે તેઓ પોતાનાં ઐશ્વર્યપ્રતાપ વાપરતા નથી. કાકાજી તો સંકલ્પસિદ્ધ પુરુષ હતા પરંતુ હરેક પ્રસંગે ભગવાનને જ ઉપાયભૂત કરવાની શીખ આપવા જ તેમણે બધા પાસે ધૂન કરાવી અને સ્વામિનારાયણ મંત્રના પ્રભાવ અને સામર્થ્યનું સહુને દર્શન કરાવ્યું.

## ૫૩. કેવી ખાનદાની... કેવી દિલાવરી...

મુંબઈમાં બિપિનભાઈ શ્રોફ નામના એક ભક્ત પૂ. ગોરધનકાકાના મિત્ર હતા. બિપિનભાઈને તો સંસાર છોડીને સાધુ થવું હતું પરંતુ સંજોગોવશાત્ તે શક્ય બન્યું નહીં અને પછી તેમનાં લગ્ન થયાં હતાં. પરંતુ જગત કે સંસાર પ્રત્યે તેમને સહજ અરુચિ રહેતી. ગોરધનકાકાના સંબંધે તેઓ દર રવિવારે તારદેવ મંદિરે કાકાજી પાસે આવતા. તેમનાં પત્ની વિલાસબેનને આ ગમતું નહીં. જ્યારે તેઓ તારદેવ જવા નીકળે એટલે વિલાસબેન એમની સાથે ઝઘડો કરે કે, 'તમે તારદેવને પરણેલા છો કે મને? દર રવિવારે ત્યાં શા માટે જવું? આજે રવિવાર છે. માટે સિનેમા જોવા ચાલો.' આમ કહી એમને ભાંડે અને તારદેવ આવવા ન દે. બિપિનભાઈ તારદેવ આવે એટલે વિલાસબેનને કાકાજી અને ગોરધનકાકા ઉપર રોષ ચડે. એક દિવસ આમ જ ઝઘડો કરીને એમણે યોગીજી મહારાજનો ફોટો પગ નીચે મૂકીને તોડી નાખ્યો.

બિપિનભાઈએ તારદેવ આવી કાકાજીને બધી વાત કરી. કાકાજી કહે, 'અલ્યા, તું ડરપોક છે. ગુરુજીનો ફોટો આમ તોડી નાખ્યો તો તારે એને પાઠ ભણાવી દેવો

જોઈએ. આ રવિવારે તું અહીં તારદેવ આવવા નીકળે અને તને ના કહે તો તારે કહેવાનું કે હું તો જવાનો અને પછી કંઈ બોલે કે ઝઘડો કરે તો તું શૂરવીર થઈને નીકળી જજે.' રવિવાર આવ્યો ને બિપિનભાઈ તારદેવ જવાની તૈયારી કરવા લાગ્યા. હંમેશ મુજબ વિલાસબેન એમને ભાંડવા લાગ્યા એટલે બિપિનભાઈ એમને બે–ચાર તમાચા લગાવી દીધા અને ઘરમાંથી નીકળી ગયા.

બિપિનભાઈ આટલા આક્રમક થશે એવું તો વિલાસબેને ધાર્યું પણ ન હતું. એ તો હેબતાઈ જ ગયાં. બિપિનભાઈ તો તારદેવ આવી ગયા અને કાકાજીને બધી વાત કરીને કહ્યું, 'હવે મારે ઘરે જવું જ નથી.' કાકાજીએ એમને કહે, 'એ પોતાની ગરજે માફી માંગતી આવે તો જ જવાનું. કબૂલ છે?' તો બિપિનભાઈ કહે, 'હા, મને કબૂલ છે.' એ પછી બિપિનભાઈ બે દિવસ તારદેવ રહ્યા. વિલાસબેન ખૂબ સ્વમાની અને વળી આબરુવાળા. પાડોશીઓ એમને પૂછે કે બે દિવસથી તમારા ધણી કેમ દેખાતા નથી? ક્યાં ગયા છે? એટલે એ ખૂબ જ વિહ્‌વળ થાય. આખરે થાકીને ત્રીજે દિવસે તેમણે તારદેવ આવી બિપિનભાઈની માફી માંગી અને ઘરે પાછા આવવા જણાવ્યું. કાકાજીના કહેવાથી બિપિનભાઈએ એમને કહ્યું કે, 'તારે સ્વામિનારાયણ ભજવા હોય અને અમારા કામમાં આડે ન આવવું હોય તો જ હું ઘરે આવીશ. સત્સંગ બાબતમાં મને કશું બોલવા કરવાનું નહીં. હું જે કરું તે ચલાવી લેવાનું.' બિપિનભાઈની વાત સાંભળી વિલાસબેનને લાગ્યું કે આની પાછળ આ લોકોનું બળ છે. પોતે 'સ્વ'માની બહુ તેથી પોતાના સગાંવહાલાં કે કોઈની જોડે તેમને બને નહીં. આથી એમણે બિપિનભાઈની વાત કબૂલ રાખી. એટલે બિપિનભાઈ ઘરે પાછા ફર્યા.

આ પ્રસંગ પછી થોડાક જ વખતમાં બિપિનભાઈ ખૂબ જ બીમાર પડ્યા. કાકાજી એ સમયે ગોંડલ હતા. ગોંડલમાં કાકાજીએ કહેલું કે, 'બિપિન હવે બહુ રહેશે નહીં માટે બધાં એને મળવા જજો.' તેથી બીજે દિવસે સવારે તેમને મળવા ગોરધનકાકા અને બીજા સત્સંગી ભક્તો ગયા હતા. થોડા જ દિવસમાં બિપિનભાઈનો અંતકાળ નજીક આવ્યો અને તેઓ બોલવા લાગ્યા કે, 'દાદુભાઈ, ઓ દાદુભાઈ, મને કંઈક થાય છે. મને કોઈક ખેંચી રહ્યું છે. આ યોગીબાપા મને લેવા આવ્યા છે. મારે જવું છે તો મને લઈ જાવ. પણ પારાયણમાં મને સંભારજો.' બિપિનભાઈના અંતિમ શબ્દો વિલાસબેને સાંભળ્યા હતા. પછી તો ૨ કલાકમાં જ બિપિનભાઈ ધામમાં ગયા. કાકાજીને આ સમાચાર ગોંડલમાં મળ્યા.

ધામમાં જતાં પહેલા બિપિનભાઈને એમની કંપની તરફથી provident fundના પૈસા તેમ જ બીજા પણ પૈસા મળ્યા હતા. બધું મળીને ૧૪ હજાર રૂપિયા હતા. એ તેમણે કાકાજીને આપ્યા હતા. આ વાતની વિલાસબેનને ખબર ન હતી. બિપિનભાઈ ધામમાં ગયા પછી કાકાજીએ વિલાસબેનને આ વાત જણાવીને બધા પૈસા એમને

આપી દીધા. આ વાતથી વિલાસબેનને કાકાજી માટે ખૂબ જ ભાવ થયો. બિપિનભાઈની ઈચ્છા પારાયણ કરાવવાની હતી તેથી વિલાસબેન કહે, 'આ પૈસા મારે સ્વામીને અર્થે જ વાપરવા છે.' એ પછી એમણે પારાયણ કરાવી રૂ. ૪૦૦૦/– ભેટ મોકલી અને રૂ. ૩૦૦૦/– રૂપિયા ગોંડલ મોકલ્યા અને પોતાનું વીલ પણ કાકાજીને નામે કરી આપ્યું. પોતાનો એક પણ પૈસો એમણે સગાંવહાલાંને આપ્યો નહીં. કાકાજી તરફ તેમને ખૂબ જ નિર્દોષબુદ્ધિ થઈ હતી. કાકાજી સિવાય એ કોઈનું સાંભળતા નહીં અને 'દાદુભાઈ તો મારા પ્રભુ છે' એમ તેઓ કહેતા.

વિલાસબેને જ્યારે કાકાજીના નામે પોતાનું વીલ બનાવ્યું એ સમયે કાકાજીને સંસ્થાએ વિમુખ કર્યા હતા તેથી ઘણા મોટેરા હરિભકતો વિલાસબેનને તેમ ન કરવા સમજાવવા આવ્યા હતા. ત્યારે તેમણે બધાને સંભળાવી દીધું હતું કે, 'દાદુભાઈનું તમે બોલશો નહીં. મારા ૧૪ હજાર રૂા. એમની પાસે હતા અને મને તો ખબર પણ ન હતી. એમને જોઈતા હોત તો તેઓ વાપરી શકત પણ તેઓએ પૈસા મને પાછા આપી દીધા. માટે એમનું બિલકુલ બોલશો નહીં.' આમ વિલાસબેનના સ્વભાવમાં સમૂળું પરિવર્તન આવી ગયું હતું. કાકાજીને નામે એમણે જે વીલ કર્યું એમાં ૨૫ હજાર રૂા. રોકડા હતા. કાકાજીએ એમાંથી આપણા જુદાં જુદાં કેન્દ્રોને એ પૈસા વહેંચી આપ્યા હતા.

આ પ્રસંગ પરથી કાકાજીની વ્યવહાર કુશળતા, ભક્તો પ્રત્યેની લાગણી, ખાનદાની, સત્સંગ પ્રત્યેનું મમત્ત્વ, હૃદયની વિશાળતા વગેરે અનેક ગુણોનાં કેવાં અદ્‌ભુત દર્શન થાય છે!

## ૫૪. ધૂનથી અશક્ય પણ શક્ય થાય...

મુંબઈના આત્મીય સ્વજન પ.ભ. હર્ષદભાઈ ભટ્ટ કોંગ્રેસના સનિષ્ઠ અગ્રણી કાર્યકર હતા. સરકારી વર્તુળમાં પણ એક પ્રામાણિક અને નિષ્ઠાવાન નગરસેવક તરીકે તેમની સારી શાખ હતી. આથી સરકારે તેમને J.P. (Justice of Peace)નો ખિતાબ આપ્યો હતો. J.P.ના stamp અને સહી સાથેના દસ્તાવેજો સરકારમાં માન્ય ગણાય છે. પ.ભ. વિલાસબેન શ્રોફ નામના એક ભકતના વીલના original documents પર હર્ષદભાઈ ભટ્ટની J.P. તરીકેની સહી કરાવવા માટે એક દિવસ કાકાજી માટુંગા એમને મળવા ટેક્સીમાં જઈ રહ્યા હતા. તેમની સાથે સાગર નામનો એક સેવક પણ હતો. documentsની એક જ કૉપી હતી અને એ પણ original હતી. તેથી કાકાજીએ એ કૉપી પોતાની પાસે જ રાખી હતી. સાગરને મનમાં થયું કે કાકાજીને તકલીફ ના પડે તેથી હું એ ફોલ્ડર સાચવું. તેથી એણે કાકાજીને ફોલ્ડર

આપવા કહ્યું. કાકાજી કહે, 'રહેવા દે ને ભાઈ, મારી પાસે સચવાશે.' તો એ સેવક કહે, 'ના, ના, મને આપો જ.' આમ વારંવાર એણે માંગણી કરી તેથી કાકાજી કહે, 'આ એક જ કૉપી છે. બરાબર સાચવજે.' એમ કહી કાકાજીએ એને એ ફોલ્ડર સાચવવા આપ્યું.

થોડી વારમાં તેઓ હર્ષદભાઈ ભટ્ટના ઘરે પહોંચી ગયા. કાકાજી ટૅક્સીવાળાને ભાડું ચૂકવવાના પૈસા કાઢતા હતા. ત્યાં એ સેવક કહે, 'ના, ના, મને એ સેવા કરવા દો. ટૅક્સીના પૈસા તો હું જ આપીશ.' કાકાજી કહે, 'ભાઈ, તું રહેવા દેને.' છતાં એણે પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢીને ટૅક્સીવાળાને આપી દીધા. આ રકઝકમાં વિલાસબેનના વીલના documentsનું ફોલ્ડર ટૅક્સીમાં જ રહી ગયું. ભટ્ટસાહેબને ઘરે પહોંચતા કાકાજીને એ ફોલ્ડર યાદ આવ્યું અને એમણે સેવકને પૂછ્યું, 'તારા હાથમાં પેલા documentsનું ફોલ્ડર હતું એ ક્યાં છે?' આ સાંભળી એ સેવક કહે, 'અરે, એ તો ટૅક્સીમાં જ રહી ગયું.' એ ઘડીએ કાકાજીને વિચાર આવ્યો કે, 'એ તો original documents છે. એ ખોવાય તો કેટલી માથાકૂટ થશે?'

કોઈ રસ્તો સૂઝયો નહીં તેથી કાકાજીએ ધૂન ચાલુ કરી અને પ્રાર્થના કરી કે, 'હે મહારાજ, આ સેવકની ભાવના તો સારી હતી. બિચારો નિર્દોષ છે. તમે ગમે ત્યાંથી એ લાવી આપજો.' આમ બે મિનિટ ધૂન કરી પછી બન્ને નીચે રસ્તા પર આવીને આમતેમ ટૅક્સીને જોવા લાગ્યા. એવામાં એમની નજર રસ્તાની corner પર ઊભેલા ટૅક્સીના ડ્રાઈવર પર પડી. એને જોતાં જ કાકાજી એની પાસે પહોંચી ગયા. કાકાજીને જોઈ ટૅક્સીવાળો કહે, 'તમારું આ ફોલ્ડર મેં ટૅક્સીમાં જોયું ને મેં વિચાર્યું કે તેમાં કામના કાગળ હશે. એટલે ક્યારનો અહીં ઊભો છું. ૫–૧૦ મિનિટ થઈ ગઈ. મેં બે ઘરાક પણ જવા દીધા. અહીંથી છેક મુંબઈ જવાવાળા ઘરાક હતા. પણ મેં વિચાર્યું કે તમને કાગળ આપ્યા વગર અહીંથી જવું નથી.' આ સાંભળી કાકાજી ખૂબ રાજી થઈ ગયા અને એને બક્ષિસ આપી.

કાકાજીની જગાએ કોઈ બીજી વ્યક્તિ હોય તો એ તો અત્યંત વ્યાકુળ થઈ જાય અને પોતાની સાથે આવેલ સેવકને ખૂબ જ ઠપકો આપે અને કેટલી ધમાલ કરી મૂકે. પરંતુ આવી નિઃસહાય પરિસ્થિતિમાં કાકાજીએ કેવળ ભજનનો જ આશરો લીધો અને સેવકને જરા પણ ઠપકો આપ્યા વગર મહારાજને જ પ્રાર્થના કરી તો એમના અતિ અગત્યના કાગળ વ્યવસ્થિત રીતે પાછા મળી ગયા. વિષમ પરિસ્થિતિમાં પણ સહજ સમત્ત્વથી કેવળ ભગવાનને ઉપાયભૂત કરવાનું કેવું શ્રેષ્ઠ ઉદાહરણ!

## ૫૫. સંકલ્પ તારો વિજયી સદા...

ઈ.સ. ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું હતું. એ સમયે પાકિસ્તાન પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વહેંચાયેલું હતું. પશ્ચિમ પાકિસ્તાનના સરમુખત્યાર શાસકો પૂર્વ પાકિસ્તાનની પ્રજાનું બધી રીતે શોષણ કરતા હતા. તેથી ત્યાંની પ્રજા ખૂબ ત્રાસી ગઈ હતી અને આવા જુલ્મી શાસકોથી મુક્તિ ઝંખતી હતી. પૂર્વ પાકિસ્તાનની પ્રજાની મુક્તિની ચળવળ ચલાવતા નેતાઓએ તે માટે ભારત સરકારની મદદ માંગી હતી જે તે સમયે ભારતના વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીએ પૂરી પાડી હતી.

આ કારણે પાકિસ્તાનમાં આંતરવિગ્રહ જેવી પરિસ્થિતિ ઊભી થતાં પાકિસ્તાને ભારત સાથે યુદ્ધ છેડ્યું હતું. સરહદ પર ખૂબ ધમસાણ લડાઈ ચાલુ થઈ હતી. ચારે બાજુ ભયનું વાતાવરણ હતું. ગમે ત્યારે સાવચેતીની સાયરનો વાગતી અને રાત પડે ને અંધારપટ કરી દેવામાં આવતો.

આપણા આત્મીય સ્વજન શ્રી ગુલઝારીલાલ નંદાજી ઈંદિરા ગાંધીની cabinetમાં minister હતા. નંદાજીએ કાકાજીને લડાઈ બંધ થવા માટે પૂછાવ્યું હતું. તેથી કાકાજીએ વડાપ્રધાનને પત્ર લખી જણાવ્યું હતું કે, ‘યુદ્ધ ૧૪ દિવસમાં પૂરું થઈ જશે પણ તમે પૂર્વ પાકિસ્તાનની રાજધાની ઢાકા પર કબજો કરી લઈ લેજો.’

આ જ સમયગાળામાં વિદ્યાનગરમાં પોષીપૂનમનો સમૈયો આવી રહ્યો હતો. આવા લડાઈના માહોલને કારણે સહુને તકલીફ પડે એ હેતુથી આ સમૈયો બંધ રાખવા કાકાજીની સલાહ માંગવામાં આવી. કાકાજી કહે, ‘આપણે પોષીપૂનમનો સમૈયો બંધ ન રખાય.’ પરંતુ યુદ્ધનો માહોલ હોવાથી સાંજ પછી બધે જ અંધારપટ કરવો પડતો હતો. તેથી સહુ થોડી અવઢવમાં હતા. એ બાબત કાકાજીને વાત કરી ત્યારે કાકાજીએ કહ્યું, ‘ચાર દિવસમાં જ યુદ્ધ બંધ થઈ જશે.’ ત્યારે યુદ્ધ શરૂ થયાને દસ દિવસ તો થઈ ગયા હતા. સહુનાં આશ્ચર્ય વચ્ચે બરાબર ચૌદમે જ દિવસે યુદ્ધ વિરામની ઘોષણા થઈ! પાકિસ્તાન સૈન્યે ભારતની શરણાગતિ સ્વીકારી અને ભારતીય સેનાએ ઢાકા પર કબજો જમાવી અને પૂર્વ પાકિસ્તાન બંગલાદેશ નામે સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અસ્તિત્ત્વમાં આવ્યું. આમ લડાઈ બંધ થવાને કારણે પોષીપૂનમના સમૈયાનું સરળતાથી આયોજન થઈ શક્યું.

ગુણાતીત સત્પુરુષનો સંકલ્પ એ ગમે ત્યારે ગમે તે પરિસ્થિતિમાં સર્વોપરીપણે વ્યાપ્ત થાય છે અને બીજાં તમામ પરિબળો તેની આગળ વામણાં પૂરવાર થાય છે એ સનાતન સત્ય આ પ્રસંગ પરથી છતું થાય છે.

## ૫૬. સંકલ્પો – લોક અને પરલોકના...

ઈ.સ. ૧૯૭૩માં આપણા આત્મીય સ્વજન પ.ભ. હર્ષદભાઈ ભટ્ટ મુંબઈના માટુંગા–વડાલા વિસ્તારમાંથી કૉંગ્રેસ પાર્ટી તરફથી નગરસેવકની ચૂંટણીમાં ઊભા હતા. દર પાંચ વર્ષે આવતી આ ચૂંટણીમાં ખૂબ જ રસાકસી થતી હતી. સામે પક્ષે એ વખતની જનસંઘ પાર્ટી તરફથી જાણીતા કાર્યકર શ્રી રૂસ્તમ તિરંદાજ ઊભા હતા. બન્ને વચ્ચે ખરાખરીનો જંગ હતો. હર્ષદભાઈ ભટ્ટ આ જ વિસ્તારમાંથી પાછલી ચૂંટણી જીત્યા હતા અને નગરસેવક તરીકે એમણે ખૂબ જ સરસ કામો કર્યાં હતાં. તેથી અહીંના સ્થાનિક લોકોમાં તેઓ ખૂબ જ લોકપ્રિય નેતા હતા. તેથી આ ચૂંટણી જીતવી તેમના માટે ખૂબ સહેલી હતી. તેથી તેમની પાર્ટી અને કાર્યકરો પણ ખૂબ નિશ્ચિંત હતા.

આપણી યોગી ડિવાઈન સોસાયટીના તેઓ સેક્રેટરી અને સત્સંગના અગ્રણી હતા. તેથી કાકાજી અંગત રીતે ખૂબ રસ લઈને આ ચૂંટણીના કાર્યમાં ભળ્યા હતા. તારદેવના સમગ્ર સમાજને એમણે ચૂંટણીના કાર્યમાં પ્રવૃત્ત કરી દીધો હતો. નાનાં–મોટાં બૅનર્સ લગાડવાં, મતદારોનાં કાર્ડ સારા અક્ષરે લખવાં, મતદારોના ઘરેઘરે જઈ એની વહેંચણી કરવી, સભાઓ ગોઠવવી વગેરે અનેક કામોમાં સહુ મંડી પડ્યા હતા. કાકાજી જેમના પક્ષે હોય એવા ભટ્ટ સાહેબને ચૂંટણી જીતાડવામાં કોઈ કસર બાકી ન રહે એ રીતે સહુ રાત–દિવસ મંડ્યા હતા. કાકાજી પણ સૌનો ઉત્સાહ વધારવા સ્વયં હાજર રહેતા.

મતદાનના આગલા દિવસે વડાલાની એક સ્કૂલમાં રાત્રે ચૂંટણીની સભા યોજાઈ હતી. આપણા સહુ હરિભક્તો પણ એ સભામાં હાજર હતા. એક પછી એક વક્તાઓ પોતાના પ્રવચનમાં હર્ષદભાઈ ભટ્ટના ખૂબ ગુણગાન ગાતા હતા અને એમના કાર્યોનું વર્ણન કરતા હતા. છેલ્લે કાકાજીએ પોતાના પ્રવચનની શરૂઆતમાં જ કહ્યું કે, 'આજ કી રાત કતલ કી રાત હૈ.' આ સાંભળી સહુ કાર્યકર્તાઓએ તાળીઓ પાડી. તેઓ એવું સમજ્યા કે સામેવાળો ઉમેદવાર નક્કી હારી જવાનો છે. પણ ફક્ત કાકાજી જ એ વાક્યનો મર્મ સમજતા હતા.

બીજે દિવસે મતદાન હતું. આપણા યુવકો અને હરિભક્તો સહુ પોતાનું માનીને આ સેવાનું કાર્ય કરી રહ્યા હતા. કાકાજી પણ કાંતિકાકાની ગાડીમાં હર્ષદભાઈ ભટ્ટને લઈને દરેક બૂથ ઉપર ફરી રહ્યા હતા અને કોઈને કંઈ અગવડ તો નથીને, એની પૂછપરછ કરતા અને સહુનો ઉત્સાહ વધારતા હતા.

સાંજે ૪ વાગે કાકાજી તારદેવ આવી ગયા. મતદાન પૂરું થયું અને રાતે પરિણામ જાણવા સહુ ભેગા થયા. મતોની ગણત્રી ક્યારેક આ બાજુ તો ક્યારેક પેલી તરફ ઝૂકતી હતી. આખરે પરિણામ આવ્યું જેમા હર્ષદભાઈ ચૂંટણી હારી ગયા હતા. આ જાણી સહુને જોરદાર આંચકો લાગ્યો. હરિભક્તો તો આ વાત માની જ શકતા ન હતા.



ગુણાતીત સમાજના પાયાના સાથીદારો સાથે કાકાજી અને પપ્પાજી – તારદેવ



પવઈ મંદિરની જગ્યા પર કાકાજી, સ્વામીજી, ચંદ્રભાણ શર્માજી અને આચાર્ય ભીષ્મદેવ




પવઈ મંદિરની જગ્યા પર કાકાજી, વડીલ હરિભક્તો અને યુવકો




મહેન્દ્રબાપુ અને રાજુભાઈ ઠક્કરની કાકાજી સાથેની પ્રથમ વિદેશ યાત્રા–૧૯૭૭



'રાજુભાઈ તો અમારા ઉદ્ધવજી છે.' વડીલ સંતભાઈઓ સાથે કાકાજી



'મને આમનો ખૂબ ભરોસો છે.'
કાકાજી સાથે હર્ષદભાઈ ભટ્ટ, શાંતિભાઈ શેઠ અને ભરતભાઈ




વાસણામાં અન્નપૂર્ણા આયુર્વેદિક સંશોધન કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે કાકાજી, ગુજરાતના
રાજ્યપાલ શ્રી કે. કે. વિશ્વનાથન, શ્રીમતી લીલાવતી મુનશી અને અન્ય મહાનુભાવો




સ્વામી શ્રી રામતીર્થ જન્મશતાબ્દી સમારોહમાં
શ્રી. વી. એસ. પાગેજી, શ્રી જી. એસ. પોહેકર સાથે કાકાજી

જેના પક્ષમાં કાકાજી જેવા સમર્થ પુરુષ હોય એ કેવી રીતે હારી શકે? દરેકનાં મન જાતજાતના તુક્કાઓ કરતાં હતાં. પણ સાચી હકીકત તો ફક્ત કાકાજી જ જાણતા હતા.

હર્ષદભાઈના ધર્મપત્ની દેવીબેને જ્યારે કાકાજીને આ અંગે પૂછ્યું ત્યારે કાકાજીએ એમને સત્ય હકીકત સમજાવતાં કહ્યું કે, 'ભટ્ટ સાહેબે બે સંકલ્પ કર્યા હતા. એક વ્યવહારિક કે જેમાં ચૂંટણી જીતી નગરસેવક થવાનો અને એક આધ્યાત્મિક જેમાં એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો સંકલ્પ હતો. મહારાજે એકવાર એમને નગરસેવક બનાવી વ્યવહારિક સંકલ્પ પૂરો કર્યો હતો તેથી હવે તેમનો આધ્યાત્મિક સંકલ્પ પૂરો કરવા મહારાજે તેમને ચૂંટણીમાં જીતવા ન દીધા અને એકાંતિક ધર્મ માટેનો માર્ગ ખુલ્લો કરી આપ્યો.' આ પ્રસંગ પછી થોડા જ સમયમાં કાકાજી પોતાની પ્રથમ વિદેશ ધર્મયાત્રામાં (ઈ.સ. ૧૯૭૩) પ.પૂ. સાહેબ સાથે હર્ષદભાઈને સાથે લઈ ગયા હતા અને સત્સંગના કાર્યમાં વિશેષ પ્રવૃત્ત કર્યા હતા.

ગુણાતીત સત્પુરુષોની દરેક ક્રિયા ચૈતન્યલક્ષી જ હોય છે. જે મુક્તને જેવી જરૂરિયાત હોય અને જેવી એની માનસિક સ્થિતિ હોય એ મુજબ તેઓ તેના લૌકિક કાર્યમાં ભળે છે. પરંતુ એમનો અંતિમ લક્ષ તો એને બ્રહ્મરૂપ કરી ભગવાન પરાયણ જીવન જીવાડવાનો જ હોય છે. એ સત્ય આ પ્રસંગ પરથી કેટલું સહજ રીતે સ્પષ્ટ થાય છે!

## ૫૭. સ્વામી રામતીર્થ શતાબ્દી મહોત્સવ...

દિલ્હીમાં આવેલ સાધુ સમાજના પ્રતિષ્ઠિત સંતવર્ય પૂજ્ય શ્રી આનંદસ્વામી પ.ભ. ગુલઝારીલાલ નંદાજી દ્વારા સ્થપાયેલ માનવધર્મ મિશનના General Secretary હતા. નંદાજી દ્વારા તેઓ કાકાજીના પરિચયમાં આવ્યા હતા. એક વખત દિલ્હીના બિર્લા મંદિરમાં પ્રથમ વાર એક ધાર્મિક સભાનું આયોજન થયું હતું. તે સભામાં મહારાષ્ટ્રના આદરણીય સંતવર્ય પૂજ્ય તુકડોજી મહારાજ અને પૂજ્ય સ્વામી અખંડાનંદ સરસ્વતી પધાર્યા હતા. કાકાજીને પણ એ સભામાં પ્રાસંગિક ઉદ્બોધન કરવા આમંત્રણ મળ્યું હતું. પોતાના વક્તવ્યમાં તેમણે ભગવાન શ્રીકૃષ્ણ તથા મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યનાં ઉદાહરણો દ્વારા ધાર્મિક વિધિઓ કરતાં ભક્તિની અગત્યતાને વ્યાપક બનાવવા ભગવાન સ્વામિનારાયણે કાઠી, કોળી, કણબી જેવા સરળ હૃદયના લોકોનું જીવન પરિવર્તન કરી સહુ માટે ભક્તિનો રાજમાર્ગ ખુલ્લો મૂક્યો છે એમ ભારપૂર્વક દૃષ્ટાંત સાથે સમજાવીને સહુ સંતોનાં દિલ જીતી લીધાં હતાં. એમની સચોટ અને ખુમારીભરી વાતોથી સહુ ખૂબ જ પ્રભાવિત થયા હતા. આનંદસ્વામી અને અખંડાનંદ સરસ્વતીએ કાકાજીને મહાયોગી તરીકે નવાજ્યા હતા અને એમનું સન્માન

કર્યું હતું. ત્યાર પછી તેઓ અવારનવાર કાકાજીને આવા ધાર્મિક સંમેલનોમાં પધારવા ખાસ આગ્રહ કરતા.

આ ઉપરાંત દિલ્હી, હરિદ્વાર, અલાહાબાદ કુંભમેળામાં તેમ જ કુરુક્ષેત્રમાં પણ સાધુ સમાજ જેવી સંસ્થાઓને સહકાર આપી તેમના વિકાસમાં કાકાજીએ પોતાનો ફાળો આપ્યો હતો. જુદાં જુદાં વેદાંત સંમેલનોમાં પણ હાજર રહીને એક જાતના સમન્વયાત્મકભાવને પણ એમણે ખૂબ પ્રેમથી નવાજ્યો છે. મુંબઈના પ્રેમપુરી આશ્રમના ટ્રસ્ટી શ્રી હરિભાઈ ડ્રેસવાલા અને લોનાવાલા સ્થિત તુલસી સાધના કુટિરના માલિક અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી હરકિશનદાસ અગ્રવાલને પણ કાકાજીએ એમની આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું.

મહારાષ્ટ્ર વિધાન પરિષદના માનનીય સ્પીકર શ્રી વી.એસ. પાગેજી તથા Indo Japanese Association ના સેક્રેટરી શ્રી જી.એસ. પોહેકરજી પણ કાકાજીના ઘનિષ્ઠ પરિચયમાં આવ્યા હતા જે પરિચય ત્યાર પછી મિત્રતામાં પરિણમ્યો હતો. પાગેજી કાકાજીના દરેક પ્રસંગમાં અચૂક હાજર રહેતા. કાકાજી પણ પાગેજી યાદ કરે તો તુરંત એમને મળવા પહોંચી જતા.

ઈ.સ. ૧૯૭૩માં મુંબઈમાં ભારતના સુપ્રસિદ્ધ સંત સ્વામી શ્રી રામતીર્થની જન્મશતાબ્દી મહોત્સવના આયોજનમાં શ્રી પાગેજીના આગ્રહથી કાકાજીએ અંગત રસ લઈ તેમને ખૂબ સાથ આપ્યો હતો. એટલું જ નહીં પણ મહોત્સવની સમિતિમાં તેમણે ખજાનચી તરીકેની જવાબદારી નિભાવી અને મુંબઈમાં તેના કાર્યક્રમોમાં પોતે તથા હરિભક્તોને સેવામાં જોડી તે સહુ વડીલ મહાનુભાવોનાં દિલ જીતી લીધાં. મુંબઈમાં આ મહોત્સવ ત્રણ દિવસ ચાલ્યો હતો. ત્રણે દિવસ જુદાં જુદાં નાટ્યગૃહો (Auditorium) ભારતીય વિદ્યાભવન હૉલ, સુંદરાબાઈ હૉલ અને શ્રી રવીન્દ્ર નાટ્યમંદિરમાં ઉજવવામાં આવ્યો હતો. કાકાજીએ એ પ્રસંગને પોતાનો માની આખા તારદેવ સમાજને અને હર્ષદભાઈ ભટ્ટ, કાંતિભાઈ દેસાઈ જેવા આગેવાન ગૃહસ્થો અને રમેશભાઈ સોની અને યુવક મંડળને આમાં સામેલ કરી એ મહોત્સવને સારઘાર પાર પાડી શોભાડી દીધો હતો.

ત્રીજા દિવસે રવીન્દ્ર નાટ્યમંદિરમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં સિનેમા જગતના જાણીતા કલાકાર શ્રી શાહુ મોડકને સભા સંચાલનની જવાબદારી સોંપવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન મંચ ઉપર પોતાની અગત્યતા અને સગવડ વિશિષ્ટપણે સચવાતી ન હોવાનું લાગતા શ્રી શાહુ મોડક નારાજ થઈ ગયા હતા અને સમગ્ર કાર્યક્રમના સૂત્રધાર શ્રી પાગેજી સાથે ઉગ્રભાષામાં બોલાચાલી કરવા માંડ્યા. પાગેજીએ પણ થોડા ઊંચા અવાજે તેમની સાથે વાત કરી તેથી શાહુ મોડક ગુસ્સે થઈને કાર્યક્રમ છોડી જવા તૈયાર થયા. આની જાણ કાકાજીને થતાં તરત જ તેઓ ત્યાં પહોંચી ગયા

અને પોતાની આગવી રીતે બન્ને વચ્ચે સુલેહ કરાવી. પાગેજીના આગ્રહને વશ થઈને કાકાજીએ આ મહોત્સવની સેવા સ્વીકારી હતી. આ સંસ્થાઓ અને વડીલો પાસે જુદી જુદી ધાર્મિક વિચારધારાઓનાં જ્ઞાન તથા ફિલસૂફી સિવાય નક્કર યોગદાન આપી શકે એવી કોઈ વ્યક્તિ કે સેવકોનો સમાજ હતો નહીં. કાકાજીએ તદ્દન નિઃસ્વાર્થભાવે તારદેવના સમગ્ર સમાજને આ આયોજનમાં જોડ્યો તેથી તે સહુને કાકાજી અને સ્વામિનારાયણ સંપ્રદાયનો ખૂબ જ ગુણ આવી ગયો.

કેવળ બાહ્યદૃષ્ટિથી આ પ્રસંગને જોનારને કાકાજીની આ રીત કદાચ નહીં પણ ગમી હોય. આપણે સ્વામિનારાયણની સાકાર ઉપાસનાના ભક્ત થઈને શ્રી રામતીર્થના નિરાકારવાદને શા માટે પ્રોત્સાહન આપવું, આપણે પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસનાવાળા અને તેઓ તો પરોક્ષમાં માનનારા એવું કહી આ બાબત કાકાજીને સલાહ આપનારા પણ ઘણા હતા. તેમ છતાં કાકાજી તો સૂર્યસમાન પુરુષ હતા. તેઓ આવા કોઈ વાદમાં બંધાય એવા ન હતા. તેઓ તો આસ્તિકમાત્રને પોતાના ગણતા હતા. કાકાજી કહે, 'સ્વામી રામતીર્થે જે સાધના કરી છે તે તો જુઓ!' નાના નાના છોડમાંથી પણ એમણે ગુણ લીધો. કાકાજી આમ ગુણગ્રાહી દૃષ્ટિથી જ સૌને નીરખતા. એથી ય વિશેષ તો આ મહોત્સવના મુખ્ય સંયોજક શ્રી આનંદસ્વામી દિલ્હીમાં અને ઉત્તર ભારતમાં ભગવાન સ્વામિનારાયણનો સંદેશો વ્યાપક બનાવવા પ.પૂ. ગુરુજીને મદદરૂપ થઈ શકે એવી દૂરંદેશી દૃષ્ટિથી પણ કાકાજી આ મહોત્સવના આયોજનમાં ભળ્યા હતા.

મોટાપુરુષ જે પળે જે આયોજન કરે તેમાં એક સાથે અનેક હેતુઓ સમાયા હોય છે. આપણે તો અવિચારીપણે અને મહિમાથી તેમનાં એ આયોજનોમાં ભળી જવું એ જ આપણી ફરજ અને ભક્તિ છે. એ પરમ રહસ્યના સૂત્રનું સ્પષ્ટીકરણ અને તેનો અમલ કરવાની સુંદર તક આપીને કાકાજીએ અનેક ભક્તોની સેવાભાવનાને પ્રોત્સાહન આપ્યું હતું. કેવા કરૂણામૂર્તિ!

## ૫૮. સર્વદેશીય ઉઠાવ...

ભગવાન સ્વામિનારાયણના સંદેશારૂપે અક્ષરપુરુષોત્તમની યુગલ ઉપાસનાના પ્રવર્તનનું કાર્ય પહેલી વખત શાસ્ત્રીજી મહારાજે ઈ.સ. ૧૯૪૮માં મુંબઈના નારાયણ દાભોલકર રોડ પર નંદાજીના બંગલે તેમને અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ આપીને શરૂ કર્યું ને આશીર્વાદ આપ્યા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની વચમાં નંદાજીને બેસાડીને એમનો ફોટો અને ફિલ્મ પણ લેવામાં આવી હતી. આ સંદેશો ધીરે ધીરે સર્વવ્યાપક બનતો ગયો.

શ્રી ભગવદ્ ગીતાના તત્ત્વજ્ઞાનના મહારથી, યોગેશ્વર કૃષ્ણના ઉપદેશને જીવનમાં ઉતારી તેને વ્યાપક કરનાર, લાખોના પ્રેરણામૂર્તિ શ્રી પાંડુરંગ શાસ્ત્રીજીને કાકાજી સાથે ખાસ અંગત સંબંધ હતો. યોગીબાપાએ કાકાજીને કહેલું કે આપણે અક્ષરપુરુષોત્તમનો ગીતાનો ૧૫મો અધ્યાય એમની પાસેથી સમજી લઈશું. આથી કાકાજી બે વખત મુંબઈ નજીક થાણામાં એમની સંસ્થા તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં શિબિરમાં ગયા હતા. તે વખતે યોગીબાપાએ ૫૧ શિક્ષિત નવયુવાનોને દીક્ષા આપી સાધુ બનાવ્યાને થોડો જ સમય થયો હતો. પાંડુરંગ શાસ્ત્રીજીએ કાકાજી દ્વારા યોગીબાપાને કહેવડાવ્યું કે, તમારી આ ક્રાંતિકારી યોજનાને જરા પણ અટકાવ્યા વિના વ્યાપક સ્વરૂપે, કેળવણીના સ્વરૂપમાં સર્વ કોઈને સમજ પડે તે રીતે આગળ વધાર્યે જ જજો. તમારે જે કાંઈ મદદ જોઈએ તે અમારા તરફથી મળશે.

ગુજરાતમાં શાસ્ત્રીજી મહારાજના પરમ કૃપાપાત્ર અને વિદ્યાનગરના ચારુતર વિદ્યામંડળના અગ્રણી શ્રી ભાઈકાકા, શ્રી ચિમનભાઈ પટેલ, ભારતના ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી એચ.એમ. પટેલ, પ્રો. આર.ડી. પટેલ વગેરે મહાનુભાવો પણ કાકાજીની સર્વદેશીયતા અને સચોટ ખુમારીભરી વાતોથી ખૂબ પ્રભાવિત થતા અને વિદ્યાનગરમાં ગુણાતીત જ્યોત અને અનુપમ મિશનના કાર્યને વેગ આપવા તેમણે ખૂબ સહકાર આપ્યો હતો.

ગણેશપુરીના શ્રી મુક્તાનંદબાબા જ્યારે સાંકરદા પધાર્યા હતા ત્યારે કાકાજીને કહ્યું હતું કે, 'જે ગુરુજીએ તમને દૂર કર્યા તે જ ગુરુજી પ્રત્યે એટલો જ ભાવ રાખીને આ સંતો અને હરિભક્તો જે સત્સંગ કરી રહ્યા છે તેનાથી ખરેખર તેમની સર્વોચ્ચ ગુરુભક્તિ પ્રતીત થાય છે.' આમ કહી એમણે શુભાશિષ આપ્યા હતા. કાકાજી અને હરિભક્તો મુંબઈ નજીક ગણેશપુરીમાં તેમના આશ્રમમાં ગયા હતા ત્યારે તેમણે ખૂબ ભાવથી સહુને સત્કાર્યા હતા અને સહુને ખૂબ આનંદ કરાવ્યો હતો.

અમેરિકાની ધર્મયાત્રા દરમ્યાન એક વખત કાકાજીએ લૉસએન્જલસની બર્કલી યુનિવર્સિટીમાં પ્રો. હાર્ટનું સૂચન સ્વીકારી ઉપનિષદ પર પ્રવચન કર્યું ત્યારે તેનાથી પ્રભાવિત થઈ સહુએ કાકાજીને એમ કહ્યું કે, 'ખરેખર, સાકાર બ્રહ્મની આવી પ્રતીતિ અમને પણ કરાવો અને અમે પણ તમારે ત્યાં ભારતમાં આ જ્ઞાન શીખવા આવીએ.' ભગવાન સ્વામિનારાયણનો આ સંદેશો અને યુગલ ઉપાસનાનું રહસ્ય કાકાજીએ જે રીતે સમજાવ્યું તેનાથી ત્યાંના રીસર્ચ સ્કૉલરો ખૂબ જ રાજી થયા અને ખુલ્લા દિલથી અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો.

અમેરિકાના શિકાગો શહેરથી દોઢસો માઈલ દૂર આવેલ એક કૉલેજના Head Mr. Williams 'Transmission of the Spiritual Tradition' - શુદ્ધ ગુરુ પરંપરા વિશે એક અભ્યાસક્રમ ચલાવતા હતા. તેમને કાકાજી મળ્યા હતા. તે વખતે ત્યાં ભારતના પ્રો. વ્યંકટાચાર્ય અને એમના સહાધ્યાયીઓને આવી સંત પ્રણાલિકા અને વિધવિધતામાં એકત્વ પામેલા એવા બે–પાંચ શુદ્ધ ગુરુ પરંપરાવાળા સ્વરૂપોની

ઓળખાણ પણ કાકાજીએ કરાવી. તે વખતે એમને Emancipation of women - equal spiritual status to women અર્થાત્ બહેનોના આધ્યાત્મિક ઉત્થાન દ્વારા તેમની પણ સંતો જેવી જ સમકક્ષ આધ્યાત્મિક સ્થિતિ સહુ સાથીદારોના સહકારથી શક્ય બની એ વાત કાકાજીએ આ કૉલેજમાં કહી હતી. એ અંગેનો વાર્તાલાપ record કરેલ છે.

ઇંગ્લંડમાં પ.ભ. બેચરકાકાના સંબંધી શ્રી અમીન કે જેઓ ત્યાં પરદેશીઓના સહયોગથી યોગની કૉલેજ ચલાવતા હતા. તેમને તથા કૅમ્બ્રીજમાં પરદેશીઓને કાકાજીએ સ્વરૂપ અષ્ટાંગની રીત તથા નાભિનાં ભજનની રીત શીખવી. આ રીતે સર્વદેશીયતા અને સહિષ્ણુતાથી પૂર્ણયોગીને જે અનુભૂતિ જ્ઞાન થાય તેની એ સહુને પણ ઝાંખી કરાવી.

ઈ.સ. ૧૯૫૫માં સર્વ ધર્મ પરિષદમાં શ્રી મોરારજી દેસાઈ અને અન્ય મહાનુભાવો સાથે કાકાજીએ સ્વામિનારાયણ ધર્મનો સિદ્ધાંત સમજાવી પ્રથમ વાર સર્વ ધર્મ સમન્વયનો ઉદ્‌ઘોષ કરેલ જેથી સર્વને આ નવીન ક્રાંતિકારી ભાવના સમજવાની તક મળી હતી.

દેવલાલીમાં શ્રીમદ્ રાજચંદ્રજીના આશ્રમમાં શ્રી મેઘાણી સાહેબ અને ત્યાંના ભાઈઓએ રાખેલ જ્ઞાનશિબિરમાં કાકાજી પોતાના સાથીદારો અને સાધક ભાઈઓ સાથે ગયા હતા અને ત્યાં પણ જૈન ધર્મના 'નમો અરિહંતાણાં' મંત્રની સાથોસાથ સ્વામિનારાયણ મહામંત્રની વિશિષ્ટતા અને સર્વદેશીયતા જણાવી હતી જેથી સહુ રાજી થયા હતા.

વિશ્વભારતી વિશે મિ. મુલ્ગુંદ, શ્રી શર્માજી, શ્રી પ્રફુલ્લભાઈ અને દમયંતીબેન ઝવેરી, શ્રી પૂર્ણિમાબેન પકવાસા તથા ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી બી.ડી. જત્તી સાહેબને મળીને આધ્યાત્મિકતા માટે નાભિના ભજનને – એવી યોગસાધના માટે The fundamental assumptions of all the religions અર્થાત્ સર્વ ધર્મ માટે પાયાની મૂળભૂત જરૂરિયાત એવી સંતપ્રણાલીકા વિશે જણાવ્યું. તેથી એ મહાનુભાવો અત્યંત રાજી થયા હતા અને વિશ્વભારતીના કામ માટે કાકાજીને ખાસ આમંત્રણ આપ્યું હતું.

આમ વિધવિધ ધાર્મિક પરિષદો અને સંવાદોમાં પધારી કાકાજીએ અક્ષરપુરુષોત્તમ યુગલ ઉપાસનાનું પ્રવર્તન કર્યું. વળી વિશાળતાની ભાવનાથી સર્વનું જે સારું છે એ સાથે લઈને જ્યારે પણ આ ગુણાતીત ભાવનાને પ્રદર્શિત કરી છે તે સર્વમાન્ય રહી છે એ વાત સિદ્ધ કરી. તેમણે જણાવ્યું કે, અક્ષરપુરુષોત્તમ એ કોઈ સંપ્રદાય નથી પણ એ ગીતાના પંદરમા અધ્યાયનું મૂર્તિમાન સ્વરૂપ છે. એકાંતિક ધર્મની આ વિશિષ્ટતા છે. આત્મા અને પરમાત્માનો, બ્રહ્મ અને પરબ્રહ્મનો, અક્ષર અને પુરુષોત્તમની યુગલ ઉપાસનાનો, સનાતન ધર્મનો સિદ્ધાંત હળીમળીને વ્યાપક કરીએ ત્યાં માયા પરાભવ

નહીં કરે પણ પરમ સુખદાયી બનશે. અક્ષરપુરુષોત્તમનો આ સંજીવની મંત્ર આજે પણ જીવંત છે ને સર્વ કોઈ સિદ્ધ કરી શકે છે. એ વાસ્તવિકતા અને સત્ય વાત સર્વ કોઈ પ્રતીત કરી શકે છે. આવી સહિષ્ણુતા અને સર્વદેશીયતા સર્વત્ર પ્રગટ થતી રહે એ માટે કાકાજી હંમેશાં પ્રયત્નશીલ રહ્યા.

## ૫૯. શ્રીમતી લીલાવતી મુનશીને પ્રતીતિ...

ભારતના અને ખાસ કરીને ગુજરાતના સુપ્રસિદ્ધ લેખક, ધારાશાસ્ત્રી અને વિચક્ષણ રાજકીય પુરુષ સ્વ. કનૈયાલાલ મુનશી બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજના સમયથી સ્વામિનારાયણ સંપ્રદાયના પરિચયમાં આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજના અદ્‌ભુત વ્યક્તિત્ત્વની અને તેમની પ્રતિભાની મુનશીજીના અંતરમાં ઊંડી છાપ પડી હતી. તેઓ મહિમાપૂર્વક કહેતા કે શાસ્ત્રીજી મહારાજ જો વડતાલ સંસ્થામાં હોત તો અત્યારે આખું હિન્દુસ્તાન સ્વામિનારાયણ સ્વામિનારાયણનું ભજન કરત. આમ તેઓના હૈયામાં શાસ્ત્રીજી મહારાજનો ગુણ આવી ગયેલો.

એના ફળસ્વરૂપે એમનાં પત્ની શ્રીમતી લીલાવતી મુનશી કાકાજીના પરિચયમાં આવ્યાં. એક પ્રતિષ્ઠિત અને બાહોશ વ્યક્તિ વિશેષ ગણાતાં લીલાવતી મુનશી કાકાજીના જીવન અને રહેણીકરણીથી ખૂબ જ પ્રભાવિત થયાં હતાં. જ્યારે તેમણે કાકાજીનું પવિત્ર અને નિઃસ્વાર્થ જીવન જોયું અને સત્સંગ સમાજમાં આત્મબુદ્ધિ અને પ્રીતિનું સુંદર દર્શન થયું ત્યારે એક આત્મીય સ્વજનની જેમ સહુમાં રસબસ થઈ ગયાં.

કાકાજીના વચનમાં તેમને અપૂર્વ વિશ્વાસ હતો. આયુર્વેદના વિકાસ માટે તેમની ખાસ ઈચ્છા હતી અને તે માટે મોટી રકમની સહાય આપવા તેઓ તૈયાર થયાં હતાં. એ માટે તેઓ કાકાજીને અવારનવાર કહેતાં. તેમની ઈચ્છા મુજબ સોખડા પાસેના વાસણા ગામમાં પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીએ સ્થાપેલ 'અન્નપૂર્ણા આયુર્વેદિક સંશોધન કેન્દ્ર'ના વિકાસમાં તેમણે પોતાનો બહુ મોટો ફાળો આપ્યો. તેઓએ ઘણી વાર ત્યાં આવીને એ કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓમાં સારો રસ લીધેલો. તેમની સાથે તેમના પુત્ર શ્રી ગિરિશભાઈ મુનશી અને કુટુંબીજનોને પણ કાકાજી પ્રત્યે ખૂબ જ સદ્‌ભાવ જાગૃત થયો. તેમનું કુટુંબ ચુસ્ત જૈનધર્મી હતું છતાં સ્વામિનારાયણ ધર્મ પ્રત્યે તેમને ખૂબ ભાવ થયો. અવારનવાર સત્સંગની શિબિરો અર્થે તેઓ પોતાનો જુહુ સ્થિત 'કૌસ્તુભ' બંગલો કાકાજીને વાપરવા આપતાં.

કાકાજી તરફ લીલાવતીબેનને ખૂબ જ ભાવ થઈ ગઈ હતો. કાકાજીને તેઓ કહે, 'આ મારો બંગલો તમે લઈ લો.' કાકાજી કહે, 'મારે એ ન જોઈએ. હું મઠ નહીં બાંધું.

મારે જો જોઈતું જ હોત તો હું તો Prime Minister જ થયો હોત. જો હું રાજકારણમાં ગયો હોત તો. માટે આપવો જ હોય તો યોગી ડિવાઈન સોસાયટીને આપો.' લીલાવતીબેન કહે, 'મને તમારો ને સ્વામીનો ભરોસો છે. બાકી બીજા તો કંઈ પણ કરી નાંખે.' તો કાકાજી કહે, 'અમારા પર ભરોસો હોય તો યોગી ડિવાઈન સોસાયટીને આપો. નહીં તો મારે મારા માટે નથી જોઈતો.' આ સાંભળી તેઓ ખુશ થઈ ગયાં અને કહે, 'મેં પહેલી એવી વ્યક્તિ જોઈ કે જેને હું આટલો મોટો બંગલો આપું છું. તો પણ તે ના પાડે છે.'

તેઓ અવારનવાર અંગત પ્રશ્નો માટે કાકાજીની સલાહ લેતાં. કાકાજી પ્રત્યે તેમને એક પ્રકારનો પૂજ્યભાવ થઈ ગયો હતો અને મૃત્યુ બાદ પોતાની કેવી ગતિ થશે એ બાબત કાકાજીને પૂછતાં. એમને આશીર્વાદ આપતાં કાકાજીએ કહ્યું હતું કે, 'તમે ખાટી ગયાં છો. તમારી અંતિમ અવસ્થાએ શ્રીજીમહારાજ અને સ્વામી ૭૨ કલાક પહેલા સંતોને લઈને તમને દર્શન આપશે અને ૭૨ કલાક પછી તમને તેડી જશે.' બન્યું પણ તેમ જ. એમની અંતિમ અવસ્થાના ત્રણ દિવસ પહેલાં એમને શ્રીજીમહારાજ, કાકાજી અને સંતોનાં દર્શન થયાં. તેથી તેમણે સહુ અંગત સ્વજનોને પાસે બોલાવી લીધા અને સહુને જણાવ્યું કે 'મને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થઈ રહ્યાં છે. હવે હું ત્રણ દિવસ પછી ભગવાનના ધામમાં જઈશ.' અને બરાબર ત્રીજે દિવસે ખૂબ જ શાંતિથી તેઓ ધામમાં પધાર્યા.

આજે આપણા વાસણા – કોતરિયાના આયુર્વેદિક સંશોધન કેન્દ્ર ને આરોગ્યધામની સ્થાપના થઈ છે તે સદાને માટે મુનશી કુટુંબને મોક્ષધર્મના માર્ગે દોરતી રહેશે. ગુણાતીત સમાજના સ્વરૂપો હરિપ્રસાદસ્વામી, પપ્પાજી, સાહેબ અને બહેનોનો એમને ખૂબ ગુણ આવી ગયો. તેઓ કહેતાં, 'આ મને મારું નવું આધ્યાત્મિક કુટુંબ મળી ગયું, વિશાળ સમુદાય મળી ગયો.' આ રીતે જૈનધર્મનાં એક મહાન જ્યોતિર્ધર અને ક્રાંતિકારી સ્ત્રી સમાજનાં અગ્રણી, લાખો અને કરોડોનું કામ કરાવનાર એવાં શ્રીમતી લીલાવતી મુનશી સાથે કાકાજીનો એક આધ્યાત્મિક અને વિશ્વાસનો સંબંધ તે ખરેખર તેમની સર્વ ધર્મ પ્રત્યેની સહિષ્ણુતા અને સર્વદેશીયતાનું પ્રતીક છે.

## ૬૦. સમર્થ થકા જરણા...

ઈ.સ. ૧૯૭૭–૭૮ના અરસામાં એક વખત કાકાજી કોઈ કામ અંગે મુંબઈના પાયધુની વિસ્તારમાં ગયા હતા. તેમની સાથે તારદેવના સાધક ભાઈ રાજુભાઈ ઠક્કર પણ હતા. કામ પતાવીને કાકાજી જ્યારે પાછા તારદેવ જવા નીકળ્યા તે વખતે ખૂબ જ ધોધમાર વરસાદ તૂટી પડ્યો. થોડીવારમાં જ ચારે બાજુ પાણી–પાણી થઈ ગયું.

ઘણો સમય વીતી ગયો પણ વરસાદ રોકાવાનું નામ લેતો ન હતો. દોઢથી બે કલાક સુધી એકધારો વરસાદ પડ્યો. કાકાજી અને રાજુભાઈ તારદેવથી નીકળ્યા ત્યારે વરસાદ પડવાનાં કોઈ ચિહ્નો જણાતાં ન હોવાથી તેમણે છત્રી પણ લીધી ન હતી. આથી સતત વરસતા મુશળધાર વરસાદમાં તેઓ ખૂબ પલળી ગયા. ગાડી તો હતી નહીં અને માંડ એકાદ ઘોડાગાડી દેખાઈ એ પણ તારદેવ આવવાના ૧૦ રૂપિયા માંગવા લાગ્યો તેથી કાકાજીએ ના કહી.

એટલામાં ત્યાં તારદેવ જવાની બસ આવી. બસ મુસાફરોથી ખીચોખીચ ભરેલી હતી. છતાં કાકાજી અને રાજુભાઈ ધક્કામુક્કી કરીને બસમાં ચડ્યા અને ફક્ત ૩૦ પૈસામાં તારદેવ આવ્યા. રાજુભાઈ કાકાજીને કહે, 'કાકાજી ૧૦–૧૫ રૂપિયા માટે તમે શું કામ એક કલાક બગાડ્યો?' કાકાજી કહે, 'આપણે બહુ કામ તો હતું નહીં. જો આપણે ટૅક્સી કરી હોત તો એ ટૅક્સીવાળાને પણ વધારે પૈસા આપવા પડત. બે રૂપિયાની જગ્યાએ દસ રૂપિયા લેત. આપણે ધીરજ અને કરકસર પણ શીખવી જોઈએ. જરૂરી હોય તો ખર્ચો કરીએ પણ બીનજરૂરી ખર્ચો ન કરાય. મહારાજની મરજી હશે તો મળી જશે નહીં તો પ્રભુને સંભારતા રહેશું એ ભાવના હતી.' આમ કાકાજીએ રાજુભાઈને ધીરજ અને કરકસર બન્ને શીખવાડ્યાં.

એક સમયે જેમનો કરોડો રૂપિયાનો કારોબાર હતો અને જેમના આંગણામાં ૧૨ ગાડીઓ સેવામાં હાજર રહેતી હોય એવા કાકાજી પોતાના શિષ્યને એક સમજણ આપવા માટે સાવ સામાન્ય માણસની જેમ પોતે તકલીફ વેઠીને ફક્ત ૩૦ પૈસામાં બસમાં મુસાફરી કરે એ તો સમર્થ થકા જરણા કરનાર આવા સાચા ગુણાતીત સત્પુરુષ માટે જ શક્ય છે. જેમના સંકલ્પે અને આશીર્વાદે બીજાઓને સાધન, વાહન, પૈસાની સહજ રેલમછેલ થતી હોય એમને માટે પોતાની શક્તિ ને ઐશ્વર્ય દાબીને વર્તવું એ પણ એમનું એક છૂપું ઐશ્વર્ય જ છેને! સામાન્ય માણસને તો એની કલ્પના પણ કેવી રીતે આવે? ફક્ત વાતો જ  નહીં પણ પોતાના વર્તનથી જ શીખ આપવાની આ તે કેવી નિરાળી રીત!

❀ ❀ ❀

## ૬૧. આર્ષદૃષ્ટાના આશિષ...

ઈ.સ. ૧૯૮૩માં કાકાજીએ દિલ્હીમાં એ સમયના વરિષ્ઠ કેન્દ્રીય પ્રધાન શ્રી એચ.કે.એલ ભગત સાહેબની મદદથી Delhi Devlopment Authority પાસેથી મંદિર માટે જમીન મેળવી હતી. ભગત સાહેબને કાકાજી તરફ ખૂબ ભાવ હતો. તેથી તેમણે જમીન અપાવવામાં ખૂબ મદદ કરી હતી.




**૨૮મા સ્વરૂપાનુભૂતિદિન ઉત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા કાકાજી**





**કાકાજીએ પ્રતિષ્ઠા કરેલ શ્રી હનુમાનજી – ખાર, મુંબઈ**



તારદેવ મંદિરે લાક્ષણિક મુદ્રામાં કાકાજી



'તમે સંકલ્પ ના કરો એ તમારી ખોટ અને અમે પૂરા ના કરીએ એ અમારી ખોટ'
દિનકરભાઈને કાકાજીના આશીર્વાદ



સ્વામિનારાયણ મહામંત્રની આહ્‌લેક જગાવતા કાકાજી



કાકાજી, પપ્પાજી, સ્વામીજી, અક્ષરવિહારીસ્વામી, કાંતિકાકા અને હરિભાઈ સાહેબ સાથે
જશભાઈ સાહેબ અને અનુપમ મિશનના વડીલ સંતભાઈઓ



'ગુણાતીત કુળ સકલના ભવ્ય ઘડવૈયા,
વહી રહી અસ્ખલિત મંગલ કૃપાધારા'

એ જ અરસામાં એક વખત કાકાજી અને ગુરુજી (મુકુંદજીવનસ્વામીજી) હરિદ્વાર ગયા હતા. ત્યાં તેઓએ ગંગાસ્નાન કરી ઘણાં મંદિરોની મુલાકાત પણ લીધી. એ મંદિરોમાં એક સાત માળનું ભારતમાતા મંદિર પણ હતું. એ મંદિરમાં એક દાનવીર કે જેણે રૂા. ૧૧,૧૧,૧૧૧નું દાન એ મંદિરને કર્યું હતું એની આરસની તક્તી લગાડી હતી. તક્તી જોઈને ગુરુજીએ કાકાજીને સહજ જ પૂછ્યું કે, 'આ મંદિર કોઈ દેવતા કે અવતાર પુરુષનું નથી છતાં પણ એને મબલખ દાન મળે છે જ્યારે આપણને તો માંડ ૧૧ રૂા. આરતીમાં મળે છે.' આ સાંભળી કાકાજીએ ગુરુજીને આશીર્વાદ આપતાં કહ્યું કે, 'તમને ભવિષ્યમાં એક એવો દાનવીર મળશે કે જે આનાથી અનેક ઘણું દાન આપશે. પણ એ ક્યાંય પણ નોંધાવશે નહીં તેમ જ એ ક્યારેય પણ એ વાતનો ઉલ્લેખ પણ નહીં કરે. કેવળ પ્રભુની પ્રસન્નતા માટે જ એ દાન કરશે!'

૧૩મી એપ્રિલ ૧૯૮૫ના દિવસે Delhi Devlopment Authority પાસેથી મંદિર માટેની જમીન મળી એટલે તરત જ કાકાજીએ એ જમીનનું ખાતમુહૂર્ત દિલ્હીના માનનીય નેતા સરદાર હરચરણસિંઘ નાગના હસ્તે કરાવ્યું. એ પછી ૨૮મી મેના દિવસે એ જમીનની માલિકી કાયદેસર થઈ. એ દિવસે સાંજે કાકાજી ત્યાંના સ્થાનિક હરિભક્તો અને સંતો સાથે ત્યાં પધાર્યા અને એ જમીન પર ચારે બાજુ ફૂલો વેરીને આશીર્વાદ આપ્યા કે, 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની ઈચ્છાથી આ જમીન પર એક ભવ્ય અને વિશાળ મંદિર બનશે અને દેવતાઓ આવીને એ મંદિરના ચણતરનું કામ કરી જશે. પરંતુ તમે સહુ એ દરમ્યાન કેવળ પ્રભુમાં જ રહેજો અને ભજન કરજો.' એ જ દિવસે ત્યાં એક જાંબુના વૃક્ષ પર ચંદનના ચાંદલા કરી કાકાજીએ ગુરુજીને આશીર્વાદ આપ્યા કે, 'અહીંના હરિભક્તો તમને ખૂબ જ સાથ આપશે અને અહીંથી પણ ગુણાતીત જ્ઞાન સારાય વિશ્વમાં ફેલાશે. આ અમારા તમને આશીર્વાદ છે. પણ એની એક જ શરત છે કે સંપ–સુહૃદભાવ–એકતાથી કોઈપણ કાર્યનો ઉઠાવ લેશો.' ઈ.સ. ૧૯૮૪માં કાકાજીના આશીર્વાદથી દિલાવર અને દાનવીર પ.ભ. મલ્કાની સાહેબ ગુરુજીના પરિચયમાં આવ્યા. તેઓ કાકાજીને ફક્ત એક જ વખત મળ્યા હતા. એમણે કોઈપણ શરત કે પ્રસિદ્ધિની ઈચ્છા વગર એ મંદિર માટે ખૂબ મોટી રકમ દાનમાં આપી. એમના અને દિલ્હીના સ્થાનિક હરિભક્તોના સહકારથી ઈ.સ. ૧૯૯૪માં ત્યાં એક ભવ્ય મંદિરનું નિર્માણ થયું. આમ કાકાજીએ ગુરુજીને આપેલા આશીર્વાદ ફળ્યા.

આજે દિલ્હી મંદિર આપણી સંસ્થાનું એક આગવું કેન્દ્ર બની ગયું છે. પ.પૂ. ગુરુજી અને સંતો તથા પૂ. આનંદીદીદી અને અન્ય સંતબહેનોની કાળજી અને પરિશ્રમ તથા હરિભકતોના સહકારથી કાકાજીએ પ્રવર્તતાવેલ કુટુંબભાવનાને ચરિતાર્થ કરતી એક અદ્‌ભુત આધ્યાત્મિક પરબ બની ગયું છે.

## ૬૨. રહસ્યનું પણ રહસ્ય (Secret of secrets)

ઈ.સ. ૧૯૬૬ની ૨૮મી મે ને દિવસે કાકાજી અને તેમના સાથીદારોને તથા કાકાજીના હેતવાળા સંતોને અક્ષરપુરુષોત્તમ સંસ્થામાંથી છૂટા કરવામાં આવ્યા. જેને અર્થે કાકાજીએ પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું, જેને અર્થે હોમાઈ ગયા. શિક્ષિત યુવાનોને સાધુ બનાવવામાં ગાળો ખાધી, નિમિત્ત બન્યા એમણે જ કાકાજીને વિમુખ કર્યા. કાકાજી કહેતા કે, 'આ એક ભૂમિકા એવી છે કે બસ 'તું હી તું હી' જ રહે. Nothing else. જ્યાં આપણું કોઈ અસ્તિત્ત્વ જ નથી, બસ 'એક તું જ છે.' એ કક્ષા પર લઈ જવા માટે તમારા ગુરુ જ તમને દૂર કરે અને છતાં એમના તરફની એક ભાવના કેવળ તું હી કર્તાહર્તા, કેવળ તારી જ મરજી, મારું કશું જ નહીં એ ભૂમિકા વિમુખ થયા સિવાય શક્ય નથી.'

કાકાજી અને પપ્પાજીએ બહેનો માટે એક નવું જ ક્રાંતિકારી પ્રકરણ શરૂ કર્યું. પ્રકૃતિનું દિવ્ય રૂપાંતર પામવા માટેનો પ્રારંભ શરૂ થયો. જ્યાં મહારાજ અને સ્વામીએ ચોકડી મારી દીધી કે સ્ત્રીઓને એકાંતિક ધર્મ સિદ્ધ થાય જ નહીં. ઈ.સ. ૧૯૫૨ના સાક્ષાત્કાર વખતે કાકાજીને એવી ભાવના હતી કે, 'મારે એકલાને અક્ષરધામનું સુખ જોઈતું નથી. મારી સાથે જોડાયેલ ભાઈઓ, બહેનો તમામને મારા જેવા જ સુખિયા કરવા છે.' તેથી બહેનો માટે એમણે યોગીબાપાને પૂછ્યું કે, 'બાપા, આ થઈ શકે?' બાપા કહે, 'થઈ શકે, પણ ઉપાધિ બહુ થશે.' કાકાજી કહે, 'ભલે થાય. પણ તમે છો તો થઈ શકે બાકી તો મહારાજ અને સ્વામીએ ના પાડી છે, આમાં અમારી તાકાત નહીં.' આમ કાકાજીએ બહેનોના આધ્યાત્મિક ઉત્થાન માટેની ચોખવટ બાપા સાથે કરી લીધી અને એ પછી ઈ.સ. ૧૯૫૨ની શરદ પૂર્ણિમાએ તો યોગીબાપાએ જ સામેથી બહેનો ભગવાન ભજે એવી પોતાની મરજી બતાવી અને એની જવાબદારી કાકાજી અને પપ્પાજીને સોંપી.

કાકાજીએ આ ક્રાંતિકારી કાર્યની શરૂઆત કરી એટલે સાંપ્રાદાયિક પ્રણાલીઓને સત્ય માનીને ચાલી રહેલાઓમાંથી મુઠ્ઠીભર લોકોને આ વાત સંપ્રદાયની વિરુદ્ધ લાગી. આ ઉપરાંત કાકાજી અને પપ્પાજીની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ અને મોટપને દેખી ન શકનાર કેટલાક આગેવાનોએ વિરોધનો સૂર ઉઠાવ્યો અને આખા સત્સંગ સમાજમાં ખોટી અફવાઓ ફેલાવી. આટલેથી ન અટકતાં કેટલાક વિઘ્નસંતોષીઓએ કાકાજીનું ચારિત્ર્ય ખંડન કરવા માંડ્યું. કાકાજીની દરેક પ્રવૃત્તિમાં શંકા–કુશંકા કરવા લાગ્યા. સત્સંગને હર્યોભર્યો રાખવા માટેનો કાકાજીનો અથાક પરિશ્રમ, એમણે તન–મન–ધનથી કરેલ અદ્ભુત સેવા, એમનું સમર્પિત જીવન, એમની બેનમૂન ગુરુભક્તિ, સત્સંગ પ્રત્યેનું મમત્ત્વ અને આત્મીયતા, એમની પ્રભુતા અને છૂપી સાધુતા આ બધું જ ભૂલાઈ ગયું અને વગર વાંકે એમના ઉપર અધર્મીનો સિક્કો લાગી ગયો. લોકોએ

પણ પૂરી જાણકારી વગર કે પાકી ખાતરી કર્યા વગર એમની બદનામી કરવા માંડી અને આખરે એમને સંસ્થામાંથી પણ વિમુખ કરવામાં આવ્યા. યોગીબાપાએ કાકાજીને ચેતવ્યા હતા કે ઉપાધિ બહુ થશે પણ કાકાજીને યોગીબાપાના સામર્થ્યનો પૂરેપૂરો ખ્યાલ હતો તેથી બાપાના બળે જ એમણે બહેનોનું આ ભગીરથ કાર્ય ઉપાડ્યું હતું અને આ આખાય પ્રકરણમાં કાકાજી તો યોગીબાપાને જ કર્તાહર્તા માનતા હતા.

વિમુખ થયા પછી ત્રણ વાર કાકાજી યોગીબાપાને મળ્યા હતા. પહેલી વાર, જ્યારે નંદાજીને આ વાતની જાણ થતા તેઓ યોગીબાપાને મળવા મુંબઈ આવ્યા ત્યારે કાકાજી ગાડી લઈને airport પર એમને લેવા ગયા હતા. એ જ સમયે પેલા વિરોધી આગેવાનો પણ મંદિરેથી ગાડી લઈને એમને લેવા એરપોર્ટ આવ્યા હતા. નંદાજી પ્લેનમાંથી ઊતર્યા પણ પેલા આગેવાનોની ગાડીમાં બેઠા નહીં અને કાકાજીની ગાડીમાં બેઠા. કાકાજીએ ડ્રાઈવરને, નંદાજીને દાદર મંદિર લઈ જવાનું કહ્યું, તો નંદાજી કહે, ‘તમે કેમ દાદર મંદિર ન આવો?’ નંદાજી એ વખતે ભારત સરકારમાં ગૃહપ્રધાન હતા. કાકાજીને યોગીબાપા સાથે કોઈ વાંધો છે એવી કોઈ ગેરસમજ નંદાજીને ન થાય તેથી કાકાજીએ નંદાજીને હા કહી અને એમની સાથે જ દાદર મંદિરે આવ્યા.

યોગીબાપા એ વખતે ઉપરના માળ પર બિરાજમાન હતા. કાકાજીને તો દાદર મંદિરમાં પ્રવેશવાની જ મનાઈ હતી. તેથી તેઓ નીચે ઊભા રહ્યા. નંદાજી ઉપર જવા આગળ વધ્યા પણ કાકાજીને ઊભેલા જોઈ એમણે કાકાજીને પૂછ્યું, ‘કેમ તમે ઉપર નથી આવતા? સ્વામી જોડે કંઈ વાંધો છે?’ કાકાજી કહે, ‘ના, ના ચાલો હું આવું છું.’ એમ કહી કાકાજી નંદાજી સાથે દાદરો ચઢવા લાગ્યા. કાકાજીને મંદિરે આવેલા જોઈ બે વિરોધી આગેવાનો પણ એમની પાછળ આવીને ઊભા રહી ગયા. કાકાજી નંદાજી સાથે ઉપર ચઢે તો એ બન્ને પણ પાછળ પાછળ ઉપર ચઢે અને કાકાજી ઊભા રહે તો એ બન્ને પણ ઊભા રહે. આખરે કાકાજી અને નંદાજી યોગીબાપા પાસે પહોંચ્યા. કાકાજીને જોતા જ યોગીબાપા કહે, ‘આવો, આવો, દાદુભાઈ!’ કાકાજી બાપાને પગે લાગીને નીચે બેસી ગયા. યોગીબાપાએ સંતો પાસે હાર મંગાવ્યો અને ‘લ્યો, દાદુભાઈ!’ એમ કહી બધાની હાજરીમાં પોતે જ પ્રેમથી કાકાજીને હાર પહેરાવ્યો. એ વખતે મહંતસ્વામી પણ બાપા પાસે હાજર હતા. એમણે પણ કાકાજીને જય સ્વામિનારાયણ કહ્યા. આ પ્રસંગે ત્યાં નંદાજી, મહંતસ્વામી અને ઘાટકોપરના કાંતિભાઈ દેસાઈ હાજર હતા. યોગીબાપા નંદાજી અને કાકાજીને કહે, ‘સાહેબ, જમીને જાવને!’ ત્યાંનું વાતાવરણ જોઈને કાકાજી કહે, ‘ના બાપા.’ એ પછી કાકાજી ૧૫ મિનિટ યોગીબાપા પાસે બેઠા. પેલા વિરોધી આગેવાનો તો આ દૃશ્ય જોઈ જ રહ્યા પણ બાપાને તેઓ કશું બોલી શક્યા નહીં.

બીજી વાર, કાકાજી યોગીબાપાને ગોંડલમાં મળ્યા હતા. બોરીવલીના રમણીકભાઈ મોદી અને ધનજીભાઈ પટેલ સાથે હતા. ધનજીભાઈને યોગીબાપાનાં દર્શન કરવાં

હતાં. તેમણે પોતાની ઈચ્છા કાકાજીને દર્શાવી તેથી તેમને લઈને કાકાજી બાપાને મળવા ગોંડલ ગયા હતા. ત્રણે જણા કાકાજીની મોટરમાં મંદિરે પહોંચ્યા. મંદિરમાં નીચે જ યોગીબાપા બિરાજમાન હતા. તેમની પાસે મુંબઈના માણેકલાલ શેઠ પણ બેઠા હતા. કાકાજીએ બાપાનાં દર્શન કર્યાં. યોગીબાપાએ પગ લાંબો કરેલો. કાકાજીએ ચરણસ્પર્શ કરી બાપાને જય સ્વામિનારાયણ કહ્યા. બાપાએ પણ એ પ્રેમથી સ્વીકાર્યા. એ પછી બાજુમાં મૂકેલી મૂર્તિઓને કાકાજીએ પાંચ દંડવત કર્યા અને પછી દેરીમાં જઈ પાંચ પ્રદક્ષિણા ફરીને ઉપર ઠાકોરજીનાં દર્શન કરવા ગયા. દાદુભાઈ મંદિરમાં આવ્યા છે એ સમાચાર મળતા પાંચ–છ વિરોધીઓ ઉપર આવીને એમની આજુબાજુ ઊભા રહ્યા તેથી દર્શન કરીને તરત જ કાકાજી અને બન્ને ભક્તો ત્યાંથી નીકળી ગયા.

ત્રીજી વાર, કાકાજી, હરિભાઈ સાહેબ અને જૂનાગઢના આણંદબાપા સાથે ગોંડલ યોગીબાપાનાં દર્શન કરવા ગયા હતા. એ સમયે ત્યાંના વિરોધીઓએ કાકાજીને યોગીબાપાનાં દર્શન કરવા ન દીધાં. કાકાજી ઉપર મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા જતા હતા ત્યાં પેલા વિરોધીઓએ કાકાજીને કહ્યું કે, 'નીચે દેરીમાં દર્શન કરવાં હોય તો કરો, ઉપર જવા નહીં મળે.' એટલે કાકાજી દેરીમાં દર્શન કરવા ગયા. તેઓ દર્શન કરતા હતા ત્યાં પેલા વિરોધીઓએ કાકાજીની મોટર ઉપર પથ્થરમારો કર્યો. સાથે આવેલ હરિભાઈએ કાકાજીને કહ્યું, 'તમે નીકળી જાઓ, અમે પાછળ આવીએ છીએ.' એટલે કાકાજી ત્યાંથી નીકળી ગયા. એ પછી હરિભાઈને એક પથ્થર વાગ્યો. જ્યારે સાથે આવેલા આણંદબાપાને પથ્થર વાગવાથી લોહીલુહાણ થઈ ગયા હતા એટલે એમને હૉસ્પિટલમાં લઈ ગયા.

યોગીબાપાને વિમુખ પ્રકરણ ઊભું કરવું પડ્યું એટલા માટે કે એ વિરોધીઓને સત્સંગમાં નભાવવા હતા. જેમ મા–બાપ નબળા છોકરાનું વધારે રાખે તેમ યોગીબાપા તેમને નભાવતા હતા. બાપા જાણતા હતા કે કાકાજી અને એમની સાથેના હરિભક્તો પોતાને કદી છોડવાનાં નથી. પરંતુ પેલા વિરોધીઓનું નહીં સચવાય તો એ લોકો સત્સંગ છોડીને જતા રહેશે અને પોતાનો કક્કો સાચો પાડવા તેઓ બધા મળીને યોગીબાપાને જ વિમુખ કરી નાખશે. જો તેમ થાય તો આખો ગુણાતીત બગીચો જ ખલાસ થઈ જાય. વિરોધીઓને તો સંસ્થા જ સર્વોપરી હતી, સ્વરૂપ નહીં, યોગીબાપા નહીં. પણ યોગીબાપાને પૂરો વિશ્વાસ કે કાકાજી અને એમનો સમાજ મારો અભાવ લેશે નહીં, તેથી વિમુખ પ્રકરણ ઊભું થયું. પહેલાં કાકાજી અને સાથીદારોને વિમુખ કર્યા અને ત્યાર પછી કાકાજીના હેતવાળા સંતોને વિમુખ કર્યા. પેલા વિરોધી આગેવાનોએ મોજીદડમાં વિમુખ કર્યાના મેમોરેન્ડમ પર બાપાની સહી કરાવી લીધી એ વખત યોગીબાપાની આંખમાંથી આંસુ પડ્યાં. દિલમાં એક દર્દ સાથે બાપાએ સહી કરી.

આ વિમુખ પ્રકરણ એ રહસ્યનું પણ રહસ્ય છે, સારનો પણ સાર છે. માનવમનની એક વિચિત્રતા એ જ છે કે કોઈ સમાજમાં જ્યારે કોઈ એકાદ વિશિષ્ટ વ્યક્તિ કોઈ

નૂતન વિચારસરણી કે ક્રાંતિકારી ઉઠાવની પહેલ કરે તો તે જ સમાજની ટૂંકી દૃષ્ટિ અને સ્થાપિત હિત ધરાવતી વ્યક્તિઓ તેને તેમ કરતાં રોકે. એટલું જ નહીં, તેનો એટલો બધો વિરોધ કરે કે તેને તે સમાજમાં રહેવું ભારે થઈ પડે. ગુણાતીતાનંદસ્વામીના વખતમાં ભગતજી મહારાજે જ્યારે ગુણાતીતાનંદસ્વામીને મૂળ અક્ષર તરીકે ઓળખાવવાની શરૂઆત કરી તો તે વખતના સમાજે – ખુદ મહારાજે જ બનાવેલા સંતો સદ્. પવિત્રાનંદસ્વામી અને અન્ય વડીલોએ તેમને બે વખત વિમુખ કર્યા હતા. શાસ્ત્રીજી મહારાજને પણ વડતાલ મંદિરમાં રહી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ યુગલ ઉપાસનાના પ્રવર્તનનું કાર્ય કરવામાં એમનો જીવ જોખમમાં આવી પડે એટલી બધી મુશ્કેલી અને ત્રાસ પડવા માંડ્યો અને છેલ્લે ગુરુ કૃષ્ણજી અદાનો આદેશ સ્વીકારી ન છૂટકે વડતાલ મંદિર છોડવું પડ્યું હતું. એવી જ રીતે બહેનોને ભગવાન ભજવાની ઈચ્છા ખુદ યોગીજી મહારાજે છેક ઈ.સ. ૧૯૫૨માં જ વ્યક્ત કરી હોવા છતાં કેટલાક અગ્રણી વડીલો અને વિઘ્નસંતોષી તત્ત્વોનો પ્રભાવ એટલો બધો વધી ગયો હતો કે બાપાની મરજી જાણવા છતાં કેવળ કાકાજી – પપ્પાજીની મોટપ વધી ન જાય એ માટે સાંપ્રદાયિક પ્રણાલીઓ અને નીતિ–નિયમોનું પોતાની રીતે અર્થઘટન કરી કાકાજી, પપ્પાજી અને સાથીદારો તથા તેમને સાથ આપનાર અને તેમનો પક્ષ લેનાર સંતોને પણ સંસ્થા છોડી દેવાની ફરજ પાડી.

આ બધાં પ્રકરણોમાં – ગુણાતીતાનંદસ્વામીને મૂળ અક્ષર તરીકે ઓળખાવવામાં ભગતજી મહારાજને, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનમાં શાસ્ત્રીજી મહારાજને કે બહેનો માટે સ્વતંત્ર રીતે ભગવાન ભજવાની વ્યવસ્થા કરી આપવા માટે કાકાજી–પપ્પાજીને કૂપમંડૂક દૃષ્ટિવાળા જડ–રૂઢિચુસ્ત સમાજથી છૂટા પડ્યા બાદ જ પોતાનું કાર્ય કરવાની સુગમતા થઈ હતી. આમ સત્પુરુષના અભિપ્રાય પ્રમાણેની ભક્તિ કરવા માટે અંગત સમાજ તરફથી જ આવો વિરોધ અને અવહેલના હસતાં હસતાં સહન કરી સહુમાં ભગવાનનું જ કર્તાપણું જોવું એ રહસ્યનું પણ રહસ્ય છે!

❀ ❀ ❀

## ૬૩. દ્વેષીને પણ માફી આપી...

શાસ્ત્રીજી મહારાજ ઘણા હરિભક્તોને કે જેમને નોકરી કે ધંધો ન હોય એમને પોતાની કંપનીમાં કામે રાખવા કાકાજીને આજ્ઞા કરતા. કાકાજી પણ એમની આજ્ઞા શિરોમાન્ય ગણી જરૂર ન હોય તો પણ એ વ્યક્તિઓને પોતાની કંપનીમાં નોકરી પર રાખતા. આવા જ એક અગ્રણી હરિભક્તને કાકાજીએ શાસ્ત્રીજી મહારાજના કહેવાથી પોતાની કંપનીમાં રાખ્યા હતા. થોડા વખત પછી એમણે કાકાજીના ધંધામાં રસ

દાખવવા માંડ્યો. એમની ઈચ્છા કાકાજીની કંપનીમાં ભાગીદાર થઈ આગળ વધી કંપનીના સર્વેસર્વા બનવાની હતી. તેમના મનની આવી મલિન ભાવના શાસ્ત્રીજી મહારાજ જાણી ગયા હતા. તેથી તેમણે કાકાજીને કહ્યું હતું કે, 'આનો પડછાયો પણ ના લઈશ અને ક્યારે પણ એમનો ભરોસો કરીશ નહીં અને ભાગીદાર તો બનાવતો જ નહીં.'

ઈ.સ. ૧૯૫૧માં શાસ્ત્રીજી મહારાજના સ્વધામગમન પછી યોગીજી મહારાજે કાકાજીને એ ભક્તને ભાગીદાર બનાવવા આજ્ઞા કરી. કોઈપણ જાતની દલીલ કર્યા વગર કાકાજી યોગીજી મહારાજમાં શાસ્ત્રીજી મહારાજનો જ ભાવ લાવી એમને પોતાની કંપનીમાં ભાગીદાર બનાવ્યા. ઈ. સ. ૧૯૫૨ના સાક્ષાત્કાર પછી કાકાજી તો ધંધામાં જરા પણ ધ્યાન આપતા નહીં અને આટલી મોટી કંપનીનો કારોબાર પોતાના અન્ય ભાગીદારોને સોંપી દીધો હતો. કંપનીમાં કાકાજીની ગેરહાજરીને લીધે એ હરિભક્ત કે જેઓ હવે ભાગીદાર બન્યા હતા તેમને પોતાનો સ્વાર્થ સાધવા માટે મોકળું મેદાન મળી ગયું. એમણે પરદેશથી આવેલા શુદ્ધ ખાતરમાં માટી ભેળવીને વેચવાનું શરૂ કર્યું. થોડાં વખતમાં જ એમની પોલ ખૂલી ગઈ અને એમના આ કારસ્તાનને લીધે સરકારે કંપનીના chairman કાકાજી ઉપર ૨૪ લાખ રૂપિયાનો criminal કેસ કર્યો.

જ્યારે કાકાજીએ યોગીબાપાને આ વાત જણાવી ત્યારે બાપાએ ખૂબ જ સસ્તો એવો ૫૦ રૂા.નો વકીલ રાખવાનું કહ્યું અને કોઈપણ જાતની ચિંતા કે તૈયારી વગર કેસ લડવાનું કહ્યું. આ કેસ ઈ.સ. ૧૯૫૪ થી ૧૯૬૧ સુધી ચાલ્યો. કેસની આખરી સુનાવણી સુપ્રિમ કોર્ટમાં હતી. કાકાજીના અન્ય ભાગીદાર શ્રી રાનડેને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા. તેઓ જુબાની આપતાં ખૂબ ડરતા હતા. પણ એમને ન્યાયાધીશમાં યોગીબાપાનાં દર્શન થયાં. એમણે જે જુબાની આપી એ પરથી ન્યાયાધીશે કાકાજીને નિર્દોષ છોડી દીધા.

આ સમય દરમ્યાન એક વખત નંદાજી મુંબઈ આવવાના હતા. યોગીબાપાએ નંદાજીને લેવા કાકાજીને એક સરસ હાર લઈને સ્ટેશન પર જવાનું કહ્યું. કાકાજી જવાની તૈયારી કરતા હતા ત્યાં પેલા હરિભક્તને આ વાતની ખબર પડી. એટલે એમણે કાકાજીને સ્ટેશને જવાની ના પાડી. એમને પોતાને નંદાજીને મળીને એક કામ કરાવવું હતું. તેમના એક મિત્ર ખાતરના ધંધાનો મોટો કારોબાર ચલાવતા હતા. તેઓ ખાતરમાં નર્યું મીઠું નાંખીને ખાતર વેચતા હતા. આવી ભેળસેળ કરતાં એક દિવસ તેઓ પકડાઈ ગયેલા. તેમના પર criminal કેસ ચાલુ થયો. તેઓને ખબર હતી કે કાકાજી નંદાજીને સારી રીતે ઓળખે છે. નંદાજી એ સમયે ભારતના ગૃહપ્રધાન હતા તેથી એમને મળીને પોતાને આ કેસમાંથી છોડાવવાની વાત તેમણે કાકાજીને કરી. પણ કાકાજીએ એવું કરવાની ના કહી. એટલે પેલા હરિભક્તે એ શેઠને કહ્યું કે હું

તમારી નંદાજી સાથે ઓળખાણ કરાવી આપીશ પણ તમારે બે લાખનો વીમો મારી પાસેથી ઊતરાવવો પડશે. (એ હરિભક્તની પોતાની વીમાની agency પણ હતી.) શેઠ કબૂલ થયા અને એમણે બે લાખનો વીમો એ હરિભક્ત પાસેથી ઉતરાવ્યો. એટલે એ હરિભક્તે નંદાજીને મળીને એમને છોડાવી દેવાનું વચન આપ્યું હતું. આ કારણસર એમણે કાકાજીને સ્ટેશને નંદાજીને લેવા જતા અટકાવ્યા. નંદાજીને લેવા માટે કાકાજીને યોગીબાપાની આજ્ઞા હોવા છતાં કેવળ પોતાનો સ્વાર્થ અને ઈર્ષ્યાને લઈને એમણે કાકાજીને સ્ટેશને જવા ન દીધા.

એમને કાકાજી તરફ એટલો બધો દ્વેષભાવ હતો કે કાકાજીને બદનામ કરવાની એક પણ તક તેઓ છોડતા નહીં. ઈ.સ. ૧૯૬૬માં એમણે કાકાજીને અક્ષરપુરુષોત્તમ સંસ્થામાંથી વિમુખ કરવામાં ખૂબ આગળ પડતો ભાગ લીધો હતો. કાકાજી તરફ આટલો બધો દ્વેષભાવ હોવા છતાં એમના છેલ્લા દિવસોમાં એમને જોવા માટે કાકાજી સામેથી હૉસ્પિટલમાં ગયા હતા અને તેઓ જલદી સારા થઈ જાય એ માટે પ્રાર્થના પણ કરી હતી. કાકાજી મળવા આવ્યા તેથી એ હરિભક્તને પોતાની ભૂલો માટે ખૂબ જ પસ્તાવો થયો. એમણે આંખમાં આંસુ સાથે કાકાજીને કહ્યું, 'તમારી વિરુદ્ધ હું ગયો એ મારા જીવનની મોટામાં મોટી ભૂલ હતી. મને માફ કરી દો.' આ સાંભળી કાકાજી કહે, 'તમે આવા વિચારો ન કરો. તમે તો યોગીબાપાની દિવ્ય યોજનામાં એક સાધન તરીકે જ વપરાયા હતા. બધી બાપાની જ લીલા હતી. માટે એ બાબત તમે જરાપણ ચિંતા ન કરો.'

આમ જીવનભર પોતાનો વિરોધ કરનારને પણ કાકાજીએ Joyous Forgivenessના સિદ્ધાંતે ઉદાર દિલથી માફ કરી દીધા હતા. આ Joyous Forgiveness અર્થાત્ સહર્ષ માફી એ શબ્દ કાકાજીએ જ આપ્યો છે. કોઈએ આપણને ફક્ત શબ્દે કરીને પણ થોડું દુઃખ પહોંચાડ્યું હોય તો વર્ષો સુધી તે આપણે ભૂલી શકતા નથી અને જિંદગીભર એ વ્યક્તિ પ્રત્યે કડવાશ રહી જતી હોય છે. જ્યારે અહીં તો જે વ્યક્તિએ કેવળ વિરોધ જ નહીં પણ અનેક રીતે કાકાજીને હેરાન કર્યા હતા તેનામાં પણ કેવળ ભગવાનનો જ કર્તાહર્તાપણાનો ભાવ લાવી તેને પોતાની ભૂલનો અહેસાસ પણ ન આવા દેવો એ ખાનદાની અને હૃદયની વિશાળતાની તથા પોતાના ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને પરાભક્તિની સર્વોચ્ચ પરાકાષ્ઠા જ કહેવાય ને!

## ૬૪. HAPPIEST DAY...

કાકાજીને પરદેશમાં બે–ત્રણ જણાએ પૂછેલું કે Which is the Happiest Day in your life? અર્થાત્ તમારા જીવનનો સૌથી ખુશીનો દિવસ કયો? આ પ્રશ્નનો જવાબ અને એ માટેનાં કારણો જે કાકાજીએ આપ્યાં એ એમના જ શબ્દોમાં જોઈએ.

કાકાજી કહે, 'હું નિરાંતે આ પ્રશ્નનો જવાબ શોધવા બેઠો. શું મને પૈસા મળ્યા એ મારો સૌથી ખુશીનો દિવસ? કે મને ૯ લાખ રૂપિયા નફો થયો એ? એક જ વર્ષમાં contract મળ્યો એ? B.Sc. માં પાસ થઈ ગયો એ? માન મરતબો મળ્યાં એ? નોકરી તરત મળી ગઈ એ? પરણવાનું મળ્યું એ? એ નહીં. તો Which is that Happiest Day?'

'મને પ્રભુ મળ્યા, પ્રભુએ મારો સ્વીકાર કર્યો. મેં પ્રભુનો સ્વીકાર કર્યો. શાસ્ત્રીજી મહારાજ અમને ચંદનથી ભેટ્યા અને એમના આશીર્વાદ મળ્યા. સમ્યક્ પ્રકારે ગુરુશિષ્યે એકમેકનો સ્વીકાર કર્યો. ત્યાંથી મારી શરૂઆત થાય છે. જેમાં કર્તા, સાકાર, સર્વોપરી ને પ્રગટ માન્યા. That was the 1st Happiest Day in my life અર્થાત્ એ મારો પહેલો સૌથી વધુ ખુશીનો દિવસ (૬ એપ્રિલ, ૧૯૫૦).'

'પછી મારો Happiest Day બદલાયો. That was the 3rd Feb. 1952 જ્યારે યોગીજી મહારાજે મને સમાધિ કરાવી ને મેં એમને તત્ત્વે કરીને ઓળખ્યા. ઉન્હીકો જૈસા હૈ વૈસા મૈંને પહેચાના. મેં પ્રભુને સમ્યક્ રીતે ઓળખ્યા. પહેલા મારો સ્થૂળ સંબંધ હતો. એ પછી આ મારો અંતરનો સંબંધ થયો. આધ્યાત્મિક સંબંધ થયો. દિવ્ય સંબંધ થયો. પેલું અનુભવજ્ઞાન હતું, આ સ્વરૂપનું અનુભૂતિજ્ઞાન થયું. આ હતો મારો બીજો Happiest Day.'

'આ પછી મારો ત્રીજો Happiest Day કે જ્યારે એમણે અમને વિમુખ કર્યા (૨૮ મે, ૧૯૬૬). જે ગુરુને અર્થે જ જીવન અર્પણ કર્યું, જેને અર્થે હોમાઈ ગયા, સાધુ બનાવવામાં ગાળો ખાધી એ જ ગુરુ અમને વિમુખ કરે છે, દૂર કરે છે છતાં એમના તરફ એક જ ભાવના રાખી કે કેવળ 'તું હી, તું હી' nothing else. જ્યાં પોતાનું અસ્તિત્વ જ નથી.

આ ભૂમિકા એવી છે કે એ સ્થૂળ રીતે વિમુખ થયા સિવાય શક્ય નથી. આમ અમને સાચા સન્મુખ બનાવ્યા. અનુભૂતિજ્ઞાનની પુર્ણાહૂતિ કરી નાખી. ત્યાં જ્ઞાન પૂર્ણવિરામ પામી ગયું, ત્યાં જ્ઞાન મૂર્તિમાન બની ગયું. અખંડ અને અવિનાશી. વિમુખ પ્રકરણ is the secret of secrets. રહસ્યનું આ રહસ્ય. સારનો પણ સાર છે. એ અનિર્વચનીય છે. એ એક એવી ઘટના બની જેણે અમારા આધ્યાત્મિક વિકાસની અંદર એક નવું સોપાન ઉમેર્યું.'

'પહેલા Happiest Dayમાં મને awareness આવી કે મને પ્રભુ મળ્યા છે. કર્તા, સાકાર, સર્વોપરી અને પ્રગટ. વચ.ગ.પ્ર. ૩૭ મને સિદ્ધ કરાવ્યું. ૩જી ફેબ્રુઆરીએ મને વચ.ગ.છે. ૨૬ સિદ્ધ કરાવ્યું અને વિમુખ કર્યા ત્યારે હું તો કેવી રીતે કહું પણ વચ.ગ.પ્ર. ૨૭માં મને પ્રવેશ કરાવ્યો. એ દિવસે એમણે મને સંપૂર્ણ પસંદ કર્યો, ગ્રહણ કર્યો, રહસ્ય સમજાવ્યું અને અધ્યાત્મયોગ પૂરો કરાવ્યો. પહેલા યોગ, પછી અધ્યાત્મયોગ અને છેલ્લે પૂર્ણ યોગી બનાવ્યા. ત્યારે એમણે મને પારસથી પારસ બનાવ્યો.'

'અને હવે આ ચોથો Happiest Day આવશે જ્યારે મારા વિશે ખરેખરા હેતવાળા છે એ પણ એવી જ સ્થિતિને પામે. પાંચ, પંદર, પચ્ચીસ તૈયાર થઈ જશો. એકાંતિકો તૈયાર થઈ જશો ત્યારે એ પૂર્ણાહુતિ છે. એ મારો ચોથો Happiest Day હશે. એ દિવસની હું રાહ જોઈ રહ્યો છું.'

વર્ષો પછી કાકાજીએ પ.ભ. પ્રતિમાબેન પરીખને જણાવ્યું કે, 'ભરતભાઈ જેવા તૈયાર થઈ ગયા એ મારો ચોથો Happiest Day છે.'

કાકાજીને હંમેશાં એક જ ભાવના રહેતી કે પોતે જે જ્ઞાન પામ્યા છે, જે સુખ લઈ રહ્યા છે. તે બધાં જ સ્વતંત્રપણે લેતાં થઈ જાય. કોઈ તેમને તાબે રહીને એમના કહ્યામાં વર્ત્યા કરે એ એમને પસંદ ન હતું. તેઓ સહુને પોતા જેવા જ સ્વતંત્ર અને સમર્થ બનાવવા માંગતા હતા અને સહુને તેવી જ તાલીમ આપતા. આવી હૃદયની વિશાળતા અને શુદ્ધ ગુણાતીત જ્ઞાનની રીતિનીતિ પ્રવર્તવાનાર કાકાજી ખરેખર એક અદ્વિતીય અને વિરલ ગુણાતીત વિભૂતિ હતા.

## વિભાગ – ૨

# આવો અવસર નહીં મળનાર...

## ‘આવો અવસર નહીં મળનાર...’

ગુરુહરિ કાકાશ્રી એટલે એક અત્યંત ઉત્સાહી અને નિપુણ પ્રશિક્ષક. ભગવાન સ્વામિનારાયણ, મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી અને ગુણાતીત પરંપરાના સત્પુરુષોના જીવન સંદેશ અને રીતિનીતિ તથા અધ્યાત્મમાર્ગનાં અનેક રહસ્યો સમજાવવા અવાર–નવાર મુંબઈ નજીક જુદાં જુદાં સ્થળોએ તેઓ વિશિષ્ટ શિબિરોનું આયોજન કરતા અને સહુને દર્શન, સેવા, સ્મૃતિ અને સમાગમનું અદ્‌ભુત ભાથું પ્રાપ્ત થતું. તા. ૯ એપ્રિલ થી ૧૫ એપ્રિલ ૧૯૭૯ દરમ્યાન આવી જ એક વિશિષ્ટ શિબિરનું આયોજન મુંબઈ નજીક પંચગીનીમાં તેઓએ કરેલું જેનો તારદેવના સાધક મુક્તો અને કેટલાક અંગત નિષ્ઠાવાન ભક્તોએ લાભ લીધો હતો.

આ શિબિરમાં કાકાશ્રીએ ‘ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતા’, ‘સત્પુરુષને તત્ત્વે કરીને ઓળખવા’, ‘બ્રાહ્મીશક્તિ આપણા થકી કામ કરતી બને’, ‘અતિ મોટા પુરુષ પાસે કેવી રીતે વર્તવું’, ‘મોટાપુરુષની આપણા ઉપર દૃષ્ટિ કેમ પડે?’, ‘મોટા પુરુષનો અભિપ્રાય કેમ સમજાય.’ ‘આપણો જીવ સત્સંગી થાય’વગેરે અત્યંત ગહન વિષયો પર ખૂબ જ મનનીય અને પ્રેરણાદાયી વાતો કરી હતી. એ શિબિરનાં તેમનાં ધ્વનિમુદ્રિત પ્રવચનો તથા પ્રસંગોપાત કરેલ અન્ય પ્રવચનો આ વિભાગમાં સમાવિષ્ટ કર્યાં છે. આજે લગભગ ૪૦ વર્ષ પછી પણ એ વાતો એટલી જ અર્થસભર અને વાસ્તવિક લાગે છે જેટલી ત્યારે હતી કારણ કે ગુણાતીત સત્પુરુષની વાતોને કાળનો કાટ લાગતો નથી. તેમની સ્મૃતિની જેમ તેમનો ઉપદેશ પણ ચિરંજીવ, સનાતન અને નિત્ય નવીન જ રહે છે. જ્ઞાન, ભક્તિ અને વાત્સલ્યના ત્રિવેણી સંગમ સમી કાકાજીની આ વાતોમાં ગુણાતીત જ્યોતનાં બહેનોના ભજનની પંક્તિ ‘આવો અવસર નહીં મળનાર, આવો જોગ નહીં મળનાર, આવા કરાવનારા ફરી નહીં મળે...’ની ભાવના સાથે સદ્‌ગુરુ દેવાનંદસ્વામી રચિત ભજનની પંક્તિ ઓળખી લે અવિનાશી, ‘રહેજે જ્ઞાનમાં ગળી...’માં અલખની વાટે પદાર્પણ કરનારા – મરજીવાને માર્ગે ચાલનારા યાત્રી માટે નિહિત ઝબકારામાં મોતી પરોવી લેવાની હાકલ અને આવાહન સહજ જ ઉજાગર થાય છે.

# પંચગીની શિબિર

## પ્રવચન – ૧

પ.પૂ. કાકાશ્રી :–

પરોક્ષ જેવી પ્રત્યક્ષમાં પ્રતીતિ થયા વગર છૂટકો નથી. લાખ વરસ પછી પણ આવો મોકો નહીં મળે. આવા સામે બોલાવી દૂધપાક નહીં ખવરાવે, બુંદી નહીં ખવરાવે, માથે નહીં લે, તમારા છછુંદરવેડાને માફ નહીં કરે. ધન્યવાદ દો, ધન્યવાદ દો, યોગીબાપાને. ગળગળા થઈને કરોડો વંદન કરો. હર્ષનાં આંસુ આવવાં જોઈએ. આવા બાપા, તમે?

કૃષ્ણ ભગવાન કુબ્જાને ઘરે સવાર સુધી રહ્યા. કદાચ કલાક–બે કલાક રહે પણ આખી રાત? તેથી રાધિકાએ રોષે ભરાઈ મારામારી કરી નાંખી, કૃષ્ણને હલોછલો કરી નાંખ્યો. કૃષ્ણ કહે, 'જાવ ગુર્જરને ઘેર, એને ઘેર ત્રણ જન્મ લો, એને ધણી કરો. મારી જોડે ક્રોધ? ત્રણ જન્મથી મટકું ભર્યા વગર તપ કર્યું ત્યારે તો મારો જોગ થયો. એકવાર નિર્ગુણ માન્યા, પાછા સગુણ ક્યાં થઈ ગયા? અને મારી જોડે રોષ? ન સમજાય તો મને પૂછો કે પ્રાણનાથ, શું ચરિત્ર કર્યું? પેલી ગંધાતી જોડે કેમ ગયા? જવું'તું તો કલાક જવું'તું.' કૃષ્ણ ભગવાન એમ સમજાવે છે પણ પેલી સાંભળવાય તૈયાર નથી. એનું નામ જડ પ્રકૃતિ, આનું નામ અસલી પ્રકૃતિ. અવતાર કોટિની આ વાત છે, અવતારી પાસે આવું ન હોય. રાધિકાએ ન સાંભળ્યું તો પણ કૃષ્ણ કહે છે સાંભળ, રાધકી, તમે સાંભળો પટરાણીઓ, મને તમે ઓળખી નહીં શક્યા, મારાં દિવ્ય ચરિત્રોને તમે દિવ્ય માન્યાં પણ મૂંઝાવ ત્યારે દિવ્ય માન્યાં? મને તત્ત્વે કરીને ઓળખો. **यो वेत्ति तत्त्वत:** એટલે તત્ત્વે કરીને જાણે. મરચું તીખું જ લાગે, કદાચ મોળું લાગે, પણ ગળ્યું ન જ લાગે, ખાંડ તીખી ન જ લાગે, સપનામાં પણ સાપનું શાક ન થાય. ખીસ્સામાં ન જ ભરાય, તો એકવાર આનો નિર્ગુણપણાનો અનુભવ થયા પછી સત્પુરુષ ગમે તેવાં ચરિત્ર કરે. એ આપણી ઉપર કૃપા છે, ખૂણે–ખાંચરે આપણો કંઈક પણ માયિકભાવ રહી ગયો હોય એ કાઢતા હશે, બીજાનું પણ કામ કરતા હશે, હજારોનું કામ કરતા હશે, એની લીલામાં હજારોનાં કામ થઈ જતાં હશે. મોટાપુરુષની ભૂલમાં પણ આપણું કામ થઈ જાય, એ કૃષ્ણ સમજાવે છે. છોડો તમારી જડબુદ્ધિ, તમારું ડહાપણ કરોડો વર્ષનું છે. એ ઝેર છે, ઝેરથી પણ ભયંકર. 'હું સમજું છું, મને અક્કલ છે', એ ભયંકર રોગને કાઢો. કોઈ કાઢતાં હોય તો ખુશ થાવ. એને હારતોરા કરો. 'હું અબુધ છું, હું અજ્ઞાની છું, સ્વરૂપજ્ઞાનમાં કાંઈ જાણતો નથી, તમે નિર્ગુણ પુરુષ છો.' એવી ભાવના રાખો. માનવદેહે રામચંદ્રજી, કૃષ્ણ ભગવાન આવ્યા. કૃષ્ણ કહે છે, 'અર્જુન, આ સૂર્યને મેં યોગ શીખવાડેલો.

તેં શંકા કરી. આટલા અનુભવ પછી તું શું કામ સંદેહ કરે છે?' અર્જુન કહે, 'તમે તો હમણાં પ્રગટ્યા, સૂર્યને ક્યાંથી યોગ શીખવાડ્યો? એ તો બહુ પહેલાનો. મારી રીતે તમે વર્તો તો મને દિવ્યભાવ રહેશે.' મહારાજ પણ એવું વર્ત્યા, બાપા એથી વધારે. તમારી ઢબે, તમારી વૃત્તિ તમે પોષો છો, તમારી માન્યતાથી આગ્રહ કરો છો અને છતાં દોષ દો છો? નિર્દોષભાવ રાખો. તમે ક્યાં ખાંડને ખારી કહો છો? એકવાર અનુભવ, બેવાર અનુભવ, ત્રણવાર અનુભવ! પછી ક્યાં શંકા કરો છો? તમે સમજો, જુઓ, આપણે કો'કનું ભલું કરવા જઈએ, તો પોંચું પકડે, ગબડી પડે એ અને કહે આપણને કે શું કામ મને બોલાવ્યો? Accident એનો થયો ને વળી તમારી ઉપર દાવો કરે, બે લાખ ડોલર! કેળાંની છાલ ઉપર લપસી પડે એ અને દાવો આપણી ઉપર કરે, આમ દુનિયા ચાલે છે. તો કૃષ્ણ ભગવાન કહે છે, 'રાધકી, સમજ.' રાધા કહે, 'નહીં સમજું.' કૃષ્ણ કહે, 'તો સાંભળ.' રાધા કહે, 'નહીં સાંભળું.' કૃષ્ણ કહે, 'તો હું આ બોલું તો મને તો સંતોષ થઈ જાય કે મેં આ વાત કરી.' કિનારે આવેલું નાવ ડૂબી ન જાય એનું ધ્યાન રાખો. રાધા હો, કોઈપણ હો.

રાવણે રામનો દ્રોહ કર્યો અને સીતાનો ગુણ લીધો, સીતાનું ચિંતવન કર્યું, સતત ચિંતવન કર્યું. રાવણની બહેન સૂપર્ણખાએ રામ જોડે હેત કર્યું પણ સીતાનો દ્રોહ કર્યો, રાવણે સીતા જોડે પ્રેમ કર્યો, પ્રીતિ કરી, હેત કર્યું, આસક્તિ કરી, ન્હોતું કરવા જેવું તો પણ. એકે ભગવાનનો, એકે ભક્તનો દ્રોહ કર્યો. તો રાવણનું ય માથું ઊડી ગયું. અને સૂપર્ણખાનાં પણ નાક–કાન કપાયાં. ભગવાન તે ભગવાન, ગમે તેમ કરો. અસૂરનું પણ કલ્યાણ કરે. એને કોઈ ભેદભાવ ન્હોતો. કૃષ્ણે ઝેર આપનાર પૂતનાનું પણ માતા જશોદા જેવું કલ્યાણ કર્યું. એનું નામ ભગવાન કહેવાય. બાપાને ભગવાન કહેવાય, બાપાને પ્રભુ કહેવાય, અસલી પ્રભુ તો નારાયણ સહજાનંદસ્વામી છે. અમે બધાં તો તણપાતિયાં દોલકાં છોલનારા. માવજીભાઈ થઈને પાટ પર બેસી ગયા. પણ હા, એક ચીજ છે, ગાંડાઘેલા પણ પ્રભુના છીએ. પહેલાં એના જ છીએ. અમારો શ્વાસ લઈએ ત્યારે પણ એક અનુસંધાન છૂટતું નથી. શ્વાસોશ્વાસ લઈને બે મિનિટ સ્વામિનારાયણ... જોગી મહારાજ, જોગી મહારાજ સ્વા...મિ, સ્વા...મિ એમ સંભારો. તમારી કુંડલીની જાગ્રત થઈ જશે, વિચાર બંધ થઈ જશે. સો...અહમ્. ચોટ લાગી ગઈ, કુંડલીની ઉપર, ડુંટીની નીચે. સ્વા...મિ ન થાય તો, સ્વામિ...નારાયણ પ્રાણવાયુથી, શ્વાસથી, પ્રાણના સાક્ષી બનીને પોકારો. જોગી મહારાજને તમે બહાર જોયા, પછી અંતરમાં જુઓ. પ્રાણના સાક્ષી તરીકે જુઓ. તમારી battery charge થશે, switch on કરીને કામ કરો, બાપા એક વ્યવસ્થા કરી ગયા. મહારાજનું અખંડ પ્રગટપણું. એનું રહસ્ય, તાત્પર્ય, અર્થ તો સમજો. કોઈનું જોવાનું, બોલવાનું રહેશે નહીં, ડહાપણ કરવાનું નહીં, ઉપદેશ કરવાનો નહીં, બીજા આકાર, આધાર જોવાના નહીં.

મૂર્તિમાં રહીને જ કામ કરવાનું છે અને આ અઘરામાં અઘરું અખંડ વૃત્તિ રાખવી એ છે. આજ આખો દિવસ આપણે શું કર્યું? જુઓ, સવારથી સાંજ સુધીમાં એટલા પ્રસંગ બન્યા હશે. મોટાપુરુષના સંપર્કમાં એક દિવસમાં થાય, તેટલું એક કલ્પમાં ન થાય.

ચાર પ્રકારના સમાગમની હું વાત કરું છું. એક જડતાનો સમાગમ છે. મુક્ત હો, પરમહંસ હો પણ માનવસ્વરૂપે પ્રભુ આવ્યા, પ્રભુ માન્યા, જોડાયા પણ એને તત્ત્વે કરીને ઓળખ્યા નહીં. ત્રીસ ત્રીસ વરસ સુધી. મહારાજ કહે કે, 'મારું કોઈ નહીં', આપણે આ ભૂલ નથી કરવી. તમને સ્વાદ પડતો હોય તો તમારી રીતનું કરજો. આટલો બધો ભવ્ય દાખડો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે કર્યો. જરાક વિચારીએ કે એ આપણા પ્રાણના પ્રેરક છે. એનું સ્મરણ કરીને કામ કરવામાં શું વાંધો પડ્યો? બતાવો! એનું મીઠું નાંખીને કામ કરવામાં શું વાંધો આવ્યો? આટલી બધી પ્રવૃત્તિઓમાં, આટલી બધી માથાકૂટોમાં, આટલા બધા જુદા જુદા સમાજમાં, ખેંચાખેંચમાં. મારી ઑફિસમાં મેં બાપાનો એક ફોટો રાખેલો. બહુ સરસ હતો, સૌમ્ય હતો. જ્યારે જ્યારે નાની–મોટી, હરેક ક્રિયા, બોલવા–ચાલવાની હોય ત્યારે સંભારું કે, 'હે શાસ્ત્રીજી મહારાજ! હે બાપા! હે સ્વામી! મારી સાથે ચાલજો, મારી સાથે રહેજો.' કેટલો ટાઈમ લાગ્યો? ત્રણ–ચાર સેકંડ. તમારે ને એને સંબંધ છે. બીજો ટેલિફોન લાગે છે તો શું કામ આ ટેવ નથી પાડતા? આ ગાફલાઈ છોડો. નહીં તો સ્વતંત્ર વર્તાય જ નહીં. તમારે આજ્ઞા સ્વરૂપમાં જ રહેવું પડે. આટલા ભવ્ય વિદ્યાનગરના યુવકો, wrangler type, પણ સેવકભાવે જ વર્તે. એ કોઈ કોઈની માથાકૂટમાં પડતા નથી. પપ્પામાંથી આવે એ જ કરવાનું, એ રૂપ થઈ જવાનું. એ પદ્ધતિ એવી છે. આજ્ઞાસ્વરૂપ, પણ સાહેબ સુધી, છેક સુધી. એમણે કહ્યું, 'અમારે મુંબઈ જવાનું છે. શું શું કરવાનું છે?' પપ્પા કહે, 'કવાયત પણ કરજો. NCC ની જેમ.' સંજોગ ન્હોતા, વળી પગમાં કાંકરા વાગે. છતાં કહે, 'અમને પપ્પાએ કહેલું એ અમારે કરવાનું છે', મોઢે ન્હોતા બોલતા, બહુ હોશિયાર છોકરા. એટલે મેં કાંતિભાઈને કહ્યું, 'આમનું ગોઠવી દોને.' તેમણે અગાશીમાં ગોઠવ્યું. એ આજ્ઞાસ્વરૂપવાળા, એટલી બધી વફાદારી, loyalty, પ્રામાણિકતા. એ બાબતનું નવું કોઈ પ્રારબ્ધ જ ઊભું ન થાય. પપ્પાએ કહ્યું એટલે પપ્પાને માથે. પણ આમાં દરેક વખતે પૂછવું પડે, નિર્ણય ન લઈ શકે. આજ્ઞાસ્વરૂપથી અનુવૃત્તિસ્વરૂપ વધે. ત્યાં તમારે સ્મરણ કરવું પડે. તમને એવી હેતની આત્મબુદ્ધિ છે. એની સાથે એક ભાવના જોઈએ કે કેવળ તમારું જ કરવું છે. એમાં શુભ–અશુભ, સારું–નરસું, right-wrong રહ્યું જ નહીં, કેવળ એમને ગમે છે, એમનામાંથી આવ્યું છે. બસ, આપણે ગોઠવી દેવું અને આપણે બે જણ હળીમળીને કેમ નિર્ણય કરીશું? એ વિચારવું. કાંતિભાઈ અને શાંતિભાઈ ફિલ્મ લેવા ગયા. એક જણ એક માર્ગે ગયા, બીજા બીજે માર્ગે ગયા. એક બાજુ light ચાલી ગઈ, પેલાને અગવડતા પડે.

મોડું પણ થયું, પણ મગજ ન ગયું. બન્નેએ મહારાજને સંભાર્યા, સ્વામીને સંભાર્યા, કાકાજીને સંભાર્યા. એમને એમના સ્વભાવ પ્રમાણે પ્રેરણા પણ થઈ હશે, પણ ઝઘડો ન કર્યો, reaction ન થયું.

આપણને ભગવાનનો, સંતનો, સ્વરૂપનો મહિમા હોય, આ Prime Minister નો ગાંડો–ઘેલો પણ સિપાઈ ને નોકર છે. Governmentનો હમેલિયો છે. એને વશ વર્તીએ છીએ. નહીં તો એ report કરશે, આપણે સ્વતંત્ર વર્તવું જ છે. તમને એવો જોગ પણ આપ્યો છે. એની જોડેની આ શરત પણ છે. બ્રેક મારે. તમે તમારી બ્રેક બની જાવ. તમારે મહારાજમાંથી આવે એ જ કરવાનું છે. એ યોગીબાપા બ્રહ્મસ્વરૂપ છે–સત્પુરુષ. તમારા પ્રાણના પ્રેરક છે, એનું સ્મરણ કરી લીધું. કેટલી વખત? એક–બે મિનિટ, હસતે મોઢે અને wait - સાક્ષીભાવ ક્યાં સુધી? બે–ત્રણ મિનિટ, એક મિનિટ જ બસ. અરે, અર્ધી સેંકડ, અર્ધી મિનિટ, અર્ધી સેંકડ પણ નહીં, એના તરફની દૃષ્ટિ હશે તો પ્રેરણા કરશે. તમારા થકી બ્રાહ્મીશક્તિ કામ કરતી બને. વીજળીશક્તિ, Magnetic Power, Gravitational Power કામ કરતો બને. એને પણ એક mechanism હોય છે. અહીંયા તમને સંબંધ છે, તો સવારમાં માંગીએ છીએ. ઊગતી પ્રભાએ. આ 4 Point Programme અચૂક દરેકે ટાઈમસર કરવો જ જોઈએ. નહીં તો ક્રિયારૂપ થઈ જવાશે, વૃત્તિરૂપ થઈ જવાશે. ગમે તેવું મન હોય, એ મનનો ભરોસો કરવા જેવો નથી. ભગવાન, સંત, ભગવદી અને એમાંથી આવે એ જ બોલવું છે, કરવું છે. આ જાતની આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો નિર્વિકલ્પ સમાધિનું સુખ આવવું જ જોઈએ ને સરખે સરખા મુક્તોમાં, સાધક મુક્તોમાં સહજ જ એક સહિષ્ણુતા રાખવી. દરેક દરેક પાસે પ્રભુ છે અને એકમેકનું એવું respect રાખવું. જેમ વિદ્યાનગરના યુવકોને એકમેકનું ખૂબ respect, એકમેકની એવી સહિષ્ણુતા. એ એના એંગલે બરાબર હશે, તમારે ગમતું કરવું છે, તમારા એંગલે તમે કદાચ બરાબર હશો. પણ વચ્ચે એનું મીઠું નાંખો. સ્વામી, સ્વામી, સ્વામી, હે કાકા! તમે પ્રેરણા કરજો. એક અદ્‌ભુત ઘટના બનશે, આનંદ આવશે, એકમેક નજીકમાં આવશો. એકમેકનો પરિચય થશે.

તત્ત્વે કરીને ઓળખાણ. દરેકમાં એનો જ power કામ કરે છે. અમે ને કાંતિકાકા એવું એક વર્ત્યા. નહીં પ્રસંગ બન્યા હોય? નહીં એકમેકને વિશે લાગ્યું હોય? પણ અમારું માધ્યમ એક. જો તમારું માધ્યમ ખરેખર જ એવું હોય તો એમાંથી જ પ્રેરણા આવશે. એની બીજી શરત આ છે. એનું બીજું પલ્લું, એ સિક્કાની બીજી બાજુ આ છે. એનું જ ગમતું કરવું છે એ ભાવના. બીજો આકાર–આધાર નહીં જોવાનો. આ તો આ બોલ્યો એમ નહીં સમજવાનું. સ્વતંત્રપણે કોઈ કામ કરી જુઓ. પાંચ જણને રાજી રાખીને કામ લો તો ખબર પડે. ધન્યવાદ છે, એ રીતે અક્ષરવિહારીસ્વામી પાસ થયા.

તમે સિદ્ધ હો, સર્વજ્ઞ હો પણ શક્તિ તો બાપાની જ કામ કરવાની છે. તો બ્રાહ્મીશક્તિની એક આ બીજી શરત છે અને એમાં તમારું ડહાપણ નડશે. તમે માની લીધું કે તમને સ્વરૂપજ્ઞાન થઈ ગયું છે. તો સંકલ્પરહિત વર્તાય, તો અખંડ વૃત્તિ રહે, તમારા દેહમાં રહે છે તો! આવું જાણપણું રહેશે. એના તરફ જ દૃષ્ટિ રહેવી જોઈએ. એનું એક સૂત્ર છે. Practice કરજો, દિવસમાં બે વાર ભાવના કરજો, આ જાતની અંતર્દષ્ટિ કરજો, sincere છો, વફાદાર છો, કરવું પણ છે, ક્યાંક મિશ્રિતભાવ રહ્યો હોય, ગાફલાઈ રહી હોય, તમને તમારી સારપની જ પરમ સત્યતા લાગતી હોય. બાપા જોડે આટલા બધા સાધકો હતા. લાખોની સેવા કરનાર, પણ એમને એમની આ કણી નડી. સમ્યક્ પ્રકારે, મનથી નિર્દોષ નહીં મનાયા. કેમ બાપા મોડા આવ્યા? કેમ આમ કર્યું? શું કામ સાધુ બનાવો? એક જગાએ વાણીનો સદંતર લય અને એનામાંથી પ્રેરણા આવે એ જ બોલવાનું. ન બોલવાનું એમ નહીં. પણ તમને ખાતરી થવી જોઈએ. એક ચેતનાશક્તિ છે. તો સ્વામી, સ્વામી કરી switch on કરો, Radio વાગશે. ગમે ત્યાંથી broadcasting થાય પણ સંભળાશે. ધ્વનિ આવવો જોઈએ બસ, પછી અવાજ આવશે. હું આટલું જ કહું છું. મનની પાર ચેતનામાંથી, યોગીબાપાને જ બધું કરવા દો. બ્રાહ્મીશક્તિ કામ કરતી બનશે.

આવતીકાલે બહુ સ્પષ્ટ હું આના ઉપર બોલીશ. કરવું જ છે તમારે? તો મને પ્રેરણા કરે છે એ જ શક્તિ તમને પ્રેરણા કરે. Power House અખંડ છે તો પંખો પણ ચાલે, લાઈટ પણ ચાલે, air condition પણ ચાલે. Power House બંધ હશે, માધ્યમ બંધ હશે, માયિકભાવ આવી જતો હશે, તમને તમારી સારપ ને સત્યતા લાગતી હશે તો થોડો વિક્ષેપ આવવાનો. જે સ્વરૂપને માનતા હશો એની સામે અખંડ દૃષ્ટિ રાખીને, એવી ભાવનાથી વર્તો. આજ પાંચ જણને નભાવીને કામ લેવું બહુ મુશ્કેલ છે. તો બે મિત્રો જોડે હળીમળીને કામ કરજો. ભેગાં મળીને દિવ્યભાવ રાખવો બહુ જ મુશ્કેલ. તમારા જે મિત્ર માન્યા હોય એની જોડે પણ મન મેળવીને, રસરૂપ થઈને વર્તવું બહુ જ મુશ્કેલ. હવે એક નાનો સાદો દાખલો આપું. હું આ ચાર વરસ પહેલાંની વાત કરું છું. બહુ સારા પંદર–પંદર વરસથી સાધુ થયેલા, બાપાએ બનાવેલા, મહારથીઓ, બાપાએ ગ્રહણ કરેલા, બાપાને માનનારા sincere હતા. જુઓ, પ્રકૃતિ કેવું કામ કરી જાય છે? એક ભગતે ઉકાળો કર્યો'તો. એક સારામાં સારા સાધુ મહાપૂજા કરતા હતા. બંને ભગવાનનાં કામ કરતા હતા, પ્રવૃત્તિ ચાલતી હતી. ક્રિયામાં સ્થિરતા રાખવી બહુ અઘરી. થોડી ધીરજ જ રાખવાની હોય છે. સરખેસરખામાં સહિષ્ણુતા રાખવાની હોય છે. ભગવાન તરફ દૃષ્ટિ, થોડીક practice કરવી પડશે. એ ભગતે ઉકાળો પીવા પેલા સાધુને બેવાર બોલાવ્યા. પેલા મહાપૂજા કરતા હતા, આરતીની છેલ્લી ચાર લીટી બાકી હતી, જવું પણ હતું, પણ પેલા ભગતે એકદમ તરછોડીને

કહી નાંખ્યું કે આવવું છે કે નથી આવવું? નહીં તો ઉકાળો બીજાને આપી દઉં છું. એ સાધુ બહુ સારા હતા. એમણે આરતી પણ મૂકી દીધી. છેલ્લી બે લાઈન પણ મૂકી દીધી. એકદમ પુષ્પ નાંખી દઈ તરત જ ઉકાળો પીવા ચાલ્યા ગયા. પેલા ભગતનો એક પ્રકારનો આગ્રહ હતો કે હું જે કરી રહ્યો છું એ જ બરોબર છે ને તમે મારામાં ભળો. પણ થોડુંક વહેલું મોડું થાય તો દરેક જણ થોડી – little, little adjustment કરો. આ તમે ગુણમાં રહીને કામ કરો છો, ક્રિયારૂપ થઈને કામ કરો છો એ એક ભયંકર સ્વભાવ પાછળથી દૃઢ થઈ જશે. જે કાઢવો બહુ મુશ્કેલ છે. મહારાજને એને માટે કોઈ રોગ મૂકવો પડે, જે પળેપળે, અંતર્દષ્ટિ કરાવે, આંખમાં કણી ખૂંચે એમ. આપણે આ નથી કરવું. તમારે એક એવા પુરુષ જોડે હેત છે જે તમારી એ મુશ્કેલી, તમારી એ ભાવના, એ માથે લઈ લે! મારી એક માળાનું ફળ તમને એક લાખ માળા જેટલું! મને એટલો બધો ભાવ છે. મારા જેવા જોડે તમે હેત કર્યું? બહુ મુશ્કેલ, બહુ મુશ્કેલ. તો મને પણ એક ઉમળકો છે કે ઓળખાણ એટલે હીરાની ખાણ તમને આપી દઉં. તમે વિશ્વાસ રાખજો કે કાકા કદી તમારું અહિત નહીં કરે. અમે એકલા હાથે જંગ ખેલેલા માણસ છીએ. આખો સંપ્રદાય વિરોધમાં હતો. ભયંકર ખોટા આરોપ મૂકેલા. પણ મને ટેવ પડી ગઈ, મારું બખ્તર ઘડાઈ ગયું. સંપ્રદાય માટે, એક ગુણાતીતને ઓળખાવવા માટે બાપાએ આટલો બધો દાખડો કર્યો. અખંડ પ્રગટપણાનું આ એક પરમ રહસ્ય છે. એક રુચિવાળા, એકરૂપ થઈને પોકાર કરો ત્યાં પણ બ્રાહ્મીશક્તિ કામ કરશે. મન મળેલું હોવું જોઈએ. આ હું મજિયારાં હૈયાંની વાત કરું છું. અશક્ય વસ્તુ બાપાએ શક્ય બનાવી. ચાલીસ વરસ પોટલાં ઊંચક્યાં, એક જ સંદેશો આપ્યો, 'કોઈનું જોશો નહીં. બીજો આકાર–આધાર બિલકુલ ન જોતાં, એને માથાનો મુગટ માનજો, મારો ધબ્બો ખાધો છેને! તમે અંતર્દષ્ટિ જ કરજો, મને તમે અંતરમાં જોજો, આનંદ આવશે, ગમશે, ઝઘડો નહીં થાય. તમારો આનંદ ને શાંતિ બિલકુલ નહીં જાય.' પણ આપણને હેવા હતા અને છતાં પ્રેમથી બોલો–ચાલો. કાંતિકાકાનું અંગ એવું છે. નિર્ગુણદાસસ્વામીનું એવું કે વઢે–ટોકે પણ દિલમાં કાંઈ નહીં. આપણા માટે રડે, ભીડો ખમે, અમથાં આટલાં વર્ષો ગયાં હશે! આ સત્સંગમાં સારધાર ઊતરવું બહુ મુશ્કેલ, અહીં પળેપળે કંઈક ને કંઈક તાપ આવવાનો. માંગો એટલે તો તત્કાળ અને મેં ખૂબ માંગ્યું. એક circle તો પૂરું કરીએ, પછી તાપ જ આવે નહીં. Ph.D. થઈ જાવ એટલે ભણવાનું જ નહીં, પછી practice જ કરવાની. એ માર્ગે સહુ છો, પણ પહોંચ્યા વગર તમે અભિપ્રાય આપો છો. હમણાં Table Land પર જઈ આવ્યા, એટલે ઊંચે હો તો નીચેનું બધું દેખાય. તમે એટલે ઊંચે છો? કે નીચે જમીન પર? સ્વભાવરહિત છો? મૂર્તિમાં રહો છો? બાપા તરફ જ દૃષ્ટિ છે? તો એને સ્મરણ કરીને હેત હોય તો પ્રેમથી બોલાવજો. તમે હરો–ફરો આનંદ કરો. બાપા જેવી અણમોલ ચીજ મળી છે. માનવસ્વરૂપે

આવી ગયા, ૪0 વરસ સુધી આપણા સેવક તરીકે વર્તી ગયા. કંઈક દાખલો બેસાડીએ, કંઈક તો સમજીએ, એનું મીઠું નાંખીને કામ કરીએ, એનું સ્મરણ કરીને કામ કરીએ. આપણે છછુંદર જેવા, આપણા સંકલ્પ–વિકલ્પ એણે નહીં ગણ્યા, પણ આપણને આગળ લીધા. એને ધન્યવાદ દો, ધન્યવાદ દો અને સ્મરણ પછી આ ભાવના કરો કે પ્રભુ! તું સર્વવ્યાપક બ્રહ્મસ્વરૂપ છે. હવા સર્વત્ર, સૂર્ય સર્વત્ર, એમ આટલો હૈયામાં ગુણ લેજો. R.D.Patel માફક જીવમાં, અને કોઈનું જોતાં નહીં. વિદ્યાનગરમાં અંદરોઅંદર એકમેકને એટલો બધો મહિમા છે. આપણી રીત અનુવૃત્તિની છે, પણ તમારે મૂર્તિ ધારવી પડે. નહીં તો આજ્ઞાસ્વરૂપમાં જ રહેવું પડે અને અનુવૃત્તિ પછી અભિપ્રાય. એની અનુવૃત્તિ પ્રમાણે મન–કર્મ–વચન વાપરવાનાં, તમારા જાણપણાથી નહીં, તમારી રીતે નક્કી કરેલી સત્યનિષ્ઠાથી પણ નહીં. સ્વરૂપનિષ્ઠામાં તમે છો નહીં, એનો પ્રકાશ છો અને આ વાત થોડી પણ ઘૂંટજો, ભગવાન બહુ રક્ષા કરશે. લપસી પડાશે પણ ઊભા થઈ જશો. એકેએક જબરજસ્ત મહામુક્તો છો.

અમારે ગોંડલમાં એક ભગત હતો. એનું નામ પુરુષોત્તમ ભગત. એના પેટમાં એટલું બધું દુઃખે, એ હૉસ્પીટલમાં આવેલો. રમણભાઈ ડૉકટર એને કહે તમારે ખોરાક લેવાનો જ નહીં, તમને ડાયાબીટીસ છે. રાત્રે મારો હાળો બે–ચાર લાડવા છાનામાના મંગાવીને ખાઈ જાય. ડૉકટરે કહ્યું, કંઈ ફેરફાર પડતો નથી, એ આવું કંઈક ખાતો હોવો જોઈએ. એક દા'ડો એના ઉપર CID મૂકવામાં આવી. એણે કહ્યું કે આ રાત્રે ખાય છે. પૂછ્યું શું ખાય છે? એ કહે કે ભૂખે મરી જવાય? તમારે દવા કરવી હોય તો રાતના બાર વાગ્યા સુધી કરો, પછી હું સ્વતંત્ર. પછી એને મેં બોલાવ્યો. એને હાથધોણું થઈ ગયેલું છતાં ડૉકટરની દવા દિવસના પીવાની ને રાતના પોતાનું ધાર્યું કરવાનું, પછી કેવી રીતે રોગ મટે? એ પછી અમે ફરિયાદ કરી કે, બાપા, દોઢ મહિનાથી આવું છે. બાપા કહે, 'આ મોટા દેવતાઓનો દેવતા છે, હવે તમે એને શું કરશો? મારું પણ નહીં માને' અને એને જરાક બાપા કહે એટલે ત્યાંથી રાજકોટ જતો રહે. ચેતનાનો આ વેપાર કરીને બાપા કેવા જાળવતા! પછી એક દા'ડો બાપાએ કહ્યું, 'ભગત, જાતે દુઃખી શું કામ થાવ છો?' તો કહે, 'બાપા, ખાધા વગર કેમ ચાલે? દિવસના ડૉકટર કામ કરે, રાતના હું કરું.' ત્યારે બાપા કહે, 'હવે એમ કરો, તમે ખાવ છો એનું ચોથા ભાગનું ખાવ.' તો કહે, 'બાપા હું બાર લાડવા ખાતો'તો, હવે ત્રણ–ચાર ખાવ છું, પણ હવે બે ખઈશ.' બાપા કહે, 'ના, એક ખાવ.' એ પણ નહીં તો, તમારું કામ કેવી રીતે બનશે? જાતે દુઃખી થવાનું? પછી બાપાએ એક એવો રોગ મૂકી દીધો કે ખવાય જ નહીં. એવો બીજો શ્રીજીસ્વરૂપદા'. જેણે શાસ્ત્રીજી મહારાજને ત્રણવાર બંદૂક ધરેલી, ઘેર ગયેલા; મંદિરની જણસો ચોરી ગયેલા. આ પુરુષોનું ને તમારું ગણિત કેવું જુદું છે? કો'ક જીવને ઓળખીને કામ લેતા હશે.

આપણે એ જોવું નહીં. આપણે, ઠાકર ને ક્રિયા એટલું જ રાખવું અને કોઈ એકાદ સરસ મિત્ર કરી આનંદ કરવો.

આ વાત સાંભળો છો, સમજો છો, ખબર છે તો એક–બે જણનો હૈયામાં ગુણ હોય તેમની જોડે રસરૂપ વર્તો, એક શક્તિ પેદા થશે. **મારો Subject છે બ્રાહ્મીશક્તિ તમારા થકી કામ કરે.** તમને હેત છે, ભાવ છે, લીંક છે તો તમે આ એક ભવ્ય વસ્તુ કરતાં થઈ જાવ. પપ્પાને, જ્યોતિબેનને, સાહેબને, હરિપ્રસાદજીને, મને જે બ્રાહ્મીશક્તિ, જે સાકારબ્રહ્મ, જે યોગીજી મહારાજ પ્રેરણા કરે છે તે જ તમને પ્રેરણા કરવા જોઈએ. છેવટે ટેલિફોન લાગવો જોઈએ. ટેલિફોન લાગે તો માનજો. આ જ્ઞાન, આ ભાવ, આ સમજણ તમારી દૃઢ થઈ જાય. કંઈ મુશ્કેલી પડે તો તમે મને ફરિયાદ કરજો. આ lesson શીખજો. પ્રેમ ને પુરુષોત્તમસ્વામીનો ટેલિફોન લાગે છે. પાંચ સાધુને જાળવવા પડે ત્યાં મોરાં બોલે (તકલીફ પડે). આપણને સ્વતંત્રતા છે, સગવડતા છે, કોઈ ચિંતા નથી તો શું કામ નથી બનતું? આ આપણો જ દોષ જોવો છે, પોતાનો જ દોષ જોવો છે, અંતર્દષ્ટિ જ કરવી છે, તો એ એકાંતિક. વચ.પ્ર. ૧૬. સવાર ને સાંજ આ પ્રાર્થના કરી લેવી, રાતની પ્રાયશ્ચિત્તરૂપ પ્રાર્થના. આપણને આપણી સારપની awareness મનાઈ ગઈ છે. ક્યાં આપણે ને ક્યાં બાપા? આપણે મુંબઈમાં સહુ રુચિવાળા છો, જેને આ બ્રાહ્મીશક્તિ કામ કરતી કરવી છે. કેટલી ભવ્ય વસ્તુ એ બની! કોઈનો આધાર નહીં, આકાર નહીં. એટલી બધી ચેતનાશક્તિ કામ કરતી બનશે. ન કાળ, ન કર્મ, ન માયા. જ્યારે અમને વિમુખ કર્યા ત્યારે મારા મનમાં ક્ષોભ ન્હોતો, હું હાજર પણ ન્હોતો. સાંકરદાના મંદિર વખતે પણ... જરૂર છે તો મહારાજ કરશે એ મને પ્રતીતિ હતી, ખાતરી હતી. આપણે સહુ આ કરી શકો એમ છો, કરવું છે? આ ભૂમિકામાં દાખલ થવું છે? અને આ વાત જિંદગીપર્યંત પણ નહીં માંગો તો નહીં બને અને કરવા માંગો તો આજ આત્યંતિક જ્ઞાન ખુલ્લું છે. આત્યંતિક જ્ઞાનના દાતા હમણાં પણ તમારી જોડે જ બોલે છે અને ત્યાં અંદરનું દ્વાર ખૂલી જશે. એને જ સંભારીને, મીઠું નાંખીને કામ કરો. નવકારમંત્રને યાદ કરીને જ બોલવું–ચાલવું–જોવું. આપણને આવી શિબિરમાં, આવા જોગમાં, સેવા મળે એ આપણું ભાગ્ય માનજો. આજ ત્રણ દક્ષિણી આવ્યા'તા. ખુશ થઈ ગયા. કહે કે અમારો મોક્ષ થશે? અમારું કલ્યાણ થશે? અમારો મોક્ષ થાય એવું કરો. એને બોલતાં આવડ્યું. કો'ક પુણ્યશાળી હશે! ત્રણેને વર્તમાન ધરાવી દીધાં. આવા કો'ક અચાનક પણ આવી પડે. આપણે તો મહારાજ અખંડ છે. મારે એટલું જ છે કે તમારી ચેતનામાં ભગવાન ને સંત અખંડ છે તો તમારી બેટરી ચાર્જ કરો. Power House ભલે કામ ન કરે, ડાયનેમો છે અને પેટ્રોલ મફત ભરી આપે છે. અક્ષરધામના પેટ્રોલપંપ પર oil નાંખી દો, પાણી નાંખો. ડ્રાઈવર મનને બદલે સંત. સ્વામી, સ્વામી, જોગી મહારાજ, જોગી મહારાજ,

એક સ્મરણ તો કરો. પણ જો તમે એની સત્તાને જાણતાં હશો અથવા તમારી જાતને અબુધ બાળક માનતા હશો, સ્વરૂપજ્ઞાનમાં અબુધ છીએ, એવું માનતા હશો તો કામ થશે. આટલી Technique શીખી જાઓ, હું અબુધ છું. કાંઈ જાણતો નથી તો ખરેખર બધું જ જાણું છું. ભાવનાથી એ અમાપ છે, અસીમ છે, એ અનંત છે, ક્યાં પહોંચશો? એની પાસે તો અલ્પવિરામ જ છે. આ ભાવનાથી, સ્વામીસેવકભાવે, ગુરુમુખી બની, તમારી રીતે તમારા ઠરાવરહિત અને ગુરુમુખી સ્મરણ કરીને, એમાંથી આવે એ સ્વીકારો. આત્મબુદ્ધિ છે? તો વાત કરવી–કહેવી, સૂચન કરવું પણ આગ્રહ નહીં. **આજનું છેલ્લું સૂત્ર – અતિ મોટાપુરુષ જ્યાં તમે માન્યા, ખરેખર માન્યા! એ બેવાર કહે, ત્યાં ક...ટ વળી જજો અને મોટાપુરુષનું, મહારાજનું, સ્વામીનું, સ્મરણ કરીને જ કામ કરજો.** માનસિક ભૂમિકાને કામ ન કરવા દો. નાનું–મોટું સર્વ, શુભ–અશુભ, બીજું બધું છોડો. આગળ–પાછળ બ્રાહ્મીશક્તિ કામ કરે છે. કોઈ આકાર નથી, કોઈ આધાર નથી, કોઈ બહેનો નથી, કોઈ યુવકો નથી, એક પ્રકૃતિ કામ કરે છે. તમે પ્રકૃતિથી પર છો, પુરુષોત્તમને આધીન છો. હું ને મારું બધું જ પ્રભુનું, હું પ્રભુનો–પ્રભુ મારા. થોડીક practice કરીએ, સવારે–બપોરે–સાંજે. એક આશ્ચર્યકારક ઘટના બનશે, કો'ક સૂઝ પડી જશે. એક અંતર્દષ્ટિ થઈ જશે, ધીરે–ધીરે આ જાણપણાનો યોગ દઢ કરતાં જજો. જાગ્રત છો? તો આ દેખાઈ જશે, લપસી પડાશે, ઊભા થઈ જવાશે, પણ ખીણમાં નહીં જવાય. પ્રભુ! સર્વને આવું બળ આપો. યોગીજી મહારાજને જેણે જોયા છે એમને ખબર છે કે એ પ્રભુ હતા, આજ પણ હમણાં હાજર છે. સનાતન તત્ત્વ. એને પોકાર કરશો તો તમને પ્રેરણા કરશે. એવી સર્વને પ્રેરણા થાવ, સૂઝ પડી જાવ. બુદ્ધિયોગ મળે, રૂડા સાધુનો જોગ છે પણ બુદ્ધિયોગ પણ જોઈએ, બુદ્ધિને વિશે એવું જ્ઞાન કે સ્વરૂપ રાજી થાય એવું કરતાં આવડે. મહારાજ સર્વને એવી સરલતા ને સાધુતા બક્ષિસ આપે, પ્રેરણા કરે એવી એમનાં ચરણોમાં એકાદશીના દિવસે પ્રાર્થના. સહજાનંદસ્વામી મહારાજની જય...

**यो वेत्ति तत्त्वत:** એને તત્ત્વે કરીને જાણો. કૃષ્ણની હરેક moment કલ્યાણકારી જ હતી. એને કલ્યાણકારી ને દિવ્ય માનવી એ જ તમારું મન નિર્વાસનિક. બહુ અઘરું, બહુ અઘરું. આપણે આ માટેની સવાર–બપોર–સાંજ કવાયત કરવા ભેગાં થયાં છીએ. હું ને તમે બધાં જાણીએ છીએ, જોયા છે, ખબર છે, એમનામાં નિર્દોષભાવ છે પણ આપણું અર્જુનભાઈપણું પણ છે. આપણે આપણા ગુરુ બની આપણી જ પ્રાર્થના કરીએ. નિર્દોષબુદ્ધિના રાજમાર્ગ પર છીએ, પ્રગટના રાજમાર્ગ પર છીએ, કોઈ આગળ, કોઈ પાછળ. પણ ભૂલ એ થાય છે કે Table Land પર, ઉપર પહોંચ્યા વગર અધવચમાં માથાકૂટ કરીએ છીએ, ખાડેટેકરે જતાં રહીએ છીએ. કો'ક વૃત્તિ ખેંચી જાય! કાં કંઈક આવરણ નડી જાય! અટકાયત થઈ જાય, કો'ક જગ્યાએ મઝા પડી

જાય! અને ક્યાંક કોઈ મુક્તોની અંદર માથાકૂટમાં આવી પડીએ. પહેલાં પહોંચી જાવ. તમારો મૂળ આધાર શું છે? મૂળ આધાર કામના કે માન નથી. મેં કહ્યું, આપણા મૂળ આધાર પ્રભુ છે, સત્પુરુષ છે. આપણું Foundation of Spiritualism આપણા માટે સત્પુરુષ છે, જોગી બાપા છે, જેને તમે જોયા છે, તમે એના છો, ભલે ગાંડા ઘેલા, ગમે તેવા. એને પોકાર કરો, એમાં પ્રવેશ કરો, પોકાર કરીને પ્રવેશ કરો. ઓ મમ્મી! ઓ Table Land પર ઉપર ચડેલી મમ્મી. હું જમીન પરથી પોકાર કરું છું. તો જમીન ઉપરથી કરેલો અવાજ મમ્મીએ સાંભળ્યો. ઓહો! મહારાજ તમારો અવાજ સાંભળશે. પ્રાણને જાગ્રત કરી પ્રાણના સાક્ષી બનો. તમે છો નહીં, ન મન, ન પ્રાણ, ન ચિત્ત. પ્રાણના સાક્ષી પ્રભુ, શ્વાસોશ્વાસ સાથે અંતરમુખી બનીને બાપાને, મહારાજને, સ્વામીને પોકાર કરો. એ કેવા? એની સત્તા કેવી! પળમાં ચાહે તે કરે. જેનું ખૂંચતું હોય, લાગતું હોય, તેની પ્રેમથી પ્રાર્થના કરો. પ્રભુ! આટલું બળ અમને અને અમારા સાથીદારોને આપજો. તમને ખૂબ ગમે છે એવું એક સત્કર્મ અમારે કરવું છે. બીજું ન થાય તો હૃદયમાં એની મૂર્તિને ધારો, વિચારો. આ સર્વોપરી છે. પઈ કરતાં, પૈસો કરતાં, રૂપિયો કરતાં, ગીની કરતાં, આ ચિંતામણિનો મહિમા વધારે છે. ચિંતામણિરૂપી મૂર્તિ મળી, બાપારૂપી ચિંતામણિ મૂર્તિ મળી. મૂર્તિનું મનન–ચિંતન કરો. બીજા વિચાર આવે, શાથી આવે છે? શું કામ આવે? પ્રાતઃ સ્મરણીય, સવારમાં ઊઠતાંવેંત સંભારવા જેવા કોણ છે? યાદ કરવા જેવા કોણ છે? એના ઐશ્વર્યપ્રતાપને, એણે આપણા જીવનમાં જે રોલ ભજવ્યો હોય એને સંભારો. એનો હૈયામાં ગુણ લો કે ધન્ય હો, ધન્ય હો, ધન્ય હો! પ્રેમથી, ઉલ્લાસથી, ઉમંગથી... તમારો બ્રહ્મનો વિચાર, સ્વરૂપનો વિચાર, નિત્ય તત્ત્વનો વિચાર, eternal તત્ત્વનો વિચાર, permanent ચીજનો વિચાર, તમારા પરમ સ્થાનનો વિચાર, અંતઃકરણની પાર થવો જોઈએ. ત્રણ દેહ હું નહીં, ત્રણ અવસ્થા હું નહીં, ત્રણ ગુણ હું નહીં, એ અશક્ય છે. કારણ આપણને હું પણ કંઈક છું એ awareness છે ને એ awarenessએ જ મારી નાંખ્યાં. તે તે પુરુષોને તે તે વખતે કામ જ ન કરવા દે. જુઓ રામને, બુદ્ધને, મહાવીરને. ધન્ય, ધન્ય મહારાજને કે માયાને માયા જોડે લડાવી અને રસ્તો કાઢી દીધો. જીવુબા–લાડુબાએ મહારાજને પસીનો કરી નાંખેલો. સારું છે લીસ્સી ના કરાવી. બેતાલીસ વખત રીસાયાં. વાંચો જો, એ રાધા ને લક્ષ્મીનો અવતાર. એના એ જ પરમહંસો તમે આવ્યા છો, બ્રહ્મવિદ્યા શીખેલા આવ્યા છો. બાપા કદી જૂઠું ન બોલે. પ્રેમથી, વિશ્વાસથી આ વાત માનજો. આપણી શું કસર છે? રાજમાર્ગ પર તો છીએ. એક નહીં, સહુ, જે અહીં આવ્યા તે પહોંચી જાવ. પહેલા destination પર પહોંચ્યા પછી અભિપ્રાય આપજો. ત્યાં સુધી ગુણગાન ગાવા છે, પ્રાર્થના કરવી છે. કોઈ મોડાં–વહેલાં આવશે, બે–પાંચ જન્મે આવશે પણ આપણે પૂર્ણ કરી લો, આપણે,

ઠાકર ને ક્રિયા. એકાદ રુચિવાળું હોય, ગુણગાન ગાઈએ, આનંદ આવશે. જો રામાવતારમાં ગરુડજી અનન્ય ભક્ત પણ મહારાજે ચોકડી મારી દીધી. ગરુડજીનો બિલકુલ ગુણ નહીં. રામચંદ્રજીએ દિવ્ય ચરિત્રો કર્યાં, પણ ગરૂડજીને રામચંદ્રજીમાં શંકા પડી કે સીતા હારુ રોવે એને ભગવાન કહેવાય? શું હશે? પહેલાં power હતો, હવે ચાલ્યો ગયો લાગે છે. બૈરાં હારુ રોવે, માણસ થઈ ગયા. આપણે પ્રગટની ઉપાસના કરીએ છીએ તો દેહભાવ–જીવભાવ છોડો. તમારાપણાની, જીવભાવની awareness છોડો. જીવના–પ્રાણના સાક્ષી કોણ? પ્રાતઃ સ્મરણીય બાપા. અનંત ઐશ્વર્યપ્રતાપવાળા. એ સતત સરલતાનું, નિર્માનીતાનું, humbleતાનું, modestyનું જીવન જીવી ગયા ત્યારે આપણને અસર થઈ. રામચંદ્રજીએ સહેજ જ ચરિત્ર કર્યું. સીતે, સીતે તો ગરુડજીને થયું હાળો, આવો. ભગવાન કહેવાય? બૈરા હારુ રડે છે. જો બુદ્ધિ હતીને! સહેજ awareness પોતાપણાની. ૯૯% જોડાયેલો હશે, સમર્પિત, પણ મનુષ્યભાવ આવ્યો. આજનો આપણો Subject છે Creative Surrender, સર્જનાત્મક સમર્પણ. ભયનું નહીં, ડરનું નહીં, કરવું પડે છે એટલે નહીં. બાપાને સમર્પિત થવામાં શું વાંધો? મહારાજ, સર્વોપરી પ્રભુ! હું તમારો છું. તમારું અનુસંધાન રાખીને કામ કરું. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, કોણ સ્વામિનારાયણ? કાળના, કર્મના, માયાના, પ્રકૃતિના, સ્વભાવના, સર્વના, અનંત ઐશ્વર્ય–પ્રતાપના, જે કાંઈ બનશે, બનવાનું, બની રહેશે તેના નિયંતા, પ્રેરક, પ્રવર્તક, મારા બાપ, મારા માલિક સ્વામિનારાયણ. જોગી બાપારૂપે જોયા પણ માયિક આંખથી, કાનથી, જડબુદ્ધિ–મનથી. એ છોડો. એ stop કરીને મોક્ષનું દ્વાર સંતને વચને ખૂલે છે. એવા સંતને વચને આપણે આજે વચનામૃતની કથા ૯.૩૦ થી ૧૧ કરીશું. એમાં આવશે કે **તત્ત્વે કરીને સ્વરૂપને જેવું છે એવું ઓળખવું? શું કરવું? ને ઓળખ્યું હોય એનાં લક્ષણ શાં?** આપણા બધાનો આ વિષય છે. ભગવાન ને સંત મળ્યા, પ્રગટ છે એ હકીકત. પ્રગટ માનવા છે એ પણ હકીકત. કોઈએ એક રાજમહેલની અંદર હાથી જોયો. કોઈએ હાથીનું પૂછડું જોયું, કોઈએ પગ જોયો, કોઈએ માથું જોયું, એણે એની મેળે અભિપ્રાય આપ્યો, બધાએ આપ્યો. સમ્યક્ નહીં, Total નહીં. એ માટે ગુણાતીત સત્પુરુષ થકી પ્રસંગે, એકાંતિકના પ્રસંગે આ એકદમ અંત પમાશે. ગરૂડને સંદેહ થયો કે રખેને આ ભગવાન નહીં હોય. જો, એનાં જન્મ અને કર્મ દિવ્ય નહીં મનાયાં, કારણ કે ગરૂડજી રામને તત્ત્વે કરીને ઓળખતા ન્હોતા. કૃષ્ણ ભગવાનનાં લીલાચરિત્રો જુઓ. દિવ્ય ચરિત્રોમાં દિવ્યતા મનાઈ પણ જ્યાં ઉચ્છિષ્ટ ખાધું, જ્યાં કુબ્જાને ઘેર ગયા, આખી રાત રહ્યા ત્યાં મનુષ્યભાવ આવી ગયો. પણ જેને નિર્દોષભાવ હતો એ ફાવી ગયા. એ જે કરે તે દિવ્ય. જે કરતાં હશે તે કંઈક કલ્યાણકારી હશે, કો'ક જીવના રૂડા માટે હશે, એને એની pattern (રીત) પ્રમાણે જરૂરી હશે. કોઈને છાશ, કોઈને દૂધ, કોઈને ચા, કોઈને કૉફી, કોઈને ઉપવાસ

– વિધવિધ પ્રકૃતિ ને વૃત્તિ હોય તે કાઢવા માટે, એટલા ઉંડાણમાં જઈ ખેંચીને દૂર કરવી પડે. આપણો એ વિષય નથી, આપણે નિર્ગુણભાવમાં રહો. એને પોકાર કરો ને પ્રવેશ કરો ને પ્રાર્થના કરો. પોકાર, પ્રવેશ, પ્રાર્થના... આ આપણે ટેવ પાડવી. એનું નામ સ્વરૂપયોગ, સવાર–સાંજ, ઊઠતાં પહેલાં 'ઊગતી પ્રભાએ...' માંગી લેવું. તું રાજી થાયે, તું રાજી થાયે એ કરવું છે. એ ભાવના હશે તો અંદરોઅંદર હળીમળીને એક ઉઠાવ, એક ઉત્સાહ, એક ઉમંગ, એક ભાવના જાગશે. કોઈપણ કામ કરો એ ઉમંગ ને ઉત્સાહથી કરશો. એક enthusiasmથી, તો એનો રણકો જુદો પડશે. મરતું મરતું પણ થઈ શકે, ઢીલું ઢીલું ગોકળગાય જેવું પણ થાય. શું કામ? પ્રભુ મળ્યા, સૂર્ય મળ્યો, પ્રગટના ઉપાસક, દસ ઈન્દ્રિયો, અગિયારમું મન. અગિયારમુખી શંખ વગાડો, Total, Total. કૃષ્ણ ભગવાનમાં રાધાને મનુષ્યભાવ આવ્યો, માયિકભાવ આવ્યો, તકરાર કરી કે કેમ ગયા? શું કર્યું? કૃષ્ણ હસ્યા. રાધકી એવી હતી. લક્ષ્મીજીને શું હતું? પટરાણીઓ, અંગત ઓળખનારી. એમણે માની લીધું કે અમે આગવી. ઓહો! ભગવાન કહે, 'અભિપ્રાયના જાણનારા સંતના પ્રસંગથી, તમારું મન Total મૂકીને, માયિકભાવનાનો, ચિત્ત, મન, બુદ્ધિનો સાક્ષાત્કાર મૂકીને, સંતને વચને, ગુણાતીતને વચને પ્રભુનું ધ્યાન કરશો તો પ્રકાશ થશે.' આ અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ આપી ગયા. ત્યાં તત્ત્વે કરીને થશે. ત્યાં કોહિનૂર હીરાની કિંમત છે. પ્રકૃતિથી પર જાવ, શક્તિ ને સંકલ્પથી પર જાવ, તમારાપણાથી પર જાવ, અર્જુનભાઈપણાથી પર જાવ. એવા પુરુષ મળ્યા, વિરાટ જોયા પછી એને અનુભવ થયો. બે વખત પોકાર કરો. ફક્ત બે વખત, પ્રભુ હું તમારો, તમે મારા છો એ મને ખબર છે. પણ હું તમારો થાઉં છું. હવે ભૂલી જઈશ, ગબડી પડીશ, લપસી પડીશ, ખાઈમાં પણ જતો રહીશ તો તમે કાઢજો, હું તમારો, તમને હું કદી નહીં છોડી શકું. તો પ્રભુ કહે, 'જા, તું મારો. અર્જુન, તને મેં વિરાટ દેખાડ્યું, તને પસંદ કર્યો, તેં મને પસંદ કર્યો.' જુઓ, છછુંદરાને સ્વરૂપ બનાવી દીધો. છેવટે અર્જુન કહે, કરિષ્યે તવ વચનમ્. એનું કારણ એ હતું કે અર્જુન કૃષ્ણને દિવ્ય માનતો હતો. ઘણા પ્રસંગ બન્યા અને એ બોલી શકે, એ રથ હંકારી શકે, એ વઢી શકે કારણ કે એ આત્મબુદ્ધિ ને પ્રીતિવાળો હતો. કૃષ્ણને માટે નિમિત્ત બન્યો. એની પ્રકૃતિનો ઉપયોગ પોતાની વૃત્તિ પોષવા માટે નહીં, દેહાભિમાન પોષવા માટે નહીં, મોટપ માટે નહીં, સદ્‌ગુરુ થવા માટે નહીં, બીજાના દષ્ટા સ્થાપવા માટે નહીં, કેવળ કૃષ્ણની શું મરજી છે? કૃષ્ણનો અભિપ્રાય શું છે? એ જાણીને એના અભિપ્રાયમાં ભળી ગયો. ત્યાં બુદ્ધિ પણ છોડી દીધી, શૂરવીર હતો, આ વાત સમજવા જેવી છે.

આજે **૧૧મા પ્રકરણની ૧૨૫મી વાત અને ૧૭૨મી વાત** સમજવી છે. આજની કથાની એ બે મુખ્ય વાત છે. તત્ત્વે કરીને જેવા છે તેવા સમજવાની. એનો સ્વભાવ શું

છે? મહારાજની પ્રકૃતિ શું હતી? તમારી પ્રકૃતિ જીવની છે, ઈશ્વરની છે, માયાની છે કે બ્રહ્મની છે? વીંછી ડંખ જ મારે, સાપ કરડે, વાઘ ફાડી ખાય, એ એની પ્રકૃતિ છે, એ એની natural સ્વાભાવિક ક્રિયા છે. જીવની પ્રકૃતિ શું? બીજાનું જોવાનું. બીજાની જ વાત કરવાની. મહારાજ કહે, હું મળ્યા પછી તમે તમારી જ વાત કરોને! તમારા વિચાર, તમારી ભાવના, તમારી શક્તિ, તમે કઈ જગ્યાએ ડોલી જાવ? કરોડ રૂપિયા મળે તો? પેરિસની અપ્સરાઓ ડાન્સ કરે તો? ધન્ય છે, ધન્ય છે, તમને. મુંબઈ જેવી અજંપા અલબેલી નગરીમાં નર્યાં airconditioned theatres, તેમાં તમે ભગવાન ભજો છો. સવારના પ્રાતઃ સ્મરણીય બાપાને સંભારી ભડલી ભરો છો! તમારી બેટરી ચાર્જ કરો છો! ચોવીસ કલાક તો ચાલશે, પછી આવતી કાલે વાત. ભલે ડાયનેમો કામ ન કરે, અફસોસ ન કરતાં. તમને એવા પુરુષોનો જોગ છે, એ એક માળા કરશે અને તમને એક હજાર માળાનું ફળ આપશે. પણ તમે તત્ત્વે કરીને સમજજો. અમે તેર હજાર ફૂટ ઉપર હિમાલયમાં હતા. અમારી સાથે એક અમેરિકન ટુરિસ્ટ હતા. એમણે પૂછ્યું, ‘આ પ્રાણી કોણ છે?’ ત્યાંના લોકો કહે, હીરાગૌરી. હીરાગૌરી શું? what is this હીરાગૌરી? આ પ્રાણી કોણ છે? પછી અમને પૂછ્યું કે, what do these people say હીરાગૌરી? મેં કહ્યું, this is an animal like a cow. આ cow જેવું પ્રાણી છે. હા, that’s alright. એમ બાપા! એ ભગવાન જેવા સંત છે, એનામાં ભગવાન જેવાં ઐશ્વર્ય છે, એ અંતર્યામી છે, સર્વજ્ઞ છે, દિવ્ય છે, બ્રહ્મસ્વરૂપ છે, શુકદેવજી જેવા છે. એ અહીં બેઠા ગમે ત્યાં પ્રવેશ કરી શકે છે. પળમાં ચાહે તે કરી શકે છે. વેશ્યા જેવીને નિર્ગુણ કરી શકે છે. તેથી તમે બીજાનું જોતાં નહીં. મહિમા સમજો, તો જોતાં નહીં. એને જ સંભારજો, પ્રાર્થના કરજો. બીજા સત્ત્વગુણી કરતાં, દુનિયાના સારામાં સારા સત્ત્વગુણીઓ કરતાં સ્વામિનારાયણનું નામ દેનારો મહાન છે, એમ બાપા કહેતા. શાસ્ત્રીજી મહારાજ એ જ શીખવાડી ગયા. શ્રીજી સ્વરૂપદા’એ એમને ત્રણવાર બંદૂક ધરેલી. ઠાકોરજીનાં ઘરેણાં ચોરી ગયેલા, તો પણ એમના માટે રડીને એમને સાધુ બનાવ્યા. બીજીવાર આખી કમિટી ના પાડે તો પણ. મોટાપુરુષનાં લીલાચરિત્ર નહીં સમજાય. એની movement નહીં સમજાય. એનાં જન્મ અને કર્મને દિવ્ય માનવાં એ જ નિરુત્થાન નિશ્ચય, એ જ પરમપદ. આપણે આપણા પૂરતું પાકું કરી લેજો. ને આવું જે વર્તતો હોય એવા એક જોડે મિત્રતા કરજો. મહિમા ગાઈએ, દરેકનું કંઈક સારું હશે એ ગાયા કરવું. એવો નિર્ણય કરવો, પ્રયત્ન કરવો. જીવની પ્રકૃતિ છે જાણપણું, ઈન્દ્રિયો અંતઃકરણમાં પ્રકાશિતપણું, હૃદયથી ચોંટવાપણું, ચોંટવાનો સ્વભાવ છે. અણુ સરખો, અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, અવિનાશી, પ્રકાશેયુક્ત, જાણવાવાળો પણ ચોંટવાના સ્વભાવવાળો. ભૂંડના દેહમાં ભૂંડણ, બૈરાંના દેહમાં બૈરાં. તમે એ બેય નથી. પ્રાણવાયુ પર ચાલો છો. ડીઝલ ને પેટ્રોલ પર નહીં! હું આત્મતત્ત્વ, નિત્યતત્ત્વ,

ચેતનતત્ત્વ. પણ હું ને મારું બદલાઈ ગયું. પ્રભુ હું તમારો. હમણાં પ્રાતઃ સ્મરણીય બાપાને સંભારીએ છીએ. એનાથી ભડલી ભરી લો. મહારાજે પણ સર્વોપરીપણું બતાવ્યું, પરચા બતાવ્યા, દિવ્યતા બતાવી છતાં એમને જાદુગરા ઠરાવ્યા! આપણે આપણી રીતે જ Interpretation કર્યું. From known to unknown. આ હીરાગૌરી કોણ છે? આ પ્રાણી કોણ છે? આ દાઢીવાળા બાપા કોણ છે? પ્રભુ છે, બ્રહ્મતત્ત્વ છે, સત્યમ્, જ્ઞાનમ્, અનંતમ્, બ્રહ્મ. અનંત જગ્યાએ ખેલી શકે એમ છે. એક દેશસ્થ છતાં સર્વ દેશસ્થ છે. અહીંયા પણ હરિપ્રસાદસ્વામી અને પપ્પાજી છે. બ્રહ્મસ્વરૂપ સર્વત્ર છે. એને જ પોકાર કરો. એ તત્ત્વેથી સમજો. સૂર્ય હોય તો અંધારું નહીં જ, વિચાર પણ નહીં આવે. આવે છે તો કંઈ સમજ્યા નથી. બાળકપણું, અણસમજણ છે અને સમજણના ભેદ સહુને રહેવાના, હું સમજું છું, મારો અનુભવ છે. એ અહમ્ છે.

મહારાજે વાત કરી કે જૂનાગઢના જોગી પાસે વરસોવરસ મહિનો જાવ, એની વાતને સાંભળો. એ મારું પરમ સત્ય સ્વરૂપ છે, એ મારી વિભૂતિ છે. એ મારું અંગ છે, હું એને વશ છું, એના થકી કામ કરું છું. અનંત બ્રહ્માંડો, ઉત્પત્તિ, સ્થિતિ, લય, નિયામકોનો એ નિયામક છે. એ પરમ સૂર્ય છે. એને લઈને બધી દિશાઓ દેખાય છે, એને લઈને બધા નિર્ણય થાય છે. આ અનાદિ બ્રહ્મસ્વરૂપ સનાતન અક્ષરબ્રહ્મ છે અને એનામાં તમારે લય થઈ જવાનું છે. અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા વિના, બ્રહ્મની જોડે એકતા કર્યા વિના પરબ્રહ્મ સેવા અંગીકાર કરતા નથી. તમારાં સાધનથી અભિમાન વધે છે, awareness વધે છે, અસ્મિતા વધે છે, મેં કંઈક ક્રિયા કરી એમ વધે છે, તમારું જાણપણું રહે છે. જીવનું જાણપણું છોડો, બ્રહ્મનું જાણપણું રાખવું છે, બ્રહ્મભાવ દૃઢ કરવો છે, દિવસમાં ફક્ત બેવાર પાકું કરશો તો બાકીનું કામ તમારા ગુરુજી કરી લેશે. આટલું આપણે કરવાનું. પ્રેમથી, ઉત્સાહથી, ઉમંગથી, સમજીને, આપણો જ દોષ જોઈને, એક અર્ધી ઘડી એકાગ્ર ચિત્તે રહેવાનું. તમારા વિચાર, તમારી ભાવના, તમારી ધારણા, તમારો અનુભવ, તમારું ઊભું કરેલું જગત, તમારી વૃત્તિઓ, તમારી instinct, ઐશ્વર્ય–પ્રતાપ આવે ત્યારે કેમ વર્તો? એ જુઓ. સદ્ગુરુ થાવ ત્યારે કેમ વર્તો? અધિકાર મળે ત્યારે કેમ વર્તો? ચેલકા પાસે કેમ વર્તો? તમારું માને એનું કેમ રાખો? ન માને એની જોડે કેમ કરો? આ બધું તમારું મન છે. પ્રભુના થયા પછી કાયદો બદલાઈ ગયો. ઝૂંપડાપટ્ટીવાળાએ બંગલાવાળાનું ઘર માંડ્યું, સગાંવ્હાલાં બદલાઈ ગયાં. Power બદલાઈ ગયો. હવે આપણે દિવ્ય દૃષ્ટિથી પ્રભુના થઈને પ્રભુને કાયદે જીવવાનું. Spiritual Law – એ નિર્દોષબુદ્ધિનો, સુહૃદભાવનો કાયદો છે. કાંતિકાકા ને અમે એમ જીવ્યા. નહીં પ્રસંગ બન્યા હોય? તમે ઘરઘરમાં એકતાથી નહીં વર્તી શકતા હો, ભાઈ–ભાઈ નહીં વર્તી શકતા હો, બેન–બેન નહીં વર્તી શકતાં

હો, પતિ–પત્ની નહીં વર્તી શકતાં હો. જો આ મન છે, શું વેંચવાનું? ગમે ત્યારે પ્રાણવાયુ ચાલ્યો જાય. પાછું બીજું ચક્કર ચાલે. કરોડો વર્ષોથી આ કરતા આવ્યા છીએ, હેવા છે. જો આ સમજી ગયા કે જૂના હેવા જોડે છૂટાછેડા - Divorce. સત્પુરુષ જોડે? ના, બાપા જોડે Love Intimacy! આ પ્રયોગ શરૂ કરો. પાંચ મિનિટ એવું ધ્યાન કરો. ધ્યાન એટલે એના મહિમાનો વિચાર, one way trafficથી એણે આપણી ઉપર કરૂણા કરી. મહારાજ કહે, પરમહંસો! સાધનથી હું અને મારું અક્ષરધામ તમે નહીં પામી શકો, તમે દરિયો નહીં તરી શકો, તમે મૂળ માયા નહીં જીતી શકો. સિદ્ધ થશો, સર્વજ્ઞ થશો, અદ્ધર ઊડશો, મંડળધારી થશો, દૃષ્ટા સ્થાપશો, પણ તમારાપણાનું તમારું જાણપણું બિલકુલ નહીં જાય. તત્ત્વે કરીને મને ઓળખો. આજની કથાનો વિષય છે **બાપાને તત્ત્વે કરીને કેવી રીતે ઓળખવા?** એનો અર્થ કે સત્પુરુષને તત્ત્વે કરીને કેવી રીતે ઓળખવા? પ્રગટપણું માનવું તો પડશે. જ્યાં જાવ ત્યાં અને એને તત્ત્વે કરીને ઓળખ્યા હોય એનાં લક્ષણ શાં? સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા? ખાશે, પીશે, રડશે, બોલશે, ચાલશે. રામચંદ્રજી, કૃષ્ણ ભગવાન, ભગતજી, જાગાસ્વામી એ બધા જ. જોગી મહારાજે જાજરે જઈને સૂઈ જઈને તરત પૂજા કરી. માનશો તમે? માધવને પૂછજો. એક સાધુ કહે, બાપા નાનો–મોટો બધો જ નિયમ પાળે તો એને માનવાના, નહીં તો નહીં માનવાના. પણ એ અસલી સ્વરૂપ છે, એ ગંગાજળ છે, પ્રકૃતિપુરુષથી પર છે, પવિત્ર છે, નિર્ગુણ છે, ગુણથી પર છે. તમે ગુણમાં કેવી રીતે માપશો? તમારે આવરણ છે, વાદળાં છે, વાસના છે. સાધનથી નિર્વાસનિક નહીં બનાય. સત્પુરુષને નિર્વાસનિક માને, સદ્‌ભાવ રાખે, એને નિર્દોષ માને તો કામ થાય. આપણે સહુ સાંભળીએ છીએ, સહુ વાત કરીએ છીએ. પણ આપણા પર આવે ત્યારે મિયાંફૂસકું થઈ જઈએ છીએ. હું ને તમે બધાં જ. મને પણ એ જાણપણું હતું કે નંદાજીની ધાડ મારી. હમને ઐસા કિયા ને ઐસા કિયા. બાપા આવ્યા, બાપાએ આશીર્વાદ આપ્યા એ ઉપરઉપરથી કહીએ. પણ અંદર મેં ગુલગુલિયા, હમને કિયા. બાપાએ અંતર્દષ્ટિ કરાવી કહ્યું, શાસ્ત્રીજી મહારાજનું તો નામ દેવુ’તું! એની જ awareness વધે એવા જ સંકલ્પો ઊઠવા જોઈએ. જો આ, આપણો સંકલ્પ પૂરો થાય તો આપણાપણાની awareness આવી જાય. સંકલ્પ પૂરો ન થાય તો રોષ ચડે. બેયથી પર જાવ. સાક્ષીભાવ રાખો, natural. ના આસક્તિ, ના અનાસક્તિ, એક જીવન ચાલે છે. ઊંઘમાં કોણ ઉઠાડે છે? ઊંઘમાં તમે પ્રયત્ન કરો છો જાગવાનો? કોણ પ્રયત્ન કરે છે? કોણ ઉઠાડે છે? પ્રભુ, ઉઠાડે છે. તમારાં કર્મનાં ફળ એ આપે છે, એના સંકલ્પ વગર નહીં ભોગવાય. તો એને સંભારો, એની સત્તાને માનો, પોકાર તો કરો, પોકાર કેવી રીતે કરવાનો? દેહભાવ છોડીને, તલ્લીન બનીને, નિરાકાર, નિરાધાર બનીને. નહીં તો કંઈક આધાર રાખ્યો કે આ નંદાજી કામ કરશે,

હં! નોકરી અપાવી દેશે, રેલ્વે મિનિસ્ટર છેને! આ કેસ જીતાડી દેશે. ના, બાપા કરશે. પ્રભુ કાળ, કર્મ, માયા, પ્રકૃતિ જેવા નથી. એ પ્રભુનો સંબંધ, વચ.ગ.પ્ર.નું ૬૨. આપણને આપણી રીતનો સંબંધ છે. જોડાયેલા પણ છીએ પણ માયિક–અમાયિકનો સાંધો ન હોય. સજાતિ, સજાતિ. બાપા કહે, બ્રહ્મસ્વરૂપ માનોને! નથી મનાતું! રમણીકભાઈને કહે, તમને નિર્વિકલ્પ નિશ્ચય છે, મને તમે છોડવાના છો? તે કહે, ના બાપા. બાપા કહે, તમારા જીવમાં તો પાકું છે. આ ઈન્દ્રિયો અંતઃકરણ વહવાયાં જેવાં નગુણાં છે. એને એના હેવા પડ્યા, ટેવ પડી. એ ના હોય ત્યાંથી નરક પણ ચિંતવે, ચિંતવવા જેવું છે? તમારું ચિત્ત એવું નઠારું છે, પણ ગભરાતા નહીં, બિલકુલ નહીં. કોણ મળ્યા છે? તપસ્વી, ત્યાગી બધા ઘણા હતા, નૈષ્ઠિક બ્રહ્મચારીઓ. પણ પ્રભુને ઓળખ્યા નહીં, સ્વામિનારાયણને ઓળખ્યા નહીં, સ્વામિનારાયણને આશરે ગયા નહીં, એનું સ્મરણ, ચિંતન કર્યું નહીં. એને પોકાર ન કર્યો. તમે એમને ધન્યવાદ દો, ખુશ રહો, ખુશ રહો કે તમને બાપાએ ધબ્બો માર્યો છે. એ કરાવવાના છે, આગળ–પાછળ પણ એ જ કરાવશે. તો લહેજતથી કરો, સુખે સુખે. પપ્પા કહે, સુખે સુખે કરવું છે તો આ છોડો. પ્રભુમાંથી, સત્પુરુષમાંથી આવે એ જ કરવું છે. એના તરફ જ દૃષ્ટિ, સૂર્ય તરફ જ દૃષ્ટિ, ન તારા, ન ચંદ્ર, ન નિહારીકા. સત્પુરુષરૂપી સૂર્ય. એને તત્ત્વે કરીને ઓળખવા છે? કે ઓળખી ગયા એમ માની લીધું? અને ઓળખ્યા હોય તો એનાં લક્ષણ શાં? વચનામૃતના, સ્વામીની વાતના આધારે આ જ આ કથા કરીશું. આપણે ખાલી પ્રાર્થના જ કરી શકીએ એમ છીએ. પશ્ચાત્તાપરૂપ નહીં, ક્રિયા કરીને યાદ આવે છે, લપસી પડીને યાદ આવે છે, એને બદલે પ્રાયશ્ચિત્તરૂપ પ્રાર્થના કરો – પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃ – અગાઉથી – કાલે મારી ભૂલ થવાની છે, કંઈક ક્રિયામાં લેવાઈ જવાશે, મને પણ સવાદ પડે છે. મારી રીતનું કંઈક ન થયું હોય એટલે કો'ક લાગમાં આવે, એને દુઃખ હોય, તકલીફ હોય, તો વધારે ઝાપટી પાડીએ. જે ગમતું હોય એની ઉપર દયા રાખીએ. એ આપણી પ્રકૃતિ. તે માટે પ્રભુને પ્રાર્થના કરીએ. પ્રભુ, તું જાળવજે. હું તારું બાળક છું, તારી પાસે જંતુ છું, તારી પાસે લહરી છું. તારે લઈને દરિયો છું. તો તારા કાયદે જીવું. તારો બુરખો પહેરી લીધો, તારાં ચશ્માં પહેરી લીધાં, આ વાત repeat કરવી જ પડે. ક્યાં સુધી? દૃઢ થઈ જાય ત્યાં સુધી, નહીં તો એનું મીઠું નાંખો, મમ્મી, મમ્મી કરીને કામ કરવાનું, બે મિનિટ આ ધ્યાન કરી લો. ઘંટ વાગે છે, જાગો, જાગો, જાગો, એ ઘંટ જડ છે છતાં એનો અવાજ આવે છે. જાગો, જાગો, જાગો. કૃષ્ણ કહે છે, હે અર્જુન! ઉત્તિષ્ઠ. જાગો, જાગો, જાગ્રતતા ને જાણપણું દૃઢ કરો. કોણ તમે? નામરૂપ બદલી કાઢો, આપણી વિચારધારા બદલાઈ જશે. નામરૂપ બદલી કાઢો, જરાક વિચારને પામો અને બીજી બાજુ બાપાને સંભારો. કેવા દયાળુ! કેવા કૃપાળુ! માનવસ્વરૂપે આવ્યા, આપણા જેવા રહ્યા. માનવસ્વરૂપમાં

દિવ્યતા માનવી એ કાળજું ફાટ્યા જેવી વાત છે. આપણે આપણી રીતે માનીએ છીએ, એ પણ હકીકત છે. આ સમજજો. તત્ત્વે કરીને ઓળખવા માટે શું કરવું? તમારે ઓળખવા છે? Sincere છો? હજી પણ ઘણાના તુક્કા ચાલ્યા કરે. આપણે આટલું એકાગ્ર ચિત્તે બાપાનું સ્મરણ કરવામાં શું જાય છે? સોનાની લગડીનો પરજીયાને છે એવો એનો મહિમા. બીજો વિચાર જ નહીં આવે. ચાંદીની, પિત્તળની યાદ જ નહીં આવે. સોનું છે? One-two-three એના તરફ અખંડ વૃત્તિ. હું કહું છું કે સ્વરૂપમાં અખંડ વૃત્તિ પાંચ મિનિટ રાખવાની ટેવ પાડો. આપણે આ કવાયત કરવી છે. જ્યારે જ્યારે આપણે સ્વરૂપયોગ કરીએ ત્યારે પાંચ મિનિટ પણ એવી જડતાને છોડીએ. એક પરીક્ષા આપવી હોય તો વાંચીએ છીએ. એનું મનન–ચિંતવન કરીએ છીએ. એ અંગે બેસીએ છીએ. તો પ્રભુ કહે, હું માન્ય કરું છું કે આ મારા માટે મંડ્યો છે. આ મારી પરીક્ષા આપવા મંડ્યો છે. આ મને તત્ત્વે કરીને ઓળખવા માટે ચોપડી લઈને બેઠો છે. એનું ગજું તો છે નહીં પણ અહોહો! પ્રહ્‌લાદ માફક પોકાર ન થાય, સરલતાથી ન વર્તાય, કેવળ એની જ તરફ દૃષ્ટિ રાખીને ન વર્તાય, તો આટલું તો કરો!

હવે પહેલી બે વાત વાંચી લો. **સ્વામીની વાત પ્રકરણ ૧૧મીની ૧૨૫મી વાત અને ૧૭૨. હરે! સ્વામીની વાત પ્રકરણ ૧૧મીની ૧૨૫મી.**

રાજુભાઈ ઠક્કર :– સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે, શ્રીકૃષ્ણના ભક્ત સુધન્વા ને અર્જુન બન્ને હતા. તેમાં સુધન્વા ધર્મવાળો ને નિષ્ઠામાં પણ ચઢે એવો હતો.

કાકાજી :– ધર્મવાળો, જાજરે જઈને ન્હાય પણ નિષ્ઠામાં દોરો ફેર. નકોરડી એકાદશી કરે. આપણે અધર્મી બધાં ભેગાં થયાં. પણ આવો ધર્મવાળો હોય એનું પુણ્ય આપણને મળે. એક જણ આવો હોય એટલે આપણે ટકી રહીએ. આજે મરચંટભાઈએ ઉપવાસ કર્યો. બોલો, આપણે હાળું એકવાર તો ખાઈએ. આજે ત્રણવાર ખાધું અહીં તો! કબૂલ કરો કે ભઈ, અમે અધર્મી છીએ. તને ધન્યવાદ, તો માફ થઈ જાય. અહીંયા પ્રગટની વાત છે બસ, તમે કહ્યું, હું ગુનેગાર છું, તો માફ. કેટલીવાર? આખી જિંદગી. જાવ, દરરોજ. મહારાજ પણ જબરા છે, હં! પછી એક દા’ડો ઘડાકો કરી દે. હરે!

રાજુભાઈ ઠક્કર :– પણ શ્રીકૃષ્ણનો અભિપ્રાય ન સમજયો. તો શ્રીકૃષ્ણે પંડે અર્જુનની પડખે રહી સુધન્વાને મરાવ્યો અને અર્જુનની રક્ષા કરી જીતાડ્યો.

કાકાજી :– પંડે પોતે જ, કેવા કૃતઘ્ની? મહારાજ કહે, અમેય કૃતઘ્ની. આપણને થાય, અરે! આટલી ભક્તિ કરી તો ક્યાં ગઈ? તમારું નામ દીધું, તમારી ભક્તિ કરી. ક્યાં ગઈ? વિચિત્ર વાત છે.

રાજુભાઈ ઠક્કર :– માટે આપણે મહારાજનો અભિપ્રાય જે, અક્ષરપુરુષોત્તમ બેય સ્વરૂપનું પ્રગટ પ્રમાણ જ્ઞાન કરાવી સમજાવી પ્રવર્તાવવાનો છે. તેમાં ભળી જવું.

કાકાજી :– ભળી જવું.

રાજુભાઈ ઠક્કર :– અને આ પ્રત્યક્ષ મળ્યા છે તે જ અક્ષરધામમાં લઈ જશે. તે પૃથ્વીનું વેજું છે.

કાકાજી :– અહીં સોફા પર હમણાં બેઠા છે, કે સોખડા છે, કે વિદ્યાનગર છે. અત્યારે તો પેઢી ચલાવીએ છીએ અમે, હં! અત્યારે તો power છે, માનો, ન માનો! કંઈ વાંધો નહીં. જે માનતા હો, પણ હવે સમજીને પાકું માનજો અને જો માન્યું, તો આ વાત દૃઢ કરજો. આ જ સાધન પાકું કરવાનું છે. આત્મસત્તા કરતાં પણ, સંકલ્પરહિત રહેવા કરતાં પણ. તપ, ત્યાગ, યોગ, વ્રત, દાન કરતાં પણ; મુક્તાનંદ, બ્રહ્માનંદ, ગોપાળાનંદસ્વામી કરતાં પણ, આવા પુરુષની ક્રિયાને ગમાડીને ભળી જવું, એ વધે.

હવે **સ્વામીની વાત પ્રકરણ ૧૧માની ૧૭૨મી** વાંચો. હરે!

રાજુભાઈ ઠક્કર :– સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી, આ સત્સંગની ક્રિયા લોક જેવી જણાય છે પણ એમાં બહુ લાભ રહ્યો છે અને એકાંતિક ભેળું નિવાસ કરીને રહેવું તે સત્તારૂપ રહેવા કરતાં પણ અધિક છે.

કાકાજી :– વચન. એકાંતિક ભેળા, કેવી મઝા આવે, તારદેવ. એકાંતિક ભેગાં તો રહીએ જ છીએ. પણ ઊલટો ક્રમ કરો છો કે સુલટો? આટલું જ જોવાનું. ખાવ–પીવો, મઝા કરો. કંઈ માંગતા નથી આ એકાંતિકો. મારે તો તમને આલવું જ છે. હીરાના દાગીના, સરસ સરસ સાડીઓ, first class સુટ પહેરાઈને અમેરિકા લઈ ગયા એ હકીકત. બાપુ, રાજુ, અમે, ભટ્ટસાહેબ, બધા. આપણે અશ્વિનભાઈને પણ લઈ જઈશું. નેકટાઈ સાધુ. વિચાર તો કરો, તમે કોના? આટલો પણ એક ગુણ ન લઈએ? કોઈ માંગતું નથી, કોઈ કહેતું નથી. જરાક વિચારને પામીએ. યોગીબાપાનો તો ગુણ લો. મારે એનો વારસો જાળવવાનો છે અને અક્ષરપુરુષોત્તમ સિવાય મને કોઈમાં રસ નથી... મારે ગુરુ થવું હોત તો બાવનથી (૧૯૫૨) એક જ સૂર્ય હતો. તે ઘડીએ પોણો ભગવાન તો હું હતો. કોઈ બીજો નજરમાં ન્હોતો પણ એક મહારાજને છતરાયા કરવા છે. અક્ષરપુરુષોત્તમની મૂર્તિ શાસ્ત્રીજી મહારાજે ચાંદલો કરેલી. નંદાસાહેબને કહેલું – સાહેબ! આ મૂર્તિ દિલ્હીમાં બેસાડજો. મારો વા'લીડો કામ કરવાનો છે. શાસ્ત્રીજી મહારાજ એટલે શું સમજો છો તમે? એક પળમાં ચાહે તે કરશે. મારો બાપ, બહુ જબરો છે, હં! નજરમાં લેનારો. અક્ષરપુરુષોત્તમનું કામ કરો. એ માવતર છે. આ યુગલ ઉપાસના આખી દુનિયાને ગાંડી બનાવી દેશે, પાગલ બનાવી દેશે. હેતની ઉપાસના નહીં ચાલે. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ બેઠી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ આજ ત્યાં બેસી ગયા. જુઓ તમે, હં! જો એ પરદેશનું બધું આવશે. આ વખતે જાઉં છું. કોને શાંતિ નથી જોઈતી? કોને હોળી નથી? તમારો પેલો હમણાં નવો

નવો ભક્ત આવ્યો એને પ્રકાશ દેખાય, શાસ્ત્રીજી મહારાજ દેખાય. પેલો શાસ્ત્રીજી મહારાજનો મહિમા હમણાં બહુ ગાતો'તોને! એણે બચારાએ જોગી મહારાજ જોયેલા નહીં, એને શાસ્ત્રીજી મહારાજ કો', ભગતજી મહારાજ કો', જાગાસ્વામી કો'. આ ભગવાન જેવા પુરુષો એવા અત્યારે પપ્પા, કાકા, સ્વામી છે. તમે કો' એવા આ કોણ છે? આ સંત ભગવાન છે. અરે, શું તમે સમજો છો? ભગવાન કહ્યા એટલે તમે બ્રહ્મસ્વરૂપ છો? તો ભગવાન કહો. નહીં તો ખોટું અભિમાન વધે છે. આ તો હમણાં જરા બિલાડી આવે, કે ઉંદર આવે, કે નોટીસ આવે બારસો રૂપિયાની તો ભગવાન કે'નારા, અનુભવનાર, ગીતાકાર, પંડિત, વિદ્વાન એમ કહે કે, 'કાકા, હું મરી ગયો.' એક જણને આવું થયું'તું. મેં કહ્યું, 'અરે, ભઈ જીવો છોને! અરે, ઢેબરું તો ખાવ!' તો કહે, 'ઊંઘ ટળી ગઈ, ભૂખ મરી ગઈ, જ્ઞાન સ્ત્રવી ગયું, પહેલું આ નોટીસનું કાંઈ કરો.' પણ આપણે આ ટેવ પાડવાની. થવાનું હોય એ થાવ. કાં મારો બાપો ખોટો. નહીં જોઈએ એવો ખોટો, એવો ખોટો તો એ છે નહીં. એ ઉગાડવું છે, તમે મને થોડોક જ સાથ આપો, મને થોડુંક કામ કરવા દો. મારી રીતે મને કરવા દો. બાવનથી (૧૯૫૨) કરતો આવ્યો છું. ગાળો ખાતો આવ્યો છું. ભયંકર આરોપો થયા છે પણ હું પ્રકૃતિને સમજું છું. કશું ગણ્યું નથી! હવે આપણે મૈત્રીભાવ, સુહૃદભાવ દૃઢ કરવો છે. ધન્ય હો, ધન્ય હો તમને કે પ્રગટના ઉપાસક છો. હવે સમજો કે શું તમને મૂડી મળી છે! પણ અમે દાબી રાખી છે. Safe Deposit Vaultમાં. મને મળી'તીને, બાપાની! આટલું authentic કોણ કહેશે? મારે ને હરિપ્રસાદને આ કરવું છે. આખી દુનિયા ગાંડી થશે, એક દિવસ જોજો. પણ ત્યારે તમને મળવાનો મને ટાઈમ નહીં હોય. ત્યારે રડતાં નહીં કે જરા બે મિનિટ આપોને! બાપા જોડે છેલ્લી ઘડીએ ટાઈમ ન્હોતો. એક મિનિટ પણ ન્હોતો, તે ઘડીએ માંગણી કરવી પડતી'તી. કો'કને લઈ જવું પડતું'તું. બાપાએ છેલ્લી ઘડીએ ઐશ્વર્ય છૂટું મૂક્યું હતું, પણ સાધુ બનાવવાના હતા ત્યાં સુધી નહીં. પોતે બિમારી ગ્રહણ કરી, પોતાનાને નભાવવા હતા. એનો એ જ પ્રતાપ તો નાનપણથી હતો, એમનો. કંઈ નવો આવ્યો? તે ઘડીથી મેળવેલો? ઉછીનો લીધેલો? Training લીધેલી? પરીક્ષા આપેલી? બાપા તો અસલી હતા, original. આ વાતને જરા ઊંડા ઊતરીને વિચારીએ. શું પ્રાપ્તિ થઈ! ઓહો! બાપા એટલે કોણ? એને જોયા'તા? અહો! એ આજ મારી વાત સાંભળીને ખુશ થાય છે, કે તત્ત્વે કરીને મારું નિરૂપણ કરે છે.

આજે એ subject છે. **તત્ત્વે કરીને હું અક્ષરબ્રહ્મ છું, હું સનાતન તત્ત્વ છું, હું Eternal તત્ત્વ છું. બાપા આ અસલી તત્ત્વ આપી ગયા.** Humanity, માનવજાતિમાં. બહું અઘરું. એક પગલું – એક સોપાન ઉમેરી ગયા. હોમાઈ જઈને, ચાલીસ, ચાલીસ વરસ પોટલાં ઊંચકીને આપણા માટે એક ગુણાતીત ભાવના આપી ગયા.

એક રુચિવાળા બે જણ જ્યાં જાવ ત્યાં મંડો. પ્રકાશ થઈ જશે, સ્વામિનારાયણ જયંતી વખતે આવું ભવ્ય કામ સ્વામી અને અમે કરવાના છીએ એ હકીકત. તમે સહેજ સહકાર આપો. મારા કહેવાઓ છો, જે કાકા ઉપાડે, ચલો. કાકા કહે, 'ખાડામાં જવું છે.' પેલા કહે, 'ઓહો! અરે, કાકા, આ શું કરો છો તમે! તમને ગૅસ ચડી ગયો લાગે છે. તમે હમણાં આરામ કરો.' નહીં, હું બેવાર કહું એટલે તમારે મારી જોડે હા પાડી દેવી. પહેલીવાર જરાક બુદ્ધિ વાપરવી. કદાચ ગમ્મત પણ કરતો હોઉં. cosmic play કરતો હોઉં, હં! કો'કનો ડોળ કાઢતો હોઉં, કો'કની હુંહાટી કાઢતાં હોઈએ. પણ બેવાર જ્યારે કહું અને તમે અક્કલવાળા હો, તો ત્રણવાર, તો હું તમને ત્રણવાર કહું. મારી જોડે તમારે સ્વતંત્ર વર્તવું, મને ગમશે, મને ઘેટાં ટાઈપ ન ગમે. આ છોકરો સુરેશ સેવા કરે પણ હું એટલું પણ સમજુ કે તારે મને ક્રોસ પણ કરવો. હું કહું કે અહીંયા પેલા ખાડામાં પડ તો કહેવું કે, કાકા ખાડામાં પડાય નહીં, પણ તમને ગમતું હોય તો પડીશ. એવું કહેવું જોઈએ, ડીઓડીઓ નહીં, ચલો, કાકાએ કહ્યું એટલે આજ્ઞા પાળવી, એ આજ્ઞા પાળવાની નથી, એ તો ઘેટાં ટાઈપ છે. એ સમર્પણ નથી. It is only submission. Submission ને surrenderમાં બહુ ફેર. તંત્રની બુક (The Real Essence of Tantra) લખતી વખતે અમારો રાજુભટ્ટ કહે, કાકા, આ તમે લખ્યું છે એ બરાબર નથી. આપણે printમાં નથી આપવું. મેં કહ્યું, અલ્યા, હું તંત્રની બુક લખનાર. મને કહે છે? પણ મને આવા ગમે, હં! પછી બીજીવાર લખ્યું ને પૂછ્યું કે આ બરાબર છે? રાજુ કહે, ભલે આ લખ્યું કાકા, પણ આ મને નથી ગમતું. અરે, પણ આમ ના પાડવાની? મને આવા ગમે, હં! અંતરથી ખૂબ ગમે ને હાળું બન્યું જ એવું. મેં રજનીશની એક જરાક થોડીક ટીકા લખેલી. તો આ લોકો કહે આપણે નથી લખવી. એમાંથી મારા ભગવાન બોલતા'તા. એકવાર તો આનું મેં બહુ ગણ્યું નહીં. હું તો સિંહ જેવો માણસ એટલે છેવટે તો એ બચારા પાછા વળી ગયા. એટલે મરચંટ કહે, કાકા લખ લખ કરે છે પણ કંઈક ગોટાળો છે. ઊંધિયા જેવું લાગે છે. પણ કાકાને કેમ કહેવાય? પછી એણે મુકુંદજીવનને કહ્યું, બરાબર? મુકુંદ કહે, કાકા, આ નહીં લખાય. અલ્યા, મેં કહ્યું, ફેંકી દેવાનું? તો કહે, નહીં લખાય. મેં કહ્યું, એટલે તું કે'વા શું માંગે છે? તું લખે છે? તો કહે, બિલકુલ નહીં ચાલે. પછી printમાં આપેલું પાછું લઈ આવ્યા. કહે કે આ છાપવાનું નથી. ભલે પંદર દા'ડા મોડું થાય. ભલે તમારી બુક ન છપાય. વાહ, વાહ! આમાં આપણો જયવારો થયો. હૃદયમાં ભાવના એટલી જોઈએ. બસ! હં! અમારો કાંતિ દેસાઈ પણ એવો. મને આ ખૂબ ગમે. I don't want ઘેટાં ટાઈપ. ગુરુ મળ્યા ગુણવંતા, yes, yes, yes નહીં. તમે પણ મૂર્તિમાં રહો. ગુરુ મળ્યા ગુણવંતા. ઓહોહો! રંગીલા, વાહ, વાહ! એ આ જમાનામાં નહીં ચાલે, અને છતાં પાછળ ભાવના એ રાખવી કે કાકાને સૂઝ પડે. એની પાસે ભગવાન છે.

આપણે છેવટે વળી જવું. ચલો ભઈ! ગાંડુંઘેલું છેવટે મુકુંદનું પણ થોડું મેળવ્યું, બદલ્યું, પાછું બદલ્યું. ત્યારે હાળો પેલો શર્મો પ્રગટ્યો. મને કહે, કાકાજી, આ તમે કાઢી જ નાંખો. અલ્યા પણ, printમાંથી લઈ આવ્યો શર્મો. પછી મને અંતર્દષ્ટિ થઈ. હાળું, આ મહારાજની મરજી. બધાં જ no, no, no કરે. એક બહુ સરસ પ્રસંગ છે.

રાજુભાઈ ઠક્કર :– ને એકાંતિક ભેળું નિવાસ કરીને રહેવું તે સત્તારૂપ રહેવા કરતાં પણ અધિક છે.

કાકાજી :– સત્તારૂપ રહેવું, સંકલ્પરહિત કરતાં જુઓ, રહો છો એ હકીકત. હરે!

રાજુભાઈ ઠક્કર :– કાં જે આત્મારૂપે રહે તેથી દેહ ભેળું તો ન ભળાય પણ જ્ઞાનની વૃદ્ધિ પામવી તે તો એકાંતિકના સંગમાં છે ને સત્તારૂપ વર્તે તેમાં તો પોતે સુખિયો રહે પણ બીજાને સત્સંગનું સુખ ન મળે. માટે એકાંતિકના સંગમાં રહ્યાથી સર્વપ્રકારે વૃદ્ધિ પમાય છે. એવો મહિમા વચનામૃતમાં કહ્યો છે. માટે એવો લાભ મળ્યો ને વિષય સારુ વલખાં થાય છે. તે  અજ્ઞાન છે ને પશુબુદ્ધિ છે.

કાકાજી :– આપણે એક જગ્યાએ એ ટાળી દેવી. રાજુ ભટ્ટ કહે, આ દેવીબેન કહે છે કે ચાદર આમ પાથરો, હું કહું છું આમ પાથરો. પેલો કહે, આમ પાથરો, પેલા કહે આમ પાથરો. કાકા, અમારે તો આમાં ૨૦ મિનિટ ગઈ. તે પશુમાં પડી એક તકરાર, જે ઘડીએ જુદા જુદા અવાજ આવે તે ઘડીએ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ કરવું. સારંગી ને નારંગી, કેજરી ને કૂંજરી વાગે ત્યારે શું કરવું? આ બધું તો બનવાનું જ છે. તે ઘડીએ કોઈએ ખોટું કર્યું એવું નહીં જોવાનું. દરેક જણ એમ કહે કે હું રાજી કરી લઉં, ત્યારે મહારાજ, મહારાજ કરવું. બધું મહારાજ ગોઠવી દેશે. સહજાનંદસ્વામી મહારાજની જય... ચલો, સાહેબનો એક પ્રસંગ કહું...

૧૯૭૩માં એ વખતે USA ની એક એરલાઈન્સે ૨૧ દિવસ માટે એક સ્કીમ કાઢી હતી. એ મુજબ લૉસએન્જલસથી કલકત્તા, મુંબઈ, મદ્રાસ કે બેંગ્લોર ગમે ત્યાં જાવ, ગમે તેટલીવાર જાવ, ટિકિટના ફક્ત ૧૧૦ ડોલર. સામાન્ય રીતે તમારે આટલું ફરવું હોય તો ૨ હજાર ડોલર થાય. પણ આ સ્કીમના લીધે ફક્ત ૧૧૦ ડોલરમાં એટલી જ મુસાફરી કરી શકાય. આ સ્કીમનો છેલ્લો ૨૧મો દિવસ હતો. અમે ને જશભાઈ સાહેબ બન્ને ટિકિટ લેવા airport બે–ત્રણવાર ગયા. પણ ટિકિટ મળી નહીં. એટલે એક માઈલ દૂરથી airport પર અમે પાછા આવ્યા. આવીને હર્ષદ ભટ્ટને આ વાત જણાવી. એટલે હર્ષદ ભટ્ટ કહે, 'ના કાકા, ટિકિટ તો મળશે જ. હું લઈ આવીશ.' આમ ઘડી ઘડી બોલ્યા કરે. મને વિચાર આવે કે અમે ને જશભાઈ બે–ત્રણવાર જઈ આવ્યા તો પણ ટિકિટ મળી નહીં તો આ હર્ષદ ભટ્ટને શું મળવાની? પણ એમનામાં તો ભગવાનનો પ્રવેશ હોય એમ વારંવાર બોલ્યા કરે કે મળી જશે... મળી જશે... લાવો હું લેવા જાઉં.

એમ કહી તેઓ ટિકિટ લેવા ગયા. એટલે મેં જશભાઈને કહ્યું, 'સાહેબ, આપણે બેસો ત્યારે, ભલે એ હલવાતા. અડધો કલાક લાઈનમાં ઊભા રહેશે એટલે આવશે પાછા.' એમ કહી અમે બન્ને જણા કૉફી લઈને નિરાંતે પીવા બેઠા. હર્ષદભાઈએ ઍરપૉર્ટ પહોંચી ટિકિટ window પર જઈ ટિકિટ માંગી તો એમના આશ્ચર્ય વચ્ચે એમને તરત જ ટિકિટ મળી ગઈ. ટિકિટ લઈ તેઓ ખુશ થતા અમારી પાસે આવ્યા ને કહે, 'લો, આ ટિકિટ.' અમે બન્ને તો 'વાણીયાભાઈની નીચી મૂંડી' કરી આ સાંભળી જ રહ્યા. શું બોલવું કાંઈ સમજાયું નહીં.

❀ ❀ ❀

## પ્રવચન – ૨

ધૂન... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ત્રણ મિનિટ... નામીએ સહિત નામથી કરવી. ભગવાન અને સંતમાં પરોક્ષ જેવી, પ્રત્યક્ષમાં પ્રતીતિ કરવી. જોગીબાપાને સંભારીને, સંતને સંભારીને, સ્વરૂપને સંભારીને, સ્વરૂપને પોકાર કર્યો. આપણે શું કર્યું? એના બે–ત્રણ ફકરા હમણાં વાંચે છે, જોજો. તમારું મન નિર્વિચાર થશે જ નહીં. કારણ તમારી awareness જવાની નથી. ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણથી પર સચ્ચિદાનંદ મારું સ્વરૂપ એમ બિલકુલ નહીં મનાય. જે સાધુ એમ સમજતો હોય કે મારા ચેતનને વિશે ભગવાન અખંડ બિરાજમાન છે, હું ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણથી પર છું. એનાથી ભગવાન ને ભગવાનનાં ધામ અણુમાત્ર છેટે નથી. જુઓ વચનામૃત સારંગપુરનું ૧૦. એને નિર્વિકલ્પ સમાધિનું, અષ્ટાંગયોગ સાધ્યા પછીનું સુખ, અખંડ શાંતિ, આનંદ, બળ મળે છે. આ દેહે નહીં બને. તો મહારાજે એક સરળ ઉપાય બતાવ્યો. જો એના ફકરા રાજુભાઈ વાંચે છે. તમે શું કર્યું? આપણે તત્ત્વે કરીને એને સમજવાનો પ્રયત્ન કરીશું. જે નામ લીધું એ કોણ છે, કેવા છે? એને પ્રગટ કરવા હોય તો શબ્દાર્થ, ભાવાર્થ, રહસ્યાર્થ, તાત્પર્ય સમજવાં પડે. એનો શબ્દ – એનો અર્થ, એનો power – એનો અર્થ, એનું રહસ્ય – એનો અર્થ, એનું તાત્પર્ય – એનો અર્થ. મઝા આવી જાય, રામકૃષ્ણ પરમહંસને એક શેઠીયા બોલ્યા. તમારી એ લવરી બંધ કરો. નામથી શું વળે? અરે, રામ નામથી ૪૮ વરસ પહેલાનો ભયંકર ટી.બી. મટ્યો ત્યારે (એ જમાનામાં) તો મટે જ નહીં. મરી જ જાય. પુનિત મહારાજને સંતને વચને, કેવળ રામનામથી, સાત જ દિવસમાં ટી.બી. મટી ગયો. પુનિત મહારાજનું જીવનચરિત્ર વાંચજો. નામદેવને ભગવાનના નામ સ્મરણથી – વીઠ્ઠલા વીઠ્ઠલા વીઠ્ઠલાથી ભાવસમાધિ થતી, તો કૃષ્ણાનંદને ગોપાલા ગોપાલા એ નામે થતી. એ દીવના ભગત હતા. ત્યાં ભજન કરતો, સેવા કરતો. ૨૦–૨૦ વરસથી.

હે પ્રભુ! આ પ્રગટ કહે છે તો ખરેખર હો, તો મારી જોડે બોલોને? જગતનાથજી કહે, ‘જા કૃષ્ણાનંદ! જા તું વરતાલ! ગોપાળાનંદસ્વામીમાં હું અખંડ પ્રગટ છું.’ બબ્બે વખત જગતનાથજીએ કહ્યું, ‘જા, ગોપાળાનંદસ્વામીમાં હું પ્રગટ છું.’ માનવસ્વરૂપમાં મનાય? એ મનાય? આ તો કૃષ્ણાનંદના દેવ જગતનાથજી! વૈષ્ણવ તો બિલકુલ ન માને. તેઓ વરતાલ આવ્યા. સ્વામી ઉમરેઠ હતા તેથી ઉમરેઠ ગયા. સ્વામી ઉમરેઠથી નીકળી દમણિયામાં જતા હતા. ત્યાં કૃષ્ણાનંદે, હે ગોપાળાનંદસ્વામી! ઓ ગોપાળાનંદસ્વામી! એમ બૂમ મારી. ગોપાળાનંદસ્વામીએ કહ્યું, ‘અલ્યા, જગતનાથજી પાસે પૂરું ના થયું, તે અહીં આવ્યો?’ અને કૃષ્ણાનંદને પ્રતીતિ થઈ ગઈ. વિજ્ઞાનસ્વામીને થયું કે મારા હરિકૃષ્ણ મહારાજ વરતાલના એક વહવાયા ભગતજીમાં અખંડ પ્રગટ હોય! આ કાળજું ફાટ્યા જેવી વાત છે. તો પહેલાં નિર્વિચાર થવા માટે, તલ્લીન થઈને, નિર્લજ્જ થઈને, ઉચ્ચ સ્વરે, તાળી બજાવીને, હે! સ્વામિનારાયણ... હે! મુક્તાનંદ, હે! બ્રહ્માનંદ, હે! હરિપ્રસાદસ્વામી, હે! પપ્પાજી, હે! કાકાજી, હે! પ્રેમસ્વામી, હે! પુરુષોત્તમસ્વામી, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ૧૫–૨૦ મિનિટ ધૂન કરો. સતત constant & continuous હોઠ બીડ્યા વગર. તમે automatic નિર્વિચાર થઈ જશો. જો આના સમર્થનમાં વચનામૃત લોયાનો છઠ્ઠાનો છેલ્લો ફકરો અને પછી સ્વામીની વાત ૨જાની ૧૧. આટલી વાંચી લો. આપણે શું કર્યું? તાત્ત્વિક દૃષ્ટિએ મૂર્તિ ધારવાની યુક્તિ. એની beginning આ રીતે થાય. ૨૦–૨૫ મિનિટ ધૂન લગાવી દેવી. Constant & continuous, nonstop, સ્વામીની, સંતોની, પ્રત્યક્ષની સ્મૃતિસહિત, નામીએ સહિત પ્રભુનું નામ પ્રગટ જ છે. એના પ્રસંગોનું સ્મરણ કરવું. તમારું મન નિર્વિચાર થઈ જશે. ગમે એવા ભૂંડા ઘાટ બંધ થઈ જશે. સંકલ્પ બંધ થઈ જશે. લક્ષ્યાર્થ કરીને પછી સ્મરણ કરવાનું. પછી ધ્યાન કરવાનું. પહેલું ભજન સ્થૂળ રીતે. પોકાર કરીને. પછી સ્મરણ, એના પ્રસંગો. પ્રભુ હું તમારો છું. તો એનું જ મનન–ચિંતન–સ્મરણ–પ્રસંગો સંભારવા અને પછી ધ્યાન કરવું. એટલે એના અપરંપાર મહિમાનો વિચાર. ઓહો! પ્રભુ! હું બ્રહ્મરૂપ એવો તમારો દાસ છું. હું ને તું એક, તું પરનો પર. તો એનું ફળ એ કે એ પ્રેરણા કરશે. તમને અંતઃ પ્રેરણા થવી જોઈએ. તમારું ધ્યાન પૂરું થયું તો કંઈક સૂઝ પડશે, શુભ સંકલ્પ ઊઠશે, અંતઃર્દૃષ્ટિ થશે, પાછી વૃત્તિ વળશે. મહારાજ પ્રેરણા કરશે. શુભ સંકલ્પ થશે. સત્કર્મનું, વિચારનું બળ આવશે. ભગવાનનું સ્વરૂપ જેવું છે એવું તત્ત્વે કરીને, પરમ તત્ત્વ કહો, પરમ ચેતના કહો, eternal સત્ય કહો, Ultimate Supreme Reality કહો, Supramental Consciousness કહો, સહજાનંદસ્વામી કહો. આપણે માટે મહારાજ છે. એમને જેવા છે તેવા માનવરૂપમાં ન ઓળખ્યા, ન પરમહંસોએ ઓળખ્યા. આપણે એમાંના જ છીએ. ખરેખર આપણે તત્ત્વે કરીને ઓળખવા છે.

મહારાજ તત્ત્વે કરીને શું કહે છે એનાં વચનામૃત છે, સમજી લઈએ. સમજો, કેવી ભવ્ય પ્રાપ્તિ છે! કેવા મફતમાં સમ્રાટના રાજપુત્ર બનાવે. બાપાએ આપણને બક્ષિસમાં, મોજમાં અક્ષરધામ આપ્યું. સર્વને આપ્યું. એને પ્રેમથી સ્વીકારો, ઉત્સાહથી, ઉમંગથી ધન્યવાદ દો. કોટિ વંદન હો ગુરુદેવને. એ પહેલાં નિર્વિચાર થવું પડશે. ન થવાય, સમજણ ન પડે તો નિર્લજ્જ થઈને, નામીએ સહિત નામનો, પ્રાણને જાગ્રત કરતો પોકાર કરો અને ત્યાં તમારો automatic પ્રવેશ થશે જ. ભગવાન કહે, મને સંભાર્યો? મને પોકાર કર્યો? મારા સંતની સ્મૃતિ સહિત? તો હું પ્રવેશ કરી જઈશ. મારું તત્ત્વે કરીને નિરૂપણ થાય ત્યાં હું છૂપો બેસી જાઉં છું. મને એ જ ગમે છે. મને ઓળખીને, મને સમજીને, મારી સત્તા જાણીને મારો પોકાર કર્યો? મારાં બાળકો! હું ત્યાં પ્રગટ થઈ જાઉં છું, ધંધો શું કરું છું, એમાં પ્રવેશ કરીને? આ વેદરસનો પત્ર છે, પ્રભુનો જ. આ દેહ–ઈન્દ્રિયો હું નથી. હું એક મશીન છું, મોટર છું. ચલાવનાર મનને બદલે પ્રભુ, સંત છે. ત્યાં હું એનામાં વચને કરીને પ્રવેશ કરું છું. એને હું પ્રેરણા કરું છું. એને હું બળ આપું છું. શુભ સંકલ્પ કરું છું. પાછી વૃત્તિ વળાવડાવું છું. એટલે કંઈક જીવ બળને પામે છે. આ વાત હજી પણ કાલનો દિવસ સાંજ સુધી ઘૂંટીશું. એક પાકું કરીને જવું છે. એક નવો lesson શીખીને જવું છે. જે lesson કાયમ સુધી, જિંદગી પર્યંત રહે. હવે બે વાત વાંચો, પછી તત્ત્વે કરીને નિરૂપણ પર વાત કરીશું. એ આપણો મુખ્ય subject છે. એની ઉપર આપણે મંગલાચરણ શરૂ કરીશું.

**સહજાનંદસ્વામી મહારાજની જય...**

**લોયાના છઠ્ઠાનો છેલ્લો ફકરો** વાંચી લો. ગમે એટલા ભૂંડા ઘાટ ઊઠે. હું કોણ? નિર્વિચાર થવાના સાત ઉપાય છે. અગરવાલજી કહે, બહુ દાખડો કર્યો, યાર! witnessing spirit રહે? અવ્યક્ત કેમ જીતશો? એક બહુ મોટા સિદ્ધપુરુષ હતા. ઉપાસના–બુપાસના મળે નહીં. મેં એમને કહ્યું, ઉપાસના વગર બ્રહ્મદર્શન શક્ય જ નથી, હં! બિલકુલ નહીં. શ્રીજીમહારાજ બોલ્યા એટલે સવાવીસ. મને કહે, હું બે–ચાર કલાક શૂન્યમાં રહું. મહર્ષિ મહેશના ખાસ follower હતા. એનો આશ્રમ ચલાવતા. બહુ વર્ષો પહેલાં હું ગયેલો. મેં કહ્યું, તમને એમાં પ્રકાશ દેખાય કે અંધકાર? નિષ્ક્રિયતાનો કોઈ અર્થ નથી, સમજ્યા? કર્મ તો કરવું જ પડશે. બેસી રહેવાનું નથી. સૂર્ય સમાન સતત. એ કેટલું બધું કર્મ કરે છે. અપેક્ષા ય નથી રાખતો. આપણે પ્રભુને અર્પણ કરીને કરવાનું. એનું સ્મરણ કરીને કરવાનું. અવિરત. એ સક્રિયતા, નિષ્ક્રિયતા નહીં. એટલે ભગવાનનું નામ તો લેવાનું જ છે, સ્મરણ કરવાનું જ છે, જાણપણારૂપ દરવાજે રહેવાનું જ છે. ક્રિયામાં હઠ, માન ને ઈર્ષ્યા આવે જ. ભગવાન મળ્યા પછી આ બધી training લેવાની છે. એક destination પર પહોંચી ગયા. પહેલી વાત જે હું કહું છું તે નિર્વિચાર થયા પછી, સંકલ્પ બંધ થયા પછી જ ધ્યાન કરવાનું. એ નહીં

બને, એટલે હું ધૂન કરાવું છું. નામીએ સહિત નામ. પહેલા સ્વામીને જુઓ. ત્રણ વખત પ્રાણાયામ કરો. બાપાને જોયા કરો, જોયા કરો. પછી એને અંતરમાં જુઓ અને પોકારો. મમ્મી, મમ્મી, મમ્મી અખંડ પ્રગટ છે. એક force આવશે, એક બળ આવશે. જો મહારાજ કહે છે. મને પોકાર કર્યો? સતત, તો ભગવાન ને સંત કહે મારી દૃષ્ટિ પડશે. બાકી બહુ અઘરું. અતિ દૃઢ ધર્મ, અતિ વૈરાગ્ય, અતિ આમ, અતિ આમ. પછી એના ઉપર દૃષ્ટિ પડે. એ બનવાનું નથી ને આ ભગવાનને પોકાર કર્યો. એની દૃષ્ટિ પડે કે મને સંભાર્યો? પ્રહ્લાદ, તેં મને સંભાર્યો? જાવ, મારી દૃષ્ટિ છે, જાવ, કોઈ તમારું નામ નહીં દે. મારા છો? હા! ચલો, જાવ, જો આ અક્ષરધામ આપી દેશે. આપણે શું કરી રહ્યા છીએ એ વાતની સમજ પડી?

પેલા ભાઈએ રામકૃષ્ણ પરમહંસને કહ્યું, તમારી લવરી બંધ કરો, આથી શું ફાયદો પડે? કાંઈ પ્રવચન કરો. રામકૃષ્ણ પરમહંસ પેલાને કહે, બેસ સાલા. એ શેઠિયો હશે. એને ખોટું લાગ્યું. એ પાછો ફરી ઊઠતો'તો. ફરીવાર કહે, હવે આ બંધ કરોને! કાંઈક પ્રવચન કરો. કંઈક જ્ઞાન આપો. ખાલી, હરે રામ, હરે રામથી શું વળવાનું? ફરી પાછું રામકૃષ્ણ પરમહંસ કહે, બેસ સાલા, ઈડિયટ, ગદ્ધા. એ તો શેઠજી હતા. ઊઠીને ચાલવા માંડ્યા, ગુસ્સો કર્યો. એટલે એક જણ હશે તેને રામકૃષ્ણએ કહ્યું, અરે ભઈ! એને બોલાવી લાવ, પકડી લાવ. પેલો શેઠ કહે, નહીં આવું. અરે, આવું તે કંઈ સંતથી થાય? અક્કલ છે કે નહીં સંતને? પણ પાછા વળ્યા. સંતને શું ઓળખ્યા? ચેલા કહેવાય રામકૃષ્ણના. દેહાભિમાનનું પૂતળું કહેવાય હં! દેખાવ ખાતર ભક્તિ કે અમે પણ આધ્યાત્મિક છીએ. પછી શેઠ આવ્યા. રામકૃષ્ણ કહે, 'ભાઈ, બેસો બેસો.' પેલો કહે, 'શું બેસો?' રામકૃષ્ણ કહે, 'હવે બેસો તો ખરા.' પછી કહે, 'તમને એક 'સાલા' શબ્દ મેં કહ્યો એમાં આટલું બધું લાગી ગયું, ગુણ વ્યાપી ગયો. ઊઠીને જવા મંડ્યા, તોબરો કર્યો. મને પણ ભાંડી નાંખ્યો. તો આટલા બધા વખત મેં રામ રામ કર્યું એની તમને અસર જ ન થઈ? તમે 'સાલા' ગ્રહણ કર્યું તો 'રામ' ગ્રહણ કરવું'તું. અને તમારે પોકાર કરવો'તો. એક સાલા તમને કહ્યું એમાં તમને આટલું બધું લાગી ગયું તો હરે રામ, હરે રામ કરોને? તમે મારા સેવક છો.' જો આ વસ્તુ કો'ક આપણે સમજતા નથી. પ્રભુનું નામ છે. અને એને જ્યારે તમે તત્ત્વે કરીને ઓળખશો તો મારી માફક તમારે ગળું દુઃખાડવાનું આવશે તોય ગમશે. મારો વા'લીડો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ કોણ? કોણ જોગી મહારાજ? ખલાસ! આગળ-પાછળ ખેલે. મારો વા'લીડો. કાળના, કર્મના, સર્વના નિયંતા. અહો, મને સંભાર્યો? માટે પ્રેમથી, સમજીને, એકાકાર થઈને, આગ્રહથી ભજન ને ધૂન કરી લો. મન નિર્વિચાર થઈ જશે અને પછી ધ્યાન-ભજન. એ પહોંચશે, પ્રેરણા થશે. એના માટે ૪૦ મિનિટનો મારી જોડે આ પ્રયોગ કરો. પછી પ્રેરણા થવી જ જોઈએ.

કોઈ સૂઝ પડવી જોઈએ. કોઈ પ્રેરણા થાય, અંતઃપ્રેરણા થાય, કોઈ શુભ સંકલ્પ ઊઠે, કોઈ પાછી વૃત્તિ વળે. કોઈ દોષનું દર્શન થાય. કોઈની જોડે લડ્યા હોય તો માફી માંગવાનું મન થાય. કોઈને બોલી નાંખ્યા હોઈએ તો કોઈ જાણપણું વધે. આ બધી એની end product છે. ખાધા પછી ભૂખ મટે, પાણી પીધા પછી તરસ છીપે.

જો બે ફકરા વાંચી લો. **વચ.લો. ૬નો ફકરો...**

રાજુભાઈ ઠક્કર :– અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ‘ભગવાનનું ધ્યાન કરતે થકે મનને વિશે અનેક પ્રકારના ભૂંડા ઘાટના તરંગ ઊઠવા માંડે.’

કાકાજી :– સંકલ્પો ઊઠે છે કે નહીં? જોઈ લો. જ્યાં ધ્યાન કરવા જશો કે ઊઠશે. આમ મૂર્તિ જોયા કરે તો નહીં ઊઠે. તો એનો ઉપાય બતાવે છે. મૂર્તિ ધારવાની યુક્તિ. સ્વરૂપ ધારવાની યુક્તિ. આ blood pressure તમોગુણ, રજોગુણ, સત્ત્વગુણનું છે. તો કહે, એ blood pressure ની ગોળી લો ને હવે આરામ, આ સહેલો ઉપાય. બીજા ઘણા ઉપાય છે. ગીતાકારે મનને સ્થિર કરવાનું, જીતવાનું શું બતાવ્યું? વૈરાગ્યેન, અભ્યાસે. ગીતાકાર (કાંતિ દેસાઈ) શું કહો છો? હા કે ના કહો. વૈરાગ્યેન, અભ્યાસે. અહીં વૈરાગ્ય તો મળે નહીં. ચારવાર તો ખાવા જોઈએ. નહીં તો બગાસું આવે, તો હવે શું કરવું? વૈરાગ્ય તો છે નહીં. રાગ જોડે વેર એનું નામ વૈરાગ્ય અને એનો અભ્યાસ. એક–બે વાર માંડ વળી બેસીએ હવે, હં! શિબિરમાં આવ્યા છીએ તોય, હં! તો પણ આળસ આવે. હમણાં બીજું કંઈ જોવા કરવાનું હોય તો મઝા પડી જાય, રસ પડે. તો અભ્યાસેન, આ બહુ અઘરું છે. એવા સાત જુદા જુદા મુદ્દા એક દા'ડો મેં સમજાવેલા અગરવાલજીને. પછી આ બાપાની મૂર્તિ આપી. ‘હું છું તારી બંસી કે તારે ગાવું હોય તે ગાજે.’ સાંભળ્યું. એ તો નાચવા માંડ્યો, હં! લય થઈ ગયો, હં! બાપાનો ફોટો જોયો, મને કહે, ‘સ્વામિનારાયણ ધૂન છેને?’ મેં કહ્યું, હા, હોઠ બીડ્યા વગર કરજો. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કયા વિચાર આવે? જાગ્રત થઈ જાવ. હરે!

રાજુભાઈ ઠક્કર :– જેમ સમુદ્રમાં મોટા મોટા તરંગ ઊઠે તેમ ભૂંડા ઘાટ ઊઠવા લાગે ત્યારે તે ઘાટને કેમ ટાળવા? પછી એનો ઉત્તર પણ પોતે જ કર્યો. કે, ‘જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે...’

કાકાજી :– ઉચ્ચ સ્વરે ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ એમ. ગળું દુઃખતું હોય કે બીજું થતું હોય એની વાતુ જુદી છે. તમને માનસિક જપ કરતાં આવડતો હોય તો આ નહીં કરવાનો. માનસિક, automatic, અજપાજપ. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... આ અજપાજપ છે. માનસિક અથવા અજપાજપ. એ પ્રાણવાયુનો જપ છે. તો ઉચ્ચ સ્વરની જરૂરત નહીં.

રાજુભાઈ ઠક્કર :– ધ્યાનને પડ્યું મૂકીને ઉચ્ચ સ્વરે.

કાકાજી :– જીભે કરીને ઉચ્ચ સ્વરે.

રાજુભાઈ ઠક્કર :– નિર્લજ્જ.

કાકાજી :– નિર્લજ્જ એટલે લાજ વગરનો ગધેડો. નિર્લજ્જ એટલે અહીં લગન ચાલતું હોય ને ભૂંકે. સારો પ્રસંગ હોય ને આપણે પેલી શરણાઈ વગાડીએ ત્યારે આ ગધેડું ભૂંકે. તે જ ટાઈમે, એને સૂઝ પડતી હશે? નિર્લજ્જ, લાજ વગરનો, અર્ધી રાતે. ભગવાનને શયન કરાવવાનું ત્યારે ભૂંકે, નિર્લજ્જ. હરે!

રાજુભાઈ ઠક્કર :– ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજ્જ થઈને તાળી વગાડીને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું અને હે દીનબંધો! હે દયાસિંધો! એવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી. તથા ભગવાનના સંત જે મુક્તાનંદસ્વામી જેવા મોટા હોય...

કાકાજી :– હે પ્રેમસ્વામી, હે પુરુષોત્તમસ્વામી, હે હરિપ્રસાદસ્વામી, હે કાકાજી! હં!

રાજુભાઈ ઠક્કર :– તેનાં નામ લઈને તેની પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય.

કાકાજી :– સર્વ. એક–બે ટળ્યા કે ન ટળ્યા એ જોવાનું નહીં. ૧૫–૨૦ મિનિટ, અર્ધી ઘડી કરી કે નહીં? બસ. ખલાસ. તલ્લીન થઈને કરવું તો સર્વે ઘાટ ટળી જાય.

રાજુભાઈ ઠક્કર :– તો સર્વે ઘાટ ટળી જાય ને નિરાંત થાય. પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.

કાકાજી :– હવે આ ઘાટ ટળ્યા પછી સત્ત્વગુણ શરૂ થયો. **વચ.પ્ર. ૩૨ – મૂર્તિ ધાર્યાની યુક્તિ.** તમે એમ ને એમ ધ્યાન કરવા બેસો છો એટલે ફળ મળતું નથી. મહારાજ કહે, પહેલું ધ્યાન. માનસિક પૂજા બરાબર હોય તો સવાલ નહીં. તો શરૂ કરી દો. ૨–૩ મિનિટમાં ધ્યાન કરવાનું. એકદમ પ્રવેશ થઈ જાય. કામીનો કામમાં, લોભીનો લોભમાં, માનીનો માનમાં, ૫૫ વર્ષે બબુડિયું આવ્યું હોય તો એમાં એનો પ્રવેશ થઈ જાય, હં! બબુડિયો લાલજી થઈ જાય. એમાં automatic પ્રવેશ થઈ જાય. આ મૂર્તિ ધારવાની યુક્તિ. **વચ.પ્ર. ૩૨નો છેલ્લો ફકરો વાંચો.**

રાજુભાઈ ઠક્કર :– પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'હવે તો પ્રશ્ન–ઉત્તર કરો.' પછી દીનાનાથ ભટ્ટે તથા બ્રહ્માનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, કોઈ સમયે તો ભગવાનના ભક્તના હૃદયમાં આનંદથી ભગવાનનું ભજન, સ્મરણ થાય છે ને ભગવાનની મૂર્તિનું ચિંતવન થાય છે અને કોઈ સમયે તો અંતર ડોળાઈ જાય છે ને ભજનનું સુખ આવતું નથી તેનું શું કારણ છે?

કાકાજી :– એને technique આવડી નહીં. કરામત આવડી નહીં. યુક્તિ આવડી નહીં.

ચાંપ દાબીને કામ કરવાનું ન આવડ્યું, ગદ્ધાવૈતરું થયું. વેરણીયાને એક દિવસના વીસ રૂપિયા મળે, પાલખીવાલા (શ્રી. નાની પાલખીવાલા) એક કલાકના સાઠ હજાર રૂપિયા લે. શું ભઈ ફેર પડ્યો? એય માણસ છે. પેલાને યુક્તિ નહીં આવડી. યુક્તિ એટલે technology, ચાંપ દાબે ને rocket ઊડે એવું. એક લાખ માઈલની સ્પીડે. આજે દમણિયામાં દિલ્હી ન જવાય. એ જમાનો ગયો. હરે!

રાજુભાઈ ઠક્કર :– ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એને ભગવાનની મૂર્તિ ધાર્યાની યુક્તિ આવડતી નથી.'

કાકાજી :– યુક્તિ એટલે? Technique એટલે? કરામત એટલે? ચાંપ દાબો ને કામ ચાલે. Finish. ગદ્ધાવૈતરું નહીં. આ જમાનામાં આપણે ગદ્ધાવૈતરું નહીં કરવાનું. આપણા પ્રભુનું નામ પણ સહજાનંદ, આનંદ કરતાં કરતાં એની technique શીખી લો. પરમહંસોએ ગદ્ધાવૈતરું બહુ કર્યું. યુક્તિનો અર્થ technique છે, કરામત છે. એ એમને આવડ્યું નહીં. એમણે પહેલું મનને શાંત કરીને પછી કરવું જોઈતું હતું. આખી જિંદગી કર્યા કર્યું એ લોકોએ. તોય પહોંચ્યું નહીં ને કહે, મેં આટલી સેવા કરી, લો! હાં!

રાજુભાઈ ઠક્કર :– ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, 'કેવી રીતે યુક્તિ જાણવી?'

કાકાજી :– યુક્તિ કેવી રીતે જાણવી? મુક્તાનંદસ્વામીને આવડ્યું નહીં. નૈષ્ઠિક બ્રહ્મચારી, સદ્‌ગુરુ – એને જ યુક્તિ ન આવડે તો બીજાને શું શીખવાડે? આ તો આ ગુણાતીત પેઢીમાં જ યુક્તિઓ પર યુક્તિઓ છે, હં! મનને નિર્વિચાર કરવાની સાત યુક્તિ છે. ગીતાકારની, સાંખ્યની, યોગની, વેદાંતની, પંચરાત્રની, સદ્‌ગુરુની, આ ભગવાનનું નામ. નિર્વિચાર કરી નાંખવાનું. આ મેં મંત્ર સિદ્ધ કરેલો છે, હં! હું મંત્રસિદ્ધ છું. હં! મંત્રશાસ્ત્રી એકલો નહીં. મારે વચને તમે મંત્ર સિદ્ધ કરો. Finish! પણ ગુરુ વિશે જ માયિકભાવ ને મનુષ્યભાવ હોય તો પછી કેવી રીતે કામ બને? એક વસ્તુ શીખવા આવ્યા છો, હું શીખવાડનાર છું ને તમારે શીખવું છે. હું શુકદેવજી ને તમે પરિક્ષિત! ચાલોને! સાત દા'ડામાં થઈ ગયું. આ ભાવ રહેવો જોઈએ. એમ નહીં કે, 'ના, આ તો અમે જાણીએ છીએ હવે! ચલો હવે, થોડું ઘણું કાકા પાસેથી શીખો. થોડું ઘણું આપણે પણ જાણીએ છીએ. થોડું ઘણું પણેથી પણ શીખો, હં!' પણ એવો ભાવ રાખવો કે, 'ના, મને નથી આવડતું ને આ શીખવનાર છે. આ મને નથી આવડતું. થોડા ખોટા ઘાટ પણ ઊઠે છે. મંડો બરાબર...' હરે!

રાજુભાઈ ઠક્કર :– ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, યુક્તિ તો એમ છે જે અંતઃકરણને વિશે ગુણનો પ્રવેશ થાય છે તે જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે અંતઃકરણ નિર્મળ વર્તે ને ભગવાનની મૂર્તિનું ભજન, સ્મરણ સુખેથી થાય.

કાકાજી :– સુખેથી થાય, એકાંતિક પાસે સ્હેજે સ્હેજે સત્ત્વગુણ વર્તે. શુભભાવ થાય,

અહોહોભાવ થાય, ઉત્સાહ થાય, ઉમંગ થાય. કંઈ કરીએ, જોયું? એ સત્ત્વગુણ કહેવાય. હરે!

રાજુભાઈ ઠક્કર :– અને જ્યારે રજોગુણ વર્તે ત્યારે અંતઃકરણ ડહોળાઈ જાય ને ઘાટ સંકલ્પ ઘણા થાય ને ભજન સ્મરણ સુખે થાય નહીં. અને જ્યારે તમોગુણ વર્તે ત્યારે તો...

કાકાજી :– તો તો ખલાસ, તડામાર.

રાજુભાઈ ઠક્કર :– ત્યારે અંતઃકરણ શૂન્ય વર્તે, માટે ભજન કરનારાને ગુણ ઓળખવા અને જે સમયે સત્ત્વગુણ વર્તતો હોય તે સમયે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું.

કાકાજી :– તે ઘડીએ સત્ત્વગુણ. તો કહે, સત્ત્વગુણ છે જ નહીં. અમારે આવતો નથી. ખબરે નથી પડતી, અમે ગબરગંડ છીએ, હં! અમે તો પશુ જેવા છીએ. બસ ખાવાનું એકલું યાદ રહે. 'વાસુદેવ હરે' (સ્વામિનારાયણ સંપ્રદાયનાં મદિરોમાં સહુને ભોજન માટે બોલવવા વપરાતો શબ્દપ્રયોગ) થાય એટલે તરત. એટલો શબ્દ યાદ રહે. આ વાસુદેવ હરે, થયું, તો નથી સમજ પડતી, હેં! ના, સંકલ્પ–વિકલ્પ ઊઠે એ ખબર પડે કે એ પણ નહીં? તો કાંઈ નહીં! જડ જેવા છીએ આપણે. પ્રભુ અમે તમારા. પાંચ દંડવત્ કરી અને એકદમ ધૂન કરવા મંડી પડવું. એકદમ સત્ત્વગુણ શરૂ થઈ જશે. ઘાટ બંધ થઈ જશે. સત્ત્વગુણ હોય તો! પછી ધૂન–ધ્યાન કરવું, ખલાસ, હં!

રાજુભાઈ ઠક્કર :– અને તમોગુણ જ્યારે વર્તે ત્યારે કશો ઘાટ થાય નહીં ને શૂન્ય સરખો વર્તે. તેમાં પણ ભગવાનનું ધ્યાન ન કરવું. અને જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે ઘાટ સંકલ્પ ઘણા થાય. માટે તે સમયે ભગવાનનું ધ્યાન કરવું નહીં અને તે સમયે તો એમ જાણવું જે હું તો સંકલ્પ થકી જુદો છું ને સંકલ્પનો જાણનારો છું ને મારે વિશે અંતર્યામીરૂપે પુરુષોત્તમ ભગવાન સદાકાળ બિરાજે છે.

કાકાજી :– આવું બનશે નહીં. આવું જો જ્ઞાન હોય તો જોઈતું'તું શું? આપણે તો જડ છીએ, તો હવે કરવું શું પણ? પોકાર. જો આ શોધી કાઢ્યું મેં, સંશોધન કરીને. તમે એક રહસ્ય સમજી રાખો. A to Z બધાંને લાગુ પડે, એકદમ. પ્રગટના ઉપાસક તો છીએ જ. એની સ્મૃતિ તો થાય. ધબ્બો માર્યો હોય, દૂધપાક ખવડાવ્યો હોય, પ્રસાદી આપી હોય, મગ ખવડાવ્યા હોય, પાપડ ખવડાવ્યો હોય, ચા પીવડાવી હોય, હં! પાઉંભાજી ખવડાવી હોય! ના સ્મૃતિ આવે? કંઈ ને કંઈ આવે જ. ટેકરે ચડ્યા હોય, Table Land પર ગયા હોય. ધૂન કરી હોય, બે–ત્રણ પ્રસંગમાંથી કંઈનું કંઈ યાદ આવી જાય. ફડાક! પ્રવેશ થઈ જાય. Automatic. હવે આની આ જ વાત. ભગવાનને સંભાર્યા, સ્થૂળ રીતે પોકાર કર્યો. અમારી દૃષ્ટિ પડે. શું કહે છે? ભગવાન ને સંતની દૃષ્ટિ પડે જ નહીં. એનો અભિપ્રાય સમજાય જ નહીં. **૩જા પ્રકરણની ૩૭મી વાત.** આ તમે જે કરો છો એ કેટલું ભવ્ય છે, એની વાત બતાવું છું. તમારે ખુશ થવા જેવી

વાત છે. અહોહો! તમારે તો કંઈ નહીં. કાકા કહે છે, એટલે કરો. ઉપકાર કરીએ છીએ એમની ઉપર. આવીએ છીએ, હં! જોજો, હં, કેટલી ભારે વાત તમે કરી રહ્યા છો. તમારામાં કોઈનો વિરોધ અમને નડ્યો છે? ૩જાની ૨૪–૨૫–૩૬–૩૭મી વાત ને પછી ૨જાની ૧૧. જો, આ પ્રાપ્તિ તમારી, હં! કાન દઈને નહીં સાંભળતા, મન દઈને સાંભળજો. આ વાત સમજાઈ જાય. હરે! મને કેટલી ગરજ છે, નહીં? હં, હરે! હવે **સ્વામીની પ્રકરણ ૩જાની ૨૫મી વાત વાંચો.** હરે!

રાજુભાઈ ઠક્કર :– સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે, મહારાજનો ને મોટા સાધુનો હૃદગત અભિપ્રાય જાણવો તે તો બહુ જ કઠણ છે.

કાકાજી :– બહુ જ કઠણ.

રાજુભાઈ ઠક્કર :– તે તો ક્યારે જણાય? તો એક કલ્પ સુધી જો મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા કૃપાનંદસ્વામી...

કાકાજી :– એક કલ્પ સુધી ક્યાં ચક્કરમાં આવ્યા કરીએ? હં! એક કલ્પ. એવા પુરુષની પાસે એક દિવસ. હં!

રાજુભાઈ ઠક્કર :– એવાને સેવીએ ત્યારે જ જણાય પણ તે વિના તો જણાય જ નહીં. એ સિદ્ધાંત વાર્તા છે ને તે વિના જે કંઈ આપણને જણાય છે તે તો મહારાજની ને આ મોટા સાધુની દૃષ્ટિ વડે કરીને જણાય છે.

કાકાજી :– જે કાંઈ જણાય છે એ આ મહારાજની ને આ મોટા સાધુની દૃષ્ટિ વડે, હાં!

રાજુભાઈ ઠક્કર :– ને તેની દૃષ્ટિ ક્યારે થાય?

કાકાજી :– ક્યારે થાય? હવે જોજો. આમાંથી એક ટકો તમારાથી બને એવું નથી. મેં તમારા ખાતર દોહન કરી કરી શોધી કાઢ્યું ત્યારે તમને કિંમત નથી. મફતમાં ચીજ આપી છે તો શા માટે હલવાવ છો? આ કરો. દૃષ્ટિ માટે. ભગવાન ને સંતની દૃષ્ટિ, એ ઉપર વાત ચાલે છે. હવે ક્યારે થાય? જોજો.

રાજુભાઈ ઠક્કર :– તો દૃઢ ધર્મ હોય.

કાકાજી :– દૃઢ ધર્મ! ધર્મ જ નહીં તો, દૃઢ ધર્મની કાં વાત! આ તો એકાદશીના દા’ડે ખાઈ પાડીએ, તો! એવા તો વીરલા કોઈ. હરે!

રાજુભાઈ ઠક્કર :– તથા આત્મા–પરમાત્માનું અતિ દૃઢ જ્ઞાન હોય.

કાકાજી :– આત્મા–પરમાત્માનું જ્ઞાન તો ઠીક. દૃઢ જ્ઞાન નહીં, અતિ દૃઢ જ્ઞાન હોય. એમાંય ચોકડી મારી દો. આ subject લેવાનો નહીં. આપણાથી આ subject લેવાય નહીં.

રાજુભાઈ ઠક્કર :– તથા પંચવિષયમાં અતિશય દૃઢ વૈરાગ્ય હોય.

કાકાજી :– ઓ બાપરે! પંચવિષય, એ તો ગમી જાય એવા છે. મૂર્તિમાંથી પણ ખેંચી જાય એવા છે, હં! અતિ દૃઢ વૈરાગ્ય હોય, હં! આ subject પણ લેવા જેવો નથી. એ માથાકૂટ, હં!

રાજુભાઈ ઠક્કર :– તથા પુરુષોત્તમ ભગવાનની માહાત્મ્યસહિત અનન્ય ભક્તિ હોય.

કાકાજી :– અનન્ય ભક્તિ પાછી, એકલી ભક્તિ નહીં. અનન્ય ભક્તિ. જોયું? આય નથી. આ ચોકડી મારી દો, ચલો! એમ ને એમ પાસ કરો છો? તમારી કૉલેજ એવી છે? તમારે દ્વાર આવ્યા, એટલું ઓછું છે? આવો, ભઈ! આવો, ત્યારે. તમારે માટે પરીક્ષાનાં પેપર પણ અમે લખીશું. તમે બેસજો, સાંભળજો, હં! ત્યારે દૃષ્ટિ થાય.

રાજુભાઈ ઠક્કર :– તેને માથે દૃષ્ટિ થાય છે.

કાકાજી :– આમાંનું તો બને એવું નથી, હં!

રાજુભાઈ ઠક્કર :– પણ દેહાભિમાનીને માથે દૃષ્ટિ થતી નથી.

કાકાજી :– દેહાભિમાનીને માથે. હું કંઈક સમજું છું ને અક્કલવાળો છું એના માથે દૃષ્ટિ થતી જ નથી, હાં!

રાજુભાઈ ઠક્કર :– ને તે વિના કાંઈ દૃષ્ટિ જેવું જણાય છે તે રહેશે નહીં.

કાકાજી :– તે રહેશે નહીં, હં!

રાજુભાઈ ઠક્કર :– તેમાં કાંઈ સંશય નથી.

કાકાજી :– કાંઈ સંશય નથી. જો ફરી એની એ વાત repeat કરશે. ત્રીજાની ૩૭મી, એમાંય પણ શું ધૂળ જણાય? પતંગિયાં સૂર્યનો અભિપ્રાય કેવી રીતે આપે? દરેકે માની લીધું મને તો ખબર છે, હેં! છતાં અમે સ્હેજમાં થાય એવી technique શોધી કાઢી. આટલું સમજીને પ્રેમભાવથી ધન્યવાદ દેવા જોઈએ, હેં! કે આ આપણાથી બને એવું નથી. અરવિંદો તો છેક પોંડીચેરી જાય ત્યારે દર્શન દે. આ ગુરુ તો ઘેર ઘેર ફરે, હં! પેલા તો વળી આમ હાથ કરે, ખલાસ! ત્રણ મહિનામાં એકવાર. એ રૂપાંતર કેવી રીતે કરે? પાસે રહ્યા હોય તો ને? હરે! હવે **સ્વામીની વાત પ્રકરણ ૩જાની ૩૭મી વાંચો.** હરે!

રાજુભાઈ ઠક્કર :– સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી... એક દિવસ સ્વામીએ અર્ધી રાત્રે ઊઠીને એમ વાત કરી જે...

કાકાજી :– અર્ધી રાત્રે અંગત હતા ને એની જોડે, હાં!

રાજુભાઈ ઠક્કર :– કેટલાક એમ જાણે છે જે સ્વામી અમારી કોર છે.

કાકાજી :– કેટલાક કહે, સ્વામી અમારી કોર. પેલા એમ જાણે કે સ્વામી અમારી કોર.

પેલો કહે, મારા આગવા. પેલો કહે, મારા આગવા.

રાજુભાઈ ઠક્કર :– કેટલાક એમ જાણે છે કે સ્વામી અમારી કોર છે. પણ અમારો અભિપ્રાય તો મોટામોટા સદ્‌ગુરુ પણ જાણી શક્યા નથી.

કાકાજી :– હં!

રાજુભાઈ ઠક્કર :– તો આજ તમે શું જાણશો?

કાકાજી :– ગુરુને (મોટા સદ્‌ગુરુને) પણ સૂઝ નહીં પડી...

રાજુભાઈ ઠક્કર :– ત્યારે પૂછ્યું જે, બહુ મોટા હોય તેનો અભિપ્રાય નાનો (નાનો શિષ્ય) હોય તે જાણે કે ન જાણે?

કાકાજી :– ન જાણે. તો કહે, શું ઘૂડ જાણે?

રાજુભાઈ ઠક્કર :– ત્યારે સ્વામી બોલ્યા જે, શું ઘૂડ જાણે? અને જે પતંગિયો હોય તે સૂર્યનો અભિપ્રાય જાણે છે? નથી જાણતો.

કાકાજી :– અભિપ્રાય શું ઘૂડ જાણે?

રાજુભાઈ ઠક્કર :– તેમ મોટાનો અભિપ્રાય તો જણાય જ નહીં એ સિદ્ધાંત વાત છે.

કાકાજી :– જણાય જ નહીં. ત્યારે શું કરવું? તો બેસી રહેવું? તબાકા પાડીને જુવારના રોટલા ખાવા? આ તો ખલાસ, ના પાડી દીધી ને પેલું બને એવું નથી. તો કોઈ રસ્તો છે? તો આ રસ્તો. જે હું તમને કરાવું છું. ભગવાન ને સંતની દૃષ્ટિ પડી જાય. તો અભિપ્રાય સમજાય. અભિપ્રાય સમજાય તો અર્જુન જેવું કામ થઈ જાય. સીધી વાત. હવે આપણે આ process પણ આટલો સરળ બનાવ્યો છે. એવા ગુરુની હાજરીમાં, એના ગમતાં પ્રમાણે કરીને આપણે એનો રાજીપો ન લઈ લઈએ? આટલી સરસ, આવી specialised college કોઈ જગ્યાએ નહીં હોય. હરે!

**હવે વાંચો સ્વામીની વાત પ્રકરણ ૨જાની ૧૨મી.**

રાજુભાઈ ઠક્કર :– સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી, એકલું જ્ઞાન કહેવું ને સાંભળવું તે કાંઈ કઠણ નથી. માટે બે ઘડી વૃત્તિઓ પાછી વાળીને ભગવાન સંભારવા...

કાકાજી :– બે ઘડી! બે ઘડી એટલે ૪૮ મિનિટ. બે ઘડી પાછી વૃત્તિ વાળીને, નિરાંત વાળીને, રસોઈ–બસોઈ, કપડાંમાંથી પાછા આવીને, કોઈ ટાઈમ કાઢીને ૪૮ મિનિટ ભગવાનની મૂર્તિને સંભારવી. એનાં ગુણગાન, એનાં ઐશ્વર્ય–પ્રતાપ, એક ઢબે, એક જગાએ બેસીને, જોયું! હાં!

રાજુભાઈ ઠક્કર :– માટે બે ઘડી વૃત્તિઓ પાછી વાળીને ભગવાન સંભારવા ને ધ્યાન ન થાય તો ભજન કરવું. પણ રસોઈ કરીને જમવું નહીં તે શા કામનું? ને એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થવાના નથી ને એ તો ભગવાન સંભારશું ત્યારે થાશે

ને ભગવાનને સંભારવા માંડે તો તેના ઉપર ભગવાનની ને મોટા સાધુની દૃષ્ટિ થાય...

કાકાજી :– આપણે મુદ્દો આ છે કે એની દૃષ્ટિ કેમ થાય? અતિ દૃઢ વૈરાગ્ય. આપણે પતંગિયાં જેવા. એનો અભિપ્રાય સમજણ પડે નહીં, હં! મોટા મોટા અવતારને પણ, તો આપણે એવું શું કરવું? તો let him do it! આપણે મમ્મી, મમ્મી કરીને પોકાર કરો. એટલે મમ્મી આવે જ. છીએ તો એના. તો કહે, એને બે ઘડી પાછી વૃત્તિ વાળીને ચાર સંધ્યા ટાઈમે, નહીં તો બે સંધ્યા ટાઈમે, એને સંભારો. ૪૮ મિનિટની બદલે મેં સવા કલાક રાખ્યો, બસ. એટલે ધીરે રહીને એકાગ્રતા આવી જાય. એ મારું અનુષ્ઠાન છે. એનું નામ પાકો સ્વરૂપયોગ, હરે!

રાજુભાઈ ઠક્કર :– પણ એ માર્ગે ચાલે નહીં. ત્યારે તેના ઉપર શાની દૃષ્ટિ થાય?

કાકાજી :– જો એ માર્ગે ચાલે નહીં તો શેની દૃષ્ટિ થાય? તે ના કરો, પણ તપ–ત્યાગ કર્યા કરો, એમાં સ્વાદ પડે, માન મળે. મેં નકોરડો કર્યો. હવે આપણે જમ્યા, સારું ભઈ! અમે અધર્મી. જાવને, ભઈ! કાંઈ નહીં, પણ ભગવાન ને સંતની સેવા તો કરીશું. હરે!

રાજુભાઈ ઠક્કર :– માટે એ તો ભગવાનનો વિશ્વાસ રાખીને મંડવું. ને જેવો જેવો સંગ થાય તેવું થવાય છે. પણ જેમાં નહીં હોય તેને સંગે તે ગુણ ક્યાંથી આવશે? ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણ હોય તો તે જીવના સુખના અર્થે થાય ને ભગવાનને સંભારવા...

કાકાજી :– તે ભગવાન પોતે માથે લઈ લે. મને સંભાર્યો? મારા ઘોડાને જાર નાંખી? મારા ભક્તોને ચા પાઈ? મારે અર્થે આવ્યા? એમને કૉફી પીવડાવી? જાવ, મઝા કરો, એમ કહે છે. સીધું direct, હં!

રાજુભાઈ ઠક્કર :– ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તે પણ છે તો જીવના સુખ સારુ. પણ મહારાજ પોતાને અર્થે કર્યું એમ માની લે છે.

કાકાજી :– જો આ વાત આપણે જે કરીએ છીએ, સ્વરૂપયોગ, સત્કર્મ એ. જોયું? મહારાજને જેવા છે તેવા તત્ત્વે કરીને ઓળખવા. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ. જો, કાને કરીને લાડવો ખવાય કે નહીં? ના ખવાય. તો આંખે કરીને અત્તર સૂંઘાય કે નહીં? એ જેમ ખ્યાલ છે! જે વસ્તુ જેવી છે તેવી. એનું યથાર્થ લક્ષણ ને characteristic. તત્ત્વે કરીને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, પ્રકૃતિ, બ્રહ્મ, પરબ્રહ્મ. તો એમાં પછી શંકા નહીં પડે. જે જેવું છે એવું એને ઓળખવું અને એ રીતે એની જોડે વહેવાર કરવો. એ એને તત્ત્વે કરીને ઓળખ્યા. જોયું? ચકલીને ખિસ્સામાં પકડાય કંઈ? વીંછીને પકડાય નહીં. કારણ? જાણીએ છીએ કે એ ડંખ મારે. જે જેવું તત્ત્વ છે, જે જેવું પદાર્થ છે, જે જેવી વ્યક્તિ છે, જે જેવું સ્વરૂપ છે, એને જેવું છે તેવું ઓળખવું. એના સ્વભાવ, ઐશ્વર્ય–પ્રતાપ, લક્ષણ, એની characteristic કે મીઠું ખારું જ લાગે, ખાંડ ગળી જ લાગે, મરચું તીખું જ લાગે, આંબલી ખાટી જ લાગે.

એમ આ બ્રહ્મતત્ત્વ, આપણે જીવતત્ત્વ. બહુ મોટપથી ચલાવે એ ઈશ્વરતત્ત્વ. અજ્ઞાનતા ને ગુણ વ્યાપે એ માયાતત્ત્વ.  અખંડ પ્રકાશિત સ્વરૂપે જ વર્તે એ બ્રહ્મતત્ત્વ અને આનંદિત, અખંડ આનંદિત, એ સહજાનંદ. આ એનું વિશિષ્ટ લક્ષણ. એનો એકેકનો ગુણ છે. ગુણાતીતની સાધુતા, મહારાજનો સુહૃદભાવ. અકારણ પણ રૂડું જ કરે. ભેદભાવ વગર આપ્યા જ કરે. લે, જા. મહારાજનો ગુણ તો જુઓ. એમ આપણે વચનામૃત પ્રથમનું ૧૨. પહેલું, તત્ત્વે કરીને. જો તમને તત્ત્વે કરીને ઓળખાણ પડી ગઈ તો તમે માયાને જીતી જાવ. સવારમાં એના મુદ્દા નક્કી કરી લેશું. પ્રથમનું ૧૨, પંચાળાનું ૭. એટલો એક ફકરો વાંચી લો એટલે એનો ખ્યાલ આવે. એમાં શબ્દ આવશે અને મધ્યના ૧માં છેલ્લેથી આવશે, હં કે? બે વચનામૃતોનો સાર કહ્યો'તોને? એટલે સવારે એની પર નિરૂપણ કરશું. તત્ત્વે કરીને ઓળખવા. પેલો નટનો છોકરો બળી જાય પછી રાજા પાસે નટ માંગે. મારો છોકરો લાવો. ભઈ, બળી ગયો એ તો! થોડીવાર પછી પાછો આવે, હાળો. ત્યારે રાજા કહે, બળી ગયો'તોને! કંઈથી આયો તું? પેલો કહે, અમે તો, આ નટની માયા. અમે ખેલ કરીએ, મારો બાપ ત્રણ વખત આવું કરે. બક્ષિસ લાવો હવે. બળી ગયો ને આવ્યો એ! તમે મન સોંપ્યું છે? તો તમને ખબર પડે. જો અંતરાય હશે તો નહીં ખબર પડે. તત્ત્વે કરીને ઓળખવા પર વાત છે. એકાંતિકના પ્રસંગે. હરે! તો જ એનો માયિકભાવ ટળે. હરે! વાંચો.

**વચ.પંચાળા ૭નો ફકરો.** હરે!

રાજુભાઈ ઠક્કર :– ... તેનો અર્થ પોતે શ્રીજીમહારાજ કરવા લાગ્યા જે, માયાના ત્રણ ગુણનો સર્ગ જે પંચભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે ભગવાનના સ્વરૂપને વિશે ત્રિકાળમાં છે જ નહીં. એમ સમજે તથા એ શ્લોકનું પદ જે, **धाम्ना स्वेन सदा निरस्तकुहकम्** કહેતાં ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે એ માયાના સર્ગરૂપ કપટ જેણે, એવું ભગવાનનું પરમ સત્ય સ્વરૂપ છે.

કાકાજી :– એવા આ ભગવાન છે. અરે, તારો બાપો અહીં બેઠો છું, એવા આ છે, એમ કહેવું જોઈએ! તો ભગતજીએ પછી કહ્યું, 'હું બોલું બાપજી?' ચાલો, બે મિનિટ બોલો, ત્રીજી મિનિટે લાઈસન્સ કૅન્સલ. ભગતજી કહે, 'આની મરજી વિના', બીજાં બધાં કેવું બોલે! બધાં ભેગાં રહેલાં જ, હં, બધાં ઢીમેઢીમ બધાં, જાડાં–પાતળાં, અણિયાળાં, દાઢીવાલા, ઢીમેઢીમ વજનવાલા મહારથીઓ. એની મરજી વિના, આકાશવાળાની મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય. એમ ચાલતું'તું! જૂનાગઢના જોગી પાસે, હં! ત્રીસ ત્રીસ વરસથી સ્વામિનારાયણના લાડવા ખાનાર, ભેગા રહેનાર, પછી ભગતજી ગુણાતીતને બતાવીને કહે, આની મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. એમ આને જાણજો રે. પેલા શું કહે? એને જાણજો રે. માણકી ઘોડીવાળાને. આકાશમાં ગયા એને જાણજો રે, તો શો શકરવાર વળે?

હં! સંસ્કાર પડે. એમ પ્રગટ જોઈશે, જોઈશે, ને જોઈશે. જ્યાં તમને મનાય ત્યાં! એમાં રહેલા મહારાજ. એને કોઈ સહજાનંદ નથી ઠહેરાવતું. જો ખરેખર સદ્‌ગુરુ થકી સમજ્યો હશે, તો! તત્ત્વે કરીને બહુ સમજવા જેવી વાત છે, હં! મનુષ્યરૂપમાં પણ રહે છે જ. માનવરૂપમાં એ સત્તાવાળું સ્વરૂપ બદલાય, ફૉર્મ બદલાય. શાસ્ત્રીજી મહારાજ પછી જોગી બાપા. અત્યારે એવો ને એવો વારસો પપ્પા, કાકા, સ્વામી, મહંતને આપ્યો. બસ, આ મનાઈ જાય તો કામ થઈ જાય. હરે! એમાં રહેલા મહારાજ, બસ. તત્ત્વે કરીને ઓળખ્યા. નામીએ સહિત નામ.

રાજુભાઈ ઠક્કર :– આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિશે જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્ય તેજેયુક્ત છે. તેવું ને તેવું.

કાકાજી :– એક ટકો ઓછું એવું છે? તેવું ને તેવું જ, હં!

રાજુભાઈ ઠક્કર :– તેવું ને તેવું જ.

કાકાજી :– તેણે તત્ત્વે કરીને...

રાજુભાઈ ઠક્કર :– તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય.

કાકાજી :– અને એને માયિકભાવ ઊડી જાય.

રાજુભાઈ ઠક્કર :– અને એ જ પ્રત્યક્ષ ભગવાનને મૂઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે ત્યારે પોતા જેવો મનુષ્ય દેખે છે. અને જેમ પોતે જન્મ્યો હોય, બાળક થાય, યુવા થાય, વૃદ્ધ થાય ને મરી જાય તેમ જ ભગવાનને પણ જાણે છે.

કાકાજી :– પોતાની બુદ્ધિથી કલ્પના કરે. રામચંદ્રજી રડે છે, બૈરા હારુ. હાળું, આપણે ન રડીએ... આમ કરે છે, જોયું? એ બધું તત્ત્વે કરીને ન્હોતા ઓળખ્યા એટલે થયું. એ ત્રણ પ્રકારનાં ચરિત્ર કરે. તત્, ત્વમ્, અસિ. લૌકિક, અલૌકિક, ગુણાતીત. લૌકિક પણ કરે, અલૌકિક પણ કરે, ગુણાતીત પણ કરે. જડભરતે મોંમાં પથરો મૂક્યો. આ કંઈ ચરિત્ર? શાસ્ત્રીજી મહારાજ કપડાં કાઢીને દોડ્યા કરે, કોઈ દોડે? હં! યોગીજી મહારાજે લેટ્રીન જઈ અને બા'ર નીકળીને પછી સૂઈ ગયા ને પૂજા કરવા બેઠા. બેસે? કદી ન બેસે. એ ગુણાતીત ચરિત્ર. કો'કનું કંઈ કાઢવા–કરવા. એનાં ચરિત્ર દિવ્ય જાણ્યા પછી એ નિર્ગુણ એટલે નિર્ગુણ જ માનવાનાં. આ બહુ અઘરું છે. તત્ત્વે કરીને જેણે એને જાણ્યા એ શંકા ન કરે અને આ તત્ત્વે કરીને જાણવા. અહીંયાં કોના થકી તત્ત્વે કરીને જાણવા? એવા જેણે તત્ત્વે કરીને જાણ્યા હોય તેના થકી. એવા એકાંતિક સાધુના વચનને વિશે વિશ્વાસ લાવીને નિષ્કપટપણે જો ભગવાનનાં ચરણકમળને ભજે તો તત્ત્વે કરીને ઓળખાય. ભગવાનનાં ચરણકમળ એટલે સ્વરૂપ. પણ વચન એકાંતિકનું. વાંચો. આ પહેલું સાધન.

રાજુભાઈ ઠક્કર :– અને જ્યારે ભગવાનના એકાંતિક સાધુના વચનને વિશે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનનાં ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે.

કાકાજી :– ભજવાનું પેલું. ભગવાનનાં ચરણકમળ એટલે પ્રગટ સ્વરૂપ. પણ વચન એવા એકાંતિકનું. જેણે એને તત્ત્વે કરીને ઓળખ્યા છે, જેણે એનું ઘર માંડ્યું છે, એનું. એટલે મેં કહ્યુંને? મહારાજનું સર્વોપરીપણું ગુણાતીત જ સમજાવશે. એટલે જ બધાંને મહારાજે કહ્યું, જૂનાગઢ જાવ અને એ પેઢી ચાલુ રહી. શાસ્ત્રીજી મહારાજનું સર્વોપરીપણું કહું છું. એક વખત નંદાજીને ત્યાં શાસ્ત્રીજી મહારાજ આમ નસકોરાં બોલાવે. હુંહ...હુંહ...એટલે બધા કહે, ઊંઘે છે. જોગીબાપા કહે, 'એમ નો કે'વાય.' એ તો બીજા બ્રહ્માંડમાં કામ કરવા ગયા છે. જો એ તત્ત્વે કરીને ઓળખ્યા. આપણે કહેવાતા'તા, એના હતા, જોડાયેલા હતા, આપણી રીતે અંતર્યામી માનતા'તા, સર્વજ્ઞ માનતા'તા. જોયું? તમારું ને મારું એવું બધું કામ છે. એટલે આ વસ્તુ સમજવી પડે. એનામાં ત્રણ દેહ, ત્રણ અવસ્થાના ભાવ નહીં પરઠવાના. સ્વામી નસકોરાં બોલાવતા હતા એટલે એને ઊંઘ કે'વાય? એ તો યોગનિદ્રા કહેવાય. મોટાપુરુષને ઊંઘતા ન કે'વાય. જો એવી દૃષ્ટિ જોગી મહારાજને હતી. આપણે તો પેલી સેવા કરેલી. સવા લાખ. એટલે આપણને બોલાવવા જોઈએ, આમ બોલાવવા જોઈએ એવું મનમાં હોય. શાસ્ત્રીજી મહારાજને ચરિત્ર કરતાં બહુ આવડે, હં! ન હોય ત્યાંથી કરે, એમ રડે, એકદમ રડાવી પાડે, હસાવી પાડે, પૈસા પડાવી લે, એકદમ, હં! બસ, ખલાસ કરી નાંખે તમને. એકદમ રડાવી પાડે, પૈસા લેવા હોય ત્યારે, મને ને કાંતિને, હં! આપણને એની જોડે લાગણી બહુ, હં! એના અર્થે શું ન થાય? અમે શાસ્ત્રીજી મહારાજને કહીએ, બાપા જમી લો ને હવે, શાસ્ત્રીજી મહારાજ કહે, 'શું જમીએ, ભઈ!' અમને બેને એમ થાય કે આપણે લૂંટી લાવીને પણ શાસ્ત્રીજી મહારાજને પૈસા આલો. સૂર્યનારાયણની વાડીએ એવાં ચરિત્ર કરે. પણ અમે એમના વ્હાલસોયા દીકરા હતા. વ્હાલસોયા, હં! હરે! બીજું કયું આવ્યું? તત્ત્વે કરીને જો આ પંચાળાનું ૭ આવ્યું. તત્ત્વે કરીને ઓળખ્યા હોય એને માયિકભાવ ન રહે. જે કરે તે નટની લીલા, cosmic play. શું કહે છે? એક–બે લીટી વાંચી લે, એમાંને એમાં જ આવશે.

રાજુભાઈ ઠક્કર :– અને જ્યારે ભગવાનના એકાંતિક સાધુ...

કાકાજી :– એનું એ જ સ્વરૂપ.

રાજુભાઈ ઠક્કર :– પછી એ જ ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્ ચિત્ આનંદમય જાણે છે.

કાકાજી :– બસ, એ નટની માયા. પછી એને પેલો મનુષ્યભાવ રહેતો નથી.

જે પણ કંઈ કરે–કારવે એ જન્મકર્મ ચ મે દિવ્યમ્. તત્ત્વે કરીને જાણવું. એવું જાણવા માટે શું કરવું પડે? માયિકભાવ ટાળવા માટે શું કરવું પડે? નિત્યાનંદ કહે, જન્માદસ્ય એવા જે ભગવાન ઉત્પત્તિ, સ્થિતિ, લય કરે એવા. ઓ, તારો બાપો અહીં બેઠો છેને શ્રીજીમહારાજ. હેં! જો બતાવાયું કંઈ? ને પેલું પરોક્ષ થઈ ગયુંને? હં! એની મરજી વિના. અરે! પેલા ભગતજી ઓળખતા. આની મરજી વિના અથવા એમાં રહેલા મહારાજની મરજી વિના. એવી ભવ્ય વસ્તુ છે, પેઢી એની એ જ ચાલતી રહેવાની. જો આ સમજાઈ જાય તો જયજયકાર. પ્રાપ્તિનો ય પાર નહીં. ન સમજાય તો, જો માયિકભાવ રહી જાય, મનુષ્યભાવ રહી જાય તો ખોટનો પણ પાર નહીં. એના વિશે એટલે એક જગ્યાએ તો માથાકૂટ જ નહીં કરવાની. બસ, બેવાર કહે એટલે કટ વળી જ જવાનું. બીજું કાંઈ ન સમજાય તો એકાંતિકના પ્રસંગે સમજવું. એવું જે તત્ત્વે કરીને ઓળખતો હોય એવા ભગવદીનો પ્રસંગ કરવો જ પડે. તો હવે એવી રીતે તત્ત્વે કરીને પોતાની મેળે direct થાય કે નહીં? એ ઉપર કાલે સવારે વાત કરીશું. વચ.પંચાળા ૭, પછી મધ્યનું ૧–૧૭, પછી કારિયાણીનું ૧–૭, પછી લોયા ૭. આ બધામાં આ શબ્દ આવશે, હં! તત્ત્વે કરીને ઓળખવું, જુદાં જુદાં સાધન આવશે! બાપાએ ૧૯૬૨માં વારંવાર કરેલી એક વાત – તત્ત્વે કરીને આપણે સ્વરૂપને ઓળખવાનો વિષય ચાલે છે. જે જેવું છે તેવું યથાર્થ ઓળખાઈ જાય. જીવનું, ઈશ્વરનું, બ્રહ્મનું, માયાનું, પરબ્રહ્મનું સ્વરૂપ. ખરેખર જો સ્વરૂપનો નિર્ણય હોય તો મધ્ય ૧૩માં મહારાજ કહે છે કે આટલી જ વાત સમજવાની છે. પંચવિષય, દેહાભિમાન સ્હેજે જ જીતાય જાય.

આજ આપણે બહુ ઉત્સાહ, પ્રેમથી, હું ને તમે બધાં જ બાપાનાં ગાંડાંઘેલાં બાળકો એમના જ વચનમાં વિશ્વાસ રાખીને બહુ જ પ્રીતિએયુક્ત સવા કલાકનું અનુષ્ઠાન કરવાના છીએ. બાપાના વચનમાં તમને સહુને વિશ્વાસ છે. તમારે ખાલી પ્રીતિએયુક્ત સાંભળવાનું. શ્રદ્ધાએયુક્ત એને પકડી રાખવાનું. એને માટે ગદ્ગદ્કંઠે પ્રાર્થના કરવાની. ભૂતકાળ સદંતર ખલાસ. ભવિષ્યની ચિંતા નહીં. આજ, આજ, ભઈ અત્યારે. વર્તમાનકાળે બાપાનું વચન છે. આપણે કરવું છે. વાતાવરણ સરસ છે. એકાંતિકના જોગમાં છો. જ્યારે બાપાએ આ વાત કરી ત્યારે અમે ઢીમેઢીમ બેઠેલા. બનારસમાં પાંચસો માણસની સભા થયેલી. બાપા ખુરશી નાંખીને બેઠેલા. ટ્રેન દોઢ કલાક મોડી થઈ. નાસ્તાપાણીનું જરા અસ્તવ્યસ્ત થયું. મણિભાઈ સલાડવાળા જેવા મહારથી અને બેચરકાકાને તકરાર થઈ. વાત બાપા સુધી પહોંચી. બાપા કહે, ‘આપણે તીર્થધામમાં શું કામ આવ્યા છીએ? આપણે શિબિરમાં શું કામ આવ્યા છીએ? કંઈક લેવા, કંઈક મેળવવા, કંઈક આપણું અજ્ઞાન કાઢવા, કંઈક કસર કાઢવા.’ પણ ચેવડા સારું લડ્યા. ખૂબ લડ્યા, મહારથીઓ. બીજાની વાત જવા દો. પછી બાપા પાસે ગયા. બાપા કહે, ‘જાવ. છગનભાઈને કહો બધાંને ચેવડો આપશે.’

તમારા ઘરે બબ્બે ચાર–ચાર કપ ચા પીવો છો? ચેવડાના ઢગલા કરો છો? મગજના લાડવા ખાવ છો? ધનભાગ્ય માનો કે બાપાનાં દર્શન થાય છે, બાપાની વાત સંભળાય છે, બાપાના જોગમાં રહેવાય છે. પરોક્ષમાં જગન્નાથપુરી, શ્રીનાથજીમાં મંગળાનાં દર્શન ચાર–પાંચવાર સવારે, બપોરે, સાંજે કરો એટલામાં ખુશ થઈ જઈએ. આ તો બોલતાં–ચાલતાં ભગવાન જોડે છીએ. જે આપે એ લો, એ બોલે એ સાંભળો. આટલી ઘડી ભડલી ભરી લો. પણ જો આપણી ગટર જ એવી છે, ઉપરઉપરથી સાફ. ચિત્ત એવું ભયંકર છે. મહામુક્તોનું પણ. બાપાની વાત ન માની. બેચરકાકાને એક ધબ્બો મારી દીધો. પેલાને જંબુસરવાળાને ખબર ન હતી કે આ બેચરભગત છે. એ બાલુભાઈ જોડે આવેલો. એ સમજે પેલો બેચર પોતાના માણસોને જ આપે છે. જો, હું ને મારું, હું ને મારું. આપણે ખાલી થઈને, ખોવાઈ જઈને આવીએ. જો ખાલી નહીં થવાય તો સ્વરૂપમાં ખોવાઈ જાવ. તમને પ્રેમ છે ને ભાવ છે કે દેહમાં જ છે? ને મનમાં? મણિભાઈ સલાડવાળા શાસ્ત્રીજી મહારાજના આગવા લાડકા. પણ એકદમ ઝઘડો કરી નાંખ્યો. ઝઘડો એટલે સુધી કે મને કહે, ‘દાદુભાઈ, આમાં તમારી વાત નહીં માનું.’ મેં કહ્યું, ‘મણિભાઈ, તમને આ શોભે નહીં. બીજા ગમે તે કરે. આપણે ચેવડો ખાવા આવ્યા છીએ?’ મને કહે, ‘નહીં, આમ થવું જ જોઈએ. હું આ વીસ જણાને લાવ્યો છું. મારે સાચવવું જોઈએ. મારે આમ કરવું જોઈએ.’ એવા બીજા મહારથી ભાવનગરના કાનજીભાઈ સોની. એ કહે, ‘અઢાર જણ મારા આવ્યા છે. એમને આજે એક જ કપ ચા આપ્યો. અર્ધો અર્ધો. ગુજરાતવાળાને ત્રણ–ત્રણ કપ ચા.’ જો બાપા પાસે, પ્રભુ પાસે અહીં વ્યવહાર પ્રગટ કરવાનો છે? સંસાર પ્રગટ કરવાનો છે? ઊલટો ક્રમ કરવાનો છે? આપણે બોલીએ છીએ, થોડુંક પણ દેવરૂપ માનીએ, થોડુંક કરીએ. હું અર્ધી ઘડી જ કહું છું. આજ સવા કલાકનું પ્રેમપૂર્વક, મહિમાએસહિત બાપાનું જ અનુષ્ઠાન કરવું છે. બાપાની નિષ્ઠા છે, એનું સતત અનુસંધાન. ગમે એવી ભેખડ હોય તોય સુરંગ મૂકો તો તૂટે જ. આજ આપણા જીવમાં, પ્રેમથી, પ્રીતિએયુક્ત, બાપાની વાત કોણ નહીં માને? બાપાની વાતમાં શ્રદ્ધા કોણ નહીં રાખે? પણ હા, તમારા મનનો એક portion નહીં રાખે. હું એ વાત આજ હમણાં વંચાવીશ. જો જો સો ટકા શ્રદ્ધા રહે છે? આપણે સહુ બાપાનો પ્રતાપ જાણીએ છીએ, મહિમા જાણીએ છીએ. એ પળમાં ચાહે તે કરે. અનંત બ્રહ્માંડને દૃષ્ટિ કરે ને લય કરે ને ચેતન કરે. એ અક્ષરબ્રહ્મનો, સાકારબ્રહ્મનો મૂર્તિમાન અવતાર. પ્રભુને અખંડ રાખેલા. સર્વપ્રકારે એવા બનાવે. એથીય પર જેના રોમરોમમાં મહારાજ જ છે. મહારાજનું જ સ્વરૂપ. સ્વયં મહારાજ કહે તો ય ખોટું નથી. એને જોયા છે, જાણ્યા છે, ધબ્બોય ખાધો છે. આજ આપણે એમાં પ્રવેશ કરી જવો છે. પ્રેમથી પોકાર કરી પ્રવેશ કરવો છે. ઓ મમ્મી! ઓ મા! બીજાની માથાકૂટ, જોવા કરવાનું છોડાવી દઈ, મને તારાં ચરણમાં સ્વીકારી લે. બ્રહ્મરૂપ બનાવીને પરબ્રહ્મમાં

જોડી દે. સવા કલાકનું આપણું આ અનુષ્ઠાન. એ જ તત્ત્વે કરીને ઓળખ્યા! એના વચનમાં વિશ્વાસ. હેતે કરીને એનું વચન મનાય. આ વાતને વિચારીને ધારીએ, મહારાજ સર્વોપરી. જો એ પ્રગટ ન મનાયા તો ગમે તેવું માનશો તોય તમારી રીતના માનવાના. બાપાને કોણ ન્હોતું માનતું? સીધી વાત બાપાએ કરી. શાસ્ત્રીજી મહારાજ કહે, 'હું તે જોગી, જોગી તે હું.' જો આ શબ્દ પર જવાની વાત છે. અંતઃકરણ પાર, જીવમાં. આ ઠરાવમાં ફેરફાર નહીં. વર્તાય ન વર્તાય, એ વાત જુદી છે. પણ આ વાતને વિચારી, ધારી, એનું સ્મરણ કરીને જે પ્રેરણા થાય એવું જીવવું છે. No mistake, no આઘાત–પ્રત્યાઘાત. એ ખૂબ રાજી થશે. આ જ બાપાની તીર્થગીતા. બાપાનાં જ વચનો. બ્રહ્મસૂત્રો. ખાલી પ્રાર્થના કરી, ધૂન કરી, એને પ્રેમથી, મનથી સાંભળવાં છે, ને પ્રાર્થના કરવી છે. પ્રભુ, આવું કરાવી દેજો! કેટલા વખતમાં કરાવશે? જો બાપાનું એ વચન કદાચ તમને ન પણ મનાય પણ માનજો. મારી હાજરીમાં, મને પણ એક ઉમંગ છે. ભૂતકાળ ગમે તેવો હોય, ખતમ. ભવિષ્યની ચિંતા નહીં. આજ, આજ ભઈ, અત્યારે. અહીં આવ્યા છો. આજ જ આત્યંતિક જ્ઞાન થઈ જાય, જો કરવું હોય તો, એ ઉપર વાત ચાલે છે. એક કલ્પમાં ન થાય એટલું એક દિવસમાં થાય. એ જ બારાખડી પ્રમાણે બાપાએ વાત કરી. જૂનાગઢના જોગીએ જે વાત કરી, એ જ વાત બાપાએ કરી. એ જ વાત દાદુકાકા પણ હમણાં કરી રહ્યા છે. શું કામ આપણે કરી નથી લેવું? seriously, ગંભીરતાપૂર્વક. બીજી માથાકૂટ જવા દો. આપણા હૃદયમાં પ્રભુ છે. એને પ્રગટાવી દો. અને આ પ્રગટાવેલો પ્રભુ અખંડ રહે એટલી સજાગતા રાખવી છે. આ બે ચીજ પાકી કરવી છે, બસ. ભલે લપસી પડાય, ભલે જોવાઈ જવાય, ભલે બોલાઈ જવાય. પણ તરત જ પાછા વળી જવું છે, બસ. સ્વરૂપમાં, બાપામાં. જેને તમે જોયા, જાણ્યા. પણ તત્ત્વે કરીને ઓળખ્યા નહીં હોય. એની બ્રાહ્મીશક્તિ સર્વત્ર કામ કરે છે.

આજનો લેખ છે – '**તમારા થકી બ્રાહ્મીશક્તિ કામ કરે.**' તમે એ તત્ત્વને ઓળખ્યું હોય તો કામ કરેને! શુકદેવજી બ્રહ્મસ્વરૂપ હતા. એને સંભારીને જ્યાં પોકાર કરો ત્યાં પ્રગટ થાય. એની સત્તાને માનવી પડે. મનસત્તા નહીં, ધનસત્તા નહીં, રાજ્યસત્તા નહીં, આ પ્રભુસત્તાની વાત છે. આપણે સહુ આ વાતને મન પર લઈએ. ભલે, જીવમાં ન લેવાય. મન પર લો. total લો. બસ. સવા કલાકનું તીર્થગીતાનું અનુષ્ઠાન કરીએ. બાપાએ તીર્થોમાં પોતાના અંગત શિષ્યોને અર્જુન ને કૃષ્ણની માફક, ગુરુ ને શિષ્યની માફક એક અંગત વાર્તા કરી. ત્રણ–ત્રણવાર કરી. એમાંની હું આ એક વાત કહું છું. બાપામાં જો શ્રદ્ધા ને વિશ્વાસ હોય તો તમે માનજો. ન મનાય તો ય માનજો. બાપા જૂઠ્ઠું બોલે નહીં. જૂનાગઢનો જોગી જૂઠ્ઠું બોલે નહીં. જૂનાગઢના જોગીની આ વાત મારે સિદ્ધ કરાવવી છે. તમારે કરવી છે, seriously કરવી છે. સવા કલાક એનું આપણે અનુષ્ઠાન કરવું છે. સ્વરૂપની નિષ્ઠા છે, સ્વરૂપમાં પ્રેમ છે,

સ્વરૂપનો મહિમા છે. તો એનું સતત અનુસંધાન રાખવું છે. ભૂતકાળ ભૂલી જઈને. સ્વરૂપજ્ઞાન ખરેખરું હોય તો પંચવિષય અને દેહાભિમાન સહજ જીતાઈ જાય. હજુ નથી જીતાયાં, એ હકીકત. જાણપણું જતું રહે છે, એ હકીકત. ૯૯ ટકા પાસ છીએ. ૧% કાંઈક બાકી રહે છે. એક ભૂતડું કૂદે ને બધું ખતમ કરી નાંખે. બાપાની આ વાતને મૂર્તિમાન કરવી છે, આપણે સહુએ. મારે કરાવવી છે, તમારે કરવી છે, વાતાવરણ સરસ છે, શું કામ ન બને? હવે એ કંઈ વાત છે? અમે બધાએ બાપાને કહ્યું, સ્વભાવરહિત કરો. બાપા, સ્વભાવ બહુ નડે છે! 'ઓહો!' બાપા ખુરશી પર બેઠેલા. આવી વાત ત્રણ વખત કરી. બાપા કહે, 'ખરેખર કાઢવો છે?' તમે જે બોલો છો એ ખરેખર તમારે કરવું જ છે? એ ખરેખર શબ્દ સમજાવતા હતા ને ખરેખર કરવું જ હોય તો કરાવનાર મોજુદ છે. Actually થઈ ગયેલું જ છે. કારણ કે કર્યું હોય પછી તો આ પુરુષ મળે. કોટિ તપ, કોટિ યજ્ઞ, કોટિ વ્રત, દાન કરીને આવ્યા ત્યારે આ પુરુષ મળ્યા. આઠ આવરણ પાર જાવ ત્યારે આ પુરુષ દેખાય. કેટલીયવારનાં અનંત જન્મનાં પૂણ્ય થયાં હોય ત્યારે એને વિશે હેત થઈને ધબ્બો ખાય. ત્યારપછી એનો સ્પર્શ થાય. આ બધું તો થયું, તો શું નડે છે? એ શોધી કાઢવું છે ને એ નડે છે તેને જેમ છે તેમ તત્ત્વે કરીને ઓળખી કાઢવું છે. મહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણોનાય કારણ. એ તમારા માલિક ને બાપ છે. હરેક ચીજની અંદર એનું અનુસંધાન રાખો. દેહનું છે, મનનું છે, પ્રેમે કરીને, વિચારે કરીને. **આ જગતના જીવ પાસે શિક્ષાપત્રી, સત્સંગી પાસે સ્વધર્મ, એનું લાગે તો પ્રાર્થના કરવી. હરેક બચારા રાંક છે. આપણી જોડે ભળે. તે રુચિમાં ભળનાર જોડે પ્રેમભાવથી વર્તો, ખમીને વર્તો અને મોટાપુરુષ જોડે આપ કહો એમ, આપ કહો એમ.**

આ cosmic playમાં અમને સમજ ન પડે. તો અંબાલાલ બકરીપોળવાળાએ, એ પ્રશ્ન સારંગપુરમાં પૂછ્યો હતો. હે બાપા! સ્વભાવ બહુ નડે છે. બાપા કહે, એમ! કેટલા વખતમાં કાઢવો છે? અરે બાપજી! વ્હેલામાં વ્હેલો. બાપા કહે, પ્રહ્લાદને ભગવાન છ મહિનામાં વશ થયા. તમને છ મહિનામાં સ્વભાવરહિત કરી દઈએ તો? અંબાલાલ કહે, છ મહિનામાં? અરે બહુ સારું. અમને તો લાગતું નથી છ મહિનામાં વશ થઈ જાય. આમ બાપાની વાત મનાઈ નહીં. કહે, બાપા, મનાતું નથી. બાપા કહે, અક્કર્મીના પડિયા છો. છ મહિનામાં નહીં, છ કલાકમાં! બિલકુલ નહીં મનાય. જો આ મન કૂદકા મારે છે. જો ખરેખર તત્ત્વ પર વાત ચાલે છે. હું એનું રહસ્ય ને તાત્પર્યની વાત કરું છું. વચનામૃતમાં તો મહારાજ લખી ગયા. પણ એમનું એમ રહ્યું. ગુણાતીતે વાત કરી, પણ ન મનાઈ. કોટિ તપ, કોટિ યજ્ઞ કરીને આવ્યા ત્યારે અહીંયા આવ્યા છો. મહેરબાની કરીને, હવે બીજરૂપ વસ્તુને ઝળકાવો નહીં. બાપાને તો જોયા–જાણ્યા છે ને એની વાત આજે આપણે અજમાવીએ છીએ. ખાલી થઈ જાવ, કાં સ્વરૂપમાં

ખોવાઈ જાવ અને કાં રાંક બનીને પ્રેમથી પડ્યા રહો કે તમે અબુધ છો, અક્કર્મીના પડિયા છો, બિલકુલ જ્ઞાન નથી. ન મણિભાઈ સલાડવાળો, ન ચંપકભાઈ શેઠ, ન દાદુકાકો અને ન કાનજીભગત. બધા સદ્‌ગુરુઓ. બાપામાં મનુષ્યભાવ પરઠ્યો. એમ કહેવું જોઈએ કે, 'બાપા, કદાચ મનાતું નથી પણ તમે મનાવી દેજો. અમે ખુલ્લા છીએ. વાત સાંભળવા તૈયાર છીએ.' પણ તમે તમારું દ્વાર બંધ શું કામ કર્યું? પડ્યા રહો, ભાવથી સાંભળ્યા કરો. હે પ્રભુ! આવું કરાવજે. ઓ દયાળુ! મફતમાં લોટરી લાગી. આ મનને છોડો. negative વિચારને સદંતર છોડો. એ તમારો જીવભાવ છે. એ તમારી જડ પ્રકૃતિ છે. સૂર્યના રથમાં અંધારું હોય નહીં. જૂના હેવા છે. પોતાની રીતે વર્તવાના. જેમ હર્ષદ ભટ્ટે વાત કરી કે અમને પૂરી ખાતરી હતી કે કાકાના સંકલ્પે પરદેશ જવાનું થયું છે, આટલું જાણવા છતાં પાછું ભૂલાઈ ગયું. જો આ જાતનું આપણું ચિત્ત ને મન છે. સમજી રાખ્યું હોય તો વાંધો નથી, એ ગુનો નથી. પણ એવી જોડ રાખીએ. સવાર–સાંજ આ બૅટરી ચાર્જ કરીએ. આપણો પેટ્રોલપંપ (પેટ્રોલની ટાંકી) ભરી લઈએ. ૧૦૦–૨૦૦ માઈલ તો ચાલશે. પાછું બીજે દા'ડે સવારમાં. ડાયનેમો ભલે કામ ન કરે. આપણી બૅટરી ચાર્જ કરી લેવી. સવાર–સાંજ, રાત્રે આ સંકલ્પ કર્યો હશે, તો બ્રાહ્મીશક્તિ કામ કરતી બનશે. આટલો ઠરાવ કરીને જાવ. પંચગીની આવ્યા છો. આજ સાંજે ઘણા જવાના છો, પ્રેમથી negative છોડીને જાવ. બીજાની વાત કરવાનું છોડીને જાવ. બીજાનું જોશો નહીં, જોશો નહીં. ૪૦ વરસ બાપાએ પણ આ જ કહ્યું. પારકો આકાર, પારકો દોષ, પારકી ક્રિયા ન જોતાં. જો તત્ત્વે કરીને ઓળખ્યા હોય તો, આપણો દોષ, આપણી વાસના પણ નીકળી જાય. બ્રહ્મરૂપ મનાઈ જાય, ભગવાન તમને વશ વર્તે. પાછળ પાછળ ફરે. કરવું છે? બીજા ન કરે તો કાંઈ નહીં. અમે સદ્‌ગુરુઓએ પણ મનુષ્યભાવ પરઠ્યો. બાપા કહે, છ કલાકમાં. અરેરે! આ છ મહિનામાં નથી મનાતું. પ્રહ્‌લાદને છ માસમાં ભગવાન વશ થઈ ગયા. ના, તમને છ કલાકમાં. બાપા, આવી ગમ્મત કાં કરો! બાપા ગમ્મત કરે છે? શું ચાળો કરે છે? છેવટે મેં કહ્યું, બાપા, આ તો અદ્‌ભુત વાત કરી. આજ તો અમારે બધાંને જમાડવા છે. ઓહો! છ કલાકમાં! ૨૪ કલાકમાંથી અમે ૬ કલાકની બદલે ૧૨ કલાક કરશું, પણ એક તો ખાતરી કે બાપાનું વચન છે. તો મરણિયા થઈને આ જ હેતે કરીને પકડીએ. અને ભગવાન વશ કરી લઈએ. બાપા કહે, 'આ લોકો માનતા નથી, જુઓને! સૂર્ય છે કે નથી?' શાસ્ત્રીજી મહારાજ એવા હતા. પળમાં કરે. **'જાવ, એક કલાકમાં. પ્રહ્‌લાદને તો છ માસમાં. તમને છ કલાક નહીં, એક કલાકમાં ભગવાન વશ થઈ જાય. જો એક ચિત્તે કરો તો.'** બોલો, તમારી તાકાત છે? અને એક ચિત્તે ન થાય, constant & continuous ન થાય તો છ કલાકમાં ભગવાન વશ થઈ જાય. આજ આપણી પાસે હજી પણ ૧૨ કલાક છે. છે હિંમત તમને? ખરેખર તમે

પોતે જ – આપણે જ આપણા ગુરુ. આપણે કરી લેવું છે. કાલે, માનો દેહ પડી ગયો તો? પહેલાં ભગવાન સર્વોપરી. એને તત્ત્વે કરીને ઓળખ્યા means પહેલીવાર એના વચનમાં તર્ક–વિતર્ક નહીં. Prime Minister બોલે. જરાક ના પાડો તો dismiss કરી નાંખે. હેતે કરીને એનું વચન મનાય, પ્રીતિએ કરીને એનું વચન મનાય. શ્રદ્ધાએ કરીને સંપૂર્ણ વિશ્વાસથી મંડી પડાય. એ પ્રભુ છે. બોલતો–ચાલતો. આ બોલવાની વાત નથી. ભાટાઈવેડાની વાત નથી. સૂર્ય તે સૂર્ય. શાસ્ત્રીજી મહારાજના વખતથી આઘાત–પ્રત્યાઘાતમાં મેં આ વાત અજમાવેલી છે. Contract મળ્યા – ન મળ્યા, ગમે તેવાં ચરિત્રો બીજાઓએ કર્યાં. વકીલસ્વામી પ્રકરણમાં દ્વેષીઓએ બાપા ઉપર કેસ કર્યો, લડાઈ કરી, ગાળાગાળી કરી. પ્રકરણ તો બનતાં આવવાનાં છે. મહારાજના વખતથી બને છે, આજ પણ એવાં બનતાં હશે. આપણે માથાકૂટમાં ન પડતાં એથી પર ચાલ્યા જવું. પ્રકૃતિપુરુષથી પરનું આ જ્ઞાન એટલે એવાં સ્વરૂપો મળ્યાં, આપણે ઓળખ્યાં. પણ આ તત્ત્વે કરીને ઓળખવા પર વાત ચાલે છે. અને તત્ત્વે કરીને ઓળખ્યા હોય તો પંચવિષય ને દેહાભિમાન સ્હેજે ટળી જાય. મૂર્તિનું અનુસંધાન અખંડ રહે, દેહનું રહે છે એવું. સારા–નરસા પંચવિષય આવે ન આવે, મળે ન મળે તો પણ એને અંગે સ્વરૂપમાં તર્ક–વિતર્ક ન થાય. એના વચનમાં તર્ક–વિતર્ક ન થાય. કૃષ્ણ કહે, 'આ સૂર્યને મેં યોગ શીખવાડેલો.' અર્જુન કહે, 'પ્રભુ! તમે હમણાં પ્રગટ્યાને!' કૃષ્ણ કહે, 'હું અજન્મા છું.' જો એ તત્ત્વે કરીને ત્યાં સુધી જાણતો ન્હોતો. વિરાટ જોયા પછી 'પ્રભુ, કરિષ્યે તવ વચનમ્...' તત્ત્વે કરીને કૃષ્ણને ઓળખ્યા તો એ રૂપ થઈ ગયો. મને સમાધિ કરાવી ત્યારથી મેં તત્ત્વે કરીને ઓળખ્યા. જ્યાં જોઉં ત્યાં રામજી. કોઈનોય અભાવ નહીં. એ જ કરી રહ્યો છે, એ જ દેખી રહ્યો છે, એ જ સર્વની પ્રકૃતિ કાઢી રહ્યો છે. મહારાજ સર્વોપરી મળ્યા. કર્તા, સાકાર, સર્વોપરી, પ્રગટ, અખંડ છે. હમણાં પણ આ બાપો જોઈ રહ્યો છે, તમારા હૃદયમાં પણ અખંડ છે. આપણે એને આજ પ્રગટ કરવો છે. એનું મનન, એનું ચિંતન, એની કથા, એની વાર્તા, એનું ગાતરિયું, એનું હસવું, એનો ખોંખારો, એનું સૂત્ર અને આ એનું સૂત્ર છે, એનું વચન. ધ્યાન એટલે એના મહિમાનો વિચાર. એ બ્રહ્મશક્તિ – અનંત શક્તિવાળો. કોટિ તપ–યજ્ઞ કર્યાં ત્યારે એ મળ્યા. આ વાતમાં વિશ્વાસ હોય તેની કાંતિભાઈ દેસાઈ પછી વાત કરશે. પછી આ ફકરો વાંચી લઈશું. મેં એને કહ્યું, હું દૂરબીન આપીને મોકલું છું, બાપા પાસે કાંઈ બોલતો નહીં, તારી માયિક વાણી – વ્યવહાર બોલતો નહીં, પરાવાણી જ બોલજે. એ બધું જાણે છે. બાપા પછી પૂછશે, 'કેમ છે, દેશકાળ?' તમારે કહેવું, 'બાપા, આપ મળ્યા પછી શું દેશકાળ?' ભલેને ગમે તેવા હોય, એણે મૂકેલા હોય. પછી હસશે. પછી બાપા પૂછશે, આનું કેમ? આનું કેમ? આપણે હસવું. 'બાપા, બધું તમારા હાથમાં છે.' એ કહેશે,

'હં! કોઈ ગુરુ મળ્યો, ગુરુ મળ્યો. ગુરુજી જોડે વાત કરવાની સમજ પડી.' બાપાએ પછી રહસ્યવાર્તા કરી. એમણે પોતે જ. મેં એને દૂરબીન આપીને મોકલ્યો હતો. માયિક ચક્ષુથી જોવાના–સાંભળવાના નથી. તત્ત્વે કરીને ઓળખવા પર વાત ચાલે છે. બ્રહ્મતત્ત્વ કેવું? સત્યમ્, જ્ઞાનમ્, અનંતમ્, બ્રહ્મ. અનંત જગ્યાએ ખેલે. અક્ષર અનંતરૂપે ખેલે રે. તમારો બાપ અનંત શક્તિવાળો છે, તમારો માલિક છે. એવા જ હરિપ્રસાદ, પપ્પાજી, કાકાજી એના વારસદારો છે. એ જ તમને ઠોકીઠોકીને આ વાત દૃઢ કરાવવા માંગે છે. બીજા કરે, ન કરે, જવા દો. આપણે તો Table Land પર પહોંચી જાવ. ત્યાંથી જોયા કરો. એ ટેકરા પર પહોંચી જાવ. એ મંજિલે પહોંચી જાવ. એ અક્ષરધામ પાસે પહોંચી જાવ. ત્યાંથી રહીને, એનો બુરખો પહેરીને જુઓ. દિવ્ય દૃષ્ટિ, દિવ્ય દૃષ્ટિ. નિર્વિકલ્પ નિશ્ચય નહીં, નિર્વિકલ્પ દૃષ્ટિ. જ્યાં જુએ ત્યાં દિવ્યતા, દિવ્યતા. આપણું શું બગડે છે એમાં? આમાં ભલેને એની પ્રકૃતિ રહી. કૂતરું હતું તોય ભગતજીએ તિલક–ચાંદલો જોઈને એને નમસ્કાર કર્યા.

આ વાત આપણે દૃઢ કરવી છે. આજ આ દૃઢ સંકલ્પ ક્ષેત્રજ્ઞમાં, તમારા જીવમાં કરો. મેં જે વાત કરી એનો સંકલ્પ. હેતે કરીને એનું વચન મનાય એ જ સાચું દર્શન. મહારથીઓએ ન માન્યું. આ વાત દૃઢ કરવી છે. એ એમ જ છે, બસ. મનને કહી દેવું, એક સંકલ્પ કરવો કે સ્વરૂપમાં તર્ક–વિતર્ક કરે તો get out મનવા. કરોડો વર્ષોથી તારું ધાર્યું કર્યું. બીજે બધે ગમે તે કર. સ્વરૂપ પાસે નહીં. જેને તમે સ્વરૂપ માનતા હો કે સંત માનતા હો ત્યાં બિલકુલ નહીં. તમારું ને એનું ગણિત, તમારી ને એની ભાષા તદ્દન જુદી છે. એ કહે એમ ન બને તો પ્રેમથી, વિશ્વાસથી હાથ જોડજો. તમે જીવતત્ત્વ છો, એ બ્રહ્મતત્ત્વ છે અથવા બ્રહ્મને રાખેલા. બ્રાહ્મીશક્તિ એના થકી કામ કરે છે, પળમાં ચાહે તે કરશે. ભગતજી ને જાગાસ્વામી બન્ને ગોપાળાનંદસ્વામીના શિષ્ય હતા તોય સંકલ્પનો મંદવાડ ગયો નહીં. પણ ભાવના કરી તો ગુણાતીતે સ્વરૂપ બનાવી દીધા. શાસ્ત્રીજી મહારાજ પણ એમનાં ચરણોમાં આળોટે. એમને વેઢમી કરી જમાડે, એમની સેવા કરે. આ જ્ઞાન અખંડ છે, અવિનાશી છે, પ્રકૃતિપુરુષથી પરનું આ જ્ઞાન મૂર્તિમાન છે. એ મૂર્તિમાન જ્ઞાન અત્યારે પણ તમારી સમક્ષ નજરોનજર બોલે છે. મનાઈ જાય તો ખાટી ગયા છો. ભૂતકાળ સદંતર ભૂલી જજો. કોઈની ધારણા કરી હોય, ભૂલી જજો, prejudice ભૂલી જજો. બીજા આકાર–આધાર ન જોતાં સ્વામી, સ્વામી, સર્વોપરી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, જોગી મહારાજ, જોગી મહારાજ કરજો. પહેલીવાર સર્વમાં જોગીને જોજો. જોગી મહારાજ પ્રગટ થઈ આનંદ કરાવશે. આપણે આટલી એક વાત શીખીને જઈએ. નોંધ લઈને જઈએ, repeat કરીએ. સવાર–સાંજ, તો એક દિવસ ધડાકો થઈ જશે. બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. બે મિનિટ આ વાત વાગોળો... કેવા બાપા! માનવસ્વરૂપે પ્રભુ! પ્રભુ એટલે શું? ભગવાન

એટલે શું? પરબ્રહ્મ એટલે શું? સ્વામિનારાયણ પ્રગટ પ્રભુ. ભગવાન એટલે આ નારાયણ છે. ભગ એટલે ઐશ્વર્ય. છ પ્રકારનાં ઐશ્વર્ય જેનામાં હોય એને ભગવાન કહેવાય. ભગવાન શબ્દ એકવાર ભાગવતમાં આવ્યો છે. પછી પરમાત્મા, પરમ ઈશ્વર. ઈશ્વરમાં ય પરમ. પરમ એટલે superlative degree, good - better - best. સરસમાં સરસ છે પરમ કલ્યાણ. પરમેશ્વર પરમ આત્મા. આત્મા, બ્રહ્મ અને અક્ષર. એથી પર પુરુષોત્તમ... અક્ષરાત્ પરતઃ પર. કોઈ નારાયણ નથી. નારાયણ એક સહજાનંદસ્વામી અને એ મહારાજને અખંડ રાખ્યા એ નારાયણરૂપ, એ નારાયણ સ્વરૂપ, એ બ્રહ્મસ્વરૂપ. એવા પપ્પા, કાકા, સ્વામી, મહંતસ્વામી જેવા ગંગાસાગર મળ્યા છે. એને વિશે વચનમાં વિશ્વાસ રાખજો. ન રખાય તો કાંઈ નહીં, બહુ બુદ્ધિવાળા, અક્કલવાળા, સમજુ છો? તો બાપામાં તો રાખજો. મારું આટલું માનજો. આ અનુભવી પુરુષનું આટલું માનજો. ખૂબ સુખિયા થઈ જશો. એ ઓલિયાપુરુષ હતા, એ કેવળીપુરુષ હતા, એ સ્વયંપુરુષ હતા, એ પુરાણપુરુષ હતા, એ સર્વાધાર, સર્વોપરીપુરુષ હતા, એ અનુપમપુરુષ હતા. ખાલી સાંભળ્યા કરો છો? તો એનું રહસ્ય સમજો, એટલે શું? ચિંતામણિ? તો ચિંતવે એ મળે. પારસ નહીં. પારસ ચિંતામણિ નથી. પારસથી પારસ કદાચ થાવ. ચિંતામણિ, ચિંતવો એ મળે. પારસ પણ મળે. આપણને મૂર્તિરૂપી ચિંતામણિ મળી. બાપારૂપી પરમ ચિંતામણિ મળી. મહારાજની મૂર્તિ તત્ત્વે કરીને ઓળખી. કર્તા–સાકાર–સર્વોપરી, સર્વના ઉપરી એવા મહારાજ મળ્યા. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ. પરમ ચિંતામણિ બાપા. કદીયે આપણને મનુષ્યભાવ ન આવે, માયિકભાવ ન આવે, ચિંતામણિ કોઈ લૂંટી ન જાય, મહારાજની મૂર્તિ ભૂલાય નહીં, તર્ક–વિતર્ક થાય નહીં. એને તત્ત્વે કરીને ઓળખ્યા તો તત્ત્વે કરીને ઓળખેલા એવા ભક્તને આપણે ઓળખીએ છીએ. પણ આપણે તત્ત્વે કરીને ઓળખવા છે. વચ.ગ.પ્ર. ૬૨, મ. ૧૭. તત્ત્વે કરીને ઓળખ્યા હોય તો તમે સ્વતંત્ર બનો! એને પોકાર કરો, એટલે બનવાનું. ચાંપ દાબો, આ અભય વસ્તુ છે. Automatic electricity ચાલે પણ ક્યારેક electricity fail જાય, બીજા power fail જાય પણ આ કદી fail જવાની નથી.

આની પછીનો લેખ છે. **બ્રાહ્મીશક્તિ તમારા સર્વ થકી કામ કરતી બનો.** એ જ તત્ત્વની જોડે તમને સજાતિ સંબંધ છે. તો સર્વને ગુણાતીત કરવા છે. ગુણથી અતીત. તમે તો થાવ. સાધક છોને? સરળતાથી થઈ શકાય એવું છે. શું કામ નથી કરતાં? આંખ, કાન, મોંઢું બંધ કરી પહેલું આ વસ્તુએ પહોંચી જાવ. બીજાની વાત કરવા કરતાં, બીજાને સળગાવવા કરતાં, એને શાંતિ પમાડો. શાંતિ પમાડે તે સંત, સળગાવે તે સંત નહીં. આ વાત આપણે દઢ કરવી છે. બાપા કહે, દુર્લભમાં દુર્લભ આવું એકાંતિકપણું. બાપા પરમ ચિંતામણિ. એ ચિંતામણિઓ પણ આપે.

પારસથી પારસ બનાવે. તમને પણ એવા એકાંતિક બનાવવા છે. થવું છેને, થવું છેને, થવું છેને? તો બાપા કહે, 'આ પળથી અક્ષરધામમાં છો.' અક્ષરધામના તખ્ત પર બેઠેલા પુરુષ યોગીબાપા બોલે છે. (જશભાઈ) સાહેબ ત્યારે આવું બોલ્યા. ગોખેલી વાત કદાચ ભૂલી જવાય. પણ થનગનાટ થઈ ગયો, ગોંડલમાં. પણ એ વાત સાચી નીકળી. બાપા કહે, 'તમે સમજો છો, એ બરાબર છે. દાદુભાઈ જે વાત કરે તે માની લેવી. મને ય પૂછવું નહીં.' કેવી અદ્ભુત વાત કરી છે. પૂછજો સાહેબને. બાપા કહે, 'સાહેબ, અહીં કેમ રહ્યા છો?' સાહેબ કહે, 'કાકાએ કહ્યું છે કે પંદર દા'ડા ગોંડલ રહો.' બાપા કહે, 'જે છે એ ગયું!' જે છે એટલે? બાપા બોલે છે. બાપાના વચનમાં વિશ્વાસ હતો કે, 'આ બહેનો ભગવાન ભજે તો શું ખોટું છે?' એમ ત્રણ–ત્રણવાર કહ્યું! એ બેવાર કહે એટલે કટ વળી જવું. છોડો, છોડો, આ વાંદરા જેવા મનના–તર્કના–બુદ્ધિના વિચારો. મોટાપુરુષ પાસે? ના, સ્વરૂપ પાસે? ના, મૂળસ્વરૂપ જોગી મહારાજ પાસે. આ રહસ્યમય વાર્તા છે ને તમે સમજ્યા કે તમે સમજી ગયેલા છો. આમાં વળી નવું શું છે? ભઈ, નવું એ છે કે તમે સિદ્ધ નથી કર્યું એ. જો આ વાત બાસઠથી (૧૯૬૨) છે. આજ સવા કલાક ફરી પ્રેમથી repeat કરીએ છીએ. આ વાતને સિદ્ધ નથી કરી. મારા મનથી માનું છું, એ માન્યું નહીં ગણાય. કોણ મહારાજને ન્હોતું માનતું? નહીં તો સંસાર તો છોડ્યો. કોણ ન્હોતા જોડાયા? છ–છ મહિના લાડવા ખાધા મરચાંના. કોણ એ કહે એમ ન્હોતું કરતું? કોણ આજ્ઞા ન્હોતું પાળતું? કોણ ૧૦૮ પ્રકરણમાં બદલાયા? પણ મહારાજને તત્ત્વે કરીને ઓળખ્યા નહીં, રહસ્ય ઓળખ્યું નહીં. આ પળથી જ અક્ષરધામમાં છો. બાપા કહે, 'આ પળથી.' કારણ કે મારી જોડે છો એ અક્ષરધામમાં છો. પણ એ મનાયું નહીં. કેમ નહીં મનાયું? માયિકભાવ હતો. એકાંતિકના પ્રસંગ વગર તત્ત્વે કરીને ઓળખ્યા નહીં. આના ઉપર આપણે આજ વાત કરીશું. મહારાજે કહેલી, સ્વામીએ કહેલી, બાપાએ કહેલી. ખતમ હો ગયા. પૂર્ણતા. ખૂબ શ્રદ્ધાથી વિશ્વાસ રાખીને મંડજો. ન થાય તો હાથ ઊંચા કરી વિનંતી કરજો, પ્રાર્થના કરજો, વિવેક કરજો કે હું આ વાત તો જાણતો જ નથી. અબુધ જ છું. મહારાજ, બાપા, તમે સિદ્ધ કરાવજો. કરવી છે એ હકીકત. આટલી ગદ્ગદ્કંઠે પ્રાર્થના કરશો તો પ્રકાશ થઈ જશે, થવો જ જોઈએ. સાકર ગળી જ લાગે. કોઈ દા'ડો મોળી ન લાગે. નહીં તો તમને તાવ આવ્યો હશે. તો તાવ નીકળી જાય એવી કો'ક દવા લેજો. એકાંતિક પાસેથી... ચૌદ વરસે પંચોતેરમાં (૧૯૬૧માં દીક્ષા લીધા પછી) દિલ્હીમાં મુંકુંદજીવનને મેં આ વાત કરી. મેં કહ્યું, 'મુંકુંદ, બાપા જોડે એક ટકોય અંતરાય રહ્યો હશે! તો એ કહે, સાધુ શું જખ મારવા થયેલા છીએ?' મેં કહ્યું, 'એવા દસ હજાર સાધુ થાય એની કિંમત નથી.' નારદજીએ દસ હજાર સાધુ બનાવેલા. ભગવાનને એની કિંમત નથી. એને તત્ત્વે કરીને ઓળખો. એણે મને પણ આ પ્રશ્ન જ

પૂછ્યો હતો કે તત્ત્વે કરીને ઓળખવા એટલે? મેં એને પ્ર. ૧૨–૬૨, મ. ૧–૧૭, પં. ૭, કારિ. ૧–૭. આ વચનામૃત બધાં કહેલાં, પ્ર. ૬૩ તત્ત્વે કરીને જે જેવું છે તેવું. બાપા કેવા? એ મળ્યા એ જ અક્ષરધામ.

## પ્રવચન – ૩

### તત્ત્વે કરીને ઓળખ્યા એટલે શું?

સૌને વ્હાલો પોતાનો દેહ, એથી વ્હાલું પોતાનું મન અને માન્યતા, નક્કી કર્યું હોય તે બદલી નાંખે. કર્તા–હર્તા પ્રભુ છે, પછી સર્વોપરી, પછી પ્રગટ, પછી દિવ્ય. ચાર સ્ટેજ આવે. કર્તા–હર્તા પ્રભુ જ છે, કોને દોષ દેશો? ભગવાનને દોષ દેશો? જે કંઈ બની રહ્યું છે, બને છે, બનવા પામે, બનવાનું તે સર્વ પ્રભુ કરી રહ્યા છે. કાળ નહીં, કર્મ નહીં, માયા નહીં, પ્રકૃતિ નહીં, સ્વભાવ નહીં, શક્તિ નહીં, કોઈ નહીં. તો કોને દોષ દેશો? એ જે કરતો હશે તે તમારા હિતમાં હશે, તમે એના છો ને? હું તારું બાળક છું. 'મા' કદી અહિત નહીં કરે. તમારો કચરો કાઢે, તમારું અજ્ઞાન કાઢે, તમે રસરૂપ થઈને માન્યતા ઊભી કરી હોય એને ઓગાળે, અહંતા–મમતાને કાઢે. આવા અનુભવી પુરુષો, અનુભૂતિવાળા, તમારી પાસે હાજર છે. એ પ્રકાશ છે, દીવાદાંડી છે, પછી સર્વોપરી માનજો. સંત વગર સર્વોપરી નહીં મનાય, તમારી રીતે માનવાના, તમારી બુદ્ધિથી કર્તા–હર્તા માન્યા છે ને! બુદ્ધિનો એટલો જ ઉપયોગ. સદા દિવ્ય સ્વરૂપ સાકાર. જેવો સંસાર છે, જેવું જગત છે, જેવી માન્યતા છે. તમને એમાં રસ છે, વૃત્તિ પોષી છે. એક જગત ઊભું કર્યું છે. પણ તમે કુટસ્થ છો, કૃષ્ણરૂપ છો. તો સંતને વચને સ્વરૂપ હવે ઓળખો. સર્વોપરીપણું મનાશે અને પ્રગટ પણ. પછી અખંડ દિવ્યપણું, આપણે એ માટે આવ્યા છીએ. પ્રગટ છે, માનીએ છીએ. એક સર્વોપરીપણું ને અખંડ દિવ્યપણું. એ જે કરશે એ બહુ જ સારા માટે. પોતાની કસર ટાળવા માટે જુદા જુદા હજારો મુક્તો આવ્યા છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા બે હજાર અવતાર આવ્યા છે. આપણે દેહ માટે, ઈન્દ્રિયો માટે, શરીર માટે, સગાંવ્હાલાં માટે કેટલો બધો ટાઈમ કાઢો છો? બાપા માટે કેટલો? ઉત્સાહ કેટલો? તમને ઉમંગ કેટલો? એક સર્વોપરી વાત થતી હોય, જીવનું રૂડું થતું હોય, એક સમજવાની વાત થતી હોય, મફતમાં મળતી હોય, પણ જો એનો મહિમા હોય કે બહુ મહેનત કરીએ ત્યારે આપણને મૅડીકલ કૉલેજમાં દાખલ થવાનું મળે, તો લાવો, દાખલ થવા માટે પંચોતેર ટકા માર્ક લાવીએ. આ તો મફતમાં બ્રહ્મવિદ્યાની કૉલેજમાં દાખલ થઈ ગયા. બાપાએ કરી દીધા, આવો, આવો. મારા દીકરા બનો, વારસદાર બનો, ગવર્નર બનો, minister બનો,

પ્રભુના દીકરા બનો. પણ પ્રભુને તમે ઓળખતા નથી. હું આજ તમને એક પહેલો પ્રશ્ન પૂછીશ. પછી સાંજની કથામાં નિરૂપણ પાકું કરીશું. આજે ખાવામાં, ફરવામાં, કપડામાં, નહાવામાં–ધોવામાં, દેહને શણગારવામાં કેટલો સમય કાઢીએ છીએ? એટલે મહારાજે કહેલું કે ઉપવાસ સારા, ઝંઝટ જ નહીં. જલદી નવરા, પ્રભુની વાત સાંભળવા. પાંચ ટાણાં કથા. જો આ ટેવ નહીં પાડીએ તો રૂડા ગુણ નહીં આવે. આપણે ક્રિયારૂપ થઈ જઈએ છીએ. મંદિરમાં હો તો પણ મંદિરની ક્રિયા નિર્ગુણ છે, નિષ્કામ નથી. તો સંસારની તો હોય જ ક્યાંથી? વૃત્તિ પોષવા ઠીક છે. એ પણ એક ભયંકર અજ્ઞાન છે. પણ કાંઈ નહીં રહેવાતું નથી તો, અહમ્ પોષવાની મજા પડે છે. પણ એ સમજવું પડે કે કરોડો જન્મોથી આ કરતાં આવ્યા છીએ, કરોડો જન્મોનાં અજ્ઞાનતાનાં સગાંવ્હાલાં છોડ્યાં. આ નવાં સગાંવ્હાલાં, મહારાજ ને સ્વામી, ધામ, ધામી ને મુક્તો. પ્રેમથી, ભાવનાથી, અપેક્ષા વગર, નિષ્કામ ભાવનાથી. જેમ મેં કહ્યું અહીંયા મારાં બે ખરાં સગાં આવ્યા છે. તમે બધાં જ છો. પણ અમારો પેલો સુરેશ (સૂરસિંહ) અને સુરેશ ભાવસાર. મને ઉમળકો થઈ જાય. લાવ, એમની હું કંઈક સેવા કરું. એ બચારા અમારી કરે છે, નિષ્કામભાવનાથી કરે છે. મહારાજ કહે, ‘હું ભક્તનો ભક્ત છું. હું એની ભક્તિ કરું છું.’ એવા સંતને રાજી કરો, પ્રારબ્ધના થર ઊડી જાય. કેવી અદ્ભુત વસ્તુ બક્ષિસ આપી ગયા. એવા ભગવાનને અર્થે, એવો સ્વરૂપયોગ કરવાને અર્થે દેહ આડો આવે, ઈન્દ્રિયો આડે આવે, માન્યતા આડે આવે, સગાંવ્હાલાં આડે આવે. જો આ વાત છોડો, આપણે તો છોડો. આપણે તો એવા ઉમંગ, ઉત્સાહથી ગોઠવણી કરી દો. તો બીજાને પડઘો પડશે, તમે કરો જ છો, આ વધારે દૃઢ કરવાનું.

**આજનો વિષય છે પરમતત્ત્વને, બ્રહ્મતત્ત્વને, આત્મતત્ત્વને, નિર્ગુણતત્ત્વને, માયા પરના તત્ત્વને, એવા મૂર્તિમાન સત્પુરુષને, એ તત્ત્વના અખંડ ધારકને, જેવા છે તેવા ઓળખવા.** ઓળખ્યા હોય તો એનું લક્ષણ શું? તમે માનો કે તમે ઓળખી લીધા છે અને સ્વરૂપની વાત બીજાને હવે તમારે સમજાવવાની છે, તો પહેલાં ઓળખો. એ સ્થિતપ્રજ્ઞ છે. ઓળખેલા means સ્થિતપ્રજ્ઞ. એનો એક શબ્દ છે. ગીતાકારે કહેલો એટલે માન્ય થાય. આપણા ઘરનો નહીં, ભગવાનને કે સંતને યથાર્થ ઓળખ્યા હોય એનું લક્ષણ શું? એનો એક સરસ ફકરો આપ્યો છે, વચનામૃતમાં બે જગ્યાએ. ભગવાન અને સંતને, બ્રહ્મ અને પરબ્રહ્મને, આત્મા અને પરમાત્માને, અક્ષર અને પુરુષોત્તમને યથાર્થ જેવા છે તેવા ઓળખ્યા હોય એ સ્થિતપ્રજ્ઞ હોય. એ સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા? એ બોલતો કેવો હોય? ફરતો કેવો હોય? ખાતો–પીતો કેવો હોય? એ સ્પેશીયલ ઘૂઘરીઓ લઈને ફરતા હશે? તો પહેલો પ્રશ્ન આ આવ્યો. જે બોલો છો એ તમારી ભાષા તમારી ઉપર જ લાગુ કરો. સ્વામીજીને, પપ્પાજીને, જોગીબાપાને, મહારાજને અમે તત્ત્વે કરીને ઓળખ્યા. પછી એ કહેશે મને એકલાને

નહીં, મારા ભક્તને પણ ઓળખો, ગુણાતીતને ઓળખો. હે પરમહંસો! તમારી રીતે સાધન કરવાનું ગમશે, દરેકને ગમે. દરેકને એમ કે હું જ સાચો, હું જ બરાબર, આ બરાબર નથી. હવે આમ થાય ને આમ થાય. છોડો, એ જડબુદ્ધિને છોડો, જોયા જ કરો, જોયા કરો, પ્રભુને કરવા દો, એ બહુ સુંદર કરશે. એણે જ જોગ ઊભો કરી આપ્યો છે. એણે જ માથે લઈને, બે હજાર સાધુ, બે આચાર્યની સામે એકલે હાથે શાસ્ત્રીજી મહારાજે તમારા માવતરને ઓળખાવ્યા, તમે ભૂલી ગયેલા. એ માવતરનું નામ અક્ષર ને પુરુષોત્તમ, ભગવાન ને સંત અને એવા સંત અખંડિત હશે. એવાની જોડે આધ્યાત્મિક સંબંધ કરજો, માનસિક નહીં અને આધ્યાત્મિક સંબંધ એટલે એની હરેક ક્રિયા, એનું હરેક ચરિત્ર, દિવ્ય ને એ વચન કહે એમાં સર્વ છોડીને ભળી જવાનું. તમારા પ્રાણના પ્રેરક પણ એ જ છે. No reservation, choiceless awareness. તમારી એમાં કોઈ જ પસંદગી નહીં. એક જગ્યાએ **सर्वधर्मान् परित्यज्य**, choiceless, પસંદગી વિનાની. જાણપણું, શું જાણપણું? પ્રભુ મળ્યા છે, એમાંથી આવ્યું. સબ છોડો. No thinking, no thinking! વિચારરહિત, નિર્વિચાર. પ્રભુ મળ્યા, મરીને જેને પામવા હતા તે દેહ છતાં મળ્યા તો શું ધંધો કરવાનો? રાગ પોષવાનો? વૃત્તિ પોષવાનો? આપણી રીતે કરવાનો? કંઈક કરી નાંખવાનો? ના, તો ત્યાં આપણે ઊગતી પ્રભાએ માંગીએ – તું રાજી થાએ, તું રાજી થાએ એ કરવું છે. એવી નિર્દોષબુદ્ધિ, ચૈતન્યબુદ્ધિ દૃઢ કરવી. તું દિવ્ય, તો હું પણ દિવ્ય. દેવરૂપ થઈને દેવને ભજવા છે. બાપા એવા હતા, કંઈક સમજાયું. ગુણાતીત ભાવનાને અમર કરી ગયા. શાસ્ત્રીજી મહારાજ મૂર્તિમાન કરી ગયા. વચ.વર. ૫માં મહારાજ કહે, ઉત્તમ લક્ષણવાળા, નિર્મળ અંતઃકરણવાળા એવા સંતને અખંડિત રાખતો જાઉં છું, એને ઓળખજો. એવા ગુણાતીત પુરુષ એટલે પરમ એકાંતિક. ભગતજીને ઓળખ્યા? જાગાસ્વામીને ઓળખ્યા? શાસ્ત્રીજી મહારાજને તત્ત્વે કરીને ઓળખ્યા? જોગી મહારાજને તત્ત્વે કરીને ઓળખ્યા? એ જાણ્યા. આજ આપણે એ બે શબ્દ ઉપર સમજવું છે. બાકીનું સાંજે, છેલ્લો લેસન કાલે સવારમાં, વ્હેલાં. તત્ત્વે કરીને ઓળખવાનો subject છે. જે જેમ છે એવું તત્ત્વે કરીને ઓળખવું અને તમને ખબર પડે કે જેને મરીને પામવાનું છે એ દેહ છતાં જ મળ્યા. બાપા હતા કે નહીં? દાદુકાકાએ માન્યું. તો સિદ્ધપુરુષ ને સિદ્ધોથીય પર થઈ ગયા. જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન કાંઈ ભાસે રે! અમે જે સંકલ્પ કરીએ એ (સિદ્ધ) થવાનો છે એની ખાત્રી. એટલે નિશ્ચિંતતા છે, નિર્ભયતા છે. મેં કહ્યું, મારા જેવી તમને પણ નિશ્ચિંતતા ને નિર્ભયતા આવી જાય. ભુક્તિ, મુક્તિ, સ્થિતિ. જેટલી મનની માન્યતા વચ્ચે લાવશો કે હું સમજી ગયો છું, આ રીતે સમજે તો બરાબર, આમણે આમ કરવું જોઈએ ને આમ કરવું જોઈએ. છોડો, તમે એક જોડ કરીને જીવવા માંડો, શરૂ કરો. આજથી, અબઘડીથી. એક આનંદ આવશે, એક રહસ્ય સમજાશે,

આશ્ચર્યકારક ઘટના બનશે. ચોવીસ કલાક મારો લાભ લો. એક nucleus તૈયાર થઈ જાય, એક નિહારિકા તૈયાર થઈ જાય. એક ધૂમકેતુ એટલે એક જ તારો નહીં, તારાનો ઝૂમખો તૈયાર થાય. એવા એકાંતિકોનો ઝૂમખો એટલે અક્ષરધામ.

આપણો આજનો વિષય છે '**ભગવાન ને સંતને તત્ત્વે કરીને જેવા છે તેવા યથાર્થ ઓળખ્યા એટલે શું?**' એની કંઈ સમજણ હોય? જમાઈ ગુજરી જાય, જુવાન છોકરી હોય ત્યારે લાડવા ખવડાવે? વાજાં વગાડે? એ સમજણ હોય કે શાંત રહીને પ્રભુનું ભજન કરે? રણકાર ન વગાડે. એ સાધુની સમજણ છે, પ્રભુની સમજણ છે. ત્વરિત ગતિએ તમને આજ લાભ મળી રહ્યો છે. ક્યાંય શોધવાનું નથી. શાસ્ત્રીજી મહારાજે દુનિયાનું અશક્ય કામ કર્યું. અક્ષર અને પુરુષોત્તમ માવતર ઓળખાવી ગયા, જીવનાં માવતર, દેહનાં નહીં, મન–ચિત્તનાં નહીં, જીવનાં માવતર. તો એ ગુણાતીત ભાવનાને પ્રગટ કરો. એક–બે ભગવદી જોડે રસરૂપ થાવ. સગાંવ્હાલાંમાં થયા છો એટલા થયા છો? પૂછજો, એ ન થયા હો તો માંગજો. દેખાવ ખાતર નહીં, ઉપર ઉપરથી નહીં, આટલી જ વાત સમજવાની છે, દૃઢ કરવાની છે. પ્રભુ કરાવે. તો મારા જેવું સ્વતંત્રતાનું, નિર્ભયતાનું, નિશ્ચિંતતાનું સામર્થ્ય મળી જશે. મને ખાત્રી છે કે હું સંકલ્પ કરીશ તો મહારાજ મારું હિત જ કરવાના છે. મારો ૮૦ હજાર ટનનો contract govermentએ fail કર્યો. ઈમ્પીરીયલ કેમીકલના ચઢાવવાથી. મારું મન સ્થિતપ્રજ્ઞ, પ્રજ્ઞાની સ્થિરતા, મનની સ્થિરતા, બુદ્ધિની સ્થિરતા, ચૈતન્યની સ્થિરતા. તમને તમારા સ્વરૂપની છે? તમે કોણ? તમે જે માન્યું છે તેની સ્થિરતા છે? મળ્યું ના મળ્યું, થયું ના થયું, પ્રભુ, તારામાં તર્કવિતર્ક નહીં. ભગવાનના સ્વરૂપને તત્ત્વે કરીને ઓળખવાનાં પાંચ વચનામૃત છે. આપણે પાંચેય વચનામૃત જુદી જુદી ત્રણ સિટીંગમાં હમણાં–પછી–સાંજે લઈશું. હમણાં એક લઈએ છીએ અને કાલે બે લઈ લેશું. ભગવાન ને સંતને જેમ છે એમ તત્ત્વે કરીને ઓળખવા. એક રહસ્યમય વાર્તા બનશે. એ જ પૂર્ણાહુતિ, એ જ તમારી પણ સિદ્ધદશા. નિર્વિકલ્પ સમાધિથી, અષ્ટાંગયોગથી નહીં, ગોપાળાનંદસ્વામીથી નહીં, તેઓ મહારાજને તત્ત્વે કરીને ન ઓળખી શક્યા. એમનો ચેલો ભગતજી ઓળખી ગયો. સંકલ્પનો વિરામ કરીને, એક વહવાયો, મહુવાનો એક દરજી પ્રાગો પ્રભુ બન્યો, જાગો પ્રભુ બન્યો. શાસ્ત્રીજી મહારાજે એને ઓળખ્યો. દોઢ મહિનો સેવા કરી અને વેઢમી બનાવીને જમાડ્યા. ભાદરોડની અંદર ૧૧ માઈલ દૂર કોઈ વહવાયાની સેવા ન કરવા દે. જગતનો કાયદો, જગતનું મધ્યબિંદુ, જગતની ગણતરીઓ, જગતનાં measurements, જગતની ફૂટપટ્ટી, છોડો. લોકો માને કે શાસ્ત્રીજીની સેવા કરે છે આ વહવાયો, આ દરજી. શાસ્ત્રીજી મહારાજના એ પરમગુરુ. સરખેસરખા માનો, સ્વરૂપ માનો. એક સમજણ તો જુઓ. શાસ્ત્રીજી મહારાજને કૃષ્ણજી અદા દંડવત કરે, એના ચેલકાને ગમે નહીં. ગાંડિયાઓ, who are you?

judgement કરનાર કોણ તમે? તમારી જડબુદ્ધિથી નક્કી કરો છો. આ નિર્ગુણબુદ્ધિ, આ બ્રહ્મબુદ્ધિ. જો તત્ત્વે કરીને ઓળખ્યું હોત તો લખપતિ કરોડપતિ પાસે, નાણાવટી અરવિંદ મફતલાલ પાસે બોલી શકે નહીં. નાણાવટી પોતાની બધી પ્રોપર્ટી ભેગી કરે ત્યારે એક કરોડ થાય અને ક્યાં અરવિંદ મફતલાલ? સોલાપુર મિલની લીલામીમાં શરૂઆત જ ૧ કરોડથી કરી. મને નાણાવટીએ બોણી કરવા ૨૫ લાખ આપેલા. હું તો ૨૫ લાખ બોલ્યો તો જાણે શુંચ? પેલો બોલ્યો, ૭૫ લાખ. એનું નામ શિવાભાઈ. હું ઢબ થઈ ગયો, જોઈ રહ્યો, ક્યા બોલતા હૈ યે? યે ભાષા ક્યા હૈ? અરે ભઈ, અનંત જન્મનાં સુકૃત ઉદય થાય તો ય કલ્યાણ નહીં. એમ અમારા પાંડુરંગજી કહે છે અને અહીંયા કાંતિભાઈએ કહ્યું કે આત્યંતિક કલ્યાણ તો અમારાં દર્શને થાય. આ વાત નહીં મનાય, તમે તો સિદ્ધ કરો. મને ઉમળકો છે, મેં એક વાત સિદ્ધ કરી છે. મારા પ્રભુ પ્રગટ છે. પ્રત્યક્ષ કરવાની, switch on કરવાની ટેકનીક મને આવડે છે. રેડીયો–ટેલીવિઝન બગડી જાય તો રીપેર કરવાના મીકેનીકો છે. અમારા Spiritual Technicians આજ એવા છે, પ્રેમ ને પુરુષોત્તમ સ્વામી જેવા. તમને માયિકભાવ આવ્યો હોય, મનુષ્યભાવ આવ્યો હોય, માન્યતાનો ભાવ આવ્યો હોય તો કાઢી નાંખશે. આવી શકે, આવે, પણ નીકળી જશે. પળે પળે યોગીજી મહારાજ ખેલી રહ્યા છે, દેખાય છે? જેમ મને દેખાય તેમ તમને દેખાવું જોઈએ. આ રહસ્ય – ભગવાન અને સંતને તત્ત્વે કરીને ઓળખવા. ઓળખ્યા તમે? કંઈ રીતે ઓળખવા? એ બીજો પ્રશ્ન અને ઓળખ્યા હોય એની ડીગ્રી કંઈ છે? 'સ્થિતપ્રજ્ઞ,' એકસ્ય અંતઃને પામી ગયેલો, પહોંચી ગયેલો હોય એને દેખાવું જોઈએ. અખંડવૃત્તિવાળો, નિર્દોષબુદ્ધિવાળો, એ ટેકરે ચડેલો છે, એને ખબર પડે. પણ તમે અધવચ રસ્તે છો! અને પહોંચ્યા પછીની, ટેકરા ઉપરની વાત કરો છો એટલે ગડબડગોટાળો થાય છે. એ ઐસા ને એ ઐસા. આમણે આમ કરવું જોઈએ ને આમણે આમ કરવું જોઈએ. દેખાય છે? તમે પહોંચેલા છો? તમે નિર્દોષબુદ્ધિનો રાજમાર્ગ પૂર્ણ કરેલો છે? પ્રથમના ૧લા વચનામૃત પ્રમાણે અખંડવૃત્તિ સ્વરૂપમાં એક રીતે રહે છે? બીજી વૃત્તિએ કામ કરો છો? તો કંઈક બોલજો. લાગણી હોય ને સૂચન કરો, ભેગાં મળીને કામ કરવું છે. આત્મબુદ્ધિ ને પ્રીતિ પાકી છે? તો કહો, ના નહીં. પણ બે વાર મોટાપુરુષ આગ્રહ કરે તો વળી જવું. કૃષ્ણ કહે, અર્જુન, બાણ માર. એ કહે, નહીં મારેગા. ફરીથી કૃષ્ણ કહે, અર્જુન, બાણ માર. એ કહે, નહીં મારેગા. કૃષ્ણ હસે છે, ઓ તરબુચ જેવા, ઓ કલીંગર જેવા અર્જુનીયા! તું મને ના પાડે છે? એ હસતા હતા કે ઓ ગાંડાઘેલા, તું મને ના પાડે છે? અર્જુન ગાંડોઘેલો, પણ એ હતો એનો. ધીરે ધીરે અર્જુનને એ જ્ઞાન આપે છે. છેક ૧૮મા અધ્યાયના ૬૫મા શ્લોક સુધી, અને પછી એને કહે છે **सर्वधर्मान् परित्यज्य।** અર્જુન, તારા મનના–ચિત્તના–માયિક ધર્મ છોડી દે. તારું જેટલું

તેં જાણ્યું હોય, અનુભવ્યું હોય તે છોડી દે. તું known માંથી unknown માં જાય છે. પ્રભુ unknowable છે. અનંત વિશ્વો, અનંત સૂર્યો દેખાય છે? તો accept it totally. એમ તમે ડહાપણ ના કરતા. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરીને પ્રેરણા થાય એ બોલવાની ટેવ પાડો. આજે આ વખતે અહીંયા આવ્યા છો. આટલું તો કરજો. મૂર્તિ ધારીને બોલજો. એની સત્તાને માન્ય કરીને બોલજો, અપરંપાર સત્તા છે. He is unknowable, He is unattainable, He is invisible છતાં visible, છતાં attainable, છતાં knowable through સંત. શાસ્ત્રીજી મહારાજે તત્ત્વે કરીને જોગી મહારાજ ઓળખાવી દીધા. દાદુ, તું મને તારી રીતે મનથી, માનસિક રીતે, તારા જ્ઞાન પ્રમાણે, અનુભવ પ્રમાણે, વાંચેલા પ્રમાણે માને છે. તારું મન મૂકી દે, એક જગ્યાએ total અને મારામાંથી જે આવે એ માન્ય કર. તર્કવિતર્ક ન કરતો, મારો વ્યાપકમાં અનુભવ થશે. તારું સર્વસ્વ લઈ લઉં તો ગભરાતો નહીં. અમારે contractમાં બીજે દા'ડે L.C. ખોલવાની, એણે જ contract અપાવેલો. એમણે કહ્યું, બુદ્ધિ નહીં વાપરતો અને એમ ને એમ મફત ખોલાવી દીધી. બધું જ ગુરુદેવે કર્યું. વ્યાપકમાં શ્યામે કામ કર્યું. એ બ્રહ્મતત્ત્વ, બ્રહ્મસ્વરૂપ, શુકદેવજી બ્રહ્મસ્વરૂપ, માનવસ્વરૂપમાં બ્રહ્મસ્વરૂપ, વ્યાસજી નહીં. **परिनिष्ठितो अपि नैर्गुण्ये**, એ બ્રહ્મતત્ત્વ હતા. તો કૃષ્ણનાં લીલાચરિત્રને ગાયાં. નિર્ગુણ હોવા છતાં **परिनिष्ठितो अपि नैर्गुण्ये**... **उत्तम श्लोकलीलया** અને પરિક્ષિતે ખાલી સાભળ્યું હતું, જોયું ન્હોતું તોય કૃષ્ણ આમ ને કૃષ્ણ આમ, આમ કેમ કરે? એ છોડો, આજથી નવી શરૂઆત કરો. એક નવાં વર્તમાન સહુ લઈ લો. આપણે, ઠાકર ને ક્રિયા. ભગવાન અને સંતને, મહારાજ અને સ્વામીને, અક્ષર અને પુરુષોત્તમને આગળ રાખો.

તમારામાંના સહુને એક પ્રશ્ન પૂછું છું. પ્રેમથી, રાજીખુશીથી સમજીને જવાબ આપજો. તમારે ભગવાન અને સંતને, બાપાને, પરમતત્ત્વને, બ્રહ્મતત્ત્વને જેવું છે એવું ઓળખવું છે કે નહીં? તમે માની લીધું હોય કે તમે જાણો છો. તમે માનો છો કે ઓળખી લીધું છે, ખરેખર? હું એમ નથી કહેતો કે તમારી ખામી છે. તમે ટકી ગયા છો તેથી તમને ધન્યવાદ ખૂબ છે. પણ ક્યાંક કણી રહી ગઈ હોય એ આપણે કાઢવી છે. પરમહંસોથીયે ના બન્યું, દાખડા બહુ કર્યા. એવું નથી કરવું આપણે. No waste of time, આજ શક્યતા છે. ગુણાતીતને માનવાથી આજે જ આત્યંતિક જ્ઞાન થાય એવું છે. નહીં તો નહીં બને, બિલકુલ નહીં બને. સિદ્ધ થશો, સર્વજ્ઞ થશો, મંડળધારી થશો, mass હશે, કુંભમેળા હશે. આ એક રહસ્યમય વાર્તા શાસ્ત્રીજી મહારાજ બક્ષિસ આપી ગયા. જોગી મહારાજ સંઘનિષ્ઠામાં અક્ષરધામ આપી ગયા. આપણે અક્ષરધામનું સુખ તો લેવું જ છે. ચિંતામણિરૂપી મૂર્તિ મળી, તત્ત્વે કરીને જો ઓળખી લીધા હોય તો તમારે અખંડ પળેપળે સારા–નરસા, શુભ–અશુભ, ભયંકર પ્રસંગોમાં

પણ, ભયંકર અપમાનોમાં પણ, ભગતજી – જાગાસ્વામી જેવી સ્થિતિ થવી જોઈએ. સ્થિતપ્રજ્ઞતા... પ્રજ્ઞાની, ચૈતન્યની, સ્વરૂપનિષ્ઠાની સ્થિતપ્રજ્ઞતા, સારા–નરસા, શુભ–અશુભ – એમાં એક સમતા. Spiritual Equality અને પ્રભુ જોડે તાદાત્મ્ય. પહેલાં પ્રભુ જોડે એકતા, દેહ જોડે છે, મન જોડે છે, ધણી જોડે, પત્ની જોડે, બાળકો જોડે, જગત જોડે છે એવી નહીં. પણ પ્રભુ જોડે એક વિશિષ્ટ અનન્યભાવેન, એના જેવો ભાવ બીજા પર નહીં. ગોપીઓએ આ કામ કર્યું. ઉદ્ધવજી! તમે કયા કૃષ્ણની વાત કરો છો? જ્ઞાની છો? ભગવાનને દૂર માનો છો કે હૃદયમાં! જો પેલો, ડાળખી પર બેઠેલો અમારો કૃષ્ણ રહ્યો. તમે કયા વ્રજના કૃષ્ણની વાત કરો છો? દૂર માનો છો એ અજ્ઞાન છે. જાણતાં નથી એમ માનો છો એ અજ્ઞાન છે. તમને જોતા નથી એમ માનો છો? અગોચર છે એમ માનો છો? એ અજ્ઞાન છે. એ અખંડ પ્રગટ છે. તમે એવી સ્મૃતિ કરો, ટેલિફોન લાગશે. પ્રાણના પ્રેરક, આ બધી વાત બહુ મોટી છે. તમને હું કંઈ blame નથી કરતો, ધન્યવાદ દઉં છું. તમે એમાંથી પસાર થઈ ગયા.

આજ મારે પણ એક ઉમળકો છે. બાપા કહે, **યુવકો મારું હૃદય છે.** એમને એક ઉમળકો હતો. બાપાએ પચ્ચીસવાર લખ્યું ત્યારે માંડ અમે સભા કરવા જતા. જડ જેવા હતા. ક્યાં જતા? જસાણીની ઑફિસે એક ગાડી લઈને જતા. જાણે બાપા પર ઉપકાર કરવા અમે જઈએ છીએ. તેઓ બહુ લખલખ કરે તો! આ લો ભઈ, હવે. તમારી ઉપર ઉપકાર કરીએ! કરતાં કરતાં હું, બા અને કાંતિભાઈ. એ પછી હાજરી પૂરાવા માંડી. ધીરુભાઈ નોંધે. બાપા લખે, ત્રણ વખતથી ગયા નથી, હવે જજો. એક એને vision હતું. એની પછવાડે એક રહસ્ય ઉગાડવાનું હતું. દાદુ! તમે ને સોનાબાનું કુટુંબ એક વર્તજો. આ બાપાને ઓશિયાળા બિલકુલ ના કરતા. નંદાજીની ચૂંટણી વખતે મને બાપાએ કહ્યું, 'દાદુભાઈ! મહિનો રહેવું પડશે.' તો મેં કહ્યું, 'ના બાપા, પંદર દા'ડા રહીશ.' બાપા કહે, 'શાસ્ત્રીજી મહારાજ કે'ત તો રહેતને!' મને એકદમ યાદ આવ્યું 'હા'. એક જગ્યાએ હું એમને સર્વોપરી માનતો, મારા પ્રાણના પ્રેરક માનતો, મારા જીવનના પ્રાણ માનતો, મારું સર્વસ્વ માનતો ને મારું અસ્તિત્વ પણ એને લઈને છે એમ માનતો, બોલતો નહીં, માનતો. બધું જ ગૌણ હતું, total અને એમાંથી આવે, એને ગમે એ પહેલું જ કરવાનું. No argument, તો હું ખાટી ગયો. સ્વરૂપનિષ્ઠાની બાબતમાં મહોબત નથી. તપ, ત્યાગ, બ્રહ્મચર્ય, બધાં સાધન કરો, પણ જ્યાં સુધી અતિ મોટાપુરુષની કૃપા નહીં થાય ત્યાં સુધી નિષ્ઠા, પરિપક્વ નિષ્ઠા, પ્રત્યક્ષની નિષ્ઠા, તત્ત્વે કરીને ઓળખવાની જે નિષ્ઠા તે નહીં થાય. માનસિક ભૂમિકા રહેશે. ચર્ચા–પ્રવચનો બીજાં–ત્રીજાં થશે, શિબિરો પણ થશે, હૈયામાં ક્યાંક ઊંડે ઊંડે ઊંડે hollowness (ખાલીપણું), missing point પણ રહેશે. નહીં તો સભરતા રહેશે, fulfillment રહેશે, સંતોષ રહેશે, કૃતકૃત્યતા રહેશે, પૂર્ણતાનો આનંદ આવશે.

મને મળ્યા એ પૂર્ણ છે, ચલો, મારી પૂર્ણતા કરાવશે. એને ચીટકી રહો, પકડી રહો, એને કરવા દો. પછી એ સૂઝાડશે. આપણે આ ટ્રેનિંગ લેવા ભેગા થયા છીએ. આપણે આ વાતને ઘૂંટવા ભેગા થયા છીએ. આ જાણપણું ભૂલાઈ જાય છે. ઉત્તિષ્ઠ, ઉત્તિષ્ઠ, ઉત્તિષ્ઠ, ઉત્તિષ્ઠ! ત્યારે અર્જુન જાગતો ન્હોતો. તું જાગ. તું અધ્યાત્મ યોગી બન. યોગી તો છે, સિદ્ધ છે, સર્વજ્ઞ છે, બહુ જાણે છે, બહુ અક્કલવાળા છો તમે બધાય. પણ તમે અધ્યાત્મ યોગી બનો. યોગ એટલે કર્મમાં કુશળતા. બુદ્ધિવાળો એટલે એ નિર્ણય કરે એમ જ બને. એનું judgement સાચું પડે. એ નિર્ણય લે એ પ્રમાણે પૂર્ણાહુતિ થાય એટલે એને wisdomવાળો કહે – ડાહ્યો કહે. નુકસાન કરે એ ગાંડો–મૂર્ખો, દુનિયાનો આ કાયદો છે. આધ્યાત્મિકતામાં મોક્ષની બુદ્ધિ જુદી છે, વ્યવહારની જુદી છે. વ્યવહારિક રીતે માનતાં નહીં. વિદ્યાનગરમાં છાત્રાલયના પાયા ખોદાવતી વખતે મણિભાઈ જીવાભાઈ અને ગોરધન contractor કહે, આ વાંદરા જેવા જશભાઈ, હરિભાઈ ને છોકરા બધા જે કામ કરે છે એ મજૂરો કરે તો ૮૦ રૂપિયામાં કામ થાય. આ તો અઢીસોનું ખાઈ જાય છે. બાપા કહે, એમને શ્રીખંડ જમાડજો, છેલ્લે દા'ડે ચાંદલો કરજો. જો એ ગણિત પેલા સમજ્યા નહીં. એ વર્ષો સુધી ન સમજ્યા. એના થકી પૈસાદાર થયા. મણિભાઈ જીવાભાઈ સામાન્ય હતા, ગોરધનભાઈ કૉન્ટ્રાક્ટર સામાન્ય હતા. રાજકોટવાળા ગણાત્રા દોઢસો રૂપિયામાં નોકરી કરતા હતા. દાદુકાકો ખાલી ૪૦૦–૫૦૦ રૂપિયામાં નોકરી કરતો હતો. ૫૦ લાખનો આસામી થયો. દસ લાખ રૂપિયા ૧૯૪૮માં લંડનમાં નેશનલ બૅંકમાં officially જમા અને ઉપલક પણ George Wills પાસે. દસ લાખ રૂપિયા જેટલા, અહો! આ બધું કોના પ્રતાપે? કેમ ભૂલાઈ જાય છે, આ? જોગી મહારાજ, જોગી મહારાજ, એ તત્ત્વ ગયું જ નથી. અખંડિત છે. ક્યાં છે એ? ગોંડલ છે? વિદ્યાનગર છે? તારદેવ જ છે? ના, તમારા હૃદયમાં. ધબક ધબક ધબક ધબકારો થાય છે ત્યાં, તો પ્રકાશિત કરો. ભૂલો નહીં, એને સંભારીને કામ કરો, એને યાદ કરીને કામ કરો, એની સત્તાને માનીને કામ કરો અને દિવ્યતા દિવ્યતા જ જુઓ. તમારી આંખની કીકી બદલી નાંખો. આજ થોડી વાત કરવી છે. બે મિનિટ ધ્યાન કર્યા પછી તત્ત્વે કરીને ભગવાન ને સંતને જેવા છે તેવા ઓળખવા માટે. કોહિનૂર હીરો બકરીની કોટે રબારી બાંધે, આપણે નહીં. એ ઓળખતો નથી. હીરાને કાચનો કટકો સમજે છે. આ હીરામાંથી, ચિંતામણિમાંથી જે ચિંતવશો એ મળશે. આ પારસમણિ નથી કે જે લોખંડને સોનું કરે. આ તો પારસથી પારસ બનાવે. તમે પણ બનો. મારો બાપો આર્શીવાદ આપી ગયો. આવે છે ચાનક? આવે છે ખુન્નસ? કાંઈ ગુમાવવાનું નથી. તકલીફ આવે, દુઃખ આવે, માથાકૂટ થાય, મારા પર નાંખજો. મારા સાથીદારો, મારા જેવા બનો. મને ઉમળકો છે. આ જંગ આપણે બાવનથી (૧૯૫૨) ખેલ્યા છીએ. '૬૫થી ખુલ્લા મેદાનમાં. તો એક પૂર્ણાહુતિ કરવી

છે. એક–બે વર્ષમાં તમે તૈયાર થઈ જાઓ. તમે બાપાનું જ બળ લો. અર્જુનની માફક સ્વલ્પમ્ અપિ, પણ સ્વરૂપનું જ બળ લો. પણ જીવમાં પાક્કો તણખો છે? તત્ત્વે કરીને મહારાજને ને સ્વામીને તો ઓળખવા પડશે જ. તમારી રીતે ઓળખેલા નહીં ચાલે. મહારાજનો મહિમા ગાનાર પરમહંસો જોડાયેલા પણ મહારાજે કહ્યું કે કબુતરના કબુતર રહ્યા. અલ્યા, હજુ અહીં મારી પાસે ગરૂડ પુરાણ વાંચે છે? સ્વામિનારાયણનો દીકરો. અરવિંદ મફતલાલનો છોકરો નોકરીની અરજી કરે છે? નોકરી માટે? હોઈ શકે નહીં. ગાંડો થઈ ગયો. આપણે ખૂબ વિચાર કરવો. આવો જોગ છે. છોડો બધી માન્યતાઓ. યોગીજી મહારાજરૂપે આપણને પ્રભુ દર્શન દઈ ગયા. ધબ્બા ખાધા, એના સંતોને નાસ્તા કરાવ્યા છે, દેવીબેને. બહુ મોટું પુણ્ય છે. તો પુણ્યનું શું? ખાધે–પીધે સુખિયા રાખે? દેહ સારો રાખે? આ વ્યવહારનું પુણ્ય છે. તમારો જીવ સત્સંગી થાય, તમારું મન સત્સંગી થાય, તમે ભગવાનના ધારક બનો, પચાસ લાખની લોટરી લાગે તો ગાંડા થઈ જાવ. શુંનું શું કરી નાંખું? અનંતકોટી બ્રહ્માંડોના નિયામકોના નિયામક, વૈરાટનારાયણોના નિયામક, મહાપુરુષ ને મૂળપુરુષના નિયામક અક્ષરબ્રહ્મને તમે ધારણ કરી શકશો? ના. તો એને પોકાર કરીને એમાં પ્રવેશ કરી જાવ. એને વિનંતી કરો. મા, મા મને તું ઝીલી લે. તારું દૂધ પા. કૃષ્ણે અર્જુનને પાયું. ફોદો પણ ના રહેવા દીધો. સર્વ ઉપનિષદોનો સાર એ ગીતા છે અને ગીતાનો સાર – ગીતાનો ગુણાતીત છેલ્લો અર્જુન. ત્યાંથી આપણે શરૂઆત કરીએ છીએ. મારી જોડેના ત્રણે sitting માં તત્ત્વે કરીને ભગવાન અને સંતને, પરમતત્ત્વને, માતાજીને, મહાદેવજીને, શંકરજીને, ગણેશજીને, રામને, મહાવીરને, કેવળીને, સોનલમાતાને, સ્નેહલમાતાને જે તત્ત્વ તમે invisible ગણો છો, unknown, એને જેમ છે એમ ઓળખવા, એની શક્તિને, બળને, પ્રતાપને, ઐશ્વર્યને અને એના જેવું સામર્થ્ય મેળવવા આપણે આ subject રાખ્યો છે, આ અક્ષરધામની સભા છે. માયા પરની વાત થાય છે, અહીંયા. ભગવાન કહે, 'ના અહમ્ વસામિ વૈકુંઠે, ના અહમ્ વસામિ યોગિનામ્ હૃદયે.' મારું તત્ત્વે કરીને જ્યાં નિરૂપણ થતું હોય, હું જેવો છું એવો, ત્યાં હું વસું છું! તપની, ત્યાગની, યોગની, વ્રતની, બધી તપશ્ચર્યા કરવાની, આમ કરો ને આમ કરોની વાત હજારો વર્ષોથી યોગીઓ કરતા આવ્યા. કોઈનો સક્કરવાર વળ્યો નથી, કોઈની પ્રકૃતિ ગઈ નથી, રસ ગયો નથી. ન ઋષિમુનિઓનો, ન નારદજીનો, ન આચાર્યોનો, partial તત્ત્વે જોયેલા એવા partial visionaryનો પણ નહીં. ન શંકરાચાર્યનો, ન રામાનુજનો. ધન્ય ધન્ય ગુણાતીતને, જૂનાગઢના જોગીને, હરિપ્રસાદને, પપ્પા જેવા પુરુષોને, આપણે સાથે જંગ માંડ્યો. આપણે તો નીકળી જાઓ એમાંથી. પ્રકૃતિ અને પુરુષથી પરનું આ જ્ઞાન મૂર્તિમાન છે. મૂર્તિમાન જ્ઞાન એટલે સોફા પર બેઠેલા આ પુરુષ તમને આત્યંતિક જ્ઞાન આપી રહ્યા છે.

એ એમ જ છે, એમાં ફેરફાર નથી. સ્ત્રી–પુરુષને એકમેકનું આકર્ષણ કુદરતી જ છે. એમાં ફેરફાર નથી. એથી પરની આ વાત, હૃદયગ્રંથિ તોડી નાંખવાની વાત, અહંગ્રંથિ તોડી નાંખવાની વાત પ્રભુએ કરી, ગુણાતીતે કરી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજે કરી.

આપણો વિષય છે ભગવાન ને સંતને, બ્રહ્મ ને પરબ્રહ્મને, આત્મ તત્ત્વને, eternal તત્ત્વને, સનાતન તત્ત્વને, નિત્ય તત્ત્વને, permanent ચીજને જેમ છે એમ ઓળખવી. ઓળખ્યા હોય એને લેબલ છે પરમ એકાંતિકનું, સ્થિતપ્રજ્ઞનું. ભગતજી, જાગાસ્વામીએ ઓળખ્યા, એના ગુરુ ગોપાળાનંદે નહીં. સ્વામીએ આના પર એક સરસ કથા વંચાવી. આજની આ મારી કથા પૂરી કરું છું અને એ કથા પણ ૧૪મા પ્રકરણની ૧૬૨મી વાતમાં આવશે. ગોપાળાનંદસ્વામીનો ચળકાટ બહુ, બધાને વૈભવશાળી સત્સંગ બહુ ગમે, mass બહુ ગમે. આ ગોપાળાંનદસ્વામી જેવા સ્વામી કેટલા હશે, અહીંયા? સ્વામી હસે. ગાંડીયાઓને ખબર નથી, મને ઓળખતા નથી. આ કોના જોગમાં છે એ ઓળખતા નથી. કોના ભેગાં છો, એને ઓળખતા નથી. એની પાસે જે ચીજ છે, એ તમને ખબર નથી. બાપા અક્ષરધામ બક્ષિસ આપી ગયા, મોજમાં આપી ગયા. સાધનથી કોટી ઉપાયે બને એમ નથી, ખુશ રહો, ખુશ રહો. મફતમાં માલ મળ્યો, લોટરી લાગી તો ઉદાસીન શું કામ? મૂંઝવણ શું કામ? કોને મૂંઝવણ છે, આ? શું કામ મૂંઝવણ છે? આ વાત દૃઢ કરવી છે? સ્વામી કહે છે. તમે બધા જ સિદ્ધપુરુષો છો. મેં તમારી સિદ્ધાઈ દાબી રાખી છે. નહીં તો મારું જ ગળું પકડો, સદ્‌ગુરુનું. બધાંને ગાદી જોઈએ છે, સદ્‌ગુરુ થવું છે, પૂજાવું છે, આરતી કરાવવી છે, પણ સેવક બનવું નથી. આ તત્ત્વે કરીને સમજવું પડશે. મેં આ priliminary background (પૂર્વભમિકા) કહ્યું. આપણે તત્ત્વે કરીને સમજવાનું છે. સમજવા માટે શું કરવું? સમજ્યા હો તો checkup કરી લેજો. હું એમ નથી કહેતો કે તમે નથી સમજ્યા. તમે ઘણું સમજ્યા છો અને વાંક હોય તો મારો છે.

મારો આ વિષય છે. '**આજ જ આત્યંતિક જ્ઞાન થાય.**' તો આપણી પાસે બે દિવસ છે. તમારે નિર્ણય એટલો જ કરવાનો. 'આજ જ આત્યંતિક જ્ઞાન.' ગુણાતીત જૂઠું બોલે નહીં, એક કલ્પમાં થાય એટલું એક દિવસમાં થાય. પરમ સંત જૂઠું ના બોલે. તમારી બુદ્ધિની ખામી હોય તો પૂરી કરજો. એવી ભાવના રાખજો કે મારે કરી લેવું છે, મારે શીખી લેવું છે. કાકાજી બે જ દિવસમાં શીખવાડી શકે છે. આ પળથી પણ શીખવાડી શકે. શીખવાની દાનત રાખજો, સમજવાની રાખજો, ઊંડે ઊંડે સાંભળીને ઘૂંટવાનું રાખજો તો પ્રકાશ થઈ જશે, સૂઝ પડી જશે. આપણે કરી લઈએ. આપણી કોઈક ગ્રંથિ નડે છે, કોઈક હેવા નડે છે. મહારાજ ને સ્વામી એ કાઢી નાંખે. આ મારા ઘરની વાત નથી. નારાયણનો નારાયણ કહી ગયેલો છે. શ્રુતિ છે, એમાં ફેરફાર નથી.

મરચું ગળ્યું લાગે, ખાંડ તીખી લાગે એ તત્ત્વે કરીને ઓળખ્યા? ના, ખાંડ ગળી જ લાગે, અહીંયા પણ, અમેરિકામાં પણ. મોળી લાગે છે તો તમને તાવ હશે. ખાંડને તો ગળપણ જ હોય, નહીં તો ખાંડ નહીં. મરચું તીખું લાગે કાં મોળું લાગે પણ ગળ્યું ન જ લાગે, નહીં તો મરચું નહીં. એમ આ બાપા અક્ષરધામ આપી ગયા છે. આ વાદળાં વાત નથી કરી ગયાં, મેઘદૂતનાં. આપણે આવા પુરુષોને, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજને ધન્યવાદ દો. મહારાજે જ્યારે અક્ષરધામની વાત કરી ત્યારે કાઠી લોક સમજ્યા નહીં. મહારાજ આ શું કરવા માંગે છે? અમે ગંધાતા, મહિને ન્હાઈએ. એકાદશીએ પાંચ તો લાડવા ખાઈ જઈને, મંગળાચરણ કરીને, એકાદશી કરીએ ને તમે પ્રકાશેયુક્ત કહો છો! તમેય મોટા ને તમારાં ગપ્પાંય મોટાં. આ વાત હવે સમજ્યા. ગુણાતીત કહે, હે! ૨૦૦ જુવાનો, તમે એક એક ગોપાળાનંદસ્વામીથી અધિક છો પણ તમારું મન નહીં માને. તમે થોડીક વાત અજમાવો, મારો ભરોસો કરો. કોઈ શાસ્ત્રીજી મહારાજને સારંગપુરમાં કહે, તમે આ મંદિર આપી દો છો, પછી શું કરશો? શાસ્ત્રીજી મહારાજ કહે, મારું જ્ઞાન પ્રવર્તાવનાર, ગુણાતીત જ્ઞાન પ્રવર્તાવનાર પ્રગટી ચૂક્યા છે. ત્યારે મને પોરસ ચઢતો કે એમાંનો એક હું હોઈશ અને આજ મને ઉમળકો છે. થોડોક તમે મને સહકાર આપજો. અક્ષરપુરુષોત્તમ વસ્તુ કો'ક જુદી છે. આખી દુનિયામાં યુગલ ઉપાસના સિવાય કોઈ ઉપાસના શક્તિ નહીં આપે. માયકાંગલા રહેશો. આ સામર્થ્યની વાત છે, શક્તિની વાત છે. એકલી સંકલ્પસિદ્ધિની વાત નથી, જ્ઞાનસિદ્ધિ, આ પરમસિદ્ધિ. પ્રભુ જેવા સામર્થ્યવાળી વાત છે. મહારાજ પરના પર, પરના પર. માયકાંગલા નહીં, નિર્બળતા નહીં. હે પરમહંસો! અહીંનો એકડમલ પણ જગતનો પ્રભુ છે. હે મુક્તાનંદ! જેતલપુરની વેશ્યાનું આત્યંતિક કલ્યાણ કર્યું, પણ એ કંઈ બીજાને એકાંતિક નહીં બનાવે. તમારા જેવા સંતને જમાડે તો કોટિ યજ્ઞનું ફળ. ત્યાં બુદ્ધિ તર્ક કરે, ક્યાં ગયું ફળ? આટલી બધી સેવા કરી, અમને શિંગડાંય ન ઊગ્યાં. આ તર્કબુદ્ધિ છોડો.

તત્ત્વે કરીને ઓળખનારનાં લક્ષણ બતાવીશ. એનું પહેલું વચ.મ. ૧૭. તત્ત્વે કરીને જેમ છે એમ. સોનું તે સોનું ને પિત્તળ તે પિત્તળ. તમે સોનું લેશો, પિત્તળ નહીં જ લો જો જ્ઞાન હશે તો. તત્ત્વે કરીને ઓળખાણ છે, તો કોઈપણ પરજિયાને કહો એક ઓરડામાં સોનાની લગડી છે, બીજામાં પિત્તળની,ત્રીજામાં ચાંદીની, ચોથામાં ત્રાંબાની. One, two, three એટલામાં જ લેવાનું, જે લેવું હોય એ. સીધી જ અખંડવૃત્તિ સોનાની લગડીવાળામાં. કેમ? એનો મહિમા છે, એનું જ્ઞાન છે, એની સમજણ છે, એનો રાગ છે. બાપાનો નહીં? સત્પુરુષનો નહીં? ઓલિયા પુરુષનો નહીં? મફતમાં અક્ષરધામ આપેલાનો નહીં? કઈ જડબુદ્ધિ નડે છે? જરાક અરેરાટી કરો. ઉત્તિષ્ઠ, ઉત્તિષ્ઠ. જાગો, જાગો, કુંભકર્ણો હો તો જાગો. તમે તો ચૈતન્યમુક્તો છો, જબરજસ્ત મુક્તો છો. આ ગુણાતીત વાત કરે છે તત્ત્વે કરીને, તત્ત્વે કરીને. જે જેવું છે તેવું. નાનાં

છોકરાંને પૂછો ખાંડ તીખી લાગે? અરે, ગળી લાગે. એક ભવ્ય પ્રાપ્તિ થઈ ગઈ છે. એને દિવ્ય માનો તો તમે દિવ્ય. સત્પુરુષના ગુણ આવે એને દિવ્ય માનો તો! સત્પુરુષના ગુણ આવે એને માટે પરિતાપ કરવો જોઈએ. દિવ્ય તો માન્યા, કોણ નથી માનતું? માનવા જ પડશે. પણ પરિતાપ કરવો પડે કે ધિક્કાર, ધિક્કાર, ધિક્કાર, મને. આ સ્વરૂપજ્ઞાનમાં મને કંઈ સમજણ છે જ નહીં. એવું માનીને, બાળક બનીને, પણ હું પણ કંઈક છું એમ નહીં. નહીં તો ભગવાન કહે, છું તો કર, કર. જ્યારે થાકું ત્યારે આવજે. તો મારો ગાંડો–ઘેલો પ્રહ્લાદ બરાબર. એને બાળી જુએ જો, અગ્નિ? એ મારો છે અને હોલિકા વરદાનવાળી હતી તોય અગ્નિએ બાળી નાંખી. પ્રભુના ગુણ લાવવા માટે પરિતાપ અને દિવ્યતા તો ખરી જ પણ મહારાજ કહે, પરિતાપ. હું પરિતાપ નથી કહેતો, પ્રાયશ્ચિત્ત કહું છું. આવા બાપા આવ્યા ને ઓળખ્યા નહીં? આટલો જોગ આપ્યો ને ઓળખ્યા નહીં? આટલી રક્ષા કરી ને ઓળખ્યા નહીં? શું કામ ન ઓળખ્યા? why ? શું ધંધો કરવાનો? અને છતાં પણ ઓળખ્યા, કારણ મારી વાત સાંભળો છો. નહીં તો ઊઠી જાઓ, હં! અહમ્‌ને ચોટ લાગે. મહારાજ વેદરસ કાઢે ત્યારે પરમહંસો બધાને એવી ચોટ લાગે કે એક સાધુ સીધો વેદરસનો ચોપડો લઈને મૂકી આવે પટારામાં. બાવીસ વખત બનેલું. હું આવા રમૂજના પ્રસંગો સાંજે કહીશ. મહારાજ વેદરસ કાઢે કે, 'અલ્યા ભઈ! આ વાંચજોને!' તો બે સાધુએ એવું નક્કી કરેલું કે આ પુસ્તક કાઢશો જ નહીં. આમાં બધું આપણી ઉપર આવે છે, હં! આ બધી વાત આપણી ઉપર કરે છે. અહમ્‌ની ઉપર જ ચોટ હોયને! તમારો અહંકાર કાઢવાનો જ હોય. મહારાજના વખતમાં વેદરસની કથા જ ન્હોતી થતી. બિલકુલ નહીં. એના એ જ આપણે, એનાં એ જ બધાં સેમ્પલો, હેં! વેદરસ કોણે લખેલો? કોણે લખેલો? શ્રીજીમહારાજે! શું માન્યું તમે? શ્રીજીમહારાજને તત્ત્વે કરીને ઓળખ્યા? હે! અર્જુન, પ્રભુની વાણી આવી કોઈ દહાડો હોય નહીં. પંપાળ પંપાળ કરીને કામ લેવું એમ? નભાવીને? નભાય, છેક સુધી નભાય? ૮૦ વરસના ડોશાડોશી થાય ત્યાંસુધી નભાય? what is this ? કંઈ સમજવું જોઈએ કે નહીં? અક્કલવાળા, આપણે બે–પાંચ જણા તો સમજો!

તમે જુઓ, સ્વામીની વાત. ૨૧ વખત આવ્યું. મારે તો research કરવું પડે ને? હં! સ્વામી! અમારે તમને અક્ષર કેવી રીતે માનવા? સ્વામી પાછું સમજાવે કે અક્ષરને કેવી રીતે ઓળખવું? જો હરિશંકરભાઈના બધા પ્રશ્ન કાઢી જુઓ. હરિશંકરભાઈને સાધુ લોકો પૂછે, ગોપાળાનંદસ્વામી જેવા સાધુ કેટલા? આપણે પૂછશું તો આપણી આબરૂ જશે. અલ્યા, આટલાં વર્ષોથી ભેગા રહો છો ને તમે સમજયા નહીં? હેં! એટલે આપણે હરિશંકરભાઈને આગળ કરો કારણ કે આ પ્રશ્ન પૂછે. હરિશંકરભાઈ આ પ્રશ્ન પૂછે છે, જોજો, હં! ને સ્વામી જવાબ કઈ રીતે આપે છે? હવે વાંચો.

**સ્વામીની વાત પ્રકરણ ૧૪ની ૧૬૨મી.** હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– હરિશંકરભાઈએ...

કાકાજી :– જો હરિશંકરભાઈ આવ્યા હતાને, હં! છેક સુધી પૂછશે. ૭૫ વર્ષના થયા ત્યાંસુધી ૧૦૦ વાર કહ્યું તોય માન્યું નહીં. જાગાસ્વામીના એ બહુ લાડકા. આમ જાગાસ્વામી એના જીવનપ્રાણ કહેવાય, એનો શ્વાસ કહેવાય. તોય નિર્વિકલ્પ નિશ્ચયમાં બાકી હતું, ભેદભાવ હતો. સ્વામી કહે, અદા એ હું ને હું એ અદા જ છીએ. એટલું ધ્યાન રાખો. પણ આપણે તો એ કહે એ સાંભળો જ નહીં. હાં હાં કરો, પણ મનમાં એમ કે આપણે માનીએ છીએ એમ માનો. એને ન ગમે એ નથી કરવું, finish. તત્ત્વે કરીને વાત થાય છે. તમે subject સારો કાઢયો, હં! તત્ત્વે કરીને!

હેમંતભાઈ મર્ચન્ટ :– ... પૂછ્યું જે હવે ગોપાળાનંદસ્વામી જેવા હશે કે નહીં હોય? ત્યારે કહે, વાછરું હોય તે ગાયને ધાવીને બળ પામે છે.

કાકાજી :– હવે હશે કે નહીં હોય! અરે, બોડકદ્ધુઓ! તમે ૨૦૦ જણ એવા છો. હું તમને અત્યારે એવું કંઈ કહું તો તમે નહીં માનો. હાં હાં કરો, કાકા મોટા ને એનાં ગપ્પાંય મોટાં. પણ મારી ધીરજનો અંત નથી. બસ! ડહાપણ જ બહુ. હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– જ્યારે મચ્છવેધ થયો.

કાકાજી :– જો એમ સીધું કહ્યું કે આમ આટલા તમે છો. આ મારા જેવો એટલે ખોટો દેખાય છે, આ હું સીધું પેપર ફોડી દઉં, સીધી વાત કરી દઉં, એટલે હું ખોટો દેખાઉ છું, હં! મારે મારો સ્વભાવ પણ બદલવો છે. પંચગીનીથી જ બદલું, હેં! નક્કર હકીકત દેખાય એવી સીધી વાત કહી દઈએ ત્યારે હાળી માથાકૂટ થાય છે. એક હૉસ્પીટલમાં એક બાઈને મેં કહ્યું, ‘તારી ડોશી મરી જવાની છે.’ તો તેણે પોક મૂકી. હારું! રહેવા દે ભાઈ ત્યારે, નથી મરવાની. કેટલા બધાને ઓશિયાળા ને કંઈ કંઈ માથાકૂટ થઈ. સીધી વાત કહેવામાંય પંચાત છે. ના કહેવામાંય પંચાત. તમે તૈયાર થઈ જાવ. મને તમારો ભરોસો છે એટલે કહું છું, હેં! છો તમને ખોટું લાગે તો, મારે ક્યાં સ્વાર્થ છે? મારે ક્યાં કોઈ ચીજ જોઈએ છે? મને એક ઉમળકો છે, મારા ગુરુદેવને છતરાયા કરવાનો. એ બક્ષિસ મળી છે, આપણે વહેંચીને ખાવી છે. હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– ત્યારે અર્જુન કાપડીના વેશે હતા તે કોઈએ જાણ્યા નહીં.

કાકાજી :– શું છે? ફરી પ્રશ્ન વાંચ. જો બહુ મજાનો પ્રશ્ન છે.

હેમંતભાઈ મર્ચન્ટ :– હરિશંકરભાઈએ પૂછ્યું જે, હવે ગોપાળાનંદસ્વામી જેવા હશે કે નહીં હોય? ત્યારે કહે જે...

કાકાજી :– ગોપાળાનંદસ્વામી અંતર્ધાન થયા તો કહે, એ તો વૈભવશાળી ને ઓહોહો!

ને આમ ચમકતા ને આવા ને આમ મંડળધારી. સ્વામીને ચીડ ચડી, હવે એણે બહુ જોર માર્યું ને બે સાધુ કર્યા. ગઢડાની વોંકળી જેટલું એમનું જ્ઞાન એવું કહેવું પડ્યું. તો બધા કહે, તમે અભાવ લો છો. પણ હકીકત તે હકીકત, ચોખ્ખી વાત કરી. ચોથા પ્રકરણની છેલ્લી વાત જોજો. આજ ગોપાળાનંદસ્વામીએ બહુ જોર માર્યું તો બે સાધુ થયા. આ તમને ૨૦૦ જણાને હું તૈયાર કરું છું. ભયંકર પ્રકૃતિવાળા બધા, અહીં એક એક રૉકેટ છે, હં! સામાન્ય છે બધા? એકે એક રૉકેટ છે. હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– તે જે વાછરું હોય તે ગાયને ધાવીને બળને પામે છે.

કાકાજી :– એવા કેટલા છે? ઘણા છે, હં!

હેમંતભાઈ મર્ચન્ટ :– જ્યારે મચ્છવેધ થયો ત્યારે અર્જુન કાપડીને વેશે હતા તે કોઈએ જાણ્યા નહીં.

કાકાજી :– કોઈએ જાણ્યા નહીં પછી એમ થાય કે આ કોણ નીકળ્યો? આપણાથી થયું નહીંને!

હેમંતભાઈ મર્ચન્ટ :– પણ જ્યારે ધનુષ્ય લીધું ને મચ્છવેધ કર્યો ત્યારે દ્રોણાચાર્યે જાણ્યું જે, રખેને અર્જુન હોય.

કાકાજી :– હાં! અર્જુન હોવો જોઈએ. નહીં તો બીજાનું કામ નહીં. સરખેસરખા તો સમજી જાય.

હેમંતભાઈ મર્ચન્ટ :– ને બીજાને તો કળ્યામાંયે ન આવ્યું. તેમ એવા કળાય નહીં.

કાકાજી :– કળ્યામાંય ન આવે. એવા કળાય નહીં. અને પેલી વાત. એક જ વાત – સ્વામી પછી પોતાના સ્વરૂપની એક વાત કરે છે. એમાં પછી ગોપાળાનંદસ્વામીનું કહેવું જ પડ્યું! બીજું શું કરે ત્યારે? ભેગાં રહેનાર જ ન સમજો તો પછી શું કરે એ? બીજી જ માથાકૂટ કરો. તત્ત્વે કરીને આપણે સમજવું નથી. ગોપાળાનંદસ્વામીએ બહુ જોર માર્યું તો કહે, છ મુક્ત થયા. આજ તો આપણે સ્હેજ છૂટ મૂકી ને બધાંને chance આપ્યો તો છ તો સદ્‌ગુરુ થયા. એક સત્પુરુષનો જ રંગ નથી લાગતો. હરે! હવે વાંચો **સ્વામીની વાત પ્રકરણ ૪થાની ૧૪૪.**

હેમંતભાઈ મર્ચન્ટ :– મહારાજે અમને રાજા ઠેરવીને ત્રણ કામદાર ઠેરવ્યા. ગોપાળાનંદ, અખંડાનંદ બ્રહ્મચારી ને પરમાનંદસ્વામી એ ત્રણ તમારા કામદાર. એમ મહારાજે અમને કહ્યું.

કાકાજી :– ગોપાળાનંદસ્વામી જૂનાગઢ વાતો કરવા જાય. લખપતિ કરોડપતિને ઉપદેશ કરે. પેલો એક શબ્દ જ બોલે. પાંચ કરોડ, ખલાસ થઈ ગયું. તમે શું બોલવાના? ગુણાતીતાનંદસ્વામી છૂપા રહ્યા. નભાયા, ચલાયા ત્યારે આ જ્ઞાન માંડ

હાથ આવ્યું છે. ત્યારે બાપા બોલ્યા, ભગતજી, જાગાસ્વામી જેવા તમામને કરી દઉં. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ ને તત્ત્વે કરીને જે ઓળખતો હોય એને ભાષાની ખબર પડે. હરિશંકરભાઈ પૂછ્યા જ કરે. છેક સુધી, ધામમાં જતાં સુધી, હં! હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– ગોપાળાનંદસ્વામીનું જ્ઞાન ત્રણ પામ્યા ને છ મુક્ત થયા.

કાકાજી :– ગોપાળાનંદસ્વામીનું જ્ઞાન કેટલા પામ્યા? ત્રણ. આટલું બધું જોર માર્યું ને બહુ વરઘોડા કાઢ્યા ને બધા પરચા દેખાડ્યા ને એમના સેવકનું પેલું ધોતિયું પણ બ્રહ્મચર્ય વ્રત પાળે ત્યારે ત્રણ જ્ઞાન પામ્યા અને છ મુક્ત થયા, હાં!

હેમંતભાઈ મર્ચન્ટ :– બાર મહિનામાં એક મહિનો સૌને જૂનાગઢ રહેવું એમ મહારાજે આજ્ઞા કરી.

કાકાજી :– એકએકને, તમામને. વર્ષોવર્ષ એક માસ રે... કરવો જૂનેગઢે નિવાસ રે... બહુ અઘરી વાત છે. કારણ કે અહમ્ જ છોડવાનું. બહુ મઝાનું છે, હં! ખરો સ્વતંત્ર. એ વિદેહી મુક્ત થઈ જાય, પેલો જીવનમુક્ત. હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– ... અમારા ભેળા જે જૂનાગઢ આવે તેને સો વાર મળવાનું મહારાજે કહ્યું. સો જન્મની કસર એક જન્મે ટાળશું. એમ મહારાજ જૂનાગઢના જમાન થયા. ભગવાન થકી કામ થાય છે એ સાધુથી થાય છે. ગોપાળસ્વામી કહે, હવે વડોદરા સામી દૃષ્ટિ ન હોય.

કાકાજી :– અરે, ના હોય વડોદરા સામી. પછી છેવટે સમજણ પડી. Last moment કે હવે તો જૂનાગઢના જોગી સામે કાં મહારાજ સામે. No more, પહેલેથી કે'વું'તું ને ભઈ! હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– હવે તો જૂનાગઢ, જ્યાં મહારાજનું અક્ષરધામ જે ગુણાતીતાનંદસ્વામી, ત્યાં દૃષ્ટિ હોય.

કાકાજી :– તેને આપણે બોલો છો પણ માનો તો ખુશ થઈ જાવ. હરે! ગપ્પાં માર્યાં છે કંઈ? ગુણાતીતાનંદસ્વામી બે–ત્રણવાર કહે એટલે પાકું સૂત્ર કહેવાય. હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– પછી મહારાજે મને કહ્યું જે, સાધુ તો પાંચ રાખીએ, પછી બસેં સુધીનું કહ્યું. મુક્તાનંદસ્વામીની આગળ અમને બેસાડ્યા.

કાકાજી :– શું કહે? એ વાત સમજાય? શું કહે? એ વાત અમને આવડે છે. હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– કેવા કેવાને પાર પાડ્યા, જડભરત કહીને મહારાજે ધાબળો ઓઢાડ્યો.

કાકાજી :– એ બહુ વાત છે. જીવ એવો બળવાન થાય છે, ભગવાનના ધારક બની જાય, હં! એ વાત! હું પહેલાં જ્યારે બાવનમાં કહેતો હતો, જ્યોતિબેનને અને હંસાબેનને.

એમને લાગે કે કાકા અમને ભૂલી ગયા, કદાચ ભૂલી જાય. સ્વાભાવિક છે. મને કહે, કાકા, અમને કેવા બનાવશો? મેં કહ્યું, 'કેવા?' તમે આમ દૃષ્ટિ કરો ને એનું જગત ખરી જાય. જ્યોતિબેનને કીધું, તમારે પરદેશ જવું પડશે. તમને જોઈને બધાંને શાંતિ થઈ જશે. આજે આપણે તત્ત્વે કરીને એનાં પાંચ વચનામૃતની વાત કરીએ છીએ. તત્ત્વે કરીને સ્વરૂપ. પ્રગટપણે, તત્ત્વે કરીને પ્રત્યક્ષપણે, તત્ત્વે કરીને જેનું મન સહજ જ સારા–નરસા પંચવિષયમાં લેવાય જ નહીં, સ્થિર રહે. જોયું! સારા–નરસા, **पुष्पहाराय सर्पाय**. એ એનું એક લક્ષણ. એને તત્ત્વે કરીને ઓળખ્યા હોય તો જ એવું થાય. એને હાર પહેરાવો કે રીંગણાં લગાવો. એને હું જેવા છે એવા સમજવાની વાત કરું છું. એટલો difference પડશે. પેલાએ તત્ત્વે કરીને ઓળખ્યા છે એટલે મનુષ્યભાવ નથી રહેતો. આમણે કહ્યું તે દિવ્ય માન્યા પણ પોતે દિવ્ય માને તો બીજાને દિવ્ય બનાવે. આ વસ્તુ એક જુદી છે પાછી. દીવેદીવો પ્રગટાવે, પારસથી પારસ બનાવે. એવો વારસો બાપા આપી ગયા છે. બહુ અદ્ભુત વસ્તુ, એવા બે–પાંચ તૈયાર થશો ત્યારે ખ્યાલ આવશે. બાપાને અમે એવા સમ્યક્ નિર્દોષ માન્યા, તો એક ખુમારી છે. બહુ ભવ્ય અને જબરજસ્ત વસ્તુ બનવાની છે. તમે તો સમજી લો. આપણે એ પાકું કરો, દૃઢતા કરો, એક લેસન લઈને જાવ. પછી ઘૂંટજો. પછી ફરીવાર આપણે પાછા અહીં પંચગીની આવીએ ત્યારે હું એની પરીક્ષા લઈશ.

તત્ત્વે કરીને ઓળખવાનાં વચનામૃત કયાં? આપણે ચર્ચા કરવી પડશે. મૂળ વાત આ છે. તમે કોના? આજ સાંજે આ ઉપર વાત કરીશું. પાંચ વચનામૃત છે એનાં. જે વડે આ જક્ત છે એ આપણો બાપ છે. એ તમારું અહિત કેવી રીતે કરશે? એ પળમાં ચહાય તે કરે એમ છે. અગિયાર ઈલકાબ તો એમ ને એમ મળે, તમને! અને આ પછી સ્થિતિની વાત છે. માનો કે ગમે એવો કો'ક હોય, સ્વામિનારાયણનો અલ્પ સંબંધવાળો હોય તો ય એનો ગુણ લેવાનો છે. પણ આપણે તો એનું સારું હોય એ વાત ન કરીએ ને બીજી ચર્ચા કરીએ છીએ. કોઈ કોઈનું ઊલટું હોય એ દાબી દેવું જોઈએ. એનો દોષ હોય તો દાબી દેવો જોઈએ. ગુણ જ કે'વાય. આપણે ધીરે ધીરે એ સમજવું પડશે. એનું પણ આપણું જ છે. મહારાજ એવા છે ને ત્યાં પોપાબાઈનું રાજ નથી. તમે એના ભક્તોની માથાકૂટમાં પડશો, ઈર્ષ્યામાં પડશો તો મડદાની માફક ક્યાંય ફેંકી દેશે. આપણે શું કામ નિમિત્ત બનવું? કે આપણે શું કામ એની ઘસારાની વાત કરવી? નકામી. એક વસ્તુ ચાલતી હોય એ આપણે સમજી લેવું. ઊલટું એનો મહિમા સમજાય, દિવ્યતા સમજાય, એ બહુ અઘરું છે. મેં તો ખુદ આ બાપા જોડે ગોંડલ જ જોયેલું. ધમાલ ધમાલ ચાલે. આ તો કાંઈ નથી ને અત્યારે એવા દિવ્યભાવવાળા અને હેતની આત્મબુદ્ધિવાળા છે. પણ જ્યાં મૂળવૃત્તિને touch કરીએ એટલે એકે એક ખલાસ. આવું કહીએ ને પછી બીજી વાત કરેને તો માથાકૂટ

થઈ પડે. પણ આ એક એની પ્રસન્નતા વગર બને એવું જ નથી અને ત્યાં એને તત્ત્વે કરીને ઓળખવું પડે કાં બ્રહ્મસ્વરૂપ માનીને વર્તવું પડે, તો જ બ્રહ્મનો ગુણ આવશે. તમારામાં જીવનો ગુણ રહે છે ત્યાં સુધી સુહૃદભાવ નહીં રહે. સ્વાર્થ હોય ત્યારે, ખપ હોય ત્યારે, ગરજ હોય ત્યારે રહેશે, વ્યવહારમાં ય રહે છે, નથી રહેતો? આ તત્ત્વે કરીને, એટલે મને કોઈ ભેદભાવ નહીં. કોઈપણ પ્રકારનો, સમજણનો હોય તો ય નહીં. બસ, એવા મારે તમને બનાવવા છે. હેત છે તો તમને આ વસ્તુ સમજાઈ જાય. See the point, હવે તમારી મેળે જ તમે છીપરું લેવાના છો? પણ તમે જ્યાં સુધી ડૂબકી નહીં ખાવ ત્યાં સુધી અનુભવ નહીં થાય. જાતે એકવાર ડૂબકી ખાવી પડે. પેલો ભગવાનદાસ (પ.ભ. ભગવાનદાસભાઈ બારોટ, થાણા) વાત કરે છે તો મૅનેજરોને હાશ કરે છે. કો'ક નિષ્ઠાવાળો છે. ભલેને ડ્રાઈવર છે. અમારો પેલો ભનસાલી કહે, આ તો દેવપુરુષ છે, એ ડ્રાઈવર ન કે'વાય. તો દેવપુરુષના ગુરુજી કેવા હશે? એ વર્તન. નિષ્ઠાએ કામ કર્યું. હું ન્હોતો એટલે એ ભગવાનદાસને કહે, તું આ મારા છોકરાના માથે હાથ મૂકને, બચારાને સારું થઈ જાય. તારી પાસે ભગવાન છે. જો એ મોટો કે ભનસાલી મોટો? હેં! પણ એ કેવા કે એમ કહે કે ના, મારાથી ન મૂકાય. કાકાજીને હું કહી આવીશ, તે એ આવશે. ભનસાલી કહે, ના, ના એમને તકલીફ ના અપાય. ભગવાનદાસ કહે, હું લઈ જઈશ. તો આ છોકરો બચી જાય. એને ચોટ લાગી છે, આ હાડકું તો તૂટી ગયું છે, આ બધું, હં! એકનો એક છોકરો, ગળગળો થઈ ગયો. કોણ? ભનસાલી! એ છોકરાનો બાપ. હું ગયો તો કહે, અરે, કાકાજી તમે આવ્યા? અરેરે! ઓહોહો! એ ભગવાનદાસનું વર્તન. વર્તન શું બીજું! બ્રહ્મચર્ય વ્રત પાળ્યું ને ઉપવાસ કર્યા, એ? આપણે ભગવાન રાખવા નહીં ને બીજી માથાકૂટો કરીએ છીએ. એટલે આ વસ્તુ કહેવી છે! ત્યાં હું એમ નથી કહેતો કે પહેલાં દિવ્ય માનો. પણ મહારાજને તો નારાયણ જેવા છે એવા ખરેખર ઓળખો. તે વગર ગમે એવાં તપ, ત્યાગ, યોગ, વ્રત, દાન કરો પણ એવા સત્પુરુષ જોઈશે. એના અભિપ્રાયના જાણનારા. અભિપ્રાય સમજણ નહીં પડે એટલે પહેલા આપણે ડૂબકી ખાવ, લક્ષાર્થ કરો. તમારી જાતે જ તમને એના સર્વોપરીપણાનો અનુભવ થઈ જાય. ખલાસ પછી. એના બે–પાંચ ઉપાય છે.

જેવા છે એવા ભગવાનને, સંતને ઓળખવા. હવે આમાં ક્યાં personal કોઈ ચીજ આવી? અને એવું કરાવનાર અત્યારે સ્વામીજી છે, પપ્પાજી છે, કાકાજી છે. એક દૈવત આવી ગયું, ખડા થઈ જઈએ છીએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે કામ કર્યાં છે, સંપ્રદાયની સામે એમ ને એમ કર્યાં હશે? બહુ અઘરું, બહુ અઘરું. સમાજમાં કામ કર્યું અને હવે બે–પાંચ જણ એવા તૈયાર હોય તો આપણે છલાંગ મરાય. મને બધે છલાંગ મારવાની ટેવ. સીડીના માર્ગમાં કયાંય અટકી પડીએ, હેં!

આ તો સીધું જ બસ. એવી વસ્તુ છે આ. એટલે વાણી જ બંધ થઈ જશે. મહારાજ, મહારાજ, ખલાસ. એ જ, એના જ, એની જ શક્તિ, બ્રાહ્મીશક્તિ જ કામ કરશે, જબરજસ્ત. જોને, આ મુંબઈનું બધું યુવકમંડળ કેટલું જાગે છે! આ તમે બે–પાંચ જણા તૈયાર હો તો? બીજાની ઘસારાની વાત નહીં. રુચિ પ્રમાણે નક્કી કર્યું હોય એ પ્રમાણે કર્યા કરવાનું. પછી તો એનો power કામ કરશે. તમે કહો, ના, અમને છીપલાં આલો, હું કહું કે કોહીનૂર હીરા પડ્યા છે ને! ના, અમને છીપલાં આલો. એમ કહે કે એ હીરા પછી આવતે જન્મારે લઈશું. એવી એકાંતિકપણાની દુર્લભમાં દુર્લભ વાત છે. આત્મનિરીક્ષણ થાય એમાંય એક દર્શન થશે. કોણ તમે? આ શું કામ કરી રહ્યા છો? શું કરવાનું? શું કરવા આવ્યા? કર્તા, હર્તા, સર્વોપરી, સાકાર, દિવ્ય મહારાજ છે. જો આ સાક્ષીભાવે વર્તવાની ટેવ પાડવી છે. તું સર્વોપરી. કાળનો, કર્મનો, માયાનો, પ્રકૃતિનો, સર્વનો નિયંતા, પ્રેરક, પ્રવર્તક. જુઓ **૧લા પ્રકરણની છેલ્લી વાત.** ત્યાં હજુ સાંખ્ય અને યોગ થાય. પછી સર્વોપરીપણાની વાત. સાંખ્ય ને યોગ કરતાં સર્વોપરીપણું વધે. આના પછી એક–બે વાત હવે વાંચીશું. ૧લા પ્રકરણની છેલ્લી વાત. એમાં હું કોણ? પ્રભુ કોણ? એ કેવા? એ જાણપણું રાખવું. કથા કરે, કીર્તન કરે, વાતુ કરે, સેવા કરે, ભેગો રહે, બધું કરે પણ દેહમાં રહેનારો એ હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું, ચેતનતત્ત્વ છું, નિત્યતત્ત્વ છું, નિર્ગુણતત્ત્વ છું. Eternal તત્ત્વ છું. વાસના ને સ્વભાવથી આવી પડ્યો છું. વૃત્તિ પર એક સંસાર ઊભો કર્યો, જેમાં લેવાદેવા નથી. કરોડો જન્મો છોડ્યા, આજ માલિક મળી ગયા. પ્રભુ મળી ગયા. એ કેવા છે? મારા જીવમાં અખંડ બિરાજમાન છે. સર્વોપરી છે, સર્વ કારણોના કારણ છે. એ આ પ્રત્યક્ષ મને મળ્યા તે થકી મહારાજ એવા ને એવા જ છે. આમાં સાંખ્ય ને યોગ આવી ગયો. હવે આ કરતાં મહારાજને સાકાર માનવા, કર્તા માનવા, એ કરતાં સર્વોપરી માનવા એ અધિક. તો બીજાનો અભાવ નહીં આવે, કોઈનોય નહીં આવે. એ પળમાં ચહાય તે કરે, નહીં તો નિત્યાનંદસ્વામીને એમ થયું, હવે મહારાજ ઘઉં દળાવી લેવા વેશ્યાનું કલ્યાણ કરે, એમ કંઈ થાય? જો સર્વોપરી એ હોય તો ચહાય તે કરે! ગમે તેને રાજગાદીએ બેસાડી દે, મહારાજમાં નહીં જોવાનું અને સર્વોપરીપણું મનાયું હોય પછી જ દિવ્યતા રહેશે. એનો માહાત્મ્યસહિત નિશ્ચય હોય તો જ દિવ્યતા રહેશે.

જોજો, આજે એક–બે વાત સ્વામીની વાંચીશું. એને સમજીએ, શાસ્ત્રીજી મહારાજ અને જોગી મહારાજની હાજરીમાં જ આપણે તત્ત્વે કરીને અનુભવ ન કર્યો. આ કોણ છે માનવસ્વરૂપે? એણે જે ભગવાનને રોમરોમમાં, સર્વપ્રકારે ધાર્યા છે એ ભગવાન કેવા છે? કોટિ જન્મની કસર આજ કાઢી નાંખે એવા આ સાધુ, કારણ મહારાજ રોમરામમાં છે. કરોડો જન્મોની વાસનાને અબઘડી કાંઢી નાંખે એવા આ સાધુ. એવા આ ગુણાતીત પુરુષ એવાને એવા જ આજ તમને પણ મળ્યા છે. પણ તમે એનો અનુભવ કરતાં

નથી, ડૂબકી ખાતાં નથી, total લય થઈ જઈને માંગણી કરતાં નથી, નહીં તો પ્રકાશ થઈ જાય. કયે દા'ડે સત્સંગ મળ્યો અને પ્રયત્ન કર્યો ને તમારાં સ્વરૂપનું દર્શન ન થયું? બીજું બધું જુઓ છો, જાણો છો, અનુભવો છો. આ બાપાને તત્ત્વે કરીને ઓળખવા એ જ બ્રહ્મવિદ્યા. આ મહિમાનો થોડીકવાર વિચાર કરીએ. જો આજ try કરો જોઈએ. તમે બાપાને જોયા, જાણ્યા, સાંભળ્યા, એની record સાંભળી, એનાં સૂત્રો સાંભળ્યાં, મહારાજનાં, સ્વામીનાં. જ્ઞાન તો છે, હવે ક્રિયામાં મૂકવું છે, એના કાર્યમાં તર્ક–વિતર્ક નથી કરવો. આ જેતલપુરની વેશ્યાનું આત્યંતિક કલ્યાણ, નિત્યાનંદસ્વામી જેવું. અરે, એમ કંઈ હોય? બાપા કહે, આ ગોંડલીમાં ન્હાય એનું આત્યંતિક કલ્યાણ. એમ બધાં સંશય કરે. જો સર્વોપરીપણું માન્યું હોત તો એ પળમાં ચહાય તે કરે. એની મરજી વગર સૂકું પાંદડું પણ હાલતું નથી. એ તમારો બાપ છે, માલિક છે, તમને કેવી રીતે નુકસાન કરશે? અહિત કરશે? પંદર–વીસ મિનિટ બેસીને પોકાર કરો ને એનું ગમતું કરવાનો ખાલી સંકલ્પ કરજો. ભલે ન થાય. એ સમજશે કે મારો છે, મને ઓળખતો લાગે છે. આ વસ્તુ મોટાપુરુષની કૃપાથી સમજાશે તો એક ઉપર કૃપા કરે ને બીજા ઉપર ન કરે એવો પક્ષપાત છે એને? પણ દયા સર્વ ઉપર, હું ઘણીવાર કહું છું, કૃપા અનન્યભાવ હોય એના પર. તમે એના જ હો તો કૃપા કરશે. ન હો તો કંઈ રસ્તે જનારને વારસો આલી દે છે? ગાંડાં–ઘેલાં પણ કોનાં? છછુંદરાં, પણ કોનાં? જો આ વાત મનાઈ જાય કે આવો મહિમા છે તો પાંચ મિનિટ એને ધારણ કરી રાખો અને એને ધારણ કર્યાનો અર્થ છે એને લઈને તમે સજાતીય એટલે બ્રહ્મરૂપ. એ તમારા પ્રાણના સાક્ષી છે. એ ને તમે એક છો. પ્રભુ હું તમારો, હું ને તું એક, તમે પરના પર, મારા દેહના નિયંતા છો, પ્રાણના પ્રેરક છો, તમે સર્વોપરી છો, પ્રગટ છો, કાકા થકી મૂર્તિમાન મળ્યા છો. અમારી નિષ્ઠાની રક્ષા કરજો, અમારું સરસ સેન્ટર બનાવી દેજો. જ્યાં જઈએ ત્યાં અક્ષરધામનું સુખ લેતાં થઈને સંદેશો ફેલાવીએ. સાધનથી નિર્વાસનિક થયો હશે તોય વાસનાાવાળો થઈ જશે. અંદર બીજરૂપ ફૂટશે અને નિષ્ઠાવાળો ઝાડવા જેવો હશે પણ એ પ્રભુનો છે. ગીતાનો દાખલો છે, આખો.

આ વાત સવાર, બપોર, સાંજ ઘૂંટવી પડશે. દઢ થઈ જાય તો બીજાને પડઘો પડશે. ભગવાનદાસની વાતથી એના મૅનેજરોને પણ થાય છે કે મારો વા'લો વાત કરે ને અમને હિંમત આવી જાય છે. જો આ નિષ્ઠા, આ નિષ્ઠા. આપણે એવા કહેવાઈએ છીએ, નિષ્ઠાવાળા. એ દઢ કરવું છે. પાંચ મિનિટ આ જાતનું ધ્યાન કરી લો. હું બ્રહ્મરૂપ એવો પ્રભુ તમારો દાસ. દેહ નહીં, ઈન્દ્રિયો નહીં, અંતઃકરણ નહીં, આંખ નહીં, કાન નહીં, નામ નહીં, રૂપ નહીં. પ્રાણવાયુ પર ચાલતું એક મશીન છે, મોટર છે, પ્રભુની છે, પ્રભુને અર્થે વપરાય. ઠીક છે, temperary વ્યવસ્થા અમે અમારા

કુટુંબની કરી છે. પણ તમારા થઈને, તમારા કાયદે જીવવું છે. હળીમળીને આ ઉઠાવ લેવો છે. તમારો અક્ષરપુરુષોત્તમનો સંદેશો ફેલાવવો છે. ભગવાન પ્રગટ છે, પ્રગટ જ રહેશે. પ્રત્યક્ષ કરવાની ચાવી શીખી લો. સુહૃદભાવે, પ્રેમભાવે કામ લો. સદા સુખિયા બનો, તે વગર સુખ–શાંતિ રહેશે નહીં. ઘરઘરમાં હોળી સળગશે, એને સમાવવાય અહીં આવવું પડશે, મહાપૂજા કરાવવા આવવું પડશે. તમારાં પ્રારબ્ધને કાઢવા માટે કેન્સર જેવા રોગ પણ થઈ જશે. એ એક રાજીપો છે શુદ્ધિકરણનો, પવિત્રતાનો, મૂર્તિ ધારવા માટેનો, ચિંતામણિરૂપી મૂર્તિ મળી. સર્વે મનોરથ પૂરા કરે. તમે જે ચિંતવો એ મળે. મૂર્તિને ભૂલતાં નહીં, કાં જાણપણું ભૂલતાં નહીં. બે ચીજ છે, મારા ચેતનમાં પ્રભુ અખંડ. એ પ્રભુ કેવા? તો બીજા મોળા વિચાર નહીં. પાંચ મિનિટ આટલી વાત દૃઢ કરો. પછી આપણે બે–ત્રણ અનુભવ દર્શન સાંભળીએ.

❀ ❀ ❀

## પ્રવચન – ૪

જૂનાગઢના જોગી કહે, કોટિ ગણી કસર કાઢી નાખું. આ વાત બહુ સમજવા જેવી છે. યોગીબાપા વખતે મગનબાપા થાકી ગયા, હરમાનભાઈને પણ છેક સુધી બાપાની વાત ન મનાઈ. બાપા કાંડું પકડી પકડીને કહે આ પળથી અક્ષરધામમાં છો. ગુણાતીતાનંદસ્વામીએ હરિશંકરભાઈને પણ કહ્યું, નિરાંતે બેસીને અભ્યાસ કરો તો આ વાત સમજાય એવી છે. આપણે આ બ્રહ્મવિદ્યા શીખવા આવ્યા છીએ? બીજા બધા ધંધા તો બહુ કર્યા. કુવૈતના મુબારક રાજાની માફક બહુ ખાધું–પીધું પણ જાજરેથી અત્તર નહીં નીકળે, ત્યાં શું નીકળે એ તમને ખબર છે. એ દેહનાં પાલન–પોષણમાં બહુ ટાઈમ નહીં કાઢવાનો. જ્યારે કો'ક બાપા જેવા વાત કરતા હોય ત્યારે સાંભળી લેવું. સાંભળીને એને ઝોળીમાં નહીં રાખવાનું, ઘૂંટવાનું. એને ઘૂંટીને સાક્ષાત્કાર કરવો છે. આવો, આવો, મારે વિશે હેત છે, મને ઉમળકો છે. તમને જલેબી, બાસુંદી–પુરી ખવડાવીને અમારે અક્ષરધામ આપવું છે. તમને એવા એકાંતિક બનાવવા છે. એકસ્ય અંતઃ તમે એકના અંતને પામ્યા, બાપાના અંતને પામ્યા તો વચ્ચે કોઈ અંતરાય ન હોવો જોઈએ. બાપાએ કહ્યું, આ બહેનો ભગવાન ભજે તો શું ખોટું છે? બે–ત્રણ વાર કહ્યું. મેં કહ્યું, બાપા બે–ત્રણવાર કહે એટલે માની લેવું. ગુણાતીતની વાતમાં બે–ત્રણવાર આવે એટલે બ્રહ્મસૂત્ર. શંકા જ ન કરતાં, એ વસ્તુ એમ જ છે. આપણાથી નથી બનતું તો કંઈક આપણો જ વાંક છે. મહારાજ મને બળ આપજે, બળ આપજે. દસ–બાર વાર કહ્યા કરવું, દૃષ્ટિ પડી જાય. આ એક સર્વોત્તમ વાત છે. આ વખતે કંઈક લઈને જવું છે, કંઈક પણ બીજી માથાકૂટ કરવા

કરતાં અગિયારવાર સ્વામી, સ્વામી કરીને જ બોલવું છે. તેનો જ આધાર લેવો છે. મહારાજ સહુને બળ આપો, એટલી જ પ્રાર્થના.

એક–બે વાત વાંચી લો. પેલી બાપાએ વાત કરી હતી એ વાત કરો પછી આટલું વાંચી લેજો. ત્યારે બાપાએ આ વાત કરી. મારા સિવાય કોઈ એકેયે માની નહીં, હં! એને શું કરશો તમે? આ માયિકભાવ છોડો. આ તમારાં તપ, ત્યાગ, યોગ, વ્રત, દાન, see one point, બાપા તો સંપૂર્ણ પુરુષ હતા. પરમ પવિત્ર, પવિત્ર નથી બોલતો, પરમ પવિત્ર. કોઈ પણ એમ બોલી શકે જોય? જો વિચાર કરી શકે તો? શાસ્ત્રીજી મહારાજમાં થાય એવું ન હતું. એમનાં ચરિત્ર બહુ નટખટ. ઘર જ જાય. એ કહે, જા ને ભઈ! મેં તને ક્યાં નોતર્યો છે? એની વાત જ જુદી. આ તો એકદમ બસ, ખલાસ! બાપાએ અસુરોને પણ પ્રેમ કર્યો. અસુરોને પણ! ખલાસ થઈ ગયું. પરમ ચિંતામણિ! ધન્યવાદ માનો, ધન્યવાદ માનો. તમે પંડિત થાવ, વિદ્વાન થાવ, અદ્ધર ઊડો, મુબારક બનો, સોનાના પલંગમાં સૂઈ જાવ. પેલો 'કે.કે.' સૂઈ ગયેલો. બરોડાના મહારાજાવાળા પલંગમાં. મને કહે, મારે આજે સૂવું છે, દાદુભાઈ. મેં કીધું, તને વધારે ઊંઘ આવવાની છે? ચલ, હું સંકલ્પ કરીશ કે સમૂળગી ઊંઘ ન આવે. એ કહે, ના, ના મારી જોડે એવું નહીં કરતા. અમારાથી એ બહુ ગભરાય, તમે જોયું હોય તો! વાત સાંભળો તો ખબર પડે. અહીંયા એકવાર કે.કે. શાહ આવેલાને ત્યારે એ કહે, દાદુભાઈ, હું આજે મદ્રાસનો ગર્વનર છું. મેં કહ્યું, ગર્વનર હોય તો તારા ઘરનો. હુંય અક્ષરધામની કેબિનેટનો મિનિસ્ટર છું, ઠોઠબોટીયું છે? એટલે બહુ ભવ્ય વસ્તુ મળી છે. તમને પણ ધન્યવાદ કે આ મારી વાતને તમે સાંભળો છો. મને પણ એક ઉમળકો છે. ઓહો! આજ મારી જોડે બધું મૂકીને સવા કલાકનું તીર્થગીતાનું, જોગીબાપાનું અનુષ્ઠાન કરો છો. ચલો વાંચો! છ કલાક! પહેલાં છ દિવસ કહ્યા. ત્રણવાર વાત કરી, સમજજો, હં! જેવી સભા તેવી વાત. તો પહેલી વાત સાચી કે આ બીજી કે ત્રીજી? ત્રણમાંથી કંઈ વાત સાચી? પુરુષ તો સાચા છે, હં! તમારી શ્રદ્ધા ઉપરની વાત છે. પહેલું general, બધાં બેઠેલાં. પછી બાપા કહે, આ તત્ત્વે કરીને જો ઓળખ્યા હોય, હં! એકવાર બાપાએ એકની એક વાત સાત વાર કરેલી. જેને જેવા છે એવા ઓળખવા, એની movement, એનો એ power, જેવો ભક્ત. નંદાજીનો જ પ્રશ્ન હતો કે બાપા, તત્કાળ બ્રહ્મરૂપ થવું છે અને એનો સાતેય વખતનો, સાત જુદી જુદી જગ્યાએ જુદો જવાબ. એ જ વચ.મ. ૭નું સાતેય વખત નિરૂપણ જૂદું. ત્યારે બાપાએ વચ.મ. ૭મું જ કાઢયું. સાતે વખત એનો જુદો જવાબ આપ્યો. સાત પુરુષ જુદા જુદા હતા એમને? હં? ના! નંદાજીને જ. એકના એક જ પુરુષને પણ એમની મનની સ્થિતિ જેમ જેમ બદલાય, એનો સંબંધ જેમ જેમ બદલાય એમ જુદી જુદી વાત કરી અને આજે આ બે જ ફકરા વાંચી લેજો. બહુ વિચાર કરવા જેવો છે, હં! આ બે વાત વાંચી લો. પ્રહ્લાદની, પછી આ વાંચો, હં!

રાજુભાઈ ભટ્ટ :– બૈજનાથ ધામ, તા. ૨૪.૫.૫૬...

કાકાજી :– આ ત્રીજી વખતની વાત છે. સાહેબ! હં! મેં હર્ષદભાઈ દવેને કહ્યું, આ લખ્યું? એ કહે, નહીં. મેં કહ્યું, અરે, પણ તારું લખવામાં શું જાય છે? બાપાનું બધું જ તું લખે છે. ગાડું–ઘેલું, લીલાચરિત્ર બધાં સારાં–નરસાં બેય લખ. તું લખને પણ, તારું શું જાય છે? પછી છાપે ત્યારે સારાં જ ચરિત્ર છાપજે, પેલાં રે'વા દેજે. **परिनिष्ठितो अपि नैर्गुण्ये**... શુકદેવજી નિર્ગુણ હતા તો કૃષ્ણ ભગવાનનાં બધાં લીલાચરિત્ર ગાયાં. તમને જરા ઠીક ન લાગે, સત્ત્વગુણી હો તો સારાં–સારાં ગાજો. તું એટલી ચોપડી લખજે. તત્ત્વે કરીને ઓળખવા ઉપરની વાત બહુ ભવ્ય, બહુ જબરી છે. હરે! આ ત્રીજીવારની વાત છે, હં! last, પહેલીવાર છ માસ. છ માસમાં! ત્યારે યોગી મહારાજ કહે, છ દિવસ, પ્રહ્લાદને તો છ માસ ગયા! તમારે છ દિવસમાં થઈ જાય, છ દિવસમાં! અરે, છ કલાકમાં થઈ જાય! પોતાના સ્વરૂપનો, સત્તાનો, સામર્થ્યનો, ઐશ્વર્યનો પ્રતાપ બતાવતા'તા. પછી છેવટે બહુ ચાલ્યું. બાપા! આ હોય જ નહીં, બાપા! હવે શું કામ ગમ્મત કરો છો? બાપા મશ્કરી કરે છે એમ? બાપા કહે, જાવ, છ કલાકમાં. બધાં કહે, એ ન થાય, મશ્કરી કરો છો? બાપા, છ કલાકમાં તે કંઈ થાય? ભગવાન વશ થઈ જાય? બાપા કહે, એક કલાકમાં થઈ જાય, એક ચિત્તે કરો તો! બસ! તો આપણે છ કલાકનો તો પ્રયોગ કરવો! એ હું કરાવું છું. બાપાના વચને. તમે બાપાના દીકરા છો, આપણે કરવું છે. હરે! હવે આમાં તો કંઈ આપણે શંકા કરવાનું સ્થાન છે નહીં, કરવાનું રહ્યું આપણે જાતે, બસ. **વાંચો સ્વામીની વાત પ્રકરણ ૧લાની ૩જી.** હરે!

રાજુભાઈ ભટ્ટ :– પ્રહ્લાદજીએ નારાયણ સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું પણ ભગવાન જીતાણા નહીં.

કાકાજી :– ત્યાં વચ્ચે એક ફકરો છે, એ કાઢી નાંખ્યો એણે, મારા સદ્ગુરુએ. મેં કહ્યું, સ્ટેશન માસ્તરે આ બધું ખોલી આપ્યું, કરી આપ્યું. અહીં પંચગીનીમાં આ પૂજારી મહારાજે નહીં આપ્યું? મફતમાં! એટલે આપણે સ્હેજમાં રાજી થઈ ગયા. તો હવે જલેબી તો જમાડો, એનું તો આત્યંતિક કલ્યાણ! સાહેબ! સ્વામી બોલ્યા કે આ સ્ટેશન માસ્ટરે જુઓ, સગવડ મફત કરી આપી. બધાંનું ન્હાવાનું, ધોવાનું, ઈધર–તિધર, નાસ્તા–પાણી, ક્યાં ઉતરત આપણે અહીંયા, હેં! અને બધાંને માટે આપે? સ્વામી માટે આપે. My point સમજો. તો સ્વામી બહુ રાજી થયા. ચક્રવર્તી છે, ભઈ! પેલાને કહે કે જાવ, બસ! તમારું આત્યંતિક કલ્યાણ. અહોહો! જાવ આટલામાં જ! આટલા બધા ભક્તો રાજી થયા. એટલે એ કહે કે રાજી થયા એ તો, હવે આમ કંઈ આટલો બધો? આ તો ખાલી (થોડો) રાજીપો હોય. આ માથાકૂટ છોડવા જેવી છે આપણે. અનાદિ કાળથી બને છે. મહારાજના વખતથી. વેશ્યાનું નિત્યાનંદસ્વામી જેવું

કલ્યાણ. અરે, એમ કંઈ થતું હશે? એ ફકરો એણે કાઢી નાંખ્યો. મેં કહ્યું, ભઈ! તારું રાખવામાં શું જાય છે? બાપા બોલ્યાને? આપણે research કરવા માટે તો રાખ કે આવું બોલ્યા છે. છતાં કાઢી નાંખ્યો. એની પંડિતાઈ ને વિદ્વતાઈ આડી આવી ગઈ. સાહેબ! ભગવાન પ્રહ્લાદ પર છ મહિનામાં રાજી થયા. અત્યારે તત્કાળ રાજી થાય એવા છે. ચલો હવે, એક દા'ડો મોતી ભરડી કાઢો, બસ. હરે!

રાજુભાઈ ભટ્ટ :– પછી ભગવાને પ્રહ્લાદને કહ્યું જે, યુદ્ધે કરીને તો હું જીતાઉં તેવો નથી ને મને જીતવાનો ઉપાય તો એ છે જે...

કાકાજી :– કોઈએ પૂછ્યું, બાપા, આ માસ્તર પર તમે હમણાં આટલો બધો રાજીપો બતાવો છો! અમે આટલાં બધાં ભેગાં ને ભેગાં છીએ ને કોઈ દા'ડો આવો રાજીપો ને હાથછૂટ્ટી બલા કરતા નથી, હેં! એવાં ટાયલાંવેડાં બહુ કરે ને પૂછે, કરવું નહીંને! એ માસ્તરે out of the way જઈને ફક્ત બાપા કે સંતો સારુ જ નહીં પણ બધાં પાંચસો માણસો માટે પેલું શાક કરી આપ્યું, સમજી ગયા! જાવ, બસ માસ્તર! ત્યાં તો એ જ હેડને? ત્યાં તો એ પંડિત નહેરુ, એક ઘડી તો. આપણને નહીં અહીંયા પૂજારીએ બધી સગવડ કરી આપી? અહીં નજરે જુઓને, ભઈ? પ્રત્યક્ષ, અત્યારે પણ, તે ઘડીએ પણ! હરે!

રાજુભાઈ ભટ્ટ :– જીભે કરીને મારું ભજન કરવું ને મનમાં મારું ચિંતવન કરવું ને નેત્રમાં મારી મૂર્તિ રાખવી. એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ કરવી એમ કહ્યું. પછી એવી રીતે પ્રહ્લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ મહિનામાં વશ થઈ ગયા.

કાકાજી :– છ મહિનામાં વશ થઈ ગયા, છ મહિનામાં. બીજાં સાધન–બાધન ગમે તે કરને! જો આ સાધન શું કામમાં આવ્યાં? સ્મરણયોગ જ આવ્યોને! હં! પેલાં બધાં પૂછે, બાપા! અમે તો ભેગાં ને ભેગાં કેટલુંય સ્મરણ કર્યું ને કેટલું તમને જમાડ્યું! તો બાપા કહે, સારું છે હવે જમાડ્યું તે! નારાણભાઈ શેઠ જેવું જમાડ્યું. હું ને મારું હજુ ખૂણેખાંચરે રહ્યું. આ એક વસ્તુ અદ્‌ભુત અને જુદી છે. મોટાપુરુષ માંગીને લે એટલાં તો ધન્ય ભાગ્ય માનજો! એ તો આલવાવાળો છે! એ ઓછો લેવાવાળો છે! એ તો દેના બેંક જ છે. આ લોકની દેના બેંક નહીં, એ તો સદાની દેના બેંક. સૂર્ય સમાન, જીગર હોય તો લો. એ લેના બેંક નથી. શાસ્ત્રીજી મહારાજે મારી પાસે લીધા, પણ દસગણું આપી દીધું. મૂર્તિમાન વાત છે! આટલી authentic છે. હરે!

રાજુભાઈ ભટ્ટ :– પછી એવી રીતે પ્રહ્લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ મહિનામાં વશ થઈ ગયા. આ વાતમાં સ્વામીએ સર્વોપરી વાત કરી દીધી. પણ આપણે શું સમજવાનું છે? આપણે ભગવાન વશ થયા કેમ જણાય? જ્યારે ભગવાન પાછળ–પાછળ ફરે ત્યારે જાણવું જે ભગવાન વશ થયા છે. વચ.કારિ. ૧૧ પ્રમાણે...

કાકાજી :– આપણે એની પાછળ શું કામ ફરીએ? આ અમને વિમુખ કર્યા. આ વાત જ્યારે બનેલી ત્યારે મેં એકદમ પકડી લીધી, હં! હેતે કરીને એનું વચન મનાય, હં! પછી મેં કહ્યું, હવે ભગવાનને ગરજ હોય તો આપણી પાછળ પડશે, હં! સાંકરદાનું મંદિર કર્યું ત્યારે મને નિશ્ચિંતતા હતી, હં! મેં કહ્યું, એની પ્રતિષ્ઠા કરવાની છેને! આપણે ઓછું બેસવું છે? આપણી ઓછી વચમાં મૂર્તિ પધરાવવાની છે? એ કરશે! સામા દુશ્મન એવા પુરુષોત્તમ ભગતે સામેથી દસ્તાવેજ આપી દીધો. સાહેબ! હં! જીગરથી! આપણે આ વાતમાં પૂરો વિશ્વાસ કે ભગવાન પાછળ પાછળ ફરે. ભગવાન જ બધું કરે, આપણે એને હલાવો, કાં બાપાને માન્યા નહીં. માનો તો total માનો, હેં! એક સીધી વાત, આ તો પુરાણપુરુષ. હરે!

રાજુભાઈ ભટ્ટ :– કારિ. ૧૧ પ્રમાણે એવો ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે અને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી. એટલી વાત કરીને પછી નરસિંહ મહેતાનું કીર્તન બોલ્યા,

'બેઠા બેઠા ગાય ત્યાં હું ઊભો ઊભો સાંભળું, ઊભા ઊભા ગાય ત્યાં હું નાચું રે...
પ્રાણ થકી મુને વૈષ્ણવ વ્હાલા.'

એ બોલીને પ.પૂ. સ્વામીશ્રી કહે, પ્રહ્‌લાદે આમ દાખડો કર્યો, તેમ જો આપણે એક ચિત્તે મંડી પડીએ.

કાકાજી :– શું કહે છે હવે? આપણે એક ચિત્તે મંડી પડીએ.

રાજુભાઈ ભટ્ટ :– તો છ મહિનામાં નહીં પણ એક કલાકમાં વશ થઈ જાય.

કાકાજી :– હવે એક કલાકની વાત કરું છું. ત્રણવાર જુદું જુદું બાપાએ કહ્યું. અમારી ૪૦ દિવસની જાત્રામાં જ. હું આવી બધી તારવણી કાઢું, research - સંશોધન કે બાપાએ શું કહ્યું, બસ પછી. વચ.મ. ૭. જુદી જુદી વખતે નંદાજીને જુદું જુદું કહ્યું. Election પહેલાં જુદું, એની પહેલાં જુદું, મુંબઈમાં જુદું, ગોંડલમાં જુદું. જ્યારે હોય ત્યારે એ આ જ પ્રશ્ન પૂછે. બ્રહ્મરૂપ તત્કાળ થવાય એવું બતાવોને? અત્યારે ટાઈમ–બાઈમ છે નહીં, હેં! તત્કાળ બ્રહ્મરૂપ થવાય એવું. પછી વચનામૃત મધ્ય ૭ કાઢ્યું. બાપા કહે, બહુ ભારે વચનામૃત કાઢ્યું. દાદુભાઈને બોલાવો. હું જ્યાં હોઉં ત્યાંથી બોલાવે કે આ નોંધજો, આ ખોટું ખોટું બોલે છે, આ દેવો ભગત! ગાંડું ગાંડું બોલે છે. કરવું નહીંને! હેં! એટલે પછી મને બોલાવ્યો. હેતુ હશે પાછો, હેં! પછી મેં દરેક વખતે નોંધ્યું, છ–સાત વખત નોંધ્યું! જો, આ પ્રહ્‌લાદની વાત આમાં મેં બેવાર લખાવી. છ કલાકની વાત આવે, પછી એક કલાકની આવીને આજે? હેં! બીજું કંઈ નહીં તો આજે સવા કલાક અનુષ્ઠાન કરીએ. ભાવનાથી કરીએ. ધૂન–ભજન ગાઈને

તીર્થંગીતા ઉપર જ બાપાનાં જ સૂત્રો આપણે પ્રેમથી સાંભળવાનાં. અહોહો! બાપા, તમે કહ્યું એટલે તો પરમ સત્ય જ. અમારાથી બનતું નથી પણ તમે કરાવજો, બાપા! એટલી જ વિનંતી કરવી છે. બસ! એમાં ક્યાં અઘરું આવ્યું? હં! પૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસથી આ વાતને વિચારે અને ધારે, સંકલ્પ કરીને ક્ષેત્રજ્ઞમાં પકડી રાખે તો finish થઈ ગયું. સાચી વસ્તુ છે અને પછી જ્યારે ક્રિયા કરો ત્યારે switch on કરવું. Battery charge થઈ ગઈ એ સ્વરૂપયોગ. ૪૦ મિનિટનો સવારે – ૪૦ મિનિટનો સાંજે. એ પ્રેરણા કરશે. એ આપણી જોડે અખંડ છે. અમે તો સિલોન ગયા ને બીજે ગયા, તો પૂછો ને? જ્યાં જઈએ ત્યાં વા'લીડો જ પાછળ પાછળ ફરે. કો'કે પૂછ્યું, ભગવાન વશ થઈ ગયા એ કેમ જાણવા? હં! એનું લક્ષણ પૂછ્યું. બાપા કહે, એ પાછળ પાછળ ફરે. તમે બાળકની પાછળ નથી ફરતાં? માવતર મારું ગલુડિયું, મારું ગલુડિયું, મારું, એમ કરે. એ આપણને પ્રેમ કરે, આપણે શું કામ કરીએ? ભગવાન આપણને પ્રેમ કરે. ભગવાનને આપણા વગર રહેવાય નહીં. એ વશ થઈ ગયા જાણવું. એનું **વચ. પ્ર. ૯મું** વાંચ. જો પ્રત્યક્ષની નિષ્ઠા તત્ત્વે કરીને જ્ઞાને સહિત સમજવી. જોજો, હં. બળાત્કારે કરે, વશ થઈ જાય એટલે શું? શું કરે? બળાત્કાર. તમે સામાન્ય ઝભલું પહેરતાં હોય તો ના પહેરાવે. સરસ પહેરાવે, નવું પહેર એમ કહે. ઓહો! આપણે ગરીબડા નથી. જોજો એના શબ્દ આવ્યા વશ થયાના. શું કામ વશ ન કરો?

હેમંતભાઈ મર્ચન્ટ :– (વચ.પ્ર. ૯) અને જે પ્રત્યક્ષ ભગવાનને વિશે દઢ નિષ્ઠા રાખે છે.

કાકાજી :– શું? પ્રત્યક્ષ ભગવાનને વિશે દઢ નિષ્ઠા રાખે છે, તત્ત્વે કરીને જે ઓળખે છે.

હેમંતભાઈ મર્ચન્ટ :– અને એનાં દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજું કંઈ નથી ઈચ્છતો એને તો ભગવાન પોતે બળાત્કારે.

કાકાજી :– બળાત્કારે, બળાત્કારે, ભગવાન કહે, 'લે આ.' અમે કહીએ, 'નહીં હમકો રિદ્ધિસિદ્ધિ નહીં મંગતાં. અમે તો ઝાડ નીચે બેસીને કથા કરીશું.' ભગવાન કહે, 'નહીં ભઈ! આવું કંઈ ચાલે, હેં?' આપણે કહીએ, 'આપણે તો કંઈ રિદ્ધિસિદ્ધિ જોઈતી નથી.' એને જ્યાં જરૂર હોય ત્યાં તો આવશે જ, આમ બનશે જ. આપણે કંઈ ઓછા બાયલાના છોકરાં છીએ? સમ્રાટના રાજપુત્રો છીએ. તમે મને થોડોક સહકાર આપો, હં! આપણે એક ભેગાં મળીને ઉઠાવ લઈએ, કામ લઈએ. જબરજસ્ત વસ્તુ બનવાની છે, હં! આ મારા બાપની જ વાત કરું છુંને! પાછી બે–ચાર વાર કરી. **વચ.મ. ૭માં** તો હદ વાળી નાંખી. નંદાજીને કરવું નહીં એટલે ખાલી આમ થાય ને આમ થાય એમ પૂછ્યા કરે. બાપા કહે, સાહેબ કેટલીવાર બેઠા છો? તો કહે, સ્વામી, અહીં જવાનું છે, અહીં જવાનું છે, અહીં મીટીંગ છે, આમ મીટીંગ છે, આ મીટીંગ છે. સ્વામી સાતેક

મિનિટ છે. તો બાપા કહે કે દસ મિનિટ બેસો, દસ મિનિટ. નંદાજી કહે, સ્વામી, દસ મિનિટ? આપણને થાય તારાં બાપાનું કપાળ! તું અહીં કલ્યાણ લેવા આવ્યો છું? પ્રાંતીજમાં (ઉત્તર ગુજરાતનું એક ગામ) વાત કરે છે, પ્રાંતીજમાં. એક તો એના સારુ બાપા સાબરકાંઠા ગયેલા. આવી રીતે કરે તો કેવી રીતે કામ બને? પછી આપણને એમ થાય કે મેં આમ દોઢ કલાક અનુષ્ઠાન કર્યું ને કેમ ન બન્યું? મને કેમ એવો પ્રકાશ ન દેખાયો? એક વસ્તુ સમજીને કરો. કદાચ પછી ગાંડા થઈ જાવ, ઘેલા થઈ જાવ, તો ના પણ કરાવે. પણ એક વસ્તુ કરી એ તો સત્ય જ છે, એક ભવ્ય વસ્તુ છે. આપણને મફતમાં આપે છે. મોટાને વચને કર્યું એટલું તો પૂણ્ય થયું જ. નંદાજી કેટલીવાર બેઠા! એકનું એક પૂછે પાછું. હરે!

હેમંતભાઈ મર્ચન્ટ :– ... એને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિશે જે પોતાનાં ઐશ્વર્ય છે અને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે. માટે જેને ભગવાનને વિશે અનન્ય નિષ્ઠા હોય...

કાકાજી :– કેવી! અનન્ય આશરો, આશરો તો નોકરનો પણ હોય પણ અનન્ય નિષ્ઠા...

હેમંતભાઈ મર્ચન્ટ :– ... તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઈચ્છવું નહીં.

કાકાજી :– મળ્યા છે, હવે આપણે એના અભિપ્રાય પ્રમાણે ટેકો કરો. Finish. એની એ જ વાત **સારંગપુર ૧૧માં** કરી. બળાત્કારની વાત છે, ના હોય ત્યાંથી એની પર બળાત્કાર કરે. ભગવાન કહે, લો. આપણે કહીએ નહીં. ભગવાન કહે, લો. ભગવાનથી રહેવાય નહીં. એને ઊંઘ ન આવે. રિદ્ધિસિદ્ધિ બળાત્કારે આપે. આવી વસ્તુ મારે તમને સિદ્ધ કરાવવી છે પણ તમે ઉંહુ ઉંહુ ઉંહુ ઉંહુ ઉંહુ કરો. હવે એટલું ન કરો તો મને પજવો તો નહીં? મારે ઉત્તમ ચીજ આપવી છે, આવી જબરી, કંઈ સમજો. થોડીક અક્કલ વાપરો. પછી મહારાજ જ છે. પણ શું કરે મહારાજ? ત્યાં પોપાબાઈનું રાજ ચાલે છે? હેં! એની અતિ દયાનો પાર નહીં, આપણી અતિ અવળચંડાઈનો પાર નહીં. છોડો હવે આ અહીંથી. આ પંચગીનીથી આપણે શરૂઆત કરો. બસ, કરવું હોય એ કરો, ના કરવું હોય એ લાડવા ખાવ.

**સહજાનંદસ્વામી મહારાજની જય...**

ચલો, બસ... ખુલ્લા દિલ સે, openness સે પરાવાણી સુનો. ઔર પ્રાર્થના કરના. બાપા! આપકી તાકાત સે, અનુગ્રહ સે, કૃપા સે, ઐસા હી કરાના, હમારી દૃષ્ટિ દિવ્ય બના દેના. બસ! ઔર યહી પ્રયોગ હમ અભી શરૂ કરતા હૈ, ઈસકે પહલે દો મિનિટ યે પૂજારી મહારાજ **સતીગીતા** પઢેગા, સતીગીતા! પ્રાણ કા સાક્ષી બનકર દો મિનિટ હમ યે ધ્યાન કર લે. બાપા! પ્રાણ કા પ્રેરક, પ્રાણ કા પ્રેરક. ઉસકે દો પ્રસંગ યાદ કરો.

ફિર અપના શરૂ કર દો. ગીતા કા ઉપદેશ, ગુરુશિષ્ય કા, ગીતા કા ઉપદેશ એકમેક કી મિત્રતા કા હૈ, ઘરઘર કા. તો અર્જુન 'તું–તા' ભી કર સકતા હૈ, લડાઈ ભી કર સકતા હૈ, વો mass કે લિયે નહીં હૈ. યે ઉપનિષદ હૈ, સર્વોપનિષદો, સર્વ ઉપનિષદો કા સાર હૈ, સર્વ ઉપનિષદ કા રહસ્ય હૈ. વો ગીતા ઔર યહી ગીતા બાપાને અપને કો પઢાયા, સિદ્ધ કરાયા. આજ ઉસકી પારાયણ હો રહી હૈ. ઈસમેં ઠોકરસ્વામી (રાજુભાઈ ઠક્કર માટે કાકાજીએ રમૂજમાં કરેલો શબ્દપ્રયોગ) 30 બાત પઢેગા, ઠોકરસ્વામી આપકા મન કો ઠોકર લગાતા હૈ. પ્રભુ મેં જોડને કા. વે કહતે હૈ, ચલો, ચલો. હમ કહતે હૈ, ઉંહુ ઉંહુ. વે કહતે હૈ, ચલો, ચલો. હમ કહતે હૈ, ઉંહુ ઉંહુ, હમકો નીચે જાના હૈ, ડૂંટીસે નીચે જાના હૈ, વે કહતે હૈ, નહીં, તુમ ડૂંટીસે ઉપર ચલો. ઉર્ધ્વગમન કરો. Table Land પર જાવ, ઉધર એક રાજમહલ હૈ, ઉસમેં બૈઠ જાના. યે અક્ષરધામ કા રાજમહેલમેં બૈઠ જાના. અંતઃકરણ કે રાજમહેલમેં પ્રભુ હૈ, સૂનતે રહેના, સૂનતે રહેના, અંતરસે. બાપા ક્યા બોલતા હૈ? આપ ક્યા સમજતે હો? આપકા બકેટ ખાલી હૈ તો યોગીબાપા ગંગાસાગર મેં સે ગંગાજલ ભર દેગા. નહીં ખાલી કરના હૈ? તો વે કહતે હૈ કી, તુમ્હારી ગંદે પાની કી ડોલકું ગંગાજી મેં લે જાવ ઔર ઉસમેં ડૂબા દો. વો ગંગાજલ હો જાયેગા, વો ભી નહીં કરના હૈ તો બાલક બન જાવ, ગાંડા ઘેલા કૈસા ભી હો. વો ભી નહીં કરના હૈ, તો જો મિલા હૈ ઉસકો આપ તત્ત્વ સે જાનતા તો હૈ નહીં, તો આપકા અજ્ઞાની મન સે ઉસકા નિર્ણય કૈસા કરેગા? અગર આપ તત્ત્વ સે જાનતા હો તો વો તર્ક કરતા નહીં, સંશય નહીં કરતા હૈ. અખંડ વૃત્તિ રહતા હૈ ઈસમેં, સમભાવ રહતા હૈ. જનકરાજા તત્ત્વ સે કર્તાહર્તા જાનતે થે, વો જ્ઞાની થે–મિથિલાયામ્ પ્રદિપ્તાયામ્. અંબરિષ રાજા સાધુતા રખકે ગયા. માન મિલા, અપમાન મિલા, સમતા, સમતા, સમતા. યહી તત્ત્વ સે જાનને કા પહેલા લક્ષણ spiritual equality હૈ. પલપલ મેં અપના મગજ જાતા હૈ, ફ્યુઝ જાતા હૈ. યે power house અખંડ હૈ, પ્રગટ સૂર્ય, કેબલ મેં લીકેજ નહીં. આપકા ફ્યુઝ કયું જાતા હૈ, કયું જાતા હૈ? સત્પુરુષ કે વચન મેં વિશ્વાસ રખકે ચલો તો આત્મસત્તારૂપ. કે આપકે વચનસે સત્પુરુષ ચલે? ઊલટા ક્રમ છોડો, બહોત હો ગયા, બહોત હો ગયા. પ્રભુ કે પાસ ઐસી બનાવટ છોડો, ચાલાકી છોડો, યુક્તિ છોડો. ઉસકે પાસ બનાવટ નહીં કરના, છેતરપીંડી નહીં કરના. આપકી જાતકું કરના, સ્વામીજીકો નહીં. યે પારાયણ ચલતી હૈ ઔર યે પારાયણ પ્રેમ સે સૂનના. બહોત બડા પૂણ્ય હો જાયેગા, આપકા જીવ બલવાન હો જાયેગા.

હરે! પુરાણી મહારાજ! એ પૂજારી મહારાજ! આપ એક દો મિનિટ હમારા મંગલાચરણ કરા દો. બસ દો મિનિટ, દો મિનિટ આપ બોલીએ... જો તમે એકાગ્રચિત્તે સાંભળો. ફાટેલી આંખ રાખીને સાંભળો નહીં, એટલા માટે આંખ મિચેલી, હં! હવે ધીરે રહીને એકાગ્રચિત્તે, હં! જો બોલતા હૈ વો સૂનો.

(તીર્થગીતા પુસ્તકમાંથી ઈ.સ. ૧૯૫૬માં સ્પેશ્યલ ટ્રેન દ્વારા યાત્રાપ્રવાસ દરમ્યાન બ્ર.સ્વ. યોગીજી મહારાજે વિધવિધ સ્થાનોએ કરેલ કથાવાર્તા પૂ. રાજુભાઈ ઠક્કર પાસે વંચાવી તેના પર પ.પૂ. કાકાજીએ કરેલ નિરૂપણ...)

રાજુભાઈ ઠક્કર :– સ્વામિનારાયણ હરે...

કાકાજી :– આંખ મિચેલી, હં!

રાજુભાઈ ઠક્કર :– શ્રીજીમહારાજને સર્વોપરી સર્વ અવતારના અવતારી સમજવા એ સ્વરૂપનું જ્ઞાન કહેવાય. એમ કહીને કહ્યું કે, વિશેષ ઉત્તર સમજવો હોય તો આ મોતીભાઈ કરશે. તેથી આણંદવાળા પૂ. મોતીભાઈ ભગવાનદાસે ઉત્તર કર્યો કે, વચ.ગ.પ્ર. ૨૭ અને ગ.પ્ર. ૫૧ પ્રમાણે જેમાં મહારાજ સર્વપ્રકારે નિવાસ કરીને રહ્યા હોય, તે સંતનું સ્વરૂપ એ જ મહારાજનું પ્રગટ સ્વરૂપ અને એમ સમજે તો જ યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થયું કહેવાય. એવા તો આપણી પાસે સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપ યોગીજી મહારાજ છે.

કાકાજી :– જો એ બોલતા હતા પણ માનતા ન્હોતા. જ્યારે મહંતને સાધુ બનાવવાના હતા ત્યારે. 'જોગી શું સમજે?' આવું કહી નાંખ્યું. એકબાજુ ઉત્તરધ્રુવ ને બીજીબાજુ દક્ષિણધ્રુવ. હેત ખરું! હેતવાળું એવું બોલે, લડે બધું ખરું! એકબાજુ સ્વરૂપ કહે છે. ને બીજીબાજુ ગુંડો, ડાકુ, ચોર, બદમાશ, લુચ્ચો એમ પણ કહે. એક હેતનિષ્ઠા છે, હં! પણ જ્ઞાનનિષ્ઠા નહીં, હં! બિલકુલ નહીં.

રાજુભાઈ ઠક્કર :– ... એ જ મહારાજનું પ્રગટ સ્વરૂપ.

કાકાજી :– આજ પપ્પા, કાકા, સ્વામી, છેવટે મહંત. હરે. હવે વાત બીજી વાંચો.

રાજુભાઈ ઠક્કર :– આ સંત જેણે અમને ભગવાન ઓળખાવ્યા તે મારા ઈષ્ટદેવ એટલે ભગવાનની ઓળખાણ કરાવનાર સત્પુરુષ. જેના વચને ભગવાનનો નિશ્ચય થાય છે.

કાકાજી :– એવા આજ પપ્પા, કાકા, સ્વામી મળ્યા. બાપાને ઓળખાવ્યા, સ્વામીને ઓળખાવ્યા અને સુખિયા કર્યા. **સ્વામીની વાત નં. ૩ યોગીગીતા** ચાલે છે.

રાજુભાઈ ઠક્કર :– એટલે સત્પુરુષનો અભાવ કદી લેવો જ નહીં. સત્પુરુષનો અભાવ લીધો કેમ કહેવાય? તેમની ક્રિયા જ્યારે ન ગમે ત્યારે અભાવ આવ્યો કહેવાય. આટલું ઠીક નથી કરતા તેવો સંકલ્પ થાય તે પણ અભાવ આવ્યો કહેવાય.

કાકાજી :– જો એ મન છે. તત્ત્વે કરીને ન જાણ્યા હોય તો સંકલ્પ ઊઠે. અર્જુન કહે, પ્રભુ તમે સૂર્યને ક્યાંથી યોગ શીખવાડ્યો? તમે હમણાં પ્રગટ્યાને? જો એ એની બુદ્ધિ હતી. મહારાજ કહે, એ પણ અભાવ લીધો. તર્ક-વિતર્ક થયો.

તત્ત્વે કરીને જાણ્યા નહીં, અભાવ ન્હોતો પણ સમજ્યા નહીં. મોતીકાકા જોડાયેલા હતા, હેત હતું પણ સમજ્યા નહીં. તત્ત્વે કરીને સમજ્યા નહીં, અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતમાં સંતને વચને સ્વરૂપ ઓળખો, એનો ભરોસો કરીને અંતર્દષ્ટિ કરો. એ કહે એમ કટ વળી જાવ, વળ્યા? તો તત્ત્વે કરીને ઓળખાણ પડશે, તો અખંડ વૃત્તિ રહેશે, તો સમતા રહેશે, તો પાછા વળી જવાશે, ભલે સ્વભાવ ઝળકે, લપસી પડાય પણ ઊભા થઈ જવાશે અને ભક્તનો મહિમા પણ સમજાશે. ભગવદીનો તો ખરો જ. હરે.

રાજુભાઈ ઠક્કર :– મહારાજ છતાં જેમણે જેમણે સેવા કરી હતી અને મહારાજને રાજી કર્યા હતા પણ જો સ્વામીનો દ્રોહ કર્યો હતો, (તે) પડી ગયા. પવિત્રાનંદસ્વામી આવા ધર્મવાળા હતા પણ જો ભગતજીનો દ્રોહ કર્યો તો દુઃખ આવ્યું. માટે શાસ્ત્રીજી મહારાજની સેવા કરી હોય પણ તેને મળેલા અને તેના રાજીપાવાળાનો દ્રોહ કર્યો હોય તો સર્વે પુણ્ય બળીને ભસ્મ થઈ જાય.

કાકાજી :– મોટાસ્વામી કૂદી પડ્યા. કહે કે આ જોગીમાં મીઠું નથી. ગમે એટલા શાસ્ત્રીજી મહારાજને રાજી કર્યા હશે. એક જ સ્વરૂપને માનીને તમે રાજી કરતાં હશો. પણ એના અભિપ્રાયના જાણનારા, એના અનુરૂપ જેવા જોગી મહારાજને રાજી નહીં કર્યા હોય કે એનું નહીં માનો. તો સ્વામી કહે, દ્રોહ કર્યો કહેવાય. પત્રિકામાં મેં આ લખ્યું. બાપા બે વાર બોલેલા. મારા સદ્‌ગુરુ હર્ષદ દવે લખતા ન્હોતા. મેં કહ્યું, લખો. બાપા બેવાર બોલે એ bold letterમાં લખો. આ વાત સમજવા જેવી છે. મળેલા એટલે જોગી મહારાજ. એના જેવા ગુણને પામેલા. જોગી મહારાજની ગમે એટલી સેવા ટૂક ટૂક કરી હોય પણ એના મળેલા એટલે પપ્પા, કાકા ને સ્વામી. એના મળેલા ને એના રાજીપાવાળા. મળેલા એટલે એમના ગુણને પામેલા. અંતરાયરહિત વર્તનારા, સમ્યક્ નિર્દોષબુદ્ધિ રાખનારા પપ્પા, કાકા ને સ્વામી. રહસ્યમાં મેં બતાવી દીધાં, બાપાએ બતાવી દીધા. શોધવાનું ક્યાં રહ્યું? ઘૂંટવાનું જ રહ્યું. હરે.

રાજુભાઈ ઠક્કર :– સ્વામીએ વાત કરી, જે જેવો સત્સંગ છે તેવો જણાય નહીં.

કાકાજી :– સત્સંગ એટલે સત્પુરુષ, હાં.

રાજુભાઈ ઠક્કર :– માટે જેવા સત્પુરુષ મળ્યા છે એવા જો ઓળખાઈ જાય તો તેમના સંબંધે કરીને આ સત્સંગમાં અનંત પ્રહ્લાદ, અનંત અંબરીષ અને અનંત પર્વતભાઈ જેવા છે તે ઓળખાય. પણ એવો મહિમા સત્પુરુષનો સમજાતો નથી એટલે જીવ દુખિયો રહે છે. માટે આ દર્શન બહુ દુર્લભ છે.

કાકાજી :– જોગી મહારાજનો મહિમા ન સમજાયો. બાવનથી મેં ગોકીરો કર્યો કે અલ્યા, શાસ્ત્રીજી મહારાજે માન્ય કરેલા છે, તમારા બાપનું શું જાય છે? એક જગાએ તો વળી

જાવ, વળી જાવ, વળી જાવ. એ પરમ પવિત્ર પુરુષ છે. પણ જો મનાયું નહીં, મનાયું હોત તો આજ એના જેવા ગુણ આવત, એના જેવી શક્તિ આવત. એ તો આપવા જ બેઠા છે. છેવટે ના છૂટકે વિમુખ થયા, વિમુખ કરવા પડ્યા તો પણ એણે કહ્યું જાવ, બક્ષિસમાં અક્ષરધામ. મોજનું મૂલ્ય હોય નહીં. મોજમાં અક્ષરધામ, અક્ષરધામ એટલે શુભ સંકલ્પ. આનંદના ફુવારા. જરાક મૂંઝવણ આવે તો એક રુચિવાળા બે જણ સ્વામી, સ્વામી કરો. આ મેં Master Key આપી. આમાં પણ આવશે કે જ્ઞાનની ચાવી શું? જો એ શબ્દ સાંભળજો. સાંભળ્યોને? હમણાં પછી રાજુભાઈ વાંચશે. જ્ઞાનની ચાવી શું? સ્વામી ચાવી નથી કહેતા જ્ઞાનની કૂંચી શું? સ્વામી કૂંચી કહે. પેલા કહે, કૂંચી ને ચાવીમાં ફેર શો? પછી વાત કહું છું, હરે! ઈશ્વરભાઈ પૂછે, સ્વામી, ચાવી ને કૂંચીમાં ફેર શો? સ્વામી કહે, બહુ ફેર. હરે!

રાજુભાઈ ઠક્કર :– બ્રહ્મસ્થિતિવાળો જે હોય એ માનમાં ફૂલાઈ જાય નહીં અને અપમાનમાં કરમાઈ જાય નહીં.

કાકાજી :– જો દાદુકાકામાં દેખાશે. ભયંકરમાં ભયંકર શબ્દોના ગોળા મારો તો પણ એમ જ કહીશું કે મહારાજ, આનું ભલું કરો અને હાથીએ બેસાડો. હું બાપા જોડે બે વાર બેઠેલો. પાછળ એ, આગળ અમે. ને ગધેડે પણ બેઠા. માન–અપમાનમાં એક્તા, સુખ–દુઃખમાં સમભાવ. હાણમાં, વૃદ્ધિમાં, જયમાં–પરાજયમાં, સુખમાં–દુઃખમાં, શુભમાં–અશુભમાં, એક ભગવાન જ સત્ય છે. બધું જ અસત્ય છે, એક પ્રભુ જ સત્ય. પરમ પવિત્ર પુરુષ જ સત્ય છે. જો એને સંભારીને, એને આગળ રાખીને કામ કરો. એ તમારા પ્રાણના પ્રેરક છે. શ્વાસ લો છો, એ ચલાવે છે. આટલું જ ગોખવાનું છે સ્વામી, સ્વામી, સ્વામી. તો battrey ચાર્જ થઈ જાય. પછી Switch on કરો. ક્યાં બહુ મુશ્કેલ છે? નવકારમંત્ર બોલીને કામ કરો. નવું પ્રારબ્ધ ઊભું નહીં થાય અને થઈ ગયું હોય તો એને પ્રાર્થના કરો, ઊકલી જશે, ચિંતા મત કરો. હરે!

રાજુભાઈ ઠક્કર :– કોઈ વખાણે ત્યારે સારું લાગે અને વખાણ ન થાય ત્યારે મૂંઝાય એ સ્થિતિ ન કહેવાય. સ્થિતિમાંથી જે ડગે નહીં એ બ્રહ્મસ્થિતિ સાચી.

કાકાજી :– આ તો સ્તુતિ કરનાર કો'કવાર નિંદા કરવા મંડી પડે. એકવાર કારેલું કડવું લાગ્યું ને પછી એકવાર ગળ્યું લાગે. એવું કહો તો કોઈ કહેશે આ ગાંડો ને મૂર્ખો માણસ લાગે છે. એકવાર કહે કે સ્વરૂપ, અનુભવ થયો ને પાકું થયું ને પાછું વળી કંઈક લાગે તો એમ કહે કે આનું કંઈ ઠેકાણું લાગતું નથી. દૈવત ચાલ્યું ગયું લાગે છે. આ બધો ઐશ્વર્યપ્રતાપ ચાલ્યો ગયો લાગે છે. હવે તો જ્યાં નવો સૂર્ય ઊગ્યો હોય ત્યાં જાવ. ઈંદિરાજી ગયાં, મોરારજી ગયા તો જગજીવન પકડો. Finish, હં! આ કંઈ ચાલશે કે? આ મોગલાઈ ચાલે છે? ટકે શેર ભાજી, ટકે શેર ખાજા, ગબરગંડ રાજા! હેં! ગબરગંડ ચાલે છે આ બધું? વ્યવસ્થિત ચાલે છે. પ્રભુનો દરબાર છે,

એને ઘેર દેર છે, અંધેર નથી. કથાવાર્તા સારી થાય છેને? વાહ, વાહ તો કરો, યાર! જો એને માથે ફૂલ છે, જો! મૂર્તિ યાદ રહી જાય એવી છેને! હેં! તો આ મૂર્તિનો બનાવનાર યાદ રહી જાયને! હરે!

રાજુભાઈ ઠક્કર :– દોષ તો મહારાજ દૃષ્ટિએ કરીને ટાળી નાંખશે.

કાકાજી :– દોષ તો મહારાજ દૃષ્ટિએ કરીને ટાળી નાંખશે. પણ હમણાં જો ટાળી નાંખે તો મારું ગળું અહીંયા આમ તરત જ ખેંચે. અત્યાર સુધી ખેંચતા આવ્યા છે ને મારા દોસ્તો! મારા પરમ મિત્રો, હં! એટલે પછી હવે અમે પણ ડરતા રહીએ કે રખેને માથાકૂટ ના કરે, ઝેર ના દે. ભેગા રહીને, હં! અમે પણ સાવચેત થઈ ગયા. સજાગ અને સાવધાન બની ગયા. હવે વાતાવરણ બદલાઈ ગયું, હવા બદલાઈ, સદી બદલાઈ ગઈ, હં! હવે ચેલો ગુરુને જ ઝેર આપીને ગાદીપતિ થઈ જાય. શિવાનંદ બાબાને ત્યાં બન્યું, રમણ મહર્ષિને ત્યાં બન્યું, હં! આજે આ જ ઝઘડો સાહેબ, અહીંયા ચાલે છે. અરવિંદ આશ્રમમાં પણ ધમાલ ધમાલ છે. જઈને જુઓ તો ખબર પડે, હરે!

રાજુભાઈ ઠક્કર :– પણ સ્વરૂપ સમજવામાં ખોટ રહી જશે તો છેવટ સુધી વાંધો ભાંગશે નહીં.

કાકાજી :– છેવટ સુધી. અઠ્ઠાવીસ વર્ષ સુધી મુક્તાનંદસ્વામીને સમજણનો ભેદ રહ્યો હતો. ધામમાં જવાને ત્રણ મહિના રહ્યા ત્યારે સમજાયું. ઘરડા ડોસા ને ડોસીઓ થયા પછી શું સુખ ભોગવશો? બીજું બધું શક્ય છે, આ હુંહાટો ન રહે એ વાત મારે કરાવવી છે અને જો તમને અંતરાય ન હોય તો ધડાકો બોલવો જોઈએ, દેખાવું જોઈએ. અખંડ વૃત્તિ. મહારાજની શું મરજી છે? ખબર પડી જાય. ભલે, લપસી પડાય, લાગી જાય, પાછું વળી જાય. આજે એક સૂત્ર શીખીને જજો. અતિ મોટાપુરુષ પાસે, મોડામાં મોડું, highest માં highest peak point, પાંચ મિનિટમાં પાછું વળી જવાવું જોઈએ. બસ ખલાસ. છઠ્ઠી મિનિટે stop. આટલું બહુ પાકું કરવું. તમે બહુ મોટો સત્સંગ કરી કાઢ્યો. કોણ બોલે છે આ? આ દાદુકાકો બોલે છે? કોણ બોલે છે કાંતિભાઈ? ધીરે રહીને શું કામ બોલ્યા? એમાં કાં પૈસો પડ્યો? શીરો ખવરાવશે, ભઈ! જોગી મહારાજ બોલે છે, પ્રભુ બોલે છે. પરમ ચિંતામણિ બોલે છે. બ્રહ્મસૂત્ર છે. હરે!

રાજુભાઈ ઠક્કર :– હઠ, માન અને ઈર્ષ્યાનો ત્યાગ કરવો. હઠથી ભક્ત ભક્તમાં વિક્ષેપ થાય, ઈર્ષ્યાથી ક્રોધ થાય છે અને માનથી ભગવાનના ભક્ત આગળ પણ સ્તબ્ધપણું રહે છે. ભગવાન મળ્યા પછી પણ...

કાકાજી :– આ કૅન્સરની ત્રણ ગાંઠો છે. હઠ, માન ને ઈર્ષ્યા. હરે!

રાજુભાઈ ઠક્કર :– ભગવાન મળ્યા પછી પણ આવા સ્વભાવ રહી જાય છે. તે ઉપર મછિયાવના ફઈબા, ગઢડાના જીવાખાચર અને ઝીંઝાવદરના અલૈયાખાચરનાં આખ્યાન વિસ્તારથી કહ્યાં.

કાકાજી :– એનું કારણ તત્ત્વે કરીને ઓળખ્યા ન્હોતા એટલે. એનો power જાણતાં નથી એટલે. એ દયાળુ છે, અતિ દયાળુ છે. સુખે સુખે કરવું હોય તો આ સમજો અને દુઃખે દુઃખે કરવું હોય તો તમારી મરજીની વાત છે. Choiceless Awareness, Timeless Eternity. હરે!

રાજુભાઈ ઠક્કર :– માટે સરળ પ્રકૃતિ રાખવી અને ભગવાન પરાયણ જીવન કરી રાખવું, તો ભગવાન આપણી સંભાળ રાખશે.

કાકાજી :– સરળ પ્રકૃતિ. અમારો સુરુ (સુરસિંહ – હાલ પૂ. હરિસ્મરણસ્વામી, હરિધામ. પ.પૂ. સ્વામીજીના વચને તેમણે પ.ભ. ચંદ્રકાંતભાઈ દેસાઈની અપ્રતીમ સેવા કરી હતી જેથી સ્વામીજી અને કાકાજી તેમના પર અત્યંત રાજી થયા હતા). ક્યાં ગયો? કટ વળી ગયા, કટ વળી ગયા, કટ વળી ગયા. મોટાપુરુષ પાસે. આજે આપણે ત્રણ મુદ્દા આ વાતમાંથી શીખવાના છે. મોટાની દૃષ્ટિ પડી જાય. જો એમાનો એક મુદ્દો તો તમે કરો છો, લક્ષાર્થ. ધૂન કરો છો. ભીડો પડે ને છતાં પણ ગુણ લો. ભીડો પડે, તનનો–મનનો–ધનનો, બીજો–ત્રીજો, માન્યતાનો, તો પણ દૃષ્ટિ પડી જાય. સેવા કરો એટલે દૃષ્ટિ પડી જાય. અમારી નહીં, સેવકોની સેવા. **દૃષ્ટિ પડી જાય, મોટાનો અભિપ્રાય સમજાઈ જાય, પરિપક્વ નિષ્ઠા થઈ જાય,** તત્ત્વે કરીને. આ ત્રણ મુદ્દાની વાત પકડજો. આમાં પછી એની પર ફરીવાર બેસીશ ત્યારે નિરૂપણ કરીશ. હરે!

રાજુભાઈ ઠક્કર :– નિર્દોષબુદ્ધિ એ જ સેવા.

કાકાજી :– નિર્દોષબુદ્ધિ એ જ સેવા. હરે!

રાજુભાઈ ઠક્કર :– મોટાની સેવા કરતો હોય પણ જો નિર્દોષબુદ્ધિ ન હોય તો વૃથા છે.

કાકાજી :– વૃથા. જોયું, શું કરશો તમે? સુરતની ઘાંચણ પણ સવા રૂપિયામાં કામ કરે. પણ એક વસ્તુ તો સમજો. પ્રભુના દરબારમાં છીએ. અહીં કંઈ વ્યવહાર દૃઢ કરવાનો છે? ખુલ્લા રહો, પડ્યા રહો, સૂઈ રહો, ખાવપીવો, ત્રણ ટાણાં ખાવ. વાહ મહારાજ, વાહ મહારાજ, વાહ જોગી મહારાજ, વાહ જોગી મહારાજ. કોઈ કહે, આળસુ છો અલ્યા ઢગા. મફતમાં ખાય છે. ભલેને કહે! એને માથે પાપ જશે. નિત્યે લાખ રૂપિયા લાવે... જો એની બારાખડી, જો એનું ગણિત જુઓ ચાર! નિત્યે લાખ રૂપિયા લાવે એને અમે ઉલ્લુનો પઠ્ઠો બનાવીએ, ઓહો! અમારો જીવનપ્રાણ! મોરારકો શેઠ અમારો જીવનપ્રાણ! તમારે અંતરથી જોવાનું છેને? પ્રેમ કંઈ આમ થોડો થાય? ચલો, પ્રેમ કરો, પ્રેમ કરો, પ્રેમ કરો! હેં? આ તો દિલની વાત છે. મહોબતની વાત છે. દિલાવર દિલની. ભગવાનની સેવા કરશો? ના, ભક્તની. તો વગર કર્યું આકૂંડું હેત થશે. વાહ વાહ, વગર કર્યા સંભારશે. દૃષ્ટિ પડી એમ કેમ જાણવું પાછું? વગર કહ્યે સંભારે, યાદ કરે. સમજવું કે એના ઉપર દૃષ્ટિ છે. હરે!

રાજુભાઈ ઠક્કર :– પાકી સમજણ કરવી. તે સમજણ મોટાપુરુષની દૃષ્ટિથી જ થાય છે.

કાકાજી :– જો એ પણ મોટાપુરુષની દૃષ્ટિથી. એની જોડે જ બાખડો ક્યાં ભીડો? હરે!

રાજુભાઈ ઠક્કર :– માટે મોટાની નજરમાં આવી જવું. સાચી સમજણ કરવી. તે સમજણ મોટાપુરુષની દૃષ્ટિથી થાય છે. માટે મોટાની નજરમાં આવી જવું. આપણું કાંઈ બળ નથી. પણ જે કાંઈ થાય છે મોટાની દૃષ્ટિથી જ થાય છે. મોટાની દૃષ્ટિમાં આવીએ ત્યારે તેમને વિશે મનુષ્યભાવ કદી આવે નહીં.

કાકાજી :– જો દૃષ્ટિમાં આવ્યા તો મનુષ્યભાવ આવે નહીં. એકમેકની ઓળખાણ પડી કે એકમેકની નજરથી જોયા તો પણ જાનવરને તમે એમ કહો કે દેવ છો? હા, દેવ પણ કહ્યા. નજરમાં આવી ગયા તો. કોને? માણકી ઘોડી. કોને? વાંદરું, હનુમાન. કોને? ગણેશ. લો બોલો. એ ભગવાનની નજરમાં આવી ગયા. બીજાં બધાં વાંદરાં કહેવાય. પણ રામને ઓળખ્યા એ હનુમાન! જો એ નજરમાં આવી ગયો. ત્યાં બધા આવા ઋષિમુનિઓ તમારા જેવા બધા અક્કલવાળા ને હોશિયાર ને સિદ્ધો બેઠેલા. તેઓ કહે, પેલો વાંદરો આવે છે. પછી રામ કહે કે હે, ઋષિમુનિઓ! હે અંગત સેવકો! એ વાંદરો નથી! એને આવે તો પૂછજો તો ખરા! પેલો તો આમ કૂદતો કૂદતો આવે. 'અલ્યા વાંદરા, તું કોણ છે?' એ કહે, 'ઓ મહાનુભાવો! શરીરે હું વાંદરો છું, આમ રામનો અંશ છું. તત્ત્વે કરીને હું રામરૂપ છું અને બહુ બોલો તો, રામ બતાવી દઉં, લો.' એમ કહ્યું નહીં કે તમારી તાકાત હોય તો બતાવો. એમ ભગવાન અખંડ છે, અખંડ છે, અખંડ છે. એમ બોલો છો, હેં! અખંડ કરું, પ્રગટ કરું, હં! આ બોલવાની વાત નથી. એ હનુમાન! માણસને પણ હનુમાન ચાલીસી કરવી પડે છે. હનુમાનના મંત્ર જપવા પડે છે, હં! અને જેણે હનુમાન પધરાવ્યો હશે સાંતાક્રુઝમાં તો કંઈક તાકાતવાળો માણસ હશેને યાર! હનુમાનની મૂર્તિ જેણે પધરાવી હશે, હનુમાનમાં તાકાત મૂકી હશે તો કેટલા બધા પૈસાના ઢગલા થાય છે? આખી જમીન સોનાની થઈ ગઈ. ચાર આને ફૂટ મળેલી, બુવાકાકાને. આજે બસો રૂપિયા ફૂટ થઈ ગઈ. સાંતાક્રુઝમાં જમીનનો ભાવ તો પૂછો. મેં કહ્યું, આ સોનાની લગડી થઈ જશે, હં! બુવોકાકો, એ હનુમાનનો અવતાર હતો. બાપા બોલ્યા એટલે આપણે સાચું માનવાનું. બાપા બોલે એટલે પછી શંકા જ કરવાની નહીં, બસ. જૂનાગઢમાં ગુણાતીતાનંદસ્વામી વાત કરતા હતા. એક જણે દરવાનને પૂછ્યું, અલ્યા, આમાં અનંત બ્રહ્માંડ ઊડતાં ફરે? શું લાગે છે તને? દરવાન કહે, અરે, યાર! હું ત્રીસ વરસથી છું અહીં. ઝાંપો સાચવું છું, હં! એક બ્રહ્માંડ પણ ઊડતું જોયું નથી. સ્વામી બી મોટા ને એનાં ગપ્પાં બી મોટાં. તમને એમ થતું હશે કે આ કાકા આત્યંતિક કલ્યાણની વાત કરે છે. આજ જ, આજ જ, આજ જ કરે છે. એ સાચું હશે? અરે ભઈ! તમને આ બારાખડી ખબર નથી. તમારા કરોડો વરસોના પાશ એકે એક નસમાં રસરૂપ થઈ ગયેલા છે. ધન્ય છે જોગી મહારાજને ને

સ્વામિનારાયણને કે વર્તમાન દઈને કાઢી નાંખે. એ હકીકત. માનવું હોય તો માનો, નહીં તો હવે જે માનશે એની જોડે મારે કામ લેવું છે. ન માનો તો ભગવાન તમારું ભલું કરો. ખાવપીવો. અત્યાર સુધીની પ્રાપ્તિ છે બધી પણ હવે નવીન પ્રાપ્તિ, ભગવાનની મૂર્તિમાં રહેવાની. એ બાબતમાં special time તમારી જોડે કાઢવાનો છું. જેને કરવું જ છે, એને માટે. ન જ કરવું હોય તો પછી મહારાજ તમારું ભલું કરો. તમને સુખી રાખો. જલેબી ખાવ ને જાજરે જાવ. બસ! એ ધંધો કરો. અક્ષરધામ અંતકાળે છે. હરે!

રાજુભાઈ ઠક્કર :– મોટાની દૃષ્ટિમાં આવવાનો ઉપાય એ સેવા છે. સેવા આપણે ગોતી લેવી પણ સેવા માટે આપણને ગોતવા પડે એવું ન કરવું. એવો ખપ ને ગરજ રાખવાની. એવા મોટાપુરુષ એ બ્રહ્મનું સાક્ષાત્ સ્વરૂપ છે.

કાકાજી :– એવા મોટાપુરુષ એ બ્રહ્મનું સાક્ષાત્ સ્વરૂપ છે. જોઈ લેજો, હં! મોટાપુરુષ પપ્પા, કાકા, સ્વામી અત્યારે છે. જો ઓળખાણ ન પડે તો? ભલે આપણે 'ઢ' હોઈએ, અંગૂઠા છાપ! ઓળખાણ પાડી દીધી, લો. આવી અભિમાનની વાત કરે કોઈ? અને પછી અજમાવી જોવું. ખાટું–ખારું લાગે તો તરછોડી દેવાનું. ગળ્યું લાગે, અમૃતમય લાગે, તો પકડી રાખવું. ક્યાં કોઈ આગ્રહ છે કોઈ વસ્તુનો? હરે!

રાજુભાઈ ઠક્કર :– વળી બ્રહ્મનો એવો સ્વભાવ છે.

કાકાજી :– જડને ચેતન કરે. હં!

રાજુભાઈ ઠક્કર :– કે જેમાં તેનો પ્રવેશ થાય તેને ચૈતન્યસ્વરૂપ કરી દે. કાષ્ઠ તથા પાષાણ જેવો જડ હોય તેને વિશે પ્રવેશ કરે ત્યારે તે હાલે–ચાલે એવું થઈ જાય. બ્રહ્મ સંગાથે સમાધિએ (જ્ઞાનસમાધિએ) કરીને તુલ્યભાવને (બ્રહ્મભાવને) પામે ત્યારે જીવ પણ બ્રહ્મરૂપ કહેવાય (મ. ૨૦) માટે જ્યારે મોટાપુરુષ સાથે એકતા થશે...

કાકાજી :– શું થશે? મોટાપુરુષ જોડે શું થશે? છૂટાછેડા થશે? મોટાપુરુષ જોડે?

રાજુભાઈ ઠક્કર :– એકતા થશે.

કાકાજી :– Love Intimacy થશે! હં!

રાજુભાઈ ઠક્કર :– ત્યારે જ બ્રહ્મરૂપ થવાશે.

કાકાજી :– ત્યારે જ બ્રહ્મરૂપ થવાશે. હં!

રાજુભાઈ ઠક્કર :– ત્યાં સુધી બ્રહ્મની માનીનતા કરી જાણપણે અખંડ વર્તવું અને માયાના પેચમાં ન આવવું. આ લોકમાં નરકમાં પડ્યા જેવું દુઃખ આવે તો પણ તેમાંથી છૂટીને નિર્વાસનિક થવાતું નથી. એટલી વાસના બળવાન છે. પણ જો મોટાની દૃષ્ટિ પડી જાય તો તુરંત વાસના ટાળી નાંખે.

કાકાજી :– જો પાછું આવ્યું, મોટાની દૃષ્ટિ આવી પાછી, જો. હવે મોટાની દૃષ્ટિ. વાસના ટાળી નાંખે, હાં!

રાજુભાઈ ઠક્કર :– એ દૃષ્ટિ ક્યારે પડે તો જ્યારે આજ્ઞામાં ટૂક ટૂક વર્તે અને યુક્તિ ન કરે ત્યારે દૃષ્ટિ પડી જાય.

કાકાજી :– જો બે આવી. એની જોડે યુક્તિ ન કરે, કરામત ન કરે, ચાલાકી ન કરે. એની ધ્યાન બહાર કાંઈ ન હોય. બાપા કહે, વેઢમી કરો. બધા કહે, ના, ના બાપા, વેઢમી નહીં હારી. દૂધપાક સારો. કારણ એક જ જણ જોઈએને? તબેથો હલાવવા. પેલું તો ચાલીસ જણની વેઢમી કરે એટલે ગરમી થાય. એ યુક્તિ કરી કહેવાય, હં! બાપા કંઈ સામાન્ય માણસ છે? પછી આત્મબુદ્ધિ હોય તો કહેવું. સજાતીય હોય તો વાત થાય, પાછી ન થાય એમ પણ નહીં. ડીઓ ડીઓ કરીએ એવું નહીં, હં! સમજપૂર્વક હરે!

રાજુભાઈ ઠક્કર :– માટે આજ્ઞામાં ખબરદાર રહેવું.

કાકાજી :– હમારા ગુજરાતી સમજતા હૈ? મરાઠી સમજતા હૈ? કસાલા તુમ્હી ઈધર બેઠા? કથા સુનને કું? કે ઐસા હી! ઐસા! કથા સુનને કા! જમવાનું. અચ્છા, અચ્છા, અચ્છા. મરાઠી મેં હમારા યે થોડા બાત કરેગા. હં! કથા સુનના હૈ? સુનના હૈ? હં, હં, અસા. યે હમારા સા'બ મરાઠી ભાષા મેં બોલનાર. મી મરાઠી ભાષા જાનનાર નહીં. તસા કાય ઔર યે પૂજારી મહારાજ બોલનાર કે તુમ મરાઠી હૈ તો મૈં મરાઠી શીખ લેગા, હં! અસા તસા કરું. મરાઠી ભાષા. હરે!

રાજુભાઈ ઠક્કર :– એકાંતિક ધર્મ સિદ્ધ કરવો. સાક્ષાત્ બ્રહ્મ શું? તો પ્રત્યક્ષ સાકાર સ્વરૂપે નયનગોચર વર્તે છે, તે જ બ્રહ્મ છે અને તેમના સંબંધમાં જ જીવાત્માનું બ્રહ્મરૂપે દર્શન થશે.

કાકાજી :– જોયું? આ વાત કેવી સરસ છે! હં! નયનગોચર કાં વર્તે છે? નયનને ગોચર. પપ્પા, કાકા, સ્વામી. પણ આપણે પહેલાં ને પછી એ. એટલે મોકાણ છે. માયિક–અમાયિક. આંખ–કાન–મોઢું બંધ કરીને. અંતરમાંથી બહાર જાવ, અંતરમાંથી બહાર જાવ, એને સંભારીને. અંતરમુખી બનીને બહાર જાવ. એને યાદ કરીને. મહારાજ, મહારાજ કરીને બોલો, ચાલો. શાંતિ–શાંતિ, હરે! હવે એક–એક વાર વાંચી લો.

રાજુભાઈ ઠક્કર :– પણ આ વાતો અમાયિક છે અને જીવ માયિક છે.

કાકાજી :– હરે! અને જીવ માયિક છે, તમે માયિક છો, હં! એટલે હવે આ ચલો, ભઈ! પ્રીતિએ કરીને સાંભળો. એને સળવળાટ થવા દો, અંદર! હરે!

રાજુભાઈ ઠક્કર :– એટલે આ વાતુ જીવને ચોંટતી નથી. સાક્ષાત્ પ્રાપ્તિ થઈ ત્યારે

આનંદના ફુવારા છૂટે. એવાનો કેફ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય કદી મોળા ન પડે. ગ.મ. ૬૩ અને લોયા ૧૮માં કહ્યા પ્રમાણે ભગવાનના ભક્તને બ્રહ્મની મૂર્તિ જ જાણવી. એમ મનાય તો સદાય અહોહોપણું રહે. મોટાપુરુષમાં ભગવાન સાક્ષાત્ નિવાસ કરીને રહ્યા છે.

કાકાજી :– શું કહે છે, જોજો. આ વાત બહુ જબરી છે. મોટાપુરુષમાં ભગવાન ઘડીક આવ–જા કરે છે એમ? હેં! સાક્ષાત્ રહ્યા છે. આવું જો મનાય તો જ દિવ્યભાવ રહેશે, નહીં તો નહીં રહે. મને તે વખતની વાત યાદ આવે છે. જો એવું આવશે હમણાં શું કહે છે? મોટાપુરુષમાં માતાજી અખંડ રહ્યાં છે. જો એમ મનાય તો દિવ્યભાવ રહેશે. હરે! બોલો જ છો, આ માનતાં નથી એને શું કરે? આ અરવિંદ મફતલાલ કરોડપતિ છે. એ કહે કે દેવું વળી ગયું તો વળી ગયું. કારણ તમે માનો છો કે એ કરોડપતિ છે જ. હરે! ફરી વાંચો.

રાજુભાઈ ઠક્કર :– ગ.મ. ૬૩ અને લોયા ૧૮માં કહ્યા પ્રમાણે ભગવાનના ભક્તને બ્રહ્મની મૂર્તિ જ જાણવી. એમ મનાય તો સદાય અહોહોપણું રહે. મોટાપુરુષમાં ભગવાન સાક્ષાત્ નિવાસ કરીને રહ્યા છે.

કાકાજી :– સાક્ષાત્ ભગવાન નિવાસ કરીને રહ્યા છે.

રાજુભાઈ ઠક્કર :– એમ જો મનાય તો તેમની ક્રિયા દિવ્ય જણાય.

કાકાજી :– તો એમની ક્રિયા, દિવ્ય કેમ નથી મનાતી? તમારા જેવા માનો છો એટલે, તમારી માન્યતા પ્રમાણે માનો છો એટલે. બીજું કંઈ નહીં તો એની જોડે ભગવાન તો છે, ભઈ! ભલે એ એવો ઠેકાણાં વગરનો બખિયો (શુકર બખિયો–એક દાણચોર) પણ એની પાસે બસો કરોડ તો છે. એ બસો કરોડનું આપણે પૂજન કરીએ છીએ, જતા રહે તો જયજયકાર. અમારી પાસેથી ભગવાન જતા રહે તો ન માનવા. પણ અખંડ છે હવે તો ને સાક્ષાત્ છે, પાછા! બાપાએ certificate આપેલું, ખલાસ થઈ ગયું. હેં! હવે એને તમે શું કરશો? એટલે ક્રિયા દિવ્ય માનવી જ પડશે, અમારી ઊંધી પણ અને ચત્તી પણ. આવું બાપા બોલી ગયા એક વખત. હે કાંતિભાઈ! દાદુભાઈને નિર્દોષ માનજો. હે સોનાબા! દાદુભાઈને નિર્દોષ માનજો. એમાં શાસ્ત્રીજી મહારાજ અખંડ છે. આવો શબ્દ બોલેલા. ત્યારે આ જંગ ખેલ્યા. આ ત્યારથી જયોતિબેન–તારાબેન રહે. ગમે એમ બને, હં! બહુ અઘરું હતું. અત્યારે તો હલવો ખાવ છો, મફત. નિર્દોષબુદ્ધિ રાખવી એટલે ખાવાના ખેલ હતા એ? એ બાપાને માન્યા, એને નિર્દોષ માન્યા એ હકીકત. અત્યારે કાંતિ મને નિર્દોષ માને. તમે ગમે એમ માથાકૂટ કરો તોય કાંતિભાઈ મને નિર્દોષ માને. કારણ બાપાએ કહેલું, નિર્દોષ! એટલે નિર્દોષ! ખલાસ થઈ ગયું. આટલાં વરસ કાઢ્યાં, આ બાવનની (૧૯૫૨) વાત છે. બાવનથી વર્ષો થઈ ગયાં, હં! ગમે એવાં ચરિત્ર જુએ, બીજું સાંભળે–કરે. બાપા કહે નિર્દોષ. તો એ તમારે જોવાનું છે

કે સ્વામીને જોવાનું છે? નંદાજીને કહ્યું, શર્માને કહ્યું, બેચરકાકાને કહ્યું. હેં! તો સ્વામી આપ કહો એમ. ખરેખર હું કહું એમ માનશો? હાં! દાદુભાઈ તદ્દન નિર્દોષ છે, એમ ન કહ્યું? તદ્દન નિર્દોષ! total! પછી કહે કે નિર્દોષબુદ્ધિનો રાજા છે. પપ્પાએ પૂછ્યું, ત્યારે બાપા કહે, અરે! એ તો નિર્દોષબુદ્ધિનો રાજા છે. તમને બધાંને નિર્દોષ કરી દેશે. ચાલો, તમારે બાપાને ન માનવા હોય તો ખાડામાં પડો. ચાર! મઝા કરો, મઝા કરો. જો આ તમને નથી કહેતો પણ તમારા વાંદરાં જેવા મનને કહું છું. બાપાને જો નિર્દોષ નહીં માનો તો શું? તમે કંઈ પ્રકારથી જીવવાના? આ તો કંઈ વાત છે! ન મનાય તો પ્રાર્થના કરો, સાહેબ! સીધી વાત થઈ કે નહીં? તે ઘડીએ જોગી મહારાજ, જોગી મહારાજ સંભારીએ કે આ અમને સમજાયું નહીં, ભઈ! મહારાજ! મહારાજ! બાપા, બાપા, બાપા. ટેલિફોન કરવામાં શું જાય આપણું? હરે!

રાજુભાઈ ઠક્કર :– એવો ભાવ તો ઉદ્ધવજીને આવ્યો.

કાકાજી :– એવો તો ઉદ્ધવજી, આ અમારા એક ઉદ્ધવજી (રાજુ ઠક્કર), હં! પેલો પપ્પાનો ઉદ્ધવજી કોણ? શર્માજી. હરેક હરેકના ઉદ્ધવજી, હરેક હરેકના હનુમાન, હં! હરેક હરેકની રાધાજીઓ! લક્ષ્મીજીઓ! પટરાણીઓ બધી જુદી જુદી હોય, હં! આ અમારા ઉદ્ધવજી ને આ પપ્પાના ઉદ્ધવજી! હેં! પપ્પાએ કહ્યું, આ ઉદ્ધવજી છે. એ પાછો સંદેશો લઈ આવેલો, હં! બહેનોનો સંદેશો. એક મહિનો આ લોકોએ પારાયણ કરેલીને! સ્વામીએ લખીને આપેલું કે કોઈનું જોવું નહીં, પોતાનું કરી લેવું. મૂંઝવણ આવે ને તે ઘડીએ માળા ધમકાવવી, માળા! હરે!

રાજુભાઈ ઠક્કર :– અત્યારે તો દરેક ક્રિયા ગુણાતીત છે. છતાં ગુણ–અવગુણ આવ્યા કરે છે. એટલે મહિમા સમજાયો નથી. આ વાત જો સમજાય તો ધામ છેટું નથી.

કાકાજી :– તો ધામ છેટું નથી.

રાજુભાઈ ઠક્કર :– સત્પુરુષ કહે, આમ કરો, તો તે પ્રમાણે વર્તવું...

કાકાજી :– શું કહ્યું? સત્પુરુષ કહે, આમ કરો. અત્યારે અંધારું છે, તો બાપાને ન ઓળખ્યા તો અંધારું જ છેને! અંધારું હોય ને કહે અજવાળું છે. એની ભાષા જ જુદી છે. એને નિર્ગુણ માન્યા એટલે ખલાસ! હાં! નિર્ગુણ છે કે નહીં એટલું તમારે જોવું પડે. એના બે–ત્રણ test છે. એ ગુણથી પર જ છે પછી. એની ભાષા જ જુદી છે, માજીકુલા. તો માજીના કુલા સંભાર્યા કંઈ? એનો અર્થ થાય કે પાણી પીવું છે. એટલે ભાષા જ જુદી છે. paradoxical (જુદા જ અર્થની) છે. એ ગુણથી પર છે એ હકીકત. પહેલું લક્ષણ એ શું? કે પંદર મિનિટ એનું ધ્યાન કરવા જાવ તો નહીં થાય. હેમા માલિની અને રાજેશ ખન્નાનું ધ્યાન થશે, તલ્લીન થઈ જવાશે, અર્ધો અર્ધો કલાક એ મય જ, નહીં યાદ કરવું હોય તોય, એમાં પ્રવેશ થઈ જશે પણ આમાં નહીં થાય.

Impossible. કરો, કરો, નહીં થાય. મેં એક દહાડો મુકુંદજીવનને કહ્યું, તું બાપાની ક્રિયા ને પ્રસંગો constant યાદ કર. તો કહે, એક મિનિટ પણ નથી રહેવાતું, એક મિનિટ પણ નહીં. અર્ધી મિનિટમાં તો બીજે મન જતું રહે છે. મેં કહ્યું, છો જતું. આપણે બેઠા તો છીએ, પ્રેમથી સાંભળીએ તો છીએ, આવી અદ્ભુત વાત છે. અહો! આવી બાપા બક્ષિસ આપી ગયા છે. મોજનું મૂલ હોય નહીં ભઈ! મોજમાં ક્યાં જોવાનું છે? પ્રેમથી સ્વીકાર કર્યો, મફત લોટરી લાગી, મફત લોટરી. એટલો તો અહોભાવ રહે. ઉદાસીનતા બિલકુલ નહીં, શું કામ ઉદાસીનતા? જૂનો સ્વભાવ હોય, કે ભઈ મારે તો ઉદાસીન ન થાઉંને તો મને ગૅસ ચડે. હાં! તો બરાબર. એ મારી દવા છે. ના હોય ત્યાંથી એક જગાએ જઈ ઉદાસીન થવાનું ને બેસવાનું, બસ! બેન, કેમ આમ બેઠાં છો? મને ઉદાસીન ન થઉંને તો ગૅસ ચડે છે. પા કલાક થઈ રહે. સારું તો ભઈ! બહુ ભારે વાત. તો વાંધો નહીં. તમારે ટેવ હોય તો વાંધો નહીં. કેટલાકને એવી ટેવ હોય કે આનંદિત જ. મુશ્કેલી હોય તો હો હો! થવાની હોય એ થશે. હરે!

રાજુભાઈ ઠક્કર :– મોટાપુરુષ આપણો વ્યવહાર બગાડી નહીં નાંખે.

કાકાજી :– નહીં રોળી નાંખે હો, સરસ કરાવી દેશે, સરસ. હાં!

રાજુભાઈ ઠક્કર :– આ તો સદા શાંતિનો પ્રસંગ છે. દેહમાં દરેકને આત્મબુદ્ધિ છે પણ એવી આત્મબુદ્ધિ શાસ્ત્રીજી મહારાજમાં કરી હોય તો પછી કાંઈ કરવું રહે નહીં. એટલા માટે આત્મબુદ્ધિ અને ભગવાનના ભક્તનો પક્ષ એ બે અવશ્ય જોઈએ. તો જ ગુણાતીત બચ્ચો સાચો કહેવાય. એમ જેના ઉપર મોટાની દૃષ્ટિ પડી હોય તેને માયા પરાભવ કરી શકે નહીં અને મહાકાળ આવ્યો હોય તે પણ ઊડી જાય. આપણા પર મોટાની દૃષ્ટિ પડી ક્યારે કહેવાય?

કાકાજી :– ક્યારે કહેવાય? આપણને સંભારે, યાદ કરે.

રાજુભાઈ ઠક્કર :– જ્યારે મોટાપુરુષ સ્હેજે સ્હેજે આપણને સંભારે ત્યારે જાણવું કે મોટાની નજરમાં હવે આવ્યા છીએ. ભગવાન અને ભગવાનના ભક્તનો એવો મહિમા હોય તો તેમ થાય. મોટાપુરુષની દૃષ્ટિ ક્યારે પડે? જ્યારે હરિભક્તનો ભીડો વેઠીએ...

કાકાજી :– જો એનો ભીડો વેઠીએ, દેહાભિમાન છોડીએ. મનધાર્યું આપણું મૂકી દીધું, ભઈ! આપણે હમણાં એકમેકની સેવા કરી લેવી છે. ત્યાં જોયું? એકવાર એની નજરમાં બરાબર આવી ગયા, પહોંચી ગયા. ખલાસ! અહો અહો! આ તો ચિદાકાશમાં પ્રવેશ થયો. હરે!

રાજુભાઈ ઠક્કર :– એકબીજાની ખબર રાખીએ, મોટાપુરુષની અનુવૃત્તિ સાચવીએ, એમ અનેક પ્રકારે સેવા કરીએ ત્યારે મોટાપુરુષની દૃષ્ટિ પડે. એમ એમની દૃષ્ટિ

હરિભક્તની સગવડતા સાચવવા પર હોય તે આપણે સાચવી લઈએ એટલે, એ દૃષ્ટિ આપણી પર પડી જાય. દેહાભિમાનીને માથે તો દૃષ્ટિ થતી જ નથી.

કાકાજી :– દેહાભિમાનીને માથે દૃષ્ટિ પડે જ નહીં. કારણ કે ભગવાન માન્યા, સૂર્ય માન્યા તો અંધારું નહીં. મહારાજ, તો તમે નહીં. એ અમાયિક, તો તમે માયિક છો, એ ધ્યાન રાખો. એને લઈને અમાયિક છો. હરે!

રાજુભાઈ ઠક્કર :– આત્મા અને પરમાત્માનો સંગ એ જ ખરો સત્સંગ છે. આપણે દિવ્યભાવે સત્સંગ કરીએ છીએ પહેલાં સુખ આવતું નથી પણ બ્રહ્મરૂપ થઈએ તો મહારાજનું સુખ આવે. બ્રહ્મરૂપ થવા માટે ગ.પ્ર. ૫૪ સિદ્ધ કરવું જોઈએ. સત્પુરુષનો પ્રસંગ કરવો જોઈએ. અંતરાય ટળે ત્યારે પ્રસંગ થયો કહેવાય. દેહાભિમાનીને માથે તો દૃષ્ટિ થતી જ નથી. વળી જો મોટાપુરુષની દૃષ્ટિ સામે દૃષ્ટિ રહે કે મોટાને શું કરવાનું તાન છે અને તે જોઈ તેમાં ભળી જાય તો પણ દૃષ્ટિ પડે. માટે મોટાપુરુષની રુચિ જાણવી અને તે પ્રમાણે વર્તવું. સંબંધ એટલે જેવો જીવને અને દેહને સંબંધ છે.

કાકાજી :– જો હવે સંબંધ દરેક માને છે. હવે નોકરનોય સંબંધ, ઑફિસરનોય સંબંધ. એટલે વચ.ગ.પ્ર. ૬૨. એને તત્ત્વે કરીને ઓળખો એ જ સંબંધ. માયિક–અમાયિકને, જાનવર ને માણસને સંબંધ થાય કેવી રીતે? તો કબૂલ કરો કે ના, અમે જાનવર છીએ ને તમે માણસ છો. તો ઘોડાને ને ઘોડીને ને વાંદરાને ય દિવ્ય બનાવ્યાંને! હેં! પણ ઘડીકમાં માણસ ને ઘડીકમાં સદ્‌ગુરુ ને ઘડીકમાં જાનવર એમ થઈ જાય છે. મન એવું છે, હાળું. ભૂલી જાય. અમારો ગણાત્રો જ ભૂલી ગયો ને બાપાને! બે મોટર થઈ તો બાપાને મોટર જ ન આલે. એ તો આલતો'તો બચારો પણ પેલી હાથણ. હાથણ એટલે હમજી ગયા હવે? ઠેકાણું ય ન્હોતું એનું. પગે ચાલતી'તી બે માઈલ. એમાં વળી મોટરગાડીઓ થઈ, હં! પાછી આવું બોલે કે જોગી મહારાજ તો મંગાવશે. એમને કંઈ ખબર છે? બેબીને સ્કૂલમાં લઈ જવાની છે. ઓત્તારી! ભઈ! મોટર ન્હોતી તારે કેવી રીતે જતા'તા, હં? આ બધી વાત જવા દો. એક પહેલેથી જ બીજરૂપ નક્કી વસ્તુ હોય એને પાકી દૃઢ કરવી જોઈએ. એટલે એવી એક જોડ કરવી જોઈએ. તમે કહ્યુંને જોડમાં જ કામ કરો, જોડમાં જ કામ કરો. બળ આવી જાય. જોડ જ, બીજી વાત નહીં. હરે!

રાજુભાઈ ઠક્કર :– સંબંધ એટલે જેવો જીવને અને દેહને સંબંધ છે.

કાકાજી :– જો દેહને ને જીવને સંબંધ છે.

રાજુભાઈ ઠક્કર :– તેવો સંબંધ મોટાપુરુષ સાથે થઈ જાય ત્યારે સંબંધ થયો કહેવાય.

કાકાજી :– માયિક, અમાયિક થઈ ગયું. હરે! હાં! બોલો! હરે! હરે!

રાજુભાઈ ઠક્કર :– ત્યારે અંતરાય ટળી જાય.

કાકાજી :– ત્યારે અંતરાય ટળી જાય, મન મળ્યું એ અંતરાય ટળ્યો. નહીં તો પાંચ છોકરાં થાય તોય અંતરાય હોય, બાર ભટોરિયાં હોય તોય. એ અંતરાય વગર, પ્રસંગ વગર બચ્ચું પેદા થયું? પણ મન મળેલું ના હોય. મન મળ્યું? અહોહો! એ પ્રસંગ કર્યો કહેવાય. એકમેકની ખુશી, એકમેકની સમજણ, એકમેકની દૃઢતા, હં!

રાજુભાઈ ઠક્કર :– એકતા થઈ જાય અને એક જ જીવ થઈ જાય.

કાકાજી :– એકતા થઈ જાય. એક જ જીવ થઈ જાય, આપણે. હરે!

રાજુભાઈ ઠક્કર :– એવો સંબંધ થયો હોય ત્યારે મોટાપુરુષના ગુણ આવે અને એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જાય. એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે, દેહભાવ ઉડી ગયો છે એમ શી રીતે જણાય?

કાકાજી :– શી રીતે જણાય દેહભાવ ઊડી ગયો છે? તમારો દેહભાવ ઊડી ગયો છે, એમ. પછી જીવભાવ. એટલે માયિકભાવ ગયો. હવે સ્થૂળ રીતે તો વર્તો, ભલે મનથી ન વર્તાય. સ્થૂળ રીતે વર્તો તો દેહભાવ ઊડી ગયો. હરે!

રાજુભાઈ ઠક્કર :– ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ (યોગીબાપાએ) ઉત્તર કર્યો કે, એવાને ખારું–ખાટું તો જણાય.

કાકાજી :– ખારું–ખાટું તો ભઈ જણાય.

રાજુભાઈ ઠક્કર :– પણ ફૂંફાડા ન મારે.

કાકાજી :– હં! શું કહે? શું કહે? અહોહો! ફરીથી વાંચો. એ આગ્રહ ન કરે. હઠ ન કરે, હણહણ ન કરે. ફૂંફાડા ન મારે, હં! એ કટ વળી જાય. બાપાએ જ ઉત્તર કર્યો. બધાંએ જુદો જુદો ઉત્તર કર્યો. ઉત્તર માન્ય થયો નહીં. પછી બાપા કહે કે ફૂંફાડા ન મારે. એને ખાટું–ખારું લાગે, બોલવું પડે, ચાલવું પડે, પણ પકડી ન રાખે. તાડ જેવું ન રહે. તાડ જેવું, હં! દ્રોહ જેવું ન રાખે, હં! સહિષ્ણુતા રાખે, હરે!

રાજુભાઈ ઠક્કર :– દેહભાવ ઉડી ગયો છે એમ શી રીતે જણાય? ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ ઉત્તર કર્યો કે એવાને ખારું–ખાટું તો જણાય પણ ફૂંફાડા ન મારે. જેમતેમ જેવુંતેવું ચલાવી લે.

કાકાજી :– ચલાવી લે, ભળી જાય.

રાજુભાઈ ઠક્કર :– માટે ગમે તેવા સારા–નરસામાં જીવની જાળવણી કરી લેવી, તો સુખિયા રહેવાય. જ્ઞાનમાં સુખ છે અને અજ્ઞાનમાં દુઃખ છે.

કાકાજી :– હવે ફરીથી આવશે. દેહભાવ ટળ્યો કેમ જાણવો? હં!

રાજુભાઈ ઠક્કર :– સંબંધ થાય તો ગુણ આવે.

કાકાજી :– શું કહે છે? સંબંધ થાય તો ગુણ આવે, હં!

રાજુભાઈ ઠક્કર :– સંબંધનું વચનામૃત ગ.પ્ર. ૬૨.

કાકાજી :– કાળ જેવા, કર્મ જેવા ન જાણે. આ બધાં કહે, સંબંધ, સંબંધ. નોકરનો સંબંધ હોય તો dismiss પણ કરે. આ આત્મીયતાના સંબંધની વાત છે. હરે!

રાજુભાઈ ઠક્કર :– જ્યારે ભગવાનને કર્તા થકા અકર્તા સમજે ત્યારે ભગવાનને સ્વભાવ જેવા જાણ્યા ન કહેવાય. ભગવાનને તો કોઈ કાળે અડતું જ નથી. તે તો સદા ન્યારા છે અને જડ અને ચૈતન્ય પ્રકૃતિના આધાર છે પણ તે રૂપ નથી. આમ ચોખ્ખી સમજણ લોયા ૭ પ્રમાણે થાય ત્યારે ભગવાનનું સ્વરૂપ સમજાય. આ પ્રમાણે પ.પૂ. સ્વામીશ્રીએ ઉત્તર કર્યો અને પછી કહ્યું કે, જે ભક્તને ભગવાનનો સાક્ષાત્ સંબંધ થયો હોય અને અપરોક્ષ જ્ઞાન સિદ્ધ થયું હોય...

કાકાજી :– શું કહ્યું? જેને સાક્ષાત્ સંબંધ થયો હોય અને તત્ત્વે કરીને અપરોક્ષ જ્ઞાન થયું હોય, એને અભાવ ન આવે. આ તત્ત્વે કરીને... હરે!

રાજુભાઈ ઠક્કર :– તેને જ ઉપર પ્રમાણે સમજતાં આવડે. બીજો તો પ્રસંગે ભગવાનનું સ્વરૂપ સમજવામાં ગોથાં ખાઈ જાય અને અખંડ દિવ્યતા અને પર થકી પર અને તે થકી પણ પર ભગવાનનાં સ્વરૂપને ન સમજી શકે.

કાકાજી :– ન સમજી શકે. જોયું? અખંડ દિવ્યતા, અખંડ જાણપણું નહીં રહે. એ અનુભૂતિ છે, અનુભવ નહીં. નટુભાઈ સ્વામીને કહે, કેમ તમે મને મટાડો નહીં? સ્વામી કહે, મહારાજ સારું કરી દેશે. નટુભાઈ કહે, પણ તમે પચ્ચીસમી વાર આ કહ્યું. તમારા આ જન્મદિવસે હું નહીં આવું. એ બચારો બોલે. એનું ઑપરેશન થયું હતું. એના દિલમાં કંઈ નહીં. પછી હું એને આ સમજાવું. તમે બાપાને માનો છો ને? તો એ કહે, ‘હા’. મેં કહ્યું, પછી તમે ના નહીં પાડો ને? તો કહે, ‘ના.’ મેં કહ્યું, બાપાને માન્યાનો અર્થ શો? એનું હેતે કરીને વચન મનાય. તમે ધણી એને માનો છોને? પરણ્યા એટલે? તો કહે, આ ઘર માંડો. તમે બીજાનાં ઘર માંડવાના છો? ધણી માન્યા એટલે મા–બાપને છોડોને? તો કહે, ‘હા.’ બાપાએ શું કહ્યું છે, જુઓ. પછી કહે, સારું ત્યારે. આમ કહી નટુભાઈ પાછા વળી ગયા. કેવો? ભગવાનનો! ભગવાનનો સાક્ષાત્ સંબંધ. જેવો તમને પણ અત્યારે થયો. સત્પુરુષનો, એમ માનોને, ભગવાનનો નહીં. સત્પુરુષનો પ્રત્યક્ષ સાક્ષાત્. તો અપરોક્ષ જ્ઞાન શીખો. તત્ત્વે કરીને. જો બે વાત આવી. બાપાનો, સ્વામીનો બધાંને સાક્ષાત્ સંબંધ હતો, તમારી રીતે. અર્જુનને કૃષ્ણનો પ્રગટ કે સાક્ષાત્? સાક્ષાત્. પરમહંસોને મહારાજનો સાક્ષાત્. તમારે કાકા, પપ્પા, સ્વામીનો સાક્ષાત્. હવે અપરોક્ષ જ્ઞાન શીખો. રહસ્ય શીખો. તત્ત્વે કરીને. અમારી જોડે મહારાજ છે.

કેવા મહારાજ છે? અમારી સત્તા શું છે? એ અપરોક્ષ જ્ઞાન થાય. જોયું! સાક્ષાત્ સંબંધ છે, તો આ શીખો. મારે એ આપવું છે, તમારે લેવું છે. હું એને અંતર્યામી, સર્વજ્ઞ ને દિવ્ય માનું છું. અત્યારે આ વાત ચાલે છે. ત્યારે એકે એક ચીજ મને યાદ આવે. બાપા અહીં આ બોલ્યા હતા, અહીં કાંડું પકડ્યું હતું, અહીં ધબ્બો માર્યો હતો, અહીં આ કર્યું હતું. આ પળથી તમે પણ અક્ષરધામમાં છો. મારી જોડે આજ બેઠાં. એકદમ નવો જન્મ છે. ભૂતકાળ સંભારતા નહીં, ભવિષ્યની ચિંતા નહીં કરતાં, આજ આજ ભઈ અત્યારે. આજે એક કલાકનું અનુષ્ઠાન થાય છે. મર્ચન્ટ! Table Land પર ગયા હતા. ઝોલું ખાતા હતા. મેં કીધું. સમાધિમાં ગયા તો વાંધો નહીં. આપણે પ્રેમ છે એટલે વાત કરું છું. આપણું મન મળેલું છે. જોયું જોયું, એને ઉપર પ્રમાણે સમજતાં આવડે. ઘડીએ ઘડીએ ધોખો થઈ જાય. વેરોવાંતરો થઈ જાય. કેમ તમે ખોટા સમ ખાધા? બોલ! તારે શું કહેવું છે? અમે નિર્ગુણ એટલે નિર્ગુણ! બસ! તમારે નિર્ગુણ માનવા હોય તો માનો નહીં તો ન માનશો. શાસ્ત્રીજી મહારાજ એવું કહેતા ને બાપા બિચારા બોલે નહીં, વર્ષો સુધી. શું કહે, બીજો તો પ્રસંગે પ્રસંગે! હં! સ્વરૂપ સમજવામાં ગોથાં ખાઈ જાય. આ પાકું કરવું છે. આવો અચળ મતિવાળો હોય એનો જોગ રાખવો. એવા ભગવદીનો જોગ રાખવો. પછી બબડાટ થઈ જાય, કોઈવાર ગૅસ ચડી જાય તો બોલાઈ પણ જાય, એનો વાંધો નહીં. પાછા વળી જવું, પાછા વળી જવું! દિવ્યતા નહીં, અખંડ દિવ્યતા. પહેલું આપણે આ કરવાનું છે. સ્વરૂપમાં પાકી નિષ્ઠા હશે તો જ સુહૃદભાવ રહેશે. સુહૃદભાવનું મૂળ source સ્વરૂપનિષ્ઠા છે. આમાં કંઈક કસર રહે છે, તો જ ભેદભાવ રહે છે. શાસ્ત્રીજી મહારાજની ગમે એટલી સેવા કરી હોય ને જો આપણે જોગી મહારાજ સામું કંઈ બોલ્યા તો ખલાસ થઈ ગયું. જોગી મહારાજની ગમે એટલી કરી હોય પણ જો હરિપ્રસાદની કે કાકાની ગૌણતાં લાવ્યા, તો ખલાસ થઈ ગયું. આ બધાં લોકોએ ભગતજીની વાત માની? જાગાસ્વામીને પણ ઉડાડી દીધા. સાહેબ! દ્રોહ કર્યો. આ કંઈ ખ્યાલ આવે છે? વૈભવશાળી સત્સંગને શું કરશો? એ ઘેટાં ટાઈપ ટોળાંને શું કરશો? હેં! થોડોક વખત ચળકાટ ચાલશે. મહારાજનો દરબાર છે, ભઈ! સ્વામિનારાયણ સર્વોપરી. એનો મંત્ર ભજ્યા–કર્યા એટલે થોડુંક તો ચાલશે. એક બખિયાનું (દાણચોરનું) ચાલે છે તો! પણ આ ચૈતન્યના વેપારની વાત જુદી થઈ ગઈ. આ કામ–ક્રોધ–પ્રકૃતિ કાઢવાની વાત નથી, શાંતિની પણ વાત નથી. આ જીવના મોક્ષની વાત છે. જે અનંત જન્મે પણ બને નહીં. પાંડુરંગજી પણ કબૂલ કરે કે આ મોક્ષ તો જવલ્લે જ થાય. અહીં તો મોક્ષથી તો શરૂઆત. જૈનવાળાની, બીજાવાળાની, તો આ તો ભગવાનનું સામર્થ્ય જોઈએ. બિપીન, શું જોઈએ આપણે? શું જોઈએ? હેં! હેં બિપીન! બિપીન પર તો મારી દૃષ્ટિ પડી ગઈ. મણિભાઈ પર પણ દૃષ્ટિ પડી ગઈ, હં! એ દૃષ્ટિ કેમ પડી ગઈ? મારે કોની પર દૃષ્ટિ કરવી, ના કરવી એ

પણ પાછું તમને પૂછવાનું? (હસે છે) મારે કોને પ્રેમ કરવો ને ન કરવો એ પણ પાછું તમને પૂછવાનું? (હસે છે) મારે હેત કરવું કે ના કરવું એ મારા મનની વાત છે. કંઈ ઓછો દેખાવ કરવાનો છે? હેં! કૃષ્ણે ૧૬,૧૦૮ ગોપીઓ રાખી. એ બધાંને પ્રેમ કર્યો એ ઓછો પ્રેમ કર્યો? એમણે ઉદ્ધવને કહ્યું, હે ઉદ્ધવ, મને મારી આઠ પટરાણીઓ ને ગોપીઓ પર જેટલો પ્રેમ નથી એટલો તું મને વ્હાલો છે. એમ કહી દીધું, બોલો. આ હું નથી બોલ્યો, કૃષ્ણ બોલ્યો છે. જો ખોટું કહ્યું હોય તો! ગીતાકારને પૂછો, વાત કરો છો! એ હાલી નીકળ્યાં, બધાં! આજે તમે કેટલી ભવ્ય વસ્તુની ભડલી ભરી. કૂવો ખોદતાં પથ્થર આવ્યો તો ભલે આવ્યો, પણ એ સુરંગ તૂટે ને અંદર પાતાળ કૂવો થાય. તમે અનુષ્ઠાનનું મારું વચન માન્યું, બહુ ભારે વાત થઈ. ચલો, બે મિનિટ બાકી છે. સવા કલાકનું અનુષ્ઠાન, હરે! સાહેબ! કેવી ભવ્ય વાત હશે, નહીં! ઘૂંટવા જેવી. સવાર–બપોર–સાંજ ત્રણ સંધ્યાટાણે ઘૂંટીએ તો અંદર મૂર્તિમાન થઈ જાય. યોગીબાપા બોલ્યા છે, અખંડ છે, સંબંધ છે, ખરું! એક લેસન લઈએ છીએ આપણે. જયજયકાર થઈ ગયો. હરે!

રાજુભાઈ ઠક્કર :– સત્પુરુષની આજ્ઞામાં વર્તે તે આત્મસત્તારૂપે વર્તે છે (ગ.મ. ૫૧). આજ્ઞામાંથી બહાર પડ્યો એ જ ભૂંડો દેશકાળ–મરને લાખો વર્ષ તપ કરે, તો પણ કાંઈ નહીં. સત્પુરુષ કહે તેમ કરવું તેમાં બધું આવી જાય.

કાકાજી :– આજ્ઞા અને મૂળ આજ્ઞા આ છે. તમારો જ દોષ જુઓ, ભઈ! વચ.પ્ર. ૧૬. આજ્ઞા શું છે? બસ, અંતર્દષ્ટિ. મારો વાંક નથી? તો લીલા જ દેખાશે અને નહીં તો disturbance લાગશે. નહીં તો લીલા દેખાય જ. ઓહો! બસ એવું અમારા મોટા (પ.ભ. છગનભાઈ મોટા) છેને એ એવી લીલા જોતા થઈ ગયા. મોટાને હવે cosmic play ની લીલા સમજણ પડી ગઈ. વાઘ–બકરાં આવે તો જેમીની સર્કસની માફક એકદમ પેલો રૉડ કાઢે એટલે એ પણ નડે નહીં. અમારે અને મોટાને cosmic play ચાલે, હં! cosmic play માં બચારા સ્થિર બુદ્ધિ રાખે, નિર્દોષબુદ્ધિ, હં! મજા પડે મને. મોટાની જોડે મજા પડે. હરે! ફરીવાર આપણે આવવું છે. હું મારી મેળે જ ગોઠવણી કરી લઉં છું. Selected, આપણા સાધક લોકોની. જોરદાર યુવકમંડળ કરવું છે, બસ. આપણે તત્ત્વે કરીને સમજો. ધામ, ધામી અને મુક્તો, આમાં કોઈની મહોબત નહીં ચાલે. એક રઘુવીરજી મહારાજે મહોબત છોડી અને એક સર્વનિવાસાનંદે છોડી, એક શાસ્ત્રીજી મહારાજે મહોબત છોડી. પણ બાળમુકુંદથી આ ન બન્યું. અક્ષરપુરુષોત્તમ જાણતાં'તા, માનતા'તા, સમજતાં'તા છતાં પણ આ વાત કો'ક જુદી છે. એવા પરમ કમાન્ડર ઈન ચીફ શૂરવીરોનોય શૂરવીર પુરુષ આજ તમારી પાસે વાત કરે છે, અહીં બેઠો બેઠો. દુનિયામાં એક અશક્ય વસ્તુ બનવાની છે. એ સેન્ટર આપણે કરી રહ્યા છીએ. અમે ને સ્વામી. આપણા સંપ્રદાયમાં સંતોનું એક મંદિર પણ જોઈએ. એક બહેનોનું સેન્ટર જોઈએ. તો અમે 'જ્યોત' બનાવી દીધી. સમજણનો

કંઈક ભેદ હશે! બીજું હશે! હશે! મહારાજ સર્વનું ભલું કરો, હં! એવું આજે સંતો માટે સ્થાન જોઈશે. **એવું Research Centre અહીં પવઈ થશે.** આખી દુનિયામાં યુગલ ઉપાસના ક્યાંય નથી, પ્રગટપણું ક્યાંય નથી. પોકાર કરો ને પ્રભુ સાંભળે એવું ક્યાંય નથી અને મહારાજનો મળેલો હોય તોય ભગવાનનું સુખ નહીં આવે ને ગમે એવો હોય, આજનો આવેલો હોય ને જો રુચિવાળા હશો, નિર્દોષબુદ્ધિ હશે તો એકાંતિકપણાનું સુખ આવશે. કરવા માંડો, આજ જયજયકાર છે.

રાજુભાઈ ઠક્કર :– સત્પુરુષની આજ્ઞામાં વર્તે તે આત્મસત્તારૂપે વર્તે છે (ગ.મ. ૫૧). આજ્ઞામાંથી બહાર પડ્યો એ જ ભૂંડો દેશકાળ – મરને લાખો વર્ષ તપ કરે, તો પણ કાંઈ નહીં. સત્પુરુષ કહે તેમ કરવું તેમાં બધું આવી જાય. તેમાં જ્ઞાનની કૂંચી છે.

કાકાજી :– એ જ, હં! પછી અમે પૂછ્યું, ચાવી શું ને કૂંચી શું? પછી વાત કરું. ચાવી એટલે બધા ચાવી લઈ જાય. તમે નહીં લઈ જતા, ચાવી? અને કૂંચી છેને તે પોતાની પાસે હોય. Safe Deposit, હં! રહસ્ય એ કૂંચી કહેવાય. બાપા શું કહે, રહસ્યને? રહસ્યને કૂંચી કહેવાય અને પેલી ચાવી. ગમે તે લઈ જઈ શકે, જોયું? સ્વામિનારાયણ મંત્ર ભજો. આમ બીજાં સાધન કરો, તપ–ત્યાગ કરો. પણ આ કૂંચી. આ ગુણાતીત કૂંચી છે. જૂનાગઢ જવું એ Master Key છે. કૂંચીથી બધાં તાળાં ખૂલશે, બધાં રહસ્યો ખૂલશે. એમ સત્પુરુષને વિશે સદ્‌ભાવ એ કૂંચી છે. બાપા શું બોલ્યા? સત્પુરુષને વિશે અખંડ સદ્‌ભાવ. એ કૂંચી, Master Key છે.

રાજુભાઈ ઠક્કર :– દેહભાવ ટળે ત્યારે બ્રહ્મની સ્થિતિ થાય.

કાકાજી :– દેહભાવ ટળે ત્યારે ફરીથી એ વાત વાંચોને? કૂંચી. પેલાએ પૂછ્યું, પાછું, 'બાપા, ચાવી એ જ કૂંચીને?' બાપા કહે, 'ના, બહુ ફરક. કૂંચી અહીં બાંધી રાખે, છોડે નહીં, એ કોઈને આલે નહીં. એમાં રહસ્ય હોય, તિજોરીની ચાવી.' તે કૂંચી. શું કહે? બાપા બહુ સ્થૂળ ભાષામાં બોલે. અમારા તો કાચા ચણા, તમારા શેકેલા ચણા, ખવાય, પણ કામમાં ના આવે ને અમારા તો ઊગે પણ, ખવાય પણ, કામમાં પણ આવે, વેંચાય પણ ખરા! બાપાની સાદી સરળ ભાષા. એ કહે, તમારો ને અમારો મિલાપ થયો એ શું જાણવું? તમારી વૃત્તિ ઘૂઘવાતી નદીની જેમ આવે પણ જો અમને ખરેખર દિવ્ય માન્યા હોય તો એ stop થઈ જાય. ગમે એટલી ઘૂઘવાતી નદી આવે, ગમે એટલી ચરબી કરતી, ફૂંફાડા કરતી આવે પણ સત્પુરુષરૂપી દરિયાને મળે એટલે ફૂમ! stop. દરિયાને મળે એટલે એનો ઘૂઘવાટો બંધ થઈ જાય કે નહીં? એમ અમને ઓળખ્યા હોય તો અહીં વૃત્તિ બંધ થઈ જાય. તમારા ધ્રોડા હવે રે મટ્યા, સ્વરૂપનું દર્શન થાતાં, મૂર્તિમાં રહેવાની યાચના, ધ્રોડા હવે રે મટ્યા, સ્વભાવનું દર્શન થાતાં...વિનવું છું સ્વામી પ્યારા, હરે! ધ્રોડા હવે મટ્યા. ધ્રોડા ખાવાના–પીવાના,

ફરવાના–હરવાના, ઈષ્ટિમ–ફિસ્ટમ. સ્વરૂપને મળે એટલે ઘ્રોડા મટી જાય. હરે!

રાજુભાઈ ઠક્કર :– તેમાં જ્ઞાનની કૂંચી છે.

કાકાજી :– એમાં, જ્ઞાનની કૂંચી છે, જોયું? અંદર મૂર્તિ છે, જોયું? તિજોરીમાં. ખોલો પછી ખજાનો મળે. કૂંચી વગર કેવી રીતે ખૂલશે? હરે!

રાજુભાઈ ઠક્કર :– મોટાપુરુષના સંબંધ વિના આ વાત સમજાય નહીં અને સંબંધ વિના કલ્યાણ પણ નથી અને સંબંધ થયા પછી છોડે એવા પણ નથી. તે ઉપર,
જીવને જાવું હશે બીજે ત્રીજે રે, પણ જાવું પડશે રીઝે ખીજ્યે રે...

કાકાજી :– શું કહે? હાં! ઓહોહો! ઠોકર, ઠોકર ધક્કો મારીને પણ લઈ જશે. પછી હવે ધક્કો મારવો ન પડે, એવું આપણે રાખવું. આ શું કહે છે, બાપા? કે ભઈ, હવે સમજો તો ઠીક છે, સારું છે, બહુ દયા છે, પણ સંબંધ એકવાર થઈ ગયો. આજા ફસાજા કંપની. એટલી જ લીટી વાંચને.

રાજુભાઈ ઠક્કર :– **... અને સંબંધ વિના કલ્યાણ પણ નથી અને સંબંધ થયા પછી છોડે એવા પણ નથી.**

કાકાજી :– આ બાપો બોલે છે, હં! અમે નહીં. પાછો bold letter છેને? હેં! કે ઝીણા અક્ષર છે? ઓહોહો! bold letter છે. એટલે ડબલવાર વાત કરેલી, હં! અમે પણ તારવણી કાઢી. ઘણી વાતો repeat થાય ત્યારે આમ bold letter માં લખાવીએ, હં! હરે!

રાજુભાઈ ઠક્કર :– ભજન કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું થાય અને અંતરમાં ટાઢું જોઈ મોટાપુરુષ રાજી થાય. મોટાપુરુષના અભિપ્રાયમાં ભળી જઈએ તો પણ રાજી કરતાં આવડ્યું કહેવાય.

કાકાજી :– આ જ મારો ને સ્વામીનો, બધાનો અભિપ્રાય એક જ છે. અત્યાર સુધી બહેનોનું કરવું – કરાવવું હતું. પહેલાં અક્ષરપુરુષોત્તમ માવતરનાં મંદિર કરવાં હતાં. બાપાનો અભિપ્રાય સાધુ બનાવવા અને જ્ઞાનવારસો આપવાનો હતો. પહેલાં અમારો અભિપ્રાય બહેનોનું કંઈક થઈ જાય એ હતો અને અત્યારે અમારો ને સ્વામીનો ને બધાંનો, મોટાનો એક જ અભિપ્રાય છે કે જેવા છે તેવા તત્ત્વે કરીને મહારાજને ઓળખો. સહજાનંદસ્વામી, અક્ષરપુરુષોત્તમને તત્ત્વે કરીને જેવા છે એવા ઓળખો અને એવા ઓળખ્યા જ હોય તો એ તો **यो वेत्ति युगपत्सर्वम् प्रत्यक्षेण सदा स्वत:** હાથમાં જળનું ટીપું હોય એની માફક બધું જોઈ રહ્યા છે, તો એની પાસે ડહાપણ ક્યાં કરો? અથવા **ત્રિભુવન વિભવ હેત વૈપ્યકુંઠ...** એના સિવાય બીજાં ચરણકમળનું ચિંતવન થાય નહીં. એક અનુસંધાન પ્રેમે કરીને એમાં રહે જ. અખંડ વૃત્તિ રહે, તત્ત્વે કરીને ઓળખ્યા હોય એને અખંડ વૃત્તિ રહે. અખંડ સમભાવ રહે.

સારા–નરસા પંચવિષય ને દેહાભિમાન બિલકુલ નડે નહીં. આ બધી એની વાત છે. જેણે તત્ત્વે કરીને ઓળખ્યા હોય, એણે હરિપ્રસાદને ઓળખ્યા હોય અને મહંતને પણ ઓળખ્યા હોય. આપણે તો ઓળખ્યા. આપણને એનો અભાવ નથી. અહીં આવે તો એટલો જ ભાવ છે. નિષ્ઠામાં કોઈપણ મહોબત ના જોઈએ. કોઈનો સાંધો ના જોઈએ. એવા ભગવદીનો પ્રસંગ જો મળી જાય તો એ કૂંચી કહેવાય. એવો ભગવદી હોય એ કૂંચી. આ મેં શોધી કાઢેલું, કૂંચી, કૂંચી. એ તિજોરી ખોલી આપે, દ્વાર ખોલી આપે. જોયું? એ Master Key.

❀ ❀ ❀

## પ્રવચન – ૫

તમે સવારમાં બેસી જાવ છો એ ખૂબ ભારે કામ થાય છે. તમારી આંખ મીંચેલી રાખજો, કાનથી નહીં, મનથી સાંભળજો. તમને મારી જોડે હેત છે તો મને પણ એક ઉમંગ છે. મારી પાસે અસલી મહારાજ છે એ મારે તમને આપી દેવા છે, બક્ષિસમાં આપી દેવા છે. પણ મહારાજની બક્ષિસ લેવાશે નહીં, સિદ્ધદશા લેવાશે. તમને ષડ્ઉર્મિરહિત કરી દેવાય. એ પણ એક પળમાં (થઈ શકે છે). તમે ઊડતાં થઈ જશો, કૃપાએ કરીને મૂર્તિ કદાચ અખંડ દેખાશે. પણ જ્યાં સુધી તમારો જીવ સત્સંગી નહીં બને, જે ભગતજી મહારાજે માંગ્યું, ત્યાં સુધી બધું જ વ્યર્થ. ગુણાતીતના જોગે ભગતજી બ્રહ્મસ્વરૂપ બની ગયા. જ્યારે તેમના ગુરુ ગોપાળાનંદસ્વામી અનાદિ મુક્તરાજ જ રહ્યા. આ સમજવા જેવી વાત છે.

હું તમને જ્ઞાનની વાત કરું છું. ભગવાનના સ્વરૂપની, અસલી સ્વરૂપ એ સહજાનંદ – સહજ આનંદ એ સ્વામિનારાયણ – સહજાનંદ – મારે તમને તેના સર્વોપરીપણાની વાત કરવી છે. **તેમાં પાંચ વાત આવે છે, કર્તા, સાકાર, સર્વોપરી ને પ્રગટ તે પછી આવે પ્રત્યક્ષ.**

★ કર્તા – તમે તેને કર્તા માનો તો જે કાંઈ બને છે ને કરે છે તે, તે કરી રહ્યો છે, તો કોઈનો દોષ જોવાનો રહેશે નહીં.

★ હર્તા – હર્તા માનો તો એ હરણ કરે છે. તમારું અજ્ઞાન હરણ કરે છે. તમારી અવિદ્યા, તમારો સ્વભાવ, તમારી પ્રકૃતિ, તમારા છછૂંદરવેડા, તમારો કામ, તમારા વિષય હરે છે. કારણ કે તમે એના છો. માટે હર્તા એ નથી ગમતું. પણ એ આગળ લે છે કારણ કે તમે એના છોને? પછી...

★ સર્વોપરી – સર્વોપરી માનનાર કેટલા હશે? આંગળીના વેઢે ગણવા પડે. સ્વામિનારાયણ સંપ્રદાયની વાત કરું છું. આખા વડતાલ, અમદાવાદ,

મુક્તિજીવનદાસસ્વામીની સંસ્થા, બોચાસણ, આપણે અહીંયા, વિગેરેમાં સર્વોપરી માનનાર કેટલા હશે? બીજાની વાત જવા દો. આપણે માનીએ છીએ? શું કામ નથી માનતા? મહારાજને સર્વોપરી શું કામ નથી માનતા? શું એનામાં તર્કવિતર્ક ઊઠે એવો છે? શક્ય છે? એનું બધું જ સર્વોપરી. પહેલા literal meaning છે. સર્વના ઉપરી એ સર્વોપરી. Minister, એના ઉપર Chief Minister, તેની ઉપર Prime Minister, એ સર્વે Ministerનાય Minister, એથી ઉપર બીજો કોઈ ઉપરી નહીં. સર્વે અવતારનાય અવતારી એ મહારાજ. એનું એ અખંડ તત્ત્વ રાખી ગયા. એવું ને એવું જ તત્ત્વ તે અક્ષરબ્રહ્મ. એ ગુણાતીત, કાં ગુણાતીતના ભાવને પામી ગયેલા ગુણાતીત સત્પુરુષોમાં સર્વોપરીપણું માનો. તે પછી પ્રગટપણું, એ થકી મહારાજ પ્રગટ ને પછી પ્રત્યક્ષપણું.

બીજાની વાત જવા દો. પણ આપણે માનીએ છીએ? એવા પ્રત્યક્ષ સત્પુરુષ જોડે અખંડ સદ્ભાવ રહે છે? ક્યાં સદ્ભાવ ખંડિત થાય છે? શું કામ ખંડિત થાય છે? કઈ પળે ખંડિત થાય છે? જો મહારાજનું સર્વોપરીપણું માનતા હશો તો જ સત્પુરુષમાં સદ્ભાવ ખંડિત નહીં થાય. નહીં તો તર્કવિતર્ક ઊઠવાનો જ. પુરુષોત્તમસ્વામીએ ઉભરાટમાં વાત કરી કે એ પ્રત્યક્ષ સત્પુરુષને કોક ને કોક જગ્યાએ માનવા તો પડશે જ. પ્રગટના ઉપાસક માટે એ પ્રત્યક્ષ સત્પુરુષે ત્રણ વસ્તુ કરવી જોઈએ. સાચા સત્પુરુષ આ ત્રણ વસ્તુ કરાવી દે –

(૧) મહારાજનું સર્વોપરીપણું મનાવી દે.

એનું નામ જ સંબંધ. બીજો બધો નોકરનો, ચાકરનો, gazetted ઑફિસરનો સંબંધ. પણ તેમાં છૂટાછેડા થવાનો સંભવ છે. જ્યારે આ Love Intimacy. બાપાએ આપણી જોડે આવું હેત કર્યું. મારે ને તમારે પણ તેવું જ. તમે પણ છોડી ન શકો, હું પણ છોડી ન શકું. માટે તેવું જ્ઞાન શીખો, તે શું? તેવી દિવ્યતા ને તે પછી સર્વોપરીપણું.

આ ભાષા જુદી છે. અંતઃકરણ પાર જઈને, beyond intelligence. હું તમને તેનું સ્વરૂપ સમજાવીશ. એ શું? તો એનું લક્ષણ, તેનો અર્થ – રહસ્યાર્થ – ગૂઢાર્થ – તાત્પર્યાર્થ – તેનું ફળ – એની રુચિ – એનો અભિપ્રાય. પછી તેનું સર્વોપરીપણું મનાશે.

શાસ્ત્રીજી મહારાજનો જન્મદિવસ આવે છે. શાસ્ત્રીજી મહારાજ એક સનાતન વસ્તુ આપી ગયા. સર્વ માટે, સર્વ માટે, આખી માનવજાત માટે, આખી humanity માટે, સૂર્યસમાન, ભેદભાવ સિવાય શાસ્ત્રીજી મહારાજ એક ચીજ બક્ષિસમાં આપી ગયા. બધા માટે બક્ષિસમાં, એનું નામ સર્વોપરી.

હવે સર્વોપરી હોય તે સ્વતંત્ર હોય. એ પરાધીન નથી. ભગવાનને તમે કાળ જેવા, કર્મ જેવા, માયા જેવા, પ્રકૃતિ જેવા, સ્વભાવ જેવા ન માનો, સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે અને એ સર્વના કર્તા થકા પણ એ નિર્લેપ છે. એમ ભગવાનને જાણે અને એવી રીતે જે પ્રત્યક્ષ ભગવાનના

સ્વરૂપનો નિશ્ચય કર્યો છે તે કોઈ રીતે કરીને ડગે નહીં, વચ.પ્ર. ૬૨. તો તમે પણ સ્વતંત્ર ને સર્વોપરી, પણ સ્વામીસેવકભાવે. એટલું ધ્યાન રાખજો.

એટલે દિવ્ય માનવા જ પડશે ને માનવામાં શું નડે છે? તે સમજી લેવું પડે. કયો અંતરાય છે? કઈ માન્યતાનો અંતરાય છે? કયો માયિકભાવ નડે છે?

પરમહંસો બધા મહારાજને માનતા પણ પોતાની રીતે માનતા, અર્જુન પણ માનતો. તે પણ વિરાટ જોયા પછી તેનો વિચાર બંધ થયો. પરમહંસોમાં આત્મનિષ્ઠાનું જ્ઞાન હતું. મહારાજ જોડે કોઈને વૈરાગ્યપ્રધાન, કોઈને આત્મનિષ્ઠાપ્રધાન પણ ગુણાતીતપ્રધાન કોઈ નહીં. એ સત્પુરુષપ્રધાન કોઈ ન્હોતું. એ સમજી રાખજો. ૫૦૦ પરમહંસોમાંથી ગુણાતીત સિવાય કોઈ ન્હોતું. ગોપાળાનંદસ્વામી અષ્ટાંગયોગપ્રધાન, બુદ્ધિપ્રધાન, મહારાજ સાથે જોડાયેલા, સાધનથી, મનથી. સ્વરૂપાનંદસ્વામી ચિત્તથી, પર્વતભાઈ અખંડ ચિંતન કરતા. પીપળાવવાળા દરબાર આત્મનિષ્ઠાના જ્ઞાનવાળા હતા. તે છોકરો મરી ગયો તો કહે, લાવો ન્હાઈ નાખું, સાથે બીજા કોઈનું હોય તો તે પણ કહી દો. જબરજસ્ત આત્મનિષ્ઠાના જ્ઞાનવાળા હતા પણ મહારાજનું સર્વોપરીપણું મનાયું નહીં. પર્વતભાઈ મોટેરા હતા તો પણ બીજા અવતાર જોવાનું મન થયું. બીજો સંકલ્પ ઊઠ્યો. Prime Ministerને જોયા પછી બીજા Ministerને જોવાનો ભાર પડે તે પણ એક અજ્ઞાન કહેવાય. બુદ્ધિમાં ઊતરે તેવી વાત છે. ત્યાં એકલી અંધશ્રદ્ધા નહીં ચાલે કારણ કે મગજમાં પણ ઊતરવું જોઈએ.

હવે mind develop થયું. એ વાંદરું જરા ડાહ્યું બન્યું. એ હનુમાન બન્યો, વાંદરો રહ્યો નહીં. Prime Minister, તો બીજા Ministerનો ભાર રહે નહીં. તે Chief Ministerના ઉપરી, કોઈને પણ બદલી શકે, ગમે તેને રાખી શકે. એ પળ પૂરતું એ કરી શકે. તેમ મહારાજ સર્વોપરી. કાળના, કર્મના, માયાના, પ્રકૃતિના, સ્વભાવના, સર્વેના, સર્વના ઉપરી ને પછી પ્રગટ, પછી ભલેને એનો અલ્પ સંબંધ હોય. એટલે બીજાનું જોવાનું નહીં. એ ધારે તે કરે. જેતલપુરની વેશ્યાને redeemed કરી શકે, Total. નિત્યાનંદસ્વામી જેવું કલ્યાણ. જો સર્વોપરી માનો તો આ સમાજ આખો દિવ્ય. આ સમાગમ પણ સર્વોપરી સમજવા માટેનો છે. સાંખ્ય ને યોગથી પર, આત્મનિષ્ઠા ને વૈરાગ્યથી પર. ભીષ્મ જેવું બ્રહ્મચર્ય હોય પણ તમે કોના? મહારાજના? એ કેવા? બાપા કેવા? બાપા સર્વોપરી. અહીંથી એકડો કરો ને સૂર્ય સુધી મીંડાં કરો તેટલો તેનો મહિમા છે. જો આ વસ્તુ ગુણાતીત સમજાવી ગયા, શાસ્ત્રીજી મહારાજ સમજાવી ગયા. મને એક સૂઝ પડી, મને તો એક છાંટો જ ખબર પડી.

જ્યારે હું તમને વાત કરીશ શાસ્ત્રીજી મહારાજની કે યોગીજી મહારાજની ને જ્યારે તમને એ સમજાશે ને પછી અત્યારે જો યોગીજી મહારાજ હોય તો યોગીજી મહારાજને ખાલી જોયા જ કરશો. બીજો વિચાર પણ નહીં કરો. હતા ત્યારે વિચાર કર્યો,

તુક્કા કર્યા, માથાકૂટ કરી. તમે ખાલી એનું અસ્તિત્વ માનો, તમે એનું ખાલી પાંદડું, તમે એની ખાલી બંસરી એવો ભાવ થઈ જાય પણ હવે એ નથી. એ હોય ત્યારે એવો કરવો જોઈએ. એ ટાઈમમાં શાસ્ત્રીજી મહારાજ હતા ત્યારે તેવો કરવો જોઈતો હતો અને ન થયો તો જોગી મહારાજમાં, એમને વખતે કરવો જોઈતો હતો. એવે વખતે ન થયો તો અત્યારે હવે પપ્પા, કાકા, સ્વામી ને મહંતમાં તો કરવો જ પડશે. આ પ્રગટની વાતવાળા માટે છે. પરોક્ષવાળાની વાત જુદી, પરોક્ષવાળો કોઈ ચરિત્ર કરવાનો નથી. મૂર્તિ કાંઈ ચરિત્ર કરવાની નથી કે તમને અભાવ આવે. સર્વોપરીપણું માનવું બહુ અઘરું છે. એ સમાગમ કરવો પડશે, એ સનાતન તત્ત્વ છે. સર્વોપરીપણું માનો તો લક્ષ્મીનોય ભાર ન પડે, ચક્રવર્તીનોય ભાર ન પડે, રાજ્યસત્તાનોય ભાર ન પડે, ગ્રહોનોય ભાર ન પડે, જ્યોતિષિનોય ભાર ન પડે, securityનોય ભાર ન પડે.

મારો વ્હાલીડો, હું ગાંડોઘેલો પ્રભુનો, સહજાનંદનો. એ નહીં કામ કરે? હલાવો એને. ગાંડુઘેલું કોનું બાળક છે? યોગીબાપાનું? ખરેખર, ખરેખર કે કાંઈ મન રહ્યું છે? અંતરાય રહ્યો છે? તો તેમાંથી આવે તે જ કરવાનું. જેમ તમારું નામ શું? તો ભરતભાઈ. તેમ જોગી મહારાજ રોમરોમમાં, હું એની બંસરી, હું એનું પાંદડું, હું એનો પ્રકાશ, એની જોડે એકતા થઈ જાય ને મહારાજ પરના પર. આજે આ વાત બાપા બક્ષિસમાં આપી ગયા. તમામને ભગતજી, જાગાસ્વામી જેવા કરી દેવા છે. અહોહો! તમારી ખરેખરી અભીપ્સા હશે તો તમે પણ તેવા બની શકશો. તેમાં કોઈનો ઈજારો નથી, એ બાપા લેખિત આપી ગયા. First thing - mind છોડો, સ્વરૂપની માન્યતા પણ છોડો. કોને ન્હોતી મહારાજની માન્યતા? કઈ આજ્ઞા ન્હોતા પાળતા? પણ મહારાજનું સર્વોપરીપણું મનાયું નહીં ને પછી મહારાજનું પ્રગટપણું એટલે અખંડ દિવ્યપણું મનાયું નહીં. શાસ્ત્રીજી મહારાજમાં એવું અખંડ દિવ્યપણું મનાયું નહીં. એટલે હું અખંડ દિવ્યપણું કહું છું. એનો બીજો અર્થ અખંડ દિવ્યવિગ્રહ. શાસ્ત્રીજી મહારાજમાં એવું અખંડ દિવ્યપણું ન મનાયું, એક જોગી મહારાજ સિવાય. જોગી મહારાજમાં એવું દિવ્યપણું ન મનાયું, એક કાકા સિવાય. Total, Total. પ્રત્યક્ષ સત્પુરુષમાં તર્કવિતર્ક તો જરૂર થાય જ. પણ એ બાપાને માન્યા? ગમે તેટલા હડધૂત કરે, અપમાન કરે, તોય હર્ષશોક ન થાય. બીમાર હોય ને રક્ષા ન કરે તો પણ શોક ન થાય.

બાપાએ એવું કરેલું. મહંતસ્વામીને કપોળવાડીમાં ત્રણ દિવસ ઝાડા થઈ ગયેલા. તો પણ જોવા ન જાય. મહંતસ્વામીના એક ચેલાની એવી જ position હતી. મહંતસ્વામી જોવા જ ન જાય. ચાર દિવસ ગયા, એને થાય બધાય જોવા આવે છેને? તેવી જ position ચંદ્રકાંતભાઈ દેસાઈની છે. હું જાણીને તેને જોવા નથી જતો. Not that કે મારા હૈયામાં નથી પણ એની માનસિક ભૂમિકા જાય નહીં, અપેક્ષા જ જાય નહીં. તમે કેમ ન આવો? તમે કેમ ન કરો? આમ કેમ નહીં? You can not measure.

તમે માયિક છો કે અમાયિક છો? તમે બ્રહ્મસ્વરૂપ છો? શુકદેવજી બ્રહ્મસ્વરૂપ હતા તોય ભગવાનનાં લીલાચરિત્ર જ ગાયા કર્યાં. કલ્પનામાંય નહીં આવે.

આપણે સહજાનંદનું સર્વોપરીપણું સમજવું છે. એ સમજ્યા? ભલે વર્તાય નહીં. એ સમજ્યા એટલે છોકરી રાંડે ત્યારે નગારાં ને વાજાં ન વગાડે. રાંડે ત્યારે શાંત રહે. ભલે રડે નહીં, પણ શાંત તો રહે. પણ શીરો ન બનાવે. એમ આપણે સહજાનંદને સર્વોપરી માનીએ તો તેની સત્તા સિવાય કોઈનોય ભાર ન પડે. ધનસત્તા, રાજ્યસત્તા, મનસત્તા, આત્મસત્તા, કોઈપણ સત્તા કે લક્ષ્મીનોય ભાર ન પડે. મારો વ્હાલીડો જે કરે તે, એને હલાવે.

જો સર્વોપરીપણું માને તો એને કુસંગીનોય અભાવ ન આવે. બાપા વડતાલવાળાનોય અભાવ ન્હોતા લેતા.

જો સર્વોપરીપણું માને તો એને પંચવિષય ને દેહાભિમાન સહજ જીતાઈ જાય. ન જીતવા હોય તો એની વાત જુદી છે. પંચવિષયનો ભાર ન રહે.

શાસ્ત્રીજી મહારાજે અમને એટલા બધા લાડ લડાવ્યા, વાહ મારો વ્હાલીડો, એનું નામ આવે ત્યાં સમાધિ થઈ જાય. વાહ મહારાજ વાહ, મારા જીવનપ્રાણ, મારા ગુરુદેવ, શાસ્ત્રીજી મહારાજ. એમણે અમને જોગી મહારાજ ઓળખાવી દીધા. જોગી મહારાજને અમે નં. ૨ માનતા, એ અમારું અજ્ઞાન કાઢી નાંખ્યું. ગુણાતીતભાવના થકી મહારાજનું અખંડ પ્રગટપણું છે. એનું અખંડ દિવ્યપણું છે.

જો આ બુદ્ધિ છોડ્યા પછી જ ત્યાં પ્રવેશ છે. Total, Total બુદ્ધિ છોડવી જ પડશે. બુદ્ધિના ત્રણ દોષ – સંકલ્પ, વિકલ્પ ને વિપરીતભાવ. સોખડાવાળા એ ત્રિભુવન ગોપાલને શાસ્ત્રીજી મહારાજમાં જ વિપરીતભાવ. એ જ નટુભાઈ (આ જન્મે). હરિપ્રસાદસ્વામીએ એના ૧૫૦ જન્મ કાઢી નાંખ્યા. આ બારાખડી કદાચ નહીં મનાય, બુદ્ધિ લગાડશે. તે તે કાળે તે તે યુગપુરુષો હોય. તમને એક અનુભવ થયા પછી બુદ્ધિ નહીં લગાડવી. ચેતનામાં એક નહીં, બે નહીં, ત્રણ અનુભવ થયા પછી બુદ્ધિ સદંતર બંધ કરી દેવી પડે. તમારા મનને **सर्वधर्मान् परित्यज्य** એમ કહી દેવું પડે. દિવ્યતા, દિવ્યતા, દિવ્યતા જોયા કરો. અર્જુન જેટલું તો **सर्वधर्मान्** કરવું પડે. એવું વિરાટ ન જોયું હોય તો માંગજો. તમને વિરાટ દેખાડીને પણ અનુભવ કરાવશે. એણે એકે એકના જીવનમાં વિરાટ દેખાડ્યું છે.

આ વાત બુદ્ધિથી સમજીશું અને દિવ્યવિગ્રહ શબ્દ સમજશો ને ત્યાર પછી આત્મબુદ્ધિ ને પ્રીતિ દૃઢ કરવાં. માની લીધેલી આત્મબુદ્ધિ ને પ્રીતિ નહીં ચાલે. દરેકને એનો દેહ જ વ્હાલો અને એથીય વ્હાલું એનું મન, એની formula - એ વ્હાલું છે કે નહીં? તમારી મેળે એનો test કરી લેવો. ડાયાબિટીસ હોય તો automatic test થઈ શકે છે. Blood pressure હોય તો પેલા મશીનથી test થઈ શકે છે,

અને તાવ આવે તો thermometerથી. તેમ તમારું testing તમે જ કરી શકો છો. Let us not deceive our self, આપણી જાતને આપણે છેતરીએ નહીં. આપણી જાતને મનમનામણું ન કરીએ. હું સમજી ગયો છું, મને બાપામાં સર્વોપરી સંબંધ છે. રખે ભરમાઈએ, રખે ભ્રમણામાં રહીએ. મારો ભગવાનનો ભગવાન કહી ગયો.

(૨) એને પ્રગટ માનવા જ પડશે, એને દિવ્યવિગ્રહ માનવા પડશે. No condition-No compromise-This is inevitable condition. અરવિંદો એમના એક અંગત શિષ્યને કહે, '૧૭ વર્ષથી તું મારી જોડે છું ને પૂછે છે કે તમે ૧૭ વર્ષથી mother જોડે ઉપરના ઉપર શું કરો છો? તું સમજ્યો નહીં, તું અહીં શું કરવા આવ્યો છું? જો તું યોગ સાધવા આવ્યો હોય તો ઠીક છે પણ પૂર્ણયોગ સાધવા આવ્યો હોય તો you have to believe us Supremely Divine. અમને સર્વોપરી રીતે, સર્વપ્રકારે તારે દિવ્ય માનવાં જ પડશે ને ત્યારથી જ તારા પૂર્ણયોગની શરૂઆત થશે.'

હે અર્જુન, તારા **સર્વધર્માન્**, મનના, બુદ્ધિના, સર્વ જડબુદ્ધિના ધર્મ છોડી દે. તું માયિક છે, તારા ને મારા હજારો જન્મ થઈ ગયા. એક જગ્યાએ આ તર્કવિતર્ક છોડી દે. આ પ્રગટનો સિદ્ધાંત સમજવો જ પડશે. પછી જ એમાં પ્રવેશ થશે ને તે સંત હેત કરીને શીખવાડશે, એના હેતે કરીને એ થઈ શકશે. આજે એનો એ જ process બાપાએ આપણને બક્ષિસ આપ્યો છે. કોઈ જોગી મહારાજ નથી. અમે એના વારસદાર છીએ. મોટામાં મોટો પરચો તમારો જીવ સત્સંગી થાય. ગોપાળાનંદસ્વામી જેવા સિદ્ધ અને એટલા બધા પરચા આપનાર એ પોતે જ હતા. છતાં એમનો class એકાંતિક ભક્તમાં ન રહ્યો, ગુણાતીતાનંદસ્વામીની આ વાત છે. તેઓ કદી જૂઠું ન બોલે, જોગી મહારાજ કદી જૂઠું ન બોલે. આ પ્રસંગો સમજીએ તો ખરાં, ભલે કદાચ ન વર્તાય.

આ ભવ્ય વારસો બાપા બક્ષિસ આપી ગયા. આપણાં અહોભાગ્ય કે એવા સમજાવનાર પુરુષ બક્ષિસ આપી ગયા છે. આપણી એ કણી, એ કસર નીકળી જાય. એને જે કરાવવું છે તે કરી શકીએ. બે પાંચ જણ હળીમળીને એની આ યોજનાને સફળ બનાવીએ તો આપણે ખરેખર એના આશીર્વાદને પાત્ર બનીએ. આપણે સહુ ભેગાં મળીને આ ઉઠાવ લેવો છે. જે નહીં કરે તેને મહારાજ જોશે, આપણે તો શરૂ કરી દો. મહારાજનું પ્રગટપણું, તેનું દિવ્યવિગ્રહપણું અને એવી આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવી. મહારાજના વચનામૃતને આધારે ત્રણ સિદ્ધાંત ઉપર વાત કરીશું. હવે બે મિનિટ પ્રાર્થના કરી લઈએ.

હે મહારાજ! આ જોગમાં છીએ તો એ સુંદરતમ્ તત્ત્વોને સમજીએ. અમારી કસર ટાળી અમોને પણ એવા સ્વતંત્ર જીવનમુક્ત બનાવજો, વિદેહીમુક્ત બનાવજો, એટલું બળ આપશો.

અંદરોઅંદર કોઈપણ સ્વરૂપલક્ષી માન્યતા ન નડે. અમને દેહ ને મન વ્હાલું છે

તેવો તું વ્હાલો રહે. તારો જ વિચાર આવે, તારું જ ગમતું થાય, તારા વિશે તર્કવિતર્ક ઊઠી શકે જ નહીં. અર્જુન જેવા નિશંક બનીએ, મૂળજી બ્રહ્મચારી જેવા નિશંક બનીએ અને ત્યાં તમારી એ કૃપા વરસે એવી અમને સુરુચિ પ્રગટાવજો. બે–ત્રણ જણ જોડે તો શરૂ કરીએ. હે મહારાજ, સર્વેને આવું બળ અર્પજો. મારી જોડે હેતવાળા તો ખાસ. અમારા ભજનથી તમને અનંતગણું બળ મળો. વચ.સારંગ. ૧૬ પ્રમાણે તમે થોડો, આટલો જ, જરૂર સહકાર આપજો. મહારાજ પ્રકાશ કરી દેશે. વહેલી તકે આ જાતની પૂર્ણાહુતિ મહારાજ કરી દે તેવા મારા સંકલ્પમાં ભળજો. જબરજસ્ત ધડાકો થશે. એટમબોમ જેવો. બીજા પરચા series બંધ. તમે જે કહેશો તે આપીશું પણ અમારું મન સત્સંગી થાય, ભગતજી કહે, સ્વામી, મારો જીવ સત્સંગી થાય, એવો ભાવ રાખજો. તમે એટલું જ check કરી લેજો. તમારી મેળે કરી લેજો, તમને thermometer, તમને blood pressure માપવાનું સાધન, તમને અરીસો આપવામાં આવશે. એકાંતમાં એકલા અટૂલા તમે જ તમારું સ્વરૂપ જોઈ લેજો. મોઢું કાળું છે? ધોળું છે? પીળું છે? કે લાલ છે? એ કોઈને કહેવાનું નહીં રહે. તમે બહુ સારા, તમારા જેવું કોઈ નહીં. અહોહો! અહોહો! પ્રગટના તો છોને? તો આપણી જાતની છેતરામણી ન કરીએ. Let us not deceive ourselves. જેવા છીએ એવા ખુલ્લા પ્રભુ પાસે, સહજાનંદ પાસે, જોગી મહારાજ પાસે રહો અને ઢાંકપીછોડો નથી કરવો. સહુ, તમે ને હું બધાં જ બાળકો છીએ, ભાગીદાર છીએ. સહજાનંદની અક્ષરવાટ ખુલ્લી છે. જોગી મહારાજ ને શાસ્ત્રીજી મહારાજને છતરાયા કરવાનું આ કામ સર્વત્ર ભેગાં મળીને કરીએ. ન કરે તે તેમને ભારે. આપણામાં મહારાજ ખૂબ ભળશે. તમે મને સદ્ભાવનાનો, અંતર્દષ્ટિનો સહકાર આપજો. ભગવાન ને સંતને અંતરમાં જોવા પ્રાર્થના કરવી કે અમારી કસર ટાળી નાંખજો, તમને મૈત્રીભાવ ખૂબ ગમે છે, એ ઉગાડીશું. ધન્યવાદ તમને. હવે બે મિનિટ ધ્યાન કરી લ્યો.

❀ ❀ ❀

**પ્રવચન – ૬**

## શ્રીહરિ જયંતી દિને કૃપાઆશિષ

આજે તમે બધાં અહીં આવ્યા તો એક વસ્તુ પકડીને જવી છે. આ મેઘદૂતનાં ગપ્પાં નથી, આ ભાગવતનાં વર્ણન નથી. એક નક્કર વાસ્તવિકતા – મૂર્તિમાન હકીકત આપી છે, તમે અજમાવજો. જૈન હો, વૈષ્ણવ હો, માતાના હો, મહાદેવના હો, રામના હો, કૃષ્ણના હો, Jesusના હો, મહમંદના હો, કોઈપણ હો. એક પરમ ચેતના, એક પરાત્પર પુરુષોત્તમ નારાયણ માનવસ્વરૂપે આ દિવસે આવ્યા. હું કહું, કોઈ કહે, શાસ્ત્ર કહે, સિદ્ધપુરુષો કહે પણ માનતાં નહીં, તમારી જાતે ખાત્રી કરજો.

એ સહજાનંદસ્વામીનો મહિમા કલ્પના કરી શકાય એવો નથી. કારણ કે બધી વાત જ બુદ્ધિ પરની છે. કારણ કે તેઓ એક ordinary માનવસ્વરૂપે – એમનો સમાજ લઈને – એમના મુક્તો – એમના પરમહંસો – એમનું અનાદિ મૂળ તત્ત્વ સ્વરૂપ ગુણાતીત –જૂનાગઢના જોગીને લઈને આવ્યા. આપણે કેવા ભગવાનને ભજવા? હું એમ નથી કહેતો કે સ્વામિનારાયણને જ ભજો. પણ એવા સર્વોપરી ભગવાનનાં લક્ષણ જ્યાં મળતાં આવે ત્યાં ભજજો. એ સ્વામિનારાયણમાં દેખાય ત્યારે આપણને આનંદ થાય કે વાહ! વાહ! આપણને સર્વોપરી પ્રભુ મળ્યા. હું પણ બહુ logic ભણેલો, પ્રખર મહત્ત્વાકાંક્ષી હતો. પણ શાસ્ત્રીજી મહારાજે અને જોગી મહારાજે મને, કાંતિકાકાને, પોપટભાઈને બધાંને દૃષ્ટિમાં લીધા.

શરૂઆતમાં માનવી જાનવરમાંથી માણસ થયો. વૈજ્ઞાનિકો અને મોટા psychologists એવું કહે છે કે આપણી ઉંમર ૧૬ લાખ વર્ષની છે. ૫ લાખ ૮૦ હજાર વર્ષથી આપણું મન કાંઈક સમજતું થયું. બુદ્ધિમાં awareness આવી. જાનવરને awareness નથી. એને સાપ કરડે તો ખબર ન પડે કે મને સાપ કરડ્યો. એ બરાડા પાડે. આપણને ખબર પડે. બુદ્ધિમાં awareness, જાણપણું આવ્યું. Chimpanziમાંથી આજે આપણી માનવીની ઉંમર ૬ લાખ વર્ષની છે. ઈતિહાસ તો કરોડો વર્ષનો છે, પણ હે માનવ! તું પરમસુખી બન. મરીને નહીં. તારો મોક્ષ પણ દેહ છતાં જ કર. બીજે તો મર્યા પછી હશે. આ વાત ૨૦૦ વર્ષ પહેલાં મહારાજે કરી. આજ મહારાજની દ્વીશતાબ્દીની શરૂઆત કરીએ છીએ. છ–સાત કલાક આપણે આજે ભજન કર્યું કે હે મહારાજ! તમારો અલ્પ સંબંધવાળો હોય, જાણે–અજાણે પણ તમારું નામ લીધું હોય એને અક્ષરધામનો અધિકારી બનાવજો. મહારાજે આપણને અદ્‌ભુત વરદાન આપ્યાં.

મહારાજનાં એટલાં બધાં આશ્ચર્યકારક, ચમત્કારી ચરિત્રો છે! મહારાજે ૫ વર્ષની ઉંમરે વેદાંતીઓની સભા જીતી, ૧૧ વર્ષે ઘરની બહાર નીકળ્યા. હિમાલયથી કન્યાકુમારી સુધી પગપાળા ફર્યા. સુંદર સુંદર તત્ત્વો ગ્રહણ કર્યાં. સુકલકડી શરીર, જટા, કમંડળ, પોતાનું લોહી પણ સૂકવી નાંખ્યું. એમની તપની મૂર્તિ કોઈવાર જોજો. આપણાં માટે એમણે એટલાં બધાં વરદાન આપી દીધાં. એમણે કહ્યું, હે માનવ! આત્યંતિક કલ્યાણ મારે આશરે. હિંદુ હો, મુસલમાન હો, ક્રિશ્ચયન હો. કોઈને પણ માનનારા હો. માનવજાતિને માટે એમણે એક સર્વજીવ હિતાવહ code of conduct - શિક્ષાપત્રી આપી. એમાં કહ્યું કે સાક્ષી આપવી હોય કે સગાંવહાલાં હોય તો પણ લખત કરાવ્યા વગર એ ન કરશો. એવી વ્યવહારની શુદ્ધિની અનેક રીતો શીખવાડીને વ્યવહારમાં સુખિયા બનાવી દીધા. આપણે શિક્ષાપત્રી ભય હોય, ડર હોય ત્યારે પાળીએ છીએ, પણ એનો જો નિયમ પાળો તો તમને વ્યવહારમાં બિલકુલ દુઃખ નહીં, તમે અન્ન વસ્ત્રે બિલકુલ

દુ:ખી નહીં રહો. તમારા માટે એ વરસાદ વરસાવશે. એનાં વરદાન જુઓ તો ખ્યાલ આવે કે દુનિયામાં અત્યાર સુધીમાં કોઈ અવતારે આવાં વરદાન આપ્યાં નથી. દુનિયામાં અત્યાર સુધીમાં કોઈ અવતારે પોતાની જાતે વચનામૃત લખ્યું નથી. કોઈપણ અવતારે સ્વયં કોઈ પત્ર લખ્યો નથી. પોતાની હાજરીમાં કદી ભજન કરાવ્યું નથી. એમની હાજરીમાં તો ખૂન થઈ ગયાં. લોકોએ Jesusને વધસ્તંભ પર ચઢાવ્યા, રામચંદ્રજીને જંગલમાં મોકલ્યા, કૃષ્ણ ભગવાન વખતે શરૂઆતમાં બ્રહ્માએ કહ્યું, પધારો, પધારો પ્રભુ! પણ કૃષ્ણએ સહેજ ચરિત્ર કર્યું તો એ જ બ્રહ્માએ એમને ગોવાળીયા કહ્યા. મહાવીરસ્વામીને ૪૨ વખત પજવ્યા, હડધૂત કરેલા; બુદ્ધ ભગવાનને એના ભાઈ સ્વામી આનંદે ઝેર આપેલું. ભૂલથી, પણ અપાયું એ હકીકત. એક મહારાજની એવી પ્રતિભા હતી, એવું વ્યક્તિત્ત્વ હતું કે બધાં એમની આગળ લય થઈ જાય અને એવો વારસો આજે પણ અખંડ છે. એની હું આજે વિશિષ્ટતાઓ કહું છું. એ ઓળખાયા નહીં, એટલે એમણે ગુણાતીતનો જોગ કરવાનો કહ્યો. બધાંને ખૂબ પરચા આપ્યા. હરિલીલામૃત વાંચજો. ૨૦૦ વર્ષ પહેલાંની વાત છે. રાજકોટમાં મુંબઈના અંગ્રેજ ગવર્નર સર જહૉન માલ્કમને મળ્યા. એ જગ્યાએ અત્યારે રેલ્વેની ઑફિસ છે. ૨૦૦ વર્ષ પહેલાં ગવર્નર માલ્કમ સાહેબ તે જમાનામાં બાદશાહ કહેવાતા. એમણે એમના માણસોને પૂછ્યું કે આ મહારાજ કેમના લાગે છે? કાઠી લોક ૧૦–૧૦ વર્ષનું ભરત (મહેસૂલ) આપતા નથી. બંદૂક પકડે, બોલે તો ખૂન કરે. પણ આ સહજાનંદ કોક એવો બાવો છે કે જેને એ લોકો પગે લાગે છે, દંડવત્ કરે છે, દારૂ છોડી દે છે, માંસ ખાતાં નથી અને આમ પાછા શૂરવીર છે, કોઈ સામા થાય તો મારી પાડે.

તેમણે સર જહૉન વિલિયમસને મહારાજની ખબર રાખવા મૂક્યો. સાત–સાત વર્ષ સુધી એ દરરોજ મહારાજના વિચરણનો report આપે. ઈંગ્લેંડના Royal Asiatic Society ના મૅગઝીનમાં અત્યારે પણ એ મોજુદ છે. મહારાજ ભક્તોને મગફળી આપે, પ્રસાદ આપે. અંગ્રેજોને દેખાય એટલું જ સત્ય માને. એટલે એણે report લખ્યો. ત્યાંની chemical laboratory માં મગફળીનાં ૧૦–૧૨ samples મોકલ્યાં. પણ ત્યાંથી report આવ્યો કે ભઈ, એકમાં મીઠું છે, એકમાં નથી. એકમાં ફોતરાં છે, એકમાં તો આ છે, એકમાં આમ છે. પણ બીજું કાંઈ નીકળ્યું નહીં. મહારાજની મૂર્તિ જ રસઘન! મૂર્તિ જ ચમત્કારી છે. એમને જુએ ને એમને બે હાથ જોડે પણ તમે ભરત (મહેસૂલ) માંગો કે ભઈ! ભરત આપ ને? તો બંદૂક ધરે, માર ડાલેગા! જો એ કૂતરાની વાંકી પૂછડી મહારાજે સીધી કરી. એમણે ગધેડાની ગાય કરી. શું ગધેડાની ગાય? એમણે લૂટારુંઓને સાધુ બનાવ્યા.

૨૧ વર્ષની ઉંમરે કાલવાણીમાં ૫૦૦ પરમહંસ બનાવ્યા. કૃષ્ણ ભગવાન જેમ સાંદિપની ઋષિ પાસે, રામચંદ્રજીએ વશિષ્ઠ પાસે રહી સેવા કરી એમ મહારાજે લોજમાં

૯ મહિના છાણાં વીણ્યાં, ગુરુભક્તિ કરી. રામાનંદસ્વામી પાસે દાખલો બેસાડ્યો. પીપલાણામાં દીક્ષા લીધી. જેતપુરમાં ગાદી લીધી. બે હજારની સભા હતી ને ત્યાં પોતે ધર્મધૂરા લીધી. બધા ભક્તોને કહ્યું કે મારા આશરે છો તો મારું નામ રટણ કરો. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... દુનિયામાં આવો એકપણ દાખલો આધ્યાત્મિક ઈતિહાસમાં નહીં મળે. હોય તો મને બતાવજો. મેં બધા ધર્મોનો અભ્યાસ કર્યો છે. કોઈ પણ અવતાર પુરુષ માનવરૂપની અંદર એની હાજરીમાં ભજન કરાવી, એના ભક્તોને દર્શન કરાવી, એની મૂર્તિમાં ખેંચી લઈને એનું પરિવર્તન કરે એવું બન્યું નથી. કેવું પરિવર્તન? Total. જેતલપુરની વેશ્યાનું ૧–૨ કલાકમાં જ ઘઉં દળવામાં જ આત્યંતિક કલ્યાણ કર્યું. એ પણ નિત્યાનંદસ્વામી જેવું કલ્યાણ. વાહ! વાહ! એનો એ જ વારસો. એમણે જાતે વચનામૃત લખી પાંચભેદ – જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું તત્ત્વજ્ઞાન આપ્યું. એમાંથી કોઈપણ પ્રશ્નનું નિરાકારણ મળે. ગમે તે લેવું હશે તે એમાંથી મળશે. આચાર્યો લડ્યા. આપણા રામાનુજ, શંકરાચાર્ય, મધ્વાર્ક, નિંબાર્ક સંપ્રદાયો ચલાવ્યા, પણ મહારાજે સમાજ સ્થાપ્યો. કરોડો માણસોને ભગવાન ભજતા કર્યા, લાખોનાં પરિવર્તન કર્યાં. કાઠી, કોળી, કડીયા, કણબી બધા કક્કા પકડ્યા. બધાં કાઠી અભણમાં અભણ. ગઢડાની અંદર દાદાખાચર અર્જુનનો અવતાર હતા. જીવુબા, લાડુબા, લક્ષ્મીજી અને રાધાજી હતાં. ન મનાય એવી વાત છે. દુનિયા નહીં માને, માનવ નહીં માને, તમે માનો છો? તો તમારું કામ થઈ ગયું માનજો.

એક બીજી વિશિષ્ટતા એવી કે એ જ પરંપરા આજે પણ ચાલુ છે. કૃષ્ણ પછી શુકદેવજી, પણ પછી કાંઈ નહીં. રામચંદ્રજી પછી તુલસીદાસજી, પછી કાંઈ નહીં. શ્રી અરવિંદો પછી મધર, પછી કાંઈ નહીં. મહારાજની આ પેઢી અખંડ પ્રગટ છે અને ચાલુ જ રહેશે. મહારાજે માનવજાતિને મોટામાં મોટી બીજી બક્ષિસ ગુણાતીત પુરુષની આપી. એ એમણે મોટામાં મોટું વરદાન આપ્યું. વળી એમ કહ્યું કે મારા ભક્તોને અંતકાળે દર્શન દઉં! જો તમે એના ખરેખર આશ્રિત જ હો તો એમણે અન્ન–વસ્ત્રની ખાતરી આપી. પહેલું ખાવાનું મળે તો આત્માની વાત કરીએને! પણ વ્યભિચારીણી ભક્તિ નહીં ચાલે. બધાય દેવ પૂજનીય, કોઈની નિંદા નહીં. પણ આશરો તો એમનો એકનો જ હોવો જોઈએ. એમણે શિક્ષાપત્રીમાં એક એક શ્લોકની અંદર જીવ, ઈશ્વર, માયાનો અર્થ સમજાવ્યો છે. એમણે એવા ગુણાતીત પુરુષ મૂક્યા કે જેનું તમે અડધો કલાક ખુલ્લાદિલે ધ્યાન કરો તો નિર્ગુણપણાને પામી જાવ. માનવ કરતો નથી એ જુદી વાત થઈ. પણ આપણે માટે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની ઓળખાણ કરાવી. એમના સમયમાં લોકોએ એમને જાદુગરા કહ્યા એટલે પછી એમણે આવા સંતો થકી ગુણાતીત જ્ઞાન શરૂ કર્યું. ઈ.સ. ૧૮૩૦માં આપણાં ૪ હજાર હરિમંદિર હતાં. ૪,૦૦૦ centres. જેમ કૉંગ્રેસની કચેરી હોય એમ. એમના ૫૦૦ પરમહંસો ગામડે ગામડે ફરતાં કે જેમને એક

મહારાજને વિશે અનન્યભાવ હતો. ગુણાતીતે આ વારસો અખંડ રાખ્યો. યોગીજી મહારાજ આપણને ન ઓળખાયા. ઓલિયા પુરુષ હતા. શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે આપણને આપણા જીવનાં માવતર ઓળખાવી દીધાં. એ જ સહજાનંદસ્વામી આ સભામાં પણ આજે પ્રગટ છે. તમારા હૃદયમાં પણ છે.

સારતત્ત્વરૂપે આજે ઉજવણી શું? મહારાજ વખતના જ તમે છો. આ બહેનો, આ બાળકો, બધાં જ. દુનિયા નહીં માને, માનવ નહીં માને. તમે માનો છો? તો તમારું કામ થઈ જશે. આકાશનો ભગવાન કામ નહીં આવે. માનવરૂપનો મનાતો નથી. તમારા હૃદયમાં પણ એ અખંડ છે. મારો trunk call લાગે છે તો તમારો શું કામ ન લાગે? જો આવી નક્કર વાસ્તવિક્તાવાળી વાત Jesus કહી ગયા. પણ પ્રગટપણું ન રહ્યું. વિવેકાંનદ M.A., LLB. રામકૃષ્ણ પરમહંસને એમણે પૂછ્યું કે, 'તમે ભગવાન જોયા છે?' રામકૃષ્ણ કહે, 'હા, હું તને જોઉં છું એમ જોયા છે.' તો વિવેકાનંદ કહે, 'દર્શન કરાવો.' ત્યારે રામકૃષ્ણએ માતાજીમાં એ દર્શન કરાવ્યાં. એને શ્રદ્ધાળુ નાસ્તિકતા હતી. આજે મહારાજના પ્રગટપણાની વાત કરું છું. સંત થકી તો તેઓ પ્રત્યક્ષ છે જ પણ તમે એમના નિયમ પાળતા હો, પંચવર્તમાન અથવા નિષ્કામ અને નિર્માન ધર્મ પાળતા હો તો વડતાલ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ છે ત્યાં અડધો કલાક એકચિત્તે ધૂન કરશો તો એ મૂર્તિ બોલશે. અત્યારે પણ અખતરો કરો. મહારાજ કહી ગયા. હું અંતર્ધાન થાઉં છું. આમાં અખંડ રહીને, ગઢડામાં ગોપીનાથજીની મૂર્તિમાં અખંડ રહીને તમારા મનોરથ પૂરા કરીશ. તમે મારા હશો તો! આપણે બૈરાંનાં, છોકરાંનાં, ઈન્દ્રિયોનાં, અંતઃકરણનાં છીએ. મહારાજનો નંબર કાંઈક ૭મો–૮મો લાગતો હશે. પણ સ્વામિનારાયણના હો તો નિયમ, નિશ્ચય, અને પક્ષ દૃઢ રાખવાં. નિરૂત્થાન નિશ્ચય – મારો વાલીડો, મારો કલ્યાણદાતા, કર્તા, સાકાર, સર્વોપરી ને પ્રગટ એક સહજાનંદ જ છે. એનું નામ પણ જુઓ. સહજ આનંદ કુદરતી આનંદ. એનાં સંતોનાં નામ જુઓ. મુક્તાનંદ, બ્રહ્માનંદ, મંજુકેશાનંદ, સ્વરૂપાનંદ, ગોપાળાનંદ. આનંદ તમારું સ્વરૂપ છે. એનું શાસ્ત્ર જુઓ. એના પરમહંસો, એનાં મંદિર, એની મૂર્તિ, એની પ્રતિભા, એનાં વરદાન અને એનું અખંડ પ્રગટપણું. આપણે આટલી વસ્તુ જો પકડી શકીએ તો સુખિયા થઈ જશું. તમે અહીં આવ્યા છો તો આ ભાવના રાખજો. મને એક વસ્તુમાં જ રસ છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ આપણા માટે હૃદયમાં ભગવાન પ્રગટાવી ગયા. પ્રત્યક્ષની નિષ્ઠા કરાવી ગયા. વચ.વર. ૫ પ્રમાણે ઉત્તમ લક્ષણવાળા સંતને ઓળખાવી ગયા. જાવ, ત્યાં અમે અખંડ રહીશું. મહારાજ વખતે ન ઓળખ્યા. ૧૫0 વર્ષ સુધી ગુણાતીતનો દ્રોહ કર્યો. પણ એવા પુરુષ થકી યુગલ ઉપાસના અખંડ છે. ભક્ત અને ભગવાન. ભગવાન અને સંત. પપ્પા, કાકા, સ્વામી. અમે એક વસ્તુ વધારે ઉમેરી કે એવા ભગવદી જોડે તમે મિત્રભાવ કરજો. બે સારા સાધુ ને બે સારા

નિષ્ઠાવાળા હરિભક્ત જોડે. તો સવાલ એ આવશે કે નિષ્ઠાવાળો ઓળખવો કઈ રીતે? મહારાજની નિષ્ઠાવાળો હશે એ ધામ, ધામી અને મુક્ત, ભગવાન, સંત અને ભગવદી તેનો મહિમા સમજતો હશે, એને દિવ્ય માનતો હશે. એ પોકારશે ત્યાં લીલાખડમાં ભગવાન પ્રગટ થશે. સાબરકાંઠામાં શાસ્ત્રીજી મહારાજ મારે માટે પ્રગટ થયેલા. અમારી જીપનાં બે પૈડાં ખલાસ થઈ ગયાં હતાં. અમારી સાથે રસિકભાઈ સેક્રેટરી હતા. નંદાજીના પહેલા election વખતે મારો ધંધો છોડીને હું ગયો હતો. બાપાએ મને કહેલું કે તમે જાવ, નહીંતર નંદાજી નહીં જીતે. કાંતિકાકાએ ત્રણ જીપ ગાડીઓ આપેલી, electionમાં ૫૦ હજાર રૂપિયા તે જમાનામાં ખર્ચો થયો હતો. આજે પાંચ લાખ થાય. બાપા કહે, નંદાજી આપણા સત્સંગી બંધુ છે. એ શાસ્ત્રીજી મહારાજને ધામમાં ગયા માને છે. એ મહારાજને ગયા માને છે. આ એક ભયંકર અજ્ઞાન છે. પરમતત્ત્વને કાળધર્મ ન લાગે. સહજાનંદસ્વામી અખંડ પ્રગટ છે અને અખંડ પ્રગટ જ રહેશે. પ્રત્યક્ષ કરવા માટે એવા સંતની સ્મૃતિસહિત આજે તમારા હૃદયમાં રામનવમીના એ રામ પ્રગટાવો, કૃષ્ણ પ્રગટાવો, એ સહજાનંદને પ્રગટાવો. પ્રગટાવવા છે? છે તો ખરા જ! એક આવરણ કાઢી નાખો. અમને એમાં જ રસ છે. તમે પણ એવા સેવકના સેવક ન રહો. સમ્રાટના રાજપુત્ર બનો. એનો વારસો લ્યો. આ બાપા આપી ગયા અને એમાં આડે આવશે મન. એની technology, એની કરામત, ચાંપ દાબો ને કામ ચાલે એવી એની યુક્તિ એ ગુણાતીત જ્ઞાન. એવા સત્પુરુષમાં સદ્‌ભાવ. તો તમે નિર્વાસનિક. નહીં તો નૈષ્ઠિક બ્રહ્મચારી હો ને ‘બાપા આટલું ઠીક ને આટલું ઠીક નથી કરતાં, બાપા લોભીયા છે. બાપા ઘડીએ ઘડીએ બબ્બે બબ્બે રૂપિયા ધોતિયાના માંગે છે.’ એવો ભાવ લાવશો તો નિર્લોભી હશો તો પણ લોભી થઈ જશો, નિષ્કામી હશો તો કામી થઈ જશો. જો ગુણાતીત આ એક નવી ચીજ આપી ગયા. ગુણાતીત જ્ઞાનમાં તો એવા સત્પુરુષને વિષે સદ્‌ભાવ, એનો હૈયામાં એટલો ગુણ ‘આ સંત તો બહુ સારા રે.. ખરા કલ્યાણના કરનારા રે. એટલો જ ગુણ કોઈ ભેજામાં નહીં, હૈયામાં લેશે રે, તે તો બ્રહ્મમહોલ જઈ પૂગશે રે.’ એવો ભાવ રાખજો. ત્યાં સંત બોલ્યા, ‘કામદુધા, કલ્પતરુ, પારસ, ચિંતામણિ ચાર, પણ સંત સમાન, ગુણાતીત સંત સમાન એકે નહીં. એવો મેં મનમાં કર્યો વિચાર.’ એ ભાવ રાખજો. તમારો પ્રારંભ બરાબર હશે, ધામ, ધામી ને મુક્ત, ભગવાન, સંત, અને ભગવદીની નિષ્ઠા પાકી હશે તો દેહ છતાં જ પ્રતીતિ થઈ જશે. બાપા વહેલામાં વહેલી એ પ્રતીતિ કરાવે, સંબંધવાળા બે–ત્રણ ભગવદી પણ દિવ્ય મનાય, આટલું કરાવે એવી પ્રાર્થના.

સહજાનંદ ચેતના અખંડ છે, અખંડ રહેશે. કાળાતીત રહેશે. આખી દુનિયાને એક દહાડો માનવું પડશે. આપણે એ બાબતમાં ગાફલાઈમાં રહી ન જઈએ. મહારાજ સર્વને સદ્‌બુદ્ધિ આપો, પ્રેરણા આપો, સૂઝ આપો. દિલની સચ્ચાઈથી પોકારે ત્યાં એ

હરિકૃષ્ણ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજરૂપે પ્રગટ થઈ જશે. તેઓ એક વારસો આપી ગયા છે. એ ખજાનો તમને મળો. આવો, આવો, આપણે સહુ એક, આપણે સહુ ભેગાં મળીને અક્ષરધામનો લહાવો લઈએ. મારું તમને નિમંત્રણ છે, મારું તમને આમંત્રણ છે. આવો, આવો, અક્ષરવાટ ખુલી રે અને એ અક્ષરધામના અધિકારી આપણે સહુ બનીએ. મહારાજ પરના પર રહે. તમારું આત્યંતિક કલ્યાણ થાવ, તમે એવા જીવનમુક્ત દેહ છતાં જ બનો; એની એક શરત છે. તે આ કે નિર્દોષભાવ રાખવો, ન રહે તો એવા બે ભગવદી સાથે એવા બે સાધુ સાથે જો તમે મૈત્રીભાવ, કુટુંબભાવ, સુહૃદભાવ, દિવ્યભાવ રાખી શકશો તો અમારાં પણ વરદાન છે કે એ અક્ષરધામનું સુખ તમે પણ લેતાં થઈ જશો. તમે એટલા ભાગ્યશાળી છો કે અમારા અનુષ્ઠાનનું ફળ તમને પણ મળો. તમને ધન્યવાદ. આ અંગે મહારાજ સહુનેય સદ્‌બુદ્ધિ આપો.

શુભમ્ ભવતુ, મંગલમ્ ભવતુ।

❀ ❀ ❀

## પ્રવચન – ૭

## યોગી જયંતી દિને મંગલ પ્રવચન

સર્વોપરી, દિવ્ય, સાકાર સ્વરૂપ પરમ તત્ત્વ આપણા હૃદયમાં અખંડ છે. બે આંખોની વચ્ચે ભૃકુટિમાં જ્યાં તમો ટીકો કરો છો, ચાંદલો કરો છો ત્યાં એક મિનિટ, હૃદયમાં ધબક, ધબક, ધબક શ્વાસ લો છો અને કાઢો છો ત્યાં એક મિનિટ અને એક મિનિટ નાભિમાં. આ ત્રણ સેન્ટરમાં ધારણા કરો. તમે માનો છો કે તમારે કાંઈ જરૂર જ નથી, બધું થઈ ગયું છે. પણ મારે અને તમારે બધાંયને નકરો દેહાધ્યાસ છે. એટલે કબૂલ તો કરવું જ જોઈએ ને કબૂલ કર્યું એટલે બીજાનું બિલકુલ જોવાનું નહીં. આજનો દિવસ એ છે, એનું સ્મરણ કર્યા કરો. શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ, ધન્યવાદ, ધન્યવાદ. વિચારો ઊઠ્યા જ કરશે. એને સ્વાહા, સ્વાહા કરો. યોગયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ. એટલે '**હું તારે લઈને બ્રહ્મસ્વરૂપ. તારા સંબંધે હું સિંહનું બચ્ચું. તને શું ગમે છે?**' જોગી મહારાજ એટલે નિર્દોષભાવ–નિર્દોષબુદ્ધિ. તારાં મળેલાં જોડે મૈત્રીભાવ, સુહૃદભાવ. તારી સ્મૃતિ કર્યા કરું ને સુહૃદભાવની ભાવના કર્યા કરું. આજનો દિવસ એટલું જ કર્યા કરો. તમારાથી એક કલાક ભજનમાં પણ નહીં બેસાય. તમે શું જોગી મહારાજને માન્યા? તમારાથી એક ચિત્તે આ ત્રણ સેન્ટરમાં પણ એક–એક મિનિટ ધારણા નહીં કરી શકાય, તો એને ધન્યવાદ દો. ચરણોમાં શીશ નામી દીનતા ઉચ્ચારો. હે બાપા! ધિક્કાર છે અમને, તારું ગમતું નથી થતું. ધિક્કાર છે

અમને. અમને અમારું અહમ્ જ પ્રિય છે. કોઈ અમને સહેજ પપલાવે, વખાણ કરે તો ગમે છે, ગુલગુલિયું થાય છે. અમારા મનની લુચ્ચાઈ પણ અમને ખબર જ છે. તમે અંતર્યામી, સર્વજ્ઞ ને દિવ્ય નથી મનાતા. ખાલી તમારું નામ બોલીએ છીએ, ખાલી વાચ્યાર્થમાં ભાટાઈ કરીએ છીએ. તો હે બાપા! તું અતિ દયાળુ! તું અતિ કૃપાળુ! અમે તારાં બચ્ચાં છીએ. અમે તારાં છોકરાં છીએ. અમે તારાં ભૂલકાં છીએ. તું અમને માફ કરજે. તું અમને નભાવજે, અત્યાર સુધી નભાવ્યા છે. તેં અમને તારાં બાળક માન્યાં તો અમે હુંહાટો છોડી દઈએ, અમારાપણું છોડી દઈએ. તારું નામ આવે ત્યાં અમને ગુલગુલિયું થઈ જાય. વાહ! ધન્યવાદ. તારા સંબંધે અમે સનાથ જ છીએ. હે બાપા! હે સ્વામી! આજે તારો પ્રાગટ્યદિન! અમારા હૃદયમાં, અમારા રોમરોમમાં તારા ભક્તોની સેવા કરવાનો ઉમંગ થાય. મન મનન કરે, ચિત્ત ચિંતવન કરે, બુદ્ધિ ઠરાવ કરે. કેવળ તારો જ થઈને આજે તો જીવું! મને કોઈનુંય ખૂંચે નહીં. તું કેમ ખૂબ રાજી થાય એ મને ખબર છે. તો એવું એક દિવ્ય કર્મ, છેવટે સત્કર્મ તો થાય જ. મહારાજ, તું મને નિમિત્ત બનાવીને કરાવજે. બૈરાં–છોકરાં અમારાં નથી. કરોડો જન્મોનાં ભૂલ્યાં, એવાં આ વખતનાંય ભૂલીએ. એને અર્થે ઉદ્યમ કરીએ છીએ. લોહીનું પાણી કરીએ છીએ ને તારા તત્ત્વને અર્થે બહાનાં કાઢીએ છીએ. ઢીલાશ કરીએ છીએ. Excuse કાઢીએ છીએ. ફરિયાદ કરીએ છીએ. હે દયાળુ! હે કૃપાળુ! આ અમારી બનાવટને deceptionને દૂર કરજે. અમને ટેવ પડી ગઈ છે. તો હે દયાળુ!અમારો મનુષ્યભાવ ને માયિકભાવ દૂર કરજે. તને દિવ્ય માન્યો હોય તો અમે દિવ્ય જ થઈ જઈએ. અમારી દૃષ્ટિ દિવ્ય બનાવજે. અમને એવી દિવ્ય શક્તિ આપજે. તું રાખે કે ન રાખે, તું અમને બોલાવે કે ન બોલાવે, તું અમારું જાળવે કે ન જાળવે પણ તું જે કરી રહ્યો હોઈશ એ અમારા સારા માટે જ હશે. તો અમને ખૂબ ખૂબ જાળવજે. અમને તારો તો અભાવ જ ન આવે. તું જે કાંઈ કરી રહ્યો છે, બની રહ્યું છે, બનવા પામે છે, એ તું જ કરી રહ્યો છે. તારાં મળેલાં સાથે પણ અમે રસરૂપ થઈને વર્તી શકીએ. અમે સંપ, સુહૃદભાવ, એકતા વધારીએ. હે! બાપા, તારા અનુગ્રહ થકી અમને તત્કાળ કરાવજે. એ જ આજના દિવસે પ્રાર્થના.

કોણ તમે? ગુરુચરણે શીશનામી દીનતા ઉચ્ચારો. ભૃકુટિની વચમાં ટીકો કરો છો ત્યાં આજ્ઞાચક્રમાં, હૃદયમાં ધબક ધબક ધબકારો થાય છે ત્યાં અને નાભિમાં લબક લબક લબક થાય છે ત્યાં કાળજામાં. એક એક મિનિટ જોગી મહારાજને સંભારો. કેટલા બધા એના ઉપકાર છે! કેવા નભાવ્યા! અને આપણે ડંફાશ મારતાં થઈ ગયાં. હે બાપા! હે સ્વામી! તારાં ભૂલકાં છીએ! અમારા પર અનુગ્રહ કરજે. અમે નિમિત્ત બની તારી કંઈક સેવા કરી શકીએ. તારું ઋણ વાળી શકીએ. ભૃકુટિમાં ત્રણ મિનિટ સ્વામિનારાયણ, શાસ્ત્રીજી મહારાજ અને જોગી મહારાજને ધારો. પછી પાંચ મિનિટ

ધ્યાન કરો. હૃદયમાં જ્યાં શ્વાસ લો છો ત્યાં વચ્ચે અટકો. પછી ધીરે ધીરે કાઢો. અશુદ્ધિ ખલાસ થઈ જશે. આજ કોઈનુંય જોવાનું નહીં, બોલવાનું નહીં. શાસ્ત્રીજી મહારાજ સર્વોપરી, જોગી મહારાજ સર્વોપરી. પારકો આકાર, પારકો દોષ, પારકી ક્રિયા જોવાની જ નહીં. ત્રણ મિનિટ ધ્યાન કરો. ચરણોમાં શીશ નામી દીનતા ઉચ્ચારો. વૈરાટનારાયણે ૫૦ વરસ સ્તુતિ કરી ત્યારે મહારાજ માનવરૂપમાં પધાર્યા. ગુણાતીત તો તોય નહોતા આવ્યા. પણ કોઈ મુક્ત આ લોકમાંથી પાછો નહોતો આવતો એટલે એમને લાવ્યા. એ અખંડ મેખ મારી ગયા. તમે ગુણાતીત બચ્ચાં તો કોઈનુંય જોતાં નહીં. જોવું હોય તો પોતાના બાળકનું જુઓ છો એવી રીતે પક્ષ રાખીને જોજો. ઉતારી પાડવા નહીં. એનું માથે લેજો, એનું ખમજો. જેમ બાપા પેલા અફીણવાળાનું ખમ્યા એવું ને વાંદરાને – મનને છોડી દેજો. બાપાના ગુણગાન ગાવવા માટે એને મિત્ર બનાવો. આજે બહુ સહેલું છે. આજનો દિવસ તો કરી જુઓ. Total. નાભિમાં, હૃદયમાં, ભ્રૂકુટિની વચમાં એના અપરંપાર દિવ્ય સ્વરૂપને ધારો. વિચારો અને ધારો. મન નિર્વિષયી થઈ જશે. મન સ્થિર થઈ જશે. કોણ તમે? કોના છો? બાપા કેવા? શું વિચાર આવે છે? શું કામ આવે છે?

ધન્યવાદ બાપાને, મોઢે બોલ્યા એ વાચ્યાર્થ છે. ધન્યવાદ બોલવામાં ક્યાં કારસો પડે છે? પારકે પૈસે કરવામાં મોટાઈ લેવામાં ક્યાં કારસો છે? ભાષણ કરવામાં, લેખ લખવામાં ક્યાં કારસો છે? પણ પોતા પર આવી પડે ત્યારે જાણકાકાનું જ્ઞાન કાંઈ કામ ન આવે. આ જમાનામાં એ બહુ ચાલશે નહીં. Realistic વાસ્તવિકતા ઉપર જવું પડશે. તમારી ખુદ intrisic value કેટલી? સદ્‌ગુણોની? શુભ ક્રિયાઓની? ના, બિલકુલ નહીં. આપણાં interpretations હજીયે ખોટાં છે. મારાં ને તમારાં બધાંયનાં. સૌથી ખોટાં મારાં પોતાનાં છે. એટલે તમને ખોટું ન લાગે. ખોટાં એટલા માટે છે કે આપણે બીજાના ક્રિયાયોગો ઉપર judgement બાંધીએ છીએ. Judgement એ બાંધવાનું કે તમારે જોગી મહારાજ જોડે કઈ પ્રકારનો કેવો સંબંધ છે? પ્રભુ સાથે તમારે કઈ પ્રકારનો કેવો સંબંધ છે? તમને ખબર જ પડે. લગ્ન કરેલાંને ખબર જ પડે કે પતિ જોડે કેમ વર્તવું. એને શીખવાડવું ન પડે કે તારા ધણી જોડે આમ વર્તજે, આમ બોલાવજે ને આમ પાણી આપજે. એને સહજ જ આવડે. એમ પ્રભુ જોડે કેમ વર્તવું એ સહજ જ ખબર પડી જાય. એના એટલા અનંત ઉપકાર આપણી ઉપર છે. જોગી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ એનું નામ આવે ત્યાં વિચાર બંધ થઈ જાય. એટલાં બધાં છછુંદરાવેડાં આપણાં નભાવ્યાં છે. શું મોઢું લઈને આપણે બીજાને ઉપદેશ કરીએ છીએ? એણે મોટપ આપી છે. એટલી બધી દયા કરી છે. અર્જુનની માફક એકાંતિક બનાવ્યા. અહોહો! એક સંબંધ જ જોયો ને આપણે ક્રિયાયોગો જોયા! એટલે આજે એ નિર્ણય કરો કે બીજાનું જોવું જ નથી.

એકવાર 'જોગી મહારાજ' એમ બોલ્યા? એમનો ધબ્બો ખાધો? ખલાસ થઈ ગયું. એ મહિમા દેખાતો નથી. પપ્પાજી આ જ કહે છે. એ બાબતમાં પપ્પાજી બહુ sincere. મને જરા લાગણી થાય એટલે હું કહું, પણ અંતરથી હું એમ માનું કે બહુ અઘરું છે. બહુ જ અઘરું. પણ આપણી ઉપર એ દૃષ્ટિ છે એટલે જ્યારે અહમ્ પ્રગટ થાય ત્યારે સમજાય છે ખરું, પણ છૂટતું નથી.

આજ એવો સરસ દિવસ છે, સર્વોપરી દિવસ. બાપા પ્રગટ્યા! માનવરૂપે પ્રભુ પ્રગટ્યા! શાસ્ત્રીજી મહારાજ અને જોગી મહારાજ! આપણા બેય ભગવાનો આંબલીપોળમાં (અમદાવાદ) રહેતા. ઝૂંપડપટ્ટીમાં રહેતા, એક જ રૂમમાં રહેતા. કોઈ મોટર ન હતી. એ બીજાની મોટરમાં ગમે ત્યાં રખડપટ્ટી કરતા. એ ટૅક્સીમાં જ ફરતા, દમણિયાંમાં ફરતા, દમણિયાં ય ઊથલી પડતાં પણ એમણે વૈભવ આપણને આપ્યો. ખરો વૈભવ એ કે તમે ભક્તોને માટે જીવો, દિવ્યતા રાખો, મૂર્તિ ધારો. તો એને શું શીખવવું છે? કે એની જોડે અખંડ દિવ્ય સંબંધ કરો. એની જોડે અખંડ જાણપણું રાખજો. આપણા હાથમાં છે. તો આ બધાંથી બની શકે. બ્રહ્મરૂપ નહીં મનાય તો પણ આટલું તો થઈ શકે. ત્રણ વખત નવકારમંત્ર બોલીને કામ કરો. પહેલી વખત દેહભાવમાં રહીને નવકારમંત્ર બોલો. તો સ્થૂળભાવ ગયો. બીજી વખત અવ્યક્ત, ત્રીજી વખત super conciousness, બાપા, તું જ કરાવજે. ભાવના છે. દુર્વાસા માફક ભલે કામ, ક્રોધ, પ્રકૃતિ રહી પણ એ ભગવાનને ધારીને જમ્યા એટલે નિર્ગુણ થઈ ગયા. જમ્યા છતાં ઉપવાસી. એમ આપણી ક્રિયા નિર્ગુણ થઈ જશે. એવું જાનીસાહેબે કર્યું. જાનીસાહેબે નાગરદાસને નિર્ગુણ માન્યા તો અમને તો માન્યા જ! તમે હજુ અમને જ નિર્ગુણ નથી માનતા. મને ખબર છે તમને કેવા વિચાર આવે છે! બહુ સારી રીતે જાણું છું ને છતાંય ક્ષમ્ય છે. તમારી જડબુદ્ધિને ધન્યવાદ આપું છું. અહોહો! આટલા બધા અનંત ઉપકાર શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજે કર્યા! ખૂબ લાડ લડાવ્યા છતાં તમારો માયિકભાવ અને મનુષ્યભાવ ન ગયો ને જાનીસાહેબ અને શાંતિભાઈનો ગયો! બેય વ્યવહારિયા, બેય સંસારમાં છે. તો પણ બેયને ધન્યવાદ આપું છું. સંસારમાં છે પણ જાનીસાહેબને નાગરદાસનો ને શાંતિભાઈને અમારા કાંતિભાઈમાં દિવ્યભાવ જ. એકવાર ચાર વખત તારદેવનો દાદરો ઊતર્યા પણ 'અરે' બોલ્યા નહીં. બીજાને ટાયલાવેડાં કેટલાં હોય! આજના શુભદિને માંગો, ખૂબ માંગો, દિલથી માંગજો. ઉપર ઉપરથી નહીં. આપણું મન લુચ્ચું છે, બનાવટી છે, એને કરવું જ નથી, એને એની જડતા છોડવી જ નથી. આજે આટલું માંગો. એક જ મિનિટની પ્રાર્થના કરો કે 'હે મહારાજ! હે સ્વામી! હે શાસ્ત્રીજી મહારાજ! હે યોગીજી મહારાજ! હે પપ્પાજી! હે કાકાજી! હે સ્વામીજી! અમારા ગુના માફ કરજો. અમારી ભૂલો માફ કરજો. હે મહારાજ! અમને જાણે–અજાણે કોઈનો અભાવ અવગુણ આવ્યો હોય, આવતો જ રહેવાનો તો

એ બધું જ સદંતર માફ કરજો. એવી સૂઝ આપજો. તમે જ પ્રેરણા કરજો. તમે જ અનુગ્રહ કરજો. તમે જ કબજો લઈ લેજો. છેલ્લી ઘડીએ તમારું જ ધાર્યું થાય, તમારું જ ગમતું કરાય, એવું બળ, બુદ્ધિ ને પ્રેરણા આપજો. તમારાં ચરણોમાં જ મન સોંપીને, જાણે–અજાણે તમારાં નિમિત્ત બનીને વર્તવા પ્રયત્ન કરીએ, એવી જોડ કરીએ, એવું બળ આપજો. હે દયાળુ! હે કૃપાળુ! હે બાપા! હે સ્વામી! તમારાં ભૂલકાં જ છીએ. ખૂબ જાળવજો. ખૂબ બળ આપજો. એવી જોડ કરીને, તમારું કંઈક શોભાડીએ એવું બળ, બુદ્ધિ ને પ્રેરણા આપજો.'

❀ ❀ ❀

## પ્રવચન – ૮

### સ્વરૂપયોગ

સહજાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ભગતજી મહારાજ, જાગાસ્વામી, અદાશ્રી, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ, પ્રમુખસ્વામી, મહંતસ્વામી, હરિપ્રસાદસ્વામી, પપ્પાજી, કાકાજી, સર્વે સંતમંડળનાં ચરણોમાં
સાક્ષીએ સહિત પ્રાર્થના છે.
હે મહારાજ, હે શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ, ભગતજી મહારાજ, જાગાસ્વામી,
હે મહારાજ, હે સ્વામી, આ અનુષ્ઠાન કરીએ છીએ, મહાપૂજાનું અનુષ્ઠાન છે.
અમે તમારાં ભૂલકાં જ છીએ તો સ્વીકારજો.
તત્કાળ એનો અમલ થઈ જાય એવી તમારાં ચરણકમળમાં ગુરુચરણે આસન પકડીએ.

પહેલું આસન કયું? સર્વ આસનોમાં – સિદ્ધાસન, પદ્માસન, ઘણાં આસનો –
પણ ક્યા બેસીને તમને પોકારીએ?
તો પહેલું આસન અમારું, ગુરુચરણ, ગુરુચરણ, ગુરુચરણ.
પ્રભુનાં ચરણકમળનું આસન. અમારા મનને ગુરુચરણકમળમાં નિમગ્ન કરીને,
હવે અમારી આંખો ખુલ્લી રાખીને તમને જ જોઈએ છીએ.
જોયા જ કરો, જોયા જ કરો – ઈષ્ટદેવને – સદ્‌ગુરુને – કોને જોશો?
તમારા ઈષ્ટદેવને જુઓ. માતાને, મહાદેવને, ગણેશને, દુર્ગામા, વૈષ્ણોદેવી,
જે કોઈ હો – અંબામા અથવા તમારા ગણેશજી હો, હનુમાનજી હો, રામચંદ્રજી હો, કૃષ્ણ ભગવાન હો, તીર્થંકર હો, જૈન મુનિ હો, કેવળી હો, તમારા શ્રીજીમહારાજ હો, સ્વામિનારાયણ હો, લક્ષ્મીનારાયણ હો, ગોપીનાથજી હો ને અમારા
અક્ષરપુરુષોત્તમ મહારાજ – ગીતાના પંદરમા અધ્યાયના અક્ષરપુરુષોત્તમ,

યુગલ ઉપાસના – શિવશક્તિ, રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ, સીતારામ–
એમ અક્ષર અને પુરુષોત્તમ, સ્વામી અને નારાયણ, બ્રહ્મ અને પરબ્રહ્મ,
આત્મા અને પરમાત્મા, ભગવાન અને સંત.
એવા પ્રત્યક્ષ સંત – શુકદેવજી જેવા – એ મોક્ષનું દ્વાર છે.
મોક્ષનું દ્વાર ખુલ્લું થયા વગર અંદર જશો કેવી રીતે?
જાણપણારૂપ દરવાજે કે હું જીવ છું – આ શિવ છે. એને તમે અનુસંધાનથી પકડો.
દેવરૂપ થઈને દેવને ભજો. એનો બુરખો પહેરીને, એનાં ચશ્માં પહેરીને એને જોયા કરો.
એને અંતરમાં ધારો, હૃદયમાં ધારો, એની સ્મૃતિ કરો.
સ્મૃતિ એટલે યાદ કરવું એ નહીં. એ યાદ આવશે, રાજેશ ખન્ના, મીનાકુમારી અને
હેમામાલિની પણ યાદ આવશે. તો એ નહીં, તમે કોના? તમારું નામ શું?
મા–બાપ કોણ? પત્નીનું નામ શું?
એ કેવું યાદ આવે છે! એમ પ્રભુ યાદ આવવા જોઈએ.
જોગી મહારાજ, જોગી મહારાજ – તો નિર્દોષબુદ્ધિ.
એનું મનન, એનું લટકું, એનો ભાવ, એની દૃષ્ટિ, એનો ધબ્બો, એનાં સૂત્રો,
એના મુક્તો, એનું સુનૃત – એ એને યાદ કર્યા કહેવાય. એ સ્મૃતિયજ્ઞ.
સ્મૃતિયજ્ઞ પછી આવે પ્રાણિક જપ. ધ્યાન અને પ્રાણને સંબંધ છે.
પ્રાણથી અને ચિત્તથી – ચિત્તથી ચિંતવન કરો ને પ્રાણથી એની અભીપ્સા કરો કે
પ્રભુ, તને જ રાજી કરવો છે, તને જ રાજી કરવો છે.
સેક્સના આનંદ કરતાં બ્રહ્મનો આનંદ કો'ક જુદો હશે.
તો મારે તારી જોડેનું પ્રાણિક જપથી મિલન કરવું છે.
એ કેવી રીતે કરવું? તો, પહેલી સતત ધૂન કરો એટલે ઘાટ બંધ થઈ જશે.
પછી એની સ્મૃતિ અને એની જોડે પ્રાણિક જપમાં પૂરક અને કુંભક.
જેટલું રહેવાય એટલું ત્યાં એને ધારો. તું અંતર્યામી છે, સર્વજ્ઞ છે, સર્વવ્યાપક છે.
હવા સર્વત્ર, સૂર્યનો પ્રકાશ સર્વત્ર. ફક્ત અહીંયા India માં જ નહીં, સર્વત્ર.
એને સ્થળભેદ, સ્થાનભેદ, કાળભેદ, જાતિભેદ, વિચારભેદ, મતભેદ,
ચોટલાભેદ છે નહીં. મારા પ્રાણના પ્રેરક, મારા પ્રાણેશ, સરસ એક સહજાનંદ, સહજાનંદ.
જોગી મહારાજ, જોગી મહારાજ. ગુરુદેવ, ગુરુદેવ, સદ્‌ગુરુદેવ.

હવે હું તારું આવાહન કરું છું. **यज्ञानाम् जपयज्ञोस्मि** બધા યજ્ઞમાં જપયજ્ઞ.
કૃષ્ણ ભગવાન કહે એ સાચું. પછી પંદર મિનિટ ધૂન કરવી.
હે મહારાજ, હે સ્વામી, હે શાસ્ત્રીજી મહારાજ, હે યોગીજી મહારાજ,
મારી સામે આવેલ મુક્ત બ્રહ્મની જ મૂર્તિ મનાય, અખંડ દિવ્ય મનાય,
માથાનો મુગટ મનાય, મને કોઈનોય અભાવ ન આવે.

હે બાપા, હે સ્વામી, હે સહજાનંદસ્વામી, હે શાસ્ત્રીજી મહારાજ, હે યોગીજી મહારાજ, હે પ્રમુખસ્વામી, હે મહંતસ્વામી, હે હરિપ્રસાદસ્વામી, હે પપ્પાજી, હે કાકાજી, હે સંતમંડળ, આપની દયાથી, કૃપાથી, આપના અનુગ્રહથી, આપની જ શક્તિથી, આપની જ દૃષ્ટિથી સહજ જ દૃઢ કરાવજો.

પૂરો શ્વાસ લો, પૂરો. પૂરો શ્વાસ લો, મસ્તક સુધી, Total.

અટકો, ભાવના કરો, ભાવના કરો.

હે ગુરુદેવ, હે મારા ઈષ્ટદેવ, પ્રાણના પ્રાણેશ, ઓ મારા ધબકારાના નિયામક, હે મારા ધબક–ધબક ધબકારાના નિયામક, પ્રાણેશ, મારા ગુના માફ કરજો.

તમારામાં મને માયિકભાવ આવે એ માફ કરજો.

તમારામાં નિર્દોષભાવ રહે, અખંડ–અખંડ દિવ્યભાવ રહે.

તમે અંતર્યામી, સર્વજ્ઞ, સર્વોપરી છો. તમારું જ ધાર્યું થાય છે.

કાળસત્તા, કર્મસત્તા, આકર્ષણસત્તા, ધનસત્તા, રાજ્યસત્તા, મનસત્તા, આત્મસત્તા, બધી જ સત્તા આપની આગળ ફીફાં ફાડે.

હે સાર્વભૌમ, Supreme Sovereign Supremacy, પરમતત્ત્વ પરમાત્મા એવા હે સહજાનંદસ્વામી, હે શ્રીકૃષ્ણ નારાયણ, હે પરમતત્ત્વ પરમાત્મા, પરાત્પર પરમાત્મા, પ્રભુ, તમારાં ચરણકમળમાં મન નિમગ્ન રહો. અમે તમારાં ભૂલકાં છીએ, બાળક છીએ. પ્રાણથી અભીપ્સા કરીએ છીએ. Intense Aspiration તું જ રાજી થાય.

તારું જ ગમતું, તારું જ ગમતું, તારું જ ગમતું.

Irrespective of my thinking, belief, liking or conviction અથવા મારો સ્વરૂપ તરીકેનો અનુભવ – એ બધું જ છોડી દઈને પ્રભુજી, બાપા, જોગી મહારાજ, તમારી જ ઈચ્છા હોય એમ પ્રેરણા કરજો.

કોઈપણ વિચાર, ભાવ, સંકલ્પ અને ક્રિયા તમારામાંથી જ આવે.

સ્વરૂપપ્રેરિત – સત્યપ્રેરિત. 'સ્વ'ના ભાવથી પ્રેરિત નહીં, સ્વરૂપજ્ઞાનના ભાવથી પ્રેરિત પણ નહીં. મારી મન–બુદ્ધિ અને ચિત્તથી હશે ને તે પણ નહીં. પર્વતભાઈ માયિક ચિત્તથી ચિંતવન કરતા હતા.

હે બાપા, હું શૂન્ય બની જઈને, હું Total મરી જઈને, એટલે મારું અજ્ઞાન ખતમ, મારો નવજન્મ થયો. હું સચ્ચિદાનંદ, હું તારું ભૂલકું, હું તારું બાળક.

મા–મા–મા, મમ્મી–મમ્મી–મમ્મી. બિલાડીના બચ્ચાની માફક મા આવીને પકડશે.

O Supramental Divine Mother, lift me, lift me, inspire me.

તારી ગોદમાં લઈ લે.

ગુરુચરણમાં શીશ નામી – શીશ એટલે સંકલ્પ–વિકલ્પ–બુદ્ધિની માન્યતા, તર્ક–વિતર્ક ને સંદેહ. કોઈ જ ભેદભાવ નહીં, તું હી, તું હી, તું હી.

દરિયામાં ડૂબકી ખાધી. સ્વરૂપમાં લય થઈ ગયા. તો હવે, લીન થઈને અંદર
ડૂબકીમાં થોડીવાર રહો, પ્રાણાયામ કરો. પૂરો શ્વાસ લીધો? હવે અટકો, કુંભક કરો.
હે મહાપ્રભુ, મહાશક્તિ, મારી ૭૨ હજાર નાડીઓને – ઈડા, પિંગલા, સુષુમ્ણાને
શુદ્ધ કરજો, ઝણઝણાટવાળી કરજો, એની તાણાતાણ ઓછી કરજો.
હૃદયમાં પ્રાણના પ્રેરક પરાત્પર પરમ સૂર્ય પરમાત્મા, એ ત્રણ સૂર્યને એક કરો.
૨૫ સેકંડ પ્રાણાયામમાં ધારો. એટલું કુંભક થાય એ પ્રાણોત્થાન કહેવાય.
પ્રાણોત્થાન એટલે ૭૨ હજાર નાડીઓનું એકીકરણ કરી, પ્રકાશ કર્યો અને
પછી પ્રકાશમાં મહારાજની મૂર્તિ ધારો. પછી અશુદ્ધિને કાઢો.
ધીરે–ધીરે–ધીરે, Slowly એને કાઢો. એને મૂલાધારચક્ર સુધી ખાલી કરો.
ફરી શ્વાસ લો, પૂરો ૭ સેકંડ – ના, સાત સેકંડ લેજો. પછી ૨૪ સેકંડ અટકો.
૨૫મી સેકંડે ધીરે–ધીરે પસાર કરો. તમારો દેહ અને આત્મા જુદો પડી જશે.
પ્રાણના સાક્ષી બનો. પ્રાણ ચાલે ત્યારે સોહમ્ કરો. શ્વાસ લીધો – સો... હમ્ અને
એકદમ સ્વામિનારાયણ–સ્વામિનારાયણ અજપાજપ થશે, જપ્યા વગર જપ ચાલશે,
પ્રાણિક જપ થશે. એમાં જ તમારું મન સ્થિતપ્રજ્ઞ રાખો અને આત્મનિરીક્ષણ કરો.
બહાર અને અંદર ગુરુદેવને ધારીને જોયા કરો. બીજે ક્યાં વિચાર જાય છે?
વારંવાર જાય છે? એ તમારો સ્વભાવ. એમાં તમને રસ છે,
એનો તમને હજી મહિમા છે. મિશ્રણ છે, પીળી છાંટ છે. એ સ્વભાવને કાઢી નાંખો.
ધ્યાન કરતા વારંવાર વિચાર આવે એ તમારો સ્વભાવ. તમને સ્વભાવની ખબર છે?
ખબર છે કે ક્રોધ નથી જોઈતો. પણ ના, તીવ્રતા નથી. ઝેર પીવો છો? Total માનો.
સ્વભાવ નથી જ જોઈતો. એની જોડે No Compromise, ૨૪ કલાક પૂરતું.
સ્વભાવ જતો રહેશે. ક્રોધ કાઢવો છે? ઈર્ષ્યા કાઢવી છે? કામના જીતવી છે?
મારા ગુરુદેવના પ્રતાપે ૨૪ કલાકમાં ચાલી જાય.
એટલી બધી તીવ્રતા – શૂરવીરતા નથી? તમે વાણિયા છો? નબળા છો?
કાઠી નથી? શૂરવીર નથી? સ્વભાવ કાઢવો જ છે? ખરેખર કાઢવો જ છે?
તો ૭ દિવસનો પ્રયોગ અમારી શિબિરમાં કરો. આવો, આવો.
તમને આમંત્રણ છે, સ્વભાવ કાઢવાની આ ફેક્ટરી છે.

તમે નિર્દોષબુદ્ધિના સ્વભાવ કરો. પુરુષોત્તમ નારાયણને રાજી કરવાના સ્વભાવ કરો.
ખાતાં–પીતાં–બેસતાં–ઊઠતાં–હરતાં–ફરતાં બાપા, હું તમારું ભૂલકું,
તારી જ પ્રેરણા પ્રમાણે જીવન જીવવું છે.
તમે સમ્રાટના રાજપુત્ર, સમ્રાટની રાજપુત્રી, સમ્રાટની રાજરાણી બની જશો.
રાજાનું રાજ્ય એટલામાં રાણીનું રાજ્ય. એને તમારા વગર ચાલશે નહીં.
રાધા અશરીરી બની. ભગવાન કૃષ્ણ રાધાની આરાધના કરે.

જેની ભગવાન આરાધના કરે એ રાધા. એ એની પરમ શક્તિ.
સ્વામિનારાયણ ભગવાન મૂળ અક્ષર ગુણાતીતની આરાધના કરે,
તો ગુણાતીતને આપણે પકડીએ. તો મહારાજ અખંડ બેસી જાય. વેદરસનો પહેલો પત્ર.

તમારા હૃદયમાં ભગવાને નિવાસ કર્યો, ગુરુદેવે નિવાસ કર્યો.
એને ચીટકી રહો, પ્રહ્લાદની માફક ચીટકી રહો, ૨૪ જ સેકંડ ચીટકી રહો.
જુઓ, શું થાય છે? શ્વાસ લો, અટકો, ચીટકી રહો.
ધીરે–ધીરે, લડો નહીં – મલ્લયુદ્ધ ના કરો. Natural wayમાં રહો, કુદરતી.
કોણ તમે? કોના છો? બાપાના, જોગીના, પપ્પાજીના, કાકાજીના, કોના છો?
સ્વામિનારાયણના, રામના, કૃષ્ણના, કોના છો? પ્રાણવાયુ કોણ ચલાવે છે?
પ્રાણના સાક્ષી કોણ છે? હે જોગી મહારાજ, જોગી મહારાજ, જોગી મહારાજ,
પ્રાણના સાક્ષી બનીને પોકાર કર્યો. એક વખત થઈ ગયું, તમે બેસી ગયા.
ભલે દેખાય નહીં. લાકડામાં અગ્નિ, તલમાં તેલ, દૂધમાં ઘી, ફૂલમાં સુગંધ –
એમ મારા જીવમાં પ્રભુ બેસી ગયા.
મારા પ્રાણના પ્રાણેશ, મને નિર્દોષ બનાવજો, મને કોઈનોય અભાવ ના આવે.
મારું ત્રિલોચન આજ્ઞાચક્રથી ખોલજો. જ્યાં જુએ ત્યાં રામજી. ન સ્ત્રી, ન પુરુષ.
મધદરિયે આકાશ ને પાણી. હે દયાળુ, હે સ્વામી, તમારાં ભૂલકાં છીએ.
અમારા હૃદયમાં એક મિનિટ નિવાસ કરીને તમે પ્રેરણા કરો, પ્રકાશ કરો.
દીપક પ્રગટ્યો. ડૂંટીની નીચે પ્રકૃતિ છે, ડૂંટીની ઉપર પ્રકાશ છે. પુરુષોત્તમ પ્રગટે.
છેક બ્રહ્મરંધ્ર સુધી જાઓ. Cycle complete કરો.
અજપાજપ થઈ ગયો – automatic જપ ચાલ્યા કરશે,
કાળજું ધબક–ધબક–ધબક થશે. સ્વામિનારાયણ–સ્વામિનારાયણ–સ્વામિનારાયણ.
જોગી મહારાજ, જોગી મહારાજ, જોગી મહારાજ થશે.
સર્વભાવેન, સર્વભાવેન મને ભરી દો. પ્રાણથી ભરી દો, પ્રાણથી ભરી દો ને
પછી જુઓ. એ પ્રેરણા કરશે. શું પ્રેરણા કરે છે? પ્રતિક્ષા કરો, પ્રતિક્ષા કરો.
એ શું પ્રેરણા કરે છે? એનો અવાજ સાંભળો.
તમારા બધા મનના–ચિત્તના–પ્રાણના અવાજ બંધ કર્યા. હવે એક જ અવાજ સાંભળો.
ખુલ્લા રહો, ખુલ્લા રહો, ખુલ્લા રહો. પ્રભુ, બાપા, કોઈ બીજો વિચાર આવે છે?
કોઈ Black Hole – શૂન્ય થઈ જાય છે? આકાશવત્ ભાવ થઈ જાય છે?
ચેતન – ચેતના છૂટી પડી ગઈ લાગે છે? અદ્ધર ઊડતાં લાગો છો?
થવા દો, ચીટકી રહો, ચીટકી રહો, પ્રહ્લાદ માફક.
સ્વામિનારાયણ–સ્વામિનારાયણ, જોગી મહારાજ–જોગી મહારાજ,
પપ્પાજી–પપ્પાજી, કાકાજી–કાકાજી, સ્વામીજી–સ્વામીજી, મારા પ્રાણના પ્રેરક.

હું તારો પ્રકાશ – હું તારો પ્રકાશ. મારું શરીર મોટર છે.
પેટ્રોલ ભરી દીધું, બૅટરી ચાર્જ કરી લીધી.
હવે ડ્રાઈવર મનને બદલે ગુરુ રાજ્ય – ગુરુ રાજ્ય, સદ્ગુરુ રાજ્ય, મનનું રાજ્ય નહીં.
મન કૂદશે, તોડી નાંખશે. એક સહેજ નબળાઈ જોઈને પેસી જઈને ભૂતડું વળગશે.
મનને કહી દો મનવા, બહુ તારું માન્યું હવે. છોડ હમણાં – હમણાં છોડ.
પ્રાણ આવશે, અવ્યક્ત આવશે, સેક્સ આવશે, એને કહી દો હમણાં નહીં,
હવે થોડીવાર પછી. બટકું નાંખવું હોય તો નાંખીને બંધ કરી દો.
પ્રાણ અને મનને – બે પાડાઓને મિત્ર બનાવો.
પાડાઓને થોડું ખાવાનું આપો, લાલચ આપો.
તમને લાડ લડાવીશું હો, હમણાં નહીં, હમણાં પ્રભુ પકડો.
એ કહેશે, નહીં બને, મારી નાંખીશું. ચલ, તારાથી થાય એ કર.
જોગી મહારાજ – જોગી મહારાજ, આ પજવે છે.
કોણ? પ્રાણ અને મન આવીને કહેશે અમે તો તમારા સેવક છીએ.
પણ આ લુચ્ચો છે, તમારી જોડે બનાવટ કરે છે.
એને કંઈક મનોરથ છે, એને મિનિસ્ટર થવું છે, નંદાને.
એ તમને એટલા માટે ભજે છે કે એ પ્રાઈમ મિનિસ્ટર થાય.
પેલો પૈસા માટે ભજે છે, પેલો બાળક માટે ભજે છે, પેલો સુંદરી માટે ભજે છે,
પેલો મહત્ત્વાકાંક્ષા માટે, પેલો મહંત થવા, સદ્ગુરુ થવા માટે.
કોઈ ભક્ત તમારી પ્રસન્નતા માટે તમને ભજતો નથી.
એટલે માયા કહે કે હું કૂદું છું. પ્રકૃતિ – મન કહે કે એટલે હું એને બનાવું છું.
પ્રાણ કહે કે એટલે હું એને છછુંદરવેડા કરાવું છું.

ત્રણેયને કહે છે, પ્રકૃતિને – Your Crude Nature, મનને – એ એનું વાંદરું અને
પ્રાણ – એ પાડો છે, આખલો છે, મારી પાડે એવો. તો ત્રણેયને મિત્ર બનાવો.
તમારી પ્રકૃતિ મિત્ર બને. તમારી પત્ની પણ તમારી મિત્ર બને – સહાયક.
તમારું મન વાંદરું પણ ડુગડુગિયું વગાડીને મદારીને કમાઈ આલે અને
તમારો પ્રાણ પણ પાડો – ભૂતડાંની માફક દસ ગણું કામ કરે.
Ten Horse Power – દસ પ્રાણ.
પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન – દસેય પ્રાણને સ્થગિત કર્યા. ૨૪ સેકંડ કુંભક કર્યું.
૨૫મી સેકંડે release કરો. ધીરે–ધીરે અશુદ્ધિ નીકળી ગઈ.
તમે પરમ પવિત્ર થઈ ગયા, તમે શુદ્ધ થઈ ગયા. તો એકદમ મૂર્તિ આવશે, પ્રકાશ
થશે. પ્રેરણા મળવી જ જોઈએ. શું અવાજ આવે છે? પ્રભુ શું પ્રેરણા કરે છે?
અક્ષરધામના રેડિયોમાં શું સંભળાય છે? Hear that radio only.

મહારાજ, અખંડ રહેજો. અખંડ તમે પ્રેરણા કરજો.
અમે સહેજ તમારા તરફ દૃષ્ટિ કરીએ ત્યાં જ.
આજના મારા સર્વ – ચોવીસ કલાકના કર્મયોગમાં તમે જ પ્રેરણા કરજો.
હું ભૂલ કરું તોયે તમે જ જાળવજો. દિલથી ઈચ્છું છું પ્રભુ, દિલથી ઈચ્છું છું.
મારી મેળે નહીં થાય. તમે મને ધક્કો મારીને પણ તમારું જ ધાર્યું કરાવજો.
તમને હું લાત મારું તોય મારા પર દયા કરજો. હું તમને ભૂલીને ના ભમી આવું.
પ્રેમથી તમને સંભારું, જેમ દેહને સંભારું છું એમ પ્રેમથી તમને સંભારું.
વિચારે કરીને તટસ્થ રહીને જગતમાં જાઓ.
અનાસક્ત રહીને સાક્ષીભાવે – સચેતન સક્રિય સમતાપૂર્વક સાક્ષીભાવે.
**સચેતન** – મારી જોડે છો. હું જાનવર નથી.
જાનવર ચેતન છે, પણ સચેતન એટલે હું ચૈતન્યમય છું.
હું તમારો રાજપુત્ર, ભલે ગાંડો–ઘેલો પણ ઈંદિરાનો સંજય.
કોઈ મિનિસ્ટર, કાળ–કર્મ–માયાનો મને ભય નહીં, છો ધમપછાડા કરે.
તમારે લઈને મારું જ ધાર્યું થાય છે.
**સક્રિય** – મારે movement તો કરવી પડશે. કેવી રીતે? સમતાપૂર્વક રહીને.
આને બોલવા દો, આને ભાંડવા દો, આને એની રીતે કરવા દો, આ ઘર સળગવા દો – મિથિલાયામ્ પ્રદીપ્તાયામ્. પણ હું તને ચીટકી રહું.
**સમતાપૂર્વક** – સાક્ષીભાવે તું રહ્યો તો હવે હું પ્રેરણા કરું છું.
પરમેશ્વર પ્રગટ્યા, પ્રભુ પ્રગટ્યા. એ જે પ્રેરણા કરે તેમ કરો. તો તમે નિશ્ચિંત.
પ્રભુ કબજો લઈ લેશે.

વેદરસનો પહેલો પત્ર–મહામુક્તને, સિદ્ધપુરુષોએ પણ આ ગુણાતીત જ્ઞાન શીખવું પડશે. સંતમાર્ગ, સાધુનું જ્ઞાન, પ્રલયનું જ્ઞાન, જીવતા થવાનું જ્ઞાન.

(ભજનની કડી) ‘થઈને સાવ નિરાધાર, જઈને મનને પેલે પાર...
...દાન દર્શનનાં આજ સહેજે રે મળ્યાં...’
‘રહે ભાર ન ભૂતાવળનો... મારા અંતર મહોલના... દિલ આરજૂ આ યાચે...’
તો શું? હમણાં જશો એટલે તરત કસોટી થશે. તો,
‘મૂળવૃત્તિને જ્યારે હલાવે... રંગીલા રે, તારા નામનો ભરોસો રખાવ...’
પણ નડશે શું? ‘ઝીણી ગૂંચ મનુષ્યભાવની...’
માનીએ તો પણ દિવ્યભાવ રહેતો નથી ને સ્મરણ પણ રહેતું નથી.
‘ઝીણી ગૂંચ મનુષ્યભાવની... તારે ગાવું હોય તે ગાજે... હું છું તારી બંસી...’
તો એક મિનિટ ધ્યાન કરો. પૂરો શ્વાસ લો, આંખ મીંચેલી રાખો. હે પ્રભુ, હું તારી બંસી.
પ્રાણને અટકાવી કુંભક કરી રોકો. ભાવના કરો.

પ્રભુ, હું તારો જ છું, હું તારો જ છું, હું તારો જ છું.
તારું જ ગમતું કરવું છે, તારું જ ગમતું કરવું છે, તારું જ ગમતું કરવું છે.
ભજન–સેવા–સમાગમ–અઢાર હજાર માળા –
બધી જ પ્રવૃત્તિ તારામાંથી આવે એ જ કરવું છે.
મારો વિચાર નહીં, સંકલ્પ નહીં, ભાવ નહીં, ક્રિયા નહીં,
ભેદભાવ નહીં, વિરોધભાવ નહીં.
મારા પ્રાણેશ, પ્રાણાધાર, તને જે ખૂબ ગમે એવું તારું જ ગમતું કરવું છે,
બીજું કાંઈ નહીં. સંપ–સુહૃદભાવ–એકતા, તું જ કરાવજે.
બળજબરીથી – એકાવન ભૂતડાંનો કબજો જ લઈ લે. હું હવે 'અરે' નહીં કરું.
આવી શરૂઆત અબઘડીથી જ – આ momentથી જ શરૂ થઈ જાય.
એ માહાત્મ્યની જે ખામી છે તે તું જ ટાળજે.
એવા બે ભગવદી સાથે કુટુંબભાવે વર્તીને હું મારો જ દોષ જોઉં.
વચ.ગ.પ્ર. ૧૬ સિદ્ધ થાય એવું, વચ.સારં. ૧૬નું ફળ
મહારાજ, નરનારાયણ, કાકાજી, પપ્પાજી, સ્વામીજી, મહંતસ્વામી
એ જે કંઈપણ માળા કરે એનું લાખ ગણું ફળ મળો એ જ અંતરની પ્રાર્થના.
એક મિનિટ ધ્યાન કરી લો.
પૂરો શ્વાસ લો, અટકો, ભાવના કરો, ભાવના કરો, ભાવના કરો.
તમે બ્રહ્મસ્વરૂપ, મહારાજ તમારી જોડે અખંડ છે. એને નિવેદન કરો.
બાપા, હવે હું જરૂર અમલમાં મૂકીશ.
ન મૂકું તો મુકતોમાંથી ઠોસા મારીને પણ તું કરાવજે.
મારીને બામણી કરવાનો જ છે તો સહેજ લપસી પડું ત્યાં જ તું આવી જજે અને
મને ઊભો કરીને આ માર્ગે–નિર્દોષબુદ્ધિના–સુહૃદભાવના–મહિમા ગાવાના માર્ગે દોરજે.
તમારા ચમચા કે ચમચી જોડે પણ દિવ્યભાવ રાખીને વર્તજો, એ તમને ગમશે પણ.
એને (પ્રભુને) સંભારીને – એનું મીઠું નાંખીને કામ કરજો.
મહારાજ, સર્વને ખૂબ સુખિયા કરજો,
વહેવારનાં કામ સરળતાથી ઊકલી જાય અને
નિર્દોષબુદ્ધિ દૃઢ થાય એ જ પ્રાર્થના.
એક મિનિટ ધ્યાન કરો.
સહજાનંદસ્વામી મહારાજની જય.
ધન્યવાદ, ધન્યવાદ, ધન્યવાદ.
મહારાજ સર્વને સૂઝ આપે એ જ પ્રાર્થના.

## વિભાગ – ૩

# ગુણાતીત જ્ઞાનની બારાખડી

## ૦૧. અનુપમ સપ્તપદી ગીતા

**પ્રસ્તાવના**

આ સૃષ્ટિમાં અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની ક્રિયાઓ પ્રભુની લીલાના ભાગરૂપે નિરંતર ચાલી રહી છે. ત્યારે સ્થિતિના કાળમાં જીવ શિવ સ્વરૂપ થાય, એટલે કે જીવાત્મા શુદ્ધ ચૈતન્યભાવે – બ્રહ્મરૂપે – પ્રભુને ધારે અને છેવટે પરમોચ્ચ સ્થિતિએ અક્ષર(બ્રહ્મ)ભાવને પામી પરબ્રહ્મને અખંડ ધારી પુરુષમાંથી પુરુષોત્તમરૂપ થાય છે. તે માટે જુદાજુદા સમયે ભગવાન પોતે અંશાવતાર કે પૂર્ણાવતારરૂપે પ્રગટી, દેશકાળ અનુસાર માર્ગદર્શન આપી, કેટલાય જીવોનો ઉદ્ધાર કરી પોતાનું અવતાર કાર્ય પૂર્ણ કરે છે. પરંતુ માનવ સ્વરૂપે વિચરતા પ્રભુ અથવા તો એમના અખંડ ધારક એવા ગુણાતીત સત્પુરુષને યથાર્થ ઓળખવા એ માયિક બુદ્ધિવાળા જીવને માટે ખૂબ કઠિન કાર્ય થઈ પડે છે.

ગોવિંદરામે કહ્યું એ પ્રમાણે –

'**પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે રમાપતિની રીત**' તથા,

'**નિર્ગુણબ્રહ્મ સુલભ અતિ, સગુણ ન જાણે કોઈ,**
**સુગમ અગમ નાના ચરિત્ર, સુનિ મુનિ મન ભ્રમ હોય.**'

એ ઉક્તિઓ અનુસાર માનવ દેહે વિચરતા ભગવાનના અખંડ ધારક એવા સંતની યથાર્થ ઓળખાણ થવી ખૂબ જ અઘરી છે. ભગવાન શ્રીકૃષ્ણને પણ અર્જુનને પોતાના સ્વરૂપની યથાર્થ વાત સમજાવવા સોગંદ ખાવા પડ્યા. (ભગવદ્‌ગીતા અધ્યાય ૧૮માનો શ્લોક–૬૫) પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામીએ પણ વચ.ગ.મ. ૧૩માં સોગંદ ખાઈને પોતાના સ્વરૂપની યથાર્થ વાત સમજાવી છે અને વચ.વર. ૧, મ. ૧૪, ગ.છે. ૨માં પણ આજ વાત સમજાવવાનો આગ્રહ રાખ્યો છે.

ભગવાનની પ્રાપ્તિ માટે કે આત્મા પરમાત્માનાં સુખ, શાંતિ અને આનંદની પ્રાપ્તિ માટેના માર્ગદર્શન માટે ઘણાં શાસ્ત્રો છે. પરંતુ શ્રીમદ્ ભગવદ્‌ગીતા એ એક વિશ્વ માન્ય શાસ્ત્ર છે. એ કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે, ભગવાન અને ભક્ત વચ્ચેનો સંવાદ છે. ભક્તને ભય અને ભવિષ્યની ચિંતામાંથી ઉદ્‌ભવતો દ્વંદ્વ છે અને પ્રભુને એ દ્વંદ્વથી પર, ત્રણ ગુણથી પર કોઈક દિવ્ય દૃષ્ટિ એમના ભક્તને આપવી છે.

'**त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन।**
**निर्द्वन्द्वो नित्यसत्वस्थो निर्योगक्षेम आत्मवान्।।**' **(૨-૪૫)**

ગીતામાં શ્રીકૃષ્ણએ અર્જુનને કરેલા કેટલાક આદેશો પૈકી આ એક ઉત્તમ આદેશ છે. જે જ્ઞાનથી પ્રભુના સાધર્મ્યપણાને પમાય છે. એવા – **ज्ञानानाम् ज्ञानम् उत्तम्** – જ્ઞાનનો યોગ શીખવા પ્રભુએ અનુરોધ કર્યો છે.

તો *દ્વંદ્વ*થી ઉદ્‌ભવતા ભક્તનો વિષાદ અને તે ટાળવા પ્રભુએ કરેલા વાત્સલ્યમય બોધનું આલેખન એ જ ગીતા. ભક્તનો પોતાની અપૂર્ણતાનો, અસહાયતાનો એકરાર અને પ્રભુના સર્વોપરી સાર્વભૌમ સ્વામીત્વનો સંપૂર્ણ સ્વીકાર એ ગીતાની પૂર્ણાહુતિ છે.

**यत्र योगेश्वर: कृष्णो यत्र पार्थो धनुर्धर:।**
**तत्र श्रीविजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम।। (१८-७८)**

અર્જુનનો જે *દ્વંદ્વ* છે તે તો સાંકેતિક છે. આપણે સહુ અર્જુન જ છીએ કારણ કે આપણને સહુને *દ્વંદ્વ* છે, કોઈ વિષાદ છે ને સૌથી વધુ તો આપણું 'અર્જુનપણું' છે. તેને કારણે જ વિક્ષેપ છે, ક્લેશ છે, વિષાદ છે ને તેથી જ જીવનમાં ડગલે ને પગલે હતાશા, નિરાશા, અસહાયતા, પરવશતા ને લાચારી આવ્યા કરે છે. તેમાંથી ઊગરવા કૃષ્ણ જેવા કોઈ સારથિની, કોઈક ભોમિયાની, ભવસાગર પાર કરાવે એવા શુકદેવજી કે ગર્ગાચાર્ય જેવા ભગવાનના સંતરૂપી અનુભવી નાવિકની અનિવાર્યતા સમજાય છે.

અહીં ગુણાતીત સપ્તપદી ગીતામાં *દ્વંદ્વ* નથી તેમ ભેદ પણ નથી, કુરુક્ષેત્ર નથી, સ્વતંત્ર જીવનમુક્તની એકાંકી સ્વરૂપમાન્યતા પણ નથી. **અહીં સ્વરૂપજ્ઞાન તો છે, પરંતુ માહાત્મ્ય નથી. તેથી અણસમજણ અને અસ્મિતા રહેવાથી વિષાદ કે વિક્ષેપ પ્રગટે છે. જે સુહૃદભાવના સિદ્ધાંતથી દૂર થાય છે.**

અનુપમ સપ્તપદી ગીતામાં આલેખાયેલા મહાભારતના પ્રસંગોમાં ઉદ્ધવજીને કોઈ *દ્વંદ્વ* ન હતો, તેઓ શાણા, સમજુ, ડાહ્યા, વિવેકી હતા, પરંતુ કૃષ્ણના સંબંધવાળા ગોપીજનોનું માહાત્મ્ય ન સમજાયું તો ઊણપ રહી ગઈ ને તેથી વિષાદ રહ્યો.

મહાભારતના આ પ્રસંગોને પોષીપૂનમની શિબિર વખતે પૂ. અશ્વિનભાઈએ એમના ઉદ્‌બોધનમાં સુંદર રીતે ઘૂંટ્યા. પ.પૂ. પપ્પાજીએ એના પર મંજૂરીની મહોર મારી અને પછી પ.પૂ. કાકાજીને તેનું આલેખન કાર્ય સોંપાયું.

સાધનામાં સર્વસ્તરે આવતી વિષાદની જુદીજુદી ભૂમિકાઓ સચોટ રીતે વર્ણવી તેમાંથી બહાર નીકળવાના સરળ ઉપાયો પ.પૂ. કાકાજીએ '**અનુપમ સપ્તપદી ગીતા**'ના રૂપમાં આપણી સમક્ષ મૂક્યા છે. જેમ પ.પૂ. યોગીજી મહારાજ પણ પ્રસંગોને સરળતાથી અને માર્મિક રીતે સમજાવતા તેમ આ પુસ્તિકા સર્વકાળે, સર્વસાધકો માટે અંતિમ મંજિલ સુધી માર્ગદર્શક બની રહે એવું ગુણાતીતજ્ઞાનનું પરમ રહસ્ય એમાં દર્શાવ્યું છે.

સપ્તપદી ગીતાનો આ સરળ ઉપદેશ **પ્રગટની નિષ્ઠાવાળા સાધકોને દેહ છતાં જ અક્ષરધામનું સુખ સમ્યક્ નિર્દોષબુદ્ધિરૂપે પ્રાપ્ત કરાવશે અને એના સંબંધમાં આવનાર અન્ય કોઈને પણ તેની રસલહાણ કરાવશે.**

'અવિરોધવૃત્તિ અને અભેદદૃષ્ટિ' એટલે કે 'वासुदेव: सर्वमिति।' ચિદાકાશમય દૃષ્ટિ એવો બ્રહ્મજ્ઞાનનો અર્ક તેમાં સમાયેલો છે. તે અનિર્વચનીય અને અનુભવગમ્ય છે. તેને કોઈ ઉપમા આપી શકાય તેમ નથી, તે અનુપમ છે.

આવો, આપણે સહુ અનુપમગીતાના અંતિમ આદેશને આપણા આદર્શરૂપે લક્ષમાં રાખી અભીપ્સાપૂર્વક આગળ વધીએ. પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ અને પ.પૂ. યોગીજી મહારાજ ઓળખાવી ગયા એવાં પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપો આજે આપણને સારથિરૂપે સહજ સુલભ છે. તો બીજા આકાર અને આધારને સદંતર તિલાંજલિ આપી આ દિવ્યપુરુષોનો સંપૂર્ણ વિશ્વાસપૂર્વક સ્વીકાર કરીએ અને ભગવદ્‌ગીતાનો અંતિમ સંદેશ –

**'જ્યાં જુઓ ત્યાં રામજી, બીજું ન કાંઈ ભાસે'**

'**वासुदेव: सर्वमिति।**' – ને અનન્યમાંથી અનુપમ સપ્તપદીગીતાનો પરમ આદર્શ – 'હું ને તું એક, તું પરનો પર'ને સુહૃદભાવના સિદ્ધાંતથી સાકાર કરીએ અને જીવન ધન્ય કરીએ.

## અનુપમ સપ્તપદી ગીતા

માનવજાતિના–જીવપ્રાણીમાત્રના પરમ કલ્યાણને અર્થે પ્રભુએ પોતે ગરજ રાખી.
યુગે યુગે પૃથ્વી પર પ્રગટ થઈ બદ્ધ જીવોને મુક્ત કરવા સંકલ્પ કર્યો.
જેનો ઉલ્લેખ સ્વયં શ્રીકૃષ્ણએ પોતે જ ગીતામાં
**यदा यदा हि धर्मस्य**... એ શ્લોકમાં કર્યો છે.
શ્રીજીમહારાજે પણ વચ.વર.૧૯ માં આજ વાતને અનુમોદન આપી
પોતા થકી અથવા પોતાના તદ્‌વદ્‌ભાવને પામેલા વીજળી કે વડવાનળ જેવા
સંત થકી આત્યંતિક કલ્યાણનું એ કાર્ય વણથંભ્યું અવિરતપણે – '**यावत्चंद्रदिवाकरौ**'
ચાલુ રાખવાનો કૉલ આપ્યો છે. એવા ભગવાન કે ભગવાનના સંત
જે જરૂર પૃથ્વી પર વિચરતા હોય, તેની જો જીવને ઓળખાણ થઈ જાય તો
તેનું ખૂબ રૂડું થાય એવું સ્વયં પ્રભુનું વરદાન છે.

દેહ છતાં જ પ્રભુના એ ભવ્ય સુખની કાયમી રસલહાણ માણવા,
એ શાશ્વત સુખ, શાંતિ અને આનંદના ભોક્તા બની
અક્ષરધામની દિવ્ય જ્ઞાનસમાધિમાં અખંડ રહેવાનું
સૌભાગ્ય બક્ષિસરૂપે મહારાજે કેવળ કરુણા કરી સૌ કોઈ માટે સહજ બનાવ્યું.

**૧)** ભગવાનપણાની નિષ્ઠા સ્વયં ભગવાન યા તો
એવી નિષ્ઠા થયેલ ભગવાનના સંત વડે જ થાય.
એ ન્યાયે પ્રભુના એવા પ્રત્યક્ષ સ્વરૂપના અસ્તિત્વમાં શ્રદ્ધાપૂર્વકની આસ્તિકતા
એ અનુપમ સપ્તપદી ગીતાનું પ્રથમ સોપાન છે.
પૂર્વજન્મના અતિ બલિષ્ઠ સંસ્કારના પ્રતાપે દુર્લભમાં દુર્લભ
ભગવાન યા તેમના સંતનો જોગ થાય છે.
અથવા તો કેવળ પ્રભુને જ અર્થે જીવન જીવવાની

પરિક્ષિત જેવી તાલાવેલી યા તો સ્વરૂપને ઓળખવાની કોઈ તીવ્ર અભીપ્સા
કે ઝંખનાની ફળશ્રુતિરૂપે સ્વયં પ્રભુ જ કરૂણા કરી
એવા મુમુક્ષુ જીવને પોતાના સંબંધમાં લાવી એના
કલ્યાણયજ્ઞની શરૂઆત કરે છે.

જીવની **બદ્ધદશાનો સભાનપણે એકરાર** અને એ બંધનોમાંથી મુક્ત થવા માટે
પ્રભુના ધારક એવા **સંતની અનિવાર્યતાનો સ્વીકાર**
એ મુમુક્ષુ જીવને માટે અખંડ સુખિયા થવા માટેની **પહેલી અનિવાર્ય શરત છે.**

**૨)** સપ્તપદી ગીતાના બીજા સોપાનમાં પ્રભુના એ સંબંધને કોઈપણ સંજોગોમાં વળગી રહેવું એ સાધક માટે અનિવાર્ય છે.
પ્રભુના સંબંધમાં આવ્યા પછી સહજ જ એના સંબંધનો અભિગમ રહે,
આલોચ રહે, એ સંબંધની દૃઢતાનું ખૂબ સ્વાભાવિક ને સહજ લક્ષણ છે.
સત્પુરુષ પોતાના મનાય, પોતાના વ્યાપાર–વ્યવહારમાં
કોઈ અશક્ય લાગતા કાર્યમાં, કોઈ મુશ્કેલીઓમાં સત્પુરુષના સંબંધે કરીને,
એનાં બળથી, આશીર્વાદથી ઉકેલ આવે
તેમ તેમ એમના તરફની અભિરુચિ વધુ ને વધુ દૃઢ થતી જાય અને
પ્રભુ પણ એ હેતનિષ્ઠા દૃઢ કરાવવા ભક્તોના મનોરથો પૂરા કરી
એ સંબંધને કાયમી દૃઢ કરવાનો દાખડો–ભીડાને ભક્તિ માની ચાલુ રાખે છે.
માનવસ્વરૂપે આમ **પ્રભુને ઓળખી એના સંબંધમાં ટકી રહેવું એ જ ભક્તપણું છે.**
**તેમ છતાંય ઉત્તમ ભક્તપણું નથી કારણ કે પ્રભુને હજી મન સોંપ્યું નથી.**
**ફક્ત સ્થૂળ સ્વરૂપે પ્રભુને જીવનમાં પ્રથમ સ્થાન આપ્યું છે.**
**પોતાની માન્યતા કે મહત્ત્વાકાંક્ષા હજી નિઃશેષ થયાં નથી,**
**મૂળ વાસના અને અહંભાવ નિર્મૂળ થયાં નથી તેથી**
**હેતનાં એ રીસામણાં–મનામણાં અને આગવા સંબંધના અભિનિવેશમાં**
**હકદાવાના ધોખાવાંધાઓને અવકાશ રહે છે.**
**પ્રભુને પ્રભુ તો માન્યા છે પણ પોતાની રીતે માન્યા છે.**

**સ્થૂળ સંબંધના આલોચ અને આશરાના અભિનિવેશની છેતરામણી આભામાં**
**સ્વયં પ્રભુની જ ક્રિયાઓને પોતાની રીતે મૂલવવાની અભાનપણે**
**અવહેલના થઈ જાય છે.**

ભગવાન શ્રીકૃષ્ણના જીવનનો એક પ્રસંગ આ બાબતમાં ઘણો પ્રકાશ ફેંકી જાય છે.
'सर्वजीवहितावह' – એ ઉક્તિને સાકાર કરવા
ભગવાન શ્રીકૃષ્ણ કુબ્જા નામની ગણિકાની ભક્તિનો સાદ સાંભળી

એક રાત્રે પોતાના પ્રિય ભક્તરાજ શ્રીદામાને સાથે લઈ કુબ્જાની મેડીએ ગયા.
શ્રીદામા મેડી નીચે બેસી રહી શ્રીકૃષ્ણના પાછા ફરવાની પ્રતિક્ષા કરતા રહ્યા.
ઘણો સમય વીત્યા છતાં કૃષ્ણ પાછા ન આવ્યા
તેથી થાકીને શ્રીદામા પાછા પોતાના નિવાસસ્થાને આવ્યા અને
શ્રીકૃષ્ણના પરમસખા એવા ઉદ્ધવને કૃષ્ણના સમાચાર આપ્યા.
પ્રભુ સાથેના કોઈ દિવ્ય પ્રેમના જોડાણથી અને
કૃષ્ણ પ્રત્યેની એવી અનુપમ ભક્તિથી દોરાઈ સ્વયં ઉદ્ધવ કુબ્જાને ઘરે ગયા
પરંતુ તેમણે કૃષ્ણને બોલાવ્યા નહિ.
કૃષ્ણ પાછા ન આવે ત્યાં સુધી તેમની પ્રતિક્ષા કરવાનો નિર્ધાર કરી
તેઓ દરવાજા બહાર જ બેસી રહ્યા. એમને એમ આખી રાત વીતી ગઈ.
સવારે કૃષ્ણએ ઘરે જવા કુબ્જાના ઘરની બહાર પગ મૂક્યો ને
ઉદ્ધવને જોતાં જ આશ્ચર્ય પામ્યા.
ઉદ્ધવે ખુલાસો કર્યો તે સાંભળી શ્રીકૃષ્ણ ખૂબ પ્રસન્ન થયા.
ઉદ્ધવ ખરેખર નિર્દોષબુદ્ધિવાળા ભક્ત હતા.
સ્વરૂપનિષ્ઠાની સ્થિતપ્રજ્ઞતા એમને સિદ્ધ હતી.
કૃષ્ણના આ ચરિત્રમાં તેમને શંકા તો શું, સંદેહ પણ ન આવ્યો!
કૃષ્ણના હરેક કાર્યને તેઓ દિવ્ય અને કલ્યાણકારી માનતા હતા.
નિર્દોષબુદ્ધિવાળી ભક્તિનો એવો એમનો અનુપમ સંબંધ કૃષ્ણ સાથે
ખૂબ સઘન અને દઢ હતો. તેથી જ કૃષ્ણએ તેમને કહ્યું, ‘હવે રાધા પાસે પ્રથમ તું જજે. શ્રીદામાને ન મોકલતો કારણ કે એને તો રાધા ગણકારશે પણ નહિ.’
પ્રેમલક્ષણા ભક્તિથી હેતનિષ્ઠા દઢ કરેલી રાધા માટે
કૃષ્ણ આખી રાત કુબ્જાની કોઠીએ રહ્યા એ ખૂબ જ અસહ્ય હતું.
કૃષ્ણ તરફના પોતાના આગવા પ્રેમની તેમાં તેને ઉપેક્ષા દેખાઈ અને
તેથી જ જેવા ઉદ્ધવ તેમને મળવા ગયા કે તેઓ ઉદ્ધવ પર રોષે ભરાઈ બોલ્યા,
‘તમને કાંઈ સૂઝ પડે છે? કૃષ્ણને આખી રાત કુબ્જાને ઘરે શું કામ બેસાડી રાખ્યા?’
ઉદ્ધવે સહજભાવે કહ્યું કે, ‘હું લઈ ગયો ન હતો, શ્રીદામા સાથે ગયો હતો.’
એટલે રાધાએ તરત જ શ્રીદામાને બોલાવ્યો.
ઉદ્ધવના હોદ્દાને માન આપી તેમના પર વધુ રોષ કાઢી ન શકવાને કારણે
શ્રીદામાને જોતાં જ રાધાનો ગુસ્સો આસમાને ચડી ગયો અને
કુબ્જાને ઘરે શ્રીકૃષ્ણને આખી રાત બેસાડવા બદલ
શ્રીદામા પર ખૂબ જ ક્રોધિત થઈ ન કહેવાનાં વચનો કહ્યાં.
શ્રીદામા પણ કૃષ્ણના અનન્ય ભક્ત હતા,

**પરંતુ ભક્તિની મીઠાશ તથા ઋજુતા પ્રગટ્યાં ન હોવાને કારણે રાધાના આક્ષેપો તથા રોષને તેઓ સહન કરી ન શક્યા.**
અને કૃષ્ણ સાથેના પોતાના આગવા સંબંધના ગર્વમાં ભીંત ભૂલ્યા ને રાધાને કહ્યું,
'તું વળી કોણ મને સમજાવવાવાળી? કૃષ્ણ તારા છે તેમ મારા પણ છે.
એ જે પણ કરે તેમાં દખલગીરી કરવાનો તને શો અધિકાર છે?'
બસ, આ સાંભળતાં જ રાધા છંછેડાઈ પડી ને તેણે રોષમાં ને રોષમાં
શ્રીદામાને શ્રાપ આપ્યો કે, 'જા, અસુરનો જન્મ ધરજે.'
આ સાંભળી શ્રીદામા પણ છેડાઈ પડ્યા અને પોતાનું ભક્તપણું વામણું ન લાગે
તે બતાવવા તેમણે રાધાને સામો શ્રાપ આપ્યો કે,
'જા, પ્રભુથી છૂટી પડી ગુર્જરને ઘરે જન્મ લેજે.'
ભક્તવત્સલ ભગવાનને મન તો બંને આગવાં હતાં.
બંનેની ભક્તિની આગવી વિશિષ્ટતા હતી તેથી એમણે તો બંનેને 'તથાસ્તુ' કહ્યું.
પણ પાછળથી બંનેને પોતાની ભૂલ સમજાઈ અને એકમેકની માફી માંગી.

**૩)** સપ્તપદી ગીતાના ત્રીજા સોપાનમાં **પ્રભુના ક્રિયાયોગને પોતાની રીતે ન મૂલવતાં એમાં દિવ્યતા જોવાની ભાવના દરેક સાધકે દઢ કરવાની રહે છે.**
**પ્રગટના ઉપાસક એવા જીવનમુક્તોને પ્રભુ સાથે વિશિષ્ટ સંબંધ તો હોય છે પરંતુ વિધવિધ અંગ પ્રમાણે ભક્તિ દઢ કરી હોવાથી અંગભેદને કારણે તેમને એકબીજાની ક્રિયા ખૂંચે છે, ક્ષોભ થઈ જાય છે ને અંતરમાં ભાવફેર થઈ જાય છે.**
રાધા અને શ્રીદામા બંનેને કૃષ્ણ સાથે આત્મબુદ્ધિ તો હતી
પરંતુ તેનું ગમતું કરવાની સૂઝ ન હોવાથી ઝઘડી પડ્યા.
એકબીજાને ન કહેવું એમ નહીં પરંતુ વાણીમાં મીઠાશ હોવી જોઈએ,
મૃદુતા હોવી જોઈએ અને તે પ્રભુ પ્રત્યેની કોઈ સમજણપૂર્વકની પ્રીતિની
ગહનતામાંથી પ્રગટે છે. રાધાએ શ્રીદામાને પ્રેમથી કહેવું જોઈતું હતું કે,
'હે ભક્તરાજ! તમે કૃષ્ણને ભલે લઈ ગયા પરંતુ અમારો તો ખ્યાલ કરવો હતો.
અમને એમનો વિરહ અસહ્ય લાગતો હતો.'
શ્રીદામાએ પણ નમ્રતાથી રાધાને સમજાવવી હતી કે,
'હે માતાજી! તમારું દુઃખ હું કલ્પી શકું છું પણ **પ્રભુ તો સર્વના છે.**
**એમના પર આપણે આગવો હકદાવો કેમ થાય? એ જે કરે તે દિવ્ય જ હોય, કલ્યાણકારી જ હોય, સૌને માટે પરમહિતકારી હોય.**
**આપણે તો એમણે ઉપાડેલા કાર્યમાં ભળી જઈ એમને સહકાર આપવો જોઈએ.**'
આમ બંનેએ સમજણપૂર્વક પ્રેમથી વાત કરી હોત તો
પ્રભુ પણ ખુશ થઈ તેમને આશીર્વાદ આપતે.

વ્યાપકમાં પોતાની સત્તા મનાવવા માટે, પોતાના સંબંધમાં આવેલા
**ચૈતન્યના વિકાસક્રમને વેગ આપવા, ચૈતન્યની પ્રગતિને ઉર્ધ્વગામી બનાવવા**
**સ્વયં પ્રભુ પોતે જ પોતાના મુક્તોની પ્રકૃતિનો ઉપયોગ કરી,**
**તેને આવા પ્રસંગો દ્વારા દિવ્ય બનાવતા હોય છે.**
**ભક્તોને એ પ્રસંગોમાં પોતાની ભૂલ સમજાય, અંતર્દષ્ટિ થાય,**
**અને આગળ જાય અને હરેક પ્રસંગે નવું સત્ય મળતું રહે,**
**નવી દષ્ટિ મળતી રહે, દિવ્યતાની માત્રા દઢ થતી રહે**
**એવી કાર્યરીતિ સ્વયં પ્રભુએ જ અપનાવી છે. કર્તા ને હર્તા બંને સ્વયં પ્રભુ જ છે.**
**તે સત્ય સ્વીકારવાની અને તેને દઢ કરવાની તાલીમ લેવાની છે.**
જેથી અંદરોઅંદર લડી પડવાની હદ સુધી પહોંચતાં પહેલાં જ પ્રસંગને
એના સાચા સ્વરૂપમાં પિછાણી શકાય, પ્રભુ અને ભક્તોમાં દિવ્યભાવ દઢ થતો જાય.
પ્રસંગે સૂચન ન કરવું એમ નહીં પણ અંગત આત્મીયતાનો સંબંધ હોય તો
એકબીજાને વઢી–ટોકી પણ શકાય, પણ તેમાં એકમેકને ખોટું ન લાગે.
તેમાં પ્રેમનું તત્ત્વ ઘૂંટાયેલું હોવાથી લડાઈ–ઝગડાને સ્થાન નથી.
પણ જો એવો સંબંધ ન હોય તો વાણીમાં નમ્રતા ને મીઠાશ રાખી
પોતાની વાત કહેવી જોઈએ.
**પ.પૂ. યોગીબાપાએ પણ 'સુનૃત'માં** આ જ વાતનું પ્રતિપાદન કરતાં કહ્યું છે કે,
**'પહેલું હેત કરાવવા શીખવું ને પછી જ પોતાનો સિદ્ધાંત કહેવો.**
**સત્ય, હિત ને પ્રિય લાગે તેવાં વચન કહેવાં જેથી**
**સૌને આપણામાં હેત થાય એવું અંગ રાખવું.'**

**૪)** સપ્તપદી ગીતાના ચોથા સોપાનમાં પ્રભુને કર્તાહર્તા માન્યા પછી
કેવળ એને જ વિષે અનન્યભાવ દઢ કરાવવાની ઝુંબેશ પ્રભુ શરૂ કરે છે.
અહીં પ્રભુ સાથેનો સંબંધ એવી કક્ષાએ પહોંચ્યો હોય છે કે
જ્યાં પ્રભુને છોડી શકાતા નથી. તેમ જ પોતાપણાની માનીનતા
નિર્મૂળ ન થવાને કારણે પ્રભુની હરેક આજ્ઞા સમ્યક્ પ્રકારે
તેની મરજી મુજબ પાળી શકાતી પણ નથી.
પ્રભુને રાજી કરવાની ભાવના તો છે, પ્રભુને જીવનમાં પ્રથમ સ્થાન પણ આપ્યું છે,
પરંતુ સાથે સાથે જ પોતાના અસ્તિત્વનું જાણપણું પણ છે.
તેથી જ તો મહાભારતના યુદ્ધ વખતે અર્જુને
સમગ્ર વિરાટ નારાયણી સેનાને બદલે નિઃશસ્ત્ર એવા શ્રીકૃષ્ણને જ પસંદ કર્યા,
પરંતુ યુદ્ધના પહેલે દિવસે બાંધવ હત્યાનો પ્રશ્ન આવ્યો ત્યારે
કૃષ્ણના કહેવા છતાં પણ શસ્ત્રો ચલાવવાની હામ તે ભીડી શક્યો નહિ.

તે દ્વિધામાં પડી ગયો, ઉદાસીન બની ગયો.
'બાંધવ હત્યાથી મારે રાજ નથી જોઈતું' એવો પોતાની રીતનો સત્ત્વગુણ પ્રગટ કર્યો.
તેની દલીલ સાંભળી કૃષ્ણ ખૂબ હસ્યા, કારણ કે તેઓ જાણતા હતા કે
અર્જુન ભલે ના પાડે પણ એની પ્રકૃતિ એવી છે કે એ લડાઈ કરશે જ.
તેમને તો તેની એ લડાયક પ્રકૃતિને પોતાના અધર્મના વિચ્છેદન કાર્યમાં
ઉપયોગમાં લઈ નિર્ગુણ કરવી હતી અને
તેથી તે વાતનું સ્પષ્ટીકરણ તેમણે અર્જુન સમક્ષ કર્યું.
તેમ છતાં પણ તે ન માન્યો ત્યારે પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવી,
સમ ખાઈ, પ્રતિજ્ઞા કરી પોતાના સ્વરૂપની વાત કરી અને કહ્યું કે,
**'આ બધાં તો મારાં મારેલાં જ છે, આ સજીવ–નિર્જીવ સર્વ સૃષ્ટિનો**
**સૃષ્ટા અને સંહારક હું જ છું. પરા અને અપરા પ્રકૃતિનો નિયામક પણ હું જ છું.**
**તું તો ફક્ત નિમિત્ત છે. નિમિત્તરૂપે મારે વચને તું જે કાંઈપણ કરશે**
**તે નિવૃત્તિ જ છે, તે નિર્ગુણ છે.**'
આમ બીજા અધ્યાયથી તે છેક અગિયારમા અધ્યાય સુધી
પોતે અર્જુનને વાત કરીને તેની દુન્યવી ગણત્રીની પંગુતાનાં દર્શન કરાવ્યાં
અને છેલ્લે આદેશ કર્યો – 'सर्व धर्मान् परित्यज्य' –
ત્યારે અર્જુનની આંખ આગળથી એ ભ્રમણાત્મક પડળો દૂર થયાં
અને ચૈતન્ય ભૂમિકામાં પ્રવેશતાં જ તે સહજ જ બોલી ઊઠ્યો,
'करिष्ये तव वचनम्।' ભક્તે ભગવાનનો સંપૂર્ણ સ્વીકાર કર્યો અને
એમનો એ અનન્ય ભક્ત બની ગયો.
**એવા અનન્યભાવવાળા ભક્તોનાં યોગક્ષેમ પ્રભુ જાળવે છે.**
**એમને મન એ એક અનુપમ લ્હાવો છે.**
**ભક્તની રક્ષા, એના ક્ષેમકુશળની દરકાર એ પ્રભુને મન પરાભક્તિ છે**
**કારણ એવો અનન્ય ભક્ત પોતાની દરેક ક્રિયામાં**
**મધ્યબિંદુ પ્રભુને રાખતો હોય છે.**
**પ્રભુ જે કાંઈપણ કરે છે તે મારા પરમ હિતને અર્થે જ છે,**
**તેવી સંબંધની સહજ નિશ્ચિંતતા તેના હૃદયાકાશને વિશે ઠરીઠામ થઈ હોવાથી**
**તે ગમે તેવા પ્રસંગોમાં પ્રભુનું જ બળ લેતો હોય છે અને**
**એ એની પ્રત્યક્ષની નિષ્ઠાનું આગવું લક્ષણ છે.**
**પતિવ્રતાધર્મનું સીમાચિહ્ન છે અને તેવા ભક્તને પ્રભુ વચ. ગ.પ્ર. ૩૭ પ્રમાણે**
**૧૧ ઈલ્કાબ આપે છે, પોતનો સમગ્ર વૈભવ તેને આપી દે છે,**
કાળ–કર્મ–માયાથી તેને મુક્ત કરી જીવનમુક્ત બનાવી નિશ્ચિંત કરી દે છે.

**૫)** સપ્તપદી ગીતાના પાંચમાં સોપાનમાં આવો અનન્યભાવ દઢ થયા પછી
સર્વોત્કૃષ્ટ આત્મબુદ્ધિ દઢ થતી જાય છે. જેના ફળસ્વરૂપે
ગીતામાં કહ્યા મુજબ, '**जन्म-कर्म च मे दिव्यम्**' એ ભાવના દઢ થાય છે.
'King can never do wrong' એ સત્ય સાકાર બને છે.
ભગવાન  રામચંદ્રજીએ જયારે સીતાજીને વનમાં મોકલ્યાં ત્યારે
સીતાજીનો વિલાપ જોઈ લક્ષ્મણજી ખૂબ દુઃખી થયા. ત્યારે સીતાજીએ કહ્યું,
'મને તો મારું કોઈ દુઃખ નથી, પણ વગર વાંકે પ્રભુએ મને વનમાં મોકલી
તે બદલ તેમને દુઃખ થતું હશે. તે કલ્પનાથી હું વિષાદ પામું છું.'
પ્રભુ સાથેની **આત્મબુદ્ધિનું** આ જવલંત ઉદાહરણ છે અને
શ્રીજીમહારાજે પણ વચ. ગ.છે. ૧૧માં (યોગીબાપાનું પ્રિય વચનામૃત)
ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ કરતાં
સીતાજીની સમજણને શ્રેષ્ઠ ગણાવી છે અને એવા ભક્તનો
કાયમ જોગ રાખવા આગ્રહપૂર્વક અનુરોધ કર્યો છે.
આવા બે ભગવદીના પ્રસંગના ફળસ્વરૂપે બે વાત સિદ્ધ થશે

(૧) ગમે તેવા પ્રસંગે પણ પોતાનો જ દોષ જોતાં થઈ જવાશે.
એટલે કે વચ.ગ.પ્ર. ૧૬ મુજબ અવિવેક ટળી નિરુત્થાન નિશ્ચય દઢ થશે.
એટલે કે નિર્ગુણપણું પ્રાપ્ત થતાં નિર્વિકલ્પ સમાધિનું સુખ શરૂ થશે.
અષ્ટાંગયોગ સાધ્યા વગર જ એની ફળશ્રુતિ એટલે કે નિર્વિકલ્પ સમાધિ
આવી સીતાજી જેવી સમજણવાળા ભક્તને સહજ જ સુપ્રાપ્ય છે.
પ્રત્યક્ષના ઉપાસકો માટે પ્રભુની એ અમૂલ્ય બક્ષિસ છે.

(૨) ભગવદી સાથેના સંબંધને લઈને પ્રભુના અપરંપાર મહિમાની સભરતામાં
સહજ જ મગ્ન રહેવાશે અને તેને કોઈપણ પ્રકારના ભાવફેરરૂપી
હૈયાના દેશકાળ લાગશે નહિ. આમ સપ્તપદી ગીતાના આ પાંચમા સોપાનમાં
**ભગવદીના પ્રસંગની અનિવાર્યતા સમાયેલી છે.**

પ્રભુ સાથેની આવી આત્મબુદ્ધિ દઢ થયા પછી પણ પ્રસંગે
જાણપણું ભૂલાઈ જવાય  છે, અભાવ–વિક્ષેપ આવી જાય છે.
તેનું કારણ એ છે કે પ્રભુના ભક્તોને વિશે પ્રભુનો ભાવ નથી.
એ ભક્તોમાં વ્યાપકરૂપે પ્રભુની સત્તા મનાતી નથી.
પ્રભુને એના ભક્તો જ પ્યારા છે, એ એનું સર્વસ્વ છે, એનો પ્રાણ છે,

**ભક્તોની ભક્તિ એ જ એમની ઉપાસના છે.**
**એ સત્ય દઢ કરવવા પ્રભુ વારંવાર પ્રકાશ ફેંક્યા જ કરે છે.**

**ભક્તો એકબીજાનો મહિમા સમજે, એકબીજામાં પ્રભુની સત્તાનો સહજ સ્વીકાર કરે, એકમેકમાં રસબસ થાય. એવો તીવ્ર આલોચ ભગવાનને અખંડ હોય છે. એનું નામ જ માહાત્મ્યસહિત ભક્તિ છે.**
પ.પૂ. યોગીજી મહારાજે પણ 'સુનૃત'માં કહ્યા મુજબ
'**સુહૃદપણું હશે તો જબરા ગુણો આવશે.**' એવા આશીર્વાદ આપ્યા છે.
એ જો નહિ હોય તો બીજા ગુણો હશે તો પણ ચાલ્યા જશે.
એવી આગવી એ સિદ્ધાંતની વિશિષ્ટતા છે.
વચ.સા. ૫ પ્રમાણે વાસનાની નિર્મૂળતાનું એ અજોડ સાધન છે.

**૬)** સપ્તપદીના ગીતાના આ છઠ્ઠા સોપાનમાં –
'**गोपीजनाय नमो नम:।**' તથા 'પ્રાણ થકી મુને વૈષ્ણવ વ્હાલા' –
એ ઉક્તિઓ સાકાર કરવાની અનિવાર્યતા સમાયેલી છે.
જનકરાજા એવા માહાત્મ્યસભર અનન્ય ભક્ત હતા.
કૃષ્ણને એ ખૂબ પ્યારા હતા. એમની એવી વિદેહી મુક્ત સ્થિતિને કારણે
કૃષ્ણ એમને વારંવાર ખૂબ યાદ કરતા પણ કૃષ્ણ જનકને
શું કામ આટલા સંભારે છે તે અર્જુનને સમજાતું ન હતું.
એક વખત અર્જુનને લઈ કૃષ્ણ મિથિલા ગયા,
ત્યારે અર્જુને પોતે કલ્પેલી ભક્તિનાં દર્શન જનકમાં જોવા મળ્યાં નહિ.
જનકના બાહ્ય વર્તનમાં કૃષ્ણના આગમનનો ઉમળકો કે
સત્કારની ઔપચારિકતા ક્યાંય જોવા મળતાં ન હતાં.
અંગત કુટુંબીજન જેવી જ સાહજિકતાથી જનકે કોઈપણ પ્રકારની ધમાલ કે
આડંબર વિના કૃષ્ણ ને અર્જુનની સરભરા કરી.
આથી મિથિલા છોડ્યા પછી અર્જુનથી સહજ બોલી જવાયું,
'જોયા, જોયા, તમારા જનક!' આ સાંભળતાં જ કૃષ્ણને મૂર્છા આવી ગઈ
અને તેઓ ધરતી પર ઢળી પડ્યા.
પોતાના અનન્ય ભક્તની આવી ઉપેક્ષા કૃષ્ણને માટે અસહ્ય હતી.
તેથી જ તેમને પોતાના સખાસ્વરૂપ એવા અર્જુનની મહોબત પણ નડી નહીં.
જનકના ખરા ભક્તપણાનું દર્શન કરાવવા અને અર્જુનમાં
પ્રભુ પ્રત્યેની સાચી પ્રીતિને ઉદય કરાવવા કૃષ્ણએ
ફરીવાર એકલા અર્જુનને મિથિલા મોકલ્યા અને
અર્જુનના આશ્ચર્ય વચ્ચે કોઈ ચક્રવર્તી સમ્રાટને છાજે એવું ભવ્ય સ્વાગત
જનકે અર્જુનનું કર્યું. જેવા મહિમાથી પોતે કૃષ્ણની સેવા કરે તેવી જ રીતે
અર્જુનની સરભરા સ્વયં પોતે જ તત્પરતાપૂર્વક કરી.

પોતાની સાથેના બંને વખતના વર્તનથી કાંઈક વિસ્મય પામી,
કાંઈક છોભીલા પડી જઈ, અર્જુને જનક પાસે ખુલાસો માંગ્યો.
ત્યારે જનકે કહ્યું, 'કૃષ્ણ તો મારા માલિક છે, મારું બધું જ એમનું છે.
એમનું હું શું સ્વાગત કરું? પોતાનું છે અને પોતે ગ્રહણ કરવાનું છે.
તેમાં સત્કારની ઔપચારિકતા શાની? તે વખતે તમે તેમની સાથે આવ્યા એટલે
તમને પણ કુટુંબીજનની જેમ જ ગણ્યા હતા.
અંગત વ્યક્તિને સત્કાર અને અનાદર શો?
પરંતુ આજે તો તમે કૃષ્ણના પ્રતિનિધિ તરીકે આવ્યા છો તેથી
તેમના અનન્ય ભક્તરાજ તરીકે તમારું સ્વાગત કરવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.'
કૃષ્ણ જનકને શું કામ વખાણતા હતા તેનો ખુલાસો
અર્જુનને કૃષ્ણ પાસે માંગવો ન પડ્યો.

આવી જ રીતે ગોપીઓની કૃષ્ણ પ્રત્યેની સ્નેહભરી આત્મીયતામાં
સમજુ, વિવેકી, જ્ઞાની એવા ઉદ્ધવને કોઈ અણછાજતી નાદાનીયત અને
બાલિશતાનાં દર્શન થતાં હતાં.
પોતાના રોમરોમ કૃષ્ણમય બની ગયા હોવાને કારણે ગોપીઓ,
'દહીં લ્યો ને' બદલે 'કહાન લ્યો' બોલે તો ઉદ્ધવને ગોપીઓના
પ્રેમમાં અસભ્યતા અને આછકલાઈ તથા કૃષ્ણની આબરૂની
સરિયામ ઉપેક્ષા દેખાતી અને તેથી તેમણે
કૃષ્ણને આ વાતની બે–ત્રણવાર ટકોર પણ કરી અને
હેતનિષ્ઠામાંથી સમજણવાળી જ્ઞાનનિષ્ઠામાં જવા માટેની શિખામણ
ગોપીઓને આપવા માટે કૃષ્ણની અનુમતિ માંગી.
પવિત્ર, નિર્મળ ભક્તિની ચિકાશ અને નિઃસ્વાર્થ સ્નેહની આત્મીયતાનાં
દર્શનની ઝાંખી કરાવવા અને શુષ્ક જ્ઞાનની પરિમિતિમાંથી
ઉદ્ધવને મુક્ત કરવાના હેતુથી કૃષ્ણએ ઉદ્ધવને ગોપીઓ પાસે જવાની અનુમતિ આપી.
પણ સાથે પોતાનું પીતાંબર અને વૈજયંતીમાળા આપીને કહ્યું,
'આ ગોપીઓના જીવનમાં પ્રભુ સિવાય કોઈ ચીજ વહાલી નથી.
**પ્રભુની પ્રાપ્તિની સભરતામાં તેમને જીવનની ધન્યતા મનાઈ છે.**
**તેનો આનંદ તેઓ અખંડ માણે છે.**
તેથી તમો એમ ને એમ જશો તો તમારો આદર નહીં કરે પણ
આ પીતાંબર અને માળા પહેરીને જાઓ તો તેઓ રાજી રાજી થઈ જશે.'
કૃષ્ણના પીતાંબર અને માળા સાથેના ઉદ્ધવને જોતાં જ ગોપીઓ તો હર્ષઘેલી થઈ ગઈ.
અને સ્વયં કૃષ્ણ જ પધાર્યા હોય તેવા ઉલ્લાસ અને ઉમળકાથી ઉદ્ધવની સરભરા

કરી. ઉદ્ધવ તો ગોપીઓનો પોતા પ્રત્યેનો આવો વર્તાવ જોઈ સ્તબ્ધ જ થઈ ગયા
અને મહામહેનતે પોતાના આગમનનું પ્રયોજન જણાવી શક્યા
અને પછી કાંઈક સ્વસ્થ થયા પછી તેમણે ગોપીઓને ઉપદેશ કર્યો,
અને તેમનાં બાલિશ લાગતાં વર્તન બદલ તેમને ઠપકો આપી
પ્રભુ સાથે સમજણવાળી પ્રીતિ કરવાની શીખ આપી.

શુષ્કજ્ઞાનની આંટીઘૂંટીથી પર એવી આ સાદી, સરળ ગોપીઓ માટે
આવી જ્ઞાનની શીખ અને રીત તદ્દન અજાણ અને અસંભવ હતાં.
'પોતે પ્રભુના અને પ્રભુ પોતાના' તેમાં જ જીવનનું કૃતાર્થપણું ને ધન્યતા,
એથી વિશેષ કોઈ જ્ઞાન કે સંબંધની એમણે કદી ખેવના કરી ન હતી.
પ્રભુને સંબંધે પોતે પણ નિર્ગુણ અને નિર્દોષ જ છે તેવી એમને ખરેખરી પ્રતીતિ હતી.
તેથી જ ઉદ્ધવને ખૂબ જ મીઠાશથી પણ સચોટ રીતે કહ્યું કે,
'તમો તો મહાજ્ઞાની ને સમજુ છો, વળી કૃષ્ણના પરમ સખા છો,
તો અમારા પ્રશ્નનો જવાબ આપો કે કૃષ્ણ ભગવાન ખરા કે નહીં?'
ઉદ્ધવે કહ્યું, 'તેમાં તો શંકા નથી.' એટલે ગોપીઓએ કહ્યું,
'તો તેના સંબંધે, સ્પર્શે અમે પણ નિર્ગુણ અને નિર્દોષ થયાં કે નહીં? જવાબ આપો.'
જ્ઞાનનું પણ જ્ઞાન ને સર્વ શાસ્ત્રનો સાર–પ્રભુના પ્રત્યક્ષ સ્વરૂપને દિવ્ય જાણવું
અને તેના સંબંધે સહુ નિર્ગુણ અને નિર્દોષ છે તેમ માનવું
એ જ જ્ઞાન છે, એ જ ભક્તિ છે. એ શીખ ઉદ્ધવને કોઈ વિદ્વાન કે
પંડિત પાસેથી નહીં પરંતુ સાદી, સરળ એવી ગોપીઓ દ્વારા મળી હતી.
તેઓ સમજી ગયા કે પોતાના શુષ્કજ્ઞાનનું કોઈ સુક્ષ્મ અહમ્ અને
પોતાની સ્વરૂપલક્ષી માન્યતાને લઈને પ્રભુ સાથે રહી ગયેલા કોઈ અંતરાયને
ટાળવા કૃષ્ણએ **શીખ આપવા નહીં પરંતુ શીખ લેવા પોતાને મોકલ્યા હતા!**
પ્રેમ અને જ્ઞાનના સમન્વયથી ઉદ્‌ભવેલી ભક્તિથી થતું કર્મ દિવ્ય છે,
શ્રેયકર છે, પુષ્ટિકારક છે ને તેમાં જ શાસ્ત્ર માત્રનો સાર સમાયેલો છે.
એવું ભાન થતાં જ ઉદ્ધવને ખૂબ પસ્તાવો થયો ને કૃષ્ણ પાસે માફી માંગતાં કહ્યું કે,
'મારી પરિમિત બુદ્ધિના માપદંડથી આપના ભક્તોને મેં જોયા ને
તે રીતે એમનો અભિપ્રાય બાંધ્યો ને મોટો દ્રોહ કર્યો.
તો હવે મને ફરી મનુષ્યનો જન્મ ન આપતા,
નહીં તો ફરીથી બુદ્ધિના દોષ–સંકલ્પ, વિકલ્પ, વિપરીતભાવ અને
ભેદભાવ પ્રભુને વિશે તથા તેમના ભક્તોને વિશે ભાવફેર કરાવશે.
મને તો હવે ગોકુળ, વૃંદાવનમાં લતા, તૃણ કે વેલીનો અવતાર આપજો જેથી
આપના સંબંધવાળા આ ભક્તો મને ખૂંદે ને

તેમની ચરણરજથી રગદોળાઈ હું પવિત્ર બનું ને ધન્ય ધન્ય થાઉં!'
બ્રહ્માએ પણ ખરેખરું જ્ઞાન થતાં આવું જ વરદાન શ્રીકૃષ્ણ પાસે માંગ્યું હતું.
શ્રીજીમહારાજે વચ.કા. ૯માં આ જ વાત આગ્રહપૂર્વક આલેખી છે અને
ગ.મ. ૨૮માં પણ ભગવાનના ભક્તની ભક્તિને જ જીવનદોરી બતાવી છે.
પ્રભુની અનુવૃત્તિ પ્રમાણે પ્રવૃત્તિ એ જ ખરેખરી ભક્તિ ને એ જ સાચી નિવૃત્તિ છે.
સ્વાભાવિક પ્રકૃતિ ટાળવાનું અજોડ સાધન અને અમોઘ શસ્ત્ર છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના અંતિમ સંદેશરૂપી રહસ્યજ્ઞાનને નિયમિતપણે
ઘૂંટીને સાકાર બનાવવાથી પ્રભુ સાથે એવો એકાત્મભાવ સહજ સિદ્ધ થશે.
જેના ફળસ્વરૂપે કોઈપણ વ્યક્તિ, પદાર્થ કે પ્રસંગમાં સહજ જ પ્રભુને નિહાળવાની
અલૌકિક દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થતાં સમગ્ર સમાજ ચૈતન્યમય અને દિવ્ય દેખાશે.
સજીવ–નિર્જીવ સર્વ સૃષ્ટિમાં પ્રભુના અસ્તિત્વપણાનો ધબકાર સહજ અનુભવાશે.
આથી ગમે તેવી પરિસ્થિતિમાં પણ પ્રભુના
સર્વોપરી કર્તાહર્તાપણાની જડબેસલાક પ્રતીતિરૂપી સ્થિતપ્રજ્ઞતા
પ્રશાંત નિરવતામાં પ્રવેશ કરાવી–પ્રભુના એ દિવ્યાનંદની મંગલકારી અવસ્થામાં
પ્રવેશ કરાવે છે, ભગવદ્‌ગીતાની આ પૂર્ણાહુતિ છે.
આત્મસિદ્ધિ યોગનું આ અંતિમ સોપાન છે
અને જ્યાં પ્રભુ જોડેનો આવો એકાત્મભાવ દૃઢ થાય ત્યાં જ
એ ભક્ત સર્વ વૈભવ ને સિદ્ધિઓનો સ્વામી બને છે.
શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો અંતિમ શ્લોક –

**'यत्र योगेश्वर: कृष्ण:, यत्र पार्थोधनुर्धर:।**
**तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम।।**

સાર્થક થાય છે.

**૭)** ગુણાતીતજ્ઞાનનું અંતિમ રહસ્ય – '**निजात्मानं ब्रह्मरुपम्**'
અનુપમ સપ્તપદી ગીતાનું સાતમું સોપાન છે.
**અહીં અંતિમ આદેશરૂપે સમ્યક્ નિર્દોષબુદ્ધિ ને સુહૃદભાવની**
**મહામંગલકારી ભૂમિકાના પ્રવેશનો પ્રારંભ છે.**
પ્રભુ સાથેનો એકાત્મભાવ તો દૃઢ થયો,
પરંતુ સાલોક્ય, સામીપ્ય મુક્તિથી પણ પર પ્રભુના સાધર્મ્યપણાની
કોઈક અનુપમ સ્થિતિને પામવાની વાત ગુરુ ગુણાતીતે કરી.
અને તેમાં અખંડ રહેતાં થવાનો યોગ એ જ અખંડ જ્ઞાનસમાધિ છે.
એવી સમ્યક્ નિર્દોષબુદ્ધિ દૃઢ થતાં

'જ્યાં જુએ ત્યાં રામજી'માંથી 'હું ને તું એક, તું પરનો પર'
એવી વિશિષ્ટ અદ્વૈતતા છતાં એટલા જ સ્વામીસેવકભાવવાળી
અનુપમ વિરલ અવસ્થામાં સુહૃદભાવના સિદ્ધાંતે–પ્રભુ પ્રીત્યર્થે
માહાત્મ્યેસહિત ભક્તિ કરતાં કરુણા કરી
એકાત્મભાવની સ્થિતિમાંથી પોતાના સાધર્મ્યપણાને હાથછૂટી બલારૂપે
બક્ષિસ આપી તેવા ભક્તને સાચો બ્રહ્મસ્વરૂપ સંત બનાવે છે.
ભગવાનના ખરેખરા બ્રહ્મસ્વરૂપ સંતને અખંડ અને અવિરત સૌને આવી સ્થિતિ પ્રાપ્ત કરાવવાનો આલોચ હોય છે. (સ્વા.વા.પ્ર. ૧૨ની ૩૫)

પ્રભુ સાથેની એકાત્મતાની જોડે જ એટલું જ મહત્વનું
એના સાધર્મ્યપણાને પામવાનું બની રહે છે.

'विषयान् विनिवर्तन्ते निराहारस्य देहिन:।
रसवर्ज रसोडप्यस्य परं दृष्टा निवर्तते।।' (२-५९)
(Equivalance and Identification.)

તેવી નિર્દોષબુદ્ધિ પ્રાપ્ત કરવા, તેમાં પ્રવેશ મેળવવા પ્રથમ પગલું 'પ્રભુ મારા છે.'
તે ભાવનામાંથી 'હું પ્રભુનો છું.' તેવી નિષ્ઠા દ્દઢ કરવાનું છે.
એવી અનન્ય નિષ્ઠા દ્દઢ થતાં દોષોનું દર્શન થઈ પ્રભુકૃપાથી
ક્ષતિઓ સહજ દૂર થતાં પ્રભુના એકાંતિક ભક્ત થવાશે.
એવી અનન્ય નિષ્ઠા દ્દઢ થયા પછી બીજું પગલું એનું જ ગમતું કરવું તે છે.
એટલે કે એનામાંથી આવે તે એની મરજી મુજબ એના ગમતામાં કરવાથી
પ્રભુ પોતે જ સમ્યક્ નિર્દોષબુદ્ધિની દિવ્યભૂમિકામાં
અનુગ્રહ કરી પ્રવેશ કરાવી આપે છે.
**એનું ગમતું કરવું એટલે પ્રભુ જેવી જ આત્મબુદ્ધિ ને પ્રીતિ**
**એના ભક્તોમાં કરવી એ છે.**
**પ્રભુ મારા છે – હું પ્રભુનો છું – સહુ મુક્તો પ્રભુના છે,**
**પ્રભુના સંબંધે સહુ દિવ્ય છે – હું પ્રભુનો બ્રહ્મરૂપ એવો દાસ છું**
**એવી ભાવના ઉત્તરોત્તર દ્દઢ થતાં એટલે કે ધામ, ધામી ને મુક્તનું**
**સરખું – સપ્રમાણ માહાત્મ્ય – ૩૩+૩૩+૩૩ ને ચોથા આપણે એમ દ્દઢ થતાં**
**પ્રભુની પ્રસન્નતાનું પાત્ર બની જવાશે.**
પ્રભુ, મહાપ્રભુ ને મહાતમપ્રભુની માહાત્મ્યેસહિત ભક્તિનો મંત્ર
ભજનરૂપી ને સુહૃદભાવરૂપી સત્કર્મરૂપે નિયમિતપણે દ્દઢ કરતા જવાથી
જ્ઞાનસમાધિની મંગલકારી અવસ્થામાં પ્રભુ લઈ જશે.

એ માટેનું સર્વોપરી સાધન એના અનન્ય નિષ્ઠાવાળા – એક રુચિવાળા
ભક્ત સાથે પોતાપણાનો ભાવ મૂકી એની મરજી મુજબ
ભગવાનની બુદ્ધિથી જીવ જોડી આત્મબુદ્ધિ કરવી એ છે.
**શ્રીજીમહારાજે પણ આ જ હેતુથી જોડની પ્રથા શરૂ કરી હતી.**
**જ્ઞાનસમાધિના પ્રદાતા એવા ગુરુ ગુણાતીતે પણ સ્વામીની વાતમાં**
**એક રૂચિવાળા બે બરાબર – બે લાખ એવી બે ભક્તોની એકાત્મતાને**
**ભગવદ્ગીતાની અંતિમ અવસ્થા – ભગવાન ને ભક્તની ઐક્યતા કરતાં**
**પણ વિશેષ શક્તિશાળી ને પુષ્ટિકારક બતાવી છે અને તે વાત જ દૃઢ કરાવવા**
**ગુરુવર્ય પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે પ.પૂ. કાકાજી અને પૂ. કાંતિકાકાની**
**બેનમૂન અજોડ મૈત્રી દૃઢ કરાવી. એના ફળસ્વરૂપે આજના**
**દિવ્ય ગુણાતીત સમાજનું દર્શન અને એવી જ્ઞાનસમાધિની ઉપલબ્ધિ**
**સૌ કોઈ માટે શક્ય અને સુલભ બન્યાં છે.**
**ગુરુવર્ય પ.પૂ. યોગીજી મહારાજે પણ પ.પૂ. પપ્પાજી અને પ.પૂ. કાકાજીને**
**'તમે બે મળીને જે કરો તેમાં હું આવી ગયો.' એમ કહી આ જ વાતનું**
**આગ્રહપૂર્વક અનુમોદન આપી સંપ, સુહૃદભાવ ને એકતાનો સિદ્ધાંત**
**વ્યાપક બનાવી ઘેરઘેર અક્ષરધામ પ્રગટ કરવાનો મહાયજ્ઞ આરંભ્યો હતો.**
અત્યારે પણ પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી,
પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજી, પ.પૂ. મહંતસ્વામીજી, પ.પૂ. સાહેબ, પૂ. બા, પૂ. બેન,
આ સંયુક્તભાવને મૂર્તિમાન કરી રહ્યા છે, આપણને એવી જોડ કરવાનું શીખવે છે.
જેથી માયા પરાભવ ન કરે અને પરમ સુખદાયી બને.
સ્વરૂપલક્ષી સંયુક્તભાવ દૃઢ થતાં જ સાચો સુહૃદભાવ પ્રગટે છે.

ગુણાતીતજ્ઞાનની આ વિશિષ્ટ બારાખડી અને અનુપમ વિજ્ઞાન છે.
૩ અને ૬ને ૩૬ના રૂપમાં લખી શકાય તેમ જ ૬૩ના રૂપમાં પણ લખી શકાય.
બંનેમાં આંકડાઓનું સંખ્યાબળ તો '૯' જ રહે છે.
પરંતુ ૩૬માં અલગતાવાદ છે જ્યારે ૬૩માં સંયુક્તભાવ હોવાથી
તેનું બીજબળ ખૂબ જ વધી જાય છે. ૩૬માં બન્ને આંકડાનાં મુખ એકમેકની
વિરૂદ્ધ દિશામાં છે.
મુક્તોના જીવનમાં પણ પ્રભુ સાથેનો હરેકનો આગવો વિશિષ્ટ સંબંધ
દૃઢ હોવા છતાં, સાથે રહેવા છતાં, બંનેનું માધ્યમ એક હોવા છતાં,
અંગભેદને લઈને અંદરોઅંદર એવો તાલમેલ ન હોવાથી, એકબીજા પ્રત્યે
પ્રભુનો સંબંધ જોવાની અભિરુચિ ન હોવાથી કોઈ વિસંવાદિતતા હોય છે,
કંઈક અટકાયત હોય છે – સુસંગતતા નથી – તેથી જીવનનું સંગીત પ્રગટતું નથી.

તેથી જ તેમનો પ્રેમ અને મિત્રતા વ્યાપક બનતાં નથી.
તેથી મૂળવૃત્તિ ન ટળવાને કારણે અને ભેદભાવ રહી જવાને કારણે
અસ્મિતા છેવટ સુધી કાયમ રહે છે અને અશરીરી બની બ્રહ્મરૂપ પણ થવાતું નથી.
૬૩માં બન્ને આંકડાનાં મુખ એકમેકની સન્મુખ છે. આ સુલટા ક્રમમાં એકમેક પ્રત્યેની એવી અનન્ય આત્મબુદ્ધિ દૃઢ થતાં ગમે તેવા પ્રસંગે વઢવા–ટોકવા છતાંય ખોટું ન લાગે અને એકબીજાનો સંબંધ વધુ ઘનિષ્ઠ અને પ્રીતિસભર બને–વ્યાપક બને એવું વિરલ આ સિદ્ધાંતનું પ્રદાન છે.

**જેના ફળસ્વરૂપે પ્રસંગે એકમેકની ઊણપ ઢંકાઈ જાય**
**એકાત્મભાવવાળું, ભરતી–ઓટ, ઉદાસીનતા કે અતિરેકતાની આરોહ–અવરોહ વગરનું એક તાલ અને એક સૂરવાળું અક્ષરધામનું અલૌકિક સંગીત પ્રગટે છે.**

એકબીજા પ્રત્યેની આવી બ્રહ્મસ્વરૂપીણી પ્રીતિ–સંયુક્તભાવ દૃઢ કરાવી,
ચૈતન્યની પ્રગતિને ઉર્ધ્વગામી બનાવી, સ્વાભાવિક પ્રકૃતિને નિર્મૂળ કરી,
ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાથી પર એવી
દિવ્ય ભાગવતીતનુવાળી અવસ્થામાં પ્રવેશ કરાવે છે.
એકમેકમાં કેવળ પ્રભુની સત્તાને જ માન્ય કરી, સ્વતંત્ર અનુવૃત્તિ હોવા છતાં
એકાત્મભાવવાળા અભિપ્રાય મુજબ
સુહૃદભાવના સિદ્ધાંતે કાર્ય કરતાં અહમ્‌નું વિસર્જન થઈ
અસ્તિત્વની સભાનતારૂપી અસ્મિતા (existential awareness)
પ્રત્યક્ષ સ્વરૂપમાં વિલીન થઈ સમ્યક્ નિર્દોષબુદ્ધિમાં પ્રવેશ મળે છે.
જેના ફળસ્વરૂપે કેવળ ધામરૂપે જ અખંડ રહી, નિમિત્ત બની,
સક્રિય રીતે પ્રભુનું જ કાર્ય એની પ્રેરણા ને મરજી મુજબ
એની જ પ્રસન્નતાર્થે પરાભક્તિરૂપે કર્યે જવાય છે.
સર્વત્ર દિવ્યતા એટલે કે સર્વ દ્વંદ્વોથી પર એવી નિર્ગુણ અવસ્થામાં
પ્રવેશ મળતાં જ જ્ઞાનસમાધિના દૈવીગુણો દિવ્યતા, સમતા, સહજતા, સાધુતા, સરળતા, નમ્રતા, નિર્ભયતા વિગેરે સહજ ઉપલબ્ધ થાય છે.

**વિશ્વમાં જ રહીને વિશ્વને જ બ્રહ્મરૂપ માની**
**વિશ્વાતીત (પરમેશ્વર)ની સાક્ષાત્ અનુભૂતિ ને પ્રતીતિ દૃઢ થાય છે.**
**ગુરુ ગુણાતીતે કહ્યું એમ એ જ સાચી બ્રાહ્મી સ્થિતિ છે.**
**સાચી ગુણાતીત અવસ્થા છે અને આવો ભક્ત જ પ્રભુની પરાભક્તિને પામે છે ને પરબ્રહ્મની સેવાનો અધિકારી બને છે.**

સાચી રીતે નારાયણના સુખના ભાગીદાર બની તેને ભોગવે છે, પ્રાપ્ત કરે છે
ને અન્યને પણ આપી શકે છે. મનની પ્રશાંત નિરવતામાંથી પ્રગટતો અનિર્વચનીય

અસ્ખલિત આનંદ સહજાનંદનો છે. આ અવર્ણનીય આનંદના ભોક્તા એવા ભગવાનના સંત એ પ્રભુનું ઘર બને છે. અક્ષરબ્રહ્મના સગુણ–નિર્ગુણ ઐશ્વર્યના ધારક બને છે. 'હું ને તું એક, તું પરનો પર' એવો સર્વોત્કૃષ્ટ એકાત્મતાવાળો સ્વામીસેવકભાવ દૃઢ થતાં મહારાજના અખંડ ધારક એવા ગુણાતીત સંત બને છે અને તેવા સંત જ જીવનો શિવ કરી, બ્રહ્મરૂપ કરી, પરબ્રહ્મમાં જોડવારૂપી પ્રભુની સેવા કરતા રહે છે. અક્ષરધામના એ દિવ્યસુખની રસલહાણ સૌને સહજ સુપ્રાપ્ય થાય
તેવો ઉદ્યમ અપાર પરિશ્રમ વેઠી કર્યે જાય છે.

તો આવો, આવો, આપણે સહુ એવા પ્રત્યક્ષ ગુણાતીત સંતોના વચને
આ સપ્તપદી ગીતાનો પાઠ મહાપૂજારૂપે દરરોજ દોઢ કલાકના ભજનરૂપી
અનુષ્ઠાનરૂપે શરૂ કરી શ્રીજીમહારાજની દ્વિશતાબ્દી સુધીનો
આ મહાપ્રયોગ સિદ્ધ કરીએ અને સપ્તપદી ગીતાના
**અવિરોધવૃત્તિ અને અભેદદૃષ્ટિના સુહૃદભાવના આ પરમ રહસ્યને**
સાકાર કરી જીવન ધન્ય કરીએ.

## ૦૨. અક્ષરધામની ચાવી અને સંપૂર્ણ સફળતા

જીવનમાં દરેક માનવી કંઈ ને કંઈ પ્રવૃત્તિમાં, કાર્યમાં, આદેશમાં સફળતા વાંછે છે.
કાર્યની કૃતકૃત્યતામાંથી પૂર્ણતા માની
આનંદ, સુખ, શાંતિ અને માનવ વિકાસ ને પ્રગતિનાં સર્જનાત્મક બળો
ગતિમાન કરવાની ઈચ્છાને, આકાંક્ષાને, વૃત્તિને પોષે છે.
સફળતા અને સિદ્ધિના અનંત પ્રકારો છે.
ત્રણ ગુણો, ત્રણ અવસ્થાઓ અને માયાનાં ટોળાનાં એકાવન સ્થાનકોથી
જીવાત્મા વિવિધ પ્રકારની સાધના કરીને સફળતા અને સિદ્ધિનો સાક્ષાત્કાર કરે છે.
જેવું સ્થાન, ભૂમિકા, તીવ્રતા, ઝંખના, શ્રદ્ધા અને વિશ્વાસ સાથેનો પરિશ્રમ કે પુરૂષાર્થ તે મુજબ જ સુખ અને આનંદ પ્રાપ્ત થાય છે.
છતાંય જ્યાં સુધી સ્વભાવ અને વાસના, પ્રકૃતિ અને સંકલ્પ વિકલ્પ, છતી દેહે જ જીતાતાં નથી ત્યાં સુધી સનાતન સુખ, પરમશાંતિ, અલૌકિક દૃષ્ટિ અને આત્માનો સાક્ષાત્કાર અનુભવી જીવનમુક્તદશામાં જ પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનનું સુખ, આનંદ, સામર્થ્ય અને મૂર્તિનો અનુપમ અપરિમિત ચૈતન્ય રસ ગુણાતીત સ્થિતિમાં રહી, જીરવી શકાતો જ નથી અને અનુભવમાં પણ આવતો નથી.
તો અખંડ પ્રાપ્તિ તો થાય જ ક્યાંથી?

કારણ શરીર અને તેથીય પર મહાદુષ્કર મહાકારણની તુર્યાવસ્થા
જે દેવોને પણ વિક્ષેપ પમાડે છે અને અવતારોનેય આવરણરૂપ બનાવે છે
તેને જીતવા, તે સાથે સાચો સત્સંગ કરી આત્માના સાક્ષાત્કારની સંપૂર્ણ સફળતા
અનુભવી, **બ્રહ્મરૂપ બની પરબ્રહ્મ પુરષોત્તમની સેવામાં દાસભાવે અખંડાનંદ પરમસુખને પ્રાપ્ત કરી મુક્તપણાની કૃતકૃત્યતા જ્યાં સુધી પમાતી નથી,**
**ત્યાં સુધી જે જે સફળતા – પ્રકાશની, દર્શનની, જ્ઞાનની, ભક્તિની, સેવાની, મોટાઈની સ્થિતિ થયેલી હોય છે, ત્યાં ભયસ્થાનો ઊભેલાં જ છે.**
સગુણ નિર્ગુણપણાના ભેદથીય વિશેષ નિરપેક્ષ, નિષ્કામભાવનાથી ભરપૂર
નિષ્કપટપણે વર્તી મહારાજનાં ચરણે નિમગ્ન રહી,
સત્સંગ–સેવા–ભક્તિ નિર્ભયતાથી, નીડરતાથી અને સંપૂર્ણ સફળતા–પરિપૂર્ણતાની
પ્રતીતિસહની ભાવનાથી મુક્તપણું અનુભવાતું અને ભોગવાતું નથી.
આ માટે પોતાનું સ્વરૂપ અક્ષરરૂપ માની
મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામીના સાધર્મ્યપણાને પામી, મનન દ્વારા સંગ કરી,
મહારાજની સેવાભક્તિ દાસપણે કરવાની
અક્ષરધામની ચાવી ફક્ત મહારાજ, સ્વામીજી અગર
તેમના સાધર્મ્યપણા અને સાક્ષાત્કાર દ્વારા છતી દેહે જ એકાંતિક સ્થિતિને પામેલા
કોઈ પરમ ભાગવત સંત દ્વારા જ પમાય છે, પ્રાપ્ત થાય છે
અને કરોડો જન્મની કસર ટળે છે.
ધામની ચાવી હાથમાં આવ્યા બાદ,
**ધામના વિભૂતિ મૂર્તિનાં સામર્થ્ય, સત્તા, ગુણ, ઐશ્વર્ય, સુખ**
**સર્વોપરી રીતે ગુણાતીતસ્થિતિમાં, અપાર અમૃતના દરિયામાં,**
**ચિદાકાશનાય રાશિમાં, સત્સંગ કરતાં કરતાં સંતનાં ચરણે રહી**
**અખંડિત અવિરતપણે પમાતાં જાય તે જ ધ્યેય છે. એ જ**
**સાધનાની પરમપદની સર્વોત્કૃષ્ટ મુક્તપણાની સ્થિતિ અને સંપૂર્ણ સફળતા છે.**
**પછી પામવાનું, અનુભવવાનું, ભોગવવાનું કે પ્રાપ્ત કરવાનું રહેતું જ નથી.**
આ લોકની અને પરલોકની આવી પ્રાપ્તિ સંત દ્વારા જ શક્ય બને છે.
વચ.ગ.પ્ર. ૧૧–૫૪, મ. ૩૦–૪૫–૫૪–૬૨ પર વિચાર કરો.
અનાદિ કાળથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થ અવિરતપણે
ચાલ્યા જ કરે છે. **આત્યંતિક મુક્તિ ફક્ત શ્રીજીએ જ સુલભ બનાવી છે.**
તે માટે જ આ જીવન છે અને પ.પૂ. યોગીજી મહારાજ તથા પૂ. મોટાસ્વામી,
પૂ. અક્ષરપુરુષોત્તમદાસસ્વામી જેવા પરમ ભાગવત સંતો અને
મહારાજનાં જ સાક્ષાત્ સ્વરૂપો દ્વારા

વચ. લોયા. ૧૨ મુજબ અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ કરીને
ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત કરવાની છે અને
છતી દેહે જ અક્ષરધામની ચાવી લગાડી, મહારાજની મૂર્તિનું પરમ સુખ, આનંદ
વચ. ગ.મ. ૬૬, અમ. ૬–૭ મુજબ, ગ.છે. ૨૯–૩૮ રીતે અનુભવી
અખંડ પ્રાપ્ત કરી લેવાનું છે.
તે માટે જેવી રીત આ લોકમાં અખત્યાર થાય છે,
તે જ રીતે બુદ્ધિમાન પુરુષે, મુમુક્ષુએ અક્ષરધામની ચાવી પ્રાપ્ત થતાં
પ્રયાસ કરવાનો છે.
એકલવ્ય ભીલનો છોકરો હતો,
જેથી દ્રોણાચાર્યે અર્જુનને એના જેવો સમર્થ બાણાવળી બીજો કોઈ ન બને,
એવું વચન આપેલ હોઈ, એકલવ્યને ધનુર્વિદ્યા શીખવવા અરુચિ બતાવી.
છતાં એકલવ્ય માતાના આશિષ લઈ,
ફક્ત ગુરુની મૂર્તિરૂપી ઉપાસના, આજ્ઞા અને ભક્તિથી વિદ્યા પ્રાપ્ત કરી શક્યો
ને ગુરુને પણ શરમાવી દીધા.
બલિરાજાએ પણ સર્વસ્વનું સ્વાર્પણ ભગવાનને અર્થે જ કર્યું,
ત્યારે ભગવાન સાક્ષાત્ વશ થઈ ગયા અને
સંપૂર્ણ સફળતા, પ્રાપ્તિ, ધ્યેયસિદ્ધિ, આદર્શની સાધનાનો અંત ને કૃતકૃત્યતા
અનુભવ્યાં, જે શાસ્ત્રોમાં મુક્તકંઠે ગવાય છે.
સફળતાની ચાવી અગર એકલવ્યની સિદ્ધિ ગણો તો તે
અપરિમિત શ્રદ્ધા, અસ્ખલિત પરિશ્રમ, અખંડ તમન્ના, તીવ્રતા
અને સર્વોપરી ઉપાસનામાં સમાયેલી છે.
આવા પ્રયત્ન માટે, પરમભાગવત સાક્ષાત્ ગુરુહરિશ્રી આપણને મળ્યા છે.
અક્ષરધામની ચાવી, અગર સર્વ વચનામૃતોના સાર – રહસ્ય
એક જ લીટીમાં આવે છે,
જે '**યથાર્થ સ્વરૂપનિષ્ઠા સમજી, આજ્ઞા પાળો.**'
તે મુજબ જેટલી આજ્ઞા ગુરુચરણે રહી પળાશે, ને નિષ્કપટપણે
મહારાજનું ને પ્રગટ સંત પ્રત્યક્ષ પ.પૂ. યોગીજી મહારાજ ને સંતોનું સ્વરૂપ
વચ. લોયા. ૫ મુજબ નિર્દોષ સમજી તેમની મરજી મુજબ
સંપૂર્ણ વિશ્વાસથી તે કહે તેમ કરીને આનંદથી વર્તાશે;
તેટલી સાધનાની સિદ્ધિ, પરમપદની પ્રાપ્તિ અને સ્વામીજીનું સુખ પ્રાપ્ત થશે જ.
ગુરુમુખી બન્યા સિવાય,
**ધામના દરવાજે મહામાયા તથા મહાકારણરૂપી તુર્યાવસ્થા પોતાનો વેશ ભજવી,**

**આ અક્ષરધામની ચાવી ઝૂંટવી લઈ, સ્થિતિમાંથી પાડી દેવા તત્પર રહે છે. માટે મનમુખી ન બનતાં, સાક્ષાત્કારની સ્થિતિને પામેલ સત્પુરુષ થકી જ સંપૂર્ણ સફળતા દરેક સત્સંગી છતી દેહે જ અનુભવે, ભોગવે અને પ્રાપ્ત કરે. પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની સાચી ઉપાસના દ્વારા સર્વને માટે આત્યંતિક મુક્તિનો માર્ગ મૂર્તિમાન બનાવી અતિશય સરળ બનાવી દીધો છે.**

ગુણાતીતજ્ઞાન સબીજ હોઈ, તેની અનાદિ ચિદાકાશની સાકાર મૂર્તિ જે પ્રત્યક્ષ છે,
તેમાં 'હું' અને 'મ્હારું' ભૂલી જઈ, ખોવાઈ જઈને, શરણું પકડી, ચાવી લગાડી,
સ્વધર્મયુક્ત વર્તી, સમગ્ર સત્સંગમાં અખંડ દિવ્યતા જ દઢ કરવી,
એ જ આપણા સર્વના જીવનનો આદર્શ, ધ્યેય અને સાધના ગણાવી જોઈએ.
ગુરુહરિ આપણી ઉપર કૃપાદૃષ્ટિ રાખી પરમપદના અધિકારી બનાવે એ જ અભ્યર્થના.
જેમ કુસુમની પરિમલતા વાયુની લહરીઓ સાથે હરકોઈ વટેમાર્ગુ અગર પ્રાણીમાત્રને
મુગ્ધ બનાવી સ્વયં સ્વાનુભવ કરાવે છે,
તેમ જ ગુણાતીત બાગનાં વિકસતાં અને સાધના કરતાં
આપણા સત્સંગનાં મહાકુસુમો સંતચરણે રહી તેમના જીવનની કૃતકૃત્યતા,
આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર કરી, છતી દેહે જ જીવનમુક્તપણું પ્રાપ્ત કરી,
અન્યને પણ અનંત જીવોના કલ્યાણનો, માંગલ્યનો, વિકાસનો અને
પરિપૂર્ણ સફળતાનો માર્ગ એવો જ નિષ્કંટક રાખે, તેમનો રાજમાર્ગ ખુલ્લો રહે તથા
સરળ–સાદું જીવન જીવી, દાસપણે જ સર્વોપરી ઉપાસના દઢ કરાવી,
સેવા અને ભક્તિરૂપે તેની પરિમલતાનો પરમાનંદ સર્વને દૃષ્ટિગોચર બનાવે
એ જ સ્વામીજીને નમ્ર પ્રાર્થના હો...

## 03. સર્વોત્કૃષ્ટ સ્થાન અને સાક્ષાત્કારની સ્થિતિ

**'गुरु: ब्रह्मा, गुरु: विष्णु, गुरुर्देवो महेश्वर:।
गुरु: साक्षात् परब्रह्म, तस्मै श्री गुरुवे नम:।।'**

અનંત જન્મનાં સુકૃત ઉદય થાય ત્યારે
ભગવાન કે તેના મળેલા સંતનો સમાગમ અને પ્રાપ્તિ થાય છે.
જીવાત્મા અનાદિકાળથી જે ભાવના, પ્રણાલિકા, આદર્શ અને વાસના
તથા ગ્રંથિઓથી બંધાયેલો હોય છે,
તેની તીવ્ર, મધ્યમ અને મંદ ગતિની શ્રદ્ધા ને વિશ્વાસની વૃત્તિથી
ભગવાનનું સ્વરૂપ, ધામ અને મહિમા સમજાય છે, પમાય છે,

અને તેવી જ સ્થિતિ તે સ્થાનમાં રહીને અખંડ રહે છે.
પ્રથમ મુમુક્ષુ જ્યારે ગુરુહરિને મળે છે ત્યારે શુભ અગર અશુભ
દેશ, કાળ, સંગ–મંત્ર–શાસ્ત્રની ભાવના–પ્રતીતિ–દીક્ષા વર્તતી હોય છે.
જેવી જેની શ્રદ્ધા હોય તે મુજબ જ ભગવાનના સ્વરૂપનો તથા
મૂર્તિનો નિશ્ચય અને આશરો થાય છે ને તેમ જ સ્થિતિ બંધાય છે.
અનંત ભૂમિકાઓ અને અનેક સ્થાનકો છે જ્યાં જીવાત્મા રાગ અગર વાસનાથી
ઐશ્વર્ય, સત્તા, સામર્થ્ય માટે ભ્રમણ કરે છે ને તેવા સુખને અનુભવે છે.
જ્યારે સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે
ત્યારે જ આત્યંતિક મુક્તિ અને સાક્ષાત્કારની સ્થિતિ અનુભવાય છે,
જીવનમુક્તદશા–સ્થિતપ્રજ્ઞતા પમાય છે ને
સ્વામિશ્રીજી અંતરમાં અને બહાર અખંડ એકાત્મભાવે દેખાય છે અને
અહોહોપણું રહી દિવ્ય સ્વરૂપે અખંડાનંદ ભોગવાય છે.
જુદાં જુદાં અનેક સ્થાનકો કરતાં મહારાજે
ગોલોક, વૈકુંઠ, બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ અને બ્રહ્મપુર ધામો મુખ્યત્વે ગણાવ્યાં છે.
પ્રકૃતિપુરૂષ સુધી જીવાત્મા અનંત ભૂમિકાઓમાંથી પસાર થતો આવે છે.
પણ માયાથી પર સાક્ષાત્ સનાતન અદ્વિતીય અનાદિ અક્ષરબ્રહ્મ
જે ધામરૂપે સર્વોત્કૃષ્ટ સ્થાન અજોડ છે,
ત્યાં મૂળ અનાદિ બ્રહ્મના મનન દ્વારા સંગ વિના,
સાક્ષાત્ બ્રહ્મમાં પ્રવેશ પામ્યા વિના–જીવાત્મા શિવરૂપ બની, ગતિ કરી શકતો નથી
અને પરમશિવ સ્વરૂપે પૂર્ણ પુરૂષોત્તમના સાધર્મ્યને પણ પામતો નથી,
તેથી સાક્ષાત્કારની સ્થિતિ થતી નથી.
વચ.લો. ૧૨ તથા વચ.ગ.પ્ર. ૨૪, ગ.મ. ૯–૧૧–૧૩ મુજબ
અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરી ધામરૂપે રહ્યો થકો
મહારાજની ઉપાસના અને ભક્તિ કરવા અધિકારી બનતો નથી.
આ માટે સાક્ષાત્ મૂળ અક્ષરબ્રહ્મના અગર મહારાજના પ્રત્યક્ષ સ્વરૂપના જ્ઞાનની
ખાસ આવશ્યકતા જ રહે છે.
પ્રગટ ગુરુહરિમાં જેવી અનન્ય નિષ્ઠા નિર્દોષપણે અંતરાય રાખ્યા વિના કરેલી હોય
તેટલી જ પ્રકાશ, સત્તા ને સામર્થ્યયુક્ત સાક્ષાત્કારની સ્થિતિ
અનુભવાય છે, ભોગવાય છે અને અખંડ પ્રાપ્ત થાય છે.

વચ.લો. ૭ મુજબ પ્રત્યક્ષ ભગવાન અને તેના સ્વરૂપને
જો ઈન્દ્રિય, અંતઃકરણ અને તદાશ્રિત અનુભવ સાક્ષાત્ પૂગે નહિ
તો કલ્યાણમાં, મુક્તપણામાં ખામી રહી જાય છે.

અનંતકોટિ મુક્તના ભેદ શ્રીજીએ કહ્યા છે.
પ્રેમી, વિશ્વાસી કે સાધારણ જ્ઞાનવાળા ભક્તોને સમજણની કસર રહી જાય છે.
પણ સંપૂર્ણપણે સમજણ, પ્રીતિ અને દાસપણું ગુરુચરણે રહીને જ દૃઢ થાય છે
ને તે આશરો પાકો થયો ગણાય છે,
જેથી આત્યંતિક મુક્તિ છતી દેહે જ અનુભવાય છે.
આવા સર્વોત્કૃષ્ટ સ્થાનને અક્ષરધામ કહેવાય છે અને
ત્યાં મૂળ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામ્યા વિના સ્થિતિ થતી જ નથી,
મહોલરૂપ, અક્ષરરૂપ, બ્રહ્મરૂપ થવાતું જ નથી
એ વાત અક્ષરપુરુષોત્તમના ઉપાસકો સારી રીતે જાણે છે.
સાચા સત્પુરુષ અને ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ મળ્યું તો ઊણપો કેમ રહે છે?
કલ્પના કેમ રહે છે?
સ્વરૂપનિષ્ઠામાં ભગવાનના જ સાક્ષાત્ સ્વરૂપ વિષે શંકા–આશંકા થઈ
ચૂંથણાં કેમ થાય છે?
કારણ કે પ્રત્યક્ષને વિષે પરોક્ષ જેવી પ્રતીતિ નથી.
**શ્રીજીએ કહેલાં વચનામૃતો પરાવાણીરૂપે જુઓ –**
**વચ. પં. ૧–૪–૭, ગ. છે. ૨, વર. ૧૧, અમ. ૭ વિગેરે.**
**સમજણની દૃઢતા માટે જ મુક્તો દેહ ધરે છે.**
**તેમાં એકાવન સ્થાનકો ગુરૂચરણે રહેનાર સહેજે જ જીતી જાય છે.**
પણ મૂળ પ્રકૃતિપુરુષ ભેદ, માયાના પ્રપંચેયુક્ત છે.
તે માટે ગમે તેવા મોટા ગણાતા હોય પણ સાધનદશાવાળા ગુરુ હોય
તે ગતિ કરાવી શકતા નથી. કારણ કે
તે મૂળ અનાદિ સનાતન બ્રહ્મ–ગુણાતીત સ્વરૂપના સાધર્મ્યને પામેલા હોતા નથી.
એ તો મહારાજ સ્વયં જેની પર કૃપા કરે તેને સમજાય.
જેમ કે પર્વતભાઈ, ગોરધનભાઈ...
બાકી સર્વેને બ્રહ્મરૂપ થયા વિના ધામમાં રહેવાતું નથી ને
મહારાજની સેવા પણ મળતી નથી,
તો મૂર્તિનું સુખ, સત્તા, સામર્થ્ય અને આનંદ પમાય જ ક્યાંથી?
**આ માટે સર્વોત્કૃષ્ટ પુરુષોત્તમના સાક્ષાત્ સ્વરૂપ દ્વારા જ**
**સાક્ષાત્કારની સ્થિતિ કરવી જોઈએ જેથી માયાથી પર ગતિ થઈ શકે.**
જેવી ભક્તની નિષ્ઠા અને ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનો મહિમા તેટલી સ્થિતિ.
વચ.સા. ૧૦ મુજબ સર્વેય ધામો અંતઃદૃષ્ટિએ જોતાં અણુમાત્ર છેટે નથી.
આ સાક્ષાત્ સ્વરૂપો તો આપણને જરૂર નિર્વાસનિક કરી, દૃષ્ટિ અને વૃત્તિ દ્વારા પણ

સ્વભાવ બદલાવી, બ્રહ્મરૂપ કરી દેશે જ ને મહારાજમાં જોડશે.
પ્રત્યક્ષ નયનગોચર સ્વરૂપો પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ તથા પ.પૂ. યોગીજી મહારાજ
આપણાં મહાભાગ્યે ઓળખાયાં છે ને પ્રાપ્ત થયાં છે,
તો વચ.ગ.છે. ૨ મુજબ તથા લો. ૭ મુજબ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરી,
નિરુત્થાનપણે જ ગુરુચરણે રહી, તેમના વિષે જરાય પણ મનુષ્યભાવ ન પરઠીએ
અને સર્વેય સંતોને બ્રહ્મની મૂર્તિઓ જ સમજી મૂળ અક્ષરબ્રહ્મ અનાદિ સ્વરૂપ
જેમાં મહારાજ સર્વપ્રકારે અખંડ રહ્યા છે ને જે મહારાજનું સ્વરૂપ ગણાય છે,
તેમના આશરે રહી, દિવ્ય અલૌકિક સાક્ષાત્કારની સ્થિતિ કરી લઈએ અને
મહારાજની મૂર્તિનું જ અપાર સુખ છતી દેહે જ અનુભવીએ, ભોગવીએ
અને પ્રાપ્ત કરીએ, એવી નમ્ર પ્રાર્થના ગુરુહરિશ્રીને છે.
સાચી સમજણમાં, મહારાજ તથા પૂ. સ્વામી ગુણાતીતાનંદજી પણ વાદળાં જોઈને
નિશ્ચય ને સ્થિતિ કરાવતા ને સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન તથા
દિવ્ય પ્રત્યક્ષ મનુષ્યરૂપે સામાન્યપણે વિચરતું મૂર્તિમાન સ્વરૂપ
અને તેનો મહિમા સમજાવવા જ વિચરણ કરતા.
જ્યારે મંદિરો અને તેના અધિષ્ઠિાતા દેવોની મૂર્તિઓ પ્રધાન થઈ ગઈ ને
તેનો મહિમા વધ્યો ત્યારે ચોર્યાશી કર્યા બાદ મહારાજ નાખુશ થઈ ગયા અને
કાંકરીયા તળાવ જઈ, કાંઈ જ બન્યું નથી તેમ કહેવા લાગ્યા,
તેથી પ્રત્યક્ષ સ્વરૂપને લઈને જ જે પ્રવૃત્તિ થાય છે, તેનો મહિમા સમજાય.
છતાંય પ્રગટમાં જેવી છે તેવી જ પ્રતીતિ તે વખતે જેમ ન આવી,
તેવું હમણાં ન બને તે ખાસ જોવાનું છે.
વચનમાં જરાય અવિશ્વાસ હોય તો તે મનુષ્યપણાના જ ભાવ કહેવાય.
માટે ગુરુહરિનાં વચનોમાં જે શંકા લાવે તે
વચનદ્રોહી, ગુરુદ્રોહી અને અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની સમજવા.
જેને આશરો છે તેને મહારાજની જરૂર સાચી સમજણ પ્રગટ પુરુષોત્તમની જ છે
તે સંતો દ્વારા પણ સમજાશે.
પણ પ્રયાસ કરે તો જીવાત્મા અત્યારે તો (સહેજમાં જ)
સાક્ષાત્કારની સ્થિતિ અનુભવી શકે તેમ છે.
તો સાક્ષાત્ સ્વરૂપનું જ્ઞાન અને પ્રત્યક્ષ મૂર્તિનો મહિમા
સમગ્ર સત્તાથી ભરપૂર કર્તાહર્તા સમજીને જીવમાં ઉતારી લેવો જોઈએ.
સત્સંગ દિવ્ય જ છે.
મહારાજ સદાય દિવ્ય સાકાર જ રૂપે સત્સંગમાં મૂર્તિમાન વિચરી રહ્યા છે.
સંતો દ્વારા ને પ.પૂ. યોગીજી મહારાજના જ શરણે રહીને

ધામ, ધામી ને મુક્તોના સનાતન સંબંધની
આવી અલૌકિક સ્થિતિ પ્રાપ્ત કરી લેવાની છે
ને છતી દેહે જ ધામનું સુખ અનુભવી, ભોગવી અન્યને પણ સમજાય તેમ
ધર્મેયુક્ત રહી ગુણાતીત જ્ઞાન ફેલાવવાનું છે,
જેમાં સ્વામીશ્રીજી તથા ગુરુહરિનો અપાર રાજીપો જ છે.

❀ ❀ ❀

## ૦૪. કૃપા અને દૃષ્ટિ

અનંત જન્મોનાં સુકૃત ઉદય થાય ત્યારે સાચા સત્પુરુષ મળે ને
તેમનો જોગ થાય. મનુષ્યબુદ્ધિથી તેવા સત્પુરુષ મોટા માણસ છે,
ધર્મવાળા છે અને સન્માર્ગે દોરી શકે છે તેવી દેવબુદ્ધિ પ્રસંગોવશાત્ દૃઢ થાય છે.
સદ્ભાવના વિકસે છે, સાધુ સમાગમ તરફ વૃત્તિઓ ખેંચાય છે.
સમૈયાઓ કરવાનું મન થાય છે, છતાં દોષો રહે છે, કલ્પના રહે છે, સંશયો થયા કરે
છે અને સત્સંગ જેવો છે તેવો ઓળખાતો નથી, દિવ્યતા સમજાતી નથી.
નિયમમાં રહીને સંસારની પ્રવૃત્તિઓ કરતાં કરતાં બની આવે તેટલો સત્સંગ
થતો જાય છે. જેવી આત્મબુદ્ધિ દેહમાં છે ને સગાંમાં પ્રીતિ છે, તેવી સાચા સંત ને
સત્સંગીઓમાં થતી નથી. તેથી એકાંતિકપણું સિદ્ધ કરવાનું બાકી રહે છે.
નિષ્કામ ભાવનાથી, નિષ્કપટપણે ભગવાન કે તેના સંતનો સમાગમ
જેમ જેમ થતો જાય છે, તેમ તેમ શુદ્ધભાવ વિકસતો રહે છે.
મન જીતાતાં એકાગ્રતા વધે છે.
મહારાજની મૂર્તિરૂપી સત્શાસ્ત્ર ને સંતને વચને કરીને મહિમા સમજાતાં
સ્વરૂપનિષ્ઠા દૃઢ થતી જાય છે અને જીવાત્મા શિવરૂપ બનીને
એકાંતિકના લક્ષણેયુક્ત વર્તે છે ને ઉપાસના તથા આજ્ઞા દૃઢ કરીને
પ્રત્યક્ષ સ્વરૂપને વિષે અનન્ય ભક્તિ ને આશરો સિદ્ધ કરે છે.
**સંતનો બ્રહ્મરૂપે સમાગમ કરતાં,**
**તેની ઉપર કૃપા થાય છે અને ત્યારે જ વાસના જીતાય છે.**
દોષો ટળતા રહે છે અને આત્મા તથા દેહ, નાદસૃષ્ટિ તથા બુંદસૃષ્ટિ જુદી પડી જતાં,
જીવાત્મા પરમાત્માના અનુસંધાને સત્પુરુષ થકી, ગુરુરૂપ હરિ થકી જ
એકાંતિકપણું સિદ્ધ કરી અનન્ય ભક્ત બને છે અને
બીજાના દોષો, ક્ષતિઓ, ત્રુટિઓ તેની નજરમાં જ આવતી નથી.
અખંડ દિવ્યપણું જ રહે છે, અને સત્સંગની સેવા તથા નિર્માનીપણે દોષે રહિત થઈને

બ્રહ્મરૂપની ભાવના દૃઢ કરીને અખંડ મહારાજની ભક્તિ કરતો રહે છે.
આમ છતાંય નિર્ગુણપણું દૃઢ થતું નથી.
મહારાજમાં તથા મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી તથા
તેમના સાધર્મ્યને પામેલા અખંડ નિર્વિકલ્પપણે જ
ગુણાતીત અલૌકિક સ્થિતિમાં વર્તનારા મહાએકાંતિક પરમભાગવત સંતોમાં
દૃષ્ટિ પહોંચતી નથી અને દેશકાળ બદલાતાં
સામ્યાવસ્થારૂપ માયા વિભ્રાંત દશામાં પાડી દે છે અને
પ્રત્યક્ષ વિચરતા અતિશય મોટા સત્પુરુષને વિશે ગૌણપણું લાવી દે છે અને
મનુષ્યભાવ પરઠાઈ જાય છે.
શ્રીજી મહારાજે પણ કહ્યું છે કે અનાદિ ભાવયુક્ત હોય,
સ્વતંત્રપણે આવેલો હોય ને સ્વતંત્ર જઈ શકતો હોય
છતાંય સત્પુરુષના કે સંતોના સમાગમ વિના મુક્ત પણ જડ સંજ્ઞાને પામી જાય છે.
માટે કુસંગ તો કરવો જ નહિ.
વચ.છે.૧૬–૨૪ વિગેરેમાં મહારાજ જણાવે છે કે
પૂ. ગોપાળાનંદસ્વામી, પૂ. મુક્તાનંદસ્વામી, પૂ. દાદાખાચર તથા
મોટી મોટી સાંખ્યયોગી બાઈઓ પણ
જો નિરંતર સત્સંગ ન રાખે તો દેશકાળ બદલાતાં મુક્તપણામાંથી પડી જાય અને
ઊતરતા જેવા પણ રહે કે નહિ તેની ખાત્રી ન અપાય.
આ મૂળમાયાના બળની વાત છે અને આટલા માટે જ
મહારાજે અતિશય સૂક્ષ્મપણે સનાતન દિવ્ય ત્રણ તત્ત્વો
આત્યંતિક પ્રલયને અંતે રહીને આત્યંતિક મુક્તિ જેને ગણાવે છે,
તેમાં અનાદિ અદ્વિતીય મૂળ અક્ષરની અનિવાર્યતા અનિર્વચનીય સ્વરૂપની બતાવે છે
અને મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામીના સાધર્મ્યપણા વિના,
મૂળ અનાદિ બ્રહ્મના મનન દ્વારા સંગ વિના
પૂર્ણ પુરૂષોત્તમના સાધર્મ્યને પમાતું જ નથી અને
સાચા સંત કે સાધુની દૃષ્ટિ વિના માયાથી અખંડ નિર્લેપપણું રહેતું નથી.
તે સનાતન ધામનો સિદ્ધાંત પૂરવાર કરે છે.
આવી દૃષ્ટિ હોય તેને જ મહારાજે સિદ્ધાંતનો રાજીપો ગણ્યો છે.
જ્યારે પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ કે પ.પૂ. યોગીજી મહારાજ જેવા
ગુરૂવર્યની દૃષ્ટિ જીવાત્મા પર પડે છે ત્યારે તે નિર્વાસનિક થઈ જઈ,
સર્વે દોષો, વિકારો, સર્વ રાગ, દ્વેષો શમી જઈને
મૂળ સાક્ષાત્ સ્વરૂપમાં ગતિ કરે છે.

ધામનું સુખ, આનંદ, બળ, પ્રભા પોતે પ્રાપ્ત કરીને
છતી દેહે જ શિવરૂપમાંથી પરમ શિવરૂપ બનીને
ગ. પ્ર. ૧, વચ. સા.૧૦, કારિ. ૧–૭, લો. ૭, તથા ગ. છે. ૨૮ મુજબ
સાક્ષાત્કારની બ્રહ્મસ્વરૂપ સ્થિતિ અનુભવે છે ને ભોગવે છે.
**કારણ શરીરરૂપ જીવની માયા તથા સામ્યાવસ્થારૂપ પ્રકૃતિની માયા અદશ્ય થાય છે અને અમૃતના મહોદધિ સમા વિહદ અક્ષરધામનું** સાક્ષાત સુખ છતી દેહે પ્રાપ્ત કરે છે. ચૈતન્યમય જ દૃષ્ટિ થઈ જાય છે. સમગ્ર સત્સંગ દિવ્ય જ ભાસે છે.
દૃઢ ધર્મમાં રહી, વચ. છે. ૩૯ મુજબ
આત્મા પરમાત્માનું અતિશય દૃઢ રટણ થયા કરે છે અને ભૂંડો ઘાટ થતો જ નથી.
અનંત પતિત જીવોને માયા પાર તે કરી શકે છે.
અને માયાથી અખંડ નિર્લેપપણું, નિર્વિકારપણું અનુભવીને
નિરંતર સ્થિતપ્રજ્ઞતા સિદ્ધ કરે છે.
**વચ.લો. ૧૨ ના નિર્વિકલ્પ નિશ્ચયના આધારે સાક્ષાત્ સ્વરૂપોની દૃષ્ટિથી જ સાક્ષાત્કારની સર્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરે છે.**
દિવ્ય સાકારપણાની કૃતકૃત્યતા, પૂર્ણતા અખંડ સહજભાવે,
સ્વાભાવિક રીતે જ રહ્યા કરે છે.
આવી ગુણાતીત સ્થિતિ મહારાજ, સ્વામી કે
સાક્ષાત્ સાચા સંતની દૃષ્ટિ વિના પમાતી જ નથી.
મુક્તપણાની આ સીમાદોરી છે.
મહારાજ તેને વશ વર્તે છે ને દાસપણે જ તે ભક્ત સમગ્ર સત્સંગને દિવ્ય સમજીને માયાથી નિર્લેપ રહીને, અખંડાનંદ અનુભવે છે ને અન્યને પણ ગુણાતીત કરે છે.
આવાં મહામૂલાં રત્નો પ.પૂ. યોગીજી મહારાજ તૈયાર કરી રહ્યા છે ને
તેમની અખંડ દૃષ્ટિ સમગ્ર સત્સંગ પર રહો એ જ અભ્યર્થના છે.
આમ સંસ્કારિતા, મુમુક્ષતા, આશીર્વાદ, કૃપા અને સાચા સંતની દૃષ્ટિ મુજબ
સ્થિતિ અને સ્થાનોના ભેદો મુક્તોમાં દર્શાય છે ને
બીજાને પણ પ્રતીતિ થાય છે જે વાત અનુભવગમ્ય છે.

## ૦૫. સાકારપણાની પ્રતીતિ

પ્રગટ સૂર્ય વિના અંધારું ટળે નહિ, પ્રગટ અન્ન વિના ભૂખ મટે નહિ,
તેમ જ પ્રગટ ભગવાનના સ્વરૂપ વિના આત્યંતિક કલ્યાણ પણ ન જ થાય.
મોક્ષ થવો સહેલો છે, મુક્તિ પણ ખાસ અઘરી નથી જ,
પણ જ્ઞાનપ્રલય કરતાં નિર્વિકલ્પપણે ભગવાનના સાચા મૂળ સ્વરૂપને પામવાની,
ધારવાની ને સ્વામીસેવકપણે નિરંતર સેવા ભક્તિમાં નિમગ્નતા રાખવાની
આત્માની સર્વોપરી સાક્ષાત્કાર સ્થિતિ
પ્રગટ ગુરુરૂપ હરિ વિના અશક્ય જ છે, અસંભવિત જ છે.
પછી કોઈ પંડિત હોય, ત્યાગી હોય, નૈષ્ઠિક બ્રહ્મચારી હોય કે
પરોક્ષનો અનન્ય ભક્ત હોય.
ગુણાતીતજ્ઞાન સિદ્ધ કર્યા વિના અને પ્રગટ ગુરુરૂપ હરિની અનન્ય નિષ્ઠા વિના
માયાથી નિરંતર નિર્લેપપણું શક્ય જ નથી.
આ છે દિવ્ય સાકારપણાની ભાવના.
જે સનાતન સિદ્ધાંત તરીકે વચનામૃતોમાં તથા ગુણાતીતાનંદસ્વામીની વાતુમાં અને
પ.પૂ. યોગીજી મહારાજની વાતુમાંથી રહસ્યરૂપે, રુચિ અને અભિપ્રાય તરીકે
સૂક્ષ્મભાવે સૂચવાયેલ છે અને પ્રગટ સંત કે
સત્પુરુષ થકી જ તેનો સાક્ષાત્કાર થઈ શકે છે.
નગ્ન સત્ય કહેનાર સોક્રેટીસને આ લોકમાં અધૂરા અણસમજુ મનુષ્યોએ ઝેર આપ્યું.
કારણ કે તેવું નિર્ભેળ સત્ય પચાવવું અસહ્ય થઈ પડેલું.
તેવું જ સર્વ મહાવિભૂતિઓનાં જીવનમાં દેખાય છે.
તાજો જ દાખલો મહાત્મા ગાંધીજીનો છે.
જીસસ ક્રાઈસ્ટ અને ગેલીલીયોને પણ સમાજે સત્ય બોલવા માટે ક્રૂર સજા કરી છે.
છતાં અસૂરભાવ અદશ્ય થઈ જઈ, નગ્ન સત્ય બહાર આવ્યું છે.
જગતનો ઉદ્ધાર પણ તેથી જ થવાનો છે.
આવા પુણ્યાત્માઓની મીઠી નજરથી
અને પ.પૂ. યોગીજી મહારાજ જેવા સાક્ષાત્ સંત સ્વરૂપોથી જ
આપણું જીવન શાંત, સરળ અને સુખી રહી શક્યું છે, સત્સંગ કાયમ દઢ થયો છે.
પણ જ્યાં સુધી માયિકભાવ રહે છે, અંતઃકરણની કલ્પનાઓ ને શંકાઓ રહે છે,
ભેદદષ્ટિ રહે છે, ત્યાં સુધી આ જગત રહે છે, આ પ્રકૃતિ રહે છે
ને આ દેહ સાથે તેની સર્વ ઉપાધિઓ પણ આધિ, વ્યાધિ ઉપસ્થિત કરીને
જીવને નાહકનો દુઃખીયો કરી મૂકે છે.
પ્રગટ ગુરુરૂપ પરમ ચિંતામણિનો સમગ્ર મહિમા સમજાતાં

વચ.ગ.મ. ૬૩ મુજબ જીવ તત્કાળ બળિયો થઈ જાય છે
અને વચ.ગ.પ્ર. ૫૪, ગ.મ. ૫૪ અને ગ.છે. ૨–૩૮–૩૯ મુજબ સત્સંગ દઢ થતાં
વચ.કારિ. ૧–૭, ગ.મ. ૬૬, ગ.છે. ૨૮ મુજબ
ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવનાં ભ્રાંતિવાળાં રૂપો બદલાઈ જતાં
સત્પુરુષ થકી જ ઈયળની ભમરીની જેમ છત્રીસ ટચકાઓ ખાઈને,
છતી દેહે જ ભમરીરૂપ બની જાય છે
અને ટચકાનું અખંડ અનુસંધાન રાખી, સ્વામીસેવકપણે પ્રગટ સંતને ચરણે રહી
બ્રહ્મસ્વરૂપે સ્વામીશ્રીજીની ઉપાસના અને આજ્ઞા પાળે છે
ને ભગવાનનું જ સુખ છતી દેહે અનુભવે છે, ભોગવે છે અને પ્રાપ્ત કરીને
અન્યને પણ તેની પ્રતીતિ કરાવે છે ને
દિવ્ય સાકારપણાની દઢ પ્રતીતિરૂપે સર્વને દિવ્યાનંદમાં ગરકાવ કરી દે છે.
તેટલી વખત દેહભાવ સદંતર ભૂલાઈ જવાય છે.
જે કંઈ શોધતા હતા, વાંચ્છતા હતા, ઊંડે ઊંડે અંતરમાં ઊણપ જેવું લાગતું હતું
તે સાંત્વન પામતાં, પરમ શાંતિ, આનંદ ને સુખ ભોગવાય છે,
ને તેવી જ ઝંખના અને અભીપ્સા રહ્યા કરે છે.
સ્વામી અને શ્રીજી પરના પર લાગ્યા કરે છે, ચૈતન્ય દૃષ્ટિ થઈ જાય છે
અને કોઈનાય દોષ, અભાવ, ક્ષતિ નજરમાં જ આવતાં નથી.
અરે, મહાભૂતો અને પ્રકૃતિનું કાર્ય માત્ર નજરમાં આવતું નથી.
પ્રાણવાયુથી ઉત્પન્ન થતા ફુવારા માફક
અસંખ્ય સંકલ્પો, શંકા–આશંકાઓ વિલીન થઈ જાય છે.
જ્ઞાનસમાધિરૂપે અખંડ સ્મૃતિ અને જાણપણામાં રહે છે
અને દિવ્ય સ્વરૂપોની સાકારપણાની અતિશય દઢ પ્રતીતિ અન્યને પણ કરાવે છે.
વચ.ગ.પ્ર. ૭૫ મુજબ ધામ, ધામી ને મુક્તો સનાતન, શાશ્વત અને સાકાર
આત્યંતિક પ્રલય બાદ પણ રહે જ છે.
તે સમાગમ કરતાં કરતાં પ્રત્યક્ષ ગુરુહરિશ્રીનાં ચરણોમાં જ નિમગ્ન રહેવાનો
આશરારૂપી, શરણાગતિરૂપી તદ્દન સહેલો,
સર્વોપરી, છતી દેહે વિહદ અક્ષરધામ મેળવાનો,
અનુભવવાનો અને પ્રાપ્ત કરવાનો માર્ગ ખુલ્લો કરે છે
ને ગુણાતીત જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર સબીજ ફેલાયા કરે છે,
ને અસંખ્ય જીવોને શિવરૂપમાંથી પરમ શિવરૂપ વાસુદેવને વિશે,
પ્રવેશ કરાવી, અનાદિ મૂળ બ્રહ્મમાં ગતિ કરાવે છે
ને તેના સાધર્મ્યને પામી, સ્વામિશ્રીજીની સેવાના પરમ અધિકારી બનાવે છે.

વચ. ગ.પ્ર. ૩૭ મુજબ આવા સંતોની ચરણરજ મહારાજ પણ લે છે
અને તેનાં દર્શનથી અનંત પતિત જીવોનો ઉદ્ધાર થાય છે.
પણ પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે કર્તા અને સાકારપણાની અતિશય દઢતા ન થાય
ત્યાં સુધી અતંરાય ટળતો નથી ને ઊણપ અને અહંભાવ રહે છે
ને તેથી જ દિવ્ય સુખ મળતું નથી.
માટે આપણા પ્રગટ સાક્ષાત્ ગુરુજીનાં ચરણોમાં
નિષ્કપટપણે જરાય અંતરાય રાખ્યા વિના દરેક સત્સંગીએ મનને સોંપી દેવું
અને અક્ષરદેરીનો મહિમા ગાયા કરવો
જેથી ખૂબ જ શાંતિ, આનંદ ને સુખ અનુભવાશે
અને મહારાજ પર ચિંતા નાંખ્યા બાદ
સ્વામિશ્રીજી જરૂર અખંડ રક્ષા કરશે અને
દાસના દુશ્મન હરિ કદી હોય નહિ, માટે જેમ કરશે તેમ સુખ જ થાશે,
તો વચ. ગ.પ્ર. ૩૭ની દિવ્ય સાકારપણાની સમજણ અને પ્રતીતિ
અતિશય દઢ કરીને દરેક સત્સંગી આવી પ્રત્યક્ષની નિષ્ઠા
જીવનમાં મૂર્તિમંત બનાવે અને ધામનું દિવ્ય સુખ અનુભવે, ભોગવે ને પ્રાપ્ત કરે.

## ૦૬. સીમાડો

સીમાડો એટલે છેડો, અંત.
ગામનો, ઘરનો, ભોગનો અને સમૃદ્ધિનો સીમાડો હોય છે,
તે જ્ઞાની પુરૂષો સારી રીતે જાણી શકે છે અને
અનુમાન તથા અનુભવજ્ઞાને તે મુજબ સંયમ કેળવી
વર્તનમાં સતત જાગૃતિ અને જાણપણું કેમ રહે તે જ અનુસંધાન રાખ્યા કરે છે,
જેથી અખંડિત સેવાભક્તિ કરતાં કરતાં
ભગવાન કે સાચા પ્રગટ વડવાનળ અગ્નિસમા સંતની આજ્ઞા ને ઉપાસના
અવિભાજ્યપણે રહ્યા કરે ને ભગવાનનું પ્રગટ સુખ છતી દેહે જ પ્રાપ્ત થાય.
મહારાજ પણ કહેતા કે સ્ત્રીનો તેમ જ ઋષિનો અંત લેવો નહીં અને
જો દેવતાઓ અને અવતારોએ કંઈક ઊણપ રાખી તો સર્વને કલંક લાગ્યાં અને
નારદજી જેવા તથા ભરતજી જેવાને પણ સ્થિતિમાંથી ડગાવી દીધા છે.
માટે આત્માનો સ્વધર્મ અને અનિર્વચનીય સનાતન સ્વભાવ
પ્રગટ સત્પુરુષ થકી સાધીને

મૂર્તિમાન સચ્ચિદાનંદરૂપ અનુભવવું, ભોગવવું ને પ્રાપ્ત કરી લેવું.
સ્વામિનારાયણ ભગવાને ઈન્દ્રિયોના સીમાડા જોઈ–તપાસી,
તારવણીરૂપે નવનીત આપ્યું અને અનુભવજ્ઞાનમાં અને સર્વને
શિક્ષાપત્રી, વચનામૃતો તથા અન્ય વાતુના પ્રસંગો ને વિચરણોમાં
સ્પષ્ટ બતાવી દીધું ને લાલબત્તીઓ કાયમ ધરી રાખી,
સત્સંગી માત્રને આલોક અને પરલોકમાં અપાર સુખિયા કરી દીધા.
અનાદિમૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ અંતઃકરણના તથા માયાના ત્રિગુણાત્મક
સ્વરૂપના, મહાકારણના તથા સામ્યાવસ્થારૂપ ભગવાનની યોગમાયાના પણ સીમાડા
તેમની સાત પ્રકરણની વાતુમાં ખુલ્લા કરી દીધા છે,
અને જીવનું જીવન, સારમાં સાર
ઉપાસના, આજ્ઞા, એકાંતિકનો નિરંતર સંગ અને ભગવદી સાથે સુહૃદયપણું
આ ચાર વાતુમાં છે તે સ્પષ્ટ બતાવી દઈ,
બ્રહ્મરૂપ કેમ થવાય અને સત્પુરુષના મંગળકારી ગુણો, કલ્યાણકારી ભાવનાઓ અને
ગુણાતીતજ્ઞાન સત્સંગીના જીવમાં કેમ છતી દેહે આવે
તે મૂર્તિમાન દિવ્ય રીતે સાક્ષાત્કાર કરાવી, ધામનું સુખ બક્ષ્યું છે અને
માયાના જુદા જુદા સીમાડા, ત્યાં આવતી મુશ્કેલીઓ અને
અપાર, અતકર્ય, અગમ્ય અનુભવોથી
પુરુષોત્તમાકારે દૃષ્ટિ અને વૃત્તિ શીખવી, સર્વને વિદિત કર્યા છે
અને નિર્વિકલ્પપણાના છઠ્ઠા નિશ્ચયની સ્થિતિ સાધ્ય બનાવી દીધી છે.
આ જ મૂળઅક્ષરની અનિવાર્યતા સિદ્ધ કરે છે.

ગોંડળ અક્ષરદેરીમાં મનના, ચિત્તના, અહમ્‌ના, ઐશ્વર્યોના, સત્તા, સામર્થ્યના, સિદ્ધિઓના
સર્વ સીમાડાઓ ગુણાતીતનાં ચરણો સમક્ષ વિલીન થઈ જાય છે,
ને તે જ છેવટનો અંત છે, સીમા છે,
જ્યાં સંપૂર્ણતઃ બ્રાહ્મીસ્થિતિ સાધ્ય બને ને
પ્રકૃતિભાવ ભૂલાઈ, સહજભાવે જ અક્ષરરૂપ થઈ
પુરુષોત્તમના પ્રગટ સ્વરૂપમાં નિરંતર જોડાયેલા રહેવાય છે
ને એકત્વ અનુભવી, તેનો દિવ્યાનંદ, સ્વાભાવિક સહજાનંદ
અન્યને પણ અર્પી પ્રતીતિરૂપે સાથેનાને પણ અપાર સુખીયા કરી મૂકે છે.
પશુઓ અને માનવો વચ્ચેનો જે મહાભેદ
તે જ મનતત્ત્વ અને બુદ્ધિતત્ત્વના પ્રગટીકરણની વિશિષ્ટતા છે.
તેમાં જ્ઞાનના, જીવનના, આત્માના અને જગતના તથા
માયાનાં સ્વરૂપોના સંબંધોના સીમાડાઓ જ શોધવાના છે

ને સાચાં સ્વરૂપો, ગુણો, લક્ષણો ઓળખી
છતી દેહે જ દિવ્ય જીવન પ્રાપ્ત કરવાનું છે.
આવા સીમાડા અને પુરૂષાર્થની પર્યાપ્તિ તથા પૂર્ણતાની પરિસીમા
ગુરુવર્ય પ.પૂ. યોગીજી મહારાજ પમાડી શકે તેમ છે.
જીંદગીનો અંત શું? જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, ધર્મ, આત્મનિષ્ઠાનો અંત શું?
જગતનો તથા આ સમગ્ર ભાવનાઓનો ને સંબંધોનો અંત શું?
તે સ્પષ્ટ સમજી, જાણી, પ્રાપ્ત કરી લેવા
સાધુનો સમાગમ દરેકે કરી લેવાની જરૂર છે અને
અક્ષરદેરીમાં એકાદ માસનો જ સતત સમાગમ રાખી,
અપાર સુખ, શાંતિ, આનંદ અને સદ્‌ગુણો મેળવી,
સહજભાવે દિવ્ય જીવન બનાવી લેવાની જરૂર છે.
આવો અમૂલ્ય અવસર, તક ફરી ફરી મનુષ્ય દેહે નહિ જ મળે.
માટે કરોડો કામો બગાડીને પણ આવો આત્યંતિક મોક્ષ, કલ્યાણ
પામી લેવાની દરેક સત્સંગીની ફરજ છે.
મહારાજ ને સ્વામી સિવાય કયાંય વૃત્તિ કે દૃષ્ટિ નહિ રહે ત્યારે
આત્મા–અનાત્માનો આવો સીમાડો આવશે ને
મલિન ઘાટ, ભાવના, સંકલ્પો સદંતર બંધ થઈ જઈ
વિક્ષેપો, કલ્પના, શંકા–આશંકા, અપૂર્ણપણું મટી જઈ
અખંડ અહોહોપણું રહેશે ને ભક્તોની સેવા દાસપણે થયા જશે.
ગુરૂવર્ય યોગીજી મહારાજ આવી અલૌકિક સ્થિતિ
સર્વે સાચા નિષ્ઠાવાળા હરિભક્તોને કરાવે એ જ નમ્ર પ્રાર્થના છે અને
ત્યારે જ સંઘનિષ્ઠાનો મહા સીમાડો આવશે અને
દીવે દીવો પ્રગટી અનંત દીવાઓ, જ્યોતિઓ સત્સંગમાં પ્રગટાવશે ને
પ.પૂ. શાસ્ત્રીજી મહારાજના અપાર માહાત્મ્યનું દિવ્ય સુખ
સર્વ માનવજાતિને સુલભ બનશે ને ગુણાતીતજ્ઞાન બ્રહ્માંડમાં પ્રસરશે
ને સર્વ જીવપ્રાણી માત્રને અપાર સુખિયા કરી દેશે.
આવાં અનેક દિવ્ય રત્નો વધો અને મહામુક્તો દ્વારા
અક્ષરપુરૂષોત્તમના સર્વોપરી, સનાતન, અનાદિ સત્ય, શ્રેષ્ઠ જ્ઞાનની
વિજયપતાકા પ્રવર્તી સર્વનું મંગળ કરે, કલ્યાણ કરે એ જ અભ્યર્થના...

## ૦૭. જીવનયાત્રા કે સંગ્રામ

### (લૌકિક અને અલૌકિક દૃષ્ટિએ...)

મહાભૂતોના વિકાસક્રમ સાથે સાથે મહાતત્ત્વોનાં પણ પ્રકટીકરણ થયેલાં છે,
અને ચૈતન્ય તથા મન અને ચિત્તના સબંધો
અહમ્ મમત્વની ભાવનાઓથી અનાદિ કાળથી જ સંકળાયેલા છે.
સર્વને સમજવા, દર્શન કરવા, પ્રાપ્ત કરી
પોતાનો જ આવિર્ભાવ કરી છતી દેહે જ પરિપૂર્ણતા મેળવી લેવા
તેમને ભગવાન વ્યાસજી થકી વેદોરૂપે અને ભાગવતરૂપે સુલભ કર્યા છે.
તે અલૌકિક સંબંધો, પુરૂષાર્થો, પ્રવૃત્તિઓ અને પ્રતીકો
વડવાનળ અગ્નિસમા સાચા સત્પુરૂષ–પ્રગટ ગુરુરૂપ હરિ થકી જ
સમજીને ઓળખી શકાય તેમ છે અને ત્યારે જ માનવજીવનનો મહામૂલો
અપૂર્વ શાંતિનો, આનંદનો, સુખનો, બળનો, સામર્થ્ય અને કૃતકૃત્યતાનો સંગ્રામ
છતી દેહે જ પૂર્ણ થશે અને જીવન શુદ્ધ બની, વૃત્તિઓ નિર્મળ થઈ,
વાસનાઓ કુંઠિત બની, પ્રગટ પુરૂષોત્તમના સ્વરૂપમાં જોડાઈ,
સ્વામીસેવકપણે સત્સંગની અખંડિત દિવ્યતા કાયમ ટકાવી,
એકાંતિકપણું દૃઢ કરી, જીવનયાત્રાનો અવિભાજ્યપણે સળંગ વહેતો દિવ્ય
ઝરણાંનો મહોદધિ પૂર્ણબ્રહ્મ સંગે પૂર્ણત્વને પામી જશે.
ધામ, ધામી અને મુક્તોનું નિરંતર ઐક્ય દિવ્ય દૃષ્ટિએ જાળવી
સર્વત્ર ગુણાતીત જ્ઞાનનો, પ્રભુતાનો,
સાચા પ્રકૃતિપુરૂષથી પરના જ્ઞાનનો ફેલાવો કરી,
સર્વને પરમ સુખિયા કરી દેશે ને ત્યારે જ જીવનયાત્રાનો અંત આવ્યો ગણાશે.
જીવનમુક્તો કે વિદેહીમુક્તો સ્વતંત્ર થકા માયાથી અખંડ
નિર્વિકલ્પપણું, નિર્વિકારપણું દૃઢ કરી અનેકને ગુણાતીત કરી,
એકાંતિક બનાવી સ્વામીશ્રીજીમાં મૂળ અક્ષરના સાધર્મ્યને પમાડી જોડશે ને
ભગવાનનું જ સુખ છતી દેહે તેમને અર્પશે.
માનવ જીવનના આવા પ્રવાહો અને પુરુષાર્થોમાંથી જ યાત્રામાં સ્થૂળ પ્રતીકો રૂપે,
પથિક! તું તાજમહેલ, કુતુબમીનાર, રાજમહેલો, લાલકિલ્લો અને
અસંખ્ય શિલાલેખો, જગજૂનાં ખંડિયેરો જોજે,
અને તેની પાછળ–ભીતરમાં રહેલી માનવીની અમરગાથારૂપે જીવન અખંડ ટકાવી
રાખવાની મહા તાલાવેલી અને વિહ્વળતા નિહાળજે.
મૂઢ પ્રતીકોનાં મૌન ગીતો, શાંત ચિત્તે તું સાંભળજે ને

સ્થૂળ પ્રતીકોનું મૂલ્યાંકન કરી તેની પાછળ રહેલી ભાવના, પ્રણાલિકા,
ત્યાગ કે સામર્થીનો આદર્શ સંસ્કૃતિના કાળચક્રના ઘડિયાળના કાંટે માપજે ને
તે અનુભવજ્ઞાન મહતજીવન માટે ઉપયોગી થઈ પડે ને સ્વાધીનથકું પ્રાપ્ત થઈ
શકે તે અર્થે અખંડ સ્મૃતિરૂપે નોંધપોથીમાં નોંધી લેજે ને અંતરમાં ઊંડે ઊંડે જડી
લેજે. એવી સ્મૃતિઓ દ્વારા એ સંસ્મરણો અખંડ દિવ્ય જીવનનાં ઝરણાં જ બની
રહેશે ને કુસુમોસમ પરિમલતા પ્રસરાવી અનંતનાં જીવનને સરસતાથી,
સુંદરતાનાં તત્ત્વોથી પ્રફુલ્લિત બનાવી મૂકશે.
આવા જ મહાપ્રયાસો માનસિક ક્ષેત્રોમાં થયા છે,
વિજ્ઞાનની અનેક શોધખોળોરૂપે, એરોપ્લેનો, ટેલીવિઝન તથા
અનંત આકાશમાંની નિહારીકાઓની ગતિઓ અને
દરિયાની તથા પૃથ્વીની ગહનતાઓ, અજાયબીઓ તથા નવીનતાઓ,
મૂર્તિમાન બનાવી કાળા માથાના માનવી થકી
ભગવાને સૌને જ આશ્ચર્યચકિત કરી મૂક્યા છે, દિગ્મૂઢ બનાવી દીધા છે અને
છતાંય આઈનસ્ટાઈન, મેકીનટૉશ વિગેરે મહાશોધોના અંતે અનુભવરૂપે જેમ કહે છે
તેમ આવું સમગ્ર જ્ઞાન—હજી તો શરૂઆતનો એકડો જ હોય તેમ
લેશમાત્ર ઝાંખીરૂપે છે અને સાપેક્ષવાદથી ય પર
સનાતન તત્ત્વોની મહાલીલા જોવાની તો ઈન્દ્રિયોની ને અંતઃકરણની શક્તિઓની
બહારની જ વાત છે એમ હવે દરેક માનતા થઈ ગયા છે.
તે વાત જ ભૌતિકક્ષેત્ર કરતાં આધ્યાત્મિક ક્ષેત્રની સર્વોપરિતા
અનંતગણી વધારે છે તે પૂરવાર કરે છે.
વિચાર, વિવેક, સંયમ, શુદ્ધ ઉપાસના અને ભક્તિની ભૂમિકાએ
આધ્યાત્મિક ક્ષેત્રની અનેક વિભૂતિઓ એરિસ્ટોટલ, પ્લેટો, નીત્શે,
શૉપનહૉઅર, ટાગોર, વિવેકાનંદ, રામતીર્થ, ઈસુ ખ્રિસ્ત, મહમ્મદ પયગંબર,
ગૌતમ બુદ્ધ, મહાવીરસ્વામી અને અનેક અવતારો, વિભૂતિઓ તથા
છેવટે અવતારોના ય અવતારી, કારણોનાય કારણ એવા
સર્વોપરી ભગવાન સહજાનંદસ્વામી, તેમના અનન્ય ભક્તો, મુક્તોએ
મૂર્તિમાન અક્ષરધામ સહિત પધારી, કેવળ કરૂણાએ જ
માનવને દિવ્ય જીવનની સંપત્તિ સુખ, આનંદ ને શાંતિ બક્ષ્યાં છે
અને વચ.વર. ૧૦–૧૧–૧૯ મુજબ સંતોરૂપે ભરતખંડમાં સાક્ષાત્ સ્વરૂપે
કલ્યાણનો, મંગળનો, આત્મા–પરમાત્માના સાક્ષાત્કારનો, કારણ શરીર ટાળવાનો,
છતી દેહે જ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ પુરૂષોત્તમમાં જોડાવાનો,
વિહદ અક્ષરધામનો અલૌકિક માર્ગ ખુલ્લો કરી દીધો ને

સ્થાવર–જંગમ તીર્થો સ્થાપી માનવ જીવનને મહાસમૃદ્ધ બનાવી દીધું.
સંતોનાં, અવતારોનાં લીલાચરિત્રો ગાતાં સૂણતાં
આવી આધ્યાત્મિક જીવનયાત્રા જણાઈ આવશે અને
પથિકોને યાત્રાનો અનન્ય અપૂર્વ આનંદ ને સુખ પ્રાપ્ત થશે.
સાક્ષાત્ સંત જ મૂર્તિ, તીર્થ અને શાસ્ત્ર કરે છે ને પ્રાણ પૂરી જીવંત રાખે છે.
ધર્મનો લય થતાં એકાંતિક ધર્મ એકાંતિક સંતને ચરણે જ રહે છે.
માટે સર્વ કરતાં જંગમ તીર્થ જ સર્વોપરી છે.
વચ.ગ.પ્ર. ૫૪ તથા મ. ૫૪ ને વર. ૧૧ ને છે. ૨ વિચારી જુઓ.
આવી અલૌકિક યાત્રામાં દિલ્હી, છપૈયા અને
પરોક્ષનાં સ્થાનકો નિહાળવાનાં મળશે.
ત્યાં પ્રગટનાં ચરિત્રો, ભક્તોના સ્વભાવનાં, અહમ્નાં, મનનાં, ચિત્તનાં
રાગદ્વેષાત્મક સ્વરૂપો મૂર્તિમાન દેખાશે ત્યારે દરેક સત્સંગી ગુણાતીતજ્ઞાન ન ભૂલતાં
શબ્દાતીત, ભાવાતીત ને ગુણાતીત વર્તે અને
કોની સાથે ફરીએ છીએ તે અખંડ અનુસંધાન રાખી
ધામના જ મહામુક્તોની જે સેવા સાંપડી છે,
તે માહાત્મ્યજ્ઞાને સહિત અસાધારણ ભક્તિનો અલભ્ય લ્હાવો
સૌ કોઈ યાત્રાળુ ઉઠાવે અને શ્રી છગનભાઈ, અંબાલાલભાઈ, બાબુભાઈ, ખેંગારજીભાઈ,
વિનાયકરાવ સાહેબ, શેઠ શ્રી નારણભાઈ, ઝવેરભાઈ, કાન્તિલાલ, મગનભાઈ, હરમાનભાઈ,
હકાખાચર, મણિભાઈ સલાડવાળા, રણછોડભાઈ ભાદરણવાળા, ભગવતસિંહજી
સૌ કોઈને શાંતિથી કામ કરવા દઈ સૌના ય લાભમાં જ હોય
તેમ પ્રવૃત્તિ કરાવતા કરાવતા,
એકમેકનું સહન કરી લઈ, અપૂર્વ શાંતિ અને શિસ્ત જાળવી,
પ.પૂ. શાસ્ત્રીજી મહારાજનું અપૂર્વ નામ શોભાવે તો
આ મહાયાત્રા સંપૂર્ણ સરળ થઈ ગણાશે.
આમાં ગુણની, ભાવની, સ્વભાવની, ટેવોની વૃત્તિઓનાં દ્વંદ્વ
જ્યાં ઊભા થાય ત્યાં સત્સંગ દર્પણતૂલ્ય ગણી,
સૌ કોઈ પોતાનું અંતર તપાસી દિવ્યતા કાયમ રાખશે તો
સ્વામીશ્રીજી અપાર દિવ્ય સુખ આપશે જ તેની ખાત્રી રાખે.
પ્રગટના અપાર મહિમાનું આ અનુસંધાન રાખી જમતાં, સૂતાં, સભામાં,
ગાડીમાં, વાતમાં, નહાવામાં, સાફ કરવામાં, શુદ્ધ થવામાં,
દેહાભિમાન, સ્વભાવ, પ્રકૃતિ ને મૂળ ટેવોનાં
ઉપલક ઉપરછલ્લાં ક્ષણિક ભાવાવેશનાં પ્રદર્શનો ન થાય તે સર્વ જોજો.

સ્વામીશ્રીજી અપાર દિવ્યતા પ્રગટાવી સર્વને અલૌકિક સુખ આપે એ જ અભ્યર્થના.
જે કોઈ યાત્રામાં આવે છે તેના ભાગ્યનો પાર જ નથી અને
તેનું અક્ષરધામ સુવર્ણાક્ષરે જીવમાં જ નિશ્ચિત લખાઈ ગયું જ છે
એમ ખાત્રીપૂર્વક જ માને અને અનુભવે ને
અખંડિત રાખે એ જ ગુરુહરિશ્રીને નમ્ર પ્રાર્થના છે.
પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે પ.પૂ. પ્રમુખસ્વામીને આપેલો કૉલ
પ્રગટ ગુરુહરિશ્રી પ.પૂ. યોગીજી મહારાજ પૂર્ણ કરી,
સર્વને અલૌકિક સુખ આપી ગુણાતીત કરતાં કરતાં અનેક કાર્યો પૂર્ણ કરાવશે
અને સ્મૃતિરૂપે જીવનનું છેવટનું ભાથું અર્પશે
તે બદલ સમગ્ર સત્સંગમંડળ, આફ્રિકામંડળ વિગેરે વતી
સર્વ સંતોનો અને પૂ. છગનભાઈ, હરમાનભાઈ ને મણિભાઈ સલાડવાળા તથા ભાદરણ,
અમદાવાદ બકરીપોળ મંડળનો અનહદ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.
જેથી જીવનસંગ્રામ પૂર્ણ થઈ જીવનયાત્રાની સર્વોપરી પૂર્ણાહુતિ આપશે.
પ્રગટ ગુરૂહરિ સૌ સત્સંગીને કથાવાર્તા પ્રસંગોરૂપે
અખંડ સ્મૃતિ–જ્ઞાન બક્ષી ધામનું સુખ પ્રાપ્ત કરાવશે.
સૌ કોઈ અંતરમાં ઊંડે ઊંડે વિચારશો તો ખબર પડશે કે
કેટલી સંઘનિષ્ઠા કેળવાઈ છે અને આવી અલૌકિક દૃષ્ટિ કેળવી, મન જીતી,
વિચરણ કરતાં કેટલું મહાયજ્ઞરૂપે ફળમયી જીવન પરિવર્તન થતું જાય છે,
સ્વભાવ અને વાસના કેટલી જીતાય છે તેનો સંપૂર્ણ ખ્યાલ આવી જશે.

સૌ કોઈ સંપ અને ધર્મ જાળવી એકાત્મભાવ કેળવી
અપૂર્વ સેવાલાભ મેળવે એ જ નમ્ર પ્રાર્થના છે.
સર્વને અલૌકિક દિવ્યદર્શન, વચન, સ્મૃતિરૂપે જીવમાં જડાઈ જાય
ને અખંડ સત્સંગની દિવ્યતા જળવાઈ રહેવામાં
યાત્રાનો અપૂર્વ આલ્હાદજનક અંત પરિણમે તેવી કૃપાદૃષ્ટિ વાંચ્છીએ છીએ.
સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસનું નવું પાન લખાતું જાય છે
જેમાં કલ્પવૃક્ષોસમાં મહાફળો ટૂંકમાં જ સૌને પ્રતીતિરૂપે દેખાશે
અને એ જ સર્વોપરી સ્વામીનિષ્ઠાની જીવંતતા ને સનાતન સત્યતા પૂરવાર કરશે.

## ૦૮. અનાહત ચક્રના ધબકારા

અનાદિ કાળથી મહાસત્યોનાં રહસ્યો માનવજાત શોધતી આવી છે,
છતાં સાક્ષાત્ પ્રતીતિરૂપે છતી દેહે જ તેનાં નિરાકરણ થયેલાં જણાયાં નથી.
ફક્ત એકાદ ગુણ, ઐશ્વર્ય, સત્તા, સામર્થી,
અગર વિભૂતિ, અવતાર કે કોઈ દૈવી શક્તિના પૃથ્વી ઉપર અવતરણ દ્વારા
માનવજાતને સત્યમ્, શિવમ્ ને સુંદરમ્ તત્ત્વોના મહાપાઠો શીખવા મળ્યા છે
અને તે મુજબ સર્વાંગ સંપૂર્ણ જીવન જીવવા
અને તેનાં રહસ્યો સમજી પરમપદની પરમ પ્રાપ્તિ કરવા પ્રેરણા મળી છે.
છતાંય સ્વભાવ ને વાસના ટળ્યાં નહીં અને
છતી દેહે પરમમોક્ષ જ અનુભવાયો નહીં.
જીવનનું આ રહસ્ય જેટલી સરળતાથી શ્રીજીએ સમજાવ્યું છે
તેવું ક્યાંય નજરે પડતું નથી.
મહારાજે જ પ્રથમ કારણ શરીરની વાતો ઉપાડી અને
છતી દેહે જ એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું
અને એવું જીવન જે વેદોમાં વર્ણનરૂપે જ હતું,
તેવું ધામ, ધામી અને મુક્તોને મૂર્તિમાન પૃથ્વી ઉપર લાવીને
સાકારરૂપે તાદૃશ કરીને સિદ્ધ કરીને પૂરવાર કર્યું અને કલ્યાણનો માર્ગ ખુલ્લો મૂક્યો.
આમાં પ્રથમ એકડો અર્થાત્ ધબકારાનું જ્ઞાન, સ્વરૂપ, લક્ષણ અને
તેને જીત્યા બાદ તેનું રહસ્ય તથા ફળનો આનંદ સમજાવ્યો.
સનાતન અક્ષરબ્રહ્મના સાધર્મ્યથી જ ચેતના પ્રાણવાયુથી,
અહમ્‌ના ભાવથી જુદી પડીને, સાકાર બ્રહ્મ સાથે જોડાય છે અને
પરબ્રહ્મને પ્રકાશમાં સાક્ષાત્ નિહાળે છે.
હૃદયમાં જ્યાં લાગણી થાય છે, જ્યાં રડવું આવે છે ત્યાં લીંગદેહના આશ્રયે,
અણુ સરખા પ્રકાશેયુક્ત જીવાત્મા સાથે અનાહતચક્ર સંકળાયેલું છે
અને તેનું મહાકાર્ય તે ધબકારો, જીવનનો ધબકારો
અને ચેતનાનો પ્રાણવાયુ સાથેનો સમન્વય.
આમ સ્ત્રી કે પુરૂષ, નાનાં મોટાં પ્રાણીમાત્ર આ ધબકારા ઉપર જ ટકે છે
અને તેના પ્રકાશક, નિયંતા વચ.ગ.મ.૩૧ મુજબ
ભગવાન જ અને સત્પુરૂષ જ છે.
તેવું જ્ઞાન તે જ આત્યંતિક મુક્તિનો માર્ગ છે.
ચૈતન્યને ચોંટવાનો સ્વભાવ છે.
તે કાં તો લિંગદેહ માયામાં ચોંટે કે ભગવાનમાં ચોંટે.

સત્પુરૂષનો સમાગમ કરે, એની સાથે આત્મબુદ્ધિ અને પ્રીતિ કરે
તેને સત્પુરુષ લિંગદેહથી છોડાવી ભગવાનમાં ચોંટાડી દે, પોતા જેવો કરી દે.
પોતે તો અખંડ ભગવાન સાથે જોડાયેલા તદાત્મકપણાને પામેલ છે
એટલે તે આશરાવાળા જીવાત્માને પણ છતી દેહે તદાત્મકપણું પમાડી દે .
ભગવાન સાક્ષી અને કર્મફળ પ્રદાતારૂપે છૂપા રહે છે.

ચૈતન્ય + લિંગદેહ = પ્રાણવાયુ તત્ત્વોનો દેહ = ધબકારો
તે પોતાને અહંરૂપધારી, નામધારી દેહ માની
તેને સત્ય માને એટલે આધિ, વ્યાધિ, ઉપાધિ અને કાળ, કર્મ, માયાનો ભોગ બને.
સંતની પ્રાપ્તિ થાય એટલે (તેનો આશરો કરે તો) તે સંત
તે ધબકારાને લિંગદેહથી – ચૈતન્યથી છૂટો પાડી ભગવાનમાં જોડે છે.
તે જ ધબકારો ભગવાનના સંબંધે સત્તા, સામર્થી, ઐશ્વર્યવંતો બને છે.
કાળ, કર્મથી પર બને છે.
તેને મગન, છગન જે પોતાની જાત મનાતી હતી
તેને બદલે સંત સ્વરૂપ પોતે છે એમ મનાઈ જાય છે.
લિંગદેહનો ધબકારો નબળો પડી જઈ ખરી પડે, જગત ખરી પડે,
નાશવંત, તુચ્છ મનાઈ જાય.
ભગવાન + ચૈતન્ય ધબકારો – સત્તા, સામર્થ્ય પ્રાપ્ત કરી
સત્ ચિત્ત આનંદરૂપે વર્તે, છતી દેહે ભાગવતીતનુ થઈ જાય.
બંધન અવસ્થામાંથી ધબકારો છતી દેહે મુક્તદશા અનુભવે, ભોગવે, પ્રાપ્ત કરે.

## ૦૯. નિર્વાસનિક થવાના ઉપાયો

### ભક્તિ અને મુક્તિ

શ્રીજીમહારાજે શિક્ષાપત્રી શ્લોક ૧૧૬માં ભક્તિ કરવાની રીત બતાવી છે
અને ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણ થકી ન્યારું
પોતાનું સ્વરૂપ બ્રહ્મ સમજીને જ ભક્તિ કરવાની કહી છે.
એવી રીતે બ્રહ્મરૂપ થકો સ્વામિશ્રીજીની સેવા
નિરંતર કરે તેને જ મુક્તિ ગણેલ છે. (શિક્ષાપત્રી શ્લોક ૧૨૧)
આવી આત્યંતિક મુક્તિ પામવા માટે દરેક જીવાત્માને બ્રહ્મરૂપ તો થવું જ પડે છે.
એમ સનાતન સિદ્ધાંત શ્રીજી જણાવે છે.
માટે બ્રહ્મરૂપ થવા નિર્વાસનિક અને ભગવાનને અખંડ ધારણ કરનારા

એવા પ્રગટ સંતની જરૂર પડે છે અને આવા બ્રહ્મસ્વરૂપ વડવાનળ અગ્નિસમા સંત
વચ. વ. ૧૦–૧૯ મુજબ જરૂર જરૂર ભરતખંડમાં વિચરણ કરી રહેલા હોય છે જ,
તેની ઓળખાણ થાય તો જ જીવ ભક્ત બને છે
અને દેહ છતાં જ આત્યંતિક મુક્તિને પ્રાપ્ત કરે છે.
હવે, બ્રહ્મરૂપ થવા માટે પ્રથમ પગથિયું નિર્વાસનિકપણાનું છે,
તે સિદ્ધ થાય ત્યારબાદ એકાંતિકપણું સિદ્ધ થાય અને
ત્યારપછીથી આત્માને વિશે પરમાત્માને ધારણ કરવાની શક્તિ આવે છે
જે છેલ્લા પ્રકારનો સત્સંગ પ્રાપ્ત થયો ગણાય છે.
માટે વચ.અમ. ૨ મુજબ જ્ઞાનપ્રલય કરવા અને
બ્રહ્મ–પરબ્રહ્મના પાંચમા ભેદની રહસ્ય વાત સમજવા માટે
એકાંતિકના લક્ષણેયુક્ત બનવું જ પડે અને
અનન્ય ભક્ત થયા બાદ નિર્વાસનિકપણું સિદ્ધ થાય ત્યારે જ
એકાંતિક ભક્ત થવાય છે.
જે માટે પ્રગટ સત્પુરુષની અગત્યતા અને અનિવાર્યતા જણાય છે.
શ્રીજીમહારાજે પણ એવા બ્રહ્મસ્વરૂપે વર્તતા સંતમાં જ
અસાધારણ પ્રીતિ અને તેમના વચનમાં વિશ્વાસ કરવાનું
વચ.વર. ૧૧માં જણાવ્યું છે.
વચ.ગ.પ્ર. ૨૭, છે. ૨૬ વિગેરે પણ વિચારી જોવાં.
મહારાજે અને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ
વચનામૃત તથા સ્વામીની વાતુમાં તથા વેદરસમાં
નિર્વાસનિક થવાના મહામોટા ચાર ઉપાયો બતાવ્યા છે અને
પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજે તથા પ્રગટ ગુરુવર્ય પ.પૂ. યોગીજી મહારાજે
સરળમાં સરળ પાંચમો માર્ગ બતાવ્યો છે જે સર્વેએ વિચારવો
અને ગ્રહણ કરવા પ્રયત્ન કરવો કારણ કે
પ્રગટ સંતના વચન થકી જ વિષયોના અવ્યક્ત રાગ ટળે છે (વચ. ગ.પ્ર. ૬૦)
અને નિર્વાસનિક થવાય છે.
જેથી બ્રહ્મરૂપે ભક્તિ કરતાં આવડે અને
શિક્ષાપત્રી શ્લોક – ૧૨૧ મુજબ દેહ છતાં જ આત્યંતિક મુક્તિ પામી શકાય છે.
મુખ્ય પાંચ ઉપાયો :–

**(૧) આત્મનિષ્ઠા અને ભગવાનનું અતિશય માહાત્મ્ય**

વચ.ગ.પ્ર. ૧૧–૬૦–૭૩, છે. ૧૮ વિચારવાં.

**(૨) પંચવિષયમાં અત્યંત અરુચિ**

આમાં સર્વોપરી ઉપાસના સમજી આજ્ઞા પાળવાની વાત મુખ્ય છે.
સત્પુરૂષની આજ્ઞામાં ટૂક ટૂક રહીને દ્દઢ નિષ્ઠા રાખી
ભજન કરે તો વિષયો ઊડી જાય છે.

**(૩) ધ્યાન અને વચન**

વચ.કારિ. ૧૨, ગ.છે. ૩૯ મુજબ અવ્યક્ત રાગો ટાળવા માટે
સંતની સ્મૃતિ સહિત સ્વામિશ્રીજીનું ધ્યાન અને વચન ધારવાં પડે,
જેથી કારણ શરીર ઊડી જશે
અને વચ.ગ.મ. ૩૧ તથા છે. ૩૯ મુજબ
બ્રહ્મનો મનન દ્વારા સંગ કરી, અંતર્દષ્ટિ કરી, વિચારને પામી,
આત્મા પરમાત્માનો વેગ લગાડી દે અને
વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી મંડી પડે તો
તત્કાળ નિર્વાસનિક થઈ જવાશે, તેમાં જરાય સંદેહ નથી.

**(૪) પ્રગટ સંતની ક્રિયા ગમે, તેનું સ્વરૂપ નિર્દોષ સમજાય અને તે કહે તેમ કરે**

તો પણ વાસનાઓ સરળતાથી જીતાય છે.
એ વિના ગમે તેટલાં તપ, ત્યાગ, વ્રત, દાન કે પ્રયત્નો કરે,
અરે નિર્વિકલ્પ સમાધિ થતી હોય છતાંય
વિષયોના અવ્યક્ત રાગો ગયેલા હોતા નથી ને
વાસનાએ કરી જીવ દેહમાં આવે છે.
પ્રગટ સંત પ.પૂ. યોગીજી મહારાજ જેવાના સ્વરૂપને નિર્દોષ સમજતાં
અને તેમની સર્વે ક્રિયા ગમે ને વચન મનાય તો
જીવ બ્રહ્મરૂપ થઈ જાય અને દેહ છતાં જ વાસના રહિત થઈ જાય.
પણ આવા સંતમાં અખંડ દિવ્યભાવ રહેવો અતિ દુર્લભ વાત છે.
બાકી સહેજમાં જ વગર સાધને તેઓ વાસના જીતાડી દે.

**(૫)** મૃત્યુલોકમાં કળિકાળમાં થોડાકાળ જીવવું અને
નિર્વાસનિક થઈ ભજન કરતાં આવડે તે માટે સરળમાં સરળ માર્ગ
પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે અને ગુરૂવર્ય યોગીજી મહારાજે આપણને
**નિર્દોષબુદ્ધિ અને હરિભક્તોમાં દિવ્યભાવ, સત્સંગમાં – સત્પુરૂષમાં આત્મબુદ્ધિ**
રાખવે કરીને બતાવ્યો છે. જે સર્વને સુગમ પડે તેમ છે.
ફક્ત એક શ્રીજીનો જ આશરો રાખીને પ્રગટ સંતમાં અખંડ નિર્દોષબુદ્ધિ રાખી
અતિશય સેવા કર્યા કરે અને
તેને વિષે નિષ્ઠાવાળા હરિભક્તોમાં દિવ્યભાવ રાખીને

ફક્ત તેમના ગુણો જ ગાયા કરે એટલામાં જીવ નિર્વાસનિક બની જાય છે
ને બ્રહ્મરૂપ થઈ જાય છે.
આ ઉપાયોમાંથી કોઈ જ અંગમાં આપણને સુગમતા પડતી ન હોય તો
છેવટનો એક માર્ગ બાકી રહ્યો છે જે
**વચ. ગ.પ્ર. ૫૮, ગ.મ. ૭ મુજબ ગ્રહણ કરવો કે**
**'હું તમારો છું' અને 'તમે મારા છો'** એમ અતિશય દઢપણે માનીને
પોતાના દોષો જોતા રહે ને ગુલામની માફક સેવા કર્યા કરે
તો પણ જીવ નિર્વાસનિક થઈ જાય.
માટે આ સરળ માર્ગો સર્વેએ સત્પુરુષ થકી સિદ્ધ કરવા
અને દેહ છતાં જ બ્રહ્મરૂપ બની સર્વોપરી ઉપાસના દઢ કરીને
સ્વધર્મેયુક્ત જીવન જીવવું જેથી
નિર્ગુણ સુખ અનુભવાશે, ભોગવાશે અને પ્રાપ્ત થશે.

## ૧૦. અભાવ, અવગુણ અને દ્રોહ

શાસ્ત્રોમાં ભગવાને પોતાના માટે પણ સ્વરૂપનો પ્રબંધ મૂક્યો છે અને
તેના કાયદા પણ સનાતન જ રાખ્યા છે. તેમાં બે મત જ નથી,
કે કોઈના અભિપ્રાયનીય જરૂર નથી. કારણ કે તે સ્વયંસિદ્ધ થાય છે.
શ્રીકૃષ્ણે અર્જુનને જનકરાજાનો અવગુણ લીધા બદલ કેટલો પરિતાપ કરાવેલો
તે વાત સર્વવિદિત છે.
ભગવાનને સદાય સાકાર દિવ્યવિગ્રહ સમજવા અને
તેમની નિષ્ઠાવાળા ભક્તોનો કદીય દ્રોહ ન કરવો તે બે કાયદા સર્વમાન્ય ગણાય છે.
આ જ ભાવનાને શ્રીજીમહારાજે વિસ્તારીને બતાવી છે અને
ભગવાનના ભક્તના દ્રોહને પંચમહાપાપ કરતાંય કરોડ ગણો
વધુ પાપી ગણાવેલ છે. જ્યાં ભગવાન પોતે પણ નિરુપાય થઈ જાય છે,
કારણ કે ભગવાનને જ ધારણ કરી રાખનાર નિષ્કામી ભક્ત કે સંત
એ જ ભગવાનનું હૃદય ગણાય છે. હાથ પગ તૂટે–વાગે પણ તેથી જીવ ન જાય.
પણ જો હૃદય બંધ પડે તો જડતાને પામી નાશ થઈ જાય.
તેમ જ જાણે, અજાણે પોતાની વૃતિ પોષવા, મહંતાઈ ટકાવી રાખવા
કે અવળા પક્ષે કરીને સમૂહમાં કે જાહેરમાં ઈચ્છા વિરુદ્ધ લાગવા છતાંય
તણાઈ જઈને ભક્તના અભાવ, અવગુણ કે દ્રોહ કરવામાં પડાયું હોય તો

તે મહાદોષ વજ્રલેપ જ થાય છે ને સ્વયં શ્રીજીમહારાજ પણ તે માફ કરી શકતા નથી.
તેને ભૂતના જ દેહ આવે છે. આને જ મહારાજે વચ.ગ.મ. ૪૬માં મરણદોરી કહી છે.
જીવનો સદંતર નાશ જ થઈ જાય છે. જેથી બુદ્ધિ વિપરીત થઈને
શાપિત બની જાય છે ને અસુરભાવ જ પ્રગટ થયા કરે છે.
તેનો જીવ સદાને માટે પર્વત કે બાવળનો રહ્યા કરે છે.
આપણા સંપ્રદાયમાં પણ શ્રીજીમહારાજે મોટામાં મોટા ત્રણ દોષો ગણાવ્યા છે.
(૧) નિરાકારભાવ
(૨) સ્વામીસેવકભાવ વિનાની ભક્તિ
(૩) સ્વામીસેવકભાવે ભગવાનની ભક્તિ કરતા હોય તેવા ભક્તનો અવગુણ કે દ્રોહ.
નિષ્કુળાનંદસ્વામી જેવા અત્યંત ત્યાગમૂર્તિ પાસે 'સંત તે સ્વયં હરિ' કીર્તન દ્વારા
સંતની જ સેવાનો મહિમા અત્યંત ભાર મૂકી ગવડાવ્યો છે.
જેથી વચ.ગ.પ્ર. ૫૪, ગ.મ. ૫૪ મુજબ કલ્યાણનો માર્ગ, એકાંતિક ધર્મનો માર્ગ,
ભગવાન કે પ્રત્યક્ષ સંત થકી અખંડિત ખુલ્લો જ રહ્યા કરે.
આમ છતાંય, બહુ ભારે વર્તમાન પાળનારા અને નિષ્કામી ત્યાગીઓએ
અનાદિ મુક્તરાજ ગોપાળાનંદસ્વામીનાં અને
અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીનાં અનહદ અપમાનો કરેલાં છે.
અરે, ગોપાળાનંદસ્વામીની ઝોળીમાં દેવતા નાંખ્યો છે અને
ધોળાં (કપડાં) પહેરાવવાં સુધી તરખટ રચાયાં હતાં
અને પાછળથી 'મોઈ ભેંસના મોટા ડોળા' માફક મહિમા ગાઈએ અને
પ્રત્યક્ષ હોય ત્યારે ખોટ કાઢીએ અને અપમાનો કરીએ એ જ મહા અજ્ઞાન ગણાય છે.
મહારાજ પાસે રહેનારા હોય, ઢોલીયાના ચાકર હોય, મન સ્થિર થયું હોય,
જીતેન્દ્રિય હોય છતાંય પ્રગટ સ્વરૂપની ક્રિયામાં મનુષ્યભાવ આવે
તેથી અવળા પક્ષે કરીને અવગુણ કે દ્રોહ થઈ જાય તો ચાંડાળ જેવું હૃદય થઈ જાય છે.
માટે આ ત્રણ સનાતન કાયદા સહુએ અવશ્ય પાળવા જ.
એમાં જ શ્રીજીમહારાજનો અંતરનો રાજીપો છે.
સાચા ત્યાગી કે એકાંતિક તે જ ગણાશે કે જે
ભગવાનને ધારણ કરનારા સંતનો સાચો મહિમા સમજી
અનન્યભાવે શ્રીજીમહારાજની ભક્તિ કરે અને
આચાર્ય, મંદિર, હરિભક્તો કે કોઈપણ જીવ જે સ્વામિનારાયણનું નામ લેતા હોય
તેનો જરા સરખોય અભાવ, અવગુણ કે દ્રોહ
કરે નહીં, સાંભળે નહીં અને નભાવી પણ લે નહીં.

અત્યારે તો આવાં અનંત અપમાનો થવા છતાંય
પ્ર.બ્ર.સ્વ. યોગીજી મહારાજ આપણને અને સર્વને દેશમાં અને આફ્રિકામાં,
પરધર્મો અને પરભાષાવાળાઓને પણ મહામોટા સંતવર્ય લાગે છે અને
તેવો અનુભવ સર્વ કોઈ કરી શકે છે.
સૂર્યને વાદળાંનો ડર નથી, તેમજ અંધકારનો ભય નથી.
તે તો ધર્મી – અધર્મી, પાત્ર – કૃપાત્ર, સર્વને
અરે! દુશ્મનોનેય પ્રકાશ જ આપ્યા કરે છે
અને જેવી જેની સ્થિતિ તે પ્રમાણે પ્રકાશ ઝીલી શકાય છે.
માટે આપણે તો સારું જોવું.
ભગવાન મળ્યા પછી અખંડ જાણપણું રાખી, સંગ ઓળખવો અને
હઠ, માન અને ઝેરી ઈર્ષ્યા સદંતર છોડવાં,
શ્રીજીમહારાજને પ્રાર્થના કરવી કે આવા મહા ઝેરી ડંશથી બચાવજો.
સ્વામીશ્રીજી અને સંતો અભાવ અવગુણ લેનાર કે દ્રોહ કરનારને સદ્‌બુદ્ધિ આપે.
મોટા મોટા વિદ્વાનો અને બ્રહ્મચારીઓ જે સ્ત્રી–ધનના ત્યાગી કહેવડાવે છે,
તેમનામાં પણ અવળા પક્ષે કરીને નિર્દોષબુદ્ધિમાં ફેર પાડનારાં તત્વો
દાખલ થઈ ગયાં હોય તે સર્વ દૂર કરી સર્વને દિવ્યભાવ સમજાય અને
ધામનું નિર્ગુણ સુખ દેહ છતાં જ સંકલ્પો રહિત થઈને ભોગવાય તેવી અભ્યર્થના છે.

## ૧૧. શ્રુતિ અને સ્મૃતિ

શાસ્ત્રો તેમ જ સંતોનાં જીવનચરિત્રો ઉપરથી
આધુનિક વૈજ્ઞાનિકો પણ કબૂલ કરતા આવ્યા છે કે માનવજીવનનો સન્માર્ગે વિકાસ
ફક્ત ધર્મભાવનાના અનુશીલનથી જ થતો આવ્યો છે.
આવા સદ્‌ધર્મનું સ્વરૂપ મૂળમાંથી જ
'શ્રુતિ અને સ્મૃતિ' ઉપર રચાયેલ સદાચાર પર અવલંબેલ છે.
જ્યાં જ્યાં શ્રુતિ–સ્મૃતિએ પ્રતિપાદન કરેલ સદાચારરૂપી ધર્મ પળાય છે,
ત્યાં જ સાચી ભક્તિનું સ્વરૂપ દેખાય છે.
આ સનાતન કાયદો સર્વ ધર્મો અને સર્વ પ્રકારનાં શાસ્ત્રોમાં કે
સત્પુરૂષોનાં વચનોમાં એકધારો જ માલૂમ પડે છે.
જે બુદ્ધિવાદી મનુષ્યોએ તટસ્થતાથી વિચારી લેવા જેવું છે.
હવે તેના સ્પષ્ટ અર્થ તપાસીએ.

**'શ્રુતિ' એટલે પરાવાણી, પરમાત્માનાં વચનો.**
જેમ કે વેદો વિગેરે અને ભગવાને પોતે ઉચ્ચારેલાં સૂત્રો–વચનો.
**'સ્મૃતિ' એટલે પરમાત્માનાં વચનો તથા વેદોમાંથી ને પરાવાણીનાં સૂત્રોમાંથી તારવેલા અર્થો, અભિપ્રાયો અને સિદ્ધાંતો.**
જેના ઉપર માનવજીવનનું, તેના સંબંધોનું, ભાવનાઓનું, નિયમન
તથા બંધારણ ઘડાયેલું હોય અને આવો જે સદાચાર તે જ સાચો ધર્મ.
શ્રીજીમહારાજે એકાંતિકધર્મના પાયા તરીકે 'સ્વધર્મને' ગણાવ્યો છે અને
આવો સ્વધર્મ જ છેવટે સત્પુરૂષનાં વચનો ઉપર વર્તનારને માટે
એકાંતિક ધર્મ બની જાય છે,
જેના પ્રતાપે દેશકાળ ન લાગતાં આત્મસત્તારૂપે રહેતાં આવડે છે અને
સંસારમાં અનાસક્તિયોગ સિદ્ધ થઈને શુદ્ધ સ્વરૂપે નિષ્કામ કર્મયોગ કરતાં કરતાં
જીવન સચ્ચિદાનંદ અનુભવતાં પસાર થતું જાય છે.
ધર્મ સાથે જ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંતસમાગમથી આપોઆપ આવી જાય છે,
અને જીવન અતિશય સમૃદ્ધ બનીને ભગવાનનું જ સુખ
દેહ છતાં પ્રાપ્ત કરવાને લાયક બને છે.
આવાં શ્રુતિ–સ્મૃતિનાં વચનોને ઉલ્લંઘનારાઓને ઘણાં જ કષ્ટો નડ્યાં છે,
દુઃખો પડ્યાં છે અને તેના નિવારણાર્થે અવતારોએ પણ
ઘણા જ દાખડા કરેલા છે તે સૌ કોઈ જાણે છે.
પ્રગટના ઉપાસકો માટેનાં 'શ્રુતિ અને સ્મૃતિ' જુદા સ્વરૂપે દર્શાય છે કારણ કે
પુષ્ટિમાર્ગમાં સંશયોને અને શંકાઓને ટાળનારું 'સ્વરૂપ' મોજૂદ હોય છે
અને તેવા સ્વરૂપમાં જ સ્વામિશ્રીજી પ્રગટ બિરાજેલા રહે છે જ,
જેથી તેમનાં વચનો, આજ્ઞાઓ કેવળ પરાવાણીરૂપ જ હોય છે.
આવી 'સ્વરૂપનિષ્ઠા'વાળાને પણ શ્રીજીમહારાજે સ્વધર્મેયુક્ત જ જીવન જીવવું
એમ ભારપૂર્વક જણાવેલ છે.
કારણ કે તે લાંબો ગાળો ટકે, બીજાને દાખલારૂપ બને અને
ભગવાનની અતિશય પ્રસન્નતા થતાં દિવ્યાનંદનો અખંડિત વધારો જ થતો જાય.
જ્યારે કેવળ 'સ્વરૂપનિષ્ઠા'વાળાનું કલ્યાણ તો થાય પણ
બીજાને ભગવાનનું સુખ લેતાં અટકાવી દે અગર અભાવમાં પણ નાંખી દે
તેથી એક મુમુક્ષુ જીવ પ્રગટમાં જોડાવા ઈચ્છતો હોય તેય ભાગી જાય.
માટે સાચું ગુણાતીતજ્ઞાન પ્રકૃતિપુરૂષથી પરનું જ્ઞાન કે
જે પરાવાણીરૂપે મૂર્તિમાન થઈ શકે છે
ને દેહ છતાં જ અન્યને પણ તેની પ્રતીતિ કરાવી શકાય છે

તેવું ‘સ્વરૂપજ્ઞાન’ પ્રગટ સંત થકી ‘સ્વધર્મેયુક્ત’ વર્તનથી જ પ્રાપ્ત થઈ શકશે
અને ટકશે એમ સ્વામિશ્રીજી ભારપૂર્વક જણાવે છે.
આવો સદાચાર શિક્ષાપત્રી શ્લોકો ૯૩–૧૦૩માં
યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ વિગેરેને ગ્રહણ કરવા રૂપી ધર્મ બતાવીને
અનંત જીવોના આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણયોની સ્પષ્ટતા કરી દીધી છે
અને ‘એક નારી સદા બ્રહ્મચારી’ જેવું
શ્રુતિ અને સ્મૃતિમાંય ન જડે તેવું પરાવાણીનું સત્ય
શ્રીજીમહારાજે ગૃહસ્થ હરિભક્તો માટે ઉચ્ચારીને જનક તથા અંબરીષનું જ્ઞાન
પર્વતભાઈ, દાદાખાચર વગેરે મુક્તોના જીવનમાં સરળ કરી બતાવ્યું
જેથી સહજ રીતે જ સંસારમાં રહીને ત્યાગીની માફક જ
યોગ અને સાંખ્યનું ચોખ્ખા પાટલાનું વચ.ગ.મ. ૨૪માં નિર્દેશ કરાયેલું જ્ઞાન
સરળતાથી સિદ્ધ થતું જાય અને અક્ષરધામનું નિર્ગુણ સુખ
હિમાલયમાં જઈ તપ કરવા જેવાં સાધનો કર્યા સિવાય પણ પ્રાપ્ત થઈ શકે.
ટૂંકમાં પ્રગટ સંત હોય કે તેમની ઓળખાણ થાય ત્યારે
શાસ્ત્રોનું શ્રવણ કે શ્રુતિ અને સ્મૃતિના અર્થ તેમના થકી જ સમજીને
તેમનાં જ વચનોમાં સંપૂર્ણ વિશ્વાસ લાવી મંડી પડવું
જેથી એકાંતિક ધર્મ સરળતાથી સિદ્ધ થઈ જશે.

પ.પૂ. યોગીજી મહારાજે નિર્દોષબુદ્ધિ અને અનુવૃત્તિરૂપી વચનો
વારંવાર સમગ્ર સત્સંગમાં વહેતાં મૂક્યાં છે તે જે જીવો ઝીલી શકે,
ધારે અને જીવનમાં ઉતારે તો તેમના બળથી, કૃપાથી,
સહેલાઈથી એકાંતિક ધર્મ સિદ્ધ થશે જ એ નિઃશંક વાત છે.
માટે તેમનાં વચનોમાં અત્યંત દિવ્યભાવ લાવી સર્વ હરિભક્તોએ
સ્વધર્મ સાધી અક્ષરધામનું સુખ દેહ છતાં જ પ્રાપ્ત કરી લેવું એ જ વિનંતી.

## ૧૨. સિદ્ધદશાના પ્રકારો

વેદો, ઉપનિષદો અને મોક્ષધર્મમાં
અનેક પ્રકારનાં ધ્યાન અને યોગમાર્ગની ક્રિયાઓ વર્ણવેલી છે,
જેનાથી જીવાત્મા દેહ છતાં જ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે અને
મહાભૂતો ઉપર પ્રભુત્વ મેળવે છે.
મહારાજે અનેક પ્રકારનાં ધ્યાનની વાત લક્ષ્યમાં લઈ વચ.અમ. ૧માં

મોક્ષધર્મમાં વર્ણવેલા તત્કાળ સિદ્ધદશાને પામવારૂપી ધ્યાનની રીત બતાવી છે.
વળી વચ.ગ.મ. ૨૦માં આવી ઈન્દ્રિયો અંતઃકરણની અનેક શક્તિઓ
તપ, નિવૃત્તિધર્મ અને વૈરાગ્યે કરીને જીવાત્મા દેહ છતાં જ વૃદ્ધિ પામે છે અને
નારદ, શુક, સનકાદિક જેવો સિદ્ધ થઈ શકે છે તેમ બતાવેલ છે.

સિદ્ધદશાનો બીજો પ્રકાર એકાંતિક ભક્તો માટેનો છે.
જેને યોગ અને સાંખ્યનિષ્ઠા દૃઢ થતાં
જનક અને અંબરીષ રાજા માફક જ્ઞાનની સિદ્ધદશા વર્તે છે અને
નિર્વિકલ્પ સમાધિનું નિર્ગુણસુખ દેહ છતાં જ પ્રાપ્ત કરે છે.
પાતંજલિના ક્રિયાવાળા અઘરા યોગ કરતાં મહારાજે એકાંતિક ભક્તને માટે
ભગવાનની મૂર્તિનું ધ્યાન અને ઉપાસના વડે
તત્કાળ સિદ્ધદશા પામવાનો સરળમાર્ગ બતાવ્યો છે.
વડવાનળ અગ્નિસમા પ્રત્યક્ષ સંતના સમાગમ થકી આવા જ્ઞાનીને
સારા નરસા રમણીય પંચવિષયો સમ વર્તે છે.
બાળ, યુવાન અને વૃદ્ધ સ્ત્રીને વિષે સમભાવ જ રહે છે.
પ્રાણના નિરોધે કરીને સધાય તેવો અષ્ટાંગયોગ તે ભક્તને સિદ્ધ થાય છે.
તેમ જ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપના અતિ સ્નેહે ચિંતવન થકી નિર્વિકલ્પ સમાધિનું
નિર્ગુણ દિવ્ય સુખ પણ તેને બહુ જ સરળતાથી પ્રાપ્ત થાય છે.
તેવા એકાંતિકસિદ્ધ ઘણા જ થાય છે.
જે શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવે છે.

ઉપરની બંન્ને પ્રકારની સિદ્ધદશાની સ્થિતિ કરતાંય
સાક્ષાત્ સ્વરૂપનાં ચિંતવન, મનન અને સાક્ષાત્કાર થકી જે જ્ઞાનની સ્થિતપ્રજ્ઞતા
વચ.ગ.મ. ૧૭–૨૪ તેમજ ગ.છે. ૨૬ મુજબ એકાંતિક ભક્ત પામે છે તે
અતિ અલૌકિક છે અને તે જ સાચી મુક્તદશા છે.
જેને વચ.કારિ. ૭ તેમજ અમ. ૨ મુજબ આત્યંતિક મુક્તિ ગણવામાં આવે છે.
પ્રત્યક્ષ સ્વરૂપનો આવો સ્થિતપ્રજ્ઞ, ગીતાના ગુણાતીત સ્થિતપ્રજ્ઞ કરતાં
અત્યંત શક્તિવાળો અને અપાર અનિર્વચનીય
ભગવાનની દિવ્ય મૂર્તિનું સુખ લેનારો ગણાય છે.
માયિકભાવ ટાળીને પ્રગટ સંત થકી જ આવી સ્વરૂપની સિદ્ધદશા પ્રાપ્ત થાય છે.
જે અન્યને પણ નિર્ગુણ કરે અને
અંતઃકરણ તેમ જ જીવાત્માના સર્વભાવોને પણ શુદ્ધ કરાવી શકે છે.
આવા ભગવતનિષ્ઠાર્થી ઉત્તમ ભક્તો પ્રત્યક્ષ સંતની કેવળ કૃપા થકી જ
અને તેમની દૃષ્ટિ વડે જ વચ.ગ.પ્ર. ૨૭ મુજબની અતિ ઉત્તમ પરમ એકાંતિક સ્થિતિ

પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થઈ શકે છે, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જ અખંડ જોડાયેલા રહે છે અને સ્વામીસેવકભાવ નિરંતર રાખે છે.

આપણા સદ્‌ભાગ્યે પ.પૂ. સંતવર્ય યોગીજી મહારાજે
આવી જ વડવાનળ અગ્નિસમા પરમ એકાંતિક સંતવર્યની અતિ ઉત્તમ સ્થિતિ
ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને અન્ય ભક્તોની અનન્ય સેવા અને
પરાભક્તિ કેળવીને શરૂઆતથી જ પ્રાપ્ત કરેલી હતી.
પણ ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજની હયાતીમાં અતિશય જ્ઞાનગરીબી પકડીને
પોતાનું સ્વરૂપ છૂપું જ રાખેલું હતું તે હવે આપણે સર્વેએ
નિર્દોષભાવ કેળવીને ઓળખી લેવાની ખાસ જરૂર છે.
આવાં સાક્ષાત્ સ્વરૂપો ઓળખવાં અને
જેવાં છે તેવાં સમજીને તેમની અનુવૃત્તિમાં વર્તવું
એ જ જ્ઞાનદશાની અતિ ઉત્તમ સ્થિતિ અગર સિદ્ધદશા છે.
આવું દિવ્ય જાણપણું જો અખંડ રહે તો જ
પરમાત્માના નિર્ગુણ સ્વરૂપોનો દેહ છતાં સાક્ષાત્કાર થાય અને
પરમપદ – પરમ કલ્યાણ મનાઈ જાય.
તેને જ્ઞાનયજ્ઞની, બ્રહ્મયજ્ઞની અવધિ આવી ગણાય અને
છેલ્લો જ જન્મ મનાઈ જાય.

આવા સાધુનું સ્વરૂપ સર્વોપરી સમજીને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિમાં જોડાવું તેવું આત્યંતિક કલ્યાણ મહારાજે વચ.ગ.મ. ૩–૫–૩૦ અને કારિ. ૭ વિગેરેમાં
બતાવેલ છે. આ માટે સરળ ઉપાય
વચ.કારિ. ૧૨, ગ.છે. ૩૧ અને મુજબ ધ્યાન અને વચનથી થઈ શકે છે.
અગર વચ.ગ.મ. ૭–૬૩ મુજબ તેવા સંતની અસાધારણ સેવા કરવાથી
અગર વચ.ગ.પ્ર. ૪૪, કારિ. ૧૧, લો. ૩, વર. ૫–૧૧ વિગેરે મુજબ
અસાધારણ પ્રીતિ કરવાથી સરળતાથી પ્રાપ્ત થાય છે.
સિદ્ધદશાના અનેક પ્રકારો હોવા છતાં પ્રત્યક્ષ સંતમાં જ અખંડ દિવ્યભાવ માની
શ્રીજીમહારાજના સ્વરૂપમાં આવો દેહ છતાં જ
બ્રહ્મરૂપે જોડાયેલા રહેવાનો જ્ઞાનમાર્ગ અતિ ઉત્તમ છે.
તે સૌએ તેમની અનુવૃત્તિમાં, ગમતામાં રહીને તેમની રુચિ અનુસાર જ વર્તીને
પ્રાપ્ત કરી લેવો એવી વિનંતી છે.

❀ ❀ ❀

## ૧૩. સંપત્તિ – વિપત્તિ

પૂર્વજન્મોના સંસ્કારના બળે જ્યારે
પશુજીવનમાંથી માનવજીવનની પ્રાપ્તિ થાય છે ત્યારે
કેવળ ભાવના ઉપર જ જીવાતું જીવન –
પેટની જ પોષણ કરવાની ને વંશવર્ધનની વૃત્તિઓ બદલાઈ જઈને
બુદ્ધિતત્ત્વના નિર્ણયો, માન્યતાઓ, અનુભવો અને
ગ્રહણ કરી રાખેલી ગ્રંથિઓની ટેવો મુજબ
ધર્મ, અર્થ, કામ અને છેવટે મોક્ષાર્થે સાંસ્કારિક જીવન વ્યતીત થતું જાય છે,
પણ બુદ્ધિતત્ત્વ–આત્મતત્ત્વના બળને ધ્યાનમાં લઈ,
પોતાના જે કોઈ માનેલા ઈષ્ટદેવ કે ભગવાન હોય
તેની ઉપાસના વિના, તે સ્વરૂપના યથાર્થ જ્ઞાન અને માહાત્મ્ય વિના
આત્યંતિક મુક્તિને પમાતું નથી એમ સર્વે શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે.
અને સંતોની વાણી પણ તે ઉપર જ ભાર મૂકે છે.
તે વાત ખૂબ વિચારણા માંગી લે છે.
શ્રેયાર્થી મુમુક્ષુ આ સંતમાર્ગને તેના અસલી સ્વરૂપમાં જો પિછાણી શકે તો
વ્યાવહારિક પ્રેમ, ભાવના, માન્યતા, આલંબન, મોટાઈ કે
કોઈપણ પ્રકારનો વાંચેલો, સાંભળેલો, અનુભવેલો પુરુષાર્થ જીવ કરતો હોય
તેમાં જરૂર સમૂળું રૂપાંતર થવા પામે છે અને
જીવનનાં મૂળતત્ત્વોની વ્યાખ્યાઓ –
ધન, સ્ત્રી, છોકરાં, મોટાઈ, મહત્ત્વાકાંક્ષા, સાચું સુખ, આનંદ કે પ્રાપ્તિ વગેરેની
સમજણમાં મહાન ફેરફાર થઈ જાય છે અને
આધ્યાત્મિક જીવનની શરૂઆત દેહ છતાં જ કરી શકે છે.
તે વખતે જૂની પ્રણાલિકાઓ, માન્યતાઓ અને
ઘર કરી ગયેલી ટેવો બદલાઈને સાચી સંપત્તિનું,
દૈવી શક્તિનું તેને જરૂર ભાન થાય છે અને
અવનવા અનુભવો, અલૌકિકતાઓ તેને દેખાવા માંડે છે.
આમ સાચી સંપત્તિ શું છે, તે પ્રત્યક્ષ સંત થકી કેટલી સુલભ બનેલ છે
તે કોઈ એકાંતિકના પ્રસંગ થકી સમજાઈ જાય તો
મનના રોગના રાગ, ક્લેશો અને ઉદ્વેગ તથા વિક્ષેપો અને મૂંઝવણોનો
દેહ છતાં જ અંત આવી જઈને જીવનમુક્ત દશા અનુભવાય છે.
ત્યારે જ વિપત્તિ સારી છે, કેટલીક પરિસ્થિતિમાં જરૂરી અને અનિવાર્ય પણ છે
તેમ શ્રેયાર્થીનું બુદ્ધિતત્ત્વ કબૂલ કર્યા વગર રહેશે જ નહીં.

માટે ત્યાં સુધી સાચા સંતની વાણીમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો જરૂરી બને છે.
અને જ્ઞાનનો સાક્ષાત્કાર થતાં જ સઘળા દ્વંદ્વો આપોઆપ જ વિલીન થઈ જશે,
પછી કોઈપણ પ્રકારની શંકાને સ્થાન રહેશે નહીં. ત્યાં સુધી વડવાનળ અગ્નિસમા
સાચા સત્પુરૂષ પ.પૂ. યોગીજી મહારાજનો સમાગમ કર્યા કરવો તો
અંતરે શાંતિ, સુખ અને આનંદ દેહ છતાં જ પ્રાપ્ત થતો જશે તે સર્વેએ કરી લેવો.

મનુષ્ય જીવનની ત્રણ પ્રબળ વૃત્તિઓનું શુદ્ધિકરણ થતાં દૃષ્ટિ બદલાતી જશે.
એનું એ જ જગત, સ્વરૂપો ને સગાં–મિત્રો વગેરે જુદા સ્વરૂપે અનુભવાશે ને
નવાં બંધનો અને પ્રારબ્ધ ટળી જશે.
કર્મયોગનો અંત આવી જ્ઞાન અને ભક્તિ વૃદ્ધિ પામતાં લાગશે અને
છેવટે કર્મ, જ્ઞાન અને ભક્તિ એકરૂપ બની જઈ
સંત તે જ મારું સ્વરૂપ અને સ્વરૂપી પુરુષોત્તમ નારાયણ મનાઈ જઈ
નિર્ગુણ સુખ પ્રાપ્ત થશે ને અન્યને પણ પ્રતીતિ આપશે.

પ્રત્યક્ષ સંતના સમાગમ થકી, તેનો ગુણ જ જોયા કરવાથી, નિર્દોષબુદ્ધિ દૃઢ કરતાં
લૌકિક દૃષ્ટિએ પેટની, વંશવર્ધનની જાતીય વૃત્તિ અને જિજ્ઞાસા વૃત્તિઓ,
સાચી સંપત્તિ અને વિપત્તિઓની વ્યાખ્યાઓ બદલાઈ જશે અને
ત્યારે મનનાં ઊભાં કરેલાં સઘળાં દુઃખો, આધિ–વ્યાધિ અને
ઉપાધિઓનો અંત આવી જશે.
કુંતાજીએ પણ તે માટે જ રાજ્ય કારભાર સોંપાયા પછી દુઃખ જ માંગીને લીધું
તેનું કારણ તેમનો સાચી દૈવી સંપત્તિ વધારવાનો જ હેતુ છે તે જણાઈ આવે છે.
માટે આપણે બાવળ વાવ્યા હોય છતાં સંત શૂળીનાં દુઃખો કાંટે ટાળીને
જીવને શુદ્ધ કરતાં કરતાં અમૃતરસ પાતા હોય તો
તેવાં દેખાતાં દુઃખો કે ઊભા કરેલા ચિત્રામણના વાઘોથી જરાય ન ગભરાતાં
ખૂબ ધીરજ રાખીએ તો જીવનમુક્ત દશાનું, સ્થિતપ્રજ્ઞ દશાનું
અમૃતફળ સરળતાથી સિદ્ધ કરી શકાય છે.

આમ કોઈ કરોડપતિ, કોઈ મિનિસ્ટર, રાજા, વિદ્વાન,
સંગીતકાર, સાહિત્યકાર, સમાજસેવક કે ચક્રવર્તીને પૂછશો તો
ઊંડે ઊંડે કંઈક ભય, ગ્લાનિ, કાર્યો કરવા છતાંય અપૂર્ણપણું,
અસ્થિરતા અને દેખાતાં સુખ, વૈભવ કે સંપત્તિની વિપુલતાની તુચ્છતા કે
ક્ષણિકતા જરૂર જણાઈ આવશે.
પ.પૂ. યોગીજી મહારાજ પાસે દુનિયાની દૃષ્ટિએ
જગતના કહેવાતા ઘણાય માંધાતાઓ અંતરનું દુઃખ, શૂન્યતા, ખાલીપણું ટાળી,
બ્રહ્મરસ પૂરવા આજીજી કરે છે, પ્રાર્થના કરતા હોય છે,

વિનંતી કરી કૃપા મેળવવા કહે છે તે સૌએ સાંભળ્યા હશે.
સંતની આજ્ઞા પળાતી નથી, સભામાં બેસવાની ફૂરસદ મળતી નથી,
સમાગમ થતો નથી, ગોંડલ દર્શને વખત પર આવી શકાતું નથી,
શાસ્ત્રનું કે એકાંતિકનું વચન હૈયે ધરાતું નથી ને
દેહને માયિક–ક્ષણિક પદાર્થો ને ઉપરઉપરના વૈભવોમાં વેડફી નંખાય છે.
તે બદલ જે બળાપો કરતા સંભળાય છે તે જાણી
દુઃખિયા દેખાતા, બીજે દિવસે શું ખાઈશું તેની ચિંતા કરનારા,
સલામતી જળવાતી નથી, તેમ જણાવતાં ગરીબ વિપત્તિવાળા હરિભક્તોને
સંતની સેવા, સમાગમ, દર્શન અને મોક્ષાર્થે કરવાની પ્રવૃત્તિઓના
જેટલો લાભ લઈ શકાય છે, તો તેવું માનનારને કેટલું ગૌરવ લેવા જેવું છે?
જે કરવાનું જ છે તે એક દિવસ કરવું જ પડશે.
તે વિપત્તિવાળાથી જ થઈ શકતું દેખાય ત્યારે
સાચી દૈવી સંપત્તિ દેશકાળે અનુભવથી પ્રાપ્ત થાય છે,
તે સાચી ? કે દુનિયાની દેખાતી સંપત્તિ કે જેમાં પદાર્થો જીવને બાંધી લે તે?
માટે અનાદિ મહામુક્તરાજ ગોપાળાનંદસ્વામીએ જેમ માંગ્યું કે,
'મહારાજ, ફરી જન્મ આપવો યોગ્ય લાગે તો ગરીબમાં ગરીબ બ્રાહ્મણને ત્યાં આપશો
જેથી ખાવાના સાંસા પડે અને કોઈ કન્યા આપે નહીં જેથી
વગર પ્રયત્ને જ જગત ખરી પડી, જગતની મોટાઈમાં ન લેવાતાં
ફક્ત ભગવાનની જ દિવ્ય મૂર્તિનું અખંડ અનુસંધાન રહે અને
કર્તાહર્તા સર્વોપરી ભગવાન તો દાસના દુશ્મન નથી,
માટે તે સર્વ સારું જ કરતા હશે એમ દઢ માની
આપની જ રુચિ પ્રમાણે આત્મા ને પરમાત્મા બે જ રાખી,
સાંખ્યે કરીને જગત વિસારી, ઉત્તમ પ્રકારનો સત્સંગ થઈ શકે.'
આમ સાચી સંપત્તિ – સારા ગુણો, નિર્માનીપણું, નિષ્કામભાવ, સેવકપણું, સંપ,
સમતા અને સુહૃદભાવ વધે અને નિર્ગુણસુખ પ્રાપ્ત થાય તે છે.
માટે દુનિયાની સંપત્તિવાળા જે મહાન વિપત્તિમાં છે
અગર વિપત્તિઓમાં જ મોડો વહેલો આવનાર છે તે નિશ્ચિત છે અને
દેખાતી કે કૃપા થકી મૂકેલી વિપત્તિ કે દેશકાળ એ જ સાચી સંપત્તિ છે
કે જેથી ભગવાન પમાય, અખંડ સુખ રહે અને
તેવી સંપત્તિનાં સુખ, પ્રકાશ ને બળ અન્યને પણ મળી શકે
તેવી સાચી સમજણની ગેડ પાડી સૌ આનંદમાં રહે તો
મહારાજ પોતાનું અક્ષરધામ બક્ષિસ આપી દે છે.

જુઓ બલિરાજા, રંતિદેવ, હરિશ્ચંદ્ર, સીતાજી, નરસિંહ મહેતા,
મીરાંબાઈ, કુંતાજી, ધ્રુવ, પ્રહ્લાદ વગેરે અને પર્વતભાઈ, જીવુબા, લાડુબા,
નાથભક્ત, નથુ પટેલ વગેરેના દાખલાઓ.
પ.પૂ. સ્વામિશ્રીજીની કૃપા થકી સર્વના દેશકાળ સુધરી જઈ
સાચી સંપત્તિ વધતી જાય એવી પ્રાર્થના છે.
સાચો સંત સમાગમ મળ્યો છે.
હવે અંતર્દષ્ટિ કરી ખૂબ જ ઊંડા ઊતરી પોતાનો જ ભૂતકાળ તપાસી
સાચી સંપત્તિ કે વિપત્તિનો વિચાર જે કોઈ કરશે તેને જરૂર પ્રકાશ મળશે અને
સુખ, શાંતિ ને આનંદ વૃદ્ધિ પામશે.
રોટલા મળે છે અને અનેક પુરુષાર્થોના અંતે પણ ન મળે
તેવા સત્પુરૂષનો સમાગમ થાય છે તેથી મોટામાં મોટી બીજી કઈ દૈવી સંપત્તિ હશે?
તે જ પરમપદ છે, પરમ કલ્યાણ છે અને નથી મનાતું તે જ મહા અજ્ઞાન છે.
તે સમાગમે ધીરે ધીરે ટળી જશે.
માટે ધીરજ રાખવી, શાંતિ જાળવવી અને અંતે સુખ ને સુખ જ છે.
સૌ કોઈ તેમ અનુભવો એ જ સ્વામિશ્રીજીને પ્રાર્થના છે.

## ૧૪. આધ્યાત્મિક જડતા

જડતાનું મૂળ અજ્ઞાનતા છે અને
પ્રમાદરૂપે, આળસરૂપે, અસ્થિરતા, અવિશ્વાસ, અગતિમાનપણું વગેરે ભાવોમાં
આપણે તેનું દર્શન કરી શકીએ છીએ.
બાહ્ય જડતા એટલે સ્થૂળભાવે જેમ પત્થરો, સ્થિર પદાર્થો કે પર્વતો
કોઈ પ્રકારની ચંચળતા કે ગતિ પોતાની મેળે બતાવતા જ નથી તે.
સૂક્ષ્મ જડતા એટલે માનસિક ગ્રંથિઓ જેમ કે અડગતા અને નિશ્ચલતા દાખવે છે તે.
આપણા નિત્યજીવનના પ્રસંગો, સામાજીક વાતાવરણો કે
રાષ્ટ્રવ્યાપી આંદોલનોમાં કે કોઈ મહાન ક્રાંતિકારી યોજનાઓમાં તે દેખાઈ આવે છે.
આવા જ પ્રકારની જડતા ધાર્મિક ક્ષેત્રોમાં, તત્ત્વજ્ઞાન સમજવામાં અને
અનાદિ સનાતન તત્ત્વોનું જેમ છે તેમ યથાર્થ સ્વરૂપ ઓળખી
પ્રગટપણે વર્તવામાં પણ આપણને સ્પષ્ટ મૂર્તિમાન દેખાય છે.
જેથી અંતરે સાચું સુખ, શાંતિ કે દિવ્યાનંદ પ્રાપ્ત થઈ શકતાં નથી.
માટે સત્સંગ કરતાં કરતાં સાચા સત્પુરુષ પાસે સમાગમના ફળરૂપે

અખંડ દિવ્યપણાની જ ભાવના દૃઢ થાય તેવી કૃપા સર્વેએ ઈચ્છવી.
આધ્યાત્મિક જડતાનાં જુદાં જુદાં સ્વરૂપો આપણા સંપ્રદાયમાં તેમ જ
અન્ય ધર્મો કે પંથો અને સમાજોમાં પણ જણાય છે.
તે નીચે મુજબ અંતર્દૃષ્ટિ કરી સૌ કોઈએ પોતા પૂરતું વિચારી લેવું,
જેથી જાણપણું સરળતાથી રહેવા માંડશે.

**(૧)** કોઈપણ ધર્મ, સંસ્થા કે સમાજના વિકાસમાં
બે પ્રકારનાં મુખ્યતત્ત્વો આધારભૂત હોય છે જ બલ્કે અનિવાર્ય બને છે.
જેમ કે, એક તો તેનું બાહ્ય સ્વરૂપ, આધારભૂત સ્વરૂપ,
અગર સાંપ્રદાયિક પ્રણાલિકા, માન્યતા અને
તે તે કાળની યુગધર્મની દૃઢ થઈ ગયેલી ભાવનાઓ.
શ્રીજીમહારાજે વર્ણાશ્રમ ધર્મ સંપૂર્ણપણે પ્રચલિત થયેલો
તે માન્ય રાખીને જ એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું છે અને
તેમાં ખરેખર કોઈનાય ખંડનમંડન વિના જ સર્વોપરીપણું સિદ્ધ કરાવી દીધું છે.
પણ આપણે મૂળભૂત સિદ્ધાંતો, તત્ત્વો, ભાવનાઓ ભૂલી જઈને, ગૌણ કરીને,
ફક્ત બાહ્ય યુગસ્વરૂપને જ માન્ય રાખીએ તો સાચા સંતોનો દ્રોહ થઈ જાય,
મહારાજ પણ નારાજ થાય અને અંતરે પણ અશાંતિ વર્તે.
જાણવા છતાંય, દેખવા છતાંય, આવા મહાન સંતો કે શાસ્ત્રો કે માન્યતાઓને
(જેમાં ગુણાતીતજ્ઞાનની ભાવનાને) અવગણીએ ત્યારે
આધ્યાત્મિક ક્ષેત્રમાં કામ કરતા હોય, મંદિરની સેવા, પૂજા, પાઠ, ભક્તિ
સર્વ થતાં જાય છતાં ચૈતન્ય સ્વરૂપનું સુખ જરાપણ આવે નહીં અને
ઉપરઉપરના બાહ્યોપચારોને જ સાચો ધર્મ માની લઈ,
એક પ્રકારની જડતા જ ઊભી કરતા હોઈએ છીએ ને
તેનું પોષણ કરવા પક્ષાપક્ષી પણ થવા દઈએ છીએ.
સહેજ અંતર્દૃષ્ટિ કરી, મહારાજનું શુદ્ધભાવે ભજન-સ્મરણ કરતાં જ
મુમુક્ષુ જીવને તો જરૂર સમજાઈ જાય છે અને
મંદિરોની, આચાર્યોની, કાર્યકર્તાઓની પાછળ સાચા સત્પુરુષો થકી
જે પ્રેરણાત્મક બળ મળતું જાય છે, તે પ્રગટપણે દેખાઈ આવે છે અને
ત્યારે સચ્ચિદાનંદ અનુભવાય છે અને પ્રતીતિ થતી જાય છે.
જેનો સર્વેએ પ્રગટ સંતવર્ય પ.પૂ. યોગીજી મહારાજની હાજરીમાં
અનુભવ કરી લેવા વિનંતી છે.

**(૨)** આધ્યાત્મિક જડતાનું બીજું સ્વરૂપ અંતર્ગત માન્યતાઓ છે.
એક વખત જે માનસિક ગ્રંથિ બંધાઈ ગઈ તેને જ વળગી રહીએ અને

સાચા સંતનાં વચનોમાં અવિશ્વાસ લાવીએ અને
આજ્ઞામાં શિથિલપણું અગર ગૌણતા આવે તે
આવી જૂની ટેવોને કારણે બને છે.
સેવાના, ભક્તિના, મંદિરની ક્રિયાઓનાં બહાનાં નીચે
સાચા ભક્તો અને સંતોનો દ્રોહ થઈ જાય છે,
જેથી સ્વામિશ્રીજી નાખુશ થાય છે.
માટે પ્રગટ સત્પુરૂષનાં સર્વ વચનોમાં અને સર્વપ્રકારની ક્રિયાઓમાં
અખંડ દિવ્યભાવ જ રહે, તેઓ જે કાંઈ કરે છે, કરી રહ્યા છે, કરાવી રહ્યા છે
તે સર્વ સત્સંગના ભલા માટે જ છે તેમ અખંડ મનાઈ જાય તો જ
માનસિક જડતા સદંતર ટળે અને નિર્ગુણ સુખ દેહ છતાં જ પ્રાપ્ત થાય.
બીજાનો ઉત્કર્ષ ખમતાં આવડે, સત્પુરુષને કદી ઓશિયાળા ન કરાય તેવું
વર્તનમાં આવી જાય અને સેવા માટે, કોઈપણ જરૂરી ક્રિયા માટે,
તેમની આજ્ઞા થતાં હર્ષથી સમૈયામાં જવા માટે
સત્પુરૂષ પાસે વારંવાર આજીજીઓ કરાવવી ન પડે.
આપમેળે જ સમજાઈ જાય, કહ્યા વગર જ વર્તાય ત્યારે જ
સાચી આત્મબુદ્ધિ દૃઢ થઈ ગણાય ને નિર્વિકલ્પ સમાધિનું સુખ આવે.

**(3)** જડ અને ચેતન, બંધન અને મોક્ષ, ભય અને અભય,
સત્ય અને અસત્યનાં તમામ દ્વંદ્વો બંધ પડીને એક સત્પુરુષ જ મારો આત્મા છે,
તે જ ફક્ત સનાતન પરમ સત્યસ્વરૂપ છે ને શ્રીજીસ્વરૂપ છે ને
મારા આત્મામાં અખંડ બિરાજમાન છે તેવી
પ્રગટપણે માન્યતા, ભાવના દૃઢ થઈ જાય અને
માછલાંને જેમ જળ જીવન છે તેમ સાચા સંત જ મારા જીવનપ્રાણ, સર્વસ્વ છે
એમ અંતરમાં મનાઈ જાય અને ક્રિયામાં વર્તાય ત્યારે જ
જડતા સંપૂર્ણપણે ગઈ ગણાય.
વચ.ગ.મ. ૬૩ મુજબ અસાધારણ સેવા કે વચ.વર. ૧૧ મુજબ અસાધારણ પ્રીતિ,
કે પ્રગટ સ્વરૂપનું અખંડ ધ્યાન, ભજન કરવાથી
આવી આધ્યાત્મિક જડતા તત્કાળ નાબૂદ થાય છે
ને દેહ છતાં જ અખંડ ચેતનાનો, દિવ્યતાનો, પ્રભુતાનો જ કેફ અને
અલમસ્તાઈ અનુભવાય છે તે દરેકે પ્રાપ્ત કરી લેવાં.

## ૧૫. તત્ત્વજ્ઞાન, કલ્યાણનાં સાધનો અને સત્પુરુષ

શ્રીજીમહારાજે સત્સંગમાં અનેક વાતુ પ્રવર્તાવી છે અને
તેમાં જીવનું જીવન સુહૃદભાવમાં બતાવી
પ્રત્યક્ષ સત્પુરુષ થકી તે સિદ્ધ કરવા ઉપર જ ભાર મૂક્યો છે.
છતાં અનાદિ કાળથી વ્યવહારુ બુદ્ધિના પાશ પડેલા,
તે એકદમ જતા નથી અને
કોઈને તત્ત્વજ્ઞાનમાં, કોઈને જુદાં જુદાં સાધનોમાં અને
કોઈકને જ ફક્ત સત્પુરુષના પ્રસંગની અનુપમ કિંમત સમજાય છે,
જેથી સમજણના ભેદો પડી જાય છે અને
એકાંતિકપણું પ્રાપ્ત કરવામાં મુક્તની માયા આડે આવે છે.
તત્ત્વજ્ઞાન જાણનારને સેવાનો અભાવ રહે છે
જેથી ભીડો ખમાય નહીં અને મોટા હોય, ગુણવાળા હોય તેમને નમાય નહીં
અને સ્તબ્ધપણું રહ્યા કરે.
વળી દેખાદેખીથી સેવા કરે પણ નિર્માનીપણે અંતરથી મહિમા સમજીને
સત્સંગની સેવા થઈ શક્તી જ નથી અને
મહારાજ પણ આવી કરોડોગણી સેવા થાય તો પણ નોંધતા નથી.
ફક્ત સંસ્કાર પડે પણ સ્વભાવ ટળે નહીં.
માટે સાચા વડવાનળ અગ્નિસમા સંતનો સર્વોપરી નિશ્ચય અને
દિવ્યભાવ દૃઢ કરી, જીવમાં તે ઠરાવ નક્કી કરી,
સમગ્ર સત્સંગ દિવ્ય માની શ્રીજીમહારાજની મૂર્તિ સાધવી
તો અક્ષરધામનું સુખ દેહ છતાં જ પ્રાપ્ત થશે અને બીજાને પણ તેનો લાભ મળશે.
સાધનો કરનારને સાધનનું અભિમાન વધવાથી
આત્યંતિક કલ્યાણની સાધના અર્થાત્ પરબ્રહ્મના પરમતત્ત્વમાં જ
અખંડ નિમગ્ન રહી સ્વામીસેવકભાવે સેવા કરવી અને
દેહ છતાં જ પરમપદ મનાઈ જવું તે સર્વ સિદ્ધ થતું નથી.
માટે તપ, ત્યાગ, વ્રત, દાન, યજ્ઞ, ધ્યાન, ભજન, અષ્ટાંગયોગ વિગેરે
સાધનોના ફળરૂપે જ આ સત્સંગ એટલે કે આ સત્પુરુષ પ્રાપ્ત થાય છે,
માટે સર્વ સાધનોના પુરુષાર્થ છોડી, તે કહે તેમ જ કરવું,
તેમની જ મરજી પ્રમાણે વર્તવું તે જ એકાંતિક ધર્મ સિદ્ધ કરાવી શકશે
એમ મહારાજે વચ.ગ.પ્ર. ૬૦, ગ.મ. ૭–૫૪, વર. ૫–૧૦–૧૧–૧૯, ગ.છે. ૨
વિગેરેમાં સ્પષ્ટ બતાવેલ છે.
આપણા સદ્‌ભાગ્યે સર્વગુણ સંપન્ન સંતવર્ય પ.પૂ. યોગીજી મહારાજ મળ્યા છે

જેથી સાધનો સુષુપ્તિમાં લય થઈ જાય છે તેમ તેઓએ વાત કરી
તે ધ્યાનમાં રાખી, હવે તેમની મરજી પ્રમાણે, નિર્દોષભાવે મહિમા સમજી,
સંબંધ ઓળખી ભજન કરી લેવું જેથી
દેહ છતાં જીવ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મના સ્વરૂપમાં જોડાઈ જશે ને
મુક્તદશા અનુભવાશે તો તેવા વિચારવાળી જાણપણાની ભક્તિ
સૌએ વધારવી એ જ પ્રાર્થના છે.

## ૧૬. અતિ મોટાપુરુષનો અભિપ્રાય જાણવાની શરતો

પ્રગટના ઉપાસકોમાં સૌ કોઈ પોતપોતાની સમજ પ્રમાણે ભજન કરે છે અને
કલ્યાણનાં સાધનોથી રાજી કરવા પ્રયત્નો કરે છે અને
તે જ રીતે બીજાઓને પણ આગ્રહ કરી સત્સંગમાં જોડે છે.
આવાં ભજન, ભક્તિ ને સેવાથી
સાત્વિક સુખ અને ચિત્તની પ્રસન્નતા પણ અનુભવાતી હોય છે અને
પોતે માની લે છે કે, 'આપણું તો કલ્યાણ થઈ ચૂક્યું ને
જે કાંઈ સત્સંગની પ્રવૃત્તિઓ કરી રહ્યા છીએ તે બરાબર છે.'
આમ છતાંય ઘણીવાર પ્રસંગે પ્રસંગે અકળામણ, મૂંઝવણ અને
અંતરના વિક્ષેપ નડતા હોય છે અને
ઘણી વખત વિપરીત દશામાં તથા દેશકાળે ઉપસ્થિત થતી નિર્બળ પળોમાં
સત્સંગ મૂકી દેવાના અગર પોતાની મેળે જ એકલવાયા સત્સંગ કરવાના
તથા મોટા મોટા હરિભક્તોના અભાવ અવગુણ લેવાના
ભૂંડા સંકલ્પો પણ આવી જાય છે.
આ બધાના મૂળમાં એક જ વસ્તુ મુખ્ય લાગે છે અને
તે એ કે મોટાપુરુષની રુચિ અને અભિપ્રાય જાણ્યા વિના
ગમે એટલાં ભજન, ભક્તિ ને સેવા કે ભીડો વેઠીને
સત્સંગ કરવાની ક્રિયાઓ હોવા છતાં એકાંતિકપણું સિદ્ધ કરાવી શકતાં નથી.
આપણે બધાએ પણ અનન્ય આશરો કરેલો છે,
ભગવાન અને પ્રત્યક્ષ સત્પુરુષને વિષે હેત પણ છે,
પરંતુ અતિશય વિશ્વાસપૂર્વક એમનાં વચનોમાં દૃઢતા રાખી,
સતત પોતાને વિષે જ અંતર્દષ્ટિ કરી પ્રત્યક્ષ સત્પુરુષ વિશેનું
નિષ્કપટપણાનું જોડાણ કર્યું નથી તેથી અંતરે બળતરા રહે છે,

અપૂર્ણપણું રહે છે, કલ્પના રહે છે અને દેશકાળ અને સંગે કરીને
નિષ્ઠારૂપી અચળ મતિને વિશે પણ શંકા અને સંશય ઉદ્‌ભવે છે અને
સત્સંગમાં બેપરવાઈ થઈ જવાય છે, ગાફલાઈ રહે છે,
મન પાછું પડી જાય છે ને અંદરોઅંદર અંતરપટ રહી ભેદભાવ ઊભો થાય છે.
જેના પરિણામે સૂક્ષ્મ રીતે હઠ, માન ને ઈર્ષ્યા વધતાં જાય છે.
એટલા માટે જ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી ભારપૂર્વક કહે છે કે,
'હેતની નિષ્ઠા પછી જ્ઞાનનિષ્ઠા પરિપક્વ કરવી.
ભગવાન મળ્યા પછી અખંડ જાણપણારૂપ દરવાજે રહી
આવા અલૌકિક સત્સંગમાં કોઈપણ પ્રકારનાં હઠ, માન ને ઈર્ષ્યા આવવા દેવાં નહીં.'
સત્સંગ એટલે સત્પુરુષ.
સાચી જ્ઞાનનિષ્ઠા સિદ્ધ કરવા માટે ભગવાન અને પ્રત્યક્ષ સંતનો
અતિશય મહિમા સમજી એના મળેલા નાનામાં નાના અલ્પ આશરાવાળા
હરિભક્તને વિશે પણ દિવ્યભાવ કેળવવો પડે છે.
આ માટે મનમુખી ક્રિયાઓ મૂકી ગુરુમુખી બનવું પડે છે અને
સતત અંતર્દૃષ્ટિ કરી ખૂણેખાંચરે અંતરના અવ્યક્ત રાગ કે સ્વભાવ
નડી રહ્યા હોય છે તે સત્પુરુષ સન્મુખ દૃષ્ટિ રાખી શોધી કાઢવા પડે છે.
બીજાઓના ગુણગ્રાહક બની પોતાની પ્રકૃતિના દોષોનું નિવારણ કરવા માટે
સત્પુરુષને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરવી પડે છે
અને પોતાના ઠરાવો, ઈચ્છાઓ ને માન્યતાઓને સદંતર છોડી દઈ
સંતના જ ગમતાં પ્રમાણે વર્તવાની ટેવ પાડવી પડે છે
અને તો જ અક્ષરધામનું નિર્ગુણ સુખ
પ્રત્યક્ષપણે ધામ, ધામી ને મુક્તોનો મહિમા સમજતાં
આવી સાક્ષાત્ જ્ઞાનની નિષ્ઠા દૃઢ થઈ
તેવા શ્રેયાર્થીને તે દિવ્યાનંદનું સુખ સુલભ બને છે અને પ્રાપ્ત થાય છે.
જીવ બ્રહ્મરૂપ થતાં ભગવાન વરણીય બને છે અને
દેહ છતાં જ આવી અલૌકિક બ્રહ્મસ્થિતિ
સત્પુરુષ થોડાક જ વખતમાં સિદ્ધ કરાવી દે છે.
આ માટે દેહ છતાં જ સદાને માટે દિવ્યાનંદ પ્રાપ્ત કરવા
મોટાપુરુષની રુચિ, રહસ્ય ને અભિપ્રાય સમજવાં પડે છે.
મહારાજ પણ ભારપૂર્વક સચોટ રીતે કહે છે કે,
'મારી મૂર્તિનું સુખ હેતના અંગવાળાને – જેમ પ્રેમાનંદસ્વામીને આપતાં તે કરતાં
તેમના સૈદ્ધાંતિક રાજીપાવાળા ઉપર

તેમની દિવ્યમૂર્તિનું સુખ, પ્રતાપ અને ઐશ્વર્ય તદ્દન જુદાં જ પ્રકારનાં હોય છે
અને તેવો સૈદ્ધાંતિક રાજીપો મેળવવા માટે
અતિ મોટાપુરુષનો અભિપ્રાય જાણવો આવશ્યક બને છે.'
કારણ કે વચ.લો. ૮ પ્રમાણે બ્રહ્મરૂપ થયા વિના
પુરુષોત્તમ નારાયણની સેવાના અધિકારી થવાતું નથી.

મોટાપુરુષના ગમતાં પ્રમાણે વર્તવા તથા તેમનો અંતર્ગત અભિપ્રાય જાણવા માટે
નીચેની ત્રણ શરતો અનિવાર્ય છે જે સૌએ વિચારી
અમલમાં મૂકતાં દેહ છતાં જ સૈદ્ધાંતિક રાજીપો થઈ
જીવ બ્રહ્મરૂપ બની ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જશે
અને મહારાજની મૂર્તિનું દિવ્ય સુખ પ્રાપ્ત કરશે.

**(૧) પ્રત્યક્ષ સત્પુરુષને વિષે અખંડ દિવ્યભાવનું જાણપણું**
અને સર્વ ક્રિયાઓમાં તે સ્વરૂપનું જ અનુસંધાન અને
તેના મળેલા ને સંબંધવાળા વિશે દિવ્યભાવ.

**(૨) અત્યંત શાંતિમય સમતા**
સંસારની તેમ જ સત્સંગની ક્રિયાઓમાં અને પ્રવૃત્તિઓમાં
પળે પળે સત્વ, રજ અને તમના વેગો તેમ જ
અહંતા, મમતાવાળા ભાવો દેખાવાના,
વળી પોતાની બુદ્ધિએ માન્ય કરેલાં મંતવ્યો પણ
એકમેકની સાથે અથડામણમાં આવવાનાં.
તે તે વખતે સત્પુરુષ સન્મુખ જ દૃષ્ટિ રાખી
મનની ને ચિત્તની સ્થિરતા પકડી રાખી, સંપૂર્ણ ધીરજ રાખી
બાહ્ય વાતાવરણોથી જરાપણ ડગ્યા વિના
ભગવાને જે રીતે નિર્માણ કર્યું હોય તે પ્રમાણે થવા દેવું.
શાંતિમય સમતા કેળવી કોઈના તરફ ભાવફેર કર્યા વિના
આવે વખતે અંતર સન્મુખ જ દૃષ્ટિ રાખવી
જેથી પ્રકૃતિનો બાહ્ય આવિર્ભાવ શમી જઈ
આપણા માટે જે ઉત્તમ હશે તે જ મહારાજ કરાવશે અને
પાછળથી આપણને પણ તે વાતની ખબર પડશે અને
અંતરે સુખ, શાંતિ ને આનંદ વર્તશે.

**(૩) નિષ્ઠાની દૃઢતા રાખી કર્તવ્ય કર્મો કરવાં**
સર્વ કર્તાહર્તા એક ભગવાન જ છે અને

તે જે કાંઈ કરી રહ્યા છે તે મારા સારા માટે જ છે
એમ દઢતાપૂર્વક માની પ્રત્યક્ષ સત્પુરુષના વચનમાં અતિશય વિશ્વાસ રાખી
સ્વધર્મેયુક્ત કર્તવ્ય કર્મો કરવાં.
આમાં શૂળીનું દુઃખ કાંટે સરતું દેખાશે અને પ્રારબ્ધ કર્મો ભોગવાઈ જઈ
ભગવાનની મરજી પ્રમાણે મોટાપુરુષના ગમતાં અને
અભિપ્રાય પ્રમાણે જ નિર્વાસનિકપણે કર્તવ્ય કર્મો થતાં જશે.
આવા જ્ઞાનેયુક્ત કર્મયોગ વચ.ગ.પ્ર. ૬૦, ગ.મ. ૫૧ તથા
વચ.ગ.છે. ૧૧–૧૮ મુજબ થતો જશે,
જેના પ્રતાપે એકાંતિકપણું સિદ્ધ થશે અને સૈદ્ધાંતિક રાજીપો મળશે.

સૌ શ્રેયાર્થી હરિભક્તોએ ઉપર મુજબ
ધામ, ધામી ને મુક્તો વિશેનું દિવ્યપણું તથા
શાંતિમય સમતા અને નિષ્ઠાએયુક્ત કર્તવ્ય કર્મોની ટેવ પાડી
મોટાપુરુષનો હૃદ્‌ગત અભિપ્રાય સમજી લેવો જેથી
દેહ છતાં જ જ્ઞાનનિષ્ઠા દઢ થઈ મહારાજની મૂર્તિનું દિવ્ય સુખ પ્રાપ્ત થાય.
આપણા સદ્‌ભાગ્યે આવા અતિ મહાપુરુષ
પ.પૂ. યોગીજી મહારાજ પ્રાપ્ત થયા છે તો
મહારાજને વિશે તેમ જ આ સાધુને વિશે સર્વોપરી ભાવ દઢ કરી
સાક્ષાત્ સ્વરૂપમાં નિર્વિકલ્પપણે જોડાવા પ્રયત્નો કરવા.
આવી રીતે અસાધારણ પ્રસંગમાં આવતાં,
સત્પુરુષ જોડેનો અંતરાય ટળી જશે અને જીવમાં એકતા સ્થપાઈ જશે.
સત્પુરુષ જ મારો આત્મા એમ મનાઈ જશે અને
ભગવાન મારી સાથે અખંડ છે એવી રીતે વર્તાશે અને
બીજાના આત્માને વિશે પણ ભગવાન વિરાજમાન છે
તે દેખાઈ જઈ સ્વામીસેવકભાવે દેહ છતાં જ
માહાત્મ્યજ્ઞાનેયુક્ત પરાભક્તિ સિદ્ધ થઈ જશે અને પરમપદની પ્રાપ્તિ થશે.
નૈષ્કર્મ્યરૂપ આવી જ્ઞાનનિષ્ઠામાં કર્મ, ભક્તિ ને ઉપાસના એકરૂપ થઈ જાય છે
તથા અસાધારણ પ્રીતિ એ જ જ્ઞાન બને છે
તથા સાક્ષાત્ જ્ઞાનની સમજણપૂર્વકની દઢતારૂપે
અનન્ય આશરો, હેત અને વિશ્વાસ એક બની જાય છે.
સ્વામિશ્રીજી સૌને તેમની રુચિ, રહસ્ય, અભિપ્રાય અને સિદ્ધાંત
સરળતાથી સમજાવે અને સાક્ષાત્ સ્વરૂપજ્ઞાન દઢ કરાવે એ જ નમ્ર પ્રાર્થના.

## ૧૭. અભિનિવેશ

જીવની અજ્ઞાન દશામાં પાંચ પ્રકારના ક્લેશ કહ્યા છે.
તેમાંનો એક અભિનિવેશ ગણાય છે.
મહારાજે વચનામૃતમાં પણ ભારપૂર્વક જણાવ્યું છે કે જીવને શિવ થવા માટે
સત્પુરુષની જરૂર પડે જ છે ને તે વિના મૂળ અજ્ઞાન ટળતું નથી.
માટે સાચા સત્પુરુષ જ અજ્ઞાન ટાળે છે ને
ભગવાનના સ્વરૂપમાં જીવને બ્રહ્મરૂપ કરીને જોડે છે ને
આત્યંતિક કલ્યાણ કરે છે. પોતાની મેળે પ્રયત્નો કરે તો સંસ્કાર પડે છે
પણ દેહથી જીવ જુદો પડતાં જ તેને ભ્રાંતિ પડે છે, ભ્રમણા થાય છે કે,
'હું જ ઈશ્વર છું, બ્રહ્મ છું, પરબ્રહ્મ છું' અને
જ્ઞાનના, વૈરાગ્યના, ભક્તિના આવેગમાં બક્યા કરે અને
અભિનિવેશ થતાં જ ખોટી માન્યતા દૃઢ થઈ જાય છે ને
મોટાના અભાવમાં પડીને છેવટે અસુરભાવને પામે છે.
માટે સાચા સત્પુરુષને ઓળખવા સંપૂર્ણ બુદ્ધિનો ઉપયોગ કરવો ને
તે અચળમતિ રાખી ઉપર ઉપરના દેખાતા ત્યાગી, વૈરાગ્યવાળામાં નહીં ભરમાતાં
જીવનો મોક્ષ બગાડવો નહીં અને ચોખ્ખી સમજણ જ દૃઢ કરતા જવું ને
તપાસ કરીને જ સંત સમાગમ કરવો.
ચુડાના કરસનજી બ્રાહ્મણને કોઈએ કહ્યું કે,
'તું તો વઢવાણ દરબાર પથાભાઈનો દીકરો છે પણ
કોઈ મારી ન નાંખે તેથી અહીં રાખ્યો છે.'
તે સાચું માની લઈ લેંગ સાહેબને સરકારમાં અરજી કરી કે મને રાજ્યની ગાદી અપાવો.
આટલેથી જ ન અટકતાં મોટા સંત ગોપાળાનંદસ્વામીને પણ વાત કરી અને
જ્યારે તે વાત ખોટી છે તેમ તેમણે કહ્યું ત્યારે
તેમનો અવગુણ લીધો અને બીજાને પણ તેમાં ભેળવ્યા અને
મોટાપુરુષની વાત માની જ નહીં. આમ જીવનું બગડે છે.
માટે સત્સંગમાં સારધાર પાર ઊતરવું એ અતિ ભારે કામ છે.
સ્વામિશ્રીજીને ખાસ પ્રાર્થના કરવી કે, 'આવો અલૌકિક સત્સંગ મળ્યો અને
કુસંગના જોગમાં પાછા પડાય તે જેવી બીજી કોઈ ખોટ નહીં માટે
દેશકાળ લાગે જ નહીં અને ભગવાનની માયા પ્રવેશે નહીં
તેવું ચોખ્ખું જ્ઞાન સાચા સત્પુરુષ થકી જ સિદ્ધ કરવું.
નહીં તો સાધનનો રાગ રહી જાય અને
તત્ત્વે કરીને જો સ્વરૂપ ઓળખેલ હોય નહીં તો

ભગવાધારીમાં કે બીજા મહંતમાં ભરમાઈ જવાય ને જીવનો મોક્ષ બગડે.'
માટે માન્યતાના અભિનિવેશ જ્યાં દેખાય ત્યાંથી ડરીને ચાલવું અને
શાંત સ્વભાવ અને લક્ષણવાળા નિર્માની સંતનો જ સમાગમ કરી લેવો.
પ્રથમથી જ ચોખ્ખી પાટી હશે તો પાછળથી પસ્તાવું ન પડે.
માટે અનાદિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીજીનું જ્ઞાન
સાચા સત્પુરુષ થકી જ સિદ્ધ કરવું
જેથી જીવ બ્રહ્મરૂપ બની ભગવાનના સ્વરૂપમાં દેહ છતાં જ જોડાઈ શકે
ને નિર્ગુણ સુખ પ્રાપ્ત કરી શકે.
સર્વને પ.પૂ. સ્વામીજીનો સમાગમ મળ્યો છે તે દૃઢ કરી, અચળમતિ રાખી
જીવનપર્યંત તે મુજબ જ સારધાર ઊતરવું એ જ પ્રાર્થના છે.

## ૧૮. મોટાપુરુષનો અભિપ્રાય

સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપજ્ઞાન, રહસ્ય અને અભિપ્રાય
મોટા મોટા સંતો અને હરિભક્તો જેઓ ભેળા રહેતા, ત્યાગ પાળતા,
સેવા કરતા ને દેહને ગણતા જ નહીં તેઓ પણ સમજી શક્યા ન હતા.
મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીજી જ્યારે સંતોની ગોદડીઓ ધોઈને
વડતાલ મંદિરના દરવાજે ભેગા થયા ત્યારે મહારાજે ટકોર પણ કરી હતી કે,
'આ નિર્ગુણાનંદજી પાસે સેવા કરાવો છો તે તેમને ઓળખો છો કે કેમ?'
વળી અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામીએ
ભગવાનના સર્વોપરીપણાની વાતુ કરવા માંડી ત્યારે
મહાત્યાગી સદ્‌ગુરુઓ પણ મૂંઝાઈ ગયા હતા અને
વળી કેટલાક તો તેમને ધોળાં પહેરાવવા પણ તૈયાર થયા હતા અને
તેમની ઝોળીમાં દેવતા નાંખ્યો હતો.
અનેકનાં કલ્યાણનો માર્ગ સરળતાથી ખુલ્લો કરનાર
એવા અનાદિ મહામુક્તો પ.પૂ. પ્રાગજી ભક્ત અને પ.પૂ. જાગા ભક્તનો
અંતરનો અભિપ્રાય પણ મોટા મોટા સમજી શક્યા નહીં
જે ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે ભીડો ખમી, કષ્ટો વેઠી,
લોકલાજને તિલાંજલિ અર્પીને પણ ગુરુભક્તિ જાળવીને પ્રસિદ્ધ કર્યો.
અનેક ભક્તોને પ્રગટ ગુરુહરિ ઓળખાવ્યા અને
કૈવલ્યમૂર્તિ ગુણાતીત સ્વરૂપ થકી

શ્રીજીમહારાજનું અખંડિત પ્રગટપણું રહે છે ને રહેશે જ
તે સનાતન તત્ત્વરહસ્ય અને અભિપ્રાય ખુલ્લો કરીને
કરોડો મુમુક્ષુઓનાં આત્યંતિક કલ્યાણનો માર્ગ સદાને માટે ખુલ્લો કરી દીધો.

જ્યારે જ્યારે ભગવાનનું આવું સર્વોપરી પ્રગટપણું હોય છે ત્યારે ત્યારે
મહામાયા પણ તેવી જ ખીજે છે,
પરંતુ જગતમાં છેવટે દિવ્ય તત્ત્વોનો જ વિજય થતો રહે છે ને
માયા પરાભવ કરી શકતી નથી. તે જ સત્યતાની ખરી પરખની કસોટી છે.
રામાવતારના રાવણ, કૃષ્ણાવતારના કંસ, શિશુપાળ અને પૂતના તથા
શ્રીજીમહારાજના વખતના અસુરો અને માયાવી તત્ત્વોને
નષ્ટ કરીને સત્યનો જ જય થયો છે તેમ શાસ્ત્રો બતાવે છે તે વિચારી લેવું.

અત્યારે પણ મોટાપુરુષનો અભિપ્રાય ન સમજવાથી મૂળ માયા ખીજી ઊઠે,
વગોણાં કરે, ગપ્પાં મારે, ભોળાને ભરમાવે,
મત્સર, ઈર્ષ્યા અને અસૂયા પ્રગટાવી
સાચા વડવાનળ અગ્નિસમા સંતનો અભાવ, અવગુણ ને દ્રોહ કરાવે
તેમ છતાંય ભગવાનનું પ્રગટપણું જ્યાં હોય છે
ત્યાં માયાની હાલત હડકાયી કૂતરી, વીયાઈ, દાંતિયાં કરે
ને માર ખાઈ મરણ પામે તેવી થાય છે. તેવું જ સાચા સંતનો દ્રોહ કરનારનું બને છે.
લોકો તો સાચા સંતનો સમાગમ કરતા જ રહે છે પરંતુ માયા ખુલ્લી પડી જાય છે.
આ પણ એક વિધિની કસોટી છે.
જુઓ, મહેળાવમાં ગુરુના (શાસ્ત્રીજી મહારાજના) સ્થાનમાં
કેવો અલૌકિક અદ્‌ભુત પ્રસંગ ઊજવાઈ ગયો અને
મહામાયા તો તદ્દન દબાઈ જ ગઈ અને સત્યસ્વરૂપનાં જ ગુણગાન ગવાયાં.
માટે મોટાનો અભિપ્રાય આપમેળે સમજાતો જ નથી.
તે તો મોટાપુરુષની કૃપા થાય કે તેઓ જાતે સંકલ્પ કરે ને
જીવો પર અનુગ્રહ કરે ત્યારે જ ખબર પડે.
માટે મોટાપુરુષને અંતરથી રાજી કરીએ ત્યારે જ કાંઈક તેમના અભિપ્રાયની ખબર પડે
ને તે વિનાની ભક્તિ વિઘ્નવાળી છે.
જેણે કરીને દેશકાળ લાગે છે અને તે સત્સંગ પણ મુકાવી દે છે.
માટે અભિપ્રાય પ્રમાણેની ભક્તિ તે જ પરમપદ ગણાય છે ને
તો જ નિર્ગુણ સુખ ને ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થાય છે
જે ગુરુ યોગીજી મહારાજના સમાગમથી આજે સુલભ બનેલ છે.
તો ગુરુવચને મંડી પડવું ને રાજીપો મેળવી લેવો.

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ તેમની વાતુમાં કહ્યું છે કે,
'મોટાનો અભિપ્રાય તો જણાય જ નહીં. પણ મોટા અનુગ્રહ કરે તો જ ખબર પડે.'
તેમાં આપણું મન, અવ્યક્ત રાગ, લોક, દેહ, જગત આડે આવે છે.
તેથી કોઈવાર વિભ્રાંતદશા આવે છે,
દેશકાળે અચળમતિમાં ઉત્થાન થાય છે અને મહિમા ઓછો થતો જાય છે.
પણ જેમ બાળકોને રમાડીને જ્ઞાન આપીએ છીએ તેવું ગુરુ કરતાં હોય છે.
સાચા સંત જીવને જાળવીને બળ પમાડી આગળ લે છે અને તે જ તેમનું અતિશય દયાળુપણું અને સર્વોપરીપણું છે, તેઓ જીવના ગુના સામે જોતાં નથી.
પણ અભિપ્રાય મુજબની ભક્તિ ન શીખાય તો
સુધન્વા માફક માથું પણ ઊડે ને ભીષ્મ માફક જ્ઞાની હોવા છતાં અજ્ઞાનીમાં ખપવું પડે. માટે ભગવદીનો પ્રસંગ કરીને મોટાનો શું અભિપ્રાય છે તે સમજી લેવો
જેથી સદાય સુખ જ રહે ને મન પાછું ન પડે.

મોટાનો અભિપ્રાય જાણવા માટે પ્રથમ તો
ગુરુને જ વિશે દિવ્યભાવ દઢ કરીને તેમના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી
આજ્ઞા પાળવી ને બીજાંની ક્રિયા તરફ જોવું જ નહીં.
બીજું – ઝોળિયાં પારેવાની માફક મહિમા સમજી અતિશય સેવા ને ભક્તિ કરવા માંડે
તો ગુરુની મરજી જણાય ને ગુરુની કૃપા થતાં તેમની અનુવૃત્તિ ખબર પડે.
ત્યારપછી જ તેમના અંતરનો અભિપ્રાય જણાય જેથી પૂછવું ન પડે,
એકમેકના અંતરજામી થવાય અને સદાય સુખિયા થવાય.
માટે અતિશય શ્રદ્ધા ને અતિશય વિશ્વાસપૂર્વક સેવા ને ભક્તિ કરીને
ગુરુવર્ય યોગીજી મહારાજનો અંતરનો રાજીપો મેળવી લેવો ને
તેમના અનુગ્રહથી જ નિર્દોષબુદ્ધિ દઢ થશે ને અભિપ્રાય મુજબ
સુહૃદભાવવાળી નિર્ગુણ નિષ્કામ ભક્તિ થતી જશે.
તે સર્વેને સુલભ બનો એ જ અભ્યર્થના છે.

## ૧૯. નિર્માનીપણાનું માન

શ્રીજીમહારાજે વચ.ગ.છે. ૨૭ માં
કામી કરતાંય માનીને અતિશય ભૂંડા સ્વભાવવાળો ગણાવ્યો છે અને
મોડો વહેલો તે વિમુખ થઈને સત્સંગમાંથી જતો રહેતો લાગે છે.
કામી પર તો સંત દયા કરે છે,

પણ માનીની સેવા તો ભગવાનને જરાય ગમતી નથી.
સત્સંગમાં તે સૌના અવગુણમાં જ પડતો દેખાય છે.
ઈર્ષ્યા, મત્સર, અસૂયા તથા ડોળ, દંભ, અટંટાઈ વગેરે માનના પરિવાર
તેવાને વળગી પડે છે ને દુઃખી થઈ જાય છે. તેથી જીવ વૃદ્ધિને પામતો નથી.
વળી માની તો બુદ્ધિવાળાને જણાઈ જાય પણ નિર્માનીપણાનું માન તો
સૂક્ષ્મ બુદ્ધિવાળાને જ તે અંતર્દષ્ટિ કરે ને ગુરુકૃપા થાય ત્યારે જ ખબર પડે છે.
વચ.ગ.પ્ર. ૬–૨૮–૫૬–૫૮–૬૨, સા. ૮, કા. ૬, લો. ૧૬, મ. ૪૧, છે. ૨૭–૨૮,
વગેરેમાં સૂક્ષ્મ માનનું સ્વરૂપ, ગુણનું–સાધનનું માન,
તેનાં લક્ષણો અને તે ટાળવાના ઉપાયો બતાવ્યા છે.
મુખ્યત્વે તો ભગવાનના ભક્તોનો અપાર મહિમા સમજી,
સતત અંતર્દષ્ટિ કરી સંતને વચને ગરીબપણું પકડીને
જો સેવા કરવા માંડે તો સૂક્ષ્મ માન પણ ટળી જાય છે ને એકાંતિક ભક્ત બને છે.
પણ તે વાત બનવી ઘણી જ કઠિન છે.

ભક્તિમાં, જ્ઞાનમાં, જપ, તપ, વૈરાગ્ય કે કોઈપણ મંદિરની ક્રિયામાં
જો માન મળતું હોય તો જ તે ઉત્સાહથી કરવું ગમે છે ને તેમાં સ્વાદ આવે છે.
તે બધી જ સૂક્ષ્મ અભિમાનની જ લાળ છે અને
તે ટેકાઓ તૂટી જતાં જીવ બેબાકળો થઈ જાય છે.
ગુણનાં માન કે સાધનોની સારપ મનાય તેથી જ બીજાનો અવગુણ આવે છે અને
આંટી પડી જાય છે, જે પ્રભુકૃપામાં અવરોધરૂપ બને છે.
કૂળ, જાતિ, વર્ણ, આશ્રમ જેવાં પરિબળો કે
તપ, આત્મનિષ્ઠા જેવા ગુણો હોય પણ મોટા મુક્તોમાં
મનુષ્યભાવ પરઠાય તો તે સર્વ અભદ્ર બની જાય છે.
અને મોક્ષમાં–આત્યંતિક કલ્યાણમાં–વિઘ્ન નડે છે.
પ.પૂ. ભગતજી મહારાજ અને પ.પૂ. જાગાસ્વામીમાં જાતિભાવ પરઠનારા
ત્યાગી સંતો ભૂતની યોનિને જ પામે, તેમ શાસ્ત્રો જણાવે છે.
નિષ્કામી વર્તમાન તોડનાર તરત જ દેખાઈ આવે
પણ આવા સંતમુક્તોમાં મનુષ્યભાવ પરઠનારા મહાન અધોગતિને જ પામે,
તેમ શ્રીજીમહારાજ ઘણાં વચનામૃતોમાં જણાવે છે.
તેથી મોક્ષ પ્રાપ્તિ માટે મોટા સંતના અસાધારણ પ્રસંગથી
આવી સૂક્ષ્મ અભિમાનવૃત્તિ તોડવાની અત્યંત આવશ્યકતા ગણાય.
આ રહસ્ય ખબર ન પડવાથી જ બીજાનું જોવાય છે ને
અવગુણ લે છે તે જાણપણું રાખી ટાળવું.

નમ્રતાનું અભિમાન ગુરુકૃપા થાય ત્યારે જ જણાય છે.
બધાંને જ્ઞાન કરતો હોય, પ્રણામ કરતો હોય, પ્રભુનો મહિમા ગાતાં
'હું તો કાંઈ ગણાત્રીનો નથી, તેની કૃપાથી હું તો બધું કરી શકું છું,
તપ, ત્યાગ, સેવા તે કરાવે છે ત્યારે મારાથી થાય છે.'
આમ વારંવાર બોલે અને લળી લળીને પગે પણ લાગે,
છતાં ઊંડે ઊંડે સૂક્ષ્મ સાત્ત્વિક અભિમાનનો સર્પ ભરાઈ રહેલો જ હોય છે,
તે સહેજ જ પ્રસંગ પડતાં, માન્યતાનો ભંગ થતાં
કે આદર-સત્કારમાં ખામી આવતાં, સર્વને જણાઈ આવે છે.
શબ્દ તરત જ લાગી જાય છે, ગુણ વ્યાપી જાય છે,
મોઢું પડતું લાગે છે અને ક્ષોભને પામી જાય છે.
જો અંતર્દષ્ટિ કરે અને ભગવાન કે સંતને અંતરથી પ્રાર્થના કરે તો
ગુરુ જરૂર તે ગુણનાં માન બહાર લાવી, સમાગમમાં રાખી,
મલિન વાસનાને દૂર કરે છે અને જીવને શાંત, સરળ સ્વભાવવાળો
સુખિયો કરી દે છે. 'સાધુ' થયા પછી આવી સાધુતા, સહિષ્ણુતા ને સમતા
શીખવાં જ પડે છે. ત્યારે જ સ્વભાવ ટળતાં જીવ બ્રહ્મરૂપ થાય છે.
ધામનું દિવ્ય નિર્ગુણ સુખ દેહ છતાં જ પ્રાપ્ત કરે છે ને અહોહોપણું રહે છે.

મહારાજ પણ કહે છે કે, 'સ્ત્રી અને ધન છોડવાં અઘરાં નથી.
ત્યાગ હોય છતાં માન છોડવું અતિશય કઠિન છે ને મોટા મોટાને પાછા પાડે છે.'
ગુરુની કૃપાથી જ તે ટળી શકે છે.
માટે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને પ્રાર્થના કરીએ તો
નિર્માની ભક્ત બનવાની આવી વાત તરત જ સિદ્ધ કરાવી દે છે ને
તેવી દયા પણ બતાવે છે. તે જ આ સંતનું સર્વોપરીપણું છે.

વેદરસમાં પણ નિર્માની વર્તમાન પર સુંદર નિરૂપણ કરેલ છે.
અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીના સંબંધે કે તેમના સાધર્મ્યને પામેલા
મોટા સંતના સંબંધે જીવ નિર્દોષ, નિષ્કામી અને નિર્માની થઈ જાય છે.
તે વાતનું રહસ્ય ગુણાતીત જ્ઞાનવાળાને
ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે અત્યંત સુગમ કરી બતાવ્યું.
તે જ માનવજાત ઉપર મહાન કૃપા અને કેવળ કરુણાદષ્ટિ છે.
તેમની ને સંતોની તેવી દિવ્યદષ્ટિ મુમુક્ષો પર રહે અને
નિર્દોષબુદ્ધિ દઢ થઈ એકાંતિક ધર્મ સર્વને સુલભ બને તે જ નમ્ર પ્રાર્થના છે.

## ૨૦. મનમુખી ક્રિયા

કારિયાણીમાં શ્રીજીમહારાજે પોતાના આ પૃથ્વી પર પધારવાના છ હેતુઓ
અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામીને સમજાવેલ તે જ પ્રસાદીના સ્થળે
પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે દિવ્ય પ્રસંગોની સ્મૃતિ કરાવી વાત કરી કે,
'આ સ્થળે સુરતથી મુક્તાનંદસ્વામીએ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી મારફતે
રસવાળી કેરીઓ મહારાજ માટે મોકલેલી
ત્યારે એક સાધુ વગર કહ્યે રજા લીધા વિના તેમની સાથે આવેલા
તે મહારાજ બાવીસ જણા માટે મળ્યા, ભેટ્યા પણ એક માટે થાકી ગયા તેમ કહેલું,
તે રહસ્ય સમજાવ્યું હતું.'
પછી મોટરમાં જતાં વાત કરી કે,
'મોટા મોટા પરમહંસો, ગૃહસ્થો પણ મહારાજને ભગવાન જાણતા અને માનતા
છતાંય મનમુખી જ ક્રિયા કરતા તેથી સ્થિતિ થઈ નહીં,
બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવાની કસર રહી ગઈ અને
આત્યંતિક કલ્યાણમાં પણ ખામી આવી
માટે સર્વ ક્રિયા ગુરુમુખી જ કરવાની ટેવ પાડવી,
તે મોટાપુરુષને સંપૂર્ણ મન સોંપે ત્યારે જ બને તેવું છે,
મરતી મરતી ક્રિયા કરી સેવા કરે તેથી ન થાય પણ
ખબરદાર થઈ અતિ સાચે ભાવે સત્સંગ કરે તો
મોટાપુરુષ અનુગ્રહ કરીને જીવને બળ આપે છે અને
પછી તેને પોતાનો ભાવ જ રહેતો નથી,
માટે ઉત્તમ પ્રકારનો જીવનો સત્સંગ કરી લેવો.'

મનમુખી ક્રિયામાં ત્રણ વિઘ્નો હંમેશાં નડતાં હોય છે
તે પ્રાર્થના કરી ગુરુને સંભારી અંતર્દષ્ટિ કરે તો તરત જ જણાઈ આવશે.

**(૧)** જેમ જેમ ક્રિયા થતી જાય તેમ તેમ વિક્ષેપો પણ આવતા જાય અને
પ્રયત્નો કરવા છતાંય શાંતિ ન વર્તે, વિક્ષેપ ટળે નહિ.

**(૨)** સારા સંતોને પણ કોઈ હરિભક્તો તેમની ક્રિયામાં ન ભળ્યા હોય તો ઊંડે ઊંડે
અભાવ અવગુણ આવ્યા જ કરે ને ક્રિયામાં ભળ્યા હોય ને તે જેવા તેવા હોય
છતાં તેમનો કેવળ ગુણ જ આવ્યા કરે. તેમની જોડે જ કામ કરવાનું ગમે.
મનના રાગને પોષક વાત હોય તેથી આનંદ પણ આવતો જાય.
અભિનિવેશ થતો જાય તેથી સાચી વસ્તુનો ખ્યાલ આવી શકતો નથી.
કોઈ ટોકે કે સૂચના કરે તો ગુણ વ્યાપી જાય, ભાવફેર થઈ જાય,

મોઢું પડી જાય, ક્ષોભ થતો જાય ને અંતર સૂનું સૂનું વર્તે.
પ્રસંગે આ વાતની સૌનેય ખબર પડી જાય છે.

**(૩)** મોટાપુરુષને ઓશિયાળા કરવા પડે છે.
તેમની સત્તા, લાગવગ, ઓળખાણનો જ ઉપયોગ કરવાથી
માયા શાંત થાય ને વિઘ્નો નડે નહીં તેમ લાગવાથી
તેમને યુક્તિપૂર્વક ક્રિયામાં ભેળવવામાં આવે છે.
આશીર્વાદરૂપે કામ થતું નથી તેમ લાગવાથી
છેવટે યુક્તિઓ અજમાવવી પડે છે.
તે ય બીજાને ખબર પડે તેમ બહાર આવતી જાય.
આવા ગુણબુદ્ધિવાળા ભક્તોના લાડકોડ મોટાપુરુષ પૂર્ણ કરતા હોય છે.
સમજુ આત્મબુદ્ધિવાળા તો ઈચ્છારહિત જ વર્તતા હોય છે.
કેવળ ગુરુજી કહે તેટલું જ કરતા હોય છે.
વધુ કે ઓછું પોતાનું મનધાર્યું તેમાં લાવતા જ નથી.
તેથી અખંડ આનંદ વર્તે છે, સહજ રીતે ક્રિયા પૂર્ણ થતી લાગે છે,
સૌનેય સરસતાનો અનુભવ થાય છે અને
કોઈનોય જરાપણ અભાવ અવગુણ આવતો જ નથી અને ગુણ વ્યાપતો નથી.
કારણ કે વચ.ગ.પ્ર. ૨૭ મુજબ પ્રગટ મૂર્તિને જ સર્વકર્તા, નિયામક માની
વર્તે છે. તેથી જે કાંઈ બને છે તે બધું જ તેને માટે દિવ્ય જ હોય છે.
માટે ગુરુમુખી જ ક્રિયા કરવાની ટેવ પાડવી ને સદા સુખી રહેવું.

## ૨૧. અવગુણ લેવાનો અધિકાર

સર્વ શાસ્ત્રો, ધર્મો અને આચાર્યોએ તેમ જ સંતપુરુષોએ
એકમતે રહસ્યરૂપે, સ્પષ્ટપણે, ભારપૂર્વક જણાવેલ છે કે
આધ્યાત્મક સ્થિતિ પ્રાપ્ત કરનારે તેમ જ એકાંતિક ભક્ત બનનારે
કોઈનાય અભાવ, અવગુણ કે નિંદામાં પડવું જ નહીં.
પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તો દરેક પ્રવચનમાં એ જ વાત લાવે છે કે,
'દિવ્યભાવ જ વધારવો ને અવગુણનું દ્વાર જ સદા બંધ રાખવું તો
અંતરનો રાજીપો થઈ જાય ને જીવમાં અતિશય બળ આવી જાય.'
શ્રીજીમહારાજે વચનામૃતમાં તુલસીદાસજીની સાખી જણાવી કે,
'ભૂલથી પણ કોઈ રામનું નામ લેતો હોય તો

તેને પોતાના દેહનાં પગરખાં કરી આપીએ તોય ઓછાં છે.'
વળી વચ.કારિ. ૯, ગ.મ. ૨૮–૬૩, ગ.છે. ૨–૫ વગેરેમાં
પશુપક્ષીને પણ ભગવાનનો સંબંધ હોય તો દિવ્ય ગણાવ્યાં.
તો પ્રગટ ભગવાનને ઓળખીને ભજન કરતા હોય
તેનો કેટલો મહિમા ગણાય? તે મુમુક્ષુઓને વિચારવા જેવું છે.
ભાગવતકારે તો શ્વપચને પણ જે ફક્ત ભગવાનનું નામ સ્મરણ કરતો હોય
તેને પણ યજ્ઞનો તત્કાળ અધિકારી ગણાવ્યો છે.
તો સેવા કરનારને શું પ્રાપ્તિ થાય તેની કલ્પના જ કરાય તેમ નથી. આ અકળ વાત છે.
માટે અનુભવી પુરુષોએ આપણને પોતાના દેહનો, જાતિનો, વર્ણનો,
સ્વભાવનો અવગુણ લેવા આજ્ઞા કરી છે ને તો જ એકાંતિક ભક્ત થવાય છે.
તેમ જ સિદ્ધાંત નિર્દોષબુદ્ધિનો જ મૂક્યો છે.
વળી અ.મૂ.અ.મૂ. ગુણાતીતાનંદસ્વામીએ જીવને બ્રહ્મરૂપ થવા માટે
ભગવાન, સંત અને સંબંધવાળાના ગુણ જ ગાવાનો ઉપાય બતાવ્યો છે
પણ ફલાણો આવો અને ફલાણો તેવો એમ કરવાનું કહ્યું નથી. કારણ કે
બીજાંના દોષો જોવા ને કહેવાથી પોતામાં આવી જાય ને શાપિત બુદ્ધિ થઈ જાય.
પૂ. જાગાસ્વામી, પૂ. ભગતજી મહારાજ, પૂ. કૃષ્ણજી અદા તેમ જ
મોટા મોટા પરમભાગવત સંતોએ હરિભક્તોનો મહિમા સમજી,
સેવા અને ભક્તિ કરવાનું બતાવેલ છે તે અનુભવસિદ્ધ વાત છે.

કેટલાક અણસમજુઓ તો ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, પર્વતભાઈ,
દાદાખાચર વગેરેનો પણ અવગુણ લઈ દ્રોહ કરનારા જણાયા છે.
પોતાનું મન કાબૂમાં રહેતું ન હોય, સૂક્ષ્મ રાગો, સ્વભાવો પણ નડતા જ હોય,
દેહાભિમાન વધતું જ હોય, પારકા આકાર, પારકા જ દોષો ને ક્રિયાઓ તરફ દૃષ્ટિ રાખી
સત્સંગમાં કુસંગ ફેલાવતા હોય તેઓ મોટાનો રાજીપો ગુમાવે છે.
તેઓને મહારાજે વચ.ગ.પ્ર. ૨૦, ગ.મ. ૪૦–૫૩, વર. ૧૨ વગેરેમાં
મૂર્ખના રાજા, અધમમાં અધમ, અધર્મી ને વિમુખ ઠરાવ્યા છે કારણ કે
પોતાના જીવની ખબર નથી.
ઐશ્વર્ય આવે તો મન શુંય કરી નાંખે, દેશકાળે મતિ કેવીય થઈ જાય.
પ્રગટ સ્વરૂપને વિશેય હજી જીવમાં નિર્દોષભાવ દૃઢ થયો હોતો નથી ને
બીજાની માથાકૂટમાં પડતાં જ રહે છે તેથી પોતાનું જ બગાડતાં હોય છે.
કારણ કે આ સત્સંગ તો મહાવિષ્ણુરૂપ છે, બ્રહ્મરૂપ જ છે.

મોટાપુરુષના સંબંધે કલ્યાણ છે.
તેઓ ચિંતા રાખે છે ને હેતથી જીવને આગળ લેતા હોય છે.

તેની અજ્ઞાની જીવને શું ખબર પડે?
આ માટે ઈસુ ખ્રિસ્તે એક સરસ દાખલો આપ્યો છે તે સૌએ વિચારવા જેવો છે.
'એક પતિત બાઈને લોકો કાંકરા મારતા હતા ત્યારે
ઈસુએ વચમાં પડી કહ્યું કે તમો શું કામ આવું કરો છો?'
લોકો કહે, 'આ બાઈ ચોર અને પતિત છે.'
તો ઈસુ કહે કે, 'તમારામાંથી જે નિર્દોષ હોય, પ્રામાણિક હોય, ચોરી કદી કરી ન હોય
તેવા પુરુષો કાંકરા મારો પણ બીજાને અધિકાર જ નથી.
જો વચ્ચે પડશો તો મહાપાપ લાગશે.'
તે સાંભળી સૌ સ્તબ્ધ બની ગયા ને અંતર્દષ્ટિ કરી પાછા જતા રહ્યા.
આપણા સત્સંગમાં સંપૂર્ણ બ્રાહ્મીસ્થિતિવાળા પુરુષ પ્ર.બ્ર.સ્વ. યોગીજી મહારાજ છે.
જેમને મહંત નીમ્યા હોય તેવા અનુભવી પુરુષોને એકાંતમાં પૂછવું કે
આમનો અવગુણ લઈએ? ટીકા કરીએ? પછી જેમ આજ્ઞા થાય તેમ કરવામાં દોષ
નથી પણ મનમુખી રીતે જગતમાં સારા દેખાવા કોઈ સત્સંગી કે ભક્તનો
અપરાધ ન થઈ જાય તે મોટો મુદ્દો સાચવવાનો છે.
વળી બ્રહ્મરૂપ થયા વિના પરબ્રહ્મની સેવામાં વચ.લો. ૭ મુજબ હજી આપણે જ
અધિકારી થયા ન હોઈએ ત્યાં બીજાની પંચાતમાં ક્યાં પડવું? તે મહાઅજ્ઞાન છે.

શ્રીજીમહારાજે પુષ્ટિમાર્ગ ચલાવી અનંત જીવોને કલ્યાણને માર્ગે દોર્યા છે.
સૌની માન્યતાઓ, રુચિઓને જાળવી આત્યંતિક કલ્યાણનો માર્ગ
મોટા સંત થકી ખુલ્લો રાખ્યો છે. તેવા દિવ્યપુરુષો કઈ કળામાં ખેલતા હોય ને
જીવોને આગળ લેતા હોય તે આપણને સિદ્ધદશા આવે નહીં ત્યાં સુધી સમજાય જ નહીં.
માટે તેમની કલ્યાણ રીતિમાં ડહાપણ કરવું તે કેવળ મૂર્ખાઈ જ છે.
શ્રીજીમહારાજે સંપ્રદાયની મર્યાદા ટકાવા–ધર્મનો પ્રચાર થતો રહે,
ભક્તિમાં વિઘ્નો ન આવે, દોષો નડે નહીં તે માટે
મોટાપુરુષોનો સમાગમ નિરંતર કરવાનું કહ્યું છે.
તેમને સર્વને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવા તાન હોય છે.
તેથી જીવોને ટોકવા પડે, વઢવું પડે. રોગ પ્રેરીને પણ શુદ્ધ કરે ને
તે માટે ગમે તેટલું અપમાન કરે તોય તેઓને બાધ નથી.

(૧) અધિકારવાળા
(૨) મહંત કે સદ્‌ગુરુપદે નીમેલા હોય
(૩) આત્મા ને પરમાત્માના સ્વરૂપોના અનુભવ જ્ઞાનવાળા
(૪) પંચવર્તમાનમાં સંપૂર્ણ વર્તી ભગવાનનો અખંડ સંબંધ રાખનારા
(૫) સાક્ષાત્ ભગવતસ્વરૂપે વર્તનારા વગેરે સંત મહાત્માઓ

અલૌકિક રીતે જીવોનું શુદ્ધિકરણ કરાવતા હોય છે ને તેઓની કેવળ કૃપા થકી જ બીજરૂપે માન અને કામ સૌનેય નડતાં હોય તે દૂર થતાં જાય છે.
પણ કેવળ સાધનોથી વાસના કે દેહાભિમાન ટળતાં જ નથી તે સૈદ્ધાંતિક વાત છે.
માટે તેવા અધિકારી પુરુષોની વાત જુદી છે ને
આપણે વગર સ્થિતિએ બીજાનું ખોતરવા જઈએ તો, મરણદોરી નોતરવા જેવું બને.
જ્યારે મોટાપુરુષો તો પોતાના માથે લઈ,
જીવને બળ આપી, શુદ્ધ કરી ભગવાનમાં જોડી દે.
જેમ બિલાડી બચ્ચાંને પકડે ને મા–બાપ બાળકોનું હિત કરે છે તેમ.
પણ બિલાડી ઉંદરને પકડે કે રીસ ને આંટી રાખે તેવી રીતો તેમની હોતી જ નથી.
સત્સંગમાં વ્યવહાર રહ્યો તે કહેવું પડે, ટોકવું પણ પડે ને વઢવું પડે,
પણ જેમ ઘરનાં સગાંવ્હાલાં વર્તે છે તેમ આત્મબુદ્ધિ ને પ્રીતિ રાખીને.

અવગુણ લીધો કેમ કહેવાય? તેનો ઉત્તર વચ.ગ.મ. ૪૪માં મહારાજે કર્યો છે કે બીજાના દોષો દેખાતા હોય તે કરતાંય વધુ જુએ ને ગુણોને નજરમાં ન લે
તે અવગુણ લીધો કહેવાય.
વળી ભાવફેરમાં પડી જાય, ઉતારી પાડે, જાહેરમાં જ્યાં ત્યાં વગર સમજ્યે,
તપાસ્યા વિના ટીકા કરવા મંડે ને હરિભક્તમાં ગુણો પણ હોય તે દાબી રાખે
ત્યારે તે અવગુણ લીધો કહેવાય.
પોતામાં ગુણનું માન આવ્યું ત્યારે બીજાનો અવગુણ લેવાય છે.
કોઈ અજ્ઞાનથી, ઈર્ષ્યાથી કે માનથી દોષ પીડતા હોય તે ટળે નહીં
તેથી મોટાનો અભાવ લેતા ફરે છે પણ
મોટા પાસે સાચે ભાવે પ્રામાણિકપણે નિષ્કપટ થાય
તો અજ્ઞાન ટળી જાય ને દિવ્યભાવ થઈ જાય.
ભગવાનનો ને સંતનો અપરંપાર મહિમા સમજાય છે ત્યારે
તો કોઈનોય દોષ નજરમાં જ આવતો નથી.
તેથી તેવી નિર્દોષ ભાવના પ.પૂ. યોગીબાપા સર્વેને દૃઢ કરવા
આગ્રહથી કહ્યા કરે છે. માટે વચ.ગ.પ્ર. ૧૬ વિવેકબુદ્ધિનું જો સિદ્ધ થાય તો
કોઈનોય અવગુણ આવે જ નહીં ને દેહ છતાં જ અક્ષરધામનું સુખ પ્રાપ્ત થાય.
સૌને તે સુલભ બનો એ જ અભ્યર્થના.

## ૨૨. પ્રત્યક્ષના ઉપાસક સાધકો પાસેથી ભગવાન શી અપેક્ષા રાખે છે?

પ્રગટની અને પ્રત્યક્ષની નિષ્ઠા વચ્ચે હિંદુ મુસલમાન જેટલો ફરક છે. આપણો પ્રશ્ન પ્રત્યક્ષ ભગવાનના સાક્ષાત્ સ્વરૂપની નિષ્ઠાવાળા માટેનો છે. તેમાં પ્રત્યક્ષના હર કોઈ ઉપાસકોમાં અનેક ભેદ છે. પણ મુખ્યત્વે કે વિશિષ્ટ રીતે ચાર પ્રકાર પડે છે અને તેની આધ્યાત્મિક વિકાસક્રમની ચાર મુખ્ય ભૂમિકાઓ છે. જે શ્રીજીમહારાજે અને ગુણાતીતાનંદસ્વામીએ મુક્તોના ભેદરૂપે બહુ સ્પષ્ટ રીતે લક્ષણે સહિત ઘણે ઠેકાણે બતાવેલી છે. તેથી મુક્તોના સાત પ્રકારના ભેદ, છેવટે પાંચ પ્રકારના સિદ્ધપુરુષો કે સત્પુરુષોમાં સમાવી લીધેલા છે. (વચ.સા. ૧૭, વર. ૩ અને પ્રક. ૩જાની ૩૧મી વાત)

હવે આ પાંચ પ્રકારના સિદ્ધપુરુષો કે સત્પુરુષો પાસે ભગવાન શું અપેક્ષા રાખે છે તે બાબતમાં ગુણાતીતાનંદસ્વામીએ રવાજી ભગતને ભગતજી ને જાગાસ્વામીનો દાખલો આપી સ્પષ્ટતા કરેલ છે. એટલે મહારાજે જે પાંચ ભેદ અનાદિ સનાતન તત્ત્વે કરીને સ્પષ્ટ બતાવ્યા છે તેને અનુલક્ષીને જ આ પાંચ ભૂમિકાઓ અને છેવટે આ પાંચ ભૂમિકાઓમાંથી બે પ્રકારની – સ્વામી સ્વરૂપની સ્વરૂપલક્ષી, અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલાની સ્થિતિને લક્ષણેસહિત પ્રક. ૧૦ની ૨૧૧મી વાતમાં બતાવેલ છે.

પણ આપણો પ્રશ્ન પ્રત્યક્ષની નિષ્ઠાવાળા સત્સંગી ને સાધકોને ઉલ્લેખીને છે. તેથી સિદ્ધપુરુષો ને સ્વરૂપલક્ષી સત્પુરુષની વાત અત્રે જણાવી નથી પણ નિષ્ઠાવાળા સત્સંગી ને સાધક પાસે ભગવાન ખરેખરી રીતે શી અપેક્ષા રાખે છે તે આપણે સમજીએ.

ઉપરની ચોખવટ એટલા માટે કરી છે કે શાસ્ત્રકારોએ ચાર પ્રકારના ભક્ત તે મુક્તની વાત લખી છે. તે પામર, વિષયી, મુમુક્ષુ ને મુક્ત. પરોક્ષ અને પ્રગટના હોય તેને છોડી દઈને સહજાનંદના, સ્વામિનારાયણના સંબંધવાળા સત્સંગી ને મુક્તોની વાતથી આપણે શરૂઆત કરીશું. એટલે કે પ્રત્યક્ષ અલ્પ સંબંધવાળા સત્સંગીની અને સમજુ ને નિષ્ઠાવાળા સાધક – તેની વાત કરીશું અને તેમાં પ્રત્યક્ષ સ્વરૂપનું તત્ત્વે કરીને યથાર્થ જ્ઞાન એટલે કે એવી ભગવાનના પરમતત્ત્વની, પરબ્રહ્મના પ્રત્યક્ષપણાના જ્ઞાનની સ્વરૂપનિષ્ઠા અને તેનો અપરંપાર મહિમા એ બે મુદ્દા સમાયેલા રહેશે. અર્થાત્ જીવને બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવાનો અને તેના અખંડ ધારક બની પરમ અવસ્થાવાળી મંગલકારી સ્થિતિ પ્રાપ્ત કરવાનો વિકાસક્રમ તેમાં સમાયેલો હશે. જેથી ચારે પ્રકારનો દેહભાવ કે જીવભાવ – સ્થૂળ, સુક્ષ્મ, કારણ કે મહાકારણનો છે. તેમાંથી બ્રાહ્મીસ્થિતિવાળુ બ્રહ્મમય તનુ બને તેનું વર્ણન તેમાં આવશે.

પરંતુ હાલ તે બધાં પિષ્ટપેષણમાં જવા કરતાં આપણે પ્રત્યક્ષ સ્વરૂપને ઓળખનાર દૃષ્ટાવાળા સાધક પાસેથી ભગવાન શી અપેક્ષા રાખે છે તે જ સમજીએ. પ્રત્યક્ષના અલ્પ કે મહત્ સંબંધવાળા સત્સંગી પાસેથી પ્રભુ જે અપેક્ષા રાખે છે તેથી તેનાથી કોઈક અનોખી વિશિષ્ટ પ્રકારની અપેક્ષા પ્રત્યક્ષના દૃષ્ટાવાળા સાધક પાસેથી

પ્રભુ અવશ્ય રાખે છે. આવા પ્રકારના સાધકોના અનેક પ્રકારમાંથી મુખ્યત્વે ચાર પ્રકાર નીચે મુજબ વર્ણવી શકાય.

૧) સ્વરૂપલક્ષી સાધક માટેનું પહેલું સોપાન સ્વરૂપ સાથે અનન્યભાવે જોડાઈ રહેવાનું એટલે કે તેમાં જ અચળમતિ કે સ્વરૂપનો નિરૂત્થાન નિશ્ચય રાખીને પડ્યા રહેવાનું છે. એમનામાં દિવ્યભાવ જ રાખવાનો પ્રયત્ન કરવાનો. આવા સાધક પાસે ભગવાન એનાં અનેક જન્મનાં સુકૃત ઉદય થયા પછી જે આ નિર્ગુણ સંબંધ થયો છે તો સ્વરૂપની પાંખમાં કેવળ પડ્યા જ રહી અને અનન્યભાવ રાખી એ સ્વરૂપનો જે સનાતન નિયમ કે ધર્મ જે દિવ્યતાનો છે તે તરફ પળેપળ સજાગ રહે એવી અપેક્ષા આગ્રહપૂર્વક રાખે છે. કારણ કે તેનાં ઈન્દ્રિયો અંતઃકરણ નબળાં છે. તે સાધક માંદલો છે છતાંય દષ્ટાવાળો છે. તેની સાથે લગ્ન કર્યું છે, એ તેને માથે પડ્યો છે પણ તે કેવળ પ્રહ્લાદની માફક તેનો જ છે. ચીટકી રહ્યો છે અને બીલાડીના બચ્ચાની માફક મીયાઉં મીયાઉં કર્યા કરે છે અને કદાચ તે પણ ન કરે તોયે ભરોસે પડ્યો રહ્યો છે અને પોતે નબળો છે એટલે બીજાની માથાકૂટ કરતો નથી અને પોતે નબળો છે, બીમાર છે એ સત્ય હાલ પૂરતું સ્વીકાર્યું છે અને પાછળથી કદાચ બળીયો થાય પણ હાલ તો ગરીબડો જ છે. માટે હાલમાં તો એ રાંકભાવે રહી દિવ્યતાના સનાતન નિયમની સજાગતા રાખે એટલી અપેક્ષા ભગવાન એની પાસે રાખે છે.

પહેલી ભૂમિકામાં આ રીતે સાધકે સ્વરૂપમાં અચળમતિ રાખી એટલે કે અનન્યભાવે જોડાયેલા રહી તેના નિયમાનુસાર પ્રસંગો બને ત્યારે દિવ્યભાવની સજાગતા રાખવા પ્રયત્ન કર્યો છે. પરંતુ એને હજી સ્વરૂપની પ્રાપ્તિનો મહિમા, સુખ કે આનંદ નથી તેથી માથે પડેલા કે ગ્રહણ કરેલાને જે સુખ મળે તેવા નોકરનું સુખ તે ભોગવે છે, રાજપુત્રનું નહીં.

૨) બીજી ભૂમિકામાં તે નોકરના સંબંધમાંથી વાઘરણ રાણી થઈ હોય ને જે સુખ ભોગવે તેવી રીતનો ઉછીનો અને ઉધાર આનંદ ભોગવે છે. નિર્ગુણ તત્ત્વના સંબંધથી તેને આવકાર મળે છે. જેમ ભૈયાનું છોકરું ને રાજાનું છોકરું એમાં ફરક છે. તેમ તેનાં સુખ, સગવડ અને શ્રેયસ માટે જગતનો કોઈ કાયદો તેને લાગુ પડતો નથી. જેમ રાણીને બીજી રાણીઓની માફક જ રાજાની મહત્તા કે સત્તાનું અલ્પ સંબંધે સુખ મળે છે તે રીતે હવે તેનાં ઈન્દ્રિયો અંતઃકરણના દિવ્ય રૂપાંતર માટે આત્મીયતાવાળી આંતરીક વફાદારી અને માનસિક પ્રામાણિકતા દિવ્ય જાણપણાના દરવાજારૂપે રહીને તે રાખ્યા કરે છે, તેથી તેટલું તે સુખ, સામર્થી ને પ્રકાશ પ્રાપ્ત કરે છે. આમ આવા આત્મીયતાવાળા સાધક પાસે પ્રભુ એ દિવ્ય જાણપણારૂપ દરવાજે અખંડ રહે એવી સ્વરૂપ જોડેની સમજણની અપેક્ષા રાખે છે. જેથી સત્સંગમાં ક્રિયા, ભક્તિ કરતાં હઠ, માન, ઈર્ષ્યા પ્રગટે નહીં અને પ્રસંગે પાછો વળે.

પહેલી ભૂમિકામાં તો સાધક બીમાર જ છે એટલે ક્રિયા કરે જ ક્યાંથી? એટલે એ સ્વરૂપના સંબંધવાળો હોવાથી એને સિદ્ધપુરુષો કે એકાંતિકો નર્સરૂપે જાળવે છે. પણ ફક્ત જાગેલો જ હોવાથી ચોર ડાકુનો સામનો નહીં કરી શકે પરંતુ પ્રભુનો આશ્રિત હોવાથી છેવટે તેની રક્ષા થાય છે. કારણ કે પ્રહ્લાદ માફક છે તો પ્રભુનો ને! જ્યારે બીજી ભૂમિકામાં જાગ્રતતામાંથી જાણપણું આવ્યું હોવાથી દિવ્ય જાણપણારૂપ દરવાજે રહી પોતે જ પ્રભુને પોકાર કરે છે અને ત્યાં એનો પોકાર સાંભળી આજુબાજુથી દેવતાઓ હાજર થઈને પણ તેની રક્ષા કરે છે. આટલો તે સત્તાવાળો છે. બીમારમાંથી આમ તે સબળ અને સ્વસ્થ થયો છે અને માટે જેમ બેંકમાં બેલેન્સ હોય ને સભરતા લાગે તેટલી નિશ્ચિંતતા, બળ ને આનંદ પ્રાપ્ત કરે છે.

૩) હવે સાધક પોતે જ મૂર્તિધારક બને છે. ભક્તેસહિત ભગવાનની નિષ્ઠા દઢ થવાથી સંબંધવાળા સંતમાં અચળમતિ અને સદ્ભાવ રાખતા હોવાથી તેવા સાધકનું મન નિર્વાસનિક અને નિર્વિકલ્પ બને છે અને તે સાધક ગુણાતીત પાસે બ્રહ્મવિદ્યા શીખનાર એવા નિરંજનાનંદસ્વામી જેવો બને છે. મહારાજ અહીં તેવા સાધક પાસે સચેતન સાક્ષીભાવવાળી સતત અને અખંડ વફાદારી ને પ્રામાણિકતાની અપેક્ષા રાખે છે. સંતની જોડે અખંડ સદ્ભાવના પરિણામરૂપે તે નિષ્કામી ને નિર્માની બને છે. તેનું મુક્તપણાનું માન ને અહંકાર સંતની કૃપાથી વિલીન થઈ જાય છે. આ ભૂમિકાએ તેની ભય, ઈચ્છા, કામના, અહમ્ કે સુરક્ષાની વૃત્તિ નિર્મૂળ થઈ ગઈ હોય છે. આ ભૂમિકામાં તે નિશ્ચિંત છે, નિર્ભય છે, નીડર છે, સરળ છે ને તેનામાં જે કોઈ હેત કરે તેને મહારાજ જેવું સુખ પણ તે આપી શકે છે. આ છે સ્વરૂપનો એકાંતિક. વચ.ગ.છે. ૨૬ જેવી તેની સ્થિતિ છે.

પ્રભુ આવા સાધકો પાસે ગમે તેવા પ્રસંગોમાં પણ તેનાં ઈન્દ્રિયો, અંતઃકરણ, ક્ષોભને પામે જ નહીં, એને Action કે Reactionનું કંપન જ ન થાય કે શબ્દ, ભાવ કે ગુણ વ્યાપે જ નહીં અને એવો અખંડ સદ્ભાવ સ્વરૂપ અને તેના મળેલામાં રહે એ અપેક્ષા રાખે છે.

એ ખરેખરો ભગવદી પણ બની શકે અને એની સત્તા બીજા પ્રકારના સાધક કરતાં વિશિષ્ટ હોવાથી તેને સ્વરૂપની માનસિક નહીં પણ સત્યપ્રેરિત અનુવૃત્તિ પણ પ્રગટે છે. નિષ્ઠારૂપી મહારાજની મૂર્તિમાં જ રહીને તે કાર્ય કરતો હોવાથી આવા ભગવદીના પ્રસંગે નિરંજનાનંદસ્વામીના પ્રસંગે મળે એવાં શાંતિ, સુખ, બળ ને આનંદ અન્યને પણ આપી શકે છે. તેને કાળ, કર્મ, માયાનો કાયદો નથી તેથી તે નિર્ભય, નીડર, નિશ્ચિંત, સરળ ને નમ્ર વર્તે છે ને બીજાને પણ એવો આનંદ કરાવી શકે છે. તેના પ્રસંગે ને તેના વચને સેવા કરવાથી સામાને પણ પ્રભુનો અપરંપાર મહિમા પ્રાપ્ત થાય છે અને પ્રત્યક્ષનો ભાવ જીવમાં બેસે છે.

ટૂંકમાં – મહારાજ આવા સાધકો પાસેથી સંબંધવાળામાં સદ્‌ભાવ ને સુહૃદભાવની અપેક્ષા રાખ્યા જ કરતા હોય છે. એમને આવા સાધકના જોડાણમાં કેવળ પતિવ્રતા ધર્મની કે અવ્યભિચારીણી ભક્તિની પણ બહુ વિશિષ્ટતા નથી પણ સ્વરૂપના અખંડ મહિમાનો વિચાર ને એવી સ્વરૂપલક્ષી પવિત્રતાની અપેક્ષા પ્રભુને રહે છે. આમ એ જ તેનું જીવન હોવાથી એ અખંડ પ્રભુમાં જ રહે છે અને નિષ્ઠારૂપી મૂર્તિમાં જ રહેતો હોવાથી પવિત્ર બને છે, ગંગાજળ બને છે. તેથી જીવના હેવાવાળી ગટરોને પણ પવિત્ર બનાવે છે ને પરમ પવિત્ર પરમાત્માને જોતાં જેવી શાંતિ થાય એવી શાંતિ પણ એ આપી શકે છે.

આ ભૂમિકામાં સાધકની સત્તા, પ્રભુની સત્તાને અનુલક્ષીને છે. તે હજી સ્વતંત્ર વર્તી શકે નહીં. હજી તે અન્યને સ્વરૂપલક્ષી એકાંતિક બનાવી શકે નહીં પણ સંબંધવાળા મુક્તોમાં સુહૃદભાવ ને સદ્‌ભાવ તે સહજ જ તેના પ્રસંગમાં આવનારમાં વૃદ્ધિ પમાડતો હોય છે. તેથી તેનાં બેય પગલાં અક્ષરધામમાં હોય છે. સાધુનું જ્ઞાન હોય છે ને ‘દેહ છતાં વર્તે જેની દશા દેહાતીત’ એવો છે. મહારાજે, એવા ભગવદીના પ્રસંગે મહિમા સમજવો, અનિવાર્ય ગણાવ્યો છે. જેથી તેના પ્રસંગમાં આવનારનું મન પણ નિર્વાસનિક ને નિર્વિકલ્પ બને છે અને તે નિર્વિકલ્પ સમાધિ જેવી જ અને સાથે જ જ્ઞાનસમાધિની મિશ્રિત અવસ્થા ભોગવે છે ને પ્રાપ્ત કરે છે.

૪) ચોથા પ્રકારના સર્વોત્તમ સાધક પાસે પ્રભુ કોઈપણ પ્રકારની ઈચ્છા, અપેક્ષા, આકાંક્ષા, માગ, ચાહના કે સ્હેજ પણ આગ્રહ ઈચ્છતા નથી. અહીં એ સાધક સાધ્ય સાથેની તેની સાધના પૂર્ણ કરે છે. જેથી તેને દૃષ્ટા, દૃશ્ય ને દર્શનનો સંયુક્તભાવ આવે છે. હવે એનાં ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવના પ્રકૃતિપુરુષના જ્ઞાનપ્રલયનો અંત આવ્યો હોવાથી એ જીવનમુકતમાંથી વિદેહીમુક્ત બન્યો. માટે પ્રભુ તેની પાસેથી નિરપેક્ષ પ્રેમ, નિરપેક્ષ સેવા, નિરપેક્ષ જ્ઞાન, નિરપેક્ષ વિનમ્રતા, નિરપેક્ષ સરળતાની અપેક્ષા રાખે છે અને ખરેખરી સમ્યક્ સમગ્રપણાની તમામ – સારાયે સત્સંગમાં નિર્દોષબુદ્ધિની અપેક્ષા રાખે છે. જેથી તેની દિવ્ય દૃષ્ટિથી તેને અલ્પ સંબંધવાળો પણ માથાનો મુગટ જ મનાય. બોલવામાં નહીં પણ વર્તવામાં. નિર્વિકલ્પ મનમાંથી એ અખંડ દિવ્ય દૃષ્ટિવાળો વિદેહી મુક્ત બને છે. એ ભગવાનના તમામ અલ્પ સંબંધવાળા ભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજી જુવે એવી અનિવાર્ય શરતની પ્રભુ એની પાસેથી અપેક્ષા રાખે છે.

આ ભૂમિકામાં તે સર્વ કાંઈ જાણતો હોય છે ને જોઈ પણ શકે છે તેથી તેના સંકલ્પે ધાર્યું કામ થાય છે. અક્ષરબ્રહ્મના સ્વરૂપના સાધર્મ્યને પામી બ્રહ્મના ગુણ તેણે સહજ જ પ્રાપ્ત કરેલા હોય છે. બ્રહ્મસ્વરૂપ સંતની આ ભૂમિકા છે. તેના સંબંધમાં આવનાર કોઈને પણ અને હડફટમાં આવનાર જીવને પણ તેનું જગત ખેરવી, એનો સાક્ષી ભેદી એને બ્રહ્મરૂપ કરી ભગવાનમાં જોડે છે.

પ્રભુ આવી પ્રકારના સાધકો પાસે તેઓ કેવળ પ્રભુના જ નિમિત્ત બનીને રહે ને પ્રભુનું જ કાર્ય કરે ને પ્રભુનું સ્વરૂપ જેવું છે તેવું તત્ત્વે કરીને ઓળખાવે એવી અપેક્ષા રાખે છે. જીવના રૂપાંતર માટે આવા સાધકો તેમના આશ્રિતની સંપૂર્ણ જવાબદારી લઈ તેની ક્ષતિઓ માટેનું પ્રાયશ્ચિત્ત પોતે કરી તે જીવને શુદ્ધ કરી ભગવાનમાં જોડે તેવી અપેક્ષા રાખે છે. તેઓ સ્વતંત્ર છે એટલે પ્રભુ તેની પર બળાત્કાર કરી પોતાનાં સર્વ ઐશ્વર્ય, પ્રતાપ તેની સેવામાં વગર ઈચ્છે ખડાં કરે છે. આ રીતના ચૈતન્યના વિકાસક્રમનું કાર્ય સૂર્ય સમાન અવિરતપણે તેઓ કર્યા કરે તેવી અપેક્ષા રાખતા જ હોય છે.

તેઓ અંદરોઅંદર સમકક્ષાવાળા અને આવી સ્થિતિવાળા વિદેહીમુક્તોને ઓળખી તેમની સાથે એકતા ને અદ્વૈત સ્થાપી પ્રભુની મહાન કલ્યાણ યોજનાને વિકસાવતા હોય છે. ટૂંકમાં તેઓ સંયુક્તભાવે જ ગુણાતીત જ્ઞાન અને પ્રત્યક્ષની નિષ્ઠા પ્રવર્તાવવા માટે એકમેકમાં રસબસ થઈને સર્વત્ર કાર્ય કરતા રહે તેવી અપેક્ષા ભગવાન રાખે છે ને તેને જ સ્વરૂપજ્ઞાન અને સ્વરૂપનિષ્ઠાના મહિમાનો સાક્ષાત્કાર સિદ્ધ થયો ગણાય છે. આવું વાતાવરણ સર્જાય ત્યારે જ સિદ્ધો ને એકાંતિકોનાં ટોળે ટોળાં સર્વત્ર બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરતાં અને લહેજતથી અક્ષરધામનું સુખ ભોગવતાં ને અર્પતાં મૂર્તિમાન થશે અને એ જ આશીર્વાદ યોગીબાપા ત્યાગી, પાર્ષદ ને મુક્તો સર્વને આપતા ગયા છે. માટે દિવ્ય વિભૂતિ પુરુષોના અભિપ્રાય પ્રમાણેની આ પરાભક્તિ વહેલી તકે સિદ્ધ થાય તે જ ગુરુચરણે પ્રાર્થના...

આમ દૃષ્ટાવાળા સાધકના ચૈતન્યનો વિકાસક્રમ કેવળ પડ્યા રહેવાથી જ અને કોઈની માથાકૂટમાં પડ્યા સિવાય દિવ્યભાવ જ રાખવારૂપી સજાગતાથી જ શરૂ થાય છે. પરંતુ તે ભૂમિકામાં જ જો સાધક વફાદારીપૂર્વક પ્રામાણિકતાથી દિવ્યભાવ જ રાખી વર્તે તો તેને મહારાજ automatic એક ભૂમિકા આગળ લઈ જઈ એક પગલું ભરાવી બીજી ભૂમિકામાં મૂકી દેશે જ અને ધીરે ધીરે એ સચેતન સક્રિય બનશે જ અને છેવટે પ્રભુનું નિમિત્ત પણ બનશે. આમ પડ્યા રહેવું એ ચૈતન્યના વિકાસક્રમની પ્રથમ ભૂમિકા છે અને તેમાંથી આગળ વફાદારીપૂર્વક, પ્રામાણિકતાથી દિવ્યભાવ જ રાખી વર્તતા આગળ જવાશે જ અને ત્યાં અંતે ઘણી ક્રિયાઓ કરવા છતાંય એક આનંદ, મસ્તી જુદી હશે. પડ્યા રહેવાપણાની બીમારી, માયકાંગલાપણું દૂર થઈ ગયું હશે. આમ આ રીતે પડ્યા રહેવાથી શરૂઆત કરતાં ધીરે ધીરે ચોક્કસ જ પહોંચી જવાય છે.

આમ છતાંય ગુણાતીત સંતની કૃપાથી એક સીધી જ છલાંગ ત્રીજી કે ચોથી ભૂમિકામાં મારવા માટેનો સરળ માર્ગ પણ છે અને તેની શરત એવા શુદ્ધ ગુરુ પરંપરાવાળા ભગવદી સાથે સ્વરૂપની સ્મૃતિ કરતાં કરતાં અંતરાય રહિત સરળતાથી વર્તવાની છે.

આગળ કહ્યા તે ચાર પ્રકારના સિદ્ધ કે સત્પુરુષો પાસે તો ભગવાન કોઈક જુદી જ અપેક્ષા રાખે છે અને તેની શરૂઆત સાધકવર્ગના છેલ્લા બે પ્રકારથી શરૂ થાય છે.

આમાં ઈન્દ્રિયો, અંતઃકરણ જીતાયેલાં હોય છે. પણ ત્રણ દેહના ભાવ ટાળીને બ્રહ્મરૂપે પરબ્રહ્મનું સર્વોપરીપણું, પ્રત્યક્ષપણું, દિવ્યપણું માનીને તે રીતે મહારાજ સાથે જોડાવાની અને તે કાળે સનાતન ધર્મને અનુરૂપ અભિપ્રાય પ્રમાણેની ભક્તિ સિદ્ધ કરવાની અપેક્ષા રખાય છે. મૂળભૂત મહારાજની પ્રચલિત પ્રણાલિકાથી એમાં વિમુખ પણ થવું પડે છે. તેથી અંદરોઅંદર સમકક્ષામાં અદ્વૈત અને પછી વિશિષ્ટ અદ્વૈતને પ્રગટાવવાનું રહે છે. એટલે મહારાજના મૂળભૂત અસ્તિત્વમાં દેહ છતાં જ જોડાવાનું કાર્ય કરવું પડે છે. જેથી એવા દિવ્ય જ્ઞાનની વૃદ્ધિ પમાડી પરમ એકાંતિકરૂપે અપરંપાર મહિમા સિદ્ધ કરાવવો રહે છે. આ મંગળકારી દિવ્ય ભૂમિકા બાપા કરૂણા કરી ખુલ્લી મૂકતા ગયા છે. એને ઉગાડવાનું ને સિદ્ધ કરાવવાનું કાર્ય અત્યારના વિભૂતિ પુરુષોનું છે. પરંતુ આ પ્રશ્ન જુદો થઈ જાય છે તેથી જાણ માટે જ નિર્દેશ કર્યો છે જેથી ગુણાતીતનું વાક્ય '**આજ તો બહુધા વડવાનળ જેવા**' પરમ એકાંતિકનાં પણ ટોળાં શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજના મૂળભૂત સંકલ્પે વૃદ્ધિ પામતાં જશે.

## ૨૩. નાભિનું ભજન અને આત્મનિરીક્ષણ

### નાભિનું ભજન : ધબકારાનો જપ : અજપાજપ :

એક સ્થાને બેસી પ્રાણવાયુ જોડે સ્વામિનારાયણના મંત્રની નાભીએ સહિત નામના દોઢ થી ૨ કલાકના રટણ સાથે એકતા કરવી. એવી રીતે ૩ વખત બેસવાથી નીચે મુજબનાં પરિણામો આવવાં જોઈએ. ધ્યાનમાં સ્વા.વા.પ્ર. ૧ની છેલ્લી વાતનું જાણપણું રાખવાનું – મને જે પ્રત્યક્ષ મળ્યા છે તે થકી એની હાજરી છે. એમ માની બ્રહ્મસ્વરૂપ માનીને કરશું તો આશ્ચર્યકારક ઘટના બનશે. દા.ત. ક્રોધ છે તો પછીથી ક્રોધ કરવો હોય તો પણ નહીં થાય. તેને લીધે –

૧) મનની સ્થિરતા આવી જશે. સ્વરૂપયોગ પછી એકદમ સહજ થશે. એકદમ જાણપણું આવશે. ધીરે ધીરે સચેતન સાક્ષીભાવ આવશે. અત્યારે કોઈપણ શબ્દ, ભાવ, ક્રિયા કે વ્યક્તિથી જે એકદમ Reaction આવે છે તે નહીં આવે. આપણે switch on ન કરી શકીએ તો પછી સચેતન સાક્ષીભાવ તો રાખવો જ – હસતે મોઢે સચેતન સાક્ષીભાવ –અથવા હસતે મોઢે, પ્રેમપૂર્વક ગમ ખાવી. તે વખતે કોઈપણ action ન હોવી જોઈએ. કોઈને જવાબ આપી દેવાની કે સમજાવી દેવાની action જ નહીં. પૂ. ભટ્ટસાહેબનો સ્વામી રામતીર્થ પ્રદર્શનનો પ્રસંગ – તેનો અર્થ એ કે તમે ભગવાનની સત્તાને કાર્ય કરવા માટે સહકાર આપ્યો. બહાર અને અંદર ગુરુમુખી વર્ત્યા. તે હસતે મોઢે સચેતન સાક્ષીભાવ અથવા તો જ્યાં રહીએ ત્યાં મુક્તોમાંથી કે પછી સંસારમાં કોઈ વઢેટોકે અથવા કોઈ પ્રસંગ બને તો અંતરમાં આવો ભાવ રાખવો – અંતરમાં અનાસક્ત ભાવ.

જ્યારે આત્મનિરીક્ષણ કરવા માટે એકલા બેઠા હોઈએ ત્યારે જે સંકલ્પો ઊઠતા હોય તેને જોયા કરવા. અંતર્દષ્ટિ કરો ત્યારે જે સંકલ્પ ઊઠે તેને પણ જોયા કરવા. ત્યાં પણ અનાસક્ત ભાવે જોયા કરો અને પ્રભુની હાજરી માનીને સ્વા.વા.પ્ર. ૧ની છેલ્લી વાત ઘૂંટવી. એની સત્તાનું જાણપણું દૃઢ રાખવું. પ્રાપ્તિનો આનંદ ને નિધડકતા આવશે. ત્યાં એવી ભાવના કરવી કે મારે એનામાંથી આવે એ સિવાયના બીજા વિચારમાં ભળવું જ નથી. ત્યાં મારે આંતરિક વફાદારી રાખવી છે. મનથી પ્રામાણિક વર્તવું છે. એનું સ્મરણ કર્યું એટલે કે એની સત્તાને માન્ય કરી. કોઈપણ શબ્દ, વ્યક્તિ, જગત, જીવન કે મુક્ત પાસે – (૧) મહારાજનો ને સ્વરૂપનો જ આધાર લેવો. (૨) તેનું સ્મરણ એટલે કે તેની સત્તાને માન્ય કરવી. (૩) ભાવના એટલે કે એની મરજી મુજબ જ હું વર્તું – મને તમારા ગમતા પ્રમાણે વર્તવાની સૂઝ આપશો – એમ ત્રણ ચીજ કરવી – ને બહાર ને અંદર પ્રકૃતિ જ કામ કરી રહી છે તો એમાં ભળવું નહીં. તેનાથી તટસ્થ થઈ જવું. બહાર ને અંદર સાંખ્યે કરી સંકલ્પો ટાળવા – તે મૂર્તિમાં રહ્યા. આ Process પ્રમાણે વર્ત્યા એનો અર્થ એમ કે તમે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને જોયા, જાણ્યા ને રાખ્યા. પછી આત્મનિરીક્ષણ કરવું. હવે આ Process માં જે નડે છે તે નોંધવું ને તેની પ્રાર્થના કરવાથી તે ટળી જાય છે કે નહીં તે જોવું.

જો આ રીતે કરો તો ૭ ઈલ્કાબ મળે જ – સ્વા.વા.પ્ર. ૧૦ની ૧૪૭મી વાત – કાપ્યું વ્યાજ મળે – આજનું ફળ કાલે અને પરમદિવસે આજનું ને કાલનું બન્ને દિવસનું ફળ – એમ ફળ વધતું જ જાય – તો પછી આવું ફળ કેમ મળતું નથી ? – તો એનું કારણ એ છે કે ૨–૪ કલાકનું જમા કરાવીને ૧૦ કલાક ઉધાર કરી દઈએ છીએ. કુસંગ કરીએ છીએ – તે તો કરવો જ નહીં. આરતીમાં પૂ. હીરાકાકા – કાબુલીબાઈનો પ્રસંગ – ૬૫ રૂપિયામાં ૨૫ રૂપિયાની સાડી આપી – માટે ધ્યાન કરતી વખતે બે રીતે બીજું બધું સાંભરે – (૧) આખા દિવસમાં પ્રકૃતિપુરુષની અંદરની જે ક્રિયા, ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ પરોવી કરી હશે તે સાંભરશે. અથવા તો (૨) જૂની ક્રિયાઓની છાપરૂપી વાસના સાંભરશે – તે આપણો સ્વભાવ – તે અવ્યક્તમાં ભગવાન કે સંતને બદલે કંઈક બીજું છે – જે ધ્યાન કરતી વખતે સાંભરે છે – પ્રકૃતિપુરુષની અંદરના બધા ક્રિયાયોગોમાં પાંચવાર મોટા મુક્તો સંભારી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કર્યા પછી તે ક્રિયા કરવી.

આપણે આપણા ગંદવાડા ને ગટરમાં રાચ્યા તેથી ફળ મળતું નથી. આપણે આપણો ગંદવાડો ને ગટર કાઢવા આ પ્રયોગ કરી રહ્યા છીએ. માટે જો ખરેખર માનતા હો તો કાપ્યું વ્યાજ મળવું જોઈએ. તે માટે એટલું જોવાનું કે હું એને ખરેખર દિવ્ય માનું છું ? તો જરૂર ફળ મળે જ ને તેને લીધે જીવ વૃદ્ધિને પામતો જાય ને ચંચળ મન પહેલાં સ્થિર પછી સાક્ષીભાવવાળું, પછી શાંત ને પછી તે મન મુક્ત બને, નિર્વિકલ્પ બને અને પછી વચ.લો. ૧૩ મુજબ સ્વતંત્ર બને. નહીં તો માયા ખાઈ જાય. માટે

વચ.ગ.મ. ૩૫ પ્રમાણે મન નિર્વિકલ્પ ન થયું હોય ત્યાં સુધી સ્ત્રી અને ધનના પ્રસંગની ના પાડી. સ્વરૂપાનંદસ્વામી (મન), પર્વતભાઈ (ચિત્ત) ને ગોપાળાનંદસ્વામીને (બુદ્ધિથી) જોડાણ હતું પણ મન નિર્વિકલ્પ તો ગુણાતીતના સંબંધ વગર ન બને. સાધનથી મન નિર્વાસનિક થશે પણ તે ટકશે નહીં. મોટાની દયા તો છે જ પણ જો કૃપા થાય તો દોષ દેખાય ને આવો પ્રયત્ન કરીએ, દોષને કબૂલ કરીએ તો મોટા કૃપા કરી બળ આપી કસર ટાળી નાખે ને મન નિર્વિકલ્પ બને. પ્રથમ મન નિર્વાસનિક બને એટલે એમની કોઈપણ ક્રિયામાં મનુષ્યભાવ ન આવે (વચ.ગ.મ. ૧૪, વર. ૧). અને તે પછી ફળરૂપે મન નિર્વિકલ્પ બને છે. એટલે કે તેમની ગમે તેવી ક્રિયા હોય પણ તર્ક ઊઠવાને સમર્થ ન થાય (વચ.લો. ૧૩). તેવાને માયા પરાભવ ન કરે, દેશકાળ લાગે નહીં ને કાપ્યું વ્યાજ મળે. નહીં તો અંતઃકરણરૂપ માયા ને બહારની માયા આપણો આધ્યાત્મિક વિકાસ અટકાવી દે. શરૂઆતમાં સત્સંગીમાં, પછી મોટા પુરુષના સાથીદારોમાં અને પછી ખુદ મોટાપુરુષ વિષે જ સંકલ્પ વિકલ્પ થાય. એટલે એની બુદ્ધિમાં વિપરીતભાવ આવ્યો. એ બુદ્ધિ વિપરીત થઈ એટલે સ્વરૂપ અંગેના અનુભવોની સ્મૃતિનું વિસ્મરણ થઈ ગયું. ત્યાં વચ.ગ.મ. ૫૩ લાગુ પડે. કામ–ક્રોધના સંકલ્પો આપણને આપણા પૂરતા રહે તેનો બહુ ભાર નથી પણ તે સ્વરૂપને સમગ્રપણે દિવ્ય માનવાની અને તેમનામાં સહેજ પણ ભાવફેર ન થાય તે ગુણાતીત જ્ઞાનની મોટી શરત લાગુ પડે. આપણું મન નિર્વાસનિક ન હોવાથી આપણને આપણો જ ગુણ દેખાય અને તેમનો અભાવ આવે. તેથી વિકલ્પો શરૂ થાય ને પછી સ્વરૂપ અંગે જ વિપરીતભાવ થાય. તેમાંથી ધીરે ધીરે અવગુણ આવે ને પછી દ્રોહ થઈ જાય. શાસ્ત્રીજી મહારાજમાં ત્રિભુવન ગોપાલને થયું એ રીતે. તે હાલના નટુભાઈ (લંડન) – તેથી સનાતન સ્વરૂપોનો સનાતન નિયમ અચૂક દૃઢ જ રાખવો અને તેમાં મોટાના સંબંધ, મહોબત, સિફારશ કે આશીર્વાદ ચાલતા નથી. કારણ કે તે મુક્તએ પોતે જ પોતાની ભૂલને અંતરથી કબૂલ કરી જાતે જ પ્રાયશ્ચિત કરી લઈ ફરી તે ન બને તે માટે ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરવી પડે. જેનો અભાવ આવ્યો હોય તેની પાસે જ નિષ્કપટ થઈ દીન વચને, ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરીએ તો આ કસર ટળે. નહીં તો તેણે તેનું એટલે કે અભાવ લીધાનું પ્રારબ્ધ ભોગવવું જ પડે. પછી તે ગમે તેવો મુક્ત હોય કે અંગત સંબંધવાળો હોય. દા.ત. રાધા, દીનાનાથ ભટ્ટ, અલૈયાખાચર, નિર્વિકલ્પાનંદસ્વામી, પોપટભાઈને કહ્યું તે – ૩ પાનાનો લખાવેલો કાગળ.

માટે જ સ્વામીમાં અતિ વિશ્વાસ જોઈએ. સ્વરૂપનું વ્યક્તિત્વ છોડી દો ને તેનું રહસ્ય પકડો – તે એ કે બીજાની ખટપટ કે અભાવ અવગુણમાં બિલકુલ પડવું નહીં. જેને સ્વરૂપ માનો છો તેમાં સમગ્રપણે સમ્યક્‌પણે લય ન થઈ ગયા હો તો દેશકાળ લાગવાનો સંભવ રહે. માટે ત્યાં લય થઈને પ્રાર્થના કરવી કે મને સ્વરૂપના રહસ્યની સૂઝ પડે, તેમની જોડે એકતા થઈ જાય. નહીં તો સંબંધ છે, મન મળ્યું છે,

તો પણ છૂટાછેડાની શક્યતા ખરી. સ્વરૂપના જોરદાર પ્રસંગો – (૧) ૧૯૭૧ war વખતનો – પોષીપૂનમની શિબિર cancel થવાની હતી તે (૨) પૂ. ભટ્ટસાહેબના U.S.A visa માટે Ambassadorએ ના પાડ્યા છતાં પણ મળ્યા. માટે ખાત્રીપૂર્વકની અવસ્થા રહેવી જોઈએ. પહેલેથી જ forecast કરી શકીએ. સત્તા વાપરવી જ હોય તો વાપરી પણ શકીએ – તો ૨૧ દિવસમાં ૩૦–૪૦ હજાર માઈલ ફર્યા. તો આવા પ્રસંગો જોયા પછી ગાંઠ વાળવી કે એમને જે ગમે છે તે જ કરવું છે. પૂ. રાજુભાઈ ભટ્ટનો – બંગડી પર ત્રાટક કર્યું તે પ્રસંગ – આવા વ્યાવહારિક પ્રસંગોનો પણ ભાર નથી. તમે સ્વામિનારાયણને પકડો – એનો ગુણ છે તે એનો સ્વભાવ છે ને તે જ આપણી સાધનાની પૂર્ણાહુતિ છે. સ્વરૂપ જોડેનું જો આવું સાધર્મ્ય હોય તો બ્રહ્મના ગુણ સહજ ઉપલબ્ધ થશે. જેથી મહારાજ વચ.ગ.પ્ર. ૨૭ની જેમ અખંડ જીવમાં નિવાસ કરી આપણને સ્વતંત્ર ને નિર્દોષ બનાવી દે છે. પરમ એકાંતિક અનાદિ મહામુક્તો સ્વા.વા.પ્ર. ૧૦માની ૨૧૦મી વાત મુજબ આવી સ્થિતિ પ્રાપ્ત કરી પ્રત્યક્ષની સાચી નિષ્ઠા સંબંધવાળા સહુને કરાવવાની સેવા કરતા રહે છે. એવા પરમ એકાંતિકો માટે આ ચૈતન્યનો મૂળભૂત વેપાર છે. એવાનો પ્રસંગ – ખરેખરો પ્રસંગ કરતાં, એને મન સોંપી દેતાં સંબંધવાળો કોઈપણ નિર્ગુણભાવને પામી જાય છે. આ માયિક નહીં જ પણ અમાયિક દિવ્ય આધ્યાત્મિક સંબંધ છે. આપણે સહુ સાધકો સહુ સહુની રીતે પોતપોતાનાં જ્ઞાન, અનુભવ અને માન્યતા પર જીવીએ છીએ. પણ આપણા સ્વરૂપને, ગુણાતીત સંતના સ્વરૂપનું રહસ્ય ને હકીકતો જો સ્પષ્ટ સમજી લીધી ન હોય તો આ ચકરાવા, ગોટાળા, ગૂંચવણો, વિક્ષેપો, અસ્થિરતા, ઉદાસીનતા ને તે ભૂમિકાના દ્વંદ્વો ૨૪ કલાકમાં પણ જરૂર આવી જવાનાં જ. સાધકોને એવી શંકા રહે કે આ કેમ બનશે? એ કેવી રીતે થશે? આ તો કેટલું અઘરું છે? આ તો તદ્દન અશક્ય જ લાગે છે. પણ આ વિકાસક્રમની પહેલી ભૂમિકા છે ને એ જ આપણા ગુરુ ગુણાતીતની વિશિષ્ટતા છે કે અડફેટમાં આવેલને પણ ગુણાતીત સ્થિતિએ મોડા કે વહેલા પહોંચાડશે. તો એ પુરુષોનાં – સનાતન સ્વરૂપોનાં વરદાનો ને આશીર્વાદોને ધ્યાનમાં લઈ એમણે આપણને માન્ય કર્યા છે, ગ્રહણ કર્યા છે. તો તે અતિ સમર્થ છે. એમણે જવાબદારી લીધી જ છે ને તેમણે ખાત્રી આપી છે કે રીઝેખીઝે પણ કરાવીને છોડીશું. પણ જો આપણે પ્રેમથી સહકાર આપીએ તો સુખે સુખે ને લહેજતથી એ કરાવવા માંગે છે ને ઉદાસીનતામાંથી તત્કાળ નીકળી જઈ એ આશીર્વાદોને, કૃપાને, રાજીપો આપ્યો હોય તે પ્રસંગોને યાદ કરી બીજી બધી ચિંતા, વ્યથા, ડહાપણ, ચાલાકી છોડીને તેની અંતરની પ્રસન્નતા મેળવવા ભાવના રાખીએ.

❀ ❀ ❀

## વિભાગ – ૪

# વિવિધા

# પ.પૂ. કાકાજીને ભાવાંજલિ...

સ્વામિશ્રીજી

૦૩.૦૨.૯૦

**ગુણાતીત સમાજની જય**
**મુક્તાક્ષર પુરુષોત્તમની જય**
**તુળસી સાધના કુટિર, લોનાવાલા**
**પ.પૂ. કાકાશ્રીનો સાક્ષાત્કાર સ્મૃતિદિન**

આજે (જ્યાં) પ.પૂ. કાકાશ્રીએ વારંવાર પધારી શિબિરો કરી, તીર્થધામ બનાવ્યું તે તુળસી સાધના કુટિરમાં પૂ. અશ્વિનભાઈ લઈ આવ્યા. કાકાશ્રીની સ્મૃતિ કરી ને ધૂન્ય પ્રાર્થના કે યાચના કરી કે...

હે કાકાશ્રી!

૧) તમારા જેવી સર્વમાં નિર્દોષબુદ્ધિ અમને સર્વને, આખા ગુણાતીત સમાજના મુક્તોને થઈ જાય તેવી કૃપા કરો.

૨) તમે સર્વદેશીય સમજણ, સર્વને ગુણ આવે તેવી ક્રિયા, વાણી, વર્તન તારતમ્યતાએ સહજ સ્વભાવે આખા જીવન દરમ્યાન કરી. છતાંય અંતરતમમાં એક માત્ર પ્રભુના જ થઈને જીવ્યા. તેવી સર્વદેશીય સમજણ અમને,
આખા ગુણાતીત સમાજના મુક્તોને આવે તેવી કૃપા કરશોજી.

૩) તમે કદી કદી કોઈનીય negative side મનમાં ઠરવા દીધી નથી ને ફક્ત તેનો મહારાજ સાથેનો સંબંધ જ જોઈ તેની સેવા કરી લીધી છે તો તેવી ગુણગ્રાહી દૃષ્ટિ આખા સત્સંગમાં આવે તેવી કૃપા કરશોજી.

૪) તમારા જેવો સુહૃદભાવ–સંપ–એકતા આખા સમાજમાં રહે તેવી કૃપા કરશોજી.

૫) તમારું જીવન પળેપળનું હતું ને કેવળ વર્તમાનમાં જ ભક્તિરૂપ લાગે તેવાં જ તમે વિચાર, વાણી, વર્તન કરતા.
તેવું જીવન અમે જીવીએ ને ભૂતકાળની સ્મૃતિ ને ભવિષ્યની ચિંતા ન કરીએ.
તેવું વર્તમાન પળેપળનું જીવન જીવીએ તેવી કૃપા કરશો.

૬) સંબંધવાળો જીવનમુક્ત મનાય ને તેની સેવા સ્વધર્મેયુક્ત માહાત્મ્યસભર કરી લઈએ તેવો બુદ્ધિયોગ આપશો.

૭) પંચામૃત ને ગુણાતીત જ્ઞાનનું નવનીત જીવન બને તેવી કૃપા કરશો.

– પ.પૂ. પપ્પાજી

૧૨.૦૬.૯૨

ખૂબ ખૂબ આનંદની, સોચને કી વાત છે કે સાક્ષાત્ ગુણાતીતસ્વરૂપ કાકાશ્રી પોતાનો જ્ઞાનવારસો સર્વદેશીયતાની સમ્યક્ સમજણનો – સેવાનો – નિર્દોષભાવનો – વારસો ચિરંજીવ સનાતન આપવા માટે ભવ્યાતિભવ્ય ગુણાતીત સમાજ માટે સ્વનું બલિદાન આપ્યું. ને તે આપણને તેમના જેવા જ ગુણ આપવા તેમનું મનન–ચિંતવન હૃદયની ઊંડી ગુફામાંથી કરવા અંતરાભિમુખ તેમના વચન પ્રમાણે જીવતો આખો સમાજ થઈ જાય તે માટે સ્વતંત્ર થકા ગયા. આપણે તેમનો દાખડો સરળ કરવા અમૃતપર્વ ઊજવી સંકલ્પ કરીએ કે કાકાશ્રી તમે ગયા જ નથી. તમારા અભિપ્રાયની ભક્તિ તમે શીખવી તેની જાગ્રતતા ને જાણપણું રાખી તમે તમારા જ્ઞાન વારસદાર ગુરુજી ને દિનકરભાઈ, ત્યાં ભાઈઓ જેવા વર્તવાના સહજ હેવા પાડી દઈ તમારું શોભાડીએ તેવા આશીર્વાદ વરસાવવા કૃપા કરશો.

યોગીજી મહારાજ ગુણાતીત સમાજના સંતો, બહેનો, યુવકો ને ગૃહસ્થ એકાંતિકો જે નિરંતર ગુણાતીતભાવમાં રહે ને યોગીબાપા તરફ નિર્દોષબુદ્ધિ રાખી તે કહે તેમ કરે તેવી નિર્દોષબુદ્ધિ દૃઢ કરાવવા માટે યોગીજી મહારાજ બધા જ કૉલેજમાં ભણતા યુવકોને તારદેવ કાકાશ્રીનો સમાગમ કરવા મોકલતા. યોગેશ્વરોને દીક્ષા આપી સાધુ બનાવવામાં તેમનાં માતાપિતાને દાદુભાઈ સમજાવતા (એમાં તેમને) ખૂબ વેઠવું પડ્યું.

– પ.પૂ. પપ્પાજી

૧૮.૦૭.૯૨

પૂ. કાકાને ભગવાન મળ્યા–માન્યા ને વાપરવા મંડ્યા. તે તેમનો કેફ–કાંટો–છક કદી કદી મોળો પડ્યો નથી.

માટે આ વાત માની તમને મળ્યા તે સ્વરૂપને યાદ કરી તીવ્રતાથી જે સુખ જોઈએ તે તેની પાસે માંગો. લય થઈને તે સાંભળે તેટલી હદે તેને યાદ કરી – માંગો તે મળશે – ને આનંદ થશે. ઉત્તરોત્તર તે સુખ ભોગવતા રહીએ જેથી આ વાતની પ્રતીતિ થયા કરશે જ.

પૂ. કાકાશ્રી કહેતા કે આ ગુણાતીત જ્યોતમાં બહેનો ખરો ખપ રાખીને ભગવાન ભજવા જઈ રહ્યાં છે. તે જગતને આશ્ચર્ય પમાડશે કે તેમની દૃષ્ટિ જ એવી પવિત્ર થઈ હશે કે જેના તરફ જોશે તે મુક્તના વિકાર માત્ર ટળી જઈ પવિત્ર બની જશે. આજે કાકાજીને કોટિ કોટિ ધન્યવાદ સાથે યાદ કરું છું.

કાકા, તમોએ જેવું ધાર્યું હતું તેવાં જ નિરંતર નીરવ – ચિદાકાશરૂપ રહી પરબ્રહ્મને ધારીને – વિચાર, વાણી, વર્તને તેની જ ભક્તિ તેની જ રીતે કરે તેવાં સાધુસ્વરૂપ વ્રતધારી બહેનો બની ગયાં.

તેવાં પ.પૂ. બેન – બા – જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, જશુબેન, પદુબેન, શોભનાબેન જેવાં ગુણાતીત ભાવમાં રહી નિરંતર જીવતાં જંગમતીર્થ બહેનો બની ગયાં.

– પ.પૂ. પપ્પાજી

# સ્નેહલભાવ

– પ.પૂ. કાકાજી

સ્નેહલભાવ એક ભાવ છે, પ્રેમનો, હૂંફનો, લાગણીનો...
It is concerned with sentiments.
સ્નેહલતા છે એને સ્નેહ જોડે, હેત જોડે, પ્રીતિ જોડે સંબંધ છે.
It is emotion of love.
સુહૃદભાવ છે એ હૃદય–હૃદયની એકતા છે. એમાં મજીયારાં હૈયાં હોય છે, બે હૈયાં એક...
એમાંથી શક્તિ પ્રગટે છે, સુહૃદભાવ પ્રગટે છે.
એને આત્મીયતા જોડે સંબંધ છે, પણ આત્મીયતામાં પ્રેમાળતા નથી.
સુહૃદભાવમાં આત્મીયતા અને પ્રેમાળતા બન્ને છે.
યોગીજી મહારાજને કોઈએ પ્રશ્ન પૂછ્યો, એકલી આત્મબુદ્ધિ હોય તો ચાલે કે નહીં?
બાપા કહે, સાથે પ્રીતિ પણ જોઈએ.
સુહૃદભાવ એ હૃદયની unity સાથેની ભાવના છે.
આપણે સહુ એક, આમાં આપણેથી શરૂ થાય. આમાં હું પણું નથી.
આત્મીયતા એકલી હોઈ શકે. હું, મારી ગગી ને મારો ગગો.
એનો પ્રેમ વ્યાપક નથી.
સુહૃદભાવમાં પ્રેમની વ્યાપકતા અને વિશાળતા છે.
સુહૃદભાવમાં માનસિક એકતા નથી, પણ હૃદયની એકતા છે.
પ્રેમમાં માનસિક એકતા હોઈ શકે, આત્મીયતામાં માનસિક એકતા હોઈ શકે.
પણ અહીંયા It is union of we two. ત્યાં અદ્વૈત જોડે સંબંધ છે.
વસિષ્ઠ અને અરૂંધતિ – એ પ્રકારની એકતા. પણ એ સુહૃદભાવ ન કહેવાય.
આમાં પ્રારંભ જરૂર સ્નેહલભાવથી થાય છે.
એકમેકની લાગણીથી, સહકારની ભાવનાથી થાય છે. તેથી મિત્રભાવ વધે છે.
જ્યાં વાત્સલ્ય, સખા–સખી, સેવક ને મધુરભાવ વ્યક્ત થતા હોય છે.
આપણે ગુણાતીતભાવ દૃઢ કરવાનો છે.
જે સ્નેહલતાથી શરૂ થાય છે. જે બીજરૂપ ગણાય છે.
પછી ઝાડ વિકસે ને બૃહદ થઈ વ્યાપક બને છે.

## સુંદરમ્...

– પ.પૂ. કાકાજી

Beauty એટલે રૂપાળું–Grace એટલે સુંદર.
Beautiful does not mean graceful.
રૂપાળું એટલે સુંદર નહીં, સુંદરતા એટલે Gracefulness.
એને ચેતના જોડે સંબંધ છે, આત્મા સુંદર છે.
અમારો પુરૂષોત્તમસ્વામી (કોઠારીસ્વામી–હરિધામ) કાળીચો પણ કામણગારો છે.
કૃષ્ણ કનૈયા કાળા હતા પણ કામણગારા હતા.
Beauty may be in form, colour or proportion.
The Beauty queen is selected according to her
form, complextion or proportion. It is mental calculation.
but grace is natural phenomenon.
એ કુદરતી ભાવના છે. સુંદરતા એ ચૈતન્ય ગુણ છે.
સુંદરતા એટલે ગમી જાય તેવું? ના, એ ગમે છે આત્માને લઈને.
સુંદરતા ભાવના ઉત્પન્ન કરે, સ્વનો ભાવ ભૂલાવી દે.
તમારા અહમ્‌ને ભૂલાવી દે એ ખરેખરી સુંદરતા.
કોઈપણ Picture સુંદર લાગે છે કારણ કે એ મંગલકારી ને કલ્યાણકારી ભાવનાને પ્રગટાવે છે.
એને જોયા જ કરો, જોયા જ કરો. કેમ જુઓ છો? કેમ કે એ સુંદર છે.
એવા સુંદર રસઘનમૂર્તિ સહજાનંદસ્વામી હતા.
સહજાનંદસ્વામી ઘઉંવર્ણા હતા. ગુણાતીતાનંદસ્વામી પણ તેવા જ હતા.
હવે એમાં શું આકર્ષણ હતું? યોગીબાપામાં શું આકર્ષણ હતું?
યોગીબાપા એટલે 'બ્રહ્મચેતના...' એ ચેતના સુંદર છે.
It is Gracefulness, Lovingness.
A woman may be Beautiful but may not be graceful.
એને રૂપાળી કહી શકાય પણ સુંદર ન કહી શકાય.
એ Beautiful હોય એટલે બધા એને જુએ પણ
એ ગુસ્સો કરે એટલે ખબર પડી જાય કે એ ખાલી Beauty છે કે Grace પણ છે.
સુંદરતા એટલે પ્રગલ્લભતા, સહજતા–તેમાં માદકતા લાગે.
સહજ જ જોવાનું ગમે, સહજાવસ્થા.
વગર કહ્યે જ સહુને આકર્ષણ થાય.

Gracefulness એટલે સુકોમળતા, સંસ્કારિતા અને નિર્દોષતા.
બાળક – ભટુડિયું, ગલુડિયું નિર્દોષ છે એટલે સુંદર લાગે છે.
સુંદરતાને Inner culture અને Inner feeling સાથે સંબંધ છે.
એ આંતરિક ભાવના છે. ચેતન તત્ત્વ જોડે સંમિલનવાળી છે.
એટલે સર્વને ગમી જાય છે.
સુંદરતાને રસમયતા અને સરસતા જોડે સંબંધ છે.
યોગીજી મહારાજમાં એવી કઈ સુંદરતા હતી ?
એનું બોલવું, એનું હસવું એક ભાવાત્મક હતું, Graceful હતું,
માર્મિક હતું, ક્યારેક કરૂણા–કટાક્ષમય પણ હતું.
એમાં પ્રફુલ્લિતતા હતી, સ્નેહલતા હતી.
Human beingની જે Beauty છે એ એની માનવતા પર આધારિત છે.
સૌમ્યતા પર છે, સુંદરતામાં એક તરલતા છે.
This is beyond the word, શબ્દ પરની આ વાત છે.
**शाब्दे परे च निष्णातम्।**
એવા સદ્‌ગુરુ જ એના અર્થને – રહસ્યને બતાવે છે.

❃ ❃ ❃

# કાકાશ્રી કુસુમસૌરભ

– પૂ. યજ્ઞપ્રિયસ્વામી

શોભે ચંદ્ર રૂડો નભે પૂનમનો, તેવા તમે શોભતા,
મૂર્તિ દિવ્ય નિહાળતાં, જગતની માયા થતી વિસ્મૃતા,
શ્રીજીસ્વામી ધરી સદા હૃદયમાં, સાક્ષી તમે ભેદતા,
એવા યોગીસ્વરૂપ દાદુચરણે, ભક્તો સદા વંદતા.

જેના દેહધનાદિ અલ્પવચને, સત્સંગ અર્થે થયાં,
શાસ્ત્રીજી ગુરુજી અતિ પ્રસન્ન થઈ, ચંદન તને ભેટીયા,
સંબંધે શુભ બ્રહ્મભાવ નીરખે, નિર્દોષબુદ્ધિ પરા,
એવા યોગીસ્વરૂપ દાદુચરણે, ભક્તિભરી વંદના.

યોગીજી ગુરુના સદા વચનમાં, વર્ત્યા તમે સર્વથા,
નંદાજી શુભકાર્યના વિજયમાં, સાક્ષાત્કારી થયા,
શ્રીજી ધામતણું મહાસુખ લઈ, અર્પ્યું વળી સર્વને,
એવા યોગીસ્વરૂપ દાદુચરણે, પ્રેમે કરી વંદીએ.

યોગીજી ગુરુના યથાર્થ રૂપને, સંપૂર્ણ ઓળખાવતા,
યોગીજી ગુરુનો અપાર મહિમા, ગાતા અહો સર્વદા,
યોગીના ઉપદેશથી સભર જે, વાણીસુધા સ્પંદિની,
એવા યોગીસ્વરૂપ દાદુચરણે, નિત્યે નમું પ્રીતથી.

જેનાં દર્શનમાત્રથી, સુખ બધા યોગીતણું પામતા,
જેનાં સ્નેહ રસાયણે સહજમાં, યુવા ગ્રહે સાધુતા,
જેનો છે અભિપ્રાય તો હૃદયનો, મૈત્રી – સુહૃદભાવના,
એવા યોગીસ્વરૂપ દાદુચરણે, ભક્તિભરી વંદના.

રુચિ યોગીતણી હતી સુદૃઢ જે, બહેનો પ્રભુને ભજે,
અર્પી 'જ્યોત' સુકાજ ભૂમિ નિજની, પપ્પાજી પુષ્ટિ કરે,
છાંટ્યાં પુષ્પ અહો અતિ ઉમંગથી, જેમાં ગુરુ જોગીએ,
'કાકા' સ્નેહ સમુદ્ર દાદુચરણે, ભાવે સહુ વંદીએ.

બન્ને બંધુ મળી જે કાર્ય કરશો, તેમાં હું આવી ગયો,
માને સન્મુખ ને વળી વિમુખમાં, લીલા ગુરુની અહો,
ભક્તોના અવગુણ તો નજરમાં, ક્યારેય નહીં આવતા,
'કાકા' સ્નેહ સમુદ્ર દાદુચરણે, ભક્તો સદા વંદતા.

છાયામાં રહી આપની, સુવનિતા ભગવાન પ્રેમે ભજે,
માયાને ગ્રહીને નિર્ગુણ કરી, વિતરાગ ભાવે રહે,
હૈયામાં પ્રભુને ધરી વિચરતાં, પાત્રો તમે સર્જતા,
'કાકા' સ્નેહ સમુદ્ર દાદુચરણે, ભક્તો સદા વંદતા.

પપ્પા, કાંતિ તણા સુબંધુ જન થઈ, બ્રહ્માંડ ડોલાવીયાં,
સ્વામીશ્રી હરિ સાથ આપ ગુરુની, છે અંતરે એકતા,
સેવા છાત્ર નિવાસ કેરી કરતા, સંગાથ સાહેબનો,
'કાકા' સ્નેહ સમુદ્ર દાદુચરણે, વંદન સ્નેહે અહો.

વારંવાર વદે સદા સુવદને, સંબંધ કોનો થયો,
મૈત્રીભાવ અખંડ ને સહજ છે, સુહૃદસમ્રાટ છો,
જ્ઞાની, દયાની અને અખંડ જપતા, નવકારમંત્ર તમે,
'કાકા' સ્નેહ સમુદ્ર દાદુચરણે, હૈયું તો વંદન કરે.

તેજસ્વી, શૂરવીર ને સહૃદયી, છે સર્વદેશીયતા,
સાક્ષાત્ સૂર્ય સમાન આ સ્વરૂપને, ભેદો નથી ભાસતા,
વૃત્તિ છે અવિરોધ તો સકલમાં, હૈયે વહે છે દયા,
'કાકા' યોગીસ્વરૂપ દાદુ–ગુરુના, ગાઓ ગુણો સર્વદા.

સૂત્રાધાર સમગ્ર 'યોગી'કુળમાં, જે ક્રાંતિકારી હતા,
સર્વાધાર સમગ્ર શ્રિતજનના, સર્વસ્વ દાતા હતા,
પ્રાણાધાર સદાય સાધકતણા, ચૈતન્યશિલ્પી ખરા,
'કાકા' યોગીસ્વરૂપ દાદુ–ગુરુના, ગાઓ ગુણો સર્વદા.

શાસ્ત્રીજી ગુરુ યોગીજી, યુગલને રાજી કર્યા સર્વદા,
રાજા નિર્દોષબુદ્ધિના સકળને, આપે ક્ષમા સર્વથા,
સ્થાપ્યો ચારુ સમાજ આજ જગમાં, સાક્ષાત્ ગુણાતીતનો,
'કાકા' યોગીસ્વરૂપ દાદુચરણે, સ્નેહે જ વંદુ અહો.

જેના છત્ર તળે રહી, નિજ જનો આત્મીય ભાસે અતિ,
જેનું ગુંજન ગીત તો પ્રસરીયું, દેશ–વિદેશે વળી,
જેનો આશ્રય પામતાં, ભવતણા ફેરા ટળે સામટા,
'કાકા' યોગીસ્વરૂપ દાદુ–ગુરુના, ગાઓ ગુણો સર્વદા.

શ્વાસોશ્વાસે નિરંતર ભજન છે, શ્રીજી મહારાજનું,
રોમે રોમે નિરંતર રટણ છે, યોગી મહારાજનું,
શબ્દે શબ્દે નિરંતર સ્તવન છે, શ્રી યોગી ગીતાતણું,
'કાકા' યોગીસ્વરૂપ દાદુ–ગુરુના, ગાઓ ગુણો ભાવશું.

કાકા મંદિર તારદેવ વસતા, ગંગોત્રી આત્મીયતા,
કાકા દેશ–વિદેશમાં વિચરતા, સર્વત્ર સંભાળતા,
કાકા ભક્તજને સદા નીરખતા, સંબંધની દિવ્યતા,
'કાકા' યોગીસ્વરૂપ દાદુચરણે, ભક્તો સદા વંદતા.

(ગુરુહરિ કાકાજી મહારાજ અમૃતપર્વ સ્મરણિકા – ૧૯૯૩માંથી સાભાર)

# સુવર્ણપાત્રની અગ્નિપરીક્ષા

– પૂ. ડૉ. નીલમબેન શાહ, ગુણાતીત જ્યોત

સુવર્ણને અગ્નિમાં નાખવાથી શું લાગણી થતી હશે?
ઘનત્વને ઓગળીને પ્રવાહી સ્વરૂપ બનતાં
કેવી કેવી સંવેદનામાંથી પસાર થવું પડતું હશે!
પૂર્ણ તત્ત્વને ધારવા, માણવા ને પૂર્ણતા પામવા જીવનભર મથનારને
સોનાની માફક ભઠ્ઠીમાં નિરંતર તપવાનું જ હોય છેને!
આવો તાપ એક આંતરિક તપ છે.
એવો તાપ આંતરમન – ચિત્તનું સંપૂર્ણ શુદ્ધિકરણ કરી દે છે.
આતમને વળગેલ અહમ્‌નાં અષ્ટ આવરણોને ઓગાળી પરમ તત્ત્વમાં પીગાળી દે છે,
એક મિશ્રણરૂપે. મિશ્રણ એટલે અલગ અલગ ઘટકો,
પોતાના ગુણધર્મો સાથે સંમિશ્ર થયેલ!
રૂપાંતર સંપૂર્ણ થતાં જે ઘાટ ઘડાય છે, જે પાત્ર બને છે તે
પૂર્ણ તત્ત્વને ઝીલવા, સારવા સમર્થ બને છે!
અને એવું એક સંપૂર્ણ સંયોજન બને છે જે
એક જ ઘટક – એક જ ગુણધર્મ ધારણ કરે છે.
નામરૂપની અલગતા પણ ઊડી જાય છે, ગુણાતીતભાવના પ્રગટી ઊઠે છે!
ભગવાનનું જેવું સામર્થ્ય તેવું જ ભક્તનું!
વિશિષ્ટ અદ્વૈત સિદ્ધાંતનું આ પરમ રહસ્ય.
**કાકાશ્રી અક્ષરપુરુષોત્તમના આવા સનાતન સત્યને પ્રગટ કરનાર પરમ પુરુષ.**
સુવર્ણની જેમ પોતે તાપ સહી, તપસ્યા કરી, પીગળીને સુવર્ણપાત્ર બની ગયા.
દાદુકાકા પ્રગટ – પ્રત્યક્ષના પરમ રહસ્યને
પોતાના જીવન દ્વારા જીવંત કરનાર અદ્‌ભુત વિભૂતિ!
અલમસ્તાઈને વરવું, ગરવું, એક અનોખું સાકારપણું દેનાર,
પરમ મસ્તરામ મૂર્તિ તે દાદુકાકા!
શાસ્ત્રીજી મહારાજે ભક્તે સહિત ભગવાનની પરમ ઉપાસનાનો
મહામૂલો નિષ્કામ ધર્મ પ્રગટાવ્યો!
તેને શાશ્વત મૂલ્યો અર્પવા અંતે પોતાનો દમ પણ ઘૂંટ્યો!
ભક્ત અને ભગવાનની બેવડી ભૂમિકા ભજવી. આશ્રિતોનાં દિલને, મનને રીઝવ્યાં.
ભક્તોને આધ્યાત્મિકતામાં પ્રત્યક્ષભાવમાં જીવતા કરવા
શાસ્ત્રીજીએ પોતાની આહુતિ અર્પી.

શ્રીજીમહારાજે વહાવેલ સંબંધયોગની ધારાને પોતાના સમર્પણથી પ્લાવિત કરી!
શાસ્ત્રીજી ચૈતન્યદર્શી! દાદુકાકાને પોતાના માનસપુત્ર બનાવી સત્સંગની, સમાજની અને પોતાની અનન્યભાવે સેવા કરાવી લીધી! સત્સંગમાં શિરમોર ગણાવ્યા.
એ સમય હતો, જ્યારે શાસ્ત્રીજીના પરછાંયસ્વરૂપ યોગીજી
સંકલ્પ અને સેવાથી છૂપા રહીને કાર્યરત રહેતા.
ઝરણમાંથી વ્હેણ વધતું ચાલ્યું યોગીજીના જતન અને વર્તનથી!
સંબંધયોગની નિર્મલ સરિતા કેવળ કૃપાપંથીનાં માર્ગે ચૈતન્યોને પ્રગતિ કરાવતી ચાલી! એમાં પ્રગતિ ક્યાં? સમર્પણની સમજ આશ્રિતોને ક્યાંથી પ્રગટે?
અર્પણ થઈને આશ્રય કરવો એ સંબંધયોગની પાયાની જરૂરિયાત પૂરી પાડવા
યોગીજીએ સંપૂર્ણ નમ્રતા, સાક્ષાત્ રાંકભાવ, સહજ ગરીબભાવ ને
સરલ દાસભાવ વર્તનમાં રાખ્યો.
એવા નિર્મલ વર્તનથી સંબંધયોગની સરિતાના સલિલમાં
નિરંતર સ્નાન કરી એને પવિત્રતા બક્ષી રહ્યા!
શાસ્ત્રીજીના આશ્રિતોને પોતાના કરવા નિષ્ઠા કરાવવા,
નિશ્ચયનો આંતરદીપ પ્રગટાવવા કેવળ સેવક – સાધુ બનીને વર્ત્યા!
ને સત્સંગમાં સંબંધયોગની સરિતાના વેગ વધ્યા!
છતાં પણ ‘આજે યોગીજી થકી સમગ્ર સત્સંગના ચિદાકાશમાં પૂર્ણ પરમ તત્ત્વ સદેહે સાકાર પ્રગટ્યું છે.’ એ પ્રતીતિ – હકીકત વિછિન્ન રહી, ભૂર્ગભમાં રહી.
કૃપાની સર્વોપરીતા જ એ કે શાસ્ત્રીજીના સ્વધામગમન પછી પણ
જ્યારે એ જ બાલ્યાવસ્થા ચૈતન્યોની રહી તે જોઈ,
જેમ શ્રી સ્વામિનારાયણ મહારાજે પોતાની સર્વોપરીતા પ્રસ્થાપિત કરવા
અને અનેકના સંશયો હરવા આગંતુકને સમાધિ કરાવતા;
તેમ શાસ્ત્રીજીના સ્વધામગમન પછી યોગીજીએ એક દૃઢ નિશ્ચય કર્યો.
સમાધિના સાધનને ફરી હસ્તગત કર્યું.

**પાત્ર પસંદ કર્યું દાદુકાકાશ્રી!**

એક નવલોહીયો, મસ્તીખોર જણાતો, ચરોતરિયો પાટીદાર!
સ્વભાવે ચળવળીયો... વાણીથી આખાબોલો...
હાજરજવાબી અને સિંહ સમાન શૂરવીર
ચોત્રીસ વયના રૂપકડા દાદુભાઈ પર પસંદગીનો કળશ ઢળ્યો!
ઈ.સ. ૧૯૫૨ની સાલની ૩જી ફેબ્રુઆરીએ આ ગૃહસ્થાશ્રમી યુવાનને
૭૨ કલાકની સમાધિ કરાવી!
રોમરોમમાં શ્રીજી અને યોગીજીની સામ્યતા – એકતાનાં અનોખાં દર્શન કરાવ્યાં.

યોગીજીરૂપી સિંહણનું દૂધ ઝીલવા દાદુભાઈનું ચૈતન્યનું સુવર્ણપાત્ર સમર્થ નીવડ્યું.
પ્રખર તેજસ્વી યોગીજીરૂપી સૂર્યને સગી આંખે નિહાળી તેના તેજને રોમરોમમાં ઝીલી,
અનંત જન્મોની શાતા પામી, સ્વંય યોગીજીના પ્રશાંત–પ્રખર તેજથી ઝળહળી ઊઠ્યા.
યોગીજીનાં પરમ તત્ત્વના ઓજસનો આવિર્ભાવ અંતઃસ્તલમાં ઝીલી
સમગ્ર વિશ્વમાં પ્રસારી રહ્યા!
'યોગીજી તો પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ' એવા આંતર અનુભવમાં સત્ય આધારિત
હોંકારા–દેકારા–પડકારા સમગ્ર સત્સંગ સમાજમાં રેલાવ્યા!
યોગીજીના આશ્રિતોની આંતરજ્યોતિ પ્રગટાવી દીધી!
સંબંધીઓનાં નૈન ખુલી ગયાં. સમર્પણની ધારા શુદ્ધ થઈ ગઈ!
દાસત્વભક્તિ સ્વરૂપે ન કરવાની હોય, આશ્રિતે કરવાની હોય.
એવા વર્તનનાં પડઘમ વગાડ્યાં.
કોઈના ઘૂંટાવેલા એકડા કદીયે ન ઘૂંટનાર તેજસ્વી દાદુભાઈ જ્યારે
યોગજીની હા એ હા અને ના એ ના કરવા લાગ્યા ત્યારે સૌ
સમાજમાં હતપ્રભ બની ગયા!
યોગીજીના વચનમાં શ્રદ્ધા ને વર્તનમાં દિવ્યભાવ વધવાં લાગ્યાં.
આવા વિશાળ સદકાર્યનાં ફળસ્વરૂપે અનેક આંતર સંઘર્ષો આવ્યા.
હઠ–માન–ઈર્ષ્યાની કપરી કસોટી આવી.
રૂપાંતરની પ્રક્રિયામાં લોકમાં માન અને કીર્તિ ધૂળધાણી કરાવવા
૨૪ લાખનો ક્રીમિનલ કેસ થયો, દેવાદાર બન્યા.
ભોગમાં કુટુંબીઓ સાથ ન આપે.
પત્ની તરફથી વિરોધ સહેવાનો અને સ્નેહાળ પિતાની પદવી પણ પામ્યા ન હતા!
અંતઃકરણના વિરોધો સામે ઝઝુમ્યા એકલે હાથે! દેહની કસોટી પણ આકરી.
અનેક આજ્ઞાઓ તનથી સેવાની, મનથી સંપ, સુહૃદભાવ, એકતાની અને
ધનથી સર્વસ્વના સમર્પણની પણ ચાલી.
ઈ.સ.૧૯૫૨ થી ૧૯૬૬ના વિપરીત સંજોગો પણ મસ્તીભર્યા હૈયે ને
આનંદના ઉમંગથી પુરુષોત્તમ નારાયણની પ્રાપ્તિથી સદાયે હસતાં રહીને
બહારના અને આંતરશત્રુ સામે ઝઝુમતા જ રહ્યા.
નિઃસ્પૃહી બન્યા, પોતાનાં સ્પંદનો સાથે ભાવસમંદર ઉછળતો હોવા છતાં પણ
યોગીજીની આજ્ઞામાં સારધાર રહેવાનો જ એક દૃઢ ઠરાવ!
તેથી યોગીજીના ભક્તસમાજની આગવી પ્રીતિ પામ્યા.
સૌને પ્રતીત થયું કે આ દાદુકાકા તેમના ૭૨ કલાકના સાક્ષાત્કારને
જીવનની પ્રત્યેક પળે લાવી માણી રહ્યા છે! વહેંચી રહ્યા છે યોગીઆનંદ!!

સ્વના વિસર્જનની કપરી ક્ષણોમાં પણ ખેલદિલી રાખીને
સખત પુરુષાર્થ ભજન અને નિર્દોષભાવનો રાખ્યા જ કર્યો.
સદાયે એક જ તાન! એક જ જ્ઞાન! સર્વત્ર યોગીજીનો જ આવિર્ભાવ છે.
એની જ સર્વોપરી શક્તિ પ્રગટ છે!
સર્વવ્યાપી યોગીજીને નિહાળી હસી પડતા!
નજરોથી માણી લેવા અને પ્રગટને પ્રત્યક્ષ કર્યા કરવા!
હું તો ભક્ત! હું તો પરછાંય! હું તો ઘરવાળી!
એ સાક્ષાત્કારને શબ્દાતીત, ભાવાતીત અવસ્થામાં રહીને માણતા.
અખંડ જ્ઞાનસમાધિમાં રહેતા થયા, આધ્યાત્મિક ક્ષેત્રે ક્રાંતિકારી બન્યા,
ગૃહસ્થાશ્રમમાં રહી સર્વોપરી સાધક બન્યા.
યોગેશ્વરો બનાવવાનું કાર્ય, મંદિરોની સેવા, સર્વ વ્યવહારો અને કમિટીઓમાં
અખંડ પ્રવૃત્તિના યજ્ઞમાં પોતાની જ આહુતિ આપી આદર્શ સમિધ બન્યા.
બહેનો ભગવાન ભજે એ વચન રહસ્યને પામીને કાર્યાન્વિત બનેલા
કાકાશ્રી પર અનેક આકરાં વાક્બાણ ને તીવ્ર અગ્નિપરીક્ષાઓ આવી,
પણ અંતે તો સુવર્ણની જેમ શુદ્ધ થઈને બહાર આવતા.
સર્વ કસોટીના ટોચ કાળે જ્યારે સર્વ પ્રકારે પ્રવૃત્તિઓ સરલ ને સહજ બની હતી,
ગૃહસ્થો નિષ્ઠાવંત બન્યા ને પર્વતભાઈ ને ભગતજી જેવા સમર્પિત થવા લાગ્યા,
૫૧ યોગેશ્વરોએ નિષ્કામધર્મના માર્ગે ઝુકાવ્યું,
અનેક સ્થાવર અને જંગમ મંદિરોનાં નવીન બાંધકામ પૂરાં થયાં;
૫૧ વ્રતધારી બહેનો પણ તૈયાર થઈ રહી હતી.
તેવા... નિરાંતના સમયની આગલી જ પળે વિમુખ પ્રકરણનો જવાળામુખી પ્રગટ્યો!
સમગ્ર સત્સંગના દિલ ડોલાવીને ખેદાનમેદાન કરી દેનારો આ કપરો અવસર!
યોગીજીને 'કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્' માનીને કાકાશ્રી મસ્ત જ રહ્યા.
ગુણાતીત ભાવનાની સર્વોપરી ભૂમિકામાં રહીને
સત્સંગવિમુખતા સહેવા – સ્વીકારવા તૈયાર થયા, પણ યોગીજીથી વિમુખતા નહીં!
યોગીજીની આજ્ઞા–તેની સેવા–ભક્તિ સારધાર પાળવા યશ–અપયશને
એક આધ્યાત્મિક પ્રસાદ માનીને દાસત્વભાવના અખંડ જ રહે તેવાં કર્મોમાં જોડાયા.
સંસ્થામાં સર્વોપરી સ્થાને શોભનારા કાકાશ્રી જ્યારે વિમુખની પદવી પામ્યા
તે તેમની યોગીજી પ્રત્યેની આગવી અંગત વફાદારી–નિષ્કામભાવના.
માન નહીં પણ સેવા! રાંકપણું! ઉપમા નહીં પણ દાસત્વભાવના!
સામાજિક બાહ્ય બહુમાન નહીં પણ આજ્ઞામાં સારધાર પ્રભુ અખંડ રહે
તેવું યોગીજીનું આંતરિક બહુમાન પામ્યા.

પાત્ર સુવર્ણ હતું ને કેટકેટલી લૌકિક–અલૌકિક તાવણીમાં તપાયા!
સારધાર ઊતર્યા એ પોતાની ગરિમા નહીં પણ યોગીજીની કૃપા.
એમ નિરંતર નિશદિન માનતા રહ્યા!
'સોનાના સિંહાસને બેસાડીએ, જો આ બહેનોનું કાર્ય છોડી દો તો...'
તેવાં પ્રલોભન સામે પણ આજ્ઞા, ભક્તિને તાંતણે સદાયે ઝઝૂમ્યા ને
સાધુ યોગીજીના શિરે જે ભગવી પાઘ હતી તેની જગાએ
અક્ષરાધીશ યોગીજીના શિર પર શોભતી એક સુવર્ણકલગી સમાન સ્થાન પામી
સમગ્ર અક્ષરપુરુષોત્તમ સત્સંગના સાંપ્રતકાળમાં અનોખું અદ્ભુત સ્થાન પામી ગયા!
જૂના જમાનામાં જેમ યજ્ઞ થતા અને યજમાન શ્રી હરિને પ્રસન્ન કરવા
યજ્ઞમાં આહુતિ આપે, ઘી હોમે, જવ અને અન્ય ફળ હોમે અને
'ન ઈદમ્ મમ્' એમ બોલે. અર્થાત્ એ ઈશ્વરને કહે,
'હે પરમ શક્તિમાન! આ બધું મારું નથી.આ તારું જ હું તને આપું છું.'
એવી અનોખી ભાવનાથી જે યજ્ઞ કર્યો હતો તેનાં ફળ જે ૧૯૬૬માં આવ્યાં તેમાં
નીરવ, નિર્મલ અને નિષ્કામ રહીને કાકાશ્રી કાર્ય કરતા રહ્યા અને
સર્વને કાર્ય કરાવતા રહ્યા... હસતા રહ્યા, સર્વને હસાવતા રહ્યા...
મસ્ત રહ્યા ને સર્વને મસ્તી દેતા રહ્યા...
'યોગી યોગી' પોકારતા રહ્યા અને યોગીરૂપ બની ગયા!
એવા કાકાશ્રીને અનંત નમન, તેમના શતાબ્દીપર્વે અંતરના...

(ડૉ. નીલમબેન શાહ, ગુણાતીત જ્યોત
'દિનકરનો પ્રકાશપૂંજ'– ભાગ ૨, ૧૯૯૩માંથી સાભાર)

## મીઠી નજરનાં કામણ...

– પ.ભ. હેમંતભાઈ મર્ચન્ટ

આ એક તમારી મીઠી નજરે એવા નાંખ્યા વીંધી,
ના રહી ખબર ચોફાળ અહમ્‌નો ક્યારે થઈ ગ્યો ચીંધી!
ના રહી ખબર કે બંધ દરવાજે કેમ કરીને પેઠા?
ના રહી ખબર અમ આંતરમાંહી ક્યારે આવી બેઠા?
પામ્યા વિસ્મય હૈયામાં જ્યારે ભાવ ઊભરાતા દીઠા,
પામ્યા વિસ્મય વાસ્તવમાં જ્યારે દીઠાં સ્વપ્ન અદીઠાં!
આ એવું કર્યું શું કામણ કે નીંદર પણ બની સમાધિ,
આ એક તમારી મીઠી નજરે એવા નાંખ્યા વીંધી!

તવ ટેરવાના હળવા ધક્કે, ડગલું એવું ભરાયું,
મધ દરિયે ડૂબ્યાં'તા તોયે ચિદ્‌આકાશે તરાયું!
હળવી મીઠી લહેર બની ગઈ ઝંઝાવાતી હવાયું,
માંડ્યું લાગવા નિજનું, હતું જે આજ સુધી તો પરાયું!
આ વક્રરેખાઓ આમ અચાનક કેમ બની ગઈ સીધી?
આ એક તમારી મીઠી નજરે એવા નાંખ્યા વીંધી.

એક શબરીને રામે ઉગારી, ચાખી બોર અજીઠાં,
એક કુબ્જાને કૃષ્ણે તારી, આપી રૂપ અણદીઠાં.
આવી કંઈક શબરી–કુબ્જાને તમે તો દેવી કીધી,
અમ હૈયાના રાવણ–કંસને સદ્‌બુદ્ધિ પણ દીધી.
તમે જ અમારા તારણહાર ને તમથી જ નિષેધ ને વિધિ,
આ એક તમારી મીઠી નજરે એવા નાંખ્યા વીંધી.

તવ ઈશારે નાનો કૂદકોય બનતો છલાંગ મોટી,
તવ સંગાથે નાનું કદમ પણ બનતું જોજન કોટિ!
કડવા–તીખા–ખાટા–તૂરા, સ્વાદ બધા થાય મીઠા,
આપો સૌમાં પ્રીતિ, ન થાય હવા મહીં પણ લીટા!
તારી ઓળખરૂપે રહીએ એ જ અમારી અવધિ,
આ એક તમારી મીઠી નજરે એવા નાંખ્યા વીંધી.

❋ ❋ ❋

# પ્રાર્થના

તા. ૦૪.૦૩.૬૯ બપોરે ૩.૩૦ વાગે

સવારે ઊઠતાંવેંત તેમ જ રાત્રે સૂતી વખતે ગુરુદેવની સ્મૃતિ રાખીને એકાગ્ર ચિત્તે કરવાની પ્રાર્થના.

હે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સહજાનંદસ્વામી, હે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી, હે ભગતજી મહારાજ, હે જાગાસ્વામી, હે કૃષ્ણજી અદા, હે શાસ્ત્રીજી મહારાજ, હે યોગીજી મહારાજ, હે પ્રગટ સંતો, મુક્તો અને હરિભક્તો...

તમો સર્વે અમારી ઉપર કેવળ દયા ને કરૂણા કરીને અમને તમારા એકાંતિક દાસ ગણીને, હૃદયમાં અખંડ બિરાજમાન રહેજો...

પળે પળે તમારા સર્વોપરી કર્તાપણાનું ને દિવ્ય પ્રગટપણાનું અખંડ જાણપણું રહે અને કેવળ તમારા સંબંધે અમે બ્રહ્મરૂપ છીએ, અક્ષરધામના મુક્ત જ છીએ એવું અખંડ મનાય, તેવા બીજા સંબંધવાળા મુક્તો પણ દિવ્ય મનાય તે માટે મહેળાવના છ સંકલ્પો વહેલી તકે સિદ્ધ કરાવશોજી. તમોને કદીયે ઓશિયાળા ન કરીએ અને પ્રકૃતિપુરુષનું જગત તથા સંકલ્પનો મંદવાડ અમને નડી શકે જ નહીં અને કેવળ તમારી અનુવૃત્તિ અને અભિપ્રાય પ્રમાણે જ અમારાથી જીવન જીવાય તેવી સદ્‌બુદ્ધિ આપજો, જેથી કોઈનોય જરાય અભાવ ન આવે, અવગુણ ન લેવાય, વિક્ષેપ થાય નહીં અને મૂંઝવણ થાય નહીં. આમ દેહ છતાં જ લહેજતથી અક્ષરધામનું સુખ લેતાં થઈ જઈએ તેવી ગદ્‌ગદ્ કંઠે ગુરુચરણે નમ્ર પ્રાર્થના છે.

સૌનેય તમારા વિશે – પાસે હોય કે દૂર, તમારા વિશે જોડાયા હોય તે સૌને નિર્દોષબુદ્ધિ દૃઢ થાય. આનંદના ફુવારા ઊડે ને સહુ સુખિયા રહીએ તેવા આ મંગલકારી દિવસે ફગવાં અર્પણ કરશોજી.

આપના સ્વરૂપજ્ઞાનનો, આપના અપરંપાર મહિમાનો આવો સાક્ષાત્કાર કેવળ આપના અનુગ્રહથી સહેજે જ સિદ્ધ થાય, આપની જન્મજયંતી પહેલાં સહુ શ્રેયાર્થી સાધકને સિદ્ધ થાય તે જ અભ્યર્થના.

દાદુકાકાના જય શ્રી સ્વામિનારાયણ...




Centennial Celebrations
100
CHICAGO
10-12 June 2016